Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ભગવાનશ્રીકુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા, પુષ્પ—૫૮

ॐ

नमः परमात्मने ।

શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત

શ્રી

# નિયમસાર

મૂળ ગાથાઓ, સંસ્કૃત છાયા, ગુજરાતી પદ્યાનુવાદ,
શ્રીપદ્મપ્રભમલધારિદેવવિરચિત સંસ્કૃત ટીકા
અને તેના ગુજરાતી અનુવાદ સહિત

卐

: અનુવાદક :
પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ
બી. એસસી.

卐

: પ્રકાશક :
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


| | | | |
|---|---|---|---|
| પહેલી આવૃત્તિ : | પ્રત ૨૦૦૦ | વિ. સં. ૨૦૦૭ | ઈ.સ. ૧૯૫૧ |
| બીજી આવૃત્તિ : | પ્રત ૨૧૦૦ | વિ. સં. ૨૦૩૦ | ઈ.સ. ૧૯૭૪ |
| ત્રીજી આવૃત્તિ : | પ્રત ૨૧૦૦ | વિ. સં. ૨૦૩૩ | ઈ.સ. ૧૯૭૭ |
| ચોથી આવૃત્તિ : | પ્રત ૧૦૦૦ | વિ. સં. ૨૦૫૬ | ઈ.સ. ૨૦૦૦ |
| પાંચમી આવૃત્તિ : | પ્રત ૧૦૦૦ | વિ. સં. ૨૦૫૭ | ઈ.સ. ૨૦૦૧ |

*

**કિંમત રૂા. ૨૦=૦૦**

*

: મુદ્રક :

જ્ઞાનચંદ જૈન

**કહાન મુદ્રણાલય**

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## Thanks & Our Request

This shastra has been donated in memory of Pujya Shree Lalchandbhai Amarchand Modi by Rajesh and Jyoti Shah, London who have paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) We have taken great care to ensure this electronic version of Niyamsaar (Gujarati) is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

## Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 26 April 2007 | First electronic version |



• પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી સ્વામી •

ॐ

नमः श्री नियमसाराय।

नमः श्री सद्गुरुदेवाय।

# પ્રકાશકીય નિવેદન

ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર અને પ્રવચનસાર જેવાં ઉચ્ચતમ પરમાગમો બાદ, તેવી જ કોટિના આ ત્રીજા પરમાગમ શ્રી નિયમસારને ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ કરીને આ સંસ્થા હર્ષપૂર્વક મુમુક્ષુઓના હાથમાં મૂકે છે.

આ શાસ્ત્રના મૂળકર્તા ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ છે ને ટીકાકાર શ્રી પદ્મપ્રભમલધારિદેવ છે. શ્રી પદ્મપ્રભદેવ મહાપવિત્ર નિર્ગ્રંથ મુનિ હતા; ટીકાનાં કાવ્યોમાં તેઓશ્રીએ કરેલા અનેક અલંકારોમાં તેમની ઊંડી આધ્યાત્મિકતાની તેમ જ તેમના વિશુદ્ધ બ્રહ્મચર્યતેજની પ્રભા ઝળકી રહી છે.

શ્રી કુંદકુંદભગવાનરચિત શાસ્ત્રોમાં સમયસાર-પ્રવચનસાર-પંચાસ્તિકાયસંગ્રહ જેટલાં પ્રસિદ્ધિમાં છે તેટલું આ શાસ્ત્ર પ્રસિદ્ધિમાં ન હતું; પરંતુ મુમુક્ષુઓનાં સદ્ભાગ્યે હમણાં તે વિશેષ પ્રસિદ્ધિમાં આવ્યું છે. આજથી લગભગ ૩૫ વર્ષ પહેલાં આ શાસ્ત્ર સંસ્કૃત ટીકા તથા તેના આધારે બ્ર૦ શીતલપ્રસાદજીએ કરેલ હિન્દી અનુવાદ સહિત પ્રસિદ્ધ થયું હતું; અને હવે તો તે ગુજરાતી ભાષામાં પણ, મૂળ ગાથા તથા સંસ્કૃત ટીકાના અક્ષરશઃ અનુવાદ સહિત, બહાર પડે છે. શ્રી કુંદકુંદભગવાનના **'પ્રાભૃતત્રય'**ની સાથે તેઓશ્રીના આ નિયમસારને ભેળવીને કહીએ તો કુંદકુંદપ્રભુના **'રત્નચતુષ્ટય'** તરીકે આ ચારે પવિત્ર પરમાગમો જૈન શાસનમાં ઝળકી ઊઠે છે.

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીએ વીર સં. ૨૪૭૦ (વિ. સં. ૨૦૦૦)માં નિયમસાર ઉપર પ્રવચનો કર્યાં, તે વખતે તેઓશ્રીની ઊંડી દૃષ્ટિએ તેમાંના અતિ ગંભીર ભાવોને પારખી લીધા; અને આવું મહિમાવંત પરમાગમ જો ગુજરાતી ભાષામાં અનુંવાદિત થઈને જલદી પ્રકાશિત થાય તો જિજ્ઞાસુઓને ઘણા લાભનું કારણ થાય એવી ભાવના જાગી. ભાઈશ્રી હિંમતલાલ જેઠાલાલ શાહે પૂજ્ય ગુરુદેવશ્રીની તે ભાવના ઝીલીને નિયમસારના અનુવાદનું કાર્ય શરૂ કર્યું અને પોતાની શક્તિને તે કાર્યમાં કેન્દ્રિત કરીને શક્ય એટલું શીઘ્ર આ અનુવાદકાર્ય તેમણે પૂરું કર્યું. એ રીતે શ્રી સમયસાર અને પ્રવચનસારની માફક આ નિયમસાર પણ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રભાવની જ પ્રસાદી છે. આવાં આવાં મહાન પરમાગમોનું, ઊંડાં ઊંડાં રહસ્યોથી ભરેલું આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન સમજાવીને પૂજ્ય ગુરુદેવશ્રી ભારતના મુમુક્ષુ જીવો પર જે પરમ ઉપકાર કરી રહ્યા છે, તે ઉપકારને વાણીથી વ્યક્ત કરવાને આ સંસ્થા અસમર્થ છે.

આ પવિત્ર શાસ્ત્રના ગુજરાતી અનુવાદનું મહા કાર્ય કરનાર ભાઈશ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ અધ્યાત્મરસિક વિદ્વાન હોવા ઉપરાંત ગંભીર, વૈરાગ્યશાળી, શાંત અને વિવેકી સજ્જન છે તથા કવિ પણ છે. મૂળ શાસ્ત્રકાર મુનિભગવંતોના હૃદયના ઊંડા ભાવોની ગંભીરતાને સંપૂર્ણપણે જાળવીને

T-2

તેમણે આ અક્ષરશઃ અનુવાદ કર્યો છે. જ્યાં જરૂર પડી ત્યાં ફૂટનોટ દ્વારા કે કૌંસ દ્વારા સ્પષ્ટતા કરી છે. એ ઉપરાંત મૂળ ગાથાસૂત્રોનો ભાવભર્યો મધુર પદ્યાનુવાદ પણ કર્યો છે. આ રીતે શ્રી કુંદકુંદભગવાનનાં સમયસાર, પ્રવચનસાર અને નિયમસાર જેવાં ઉત્તમોત્તમ શાસ્ત્રોના અનુવાદનું પરમ સૌભાગ્ય તેમને મળ્યું છે તે માટે તેઓ ખરેખર અભિનંદનીય છે. આ નિયમસારનો ગુજરાતી અનુવાદ સર્વાંગસુંદર બન્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રેરણા ઝીલીને, અત્યંત પરિશ્રમપૂર્વક આવો સુંદર અનુવાદ તૈયાર કરી આપવા બદલ ભાઈશ્રી હિંમતલાલભાઈનો આ સંસ્થા ઘણો જ આભાર માને છે. આ અનુવાદ અમૂલ્ય છે; કેમ કે માત્ર, પૂજ્ય ગુરુદેવ અને જિનવાણીમાતા પ્રત્યેની પરમ ભક્તિથી પ્રેરાઈને પોતાની અધ્યાત્મરસિકતા વડે તૈયાર કરાયેલા આ અનુવાદનાં મૂલ્ય કેમ આંકી શકાય?

ભાઈશ્રી હિંમતલાલભાઈને આ અનુવાદકાર્યમાં પ્રતસંશોધન, પ્રૂફરીડિંગ વગેરે નાનાંમોટાં અનેક કામોમાં ઘણી જ કિંમતી સહાય બ્ર૦ ભાઈશ્રી ચંદુલાલ ખીમચંદ ઝોબાળિયાએ આપી છે; તેમનો તથા ભાઈશ્રી ખીમચંદ જેઠાલાલ શેઠ, અમૃતલાલ દેવકરણ વોરા વગેરે જેમણે જેમણે સહાય કરી છે તે સર્વેનો જે આભાર ભાઈશ્રી હિંમતલાલભાઈએ ઉપોદ્ઘાતમાં વ્યક્ત કર્યો છે તેમાં આ સંસ્થા પોતાનો સૂર પુરાવે છે.

આ આવૃત્તિની પડતર કિંમત લગભગ નવ રૂપિયા થાય છે, પરન્તુ આ પરમાગમનો લાભ વિશેષ પ્રમાણમાં મુમુક્ષુઓ લઈ શકે તે હેતુએ અનેક ભાઈઓ તરફથી પ્રદત્ત આર્થિક સહાય વડે તેની કિંમત ઘટાડીને સાડા પાંચ રૂપિયા રાખવામાં આવી છે. જેમણે જેમણે આ આર્થિક સહાય આપી છે તે સર્વેનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

મુમુક્ષુ જીવો અતિ બહુમાનપૂર્વક સદ્ગુરુગમે આ પરમાગમનો અભ્યાસ કરીને તેના ઊંડા ઊંડા ગંભીર ભાવોને સમજો અને અંતર્ગુફામાં બિરાજમાન શુદ્ધ કારણપરમાત્મા—ભગવાનચૈતન્યદેવને દેખો.

શ્રાવણ વદ ૨,
વીર સં. ૨૪૭૭; વિ. સં. ૨૦૦૭

**વકીલ રામજી માણેકચંદ દોશી**
-પ્રમુખ-
**શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**
સોનગઢ (સૌરાષ્ટ્ર)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રકાશકીય નિવેદન

## (પાંચમી આવૃત્તિ પ્રસંગે)

નિયમસારની આ પાંચમી આવૃત્તિ અગાઉની આવૃત્તિ પ્રમાણે જ છપાવી છે. મુદ્રણકાર્ય 'કહાન મુદ્રણાલય'ના માલિક શ્રી જ્ઞાનચંદજી જૈને અલ્પ સમયમાં કાળજીપૂર્વક સારું કરી આપ્યું છે, તે બદલ તેમનો ટ્રસ્ટ આભાર માને છે.

વિ. સં. ૨૦૫૭, શ્રાવણ વદ ૨,
બહેનશ્રી ચંપાબેનની–૮૮મી જન્મજયંતી

સાહિત્યપ્રકાશનસમિતિ,
**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**
સોનગઢ–૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

* * *

આ નિયમસાર પરમાગમ વિષે, ચાર ભાવોના પરિહારમાં ક્ષાયિકભાવરૂપ શુદ્ધ પર્યાયનો પણ પરિહાર (ત્યાગ) કરવાનું કહ્યું છે તેનું કારણ આ પ્રમાણે છે : શુદ્ધાત્મદ્રવ્યનું જ—સામાન્યનું જ—આલંબન લેવાથી ક્ષાયિકભાવરૂપ શુદ્ધ પર્યાય પ્રગટે છે. ક્ષાયિકભાવનું—શુદ્ધ પર્યાયનું (વિશેષનું)—આલંબન કરવાથી ક્ષાયિકભાવરૂપ શુદ્ધ પર્યાય કદી પ્રગટતો નથી. માટે ક્ષાયિકભાવનું પણ આલંબન ત્યાજ્ય છે. આ જે ક્ષાયિકભાવના આલંબનનો ત્યાગ તેને અહીં ક્ષાયિકભાવનો ત્યાગ કહેવામાં આવ્યો છે.

અહીં એમ ઉપદેશ્યું કે—પરદ્રવ્યોનું અને પરભાવોનું આલંબન તો દૂર રહો, મોક્ષાર્થીએ પોતાના ઔદયિકભાવોનું (સમસ્ત શુભાશુભભાવાદિકનું), ઔપશમિકભાવોનું (જેમાં કાદવ નીચે બેસી ગયેલ હોય એવા જળ સમાન ઔપશમિક સમ્યક્ત્વાદિનું), ક્ષાયોપશમિકભાવોનું (અપૂર્ણ જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ પર્યાયોનું) તેમ જ ક્ષાયિકભાવોનું (ક્ષાયિક સમ્યક્ત્વાદિ સર્વથા શુદ્ધ પર્યાયોનું) પણ આલંબન છોડવું; માત્ર પરમપારિણામિકભાવનું—શુદ્ધાત્મદ્રવ્યસામાન્યનું—આલંબન લેવું. તેને આલંબનારો ભાવ જ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ, પ્રતિક્રમણ, આલોચના, પ્રત્યાખ્યાન, પ્રાયશ્ચિત્ત વગેરે બધુંય છે. (આત્મસ્વરૂપનું આલંબન, આત્મસ્વરૂપનો આશ્રય, આત્મસ્વરૂપ પ્રત્યે સંમુખતા, આત્મસ્વરૂપ પ્રત્યે વલણ, આત્મસ્વરૂપ પ્રત્યે ઝોક, આત્મસ્વરૂપનું ધ્યાન, પરમપારિણામિકભાવની ભાવના, 'હું ધ્રુવ શુદ્ધ આત્મદ્રવ્યસામાન્ય છું' એવી પરિણતિ—એ બધાંનો એક અર્થ છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ॐ

नमः सद्गुरवे ।

# ઉપોદ્‌ઘાત

## (પ્રથમ આવૃત્તિ પ્રસંગે)

ભગવાન કુંદકુંદાચાર્યદેવપ્રણીત આ 'નિયમસાર' નામનું શાસ્ત્ર 'દ્વિતીય શ્રુતસ્કંધ'નાં સર્વોત્કૃષ્ટ આગમોમાંનું એક છે.

'દ્વિતીય શ્રુતસ્કંધ'ની ઉત્પત્તિ કઈ રીતે થઈ તે આપણે પટ્ટાવલિઓના આધારે સંક્ષેપમાં પ્રથમ જોઈએ :

આજથી ૨૪૭૭ વર્ષ પહેલાં આ ભરતક્ષેત્રની પુણ્યભૂમિમાં જગત્પૂજ્ય પરમભટ્ટારક ભગવાન શ્રી મહાવીરસ્વામી મોક્ષમાર્ગનો પ્રકાશ કરવા માટે સમસ્ત પદાર્થોનું સ્વરૂપ પોતાના સાતિશય દિવ્યધ્વનિ દ્વારા પ્રગટ કરતા હતા. તેમના નિર્વાણ પછી પાંચ શ્રુતકેવળી થયા, જેમાં છેલ્લા શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુસ્વામી થયા. ત્યાં સુધી તો દ્વાદશાંગશાસ્ત્રના પ્રરૂપણથી નિશ્ચયવ્યવહારાત્મક મોક્ષમાર્ગ યથાર્થ પ્રવર્તતો રહ્યો. ત્યારપછી કાળદોષથી ક્રમે ક્રમે અંગોના જ્ઞાનની વ્યુચ્છિત્તિ થતી ગઈ. એમ કરતાં અપાર જ્ઞાનસિંધુનો ઘણો ભાગ વિચ્છેદ પામ્યા પછી બીજા ભદ્રબાહુસ્વામી આચાર્યની પરિપાટીમાં બે સમર્થ મુનિઓ થયા—એકનું નામ શ્રી ધરસેન આચાર્ય અને બીજાનું નામ શ્રી ગુણધર આચાર્ય. તેમની પાસેથી મળેલા જ્ઞાન દ્વારા તેમની પરંપરામાં થયેલા આચાર્યોએ શાસ્ત્રો ગૂંથ્યાં અને વીર ભગવાનના ઉપદેશનો પ્રવાહ વહેતો રાખ્યો.

શ્રી ધરસેન આચાર્યને અગ્રાયણીપૂર્વના પાંચમા વસ્તુ અધિકારના મહાકર્મપ્રકૃતિ નામના ચોથા પ્રાભૃતનું જ્ઞાન હતું. તે જ્ઞાનામૃતમાંથી અનુક્રમે ત્યારપછીના આચાર્યો દ્વારા ષટ્‌ખંડાગમ, ધવલ, મહાધવલ, જયધવલ, ગોમ્મટસાર, લબ્ધિસાર, ક્ષપણાસાર આદિ શાસ્ત્રો રચાયાં. આ રીતે પ્રથમ શ્રુતસ્કંધની ઉત્પત્તિ છે. તેમાં જીવ અને કર્મના સંયોગથી થયેલા આત્માના સંસારપર્યાયનું—ગુણસ્થાન, માર્ગણા આદિનું—વર્ણન છે, પર્યાયાર્થિક નયને પ્રધાન કરીને કથન છે. આ નયને અશુદ્ધ-દ્રવ્યાર્થિક પણ કહે છે અને અધ્યાત્મભાષાથી અશુદ્ધનિશ્ચયનય અથવા વ્યવહાર કહે છે.

શ્રી ગુણધર આચાર્યને જ્ઞાનપ્રવાદપૂર્વના દશમા વસ્તુના ત્રીજા પ્રાભૃતનું જ્ઞાન હતું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તે જ્ઞાનમાંથી ત્યારપછીના આચાર્યોએ અનુક્રમે સિદ્ધાંતો રચ્યા. એમ સર્વજ્ઞ ભગવાન મહાવીરથી ચાલ્યું આવતું જ્ઞાન આચાર્યોની પરંપરાથી ભગવાન કુંદકુંદાચાર્યદેવને પ્રાપ્ત થયું. તેમણે પંચાસ્તિકાયસંગ્રહ, પ્રવચનસાર, સમયસાર, નિયમસાર, અષ્ટપાહુડ આદિ શાસ્ત્રો રચ્યાં. આ રીતે દ્વિતીય શ્રુતસ્કંધની ઉત્પત્તિ થઈ. તેમાં જ્ઞાનને પ્રધાન કરીને શુદ્ધદ્રવ્યાર્થિક નયથી કથન છે, આત્માના શુદ્ધ સ્વરૂપનું વર્ણન છે.

ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા છે. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. 'मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी। मगलं कुंदकुंदार्यो जैनधर्मोऽस्तु मंगलम्॥'—એ શ્લોક દરેક દિગંબર જૈન શાસ્ત્રાધ્યયન શરૂ કરતાં મંગલાચરણરૂપે બોલે છે. આ પરથી સિદ્ધ થાય છે કે સર્વજ્ઞ ભગવાન શ્રી મહાવીરસ્વામી અને ગણધર ભગવાન શ્રી ગૌતમસ્વામી પછી તુરત જ ભગવાન કુંદકુંદાચાર્યનું સ્થાન આવે છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યની પરંપરાના કહેવરાવવામાં ગૌરવ માને છે. ભગવાન કુંદકુંદાચાર્યદેવનાં શાસ્ત્રો સાક્ષાત્ ગણધરદેવનાં વચનો જેટલાં જ પ્રમાણભૂત મનાય છે. તેમના પછી થયેલા ગ્રંથકાર આચાર્યો પોતાના કોઈ કથનને સિદ્ધ કરવા માટે કુંદકુંદાચાર્યદેવનાં શાસ્ત્રોનું પ્રમાણ આપે છે એટલે એ કથન નિર્વિવાદ ઠરે છે. તેમના પછી લખાયેલા ગ્રંથોમાં તેમનાં શાસ્ત્રોમાંથી થોકબંધ અવતરણો લીધેલાં છે. ખરેખર ભગવાન કુંદકુંદાચાર્યે પોતાનાં પરમાગમોમાં તીર્થંકરદેવોએ પ્રરૂપેલા ઉત્તમોત્તમ સિદ્ધાંતોને જાળવી રાખ્યા છે અને મોક્ષમાર્ગને ટકાવી રાખ્યો છે. વિ. સં. ૯૯૦માં થઈ ગયેલા શ્રી દેવસેનાચાર્યવર તેમના દર્શનસાર નામના ગ્રંથમાં ★કહે છે કે "વિદેહક્ષેત્રના વર્તમાન તીર્થંકર શ્રી સીમંધરસ્વામીના સમવસરણમાં જઈને શ્રી પદ્મનંદિનાથે (કુંદકુંદાચાર્યદેવે) પોતે પ્રાપ્ત કરેલા જ્ઞાન વડે બોધ ન આપ્યો હોત તો મુનિજનો સાચા માર્ગને કેમ જાણત?" બીજો એક ઉલ્લેખ આપણે જોઈએ, જેમાં કુંદકુંદાચાર્યદેવને કળિકાળસર્વજ્ઞ કહેવામાં આવ્યા છે : "પદ્મનંદી, કુંદકુંદાચાર્ય, વક્રગ્રીવાચાર્ય, એલાચાર્ય ગૃધ્રપિચ્છાચાર્ય—એ પાંચ નામોથી વિરાજિત, ચાર આંગળ ઊંચે આકાશમાં ચાલવાની જેમને ઋદ્ધિ હતી, જેમણે પૂર્વવિદેહમાં જઈને સીમંધરભગવાનને વંદન કર્યું હતું અને તેમની પાસેથી મળેલા શ્રુતજ્ઞાન વડે જેમણે ભારતવર્ષના ભવ્ય જીવોને પ્રતિબોધ કર્યો છે એવા જે શ્રી જિનચંદ્રસૂરિભટ્ટારકના પટ્ટના આભરણરૂપ કળિકાળસર્વજ્ઞ (ભગવાન કુંદકુંદાચાર્યદેવ) તેમણે રચેલા આ ષટ્પ્રાભૃત ગ્રંથમાં........સૂરીશ્વર શ્રી શ્રુતસાગરે રચેલી મોક્ષપ્રાભૃતની ટીકા સમાપ્ત થઈ." આમ ષટ્પ્રાભૃતની શ્રી શ્રુતસાગરસૂરિકૃત ટીકાના અંતમાં લખેલું છે. ભગવાન કુંદકુંદાચાર્યદેવની મહત્તા બતાવનારા

★ મૂળ શ્લોક માટે ૧૯મું પાનું જુઓ

આવા અનેકાનેક ઉલ્લેખો જૈન સાહિત્યમાં મળી આવે છે; ★શિલાલેખો પણ અનેક છે. આ રીતે આપણે જોયું કે સનાતન જૈન સંપ્રદાયમાં કળિકાળસર્વજ્ઞ ભગવાન કુંદકુંદાચાર્યનું સ્થાન અજોડ છે.

ભગવાન કુંદકુંદાચાર્યનાં રચેલાં અનેક શાસ્ત્રો છે, જેમાંથી થોડાંક હાલમાં વિદ્યમાન છે. ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના મુખમાંથી વહેલી શ્રુતામૃતની સરિતામાંથી ભરી લીધેલાં તે અમૃતભાજનો હાલમાં પણ અનેક આત્માર્થીઓને આત્મજીવન અર્પે છે. તેમનાં પંચાસ્તિકાયસંગ્રહ, પ્રવચનસાર, સમયસાર અને નિયમસાર નામનાં ઉત્તમોત્તમ પરમાગમોમાં હજારો શાસ્ત્રોનો સાર આવી જાય છે. ભગવાન કુંદકુંદાચાર્ય પછી લખાયેલા ઘણા ગ્રંથોનાં બીજડાં આ પરમાગમોમાં રહેલાં છે એમ સૂક્ષ્મ દૃષ્ટિથી અભ્યાસ કરતાં જણાય છે. શ્રી પંચાસ્તિકાયસંગ્રહમાં છ દ્રવ્યનું અને નવ તત્ત્વનું સ્વરૂપ સંક્ષેપમાં કહ્યું છે. શ્રી પ્રવચનસારમાં તેના નામ અનુસાર જિનપ્રવચનનો સાર સંઘર્યો છે અને તેને જ્ઞાનતત્ત્વ, જ્ઞેયતત્ત્વ અને ચરણાનુયોગના ત્રણ અધિકારોમાં વિભાજિત કર્યું છે. શ્રી સમયસાર આ ભરતક્ષેત્રનું સર્વોત્કૃષ્ટ પરમાગમ છે. તેમાં નવ તત્ત્વોનું શુદ્ધનયની દૃષ્ટિથી નિરૂપણ કરી જીવનું શુદ્ધ સ્વરૂપ સર્વ તરફથી—આગમ, યુક્તિ, અનુભવ અને પરંપરાથી—અતિ વિસ્તારપૂર્વક સમજાવ્યું છે. શ્રી નિયમસારમાં મોક્ષમાર્ગનું સ્પષ્ટ સત્યાર્થ નિરૂપણ છે. જેમ સમયસારમાં શુદ્ધનયથી નવતત્ત્વોનું નિરૂપણ કર્યું છે તેમ નિયમસારમાં મુખ્યત્વે શુદ્ધનયથી જીવ, અજીવ, શુદ્ધભાવ, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, પ્રાયશ્ચિત્ત, સમાધિ, ભક્તિ, આવશ્યક, શુદ્ધોપયોગ વગેરેનું વર્ણન છે. શ્રી નિયમસાર ભરતક્ષેત્રનાં ઉત્તમોત્તમ શાસ્ત્રોમાંનું એક હોવા છતાં પ્રાભૃતત્રયની સરખામણીમાં તેની પ્રસિદ્ધિ ઘણી ઓછી છે. બ્રહ્મચારી શીતલપ્રસાદજી વિ. સં. ૧૯૭૨માં હિંદી નિયમસારની ભૂમિકામાં ખરું જ લખે છે કે—'આજ સુધી શ્રી કુંદકુંદાચાર્યનાં પંચાસ્તિકાયસંગ્રહ, પ્રવચનસાર અને સમયસાર એ ત્રણ રત્નો જ બહુ પ્રસિદ્ધ છે. ખેદની વાત છે કે તેમનાં જેવું બલકે કંઈ અંશોમાં તેમનાંથી પણ અધિક જે નિયમસાર-રત્ન છે, તેની પ્રસિદ્ધિ એટલી બધી ઓછી છે કે કોઈ કોઈ તો તેનું નામ પણ જાણતા નથી.'

આ નિયમસાર પરમાગમ મુખ્યત્વે મોક્ષમાર્ગના નિરુપચાર નિરૂપણનો અનુપમ ગ્રંથ છે. 'નિયમ' એટલે જે અવશ્ય કરવા યોગ્ય હોય તે અર્થાત્ રત્નત્રય. 'નિયમસાર' એટલે નિયમનો સાર અર્થાત્ શુદ્ધ રત્નત્રય. આ શુદ્ધ રત્નત્રયની પ્રાપ્તિ પરમાત્મતત્ત્વનો આશ્રય કરવાથી જ થાય છે. નિગોદથી માંડીને સિદ્ધિ સુધીની સર્વ અવસ્થાઓમાં—અશુભ, શુભ કે શુદ્ધ વિશેષોમાં—રહેલું જે નિત્ય-નિરંજન ટંકોત્કીર્ણ શાશ્વત એકરૂપ શુદ્ધદ્રવ્યસામાન્ય તે પરમાત્મતત્ત્વ છે. તે જ શુદ્ધ અંતઃતત્ત્વ, કારણપરમાત્મા, પરમ પારિણામિક ભાવ

★ શિલાલેખોના નમૂના માટે ૧૮મું પાનું જુઓ.

વગેરે નામોથી કહેવાય છે. આ પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અનાદિ કાળથી અનંત અનંત દુઃખને અનુભવતા જીવે એક ક્ષણમાત્ર પણ કરી નથી અને તેથી સુખ માટેનાં તેના સર્વ ઝાવાં (દ્રવ્યલિંગી મુનિનાં વ્યવહાર-રત્નત્રય સુદ્ધાં) સર્વથા વ્યર્થ ગયાં છે. માટે આ પરમાગમનો એકમાત્ર ઉદ્દેશ જીવોને પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અથવા ★આશ્રય કરાવવાનો છે. શાસ્ત્રકાર આચાર્યભગવાને અને ટીકાકાર મુનિવરે આ પરમાગમના પાને પાને જે અનુભવસિદ્ધ પરમ સત્ય પોકાર્યું છે તેનો સાર આ પ્રમાણે છે : હે જગતના જીવો ! તમારા સુખનો એકમાત્ર ઉપાય પરમાત્મતત્ત્વનો આશ્રય છે. સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધિ સુધીની સર્વ ભૂમિકાઓ તેમાં સમાય છે. પરમાત્મતત્ત્વનો જઘન્ય આશ્રય તે સમ્યગ્દર્શન છે; તે આશ્રય મધ્યમ કોટિની ઉગ્રતા ધારણ કરતાં જીવને દેશચારિત્ર, સકલચારિત્ર વગેરે દશાઓ પ્રગટ થાય છે અને પૂર્ણ આશ્રય થતાં કેવળજ્ઞાન અને સિદ્ધત્વ પામી જીવ સર્વથા કૃતાર્થ થાય છે. આ રીતે પરમાતત્ત્વનો આશ્રય જ સમ્યગ્દર્શન છે, તે જ સમ્યગ્જ્ઞાન છે, તે જ સમ્યક્ ચારિત્ર છે; તે જ સત્યાર્થ પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, પ્રાયશ્ચિત્ત, સામાયિક, ભક્તિ, આવશ્યક, સમિતિ, ગુપ્તિ, સંયમ, તપ, સંવર, નિર્જરા, ધર્મ-શુકલધ્યાન વગેરે બધુંય છે. એવો એક પણ મોક્ષના કારણરૂપ ભાવ નથી જે પરમાત્મતત્ત્વના આશ્રયથી અન્ય હોય. પરમાત્મતત્ત્વના આશ્રયથી અન્ય એવા ભાવોને—વ્યવહારપ્રતિક્રમણ, વ્યવહારપ્રત્યાખ્યાન વગેરે શુભ વિકલ્પરૂપ ભાવોને—મોક્ષમાર્ગ કહેવામાં આવે છે તે તો કેવળ ઉપચારથી કહેવામાં આવે છે. પરમાત્મતત્ત્વના મધ્યમ કોટિના અપરિપકવ આશ્રય વખતે તે અપરિપકવતાને લીધે સાથે સાથે જે અશુદ્ધિરૂપ અંશ વિદ્યમાન હોય છે તે અશુદ્ધિરૂપ અંશ જ વ્યવહારપ્રતિક્રમણાદિ અનેક અનેક શુભ વિકલ્પાત્મક ભાવોરૂપે દેખાવ દે છે. તે અશુદ્ધિ-અંશ ખરેખર મોક્ષમાર્ગ કેમ હોઈ શકે ? તે તો ખરેખર મોક્ષમાર્ગથી વિરુદ્ધ ભાવ જ છે, બંધ ભાવ જ છે—એમ તમે સમજો. વળી, દ્રવ્યલિંગી મુનિને જે પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન વગેરે શુભ ભાવો હોય છે તે ભાવો તો દરેક જીવ અનંત વાર કરી ચૂક્યો છે પરંતુ તે ભાવો તેને કેવળ પરિભ્રમણનું જ કારણ થયા છે કારણ કે પરમાત્મતત્ત્વના આશ્રય વિના આત્માનું સ્વભાવપરિણમન અંશે પણ નહિ થતું હોવાથી તેને મોક્ષમાર્ગની પ્રાપ્તિ અંશમાત્ર પણ હોતી નથી. સર્વ જિનેંદ્રોના દિવ્ય ધ્વનિનો સંક્ષેપ અને અમારા સ્વસંવેદનનો સાર એ છે કે ભયંકર સંસારરોગનું એકમાત્ર ઔષધ પરમાત્મતત્ત્વનો આશ્રય જ છે. જ્યાં સુધી જીવની દૃષ્ટિ ધ્રુવ અચળ પરમાત્મતત્ત્વ ઉપર ન પડતાં ક્ષણિક

★ 'હું ધ્રુવ શુદ્ધ આત્મદ્રવ્યસામાન્ય છું' એવી સાનુભવ શ્રદ્ધાપરિણતિથી માંડીને પરિપૂર્ણ લીનતા સુધીની કોઈ પણ પરિણતિને પરમાત્મતત્ત્વનો આશ્રય, પરમાત્મતત્ત્વનું આલંબન, પરમાત્મતત્ત્વ પ્રત્યે ઝોક, પરમાત્મતત્ત્વ પ્રત્યે વલણ, પરમાત્મતત્ત્વ પ્રત્યે સંમુખતા, પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ, પરમાત્મતત્ત્વની ભાવના, પરમાત્મતત્ત્વનું ધ્યાન વગેરે શબ્દોથી કહેવાય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાવો ઉપર રહે છે ત્યાં સુધી અનંત ઉપાયે પણ તેના કૃતક ઔપાધિક ઉછાળા—શુભાશુભ વિકલ્પો—શમતા નથી, પરંતુ જ્યાં તે દૃષ્ટિને પરમાત્મતત્ત્વરૂપ ધ્રુવ આલંબન હાથ લાગે છે ત્યાં તે જ ક્ષણે તે જીવ (દૃષ્ટિ-અપેક્ષાએ) કૃતકૃત્યતા અનુભવે છે, (દૃષ્ટિ-અપેક્ષાએ) વિધિ-નિષેધ વિલય પામે છે, અપૂર્વ સમરસભાવનું વેદન થાય છે, નિજ સ્વભાવભાવરૂપ પરિણમનનો પ્રારંભ થાય છે અને કૃતક ઔપાધિક ઉછાળા ક્રમે ક્રમે વિરામ પામતા જાય છે. આ નિરંજન નિજ પરમાત્મતત્ત્વના આશ્રયરૂપ માર્ગે જ સર્વ મુમુક્ષુઓ ભૂત કાળે પંચમ ગતિને પામ્યા છે, વર્તમાન કાળે પામે છે અને ભાવી કાળે પામશે. આ પરમાત્મતત્ત્વ સર્વ તત્ત્વોમાં એક સાર છે, ત્રિકાળ-નિરાવરણ, નિત્યાનંદ-એકસ્વરૂપ છે, સ્વભાવ-અનંત-ચતુષ્ટયથી સનાથ છે, સુખસાગરનું પૂર છે, ક્લેશોદધિનો કિનારો છે, ચારિત્રનું મૂળ છે, મુક્તિનું કારણ છે. સર્વ ભૂમિકાના સાધકોને તે જ એક ઉપાદેય છે. હે ભવ્ય જીવો ! આ પરમાત્મતત્ત્વનો આશ્રય કરી તમે શુદ્ધ રત્નત્રય પ્રગટ કરો. એટલું ન કરી શકો તો સમ્યગ્દર્શન તો અવશ્ય કરો જ. એ દશા પણ અભૂતપૂર્વ અને અલૌકિક છે.

આમ આ પરમ પવિત્ર શાસ્ત્રને વિષે મુખ્યત્વે પરમાત્મતત્ત્વ અને તેના આશ્રયથી પ્રગટતા પર્યાયોનું વર્ણન હોવા છતાં, સાથે સાથે દ્રવ્યગુણપર્યાય, છ દ્રવ્યો, પાંચ ભાવો, વ્યવહાર-નિશ્ચયનયો, વ્યવહારચારિત્ર, સમ્યગ્દર્શનપ્રાપ્તિમાં પ્રથમ તો અન્ય સમ્યગ્દૃષ્ટિ જીવની દેશના જ નિમિત્ત હોય (—મિથ્યાદૃષ્ટિ જીવની દેશના નહિ) એવો અબાધિત નિયમ, પંચ પરમેષ્ઠીનું સ્વરૂપ, કેવળજ્ઞાન-કેવળદર્શન, કેવળીનું ઇચ્છારહિતપણું વગેરે અનેક વિષયોનું સંક્ષિપ્ત નિરૂપણ પણ કરવામાં આવ્યું છે. આ રીતે ઉપરોક્ત પ્રયોજનભૂત વિષયોને પ્રકાશતું આ શાસ્ત્ર વસ્તુસ્વરૂપનો યથાર્થ નિર્ણય કરી પરમાત્મતત્ત્વની પ્રાપ્તિ કરવા ઇચ્છનાર જીવને મહા ઉપકારી છે. અંતઃતત્ત્વરૂપ અમૃતસાગર પર મીટ માંડી જ્ઞાનાનંદના તરંગો ઉછાળતા મહા મસ્ત મુનિવરોના અંતરવેદનમાંથી નીકળેલા ભાવોથી ભરેલું આ પરમાગમ નંદનવન સમાન આહ્લાદકારી છે. મુનિવરોના હૃદયકમળમાં વિરાજમાન અંતઃતત્ત્વરૂપ અમૃતસાગર પરથી અને શુદ્ધપર્યાયોરૂપ અમૃતઝરણાં પરથી વહેતો શ્રુતરૂપ શીતળ સમીર જાણે કે અમૃતશીકરોથી મુમુક્ષુઓનાં ચિત્તને પરમ શીતળીભૂત કરે છે. આવું શાંતરસમય પરમ આધ્યાત્મિક શાસ્ત્ર આજે પણ વિદ્યમાન છે અને પરમ પૂજ્ય ગુરુદેવ દ્વારા તેનાં અગાધ આધ્યાત્મિક ઊંડાણ પ્રગટ થતાં જાય છે તે આપણું મહા સદ્‌ભાગ્ય છે. પરમ પૂજ્ય ગુરુદેવને શ્રી નિયમસાર ઉપર અપાર ભક્તિ છે. તેઓશ્રી કહે છેઃ 'પરમ પારિણામિક ભાવને પ્રકાશનાર શ્રી નિયમસાર પરમાગમ અને તેની ટીકાની રચના છઠ્ઠા સાતમા ગુણસ્થાને ઝૂલતા મહા સમર્થ મુનિવરો વડે દ્રવ્ય સાથે પર્યાયની એકતા સાધતાં સાધતાં થઈ ગઈ છે. જેવાં શાસ્ત્ર અને ટીકા રચાયાં છે તેવું જ સ્વસંવેદન પોતે કરી રહ્યા હતા. પરમ પારિણામિક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાવના અંતર-અનુભવને જ તેમણે શાસ્ત્રમાં ઉતાર્યો છે;—એકેક અક્ષર શાશ્વત, ટંકોત્કીર્ણ, પરમ સત્ય. નિરપેક્ષ કારણશુદ્ધપર્યાય, સ્વરૂપપ્રત્યક્ષ સહજજ્ઞાન વગેરે વિષયોનું નિરૂપણ કરીને તો મુનિવરોએ અધ્યાત્મની અનુભવગમ્ય અત્યંત અત્યંત સૂક્ષ્મ અને ગહન વાતને આ શાસ્ત્રમાં ખુલ્લી કરી છે. સર્વોત્કૃષ્ટ પરમાગમ શ્રી સમયસારમાં પણ તે વિષયોનું આવું ખુલ્લી રીતે નિરૂપણ નથી. અહો ! જેમ કોઈ પરાક્રમી કહેવાતો પુરુષ જંગલમાંથી સિંહણનું દૂધ દોહી આવે તેમ આત્મપરાક્રમી મહા મુનિવરોએ જંગલમાં બેઠાં બેઠાં અંતરનાં અમૃત દોહ્યાં છે. સર્વસંગપરિત્યાગી નિર્ગ્રંથોએ જંગલમાં રહ્યાં રહ્યાં સિદ્ધભગવંતો સાથે વાતો કરી છે અને અનંત સિદ્ધભગવંતો કઈ રીતે સિદ્ધિ પામ્યા તેનો ઇતિહાસ આમાં મૂકી દીધો છે.'

આ શાસ્ત્રમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવની પ્રાકૃત ગાથાઓ પર તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખનાર મુનિવર શ્રી પદ્મપ્રભમલધારિદેવ છે. તેઓ શ્રી વીરનંદી સિદ્ધાંતચક્રવર્તીના શિષ્ય છે અને વિક્રમની ૧૩મી શતાબ્દીમાં થઈ ગયા છે એમ, શિલાલેખ વગેરે સાધનો દ્વારા, સંશોધકોનું અનુમાન છે. 'પરમાગમરૂપી મકરંદ જેમના મુખમાંથી ઝરે છે' અને 'પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર પરિગ્રહ જેમને હતો' એવા નિર્ગ્રંથ મુનિવર શ્રી પદ્મપ્રભદેવે ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવના હૃદયમાં રહેલા પરમ ગહન આધ્યાત્મિક ભાવોને પોતાના અંતરવેદન સાથે મેળવીને આ ટીકામાં સ્પષ્ટ રીતે ખુલ્લા કર્યા છે. આ ટીકામાં આવતાં કળશરૂપ કાવ્યો અતિશય મધુર છે અને અધ્યાત્મમસ્તીથી તથા ભક્તિરસથી ભરપૂર છે. અધ્યાત્મકવિ તરીકે શ્રી પદ્મપ્રભમલધારિદેવનું સ્થાન જૈન સાહિત્યમાં અતિ ઉચ્ચ છે. ટીકાકાર મુનિરાજે ગદ્ય તેમ જ પદ્યરૂપે પરમ પારિણામિક ભાવને તો ખૂબ ખૂબ ગાયો છે. આખી ટીકા જાણે કે પરમ પારિણામિક ભાવનું અને તદાશ્રિત મુનિદશાનું એક મહાકાવ્ય હોય તેમ મુમુક્ષુ હૃદયોને મુદિત કરે છે. પરમ પારિણામિક ભાવ, સહજ સુખમય મુનિદશા અને સિદ્ધ જીવોની પરમાનંદપરિણતિ પ્રત્યે ભક્તિથી મુનિવરનું ચિત્ત જાણે કે ઉભરાઈ જાય છે અને તે ઊભરાને વ્યક્ત કરવા તેમને શબ્દો અતિશય ઓછા પડતા હોવાથી તેમના મુખમાંથી પ્રસંગોચિત અનેક ઉપમા-અલંકારો વહ્યા છે. બીજી અનેક ઉપમાઓની માફક, મુક્તિ દીક્ષા વગેરેને વારંવાર સ્ત્રીની ઉપમા પણ લેશમાત્ર સંકોચ વિના બેધડકપણે આપવામાં આવી છે તે આત્મમસ્ત મહા મુનિવરનું બ્રહ્મચર્યનું અતિશય જોર સૂચવે છે. સંસાર દાવાનળ સમાન છે અને સિદ્ધદશા તથા મુનિદશા પરમ સહજાનંદમય છે—એવા ભાવનું એકધારું વાતાવરણ આખી ટીકામાં બ્રહ્મનિષ્ઠ મુનિવરે અલૌકિક રીતે સર્જ્યું છે અને સ્પષ્ટપણે દર્શાવ્યું છે કે મુનિઓની વ્રત, નિયમ, તપ, બ્રહ્મચર્ય, ત્યાગ, પરિષહજય ઇત્યાદિરૂપે કોઈ પણ પરિણતિ હઠપૂર્વક, ખેદયુક્ત, કષ્ટજનક કે નરકાદિના ભયમૂલક હોતી નથી પણ અંતરંગ આત્મિક વેદનથી થતી પરમ પરિતૃપ્તિને લીધે સહજાનંદમય હોય છે—કે જે સહજાનંદ પાસે સંસારીઓનાં



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કનકકામિનીજનિત કલ્પિત સુખો કેવળ ઉપહાસપાત્ર અને ઘોર દુઃખમય ભાસે છે. ખરેખર મૂર્તિમંત મુનિપરિણતિ સમી આ ટીકા મોક્ષમાર્ગે વિહરતા મુનિવરોની સહજાનંદમય પરિણતિનો તાદ્દશ ચિતાર આપે છે. આ કાળે આવી યથાર્થ આનંદનિર્ભર મોક્ષમાર્ગની પ્રકાશક ટીકા મુમુક્ષુઓને સમર્પિત કરીને ટીકાકાર મુનિવરે મહા ઉપકાર કર્યો છે.

શ્રી નિયમસારમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવે ૧૮૭ ગાથાઓ પ્રાકૃતમાં રચી છે. તેના પર શ્રી પદ્મપ્રભમલધારિદેવે તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખી છે. બ્રહ્મચારી શ્રી શીતલપ્રસાદજીએ મૂળ ગાથાઓનો તથા ટીકાનો હિંદી અનુવાદ કર્યો છે. વિ. સં. ૧૯૭૨માં શ્રી જૈનગ્રંથરત્નાકર કાર્યાલય તરફથી પ્રકાશિત હિંદી નિયમસારમાં મૂળ ગાથાઓ, સંસ્કૃત ટીકા અને બ્ર૦ શીતલપ્રસાદજીકૃત હિંદી અનુવાદ પ્રગટ થયાં છે. હવે પ્રકાશન પામતા આ ગુજરાતી નિયમસારમાં મૂળ ગાથાઓ, તેનો ગુજરાતી પદ્યાનુવાદ, સંસ્કૃત ટીકા અને તે ગાથા-ટીકાનો અક્ષરશઃ ગુજરાતી અનુવાદ પ્રગટ કરવામાં આવેલ છે. જ્યાં વિશેષ સ્પષ્ટતા કરવાની જરૂર જણાઈ ત્યાં કૌંસમાં અથવા ફૂટનોટમાં સ્પષ્ટતા કરી છે. શ્રી જૈનગ્રંથરત્નાકર કાર્યાલય દ્વારા પ્રકાશિત નિયમસારમાં છપાયેલી સંસ્કૃત ટીકામાં જે અશુદ્ધિઓ હતી તેમાંથી ઘણી અશુદ્ધિઓ હસ્તલિખિત પ્રતોના આધારે આમાં સુધારી લેવામાં આવી છે. હજુ પણ આમાં કોઈ કોઈ સ્થળોએ અશુદ્ધ પાઠ હોય એમ લાગે છે પરંતુ અમને મળેલી ત્રણ હસ્તલિખિત પ્રતોમાંથી શુદ્ધ પાઠ નહિ મળવાને લીધે તે અશુદ્ધિઓ સુધારી શકાઈ નથી. અશુદ્ધ પાઠોનો અનુવાદ કરવામાં ખાસ કાળજી રાખવામાં આવી છે અને પૂર્વાપર કથન તેમ જ ન્યાય સાથે વધારેમાં વધારે બંધબેસતો લાગે એવો તે પાઠોનો અનુવાદ કર્યો છે.

આ અનુવાદ કરવાનું મહાભાગ્ય મને પ્રાપ્ત થયું તે મને અતિ હર્ષનું કારણ છે. પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવના આશ્રય તળે આ ગહન શાસ્ત્રનો અનુવાદ થયો છે. પરમોપકારી સદ્‌ગુરુદેવના પવિત્ર જીવનના પ્રત્યક્ષ પરિચય વિના અને તેમના આધ્યાત્મિક ઉપદેશ વિના આ પામરને જિનવાણી પ્રત્યે લેશ પણ ભક્તિ કે શ્રદ્ધા ક્યાંથી પ્રગટત, ભગવાન કુંદકુંદાચાર્યદેવ અને તેમનાં શાસ્ત્રોનો લેશ પણ મહિમા ક્યાંથી આવત અને તે શાસ્ત્રોના અર્થ-ઉકેલની લેશ પણ શક્તિ ક્યાંથી હોત ? આ રીતે અનુવાદની સમસ્ત શક્તિનું મૂળ શ્રી સદ્‌ગુરુદેવ જ હોવાથી ખરેખર તો સદ્‌ગુરુદેવની અમૃતવાણીનો ધોધ જ—તેમના દ્વારા મળેલો અણમૂલ ઉપદેશ જ—યથાકાળે આ અનુવાદરૂપે પરિણમ્યો છે. જેમણે સિંચેલી શક્તિથી અને જેમની હૂંફથી આ ગહન શાસ્ત્રનો અનુવાદ કરવાનું મેં સાહસ ખેડ્યું હતું અને જેમની કૃપાથી તે નિર્વિઘ્ને પાર પડ્યો છે તે પરમ પૂજ્ય પરમોપકારી સદ્‌ગુરુદેવ (શ્રી કાનજીસ્વામી)નાં ચરણારવિંદમાં અતિ ભક્તિભાવે વંદન કરું છું.

પરમ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન પ્રત્યે પણ, આ અનુવાદની પૂર્ણાહુતિ કરતાં, ઉપકારવશતાની ઉગ્ર લાગણી અનુભવાય છે. જેમનાં પવિત્ર જીવન અને બોધ આ પામરને શ્રી નિયમસાર પ્રત્યે, નિયમસારના મહાન કર્તા પ્રત્યે અને નિયમસારમાં ઉપદેશેલા વીતરાગવિજ્ઞાન પ્રત્યે બહુમાનવૃદ્ધિનાં વિશિષ્ટ નિમિત્ત થયાં છે, એવાં તે પરમ પૂજ્ય બહેનશ્રીનાં ચરણકમળમાં આ હૃદય નમે છે.

આ અનુવાદમાં અનેક ભાઈઓની હાર્દિક મદદ છે. માનનીય મુરબ્બી વકીલ શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીએ પોતાના ભરચક ધાર્મિક વ્યવસાયોમાંથી સમય કાઢીને આખો અનુવાદ બારીકાઈથી તપાસ્યો છે, યથોચિત સલાહ આપી છે અને અનુવાદમાં પડતી નાનીમોટી મુશ્કેલીઓનો પોતાના વિશાળ શાસ્ત્રજ્ઞાનથી નિવેડો કરી આપ્યો છે. ભાઈશ્રી ખીમચંદ જેઠાલાલ શેઠ પણ અનુવાદનો ઘણો ભાગ ચીવટથી તપાસી ગયા છે અને પોતાના સંસ્કૃત ભાષાના તેમ જ શાસ્ત્રોના જ્ઞાનના આધારે ઉપયોગી સૂચનાઓ કરી છે. બાળબ્રહ્મચારી ભાઈશ્રી ચંદુલાલ ખીમચંદ ઝોબાળિયાએ આખો અનુવાદ બહુ જ ઝીણવટથી તપાસી ઘણી ઉપયોગી સૂચનાઓ કરી છે, હસ્તલિખિત પ્રતોના આધારે સંસ્કૃત ટીકા સુધારી આપી છે, શુદ્ધિપત્રક, અનુક્રમણિકા, ગાથાસૂચિ, કળશસૂચિ વગેરે તૈયાર કર્યાં છે, તેમ જ પ્રૂફ તપાસ્યાં છે—આમ અતિશય પરિશ્રમ ને કાળજીપૂર્વક સર્વતોમુખી સહાય કરી છે. કિશનગઢવાળા ભાઈશ્રી પં૦ મહેંદ્રકુમારજી પાટનીએ સંસ્કૃત ટીકામાં આવતા શ્લોકોના છંદોનાં નામ લખી મોકલ્યાં છે. આ સર્વ ભાઈઓનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું. તેમની સહૃદય સહાય વિના આ અનુવાદમાં ઘણી ઊણપો રહી જવા પામત. આ સિવાય જે જે ભાઈઓની આમાં મદદ છે તે સર્વનો હું ઋણી છું.

આ અનુવાદ મેં નિયમસાર પ્રત્યેની ભક્તિથી અને ગુરુદેવની પ્રેરણાથી પ્રેરાઈને, નિજ કલ્યાણ અર્થે, ભવભયથી ડરતાં ડરતાં કર્યો છે. અનુવાદ કરતાં શાસ્ત્રના મૂળ આશયોમાં કાંઈ ફેરફાર ન થઈ જાય તે માટે મેં મારાથી બનતી તમામ કાળજી રાખી છે. છતાં અલ્પજ્ઞતાને લીધે તેમાં કાંઈ પણ આશય ફેર થયો હોય કે ભૂલો રહી ગઈ હોય તો તે માટે હું શાસ્ત્રકાર શ્રી કુંદકુંદાચાર્યભગવાન, ટીકાકાર શ્રી પદ્મપ્રભમલધારિદેવ, પરમકૃપાળુ શ્રી સદ્‌ગુરુદેવ અને મુમુક્ષુ વાંચકોની અંતરના ઊંડાણમાંથી ક્ષમા યાચું છું.

આ અનુવાદ ભવ્ય જીવોને શાશ્વત પરમાનંદની પ્રાપ્તિ કરાવો, એ મારી હાર્દિક ભાવના છે. જે જીવો આ પરમેશ્વર પરમાગમમાં કહેલા ભાવોને હૃદયગત કરશે તેઓ અવશ્ય સુખધામ કારણપરમાત્માનો નિર્ણય અને અનુભવ કરી, તેમાં પરિપૂર્ણ લીનતા પામી, શાશ્વત પરમાનંદદશાને પ્રાપ્ત કરશે. જ્યાં સુધી એ ભાવો હૃદયગત ન થાય ત્યાં સુધી આત્માનુભવી મહાત્માના આશ્રયપૂર્વક તે સંબંધી સૂક્ષ્મ વિચાર અને ઊંડું અંતરશોધન કર્તવ્ય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




છે. જ્યાં સુધી પરદ્રવ્યોથી પોતાનું સર્વથા ભિન્નપણું ભાસે નહિ અને પોતાના ક્ષણિક પર્યાયો ઉપરથી પણ દૃષ્ટિ છૂટીને એકરૂપ કારણપરમાત્માનું દર્શન થાય નહિ ત્યાં સુધી જંપવું યોગ્ય નથી. એ જ પરમાનંદપ્રાપ્તિનો ઉપાય છે. ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભદેવના શબ્દોમાં આ પરમ પવિત્ર પરમાગમનું ફળ વર્ણવીને આ ઉપોદ્ઘાત પૂર્ણ કરું છું : 'જે નિર્વાણસુંદરીથી ઉત્પન્ન થતા, પરમવીતરાગાત્મક, નિરાબાધ, નિરંતર અને અનંગ પરમાનંદનું દેનારું છે, જે નિરતિશય, નિત્યશુદ્ધ, નિરંજન નિજ કારણપરમાત્માની ભાવનાનું કારણ છે, જે સમસ્ત નયોના સમૂહથી શોભિત છે, જે પંચમ ગતિના હેતુભૂત છે અને જે પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર-પરિગ્રહવાળાથી રચાયેલું છે—એવા આ ભાગવત શાસ્ત્રને જેઓ નિશ્ચયનય અને વ્યવહારનયના અવિરોધથી જાણે છે, તે મહાપુરુષો—સમસ્ત અધ્યાત્મશાસ્ત્રોના હૃદયને જાણનારાઓ અને પરમાનંદરૂપ વીતરાગ સુખના અભિલાષીઓ—બાહ્ય-અભ્યંતર ચોવીશ પરિગ્રહોના પ્રપંચને પરિત્યાગીને, ત્રિકાળ-નિરુપાધિ સ્વરૂપમાં લીન નિજ કારણપરમાત્માના સ્વરૂપનાં શ્રદ્ધાન-જ્ઞાન-આચરણાત્મક ભેદોપચાર-કલ્પનાથી નિરપેક્ષ એવા સ્વસ્થ રત્નત્રયમાં પરાયણ વર્તતા થકા, શબ્દબ્રહ્મના ફળરૂપ શાશ્વત સુખના ભોક્તા થાય છે.'

અષાડ વદિ એકમ,
વિ. સં. ૨૦૦૭

—*હિંમતલાલ જેઠાલાલ શાહ*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com



ભગવાન શ્રીકુંદકુંદાચાર્યદેવ વનમાં તાડપત્ર ઉપર શાસ્ત્ર લખે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ૐ

# ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ

વિષે

# ઉલ્લેખો

*

वन्द्यो विभुर्भुवि न कैरिह कौण्डकुन्दः
कुन्द-प्रभा-प्रणयि-कीर्ति-विभूषिताशः ।
यश्चारु-चारण-कराम्बुजचञ्चरीक-
श्चक्रे श्रुतस्य भरते प्रयतः प्रतिष्ठाम् ॥

*[ચંદ્રગિરિ પર્વત પરનો શિલાલેખ]*

અર્થ :—કુન્દપુષ્પની પ્રભા ધરનારી જેમની કીર્તિ વડે દિશાઓ વિભૂષિત થઈ છે, જેઓ ચારણોનાં—ચારણઋદ્ધિધારી મહામુનિઓનાં—સુંદર હસ્તકમળોના ભ્રમર હતા અને જે પવિત્રાત્માએ ભરતક્ષેત્રમાં શ્રુતની પ્રતિષ્ઠા કરી છે, તે વિભુ કુંદકુંદ આ પૃથ્વી પર કોનાથી વંદ્ય નથી ?

*

................कोण्डकुन्दो यतीन्द्रः ॥
रजोभिरस्पृष्टतमत्वमन्त-
र्बाह्येपि संव्यञ्जयितुं यतीशः ।
रजःपदं भूमितलं विहाय
चचार मन्ये चतुरंगुलं सः ॥

*[વિંધ્યગિરિ-શિલાલેખ]*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અર્થ :—યતીશ્વર (શ્રી કુંદકુંદસ્વામી) રજઃસ્થાનને—ભૂમિતળને—છોડીને ચાર આંગળ ઊંચે આકાશમાં ચાલતા હતા તે દ્વારા હું એમ સમજું છું કે, તેઓશ્રી અંદરમાં તેમ જ બહારમાં રજથી (પોતાનું) અત્યંત અસ્પૃષ્ટપણું વ્યક્ત કરતા હતા (—અંદરમાં તેઓ રાગાદિક મળથી અસ્પૃષ્ટ હતા અને બહારમાં ધૂળથી અસ્પૃષ્ટ હતા).

*

**जइ पउमणंदिणाहो सीमंधरसामिदिव्वणाणेण ।**
**ण विबोहइ तो समणा कहं सुमग्गं पयाणंति ॥**

*[दर्शनसार]*

અર્થ :—(મહાવિદેહક્ષેત્રના વર્તમાન તીર્થંકરદેવ) શ્રી સીમંધરસ્વામી પાસેથી મળેલા દિવ્ય જ્ઞાન વડે શ્રી પદ્મનંદિનાથે (શ્રી કુંદકુંદાચાર્યદેવે) બોધ ન આપ્યો હોત તો મુનિજનો સાચા માર્ગને કેમ જાણત ?

*

હે કુંદકુંદાદિ આચાર્યો ! તમારાં વચનો પણ સ્વરૂપાનુસંધાનને વિષે આ પામરને પરમ ઉપકારભૂત થયાં છે. તે માટે હું તમને અતિશય ભક્તિથી નમસ્કાર કરું છું.

*[શ્રીમદ્ રાજચંદ્ર]*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ૐ

# જિનજીની વાણી

[રાગ-આશાભર્યા અમે આવિયા]

સીમંધર મુખથી ફૂલડાં ખરે,
એની કુંદકુંદ ગૂંથે માળ રે,
જિનજીની વાણી ભલી રે.
વાણી ભલી, મન લાગે રળી,
જેમાં સાર-સમય શિરતાજ રે,
જિનજીની વાણી ભલી રે......સીમંધર૦
ગૂંથ્યાં પાહુડ ને ગૂંથ્યું પંચાસ્તિ,
ગૂંથ્યું પ્રવચનસાર રે,
જિનજીની વાણી ભલી રે.
ગૂંથ્યું નિયમસાર, ગૂંથ્યું રયણસાર,
ગૂંથ્યો સમયનો સાર રે,
જિનજીની વાણી ભલી રે.......સીમંધર૦
સ્યાદ્‌વાદ કેરી સુવાસે ભરેલો
જિનજીનો ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે.
વંદું જિનેશ્વર, વંદું હું કુંદકુંદ,
વંદું એ ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે.......સીમંધર૦
હૈડે હજો, મારા ભાવે હજો,
મારા ધ્યાને હજો જિનવાણ રે,
જિનજીની વાણી ભલી રે.
જિનેશ્વરદેવની વાણીના વાયરા
વાજો મને દિનરાત રે,
જિનજીની વાણી ભલી રે.......સીમંધર૦

—હિંમતલાલ જેઠાલાલ શાહ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# સાધક જીવની દૃષ્ટિ

અધ્યાત્મમાં હંમેશાં નિશ્ચયનય જ મુખ્ય છે; તેના જ આશ્રયે ધર્મ થાય છે. શાસ્ત્રોમાં જ્યાં વિકારી પર્યાયોનું વ્યવહારનયથી કથન કરવામાં આવે ત્યાં પણ નિશ્ચયનયને જ મુખ્ય અને વ્યવહારનયને ગૌણ કરવાનો આશય છે—એમ સમજવું; કારણ કે પુરુષાર્થ વડે પોતામાં શુદ્ધપર્યાય પ્રગટ કરવા અર્થાત્ વિકારી પર્યાય ટાળવા માટે હંમેશાં નિશ્ચયનય જ આદરણીય છે; તે વખતે બંને નયોનું જ્ઞાન હોય છે પણ ધર્મ પ્રગટાવવા માટે બન્ને નયો કદી આદરણીય નથી. વ્યવહારનયના આશ્રયે કદી ધર્મ અંશે પણ થતો નથી, પરંતુ તેના આશ્રયે તો રાગ-દ્વેષના વિકલ્પો જ ઊઠે છે.

છયે દ્રવ્યો, તેમના ગુણો અને તેમના પર્યાયોના સ્વરૂપનું જ્ઞાન કરાવવા માટે કોઈ વખતે નિશ્ચયનયની મુખ્યતા અને વ્યવહારનયની ગૌણતા રાખીને કથન કરવામાં આવે, અને કોઈ વખતે વ્યવહારનયને મુખ્ય કરીને તથા નિશ્ચયનયને ગૌણ રાખીને કથન કરવામાં આવે; પોતે વિચાર કરે તેમાં પણ કોઈ વખતે નિશ્ચયનયની મુખ્યતા અને કોઈ વખતે વ્યવહારનયની મુખ્યતા કરવામાં આવે; અધ્યાત્મશાસ્ત્રમાં પણ જીવનો વિકારી પર્યાય જીવ સ્વયં કરે છે તેથી થાય છે અને તે જીવનો અનન્ય પરિણામ છે—એમ વ્યવહારનયે કહેવામાં—સમજાવવામાં આવે; પણ તે દરેક વખતે નિશ્ચયનય એક જ મુખ્ય અને આદરણીય છે એમ જ્ઞાનીઓનું કથન છે. શુદ્ધતા પ્રગટ કરવા માટે કોઈ વખતે નિશ્ચયનય આદરણીય છે અને કોઈ વખતે વ્યવહારનય આદરણીય છે—એમ માનવું તે ભૂલ છે. ત્રણે કાળે એકલા નિશ્ચયનયના આશ્રયે જ ધર્મ પ્રગટે છે એમ સમજવું.

સાધક જીવો શરૂઆતથી અંત સુધી નિશ્ચયની જ મુખ્યતા રાખીને, વ્યવહારને ગૌણ જ કરતા જાય છે, તેથી સાધકદશામાં નિશ્ચયની મુખ્યતાના જોરે સાધકને શુદ્ધતાની વૃદ્ધિ જ થતી જાય છે અને અશુદ્ધતા ટળતી જ જાય છે. એ રીતે નિશ્ચયની મુખ્યતાના જોરે પૂર્ણ કેવળજ્ઞાન થતાં ત્યાં મુખ્ય-ગૌણપણું હોતું નથી અને નય પણ હોતા નથી.

— *'ગુરુદેવશ્રીનાં વચનામૃત'* : ૧૬

*

# પરમાગમ શ્રી નિયમસારની

# ❀ વિષયાનુક્રમણિકા ❀


| વિષય | ગાથા |
|---|---|
| **૧. જીવ અધિકાર** | |
| અસાધારણ મંગળ અને ભગવાન ગ્રંથ-કર્તાની પ્રતિજ્ઞા | ૧ |
| મોક્ષમાર્ગ અને તેના ફળના સ્વરૂપ-નિરૂપણની સૂચના | ૨ |
| સ્વભાવરત્નત્રયનું સ્વરૂપ | ૩ |
| રત્નત્રયના ભેદકરણ તથા લક્ષણ વિષે કથન | ૪ |
| વ્યવહારસમ્યક્ત્વનું સ્વરૂપ | ૫ |
| અઢાર દોષોનું સ્વરૂપ | ૬ |
| તીર્થંકર પરમદેવનું સ્વરૂપ | ૭ |
| પરમાગમનું સ્વરૂપ | ૮ |
| છ દ્રવ્યોનાં પૃથક્ પૃથક્ નામ | ૯ |
| ઉપયોગનું લક્ષણ | ૧૦ |
| જ્ઞાનના ભેદ | ૧૧ |
| દર્શનોપયોગનું સ્વરૂપ | ૧૩ |
| અશુદ્ધદર્શનની તથા શુદ્ધ ને અશુદ્ધ પર્યાયની સૂચના | ૧૪ |
| સ્વભાવપર્યાયો અને વિભાવપર્યાયો | ૧૫ |
| ચાર ગતિનું સ્વરૂપનિરૂપણ | ૧૬ |
| કર્તૃત્વ-ભોક્તૃત્વના પ્રકારનું કથન | ૧૮ |
| બન્ને નયોનું સફળપણું | ૧૯ |
| **૨. અજીવ અધિકાર** | |
| પુદ્ગલદ્રવ્યના ભેદોનું કથન | ૨૦ |
| વિભાવપુદ્ગલનું સ્વરૂપ | ૨૧ |
| કારણપરમાણુદ્રવ્ય અને કાર્યપરમાણુદ્રવ્યનું સ્વરૂપ | ૨૫ |
| પરમાણુનું વિશેષ કથન | ૨૬ |
| સ્વભાવપુદ્ગલનું સ્વરૂપ | ૨૭ |
| પુદ્ગલપર્યાયના સ્વરૂપનું કથન | ૨૮ |
| પુદ્ગલદ્રવ્યના કથનનો ઉપસંહાર | ૨૯ |
| ધર્મ-અધર્મ-આકાશનું સંક્ષિપ્ત કથન | ૩૦ |
| વ્યવહારકાળનું સ્વરૂપ તથા તેના વિવિધ ભેદો | ૩૧ |
| મુખ્ય કાળનું સ્વરૂપ | ૩૨ |
| કાળાદિ અમૂર્ત અચેતન દ્રવ્યોના સ્વભાવ-ગુણપર્યાયોનું કથન | ૩૩ |
| કાળદ્રવ્ય સિવાય પૂર્વોક્ત દ્રવ્યો જ પંચાસ્તિકાય છે, એ વિષે કથન | ૩૪ |
| છ દ્રવ્યોના પ્રદેશનું લક્ષણ અને તેના સંભવનો પ્રકાર | ૩૫ |
| અજીવદ્રવ્ય સંબંધી કથનનો ઉપસંહાર | ૩૭ |
| **૩. શુદ્ધભાવ અધિકાર** | |
| હેય અને ઉપાદેય તત્ત્વના સ્વરૂપનું કથન | ૩૮ |
| નિર્વિકલ્પ તત્ત્વના સ્વરૂપનું કથન | ૩૯ |
| પ્રકૃતિ આદિ બંધસ્થાનો તથા ઉદયનાં સ્થાનોનો સમૂહ જીવને નથી, એ વિષે કથન | ૪૦ |
| વિભાવસ્વભાવોના સ્વરૂપકથન દ્વારા પંચમભાવના સ્વરૂપનું કથન | ૪૧ |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| વિષય | ગાથા |
|---|---|
| શુદ્ધ જીવને સમસ્ત સંસારવિકારો નથી, એવું નિરૂપણ | ૪૨ |
| શુદ્ધ આત્માને સમસ્ત વિભાવનો અભાવ છે, એવું કથન | ૪૩ |
| શુદ્ધ જીવનું સ્વરૂપ | ૪૪ |
| કારણપરમાત્માને સમસ્ત પૌદ્‌ગલિક વિકાર નથી, એવું કથન | ૪૫ |
| સંસારી જીવોમાં અને મુક્ત જીવોમાં તફાવત નહિ હોવાનું કથન | ૪૭ |
| કાર્યસમયસારમાં અને કારણસમયસારમાં તફાવત નહિ હોવાનું કથન | ૪૮ |
| નિશ્ચયનય અને વ્યવહારનયના ઉપાદેય-પણાનું પ્રકાશન | ૪૯ |
| હેય-ઉપાદેય અથવા ત્યાગ-ગ્રહણનું સ્વરૂપ | ૫૦ |
| રત્નત્રયનું સ્વરૂપ | ૫૧ |
| **૪. વ્યવહારચારિત્ર અધિકાર** | |
| અહિંસાવ્રતનું સ્વરૂપ | ૫૬ |
| સત્યવ્રતનું સ્વરૂપ | ૫૭ |
| અચૌર્યવ્રતનું સ્વરૂપ | ૫૮ |
| બ્રહ્મચર્યવ્રતનું સ્વરૂપ | ૫૯ |
| પરિગ્રહ-પરિત્યાગવ્રતનું સ્વરૂપ | ૬૦ |
| ઈર્યાસમિતિનું સ્વરૂપ | ૬૧ |
| ભાષાસમિતિનું સ્વરૂપ | ૬૨ |
| એષણાસમિતિનું સ્વરૂપ | ૬૩ |
| આદાનનિક્ષેપણસમિતિનું સ્વરૂપ | ૬૪ |
| પ્રતિષ્ઠાપનસમિતિનું સ્વરૂપ | ૬૫ |
| વ્યવહાર મનોગુપ્તિનું સ્વરૂપ | ૬૬ |
| વચનગુપ્તિનું સ્વરૂપ | ૬૭ |
| કાયગુપ્તિનું સ્વરૂપ | ૬૮ |
| નિશ્ચયમનો-વચનગુપ્તિનું સ્વરૂપ | ૬૯ |
| નિશ્ચયકાયગુપ્તિનું સ્વરૂપ | ૭૦ |
| ભગવાન અર્હત્ પરમેશ્વરનું સ્વરૂપ | ૭૧ |
| ભગવંત સિદ્ધ પરમેષ્ઠીઓનું સ્વરૂપ | ૭૨ |
| ભગવંત આચાર્યનું સ્વરૂપ | ૭૩ |
| અધ્યાપક નામના પરમગુરુનું સ્વરૂપ | ૭૪ |
| સર્વ સાધુઓના સ્વરૂપનું કથન | ૭૫ |
| વ્યવહારચારિત્ર-અધિકારનો ઉપસંહાર અને નિશ્ચયચારિત્રની સૂચના | ૭૬ |
| **૫. પરમાર્થ-પ્રતિક્રમણ અધિકાર** | |
| શુદ્ધ આત્માને સકળ કર્તૃત્વના અભાવ વિષે કથન | ૭૭ |
| ભેદવિજ્ઞાન દ્વારા ક્રમે નિશ્ચય-ચારિત્ર થાય છે, એ વિષે કથન | ૮૨ |
| વચનમય પ્રતિક્રમણ નામના સૂત્રસમુદાયનો નિરાસ | ૮૩ |
| આત્મ-આરાધનામાં વર્તતા જીવને જ પ્રતિ-ક્રમણસ્વરૂપ કહેલ છે, એ વિષે કથન | ૮૪ |
| પરમોપેક્ષાસંયમધરને નિશ્ચયપ્રતિક્રમણનું સ્વરૂપ હોય છે, એ વિષે નિરૂપણ | ૮૫ |
| ઉન્માર્ગના પરિત્યાગ અને સર્વજ્ઞ વીતરાગ-માર્ગના સ્વીકાર વિષે વર્ણન | ૮૬ |
| નિઃશલ્યભાવે પરિણત મહાતપોધન જ નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ છે, એ વિષે કથન | ૮૭ |
| ત્રિગુપ્તિગુપ્ત એવા પરમ તપોધનને નિશ્ચયચારિત્ર હોવાનું સ્વરૂપ | ૮૮ |
| ધ્યાનના ભેદોનું સ્વરૂપ | ૮૯ |
| આસન્નભવ્ય અને અનાસન્નભવ્ય જીવના પૂર્વાપર પરિણામનું સ્વરૂપ | ૯૦ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| વિષય | ગાથા |
|---|---|
| સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રનો સંપૂર્ણ સ્વીકાર કરવાથી અને મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રનો સંપૂર્ણ ત્યાગ કરવાથી મુમુક્ષુને નિશ્ચયપ્રતિક્રમણ હોય છે, એ વિષે કથન | ૯૧ |
| નિશ્ચય-ઉત્તમાર્થપ્રતિક્રમણનું સ્વરૂપ | ૯૨ |
| ધ્યાન એક ઉપાદેય છે, એવું કથન | ૯૩ |
| વ્યવહારપ્રતિક્રમણનું સફળપણું ક્યારે કહેવાય, એ વિષે કથન | ૯૪ |
| **૬. નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકાર** | |
| નિશ્ચયનયના પ્રત્યાખ્યાનનું સ્વરૂપ | ૯૫ |
| અનંતચતુષ્ટયાત્મક નિજ આત્માના ધ્યાનનો ઉપદેશ | ૯૬ |
| પરમ ભાવનાની સંમુખ એવા જ્ઞાનીને શિખામણ | ૯૭ |
| બંધરહિત આત્માને ભાવવા વિષે શિખામણ | ૯૮ |
| સકળ વિભાવના સંન્યાસની વિધિ | ૯૯ |
| સર્વત્ર આત્મા ઉપાદેય છે, એવું કથન | ૧૦૦ |
| સંસારાવસ્થામાં અને મુક્તિમાં જીવ નિઃસહાય છે, એવું કથન | ૧૦૧ |
| એકત્વભાવનારૂપે પરિણમેલા સમ્યગ્જ્ઞાનનું લક્ષણ | ૧૦૨ |
| આત્મગત દોષોથી મુક્ત થવાના ઉપાયનું કથન | ૧૦૩ |
| પરમ-તપોધનની ભાવશુદ્ધિનું કથન | ૧૦૪ |
| નિશ્ચયપ્રત્યાખ્યાનને યોગ્ય એવા જીવનું સ્વરૂપ | ૧૦૫ |
| નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકારનો ઉપસંહાર | ૧૦૬ |
| **૭. પરમ-આલોચના અધિકાર** | |
| નિશ્ચય-આલોચનાનું સ્વરૂપ | ૧૦૭ |
| આલોચનાના સ્વરૂપના ભેદોનું કથન | ૧૦૮ |
| **૮. શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત અધિકાર** | |
| નિશ્ચય-પ્રાયશ્ચિત્તનું સ્વરૂપ | ૧૧૩ |
| ચાર કષાયો પર વિજય મેળવવાના ઉપાયનું સ્વરૂપ | ૧૧૫ |
| 'શુદ્ધ જ્ઞાનના સ્વીકારવાળાને પ્રાયશ્ચિત છે' એવું કથન | ૧૧૬ |
| નિશ્ચયપ્રાયશ્ચિત સમસ્ત આચરણોમાં પરમ આચરણ છે, એ વિષે કથન | ૧૧૭ |
| શુદ્ધકારણપરમાત્મતત્ત્વમાં અંતર્મુખ રહીને જે પ્રતપન તે તપ છે અને એ તપ પ્રાયશ્ચિત્ત છે, એ સંબંધી કથન | ૧૧૮ |
| નિશ્ચયધર્મધ્યાન સર્વ ભાવોનો અભાવ કરવાને સમર્થ છે એવું કથન | ૧૧૯ |
| શુદ્ધનિશ્ચયનિયમનું સ્વરૂપ | ૧૨૦ |
| નિશ્ચયકાયોત્સર્ગનું સ્વરૂપ | ૧૨૧ |
| **૯. પરમ-સમાધિ અધિકાર** | |
| પરમ સમાધિનું સ્વરૂપ | ૧૨૨ |
| સમતા વિના દ્રવ્યલિંગધારી શ્રમણાભાસને જરાય મોક્ષનું સાધન નથી, એ વિષે કથન | ૧૨૪ |
| પરમવીતરાગસંયમીને સામાયિકવ્રત સ્થાયી છે, એવું નિરૂપણ | ૧૨૫ |
| પરમમુમુક્ષુનું સ્વરૂપ | ૧૨૬ |
| આત્મા જ ઉપાદેય છે, એવું કથન | ૧૨૭ |
| રાગદ્વેષના અભાવથી અપરિસ્પંદરૂપતા હોય છે, તે વિષે કથન | ૧૨૮ |
| આર્ત-રૌદ્ર ધ્યાનના પરિત્યાગ દ્વારા સનાતન સામાયિકવ્રતના સ્વરૂપનું કથન | ૧૨૯ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| વિષય | ગાથા |
|---|---|
| સુકૃતદુષ્કૃતરૂપ કર્મના સંન્યાસની વિધિ | ૧૩૦ |
| નવ નોકષાયના વિજય વડે પ્રાપ્ત થતા સામાયિકચારિત્રનું સ્વરૂપ | ૧૩૧ |
| પરમ-સમાધિ અધિકારનો ઉપસંહાર | ૧૩૩ |
| **૧૦. પરમ-ભક્તિ અધિકાર** | |
| રત્નત્રયનું સ્વરૂપ | ૧૩૪ |
| વ્યવહારનયપ્રધાન સિદ્ધભક્તિનું સ્વરૂપ | ૧૩૫ |
| નિજ પરમાત્માની ભક્તિનું સ્વરૂપ | ૧૩૬ |
| નિશ્ચયયોગભક્તિનું સ્વરૂપ | ૧૩૭ |
| વિપરીત અભિનિવેશ રહિત આત્મભાવ તે જ નિશ્ચય-પરમયોગ છે, એ વિષે કથન | ૧૩૯ |
| ભક્તિ અધિકારનો ઉપસંહાર | ૧૪૦ |
| **૧૧. નિશ્ચય-પરમાવશ્યક અધિકાર** | |
| નિરંતર સ્વવશને નિશ્ચય-આવશ્યક હોવા વિષે કથન | ૧૪૧ |
| અવશ પરમજિનયોગીશ્વરને પરમ આવશ્યક કર્મ જરૂર છે, એનું કથન | ૧૪૨ |
| ભેદોપચાર-રત્નત્રયપરિણતિવાળા જીવને અવશપણું નહિ હોવા વિષે કથન | ૧૪૩ |
| અન્યવશ એવા અશુદ્ધ-અંતરાત્મજીવનું લક્ષણ | ૧૪૪ |
| અન્યવશનું સ્વરૂપ | ૧૪૫ |
| સાક્ષાત્ સ્વવશ પરમજિનયોગીશ્વરનું સ્વરૂપ | ૧૪૬ |
| શુદ્ધનિશ્ચય-આવશ્યકની પ્રાપ્તિના ઉપાયનું સ્વરૂપ | ૧૪૭ |
| શુદ્ધોપયોગસંમુખ જીવને શિખામણ | ૧૪૮ |
| આવશ્યક કર્મના અભાવમાં તપોધન બહિરાત્મા હોય છે, એ વિષે કથન | ૧૪૯ |
| બાહ્ય તથા અંતર જલ્પનો નિરાસ | ૧૫૦ |
| સ્વાત્માશ્રિત નિશ્ચય ધર્મધ્યાન અને નિશ્ચય-શુક્લધ્યાન એ બે ધ્યાનો જ ઉપાદેય છે, એ વિષે કથન | ૧૫૧ |
| પરમ વીતરાગ ચારિત્રમાં સ્થિત પરમ તપોધનનું સ્વરૂપ | ૧૫૨ |
| સમસ્ત વચનસંબંધી વ્યાપારનો નિરાસ | ૧૫૩ |
| શુદ્ધનિશ્ચયધર્મધ્યાનસ્વરૂપ પ્રતિક્રમણ વગેરે જ કરવાયોગ્ય છે, એ વિષે કથન | ૧૫૪ |
| સાક્ષાત્ અંતર્મુખ પરમજિનયોગીને શિખામણ | ૧૫૫ |
| વચનસંબંધી વ્યાપારની નિવૃત્તિના હેતુનું કથન | ૧૫૬ |
| સહજ તત્ત્વની આરાધનાની વિધિ | ૧૫૭ |
| પરમાવશ્યક અધિકારનો ઉપસંહાર | ૧૫૮ |
| **૧૨. શુદ્ધોપયોગ અધિકાર** | |
| જ્ઞાનીને સ્વ-પર સ્વરૂપનું પ્રકાશકપણું કથંચિત્ છે, એ વિષે કથન | ૧૫૯ |
| કેવળજ્ઞાન અને કેવળદર્શનના યુગપદ્ વર્તવાપણા વિષે દ્રષ્ટાંત દ્વારા કથન | ૧૬૦ |
| આત્માના સ્વપરપ્રકાશકપણા સંબંધી વિરોધ કથન | ૧૬૧ |
| એકાંતે આત્માને પરપ્રકાશકપણું હોવાની વાતનું ખંડન | ૧૬૩ |
| વ્યવહારનયનું સફળપણું દર્શાવનારું કથન | ૧૬૪ |
| નિશ્ચયનયથી સ્વરૂપનું કથન | ૧૬૫ |
| શુદ્ધનિશ્ચયનયની વિવક્ષાથી પરદર્શનનું ખંડન | ૧૬૬ |
| કેવળજ્ઞાનનું સ્વરૂપ | ૧૬૭ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| વિષય | ગાથા |
|---|---|
| કેવળદર્શનના અભાવે સર્વજ્ઞપણું હોતું નથી, એ વિષે કથન | ૧૬૮ |
| વ્યવહારનયની પ્રગટતાથી કથન | ૧૬૯ |
| ‘જીવ જ્ઞાનસ્વરૂપ છે’ એમ વિતર્કપૂર્વક નિરૂપણ | ૧૭૦ |
| ગુણ-ગુણીમાં ભેદનો અભાવ હોવા વિષે કથન | ૧૭૧ |
| સર્વજ્ઞ વીતરાગને વાંછાનો અભાવ હોય છે, તે વિષે કથન | ૧૭૨ |
| કેવળજ્ઞાનીને બંધના અભાવના સ્વરૂપ વિષે કથન | ૧૭૩ |
| કેવળીભટ્ટારકના મનરહિતપણા વિષે કથન | ૧૭૫ |
| શુદ્ધ જીવને સ્વભાવગતિની પ્રાપ્તિ થવાના ઉપાયનું કથન | ૧૭૬ |
| કારણપરમતત્ત્વના સ્વરૂપનું કથન | ૧૭૭ |
| નિરુપાધિ સ્વરૂપ જેનું લક્ષણ છે એવા પરમાત્મતત્ત્વ વિષે કથન | ૧૭૮ |
| સાંસારિક વિકારસમૂહના અભાવને લીધે પરમતત્ત્વને નિર્વાણ છે, એ વિષે કથન | ૧૭૯ |
| પરમનિર્વાણયોગ્ય પરમતત્ત્વનું સ્વરૂપ | ૧૮૦ |
| પરમતત્ત્વના સ્વરૂપનું કથન | ૧૮૧ |
| ભગવાન સિદ્ધના સ્વભાવગુણોના સ્વરૂપનું કથન | ૧૮૨ |
| સિદ્ધિ અને સિદ્ધના એકત્વનું પ્રતિપાદન | ૧૮૩ |
| સિદ્ધક્ષેત્રથી ઉપર જીવ-પુદ્‌ગલોના ગમનનો નિષેધ | ૧૮૪ |
| નિયમશબ્દનો અને તેના ફળનો ઉપસંહાર | ૧૮૫ |
| ભવ્યને શિખામણ | ૧૮૬ |
| શાસ્ત્રના નામકથન દ્વારા શાસ્ત્રનો ઉપસંહાર | ૧૮૭ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ॐ

नमः श्रीसर्वज्ञवीतरागाय ।

# શાસ્ત્ર-સ્વાધ્યાયનું પ્રારંભિક મંગલાચરણ

*

ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः ।
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः ॥१॥

अविरलशब्दघनौघप्रक्षालितसकलभूतलकलङ्का ।
मुनिभिरुपासिततीर्था सरस्वती हरतु नो दुरितान् ॥२॥

अज्ञानतिमिरान्धानां ज्ञानाञ्जनशलाकया ।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः ॥३॥

## ॥ श्रीपरमगुरवे नमः, परम्पराचार्यगुरवे नमः ॥

सकलकलुषविध्वंसकं, श्रेयसां परिवर्धकं, धर्मसम्बन्धकं, भव्यजीवमनःप्रतिबोधकारकं, पुण्यप्रकाशकं, पापप्रणाशकमिदं शास्त्रं श्री नियमसारनामधेयं, अस्य मूलग्रन्थकर्तारः श्रीसर्वज्ञदेवास्तदुत्तरग्रन्थकर्तारः श्रीगणधरदेवाः प्रतिगणधरदेवास्तेषां वचनानुसारमासाद्य आचार्यश्रीकुन्दकुन्दाचार्यदेवविरचितं, श्रोतारः सावधानतया शृण्वन्तु ॥

मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी ।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम् ॥१॥

सर्वमङ्गलमांगल्यं सर्वकल्याणकारकं ।
प्रधानं सर्वधर्माणां जैनं जयतु शासनम् ॥२॥

# અર્પણ

જેમણે આ પામર પર અપાર ઉપકાર કર્યો છે, જેમની પ્રેરણા અને કૃપાથી નિયમસારનો આ અનુવાદ થયો છે, જેમને નિયમસાર પર પારાવાર ભક્તિ છે, નિયમસારનાં પ્રાયઃ દટાઈ રહેલાં અમૂલ્ય અધ્યાત્મ-નિધાનોને ખુલ્લાં કરી જેઓ નિયમસારની અલૌકિક પ્રભાવના કરી રહ્યા છે, નિયમસારના હાર્દરૂપ પરમ પારિણામિક ભાવને અનુભવી જેઓ નિજ કલ્યાણ સાધી રહ્યા છે અને નિરંતર તેનો ધોધમાર ઉપદેશ આપી ભારતના ભવ્ય જીવોને કલ્યાણપંથે દોરી રહ્યા છે, તે પરમ પૂજ્ય પરમોપકારી કલ્યાણમૂર્તિ સદ્‌ગુરુદેવ (શ્રી કાનજીસ્વામી)ને આ અનુવાદ-પુષ્પ અત્યંત ભક્તિભાવે અર્પણ કરું છું.

—અનુવાદક

# * શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ *

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં-અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું,—મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

—*હિંમતલાલ જેઠાલાલ શાહ*

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ॐ

परमात्मने नमः।

श्रीमद्‌भगवत्कुंदकुंदाचार्यदेवप्रणीत

श्री

# નિયમસાર

## —૧—

## જીવ અધિકાર

श्रीपद्मप्रभमलधारिदेवविरचिततात्पर्यवृत्तिः ।

(मालिनी)

त्वयि सति परमात्मन्माद्दशान्मोहमुग्धान्
कथमतनुवशत्वान्बुद्धकेशान्यजेऽहम् ।
सुगतमगधरं वा वागधीशं शिवं वा
जितभवमभिवन्दे भासुरं श्रीजिनं वा ॥१॥

---

મૂળ ગાથાઓનો અને તાત્પર્યવૃત્તિ નામની ટીકાનો

## ગુજરાતી અનુવાદ

[પ્રથમ, ગ્રંથના આદિમાં શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવવિરચિત પ્રાકૃતગાથાબદ્ધ આ 'નિયમસાર' નામના શાસ્ત્રની 'તાત્પર્યવૃત્તિ' નામની સંસ્કૃત ટીકા રચનાર મુનિ શ્રી પદ્મપ્રભમલધારિદેવ સાત શ્લોકો દ્વારા મંગળાચરણ વગેરે કરે છે :]

[**શ્લોકાર્થ :—**] હે પરમાત્મા! તું હોતાં હું મારા જેવા (સંસારીઓ જેવા) મોહમુગ્ધ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(अनुष्टुभ्)

वाचं वाचंयमीन्द्राणां वक्त्रवारिजवाहनाम् ।
वन्दे नयद्वयायत्तवाच्यसर्वस्वपद्धतिम् ।।२।।

(शालिनी)

सिद्धान्तोद्धश्रीधवं सिद्धसेनं
तर्काब्जार्कं भट्टपूर्वाकलंकम् ।
शब्दाब्धीन्दुं पूज्यपादं च वन्दे
तद्विद्याढ्यं वीरनन्दिं व्रतीन्द्रम् ।।३।।

---

અને કામવશ બુદ્ધને તથા બ્રહ્મા-વિષ્ણુ-મહેશને કેમ પૂજું? (ન જ પૂજું.) જેણે ભવોને જીત્યા છે તેને હું વંદું છું—તેને પ્રકાશમાન એવા શ્રી જિન કહો, [1]સુગત કહો, [2]ગિરિધર કહો, [3]વાગીશ્વર કહો કે [4]શિવ કહો. ૧.

**[શ્લોકાર્થ :—]** [5]વાચંયમીંદ્રોનું (—જિનદેવોનું) મુખકમળ જેનું વાહન છે અને બે નયોના આશ્રયે સર્વસ્વ કહેવાની જેની પદ્ધતિ છે તે વાણીને (—જિનભગવંતોની સ્યાદ્વાદમુદ્રિત વાણીને) હું વંદું છું. ૨.

**[શ્લોકાર્થ :—]** ઉત્તમ સિદ્ધાંતરૂપી શ્રીના પતિ સિદ્ધસેન મુનીન્દ્રને, [6]તર્કકમળના સૂર્ય ભટ્ટ અકલંક મુનીન્દ્રને, [7]શબ્દસિંધુના ચંદ્ર પૂજ્યપાદ મુનીન્દ્રને અને તદ્વિદ્યાથી (સિદ્ધાન્તાદિ ત્રણેના જ્ઞાનથી) સમૃદ્ધ વીરનંદિ મુનીંદ્રને હું વંદું છું. ૩.

---

૧. બુદ્ધને સુગત કહેવામાં આવે છે. સુગત એટલે (૧) શોભનીકતાને પ્રાપ્ત, અથવા (૨) સંપૂર્ણતાને પ્રાપ્ત. શ્રી જિનભગવાન (૧) મોહરાગદ્વેષના અભાવને લીધે શોભનીકતાને પ્રાપ્ત છે, અને (૨) કેવળજ્ઞાનાદિકને પામ્યા હોવાને લીધે સંપૂર્ણતાને પ્રાપ્ત છે; તેથી તેમને અહીં સુગત કહ્યા છે.

૨. કૃષ્ણને ગિરિધર (અર્થાત્ પર્વતને ધરી રાખનાર) કહેવામાં આવ્યા છે. શ્રી જિનભગવાન અનંતવીર્યવાન હોવાથી તેમને અહીં ગિરિધર કહ્યા છે.

૩. બ્રહ્માને અથવા બૃહસ્પતિને વાગીશ્વર (અર્થાત્ વાણીના અધિપતિ) કહેવામાં આવે છે. શ્રી જિનભગવાન દિવ્ય વાણીના પ્રકાશક હોવાથી તેમને અહીં વાગીશ્વર કહ્યા છે.

૪. મહેશને (શંકરને) શિવ કહેવામાં આવે છે. શ્રી જિનભગવાન કલ્યાણસ્વરૂપ હોવાથી તેમને અહીં શિવ કહેવામાં આવ્યા છે.

૫. વાચંયમીંદ્રો=મુનિઓમાં પ્રધાન અર્થાત્ જિનદેવો; મૌન સેવનારાઓમાં શ્રેષ્ઠ અર્થાત્ જિનદેવો; વાક્-સંયમીઓમાં ઇન્દ્ર સમાન અર્થાત્ જિનદેવો. [વાચંયમી=મુનિ; મૌન સેવનાર; વાણીના સંયમી.]

૬. તર્કકમળના સૂર્ય=તર્કરૂપી કમળને પ્રફુલ્લિત કરવામાં સૂર્ય સમાન

૭. શબ્દસિંધુના ચંદ્ર=શબ્દરૂપી સમુદ્રને ઉછાળવામાં ચંદ્ર સમાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(अनुष्टुभ्)

**अपवर्गाय भव्यानां शुद्धये स्वात्मनः पुनः ।**
**वक्ष्ये नियमसारस्य वृत्तिं तात्पर्यसंज्ञिकाम् ॥४॥**

**किंच—**

(आर्या)

**गुणधरगणधररचितं श्रुतधरसन्तानतस्तु सुव्यक्तम् ।**
**परमागमार्थसार्थं वक्तुममुं के वयं मन्दाः ॥५॥**

**अपि च—**

(अनुष्टुभ्)

**अस्माकं मानसान्युच्चैः प्रेरितानि पुनः पुनः ।**
**परमागमसारस्य रुच्या मांसलयाऽधुना ॥६॥**

(अनुष्टुभ्)

**पंचास्तिकायषड्द्रव्यसप्ततत्त्वनवार्थकाः ।**
**प्रोक्ताः सूत्रकृता पूर्वं प्रत्याख्यानादिसत्क्रियाः ॥७॥**

**अलमलमतिविस्तरेण। स्वस्ति साक्षादस्मै विवरणाय।**

---

**[શ્લોકાર્થ :—]** ભવ્યોના મોક્ષને માટે તેમ જ નિજ આત્માની શુદ્ધિને અર્થે નિયમસારની 'તાત્પર્યવૃત્તિ' નામની ટીકા હું કહીશ. ૪.

વળી—

**[શ્લોકાર્થ :—]** ગુણના ધરનાર ગણધરોથી રચાયેલા અને શ્રુતધરોની પરંપરાથી સારી રીતે વ્યક્ત કરાયેલા આ પરમાગમના અર્થસમૂહનું કથન કરવાને અમે મંદબુદ્ધિ તે કોણ? ૫.

તથાપિ—

**[શ્લોકાર્થ :—]** હમણાં અમારું મન પરમાગમના સારની પુષ્ટ રુચિથી ફરી ફરીને અત્યંત પ્રેરિત થાય છે. [એ રુચિથી પ્રેરિત થવાને લીધે 'તાત્પર્યવૃત્તિ' નામની આ ટીકા રચાય છે.] ૬.

**[શ્લોકાર્થ :—]** સૂત્રકારે પૂર્વે પાંચ અસ્તિકાય, છ દ્રવ્ય, સાત તત્ત્વ અને નવ પદાર્થ તેમ જ પ્રત્યાખ્યાનાદિ સત્ક્રિયા કહેલ છે (અર્થાત્ ભગવાન કુંદકુંદાચાર્યદેવે આ શાસ્ત્રમાં પ્રથમ પાંચ અસ્તિકાય વગેરે અને પછી પ્રત્યાખ્યાનાદિ સત્ક્રિયા કહેલ છે). ૭.

અતિ વિસ્તારથી બસ થાઓ, બસ થાઓ. સાક્ષાત્ આ વિવરણ જયવંત વર્તો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ सूत्रावतारः—

णमिऊण जिणं वीरं अणंतवरणाणदंसणसहावं ।
वोच्छामि णियमसारं केवलिसुदकेवलीभणिदं ।।१।।

नत्वा जिनं वीरं अनन्तवरज्ञानदर्शनस्वभावम् ।
वक्ष्यामि नियमसारं केवलिश्रुतकेवलिभणितम् ।।१।।

अथात्र जिनं नत्वेत्यनेन शास्त्रस्यादावसाधारणं मङ्गलमभिहितम्।

नत्वेत्यादि—अनेकजन्माटवीप्रापणहेतून् समस्तमोहरागद्वेषादीन् जयतीति जिनः। वीरो विक्रान्तः; वीरयते शूरयते विक्रामति कर्मारातीन् विजयत इति वीरः—श्रीवर्धमान-सन्मतिनाथ-महतिमहावीराभिधानैः सनाथः परमेश्वरो महादेवाधिदेवः

---

હવે (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવવિરચિત) ગાથાસૂત્રનું અવતરણ કરવામાં આવે છે :

(હરિગીત)

નમીને અનંતોત્કૃષ્ટ દર્શનજ્ઞાનમય જિન વીરને
કહું નિયમસાર હું કેવળીશ્રુતકેવળીપરિકથિતને. ૧.

**અન્વયાર્થ :**—[अनन्तवरज्ञानदर्शनस्वभावं] અનંત અને ઉત્કૃષ્ટ જ્ઞાનદર્શન જેમનો સ્વભાવ છે એવા (—કેવળજ્ઞાની અને કેવળદર્શની) [जिनं वीरं] જિન વીરને [नत्वा] નમીને [केवलिश्रुतकेवलिभणितम्] કેવળી અને શ્રુતકેવળીઓએ કહેલું [नियमसारं] નિયમસાર [वक्ष्यामि] હું કહીશ.

**ટીકા :**—અહીં '**जिनं नत्वा**' એ ગાથાથી શાસ્ત્રના આદિમાં અસાધારણ મંગળ કહ્યું છે.

'**नत्वा**' ઇત્યાદિ પદોનું તાત્પર્ય કહેવામાં આવે છે :

અનેક જન્મરૂપ અટવીને પ્રાપ્ત કરાવવાના હેતુભૂત સમસ્ત મોહરાગદ્વેષાદિકને જે જીતે છે તે 'જિન' છે. 'વીર' એટલે વિક્રાંત (—પરાક્રમી); વીરતા ફોરવે, શૌર્ય ફોરવે, વિક્રમ (પરાક્રમ) ફોરવે, કર્મશત્રુઓ પર વિજય મેળવે, તે 'વીર' છે. એવા વીરને—કે જે શ્રી વર્ધમાન, શ્રી સન્મતિનાથ, શ્રી અતિવીર અને શ્રી મહાવીર એ નામોથી યુક્ત છે, જે પરમેશ્વર છે, મહાદેવાધિદેવ છે, છેલ્લા તીર્થનાથ છે, જે ત્રણ ભુવનના સચરાચર દ્રવ્ય-ગુણ-પર્યાયોને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



पश्चिमतीर्थनाथः त्रिभुवनसचराचरद्रव्यगुणपर्यायैकसमयपरिच्छित्तिसमर्थसकलविमलकेवलज्ञानदर्शनाभ्यां युक्तो यस्तं प्रणम्य वक्ष्यामि कथयामीत्यर्थः। कं, नियमसारम्। नियमशब्दस्तावत् सम्यग्दर्शनज्ञानचारित्रेषु वर्तते, नियमसार इत्यनेन शुद्धरत्नत्रयस्वरूपमुक्तम्। किंविशिष्टं, केवलिश्रुतकेवलिभणितं—केवलिनः सकलप्रत्यक्षज्ञानधराः, श्रुतकेवलिनः सकलद्रव्यश्रुतधरास्तैः केवलिभिः श्रुतकेवलिभिश्च भणितं—सकलभव्यनिकुरम्बहितकरं नियमसाराभिधानं परमागमं वक्ष्यामीति विशिष्टेष्टदेवतास्तवनानन्तरं सूत्रकृता पूर्वसूरिणा श्रीकुन्दकुन्दाचार्यदेवगुरुणा प्रतिज्ञातम्। इति सर्वपदानां तात्पर्यमुक्तम्।

(मालिनी)

जयति जगति वीरः शुद्धभावास्तमारः
त्रिभुवनजनपूज्यः पूर्णबोधैकराज्यः।
नतदिविजसमाजः प्रास्तजन्मद्रुबीजः
समवसृतिनिवासः केवलश्रीनिवासः ॥८॥

---

એક સમયે જાણવા-દેખવામાં સમર્થ એવા સકળવિમળ (–સર્વથા નિર્મળ) કેવળજ્ઞાનદર્શનથી સંયુક્ત છે તેને—પ્રણમીને કહું છું. શું કહું છું? 'નિયમસાર' કહું છું. 'નિયમ' શબ્દ, પ્રથમ તો, સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર માટે છે. 'નિયમસાર' ('નિયમનો સાર') એમ કહેતાં શુદ્ધ રત્નત્રયનું સ્વરૂપ કહ્યું છે. કેવું છે તે? કેવળીઓ અને શ્રુતકેવળીઓએ કહેલું છે. 'કેવળીઓ' તે સકલપ્રત્યક્ષ જ્ઞાનના ધરનારા અને 'શ્રુતકેવળીઓ' તે સકળ દ્રવ્યશ્રુતના ધરનારા; એવા કેવળીઓ અને શ્રુતકેવળીઓએ કહેલું, સકળ ભવ્યસમૂહને હિતકર, 'નિયમસાર' નામનું પરમાગમ હું કહું છું. આમ, વિશિષ્ટ ઈષ્ટદેવતાના સ્તવન પછી, સૂત્રકાર પૂર્વાચાર્ય શ્રી કુંદકુંદાચાર્યદેવગુરુએ પ્રતિજ્ઞા કરી.

—આ પ્રમાણે સર્વ પદોનું તાત્પર્ય કહેવામાં આવ્યું.

[હવે પહેલી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** શુદ્ધભાવ વડે *મારનો (કામનો) જેણે નાશ કર્યો છે, ત્રણ

---

* માર = (૧) કામદેવ; (૨) હિંસા; (૩) મરણ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**मग्गो मग्गफलं ति य दुविहं जिणसासणे समक्खादं ।**
**मग्गो मोक्खउवाओ तस्स फलं होइ णिव्वाणं ॥२॥**

**मार्गो मार्गफलमिति च द्विविधं जिनशासने समाख्यातम् ।**
**मार्गो मोक्षोपायः तस्य फलं भवति निर्वाणम् ॥२॥**

**मोक्षमार्गतत्फलस्वरूपनिरूपणोपन्यासोऽयम् ।**

**'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः' इति वचनात् मार्गस्तावच्छुद्धरत्नत्रयं, मार्गफलमपुनर्भवपुरन्ध्रिकास्थूलभालस्थललीलालंकारतिलकता। द्विविधं किलैवं परम-वीतरागसर्वज्ञशासने चतुर्थज्ञानधारिभिः पूर्वसूरिभिः समाख्यातम्। परमनिरपेक्षतया निजपरमात्मतत्त्वसम्यक्श्रद्धानपरिज्ञानानुष्ठानशुद्धरत्नत्रयात्मकमार्गो मोक्षोपायः, तस्य शुद्ध-**

---

ભુવનના જનોને જે પૂજ્ય છે, પૂર્ણ જ્ઞાન જેનું એક રાજ્ય છે, દેવોનો સમાજ જેને નમે છે, જન્મવૃક્ષનું બીજ જેણે નષ્ટ કર્યું છે, સમવસરણમાં જેનો નિવાસ છે અને કેવળશ્રી (–કેવળજ્ઞાનદર્શનરૂપી લક્ષ્મી) જેનામાં વસે છે, તે વીર જગતમાં જયવંત વર્તે છે. ૮.

**છે માર્ગનું ને માર્ગફળનું કથન જિનવરશાસને;**
**ત્યાં માર્ગ મોક્ષોપાય છે ને માર્ગફળ નિર્વાણ છે. ૨.**

**અન્વયાર્થ :—[मार्गः मार्गफलम्]** માર્ગ અને માર્ગફળ **[इति च द्विविधं]** એમ બે પ્રકારનું **[जिनशासने]** જિનશાસનમાં **[समाख्यातम्]** કથન કરવામાં આવ્યું છે; **[मार्गः मोक्षोपायः]** માર્ગ મોક્ષોપાય છે અને **[तस्य फलं]** તેનું ફળ **[निर्वाणं भवति]** નિર્વાણ છે.

**ટીકા :—**આ, મોક્ષમાર્ગ અને તેના ફળના સ્વરૂપનિરૂપણની સૂચના (–તે બંનેના સ્વરૂપના નિરૂપણની પ્રસ્તાવના) છે.

**'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः** (સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર મોક્ષમાર્ગ છે)' એવું (શાસ્ત્રનું) વચન હોવાથી, માર્ગ તો શુદ્ધરત્નત્રય છે અને માર્ગફળ મુક્તિરૂપી સ્ત્રીના વિશાળ ભાલપ્રદેશે શોભા-અલંકારરૂપ તિલકપણું છે (અર્થાત્ માર્ગફળ મુક્તિરૂપી સ્ત્રીને વરવું તે છે). આ રીતે ખરેખર (માર્ગ અને માર્ગફળ એમ) બે પ્રકારનું, ચતુર્થજ્ઞાનધારી (–મનઃપર્યયજ્ઞાનના ધરનારા) પૂર્વાચાર્યોએ પરમવીતરાગ સર્વજ્ઞના શાસનમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



रत्नत्रयस्य फलं स्वात्मोपलब्धिरिति।

(पृथ्वी)

क्वचिद् व्रजति कामिनीरतिसमुत्थसौख्यं जनः
क्वचिद् द्रविणरक्षणे मतिमिमां च चक्रे पुनः।
क्वचिज्जिनवरस्य मार्गमुपलभ्य यः पंडितो
निजात्मनि रतो भवेद् व्रजति मुक्तिमेतां हि सः ॥९॥

**णियमेण य जं कज्जं तं णियमं णाणदंसणचरित्तं।**
**विवरीयपरिहरत्थं भणिदं खलु सारमिदि वयणं ॥३॥**

नियमेन च यत्कार्यं स नियमो ज्ञानदर्शनचारित्रम्।
विपरीतपरिहारार्थं भणितं खलु सारमिति वचनम् ॥३॥

---

કથન કર્યું છે. નિજ પરમાત્મતત્ત્વનાં સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ *શુદ્ધરત્નત્રયાત્મક માર્ગ પરમ નિરપેક્ષ હોવાથી મોક્ષનો ઉપાય છે અને તે શુદ્ધરત્નત્રયનું ફલ સ્વાત્મોપલબ્ધિ (–નિજ શુદ્ધ આત્માની પ્રાપ્તિ) છે.

[હવે બીજી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે:]

**[શ્લોકાર્થ :—]** મનુષ્ય ક્યારેક કામિની પ્રત્યે રતિથી ઉત્પન્ન થતા સુખ તરફ ગતિ કરે છે અને વળી ક્યારેક ધનરક્ષાની બુદ્ધિ કરે છે. જે પંડિત ક્યારેક જિનવરના માર્ગને પામીને નિજ આત્મામાં રત થાય છે, તે ખરેખર આ મુક્તિને પામે છે. ૯.

**જે નિયમથી કર્તવ્ય એવાં રત્નત્રય તે નિયમ છે;**
**વિપરીતના પરિહાર અર્થે 'સાર' પદ યોજેલ છે. ૩.**

**અન્વયાર્થ :—[सः नियमः]** નિયમ એટલે **[नियमेन च]** નિયમથી (નક્કી) **[यत् कार्यं]** જે કરવાયોગ્ય હોય તે અર્થાત્ **[ज्ञानदर्शनचारित्रम्]** જ્ઞાનદર્શનચારિત્ર. **[विपरीतपरिहारार्थं]** વિપરીતના પરિહાર અર્થે (–જ્ઞાનદર્શનચારિત્રથી વિરુદ્ધ ભાવોના ત્યાગ માટે) **[खलु]** ખરેખર

---

* શુદ્ધરત્નત્રય અર્થાત્ નિજ પરમાત્મતત્ત્વની સમ્યક્ શ્રદ્ધા, તેનું સમ્યક્ જ્ઞાન અને તેનું સમ્યક્ આચરણ પરની તેમ જ ભેદોની લેશ પણ અપેક્ષા રહિત હોવાથી તે શુદ્ધરત્નત્રય મોક્ષનો ઉપાય છે; તે શુદ્ધરત્નત્રયનું ફળ શુદ્ધ આત્માની પૂર્ણ પ્રાપ્તિ અર્થાત્ મોક્ષ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**अत्र नियमशब्दस्य सारत्वप्रतिपादनद्वारेण स्वभावरत्नत्रयस्वरूपमुक्तम्।**

**यः सहजपरमपारिणामिकभावस्थितः स्वभावानन्तचतुष्टयात्मकः शुद्धज्ञानचेतनापरिणामः स नियमः। नियमेन च निश्चयेन यत्कार्यं प्रयोजनस्वरूपं ज्ञानदर्शनचारित्रम्। ज्ञानं तावत् तेषु त्रिषु परद्रव्यनिरवलंबत्वेन निःशेषतोन्तर्मुखयोगशक्तेः सकाशात् निजपरमतत्त्वपरिज्ञानम् उपादेयं भवति। दर्शनमपि भगवत्परमात्मसुखाभिलाषिणो जीवस्य शुद्धान्तस्तत्त्वविलासजन्मभूमिस्थाननिजशुद्धजीवास्तिकायसमुपजनितपरमश्रद्धानमेव भवति।**

---

**[सारम् इति वचनं]** 'સાર' એવું વચન **[भणितम्]** કહ્યું છે.

**ટીકા :—**અહીં આ (ગાથામાં), 'નિયમ' શબ્દને 'સાર' શબ્દ કેમ લગાડ્યો છે તેના પ્રતિપાદન દ્વારા સ્વભાવરત્નત્રયનું સ્વરૂપ કહ્યું છે.

જે સહજ [1]પરમ પારિણામિક ભાવે સ્થિત, સ્વભાવ-અનંતચતુષ્ટયાત્મક [2]શુદ્ધજ્ઞાન-ચેતનાપરિણામ તે [3]નિયમ (–કારણનિયમ) છે. નિયમ (-કાર્યનિયમ) એટલે નિશ્ચયથી (નક્કી) જે કરવાયોગ્ય—પ્રયોજનસ્વરૂપ—હોય તે અર્થાત્ જ્ઞાનદર્શનચારિત્ર. તે ત્રણમાંના દરેકનું સ્વરૂપ કહેવામાં આવે છે: (૧) પરદ્રવ્યને અવલંબ્યા વિના નિઃશેષપણે અંતર્મુખ યોગશક્તિમાંથી ઉપાદેય (–ઉપયોગને સંપૂર્ણપણે અંતર્મુખ કરીને ગ્રહણ કરવાયોગ્ય) એવું જે નિજ પરમતત્ત્વનું પરિજ્ઞાન (–જાણવું) તે જ્ઞાન છે. (૨) ભગવાન પરમાત્માના સુખના અભિલાષી જીવને શુદ્ધ અંતઃતત્ત્વના [4]વિલાસનું જન્મભૂમિસ્થાન જે નિજ શુદ્ધ જીવાસ્તિકાય તેનાથી ઊપજતું જે પરમ શ્રદ્ધાન તે જ દર્શન છે. (૩) નિશ્ચયજ્ઞાનદર્શનાત્મક કારણ-

---

૧. આ પરમ પારિણામિક ભાવમાં 'પારિણામિક' શબ્દ હોવા છતાં તે ઉત્પાદવ્યયરૂપ પરિણામને સૂચવવા માટે નથી અને પર્યાયાર્થિક નયનો વિષય નથી; આ પરમ પારિણામિક ભાવ તો ઉત્પાદવ્યયનિરપેક્ષ એકરૂપ છે અને દ્રવ્યાર્થિક નયનો વિષય છે. [વિશેષ માટે સમયસારની ૩૨૦મી ગાથાની શ્રી જયસેનાચાર્યદેવકૃત ટીકા જુઓ અને બૃહદ્દ્રવ્યસંગ્રહની ૧૩મી ગાથાની ટીકા જુઓ.]

૨. આ શુદ્ધજ્ઞાનચેતનાપરિણામમાં 'પરિણામ' શબ્દ હોવા છતાં તે ઉત્પાદવ્યયરૂપ પરિણામને સૂચવવા માટે નથી અને પર્યાયાર્થિક નયનો વિષય નથી; આ શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ તો ઉત્પાદવ્યયનિરપેક્ષ એકરૂપ છે અને દ્રવ્યાર્થિક નયનો વિષય છે.

૩. આ નિયમ તે કારણનિયમ છે, કેમકે તે સમ્યગ્જ્ઞાનદર્શનચારિત્રરૂપ કાર્યનિયમનું કારણ છે. [કારણનિયમના આશ્રયે કાર્યનિયમ પ્રગટે છે.]

૪. વિલાસ=ક્રીડા; મોજ; આનંદ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



चारित्रमपि निश्चयज्ञानदर्शनात्मककारणपरमात्मनि अविचलस्थितिरेव। अस्य तु नियम-शब्दस्य निर्वाणकारणस्य विपरीतपरिहारार्थत्वेन सारमिति भणितं भवति।

(आर्या)

इति विपरीतविमुक्तं रत्नत्रयमनुत्तमं प्रपद्याहम् ।
अपुनर्भवभामिन्यां समुद्भवमनंगशं यामि ।।१०।।

णियमं मोक्खउवाओ तस्स फलं हवदि परमणिव्वाणं ।
एदेसिं तिण्हं पि य पत्तेयपरूवणा होइ ।।४।।

नियमो मोक्षोपायस्तस्य फलं भवति परमनिर्वाणम् ।
एतेषां त्रयाणामपि च प्रत्येकप्ररूपणा भवति ।।४।।

---

પરમાત્મામાં અવિચળ સ્થિતિ (–નિશ્ચળપણે લીન રહેવું) તે જ ચારિત્ર છે. આ જ્ઞાન-દર્શનચારિત્રસ્વરૂપ નિયમ નિર્વાણનું [1]કારણ છે. તે 'નિયમ' શબ્દને [2]વિપરીતના પરિહાર અર્થે 'સાર' શબ્દ જોડવામાં આવ્યો છે.

[હવે ત્રીજી ગાથાની ટીકા પૂર્ણ કરતાં શ્લોક કહેવામાં આવે છે :]

**[શ્લોકાર્થ :—]** એ રીતે હું વિપરીત વિનાના (–વિકલ્પરહિત) [3]અનુત્તમ રત્નત્રયનો આશ્રય કરીને મુક્તિરૂપી સ્ત્રીથી ઉદ્ભવતા અનંગ (–અશરીરી, અતીન્દ્રિય, આત્મિક) સુખને પ્રાપ્ત કરું છું. ૧૦.

છે નિયમ મોક્ષોપાય, તેનું ફળ પરમ નિર્વાણ છે;
વળી આ ત્રણેનું ભેદપૂર્વક ભિન્ન નિરૂપણ હોય છે. ૪.

**અન્વયાર્થ :—[नियमः]** (રત્નત્રયરૂપ) નિયમ **[मोक्षोपायः]** મોક્ષનો ઉપાય છે; **[तस्य**

---

૧. કારણના જેવું જ કાર્ય થાય છે; તેથી સ્વરૂપમાં સ્થિરતા કરવાનો અભ્યાસ જ ખરેખર અનંત કાળ સુધી સ્વરૂપમાં સ્થિર રહી જવાનો ઉપાય છે.

૨. વિપરીત=વિરુદ્ધ. [વ્યવહારરત્નત્રયરૂપ વિકલ્પોને—પરાશ્રિત ભાવોને—બાતલ કરીને માત્ર નિર્વિકલ્પ જ્ઞાનદર્શનચારિત્રનો જ—શુદ્ધરત્નત્રયનો જ—સ્વીકાર કરવા અર્થે 'નિયમ' સાથે 'સાર' શબ્દ જોડ્યો છે.]

૩. અનુત્તમ=જેનાથી બીજું કાંઈ ઉત્તમ નથી એવું; સર્વોત્તમ; સર્વશ્રેષ્ઠ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

रत्नत्रयस्य भेदकरणलक्षणकथनमिदम्।

मोक्षः साक्षादखिलकर्मप्रध्वंसनेनासादितमहानन्दलाभः। पूर्वोक्तनिरुपचाररत्नत्रय-परिणतिस्तस्य महानन्दस्योपायः। अपि चैषां ज्ञानदर्शनचारित्राणां त्रयाणां प्रत्येकप्ररूपणा भवति। कथम्, इदं ज्ञानमिदं दर्शनमिदं चारित्रमित्यनेन विकल्पेन। दर्शनज्ञानचारित्राणां लक्षणं वक्ष्यमाणसूत्रेषु ज्ञातव्यं भवति।

(मंदाक्रान्ता)

मोक्षोपायो भवति यमिनां शुद्धरत्नत्रयात्मा
ह्यात्मा ज्ञानं न पुनरपरं दृष्टिरन्याऽपि नैव।
शीलं तावन्न भवति परं मोक्षुभिः प्रोक्तमेतद्
बुद्ध्वा जन्तुर्न पुनरुदरं याति मातुः स भव्यः ॥११॥

---

फलं] તેનું ફળ [परमनिर्वाणं भवति] પરમ નિર્વાણ છે. [अपि च] વળી (ભેદકથન દ્વારા અભેદ સમજાવવા અર્થે) [एतेषां त्रयाणां] આ ત્રણનું [प्रत्येकप्ररूपणा] ભેદ પાડીને જુદું જુદું નિરૂપણ [भवति] હોય છે.

**ટીકા :**—રત્નત્રયના ભેદો પાડવા વિષે અને તેમનાં લક્ષણ વિષે આ કથન છે.

સમસ્ત કર્મના નાશથી સાક્ષાત્ મેળવાતો મહા આનંદનો લાભ તે મોક્ષ છે. તે મહા આનંદનો ઉપાય પૂર્વોક્ત નિરુપચાર રત્નત્રયરૂપ પરિણતિ છે. વળી (નિરુપચાર રત્નત્રયરૂપ અભેદપરિણતિમાં અંતર્ભૂત રહેલાં) આ ત્રણનું—જ્ઞાન, દર્શન અને ચારિત્રનું—જુદું જુદું નિરૂપણ હોય છે. કઈ રીતે? આ જ્ઞાન છે, આ દર્શન છે, આ ચારિત્ર છે—એમ ભેદ પાડીને. (આ શાસ્ત્રમાં) જે ગાથાસૂત્રો આગળ કહેવાશે તેમાં દર્શન-જ્ઞાન-ચારિત્રનાં લક્ષણ જણાશે.

[હવે ચોથી ગાથાની ટીકા પૂર્ણ કરતાં શ્લોક કહેવામાં આવે છે :]

[**શ્લોકાર્થ :**—] મુનિઓને મોક્ષનો ઉપાય શુદ્ધરત્નત્રયાત્મક (શુદ્ધરત્નત્રય-પરિણતિએ પરિણમેલો) આત્મા છે. જ્ઞાન આનાથી કોઈ બીજું નથી, દર્શન પણ આનાથી બીજું નથી જ અને શીલ (ચારિત્ર) પણ બીજું નથી.—આ, મોક્ષને પામનારાઓએ (અર્હંતભગવંતોએ) કહ્યું છે. આ જાણીને જે જીવ માતાના ઉદરમાં ફરીને આવતો નથી, તે ભવ્ય છે. ૧૧.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अत्तागमतच्चाणं सद्दहणादो हवेइ सम्मत्तं।
ववगयअसेसदोसो सयलगुणप्पा हवे अत्तो ॥५॥

आप्तागमतत्त्वानां श्रद्धानाद्भवति सम्यक्त्वम्।
व्यपगताशेषदोषः सकलगुणात्मा भवेदाप्तः ॥५॥

व्यवहारसम्यक्त्वस्वरूपाख्यानमेतत्।

आप्तः शंकारहितः। शंका हि सकलमोहरागद्वेषादयः। आगमः तन्मुखारविन्द-विनिर्गतसमस्तवस्तुविस्तारसमर्थनदक्षः चतुरवचनसंदर्भः। तत्त्वानि च बहिस्तत्त्वान्तस्तत्त्व-परमात्मतत्त्वभेदभिन्नानि अथवा जीवाजीवास्रवसंवरनिर्जराबन्धमोक्षाणां भेदात्सप्तधा भवन्ति। तेषां सम्यक्श्रद्धानं व्यवहारसम्यक्त्वमिति।

(आर्या)

भवभयभेदिनि भगवति भवतः किं भक्तिरत्र न समस्ति।
तर्हि भवाम्बुधिमध्यग्राहमुखान्तर्गतो भवसि ॥१२॥

---

રે! આપ્ત-આગમ-તત્ત્વની શ્રદ્ધાથી સમકિત હોય છે;
નિઃશેષદોષવિહીન જે ગુણસકળમય તે આપ્ત છે. ૫.

**અન્વયાર્થ :—**[**आप्तागमतत्त्वानां**] આપ્ત, આગમ અને તત્ત્વોની [**श्रद्धानात्**] શ્રદ્ધાથી [**सम्यक्त्वम्**] સમ્યક્ત્વ [**भवति**] હોય છે; [**व्यपगताशेषदोषः**] જેના અશેષ (સમસ્ત) દોષો દૂર થયા છે એવો જે [**सकलगुणात्मा**] સકળગુણમય પુરુષ [**आप्तः भवेत्**] તે આપ્ત છે.

**ટીકા :—**આ, વ્યવહારસમ્યક્ત્વના સ્વરૂપનું કથન છે.

આપ્ત એટલે શંકારહિત. શંકા એટલે સકળ મોહરાગદ્વેષાદિક (દોષો). આગમ એટલે આપ્તના મુખારવિંદમાંથી નીકળેલી, સમસ્ત વસ્તુવિસ્તારનું સ્થાપન કરવામાં સમર્થ એવી ચતુર વચનરચના. તત્ત્વો બહિઃતત્ત્વ અને અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ એવા (બે) ભેદોવાળાં છે અથવા જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એવા ભેદોને લીધે સાત પ્રકારનાં છે. તેમનું (–આપ્તનું, આગમનું અને તત્ત્વનું) સમ્યક્ શ્રદ્ધાન તે વ્યવહારસમ્યક્ત્વ છે.

[હવે પાંચમી ગાથાની ટીકા પૂર્ણ કરતાં શ્લોક કહેવામાં આવે છે:]

[**શ્લોકાર્થ :—**] ભવના ભયને ભેદનારા આ ભગવાન પ્રત્યે શું તને ભક્તિ નથી?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



छुहतण्हभीरुरोसो रागो मोहो चिंता जरा रुजा मिच्चू।
सेदं खेद मदो रइ विम्हियणिद्दा जणुव्वेगो॥६॥

क्षुधा तृष्णा भयं रोषो रागो मोहश्चिन्ता जरा रुजा मृत्युः।
स्वेदः खेदो मदो रतिः विस्मयनिद्रे जन्मोद्वेगौ॥६॥

**अष्टादशदोषस्वरूपाख्यानमेतत्।**

**असातावेदनीयतीव्रमंदक्लेशकरी क्षुधा। असातावेदनीयतीव्रतीव्रतरमंदमंदतरपीडया समुपजाता तृषा। इहलोकपरलोकात्राणागुप्तिमरणवेदनाकस्मिकभेदात् सप्तधा भवति भयम्। क्रोधनस्य पुंसस्तीव्रपरिणामो रोषः। रागः प्रशस्तोऽप्रशस्तश्च; दान-**

---

તો તું ભવસમુદ્રની મધ્યમાં રહેલા મગરના મુખમાં છે. ૧૨.

ભય, રોષ, રાગ, ક્ષુધા, તૃષા, મદ, મોહ, ચિંતા, જન્મ ને
રતિ, રોગ, નિદ્રા, સ્વેદ, ખેદ, જરાદિ દોષ અઢાર છે. ૬.

**અન્વયાર્થ :**—**[क्षुधा]** ક્ષુધા, **[तृष्णा]** તૃષા, **[भयं]** ભય, **[रोषः]** રોષ (ક્રોધ), **[रागः]** રાગ, **[मोहः]** મોહ, **[चिन्ता]** ચિંતા, **[जरा]** જરા, **[रुजा]** રોગ, **[मृत्युः]** મૃત્યુ, **[स्वेदः]** સ્વેદ (પરસેવો), **[खेदः]** ખેદ, **[मदः]** મદ, **[रतिः]** રતિ, **[विस्मयनिद्रे]** વિસ્મય, નિદ્રા, **[जन्मोद्वेगौ]** જન્મ અને ઉદ્વેગ (—આ અઢાર દોષ છે).

**ટીકા :**—આ, અઢાર દોષના સ્વરૂપનું કથન છે.

(૧) અશાતાવેદનીય સંબંધી તીવ્ર અથવા મંદ ક્લેશની કરનારી તે ક્ષુધા છે (અર્થાત્ વિશિષ્ટ—ખાસ પ્રકારના—અશાતાવેદનીય કર્મના નિમિત્તે થતી જે વિશિષ્ટ શરીર-અવસ્થા તેના ઉપર લક્ષ જઈને મોહનીય કર્મના નિમિત્તે થતું જે ખાવાની ઈચ્છારૂપ દુઃખ તે ક્ષુધા છે). (૨) અશાતાવેદનીય સંબંધી તીવ્ર, તીવ્રતર (–વધારે તીવ્ર), મંદ અથવા મંદતર પીડાથી ઊપજતી તે તૃષા છે (અર્થાત્ વિશિષ્ટ અશાતાવેદનીય કર્મના નિમિત્તે થતી જે વિશિષ્ટ શરીર-અવસ્થા તેના ઉપર લક્ષ જઈને મોહનીય કર્મના નિમિત્તે થતું જે પીવાની ઈચ્છારૂપ દુઃખ તે તૃષા છે). (૩) આ લોકનો ભય, પરલોકનો ભય, અરક્ષાભય, અગુપ્તિભય, મરણભય, વેદનાભય અને અકસ્માતભય એમ ભય સાત પ્રકારે છે. (૪) ક્રોધી પુરુષનો તીવ્ર પરિણામ તે રોષ છે. (૫) રાગ પ્રશસ્ત અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**शीलोपवासगुरुजनवैयावृत्त्यादिसमुद्भवः प्रशस्तरागः, स्त्रीराजचौरभक्तविकथालापाकर्णन-कौतूहलपरिणामो ह्यप्रशस्तरागः। चातुर्वर्ण्यश्रमणसंघवात्सल्यगतो मोहः प्रशस्त इतरोऽप्रशस्त एव। चिन्तनं धर्मशुक्लरूपं प्रशस्तमितरदप्रशस्तमेव। तिर्यङ्मानवानां वयःकृत-देहविकार एव जरा। वातपित्तश्लेष्मणां वैषम्यसंजातकलेवरविपीडैव रुजा। सादिसनिधन-मूर्तेन्द्रियविजातीयनरनारकादिविभावव्यंजनपर्यायविनाश एव मृत्युरित्युक्तः। अशुभकर्म-विपाकजनितशरीरायाससमुपजातपूतिगंधसम्बन्धवासनावासितवार्बिन्दुसंदोहः स्वेदः। अनिष्ट-लाभः खेदः। सहजचतुरकवित्वनिखिलजनताकर्णामृतस्यंदिसहजशरीरकुल-बलैश्वर्यैरात्माहंकारजननो मदः। मनोज्ञेषु वस्तुषु परमा प्रीतिरेव रतिः। परमसमरसीभाव-**

---

અપ્રશસ્ત હોય છે; દાન, શીલ, ઉપવાસ તથા ગુરુજનોની વૈયાવૃત્ત્ય વગેરેમાં ઉત્પન્ન થતો તે પ્રશસ્ત રાગ છે અને સ્ત્રી સંબંધી, રાજા સંબંધી, ચોર સંબંધી તથા ભોજન સંબંધી વિકથા કહેવાના ને સાંભળવાના કૌતૂહલપરિણામ તે અપ્રશસ્ત રાગ છે. (૬) ★ચાર પ્રકારના શ્રમણસંઘ પ્રત્યે વાત્સલ્ય સંબંધી મોહ તે પ્રશસ્ત છે અને તે સિવાયનો મોહ અપ્રશસ્ત જ છે. (૭) ધર્મરૂપ તથા શુક્લરૂપ ચિંતન (–ચિંતા, વિચાર) પ્રશસ્ત છે અને તે સિવાયનું (આર્તરૂપ તથા રૌદ્રરૂપ ચિંતન) અપ્રશસ્ત જ છે. (૮) તિર્યંચો તથા મનુષ્યોને વયકૃત દેહવિકાર (–વયને લીધે થતી શરીરની જીર્ણ અવસ્થા) તે જ જરા છે. (૯) વાત, પિત્ત અને કફની વિષમતાથી ઉત્પન્ન થતી કલેવર (–શરીર) સંબંધી પીડા તે જ રોગ છે. (૧૦) સાદિ-સનિધન, મૂર્ત ઇન્દ્રિયોવાળા, વિજાતીય નરનારકાદિ વિભાવવ્યંજનપર્યાયનો જે વિનાશ તેને જ મૃત્યુ કહેવામાં આવ્યું છે. (૧૧) અશુભ કર્મના વિપાકથી જનિત, શારીરિક શ્રમથી ઉત્પન્ન થતો, જે દુર્ગંધના સંબંધને લીધે ખરાબ વાસવાળા જળબિંદુઓનો સમૂહ તે સ્વેદ છે. (૧૨) અનિષ્ટની પ્રાપ્તિ (અર્થાત્ કોઈ વસ્તુ અનિષ્ટ લાગવી) તે ખેદ છે. (૧૩) સર્વ જનતાના (–જનસમાજના) કર્ણમાં અમૃત રેડતા સહજ ચતુર કવિત્વને લીધે, સહજ (સુંદર) શરીરને લીધે, સહજ (ઉત્તમ) કુળને લીધે, સહજ બળને લીધે તથા સહજ ઐશ્વર્યને લીધે આત્મામાં જે અહંકારની ઉત્પત્તિ તે મદ છે. (૧૪) મનોજ્ઞ (મનપસંદ) વસ્તુઓમાં પરમ પ્રીતિ તે જ રતિ છે.

---

★ શ્રમણના ચાર પ્રકાર આ પ્રમાણે છે : (૧) ઋષિ, (૨) મુનિ, (૩) યતિ અને (૪) અણગાર. ઋદ્ધિવાળા શ્રમણ તે ઋષિ છે; અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અથવા કેવળજ્ઞાનવાળા શ્રમણ તે મુનિ છે; ઉપશમક અથવા ક્ષપક શ્રેણિમાં આરૂઢ શ્રમણ તે યતિ છે; અને સામાન્ય સાધુ તે અણગાર છે. આ પ્રમાણે ચાર પ્રકારનો શ્રમણસંઘ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**भावनापरित्यक्तानां क्वचिदपूर्वदर्शनाद्विस्मयः। केवलेन शुभकर्मणा, केवलेनाशुभकर्मणा, मायया, शुभाशुभमिश्रेण देवनारकतिर्यङ्मनुष्यपर्यायेषूत्पत्तिर्जन्म। दर्शनावरणीयकर्मोदयेन प्रत्यस्तमितज्ञानज्योतिरेव निद्रा। इष्टवियोगेषु विक्लवभाव एवोद्वेगः। एभिर्महा-दोषैर्व्याप्तास्त्रयो लोकाः। एतैर्विनिर्मुक्तो वीतरागसर्वज्ञ इति।**

---

(૧૫) પરમ સમરસીભાવની ભાવના રહિત જીવોને (પરમ સમતાભાવના અનુભવ રહિત જીવોને) ક્યારેક પૂર્વે નહિ જોયેલું જોવાને લીધે થતો ભાવ તે વિસ્મય છે. (૧૬) કેવળ શુભ કર્મથી દેવપર્યાયમાં જે ઉત્પત્તિ, કેવળ અશુભ કર્મથી નારકપર્યાયમાં જે ઉત્પત્તિ, માયાથી તિર્યંચપર્યાયમાં જે ઉત્પત્તિ અને શુભાશુભ મિશ્ર કર્મથી મનુષ્યપર્યાયમાં જે ઉત્પત્તિ, તે જન્મ છે. (૧૭) દર્શનાવરણીય કર્મના ઉદયથી જેમાં જ્ઞાનજ્યોતિ અસ્ત થઈ જાય છે તે જ નિદ્રા છે. (૧૮) ઇષ્ટના વિયોગમાં વિક્લવભાવ (ગભરાટ) તે જ ઉદ્વેગ છે.—આ (અઢાર) મહા દોષોથી ત્રણ લોક વ્યાપ્ત છે. વીતરાગ સર્વજ્ઞ આ દોષોથી વિમુક્ત છે.

[વીતરાગ સર્વજ્ઞને દ્રવ્ય-ભાવ ઘાતિકર્મોનો અભાવ હોવાથી તેમને ભય, રોષ, રાગ, મોહ, શુભાશુભ ચિંતા, ખેદ, મદ, રતિ, વિસ્મય, નિદ્રા તથા ઉદ્વેગ ક્યાંથી હોય?

વળી તેમને સમુદ્ર જેટલા શાતાવેદનીયકર્મોદય મધ્યે બિંદુ જેટલો અશાતા-વેદનીયકર્મોદય વર્તે છે તે, મોહનીયકર્મના તદ્દન અભાવમાં, લેશમાત્ર પણ ક્ષુધા કે તૃષાનું નિમિત્ત ક્યાંથી થાય? ન જ થાય; કારણ કે ગમે તેટલું અશાતાવેદનીયકર્મ હોય તોપણ મોહનીયકર્મના અભાવમાં દુઃખની લાગણી હોઈ શકે નહિ, તો પછી અહીં તો જ્યાં અનંતગુણા શાતાવેદનીયકર્મ મધ્યે અલ્પમાત્ર (–અવિદ્યમાન જેવું) અશાતાવેદનીયકર્મ વર્તે છે ત્યાં ક્ષુધાતૃષાની લાગણી ક્યાંથી હોય? ક્ષુધાતૃષાના સદ્ભાવમાં અનંત સુખ, અનંત વીર્ય વગેરે ક્યાંથી સંભવે? આમ વીતરાગ સર્વજ્ઞને ક્ષુધા (તથા તૃષા) નહિ હોવાથી તેમને કવલાહાર પણ હોતો નથી. કવલાહાર વિના પણ તેમને (અન્ય મનુષ્યોને અસંભવિત એવાં,) સુગંધિત, સુરસવાળાં, સપ્તધાતુરહિત પરમૌદારિક શરીરરૂપ નોકર્માહારને યોગ્ય, સૂક્ષ્મ પુદ્ગલો પ્રતિક્ષણ આવે છે અને તેથી શરીરસ્થિતિ રહે છે.

વળી પવિત્રતાને અને પુણ્યને એવો સંબંધ હોય છે અર્થાત્ ઘાતિકર્મોના અભાવને અને બાકી રહેલાં અઘાતિકર્મોને એવો સહજ સંબંધ હોય છે કે વીતરાગ સર્વજ્ઞને તે બાકી રહેલાં અઘાતિકર્મોના ફળરૂપ પરમૌદારિક શરીરમાં જરા, રોગ અને પરસેવો હોતાં નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तथा चोक्तम्—

"सो धम्मो जत्थ दया सो वि तवो विसयणिग्गहो जत्थ।
दसअट्ठदोसरहिओ सो देवो णत्थि संदेहो॥"

तथा चोक्तं श्रीविद्यानंदस्वामिभिः—

(मालिनी)

"अभिमतफलसिद्धेरभ्युपायः सुबोधः
स च भवति सुशास्त्रात्तस्य चोत्पत्तिराप्तात्।
इति भवति स पूज्यस्तत्प्रसादात्प्रबुद्धैः
न हि कृतमुपकारं साधवो विस्मरन्ति॥"

तथा हि—

---

વળી કેવળી ભગવાનને ભવાંતરમાં ઉત્પત્તિના નિમિત્તભૂત શુભાશુભ ભાવો નહિ હોવાથી તેમને જન્મ હોતો નથી; અને જે દેહવિયોગ પછી ભવાંતરપ્રાપ્તિરૂપ જન્મ થતો નથી તે દેહવિયોગને મરણ કહેવાતું નથી.

આ રીતે વીતરાગ સર્વજ્ઞ અઢાર દોષ રહિત છે.]

એ જ રીતે (અન્ય શાસ્ત્રમાં ગાથા દ્વારા) કહ્યું છે કે :—

"[**ગાથાર્થ :—**] તે ધર્મ છે જ્યાં દયા છે, તે તપ છે જ્યાં વિષયોનો નિગ્રહ છે, તે દેવ છે જે અઢાર દોષ રહિત છે; આ બાબતમાં સંશય નથી."

વળી શ્રી વિદ્યાનંદસ્વામીએ (શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

"[**શ્લોકાર્થ :—**] ઈષ્ટ ફળની સિદ્ધિનો ઉપાય સુબોધ છે (અર્થાત્ મુક્તિની પ્રાપ્તિનો ઉપાય સમ્યગ્જ્ઞાન છે), સુબોધ સુશાસ્ત્રથી થાય છે, સુશાસ્ત્રની ઉત્પત્તિ આપ્તથી થાય છે; માટે તેમના પ્રસાદને લીધે આપ્ત પુરુષ બુધજનો વડે પૂજવાયોગ્ય છે (અર્થાત્ મુક્તિ સર્વજ્ઞદેવની કૃપાનું ફળ હોવાથી સર્વજ્ઞદેવ જ્ઞાનીઓ વડે પૂજનીય છે), કેમ કે કરેલા ઉપકારને સાધુ પુરુષો (સજ્જનો) ભૂલતા નથી."

વળી (છઠ્ઠી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક દ્વારા સર્વજ્ઞ ભગવાન શ્રી નેમિનાથની સ્તુતિ કરે છે) :—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(मालिनी)

शतमखशतपूज्यः प्राज्यसद्बोधराज्यः
स्मरतिरसुरनाथः प्रास्तदुष्टाघयूथः।
पदनतवनमाली भव्यपद्मांशुमाली
दिशतु शमनिशं नो नेमिरानन्दभूमिः ॥१३॥

**णिस्सेसदोसरहिओ केवलणाणाइपरमविभवजुदो।**
**सो परमप्पा उच्चइ तव्विवरीओ ण परमप्पा ॥७॥**

निःशेषदोषरहितः केवलज्ञानादिपरमविभवयुतः।
स परमात्मोच्यते तद्विपरीतो न परमात्मा ॥७॥

तीर्थंकरपरमदेवस्वरूपाख्यानमेतत्।

आत्मगुणघातकानि घातिकर्माणि ज्ञानदर्शनावरणान्तरायमोहनीयकर्माणि, तेषां

---

[**શ્લોકાર્થ :—**] જે સો ઇન્દ્રોથી પૂજ્ય છે, જેમનું સદ્બોધરૂપી (સમ્યગ્જ્ઞાનરૂપી) રાજ્ય વિશાળ છે, કામવિજયી (લૌકાંતિક) દેવોના જે નાથ છે, દુષ્ટ પાપોના સમૂહનો જેમણે નાશ કર્યો છે, શ્રી કૃષ્ણ જેમનાં ચરણોમાં નમ્યા છે, ભવ્યકમળના જે સૂર્ય છે (અર્થાત્ ભવ્યોરૂપી કમળોને વિકસાવવામાં જે સૂર્ય સમાન છે), તે આનંદભૂમિ નેમિનાથ (–આનંદના સ્થાનરૂપ નેમિનાથ ભગવાન) અમને શાશ્વત સુખ આપો. ૧૩.

**સૌ દોષ રહિત, અનંતજ્ઞાનદૃગાદિ વૈભવયુક્ત જે,**
**પરમાત્મ તે કહેવાય, તદ્વિપરીત નહિ પરમાત્મ છે. ૭.**

**અન્વયાર્થ :—[निःशेषदोषरहितः]** (એવા) નિઃશેષ દોષથી જે રહિત છે અને **[केवलज्ञानादिपरमविभवयुतः]** કેવળજ્ઞાનાદિ પરમ વૈભવથી જે સંયુક્ત છે, **[सः]** તે **[परमात्मा उच्यते]** પરમાત્મા કહેવાય છે; **[तद्विपरीतः]** તેનાથી વિપરીત **[परमात्मा न]** તે પરમાત્મા નથી.

**ટીકા :—**આ, તીર્થંકર પરમદેવના સ્વરૂપનું કથન છે.

આત્માના ગુણોનો ઘાત કરનારાં ઘાતિકર્મો—જ્ઞાનાવરણીયકર્મ, દર્શનાવરણીયકર્મ, અંતરાયકર્મ અને મોહનીયકર્મ—છે; તેમનો નિરવશેષપણે પ્રધ્વંસ કર્યો હોવાથી (–કાંઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



निरवशेषेण प्रध्वंसनान्निःशेषदोषरहितः अथवा पूर्वसूत्रोपात्ताष्टादशमहादोषनिर्मूलनान्निः-शेषदोषनिर्मुक्त इत्युक्तः। सकलविमलकेवलबोधकेवलदृष्टिपरमवीतरागात्मकानन्दाद्यनेक-विभवसमृद्धः। यस्त्वेवंविधः त्रिकालनिरावरणनित्यानन्दैकस्वरूपनिजकारणपरमात्मभावनोत्पन्न-कार्यपरमात्मा स एव भगवान् अर्हन् परमेश्वरः। अस्य भगवतः परमेश्वरस्य विपरीतगुणात्मकाः सर्वे देवाभिमानदग्धा अपि संसारिण इत्यर्थः।

तथा चोक्तं श्रीकुन्दकुन्दाचार्यदेवैः—

"तेजो दिट्ठी णाणं इड्ढी सोक्खं तहेव ईसरियं।
तिहुवणपहाणदइयं माहप्पं जस्स सो अरिहो॥"

---

બાકી રાખ્યા વિના નાશ કર્યો હોવાથી) જે 'નિઃશેષદોષરહિત' છે અથવા પૂર્વ સૂત્રમાં (છઠ્ઠી ગાથામાં) કહેલા અઢાર મહાદોષોને નિર્મૂળ કર્યા હોવાથી જે 'નિઃશેષદોષરહિત' કહેવામાં આવ્યા છે અને જે 'સકળવિમળ (–સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન-કેવળદર્શન, પરમવીતરાગાત્મક આનંદ ઈત્યાદિ અનેક વૈભવથી સમૃદ્ધ' છે, એવા જે પરમાત્મા—એટલે કે ત્રિકાળનિરાવરણ, [1]નિત્યાનંદ-એકસ્વરૂપ નિજ કારણપરમાત્માની ભાવનાથી ઉત્પન્ન કાર્યપરમાત્મા, તે જ ભગવાન અર્હત્ પરમેશ્વર છે. આ ભગવાન પરમેશ્વરના ગુણોથી વિપરીત ગુણોવાળા બધા (દેવાભાસો), ભલે દેવપણાના અભિમાનથી દગ્ધ હોય તોપણ, સંસારી છે.—આમ (આ ગાથાનો) અર્થ છે.

એવી જ રીતે (ભગવાન) શ્રી કુંદકુંદાચાર્યદેવે ([2]પ્રવચનસારની ગાથામાં) કહ્યું છે કે :—

"[**ગાથાર્થ :—**] તેજ (ભામંડળ), દર્શન (કેવળદર્શન), જ્ઞાન (કેવળજ્ઞાન), ઋદ્ધિ (સમવસરણાદિ વિભૂતિ), સૌખ્ય (અનંત અતીન્દ્રિય સુખ), (ઇન્દ્રાદિક પણ દાસપણે વર્તે એવું) ઐશ્વર્ય, અને (ત્રણ લોકના અધિપતિઓના વલ્લભ હોવારૂપ) ત્રિભુવન-

---

૧. નિત્યાનંદ-એકસ્વરૂપ=નિત્ય આનંદ જ જેનું એક સ્વરૂપ છે એવા. [કારણપરમાત્મા ત્રણે કાળે આવરણરહિત છે અને નિત્ય આનંદ જ તેનું એક સ્વરૂપ છે. દરેક આત્મા શક્તિ-અપેક્ષાએ નિરાવરણ અને આનંદમય જ છે તેથી દરેક આત્મા કારણપરમાત્મા છે; જે કારણપરમાત્માને ભાવે છે—તેનો જ આશ્રય કરે છે, તે વ્યક્તિ-અપેક્ષાએ નિરાવરણ અને આનંદમય થાય છે અર્થાત્ કાર્યપરમાત્મા થાય છે. શક્તિમાંથી વ્યક્તિ થાય છે, માટે શક્તિ કારણ છે અને વ્યક્તિ કાર્ય છે. આમ હોવાથી શક્તિરૂપ પરમાત્માને કારણપરમાત્મા કહેવાય છે અને વ્યક્ત પરમાત્માને કાર્યપરમાત્મા કહેવાય છે.]

૨. જુઓ શ્રી પ્રવચનસાર, દ્વિતીય આવૃત્તિ, પાનું ૧૧૯.

૩

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**तथा चोक्तं श्रीमदमृतचन्द्रसूरिभिः—**

(शार्दूलविक्रीडित)

**"कान्त्यैव स्नपयन्ति ये दशदिशो धाम्ना निरुन्धन्ति ये**
**धामोद्दाममहस्विनां जनमनो मुष्णन्ति रूपेण ये।**
**दिव्येन ध्वनिना सुखं श्रवणयोः साक्षात्क्षरन्तोऽमृतं**
**वन्द्यास्तेऽष्टसहस्रलक्षणधरास्तीर्थेश्वराः सूरयः ।।"**

**तथा हि—**

(मालिनी)

**जगदिदमजगच्च ज्ञाननीरेरुहान्त-**
**र्भ्रमरवदवभाति प्रस्फुटं यस्य नित्यम्।**
**तमपि किल यजेऽहं नेमितीर्थंकरेशं**
**जलनिधिमपि दोर्भ्यामुत्तराम्यूर्ध्ववीचिम् ।।१४।।**

---

પ્રધાનવલ્લભપણું—આવું જેમનું માહાત્મ્ય છે, તે અર્હંત છે.''

વળી એ જ રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (આત્મખ્યાતિના ૨૪મા શ્લોકમાં–કળશમાં) કહ્યું છે કે :—

''[**શ્લોકાર્થ :—**] જેઓ કાન્તિથી દશે દિશાઓને ધુએ છે—નિર્મળ કરે છે, જેઓ તેજ વડે અત્યંત તેજસ્વી સૂર્યાદિકના તેજને ઢાંકી દે છે, જેઓ રૂપથી જનોનાં મન હરી લે છે, જેઓ દિવ્યધ્વનિ વડે (ભવ્યોના) કાનોમાં જાણે કે સાક્ષાત્ અમૃત વરસાવતા હોય એવું સુખ ઉત્પન્ન કરે છે અને જેઓ એક હજાર ને આઠ લક્ષણોને ધારણ કરે છે, તે તીર્થંકરસૂરિઓ વંદ્ય છે.''

વળી (સાતમી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક દ્વારા શ્રી નેમિનાથ તીર્થંકરની સ્તુતિ કરે છે) :—

[**શ્લોકાર્થ :—**] જેમ કમળની અંદર ભ્રમર સમાઈ જાય છે તેમ જેમના જ્ઞાનકમળમાં આ જગત તેમ જ અજગત (–લોક તેમ જ અલોક) સદા સ્પષ્ટપણે સમાઈ જાય છે—જણાય છે, તે નેમિનાથ તીર્થંકરભગવાનને હું ખરેખર પૂજું છું કે જેથી ઊંચા તરંગોવાળા સમુદ્રને પણ (–દુસ્તર સંસારસમુદ્રને પણ) બે ભુજાઓથી તરી જાઉં. ૧૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**तस्स मुहुग्गदवयणं पुव्वावरदोसविरहियं सुद्धं।**
**आगममिदि परिकहियं तेण दु कहिया हवंति तच्चत्था।।८।।**

**तस्य मुखोद्गतवचनं पूर्वापरदोषविरहितं शुद्धम्।**
**आगममिति परिकथितं तेन तु कथिता भवन्ति तत्त्वार्थाः।।८।।**

परमागमस्वरूपाख्यानमेतत्।

तस्य खलु परमेश्वरस्य वदनवनजविनिर्गतचतुरवचनरचनाप्रपञ्चः पूर्वापरदोषरहितः, तस्य भगवतो रागाभावात् पापसूत्रवद्धिंसादिपापक्रियाभावाच्छुद्धः परमागम इति परिकथितः। तेन परमागमामृतेन भव्यैः श्रवणाञ्जलिपुटपेयेन मुक्तिसुन्दरीमुखदर्पणेन संसरणवारिनिधिमहावर्तनिमग्नसमस्तभव्यजनतादत्तहस्तावलम्बनेन सहजवैराग्यप्रासाद-शिखरशिखामणिना अक्षुण्णमोक्षप्रासादप्रथमसोपानेन स्मरभोगसमुद्भूताप्रशस्तरागाङ्गारैः

---

**પરમાત્મવાણી શુદ્ધ ને પૂર્વાપરે નિર્દોષ જે,**
**તે વાણીને આગમ કહી; તેણે કહ્યા તત્ત્વાર્થને. ૮.**

**અન્વયાર્થ :—**[तस्य मुखोद्गतवचनं] તેમના મુખમાંથી નીકળેલી વાણી કે જે [पूर्वापरदोषविरहितं शुद्धम्] પૂર્વાપર દોષ રહિત (–આગળપાછળ વિરોધ રહિત) અને શુદ્ધ છે, તેને [आगमम् इति परिकथितं] આગમ કહેલ છે; [तेन तु] અને તેણે [तत्त्वार्थाः] તત્ત્વાર્થો [कथिताः भवन्ति] કહ્યા છે.

**ટીકા :—**આ, પરમાગમના સ્વરૂપનું કથન છે.

તે (પૂર્વોક્ત) પરમેશ્વરના મુખકમળમાંથી નીકળેલ ચતુર વચનરચનાનો વિસ્તાર—કે જે 'પૂર્વાપર દોષ રહિત' છે અને તે ભગવાનને રાગનો અભાવ હોવાથી પાપસૂત્રની માફક હિંસાદિ પાપક્રિયાશૂન્ય હોવાથી 'શુદ્ધ' છે તે—પરમાગમ કહેવામાં આવેલ છે. તે પરમાગમે—કે જે (પરમાગમ) ભવ્યોએ કર્ણરૂપી અંજલિથી (ખોબાથી) પીવાયોગ્ય અમૃત છે, જે મુક્તિસુંદરીના મુખનું દર્પણ છે (અર્થાત્ જે પરમાગમ મુક્તિનું સ્વરૂપ દર્શાવે છે), જે સંસારસમુદ્રના મહા વમળમાં નિમગ્ન સમસ્ત ભવ્ય જનોને હસ્તાવલંબન (હાથનો ટેકો) આપે છે, જે સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો *શિખામણિ છે, જે કદી નહિ જોયેલા

---

★ શિખામણિ = ટોચ ઉપરનું રત્ન; ચૂડામણિ; કલગીનું રત્ન. (પરમાગમ સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખામણિ સમાન છે, કારણ કે પરમાગમનું તાત્પર્ય સહજ વૈરાગ્યની ઉત્કૃષ્ટતા છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**पच्यमानसमस्तदीनजनतामहत्क्लेशनिर्नाशनसमर्थसजलजलदेन कथिताः खलु सप्त तत्त्वानि नव पदार्थाश्चेति।**

**तथा चोक्तं श्रीसमन्तभद्रस्वामिभिः—**

(आर्या)

**"अन्यूनमनतिरिक्तं याथातथ्यं विना च विपरीतात्।**
**निःसन्देहं वेद यदाहुस्तज्ज्ञानमागमिनः॥"**

(हरिणी)

**ललितललितं शुद्धं निर्वाणकारणकारणं**
**निखिलभविनामेतत्कर्णामृतं जिनसद्वचः।**
**भवपरिभवारण्यज्वालित्विषां प्रशमे जलं**
**प्रतिदिनमहं वन्दे वन्द्यं सदा जिनयोगिभिः॥१५॥**

---

(–અજાણ્યા, અનનુભૂત, જેના ઉપર પોતે પૂર્વે કદી ગયેલો નથી એવા) મોક્ષ-મહેલનું પ્રથમ પગથિયું છે અને જે કામભોગથી ઉત્પન્ન થતા અપ્રશસ્ત રાગરૂપ અંગારાઓ વડે શેકાતા સમસ્ત દીન જનોના મહાક્લેશનો નાશ કરવામાં સમર્થ સજળ મેઘ (–પાણીભરેલું વાદળું) છે, તેણે—ખરેખર સાત તત્ત્વો તથા નવ પદાર્થો કહ્યાં છે.

એવી જ રીતે (આચાર્યદેવ) શ્રી સમંતભદ્રસ્વામીએ (રત્નકરંડશ્રાવકાચારમાં ૪૨મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

"[**શ્લોકાર્થ :—**] જે ન્યૂનતા વિના, અધિકતા વિના, વિપરીતતા વિના યથાતથ વસ્તુસ્વરૂપને નિઃસંદેહપણે જાણે છે તેને [1]આગમીઓ જ્ઞાન (સમ્યગ્જ્ઞાન) કહે છે."

[હવે આઠમી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક દ્વારા જિનવાણીને—જિનાગમને વંદન કરે છે:]

[**શ્લોકાર્થ :—**] જે (જિનવચન) [2]લલિતમાં લલિત છે, જે શુદ્ધ છે, જે નિર્વાણના કારણનું કારણ છે, જે સર્વ જીવોના કર્ણોને અમૃત છે, જે ભવભવરૂપી અરણ્યના ઉગ્ર દાવાનળને શમાવવામાં જળ છે અને જે જૈન યોગીઓ વડે સદા વંદ્ય છે, તે આ જિનભગવાનનાં સદ્વચનને (સમ્યક્ જિનાગમને) હું પ્રતિદિન વંદું છું. ૧૫.

---

૧. આગમીઓ = આગમવંતો; આગમના જાણનારાઓ.
૨. લલિતમાં લલિત = અત્યંત પ્રસન્નતા ઉપજાવે એવાં; અતિશય મનોહર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जीवा पोग्गलकाया धम्माधम्मा य काल आयासं।
तच्चत्था इदि भणिदा णाणागुणपज्जएहिं संजुत्ता।।९।।

जीवाः पुद्गलकाया धर्माधर्मौ च काल आकाशम्।
तत्त्वार्था इति भणिताः नानागुणपर्यायैः संयुक्ताः।।९।।

अत्र षण्णां द्रव्याणां पृथक्पृथक् नामधेयमुक्तम्।

स्पर्शनरसनघ्राणचक्षुःश्रोत्रमनोवाक्कायायुरुच्छ्वासनिःश्वासाभिधानैर्दशभिः प्राणैः जीवति जीविष्यति जीवितपूर्वो वा जीवः। संग्रहनयोऽयमुक्तः। निश्चयेन भावप्राण-धारणाज्जीवः। व्यवहारेण द्रव्यप्राणधारणाज्जीवः। शुद्धसद्भूतव्यवहारेण केवलज्ञानादि-शुद्धगुणानामाधारभूतत्वात्कार्यशुद्धजीवः। अशुद्धसद्भूतव्यवहारेण मतिज्ञानादिविभावगुणा-नामाधारभूतत्वादशुद्धजीवः। शुद्धनिश्चयेन सहजज्ञानादिपरमस्वभावगुणानामाधारभूतत्वात्-

---

જીવદ્રવ્ય, પુદ્ગલ, કાળ તેમ જ આભ, ધર્મ, અધર્મ—એ
ભાખ્યા જિને તત્ત્વાર્થ, ગુણપર્યાય વિધવિધ યુક્ત જે. ૯.

**અન્વયાર્થ :—**[जीवाः] જીવો, [पुद्गलकायाः] પુદ્ગલકાયો, [धर्माधर्मौ] ધર્મ, અધર્મ, [कालः] કાળ, [च] અને [आकाशम्] આકાશ—[तत्त्वार्थाः इति भणिताः] એ તત્ત્વાર્થો કહ્યા છે, કે જેઓ [नानागुणपर्यायैः संयुक्ताः] વિવિધ ગુણપર્યાયોથી સંયુક્ત છે.

**ટીકા :—**અહીં (આ ગાથામાં), છ દ્રવ્યોનાં પૃથક્ પૃથક્ નામ કહેવામાં આવ્યાં છે.

સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર, મન, વચન, કાય, આયુ અને શ્વાસોચ્છ્વાસ નામના દશ પ્રાણોથી (સંસારદશામાં) જે જીવે છે, જીવશે અને પૂર્વે જીવતો હતો તે 'જીવ' છે.—આ સંગ્રહનય કહ્યો. નિશ્ચયથી ભાવપ્રાણ ધારણ કરવાને લીધે 'જીવ' છે. વ્યવહારથી દ્રવ્યપ્રાણ ધારણ કરવાને લીધે 'જીવ' છે. શુદ્ધ-સદ્ભૂત-વ્યવહારથી કેવળજ્ઞાનાદિ શુદ્ધગુણોનો આધાર હોવાને લીધે '★કાર્યશુદ્ધ જીવ' છે. અશુદ્ધ-સદ્ભૂત-વ્યવહારથી મતિજ્ઞાનાદિ વિભાવગુણોનો આધાર હોવાને લીધે 'અશુદ્ધ જીવ' છે.

---

★ દરેક જીવ શક્તિ-અપેક્ષાએ શુદ્ધ છે અર્થાત્ સહજજ્ઞાનાદિક સહિત છે તેથી દરેક જીવ 'કારણશુદ્ધ જીવ' છે; જે કારણશુદ્ધ જીવને ભાવે છે—તેનો જ આશ્રય કરે છે, તે વ્યક્તિ-અપેક્ષાએ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**कारणशुद्धजीवः। अयं चेतनः। अस्य चेतनगुणाः। अयममूर्तः। अस्यामूर्तगुणाः। अयं शुद्धः। अस्य शुद्धगुणाः। अयमशुद्धः। अस्याशुद्धगुणाः। पर्यायश्च। तथा गलनपूरणस्वभावसनाथः पुद्गलः। श्वेतादिवर्णाधारो मूर्तः। अस्य हि मूर्तगुणाः। अयमचेतनः। अस्याचेतनगुणाः। स्वभावविभावगतिक्रियापरिणतानां जीवपुद्गलानां स्वभावविभावगतिहेतुः धर्मः। स्वभावविभावस्थितिक्रियापरिणतानां तेषां स्थितिहेतुरधर्मः। पंचानामवकाशदान-**

---

શુદ્ધનિશ્ચયથી સહજજ્ઞાનાદિ પરમસ્વભાવગુણોનો આધાર હોવાને લીધે '*કારણશુદ્ધ જીવ' છે. આ (જીવ) ચેતન છે; આના (–જીવના) ચેતન ગુણો છે. આ અમૂર્ત છે; આના અમૂર્ત ગુણો છે. આ શુદ્ધ છે; આના શુદ્ધ ગુણો છે. આ અશુદ્ધ છે; આના અશુદ્ધ ગુણો છે. પર્યાય પણ એ પ્રમાણે છે.

વળી, જે ગલન-પૂરણસ્વભાવ સહિત છે (અર્થાત્ છૂટા પડવાના અને ભેગા થવાના સ્વભાવવાળું છે) તે પુદ્‌ગલ છે. આ (પુદ્‌ગલ) શ્વેતાદિ વર્ણોના આધારભૂત મૂર્ત છે; આના મૂર્ત ગુણો છે. આ અચેતન છે; આના અચેતન ગુણો છે.

[1]સ્વભાવગતિક્રિયારૂપે અને વિભાવગતિક્રિયારૂપે પરિણત જીવ-પુદ્‌ગલોને સ્વભાવગતિનું અને વિભાવગતિનું નિમિત્ત તે ધર્મ છે.

[2]સ્વભાવસ્થિતિક્રિયારૂપે અને વિભાવસ્થિતિક્રિયારૂપે પરિણત જીવ-પુદ્‌ગલોને સ્થિતિનું

---

શુદ્ધ (–કેવળજ્ઞાનાદિ સહિત) થાય છે અર્થાત્ 'કાર્યશુદ્ધ જીવ' થાય છે. શક્તિમાંથી વ્યક્તિ થાય છે, માટે શક્તિ કારણ છે અને વ્યક્તિ કાર્ય છે. આમ હોવાથી શક્તિરૂપ શુદ્ધતાવાળા જીવને કારણશુદ્ધ જીવ કહેવાય છે અને વ્યક્ત શુદ્ધતાવાળા જીવને કાર્યશુદ્ધ જીવ કહેવાય છે. [કારણશુદ્ધ એટલે કારણ-અપેક્ષાએ શુદ્ધ અર્થાત્ શક્તિ-અપેક્ષાએ શુદ્ધ. કાર્યશુદ્ધ એટલે કાર્ય-અપેક્ષાએ શુદ્ધ અર્થાત્ વ્યક્તિ-અપેક્ષાએ શુદ્ધ.]

૧. ચૌદમા ગુણસ્થાનના અંતે જીવ ઊર્ધ્વગમનસ્વભાવથી લોકાંતે જાય તે જીવની સ્વભાવગતિક્રિયા છે અને સંસારાવસ્થામાં કર્મના નિમિત્તે ગમન કરે તે જીવની વિભાવગતિક્રિયા છે. એક છૂટો પરમાણુ ગતિ કરે તે પુદ્‌ગલની સ્વભાવગતિક્રિયા છે અને પુદ્‌ગલસ્કંધ ગમન કરે તે પુદ્‌ગલની (સ્કંધમાંના દરેક પરમાણુની) વિભાવગતિક્રિયા છે. આ સ્વાભાવિક તેમ જ વૈભાવિક ગતિક્રિયામાં ધર્મદ્રવ્ય નિમિત્તમાત્ર છે.

૨. સિદ્ધદશામાં જીવ સ્થિર રહે તે જીવની સ્વાભાવિક સ્થિતિક્રિયા છે અને સંસારદશામાં સ્થિર રહે તે જીવની વૈભાવિક સ્થિતિક્રિયા છે. એકલો પરમાણુ સ્થિર રહે તે પુદ્‌ગલની સ્વાભાવિક સ્થિતિક્રિયા છે અને સ્કંધ સ્થિર રહે તે પુદ્‌ગલની (–સ્કંધમાંના દરેક પરમાણુની) વૈભાવિક સ્થિતિક્રિયા છે. આ જીવ-પુદ્‌ગલની સ્વાભાવિક તેમ જ વૈભાવિક સ્થિતિક્રિયામાં અધર્મદ્રવ્ય નિમિત્તમાત્ર છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



लक्षणमाकाशम्। पंचानां वर्तनाहेतुः कालः। चतुर्णाममूर्तानां शुद्धगुणाः, पर्यायाश्चैतेषां तथाविधाश्च।

(मालिनी)

इति जिनपतिमार्गाम्भोधिमध्यस्थरत्नं
द्युतिपटलजटालं तद्धि षड्द्रव्यजातम्।
हृदि सुनिशितबुद्धिर्भूषणार्थं विधत्ते
स भवति परमश्रीकामिनीकामरूपः ॥१६॥

**जीवो उवओगमओ उवओगो णाणदंसणो होइ।**
**णाणुवओगो दुविहो सहावणाणं विहावणाणं ति॥१०॥**

---

(-સ્વભાવસ્થિતિનું અને વિભાવસ્થિતિનું) નિમિત્ત તે અધર્મ છે.

(બાકીનાં) પાંચ દ્રવ્યોને અવકાશદાન (-અવકાશ દેવો તે) જેનું લક્ષણ છે તે આકાશ છે.

(બાકીનાં) પાંચ દ્રવ્યોને વર્તનાનું નિમિત્ત તે કાળ છે.

(જીવ સિવાયનાં) ચાર અમૂર્ત દ્રવ્યોના શુદ્ધ ગુણો છે; તેમના પર્યાયો પણ તેવા (શુદ્ધ જ) છે.

[હવે નવમી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક દ્વારા છ દ્રવ્યની શ્રદ્ધાનું ફળ વર્ણવે છેઃ]

[**શ્લોકાર્થ :—**] એ રીતે તે ષટ્દ્રવ્યસમૂહરૂપી રત્નને—કે જે (રત્ન) તેજના અંબારને લીધે કિરણોવાળું છે અને જે જિનપતિના માર્ગરૂપી સમુદ્રના મધ્યમાં રહેલું છે તેને—જે તીક્ષ્ણ બુદ્ધિવાળો પુરુષ હૃદયમાં ભૂષણાર્થે (શોભા માટે) ધારણ કરે છે, તે પુરુષ પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થાય છે (અર્થાત્ જે પુરુષ અંતરંગમાં છ દ્રવ્યની યથાર્થ શ્રદ્ધા કરે છે, તે મુક્તિલક્ષ્મીને વરે છે). ૧૬.

**ઉપયોગમય છે જીવ ને ઉપયોગ દર્શન-જ્ઞાન છે;**
**જ્ઞાનોપયોગ સ્વભાવ તેમ વિભાવરૂપ દ્વિવિધ છે. ૧૦.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**जीव उपयोगमयः उपयोगो ज्ञानदर्शनं भवति।**
**ज्ञानोपयोगो द्विविधः स्वभावज्ञानं विभावज्ञानमिति॥१०॥**

अत्रोपयोगलक्षणमुक्तम्।

आत्मनश्चैतन्यानुवर्ती परिणामः स उपयोगः। अयं धर्मः। जीवो धर्मी। अनयोः सम्बन्धः प्रदीपप्रकाशवत्। ज्ञानदर्शनविकल्पेनासौ द्विविधः। अत्र ज्ञानोपयोगोऽपि स्वभावविभावभेदाद् द्विविधो भवति। इह हि स्वभावज्ञानम् अमूर्तम् अव्याबाधम् अतीन्द्रियम् अविनश्वरम्। तच्च कार्यकारणरूपेण द्विविधं भवति। कार्यं तावत् सकलविमलकेवलज्ञानम्। तस्य कारणं परमपारिणामिकभावस्थितत्रिकालनिरुपाधिरूपं सहजज्ञानं स्यात्। केवलं विभावरूपाणि ज्ञानानि त्रीणि कुमतिकुश्रुतविभङ्गभाञ्जि भवन्ति। एतेषाम् उपयोगभेदानां ज्ञानानां भेदो वक्ष्यमाणसूत्रयोर्द्वयोर्बोद्धव्य इति।

---

**અન્વયાર્થ :**—[जीवः] જીવ [उपयोगमयः] ઉપયોગમય છે. [उपयोगः] ઉપયોગ [ज्ञानदर्शनं भवति] જ્ઞાન અને દર્શન છે. [ज्ञानोपयोगः द्विविधः] જ્ઞાનોપયોગ બે પ્રકારનો છે : [स्वभावज्ञानं] સ્વભાવજ્ઞાન અને [विभावज्ञानम् इति] વિભાવજ્ઞાન.

**ટીકા :**—અહીં (આ ગાથામાં) ઉપયોગનું લક્ષણ કહ્યું છે.

આત્માનો ચૈતન્ય-અનુવર્તી (ચૈતન્યને અનુસરીને વર્તનારો) પરિણામ તે ઉપયોગ છે. ઉપયોગ ધર્મ છે, જીવ ધર્મી છે. દીપક અને પ્રકાશના જેવો એમનો સંબંધ છે. જ્ઞાન અને દર્શનના ભેદથી આ ઉપયોગ બે પ્રકારનો છે (અર્થાત્ ઉપયોગના બે પ્રકાર છે : જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ). આમાં જ્ઞાનોપયોગ પણ સ્વભાવ અને વિભાવના ભેદને લીધે બે પ્રકારનો છે (અર્થાત્ જ્ઞાનોપયોગના પણ બે પ્રકાર છે : સ્વભાવ-જ્ઞાનોપયોગ અને વિભાવજ્ઞાનોપયોગ). તેમાં સ્વભાવજ્ઞાન અમૂર્ત, અવ્યાબાધ, અતીન્દ્રિય અને અવિનાશી છે; તે પણ કાર્ય અને કારણરૂપે બે પ્રકારનું છે (અર્થાત્ સ્વભાવજ્ઞાનના પણ બે પ્રકાર છે : કાર્યસ્વભાવજ્ઞાન અને કારણસ્વભાવજ્ઞાન). કાર્ય તો સકળવિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન છે અને તેનું કારણ પરમ પારિણામિકભાવે રહેલું ત્રિકાળનિરુપાધિરૂપ સહજજ્ઞાન છે. કેવળ વિભાવરૂપ જ્ઞાનો ત્રણ છે : કુમતિ, કુશ્રુત અને વિભંગ.

આ ઉપયોગના ભેદરૂપ જ્ઞાનના ભેદો, હવે કહેવામાં આવતાં બે સૂત્રો દ્વારા (૧૧ ને ૧૨મી ગાથા દ્વારા) જાણવા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

(मालिनी)

अथ सकलजिनोक्तज्ञानभेदं प्रबुद्ध्वा
परिहृतपरभावः स्वस्वरूपे स्थितो यः।
सपदि विशति यत्तच्चिच्चमत्कारमात्रं
स भवति परमश्रीकामिनीकामरूपः ॥१७॥

**केवलमिंदियरहियं असहायं तं सहावणाणं ति।**
**सण्णाणिदरवियप्पे विहावणाणं हवे दुविहं ॥११॥**

---

[**ભાવાર્થ :**—ચૈતન્યાનુવિધાયી પરિણામ તે ઉપયોગ છે. ઉપયોગ બે પ્રકારનો છે : (૧) જ્ઞાનોપયોગ અને (૨) દર્શનોપયોગ. જ્ઞાનોપયોગના પણ બે પ્રકાર છે : (૧) સ્વભાવજ્ઞાનોપયોગ અને (૨) વિભાવજ્ઞાનોપયોગ. સ્વભાવજ્ઞાનોપયોગ પણ બે પ્રકારનો છે : (૧) કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ (અર્થાત્ કેવળજ્ઞાનોપયોગ) અને (૨) કારણસ્વભાવ-જ્ઞાનોપયોગ (અર્થાત્ ★સહજજ્ઞાનોપયોગ). વિભાવજ્ઞાનોપયોગ પણ બે પ્રકારનો છે : (૧) સમ્યક્ વિભાવજ્ઞાનોપયોગ અને (૨) મિથ્યા વિભાવજ્ઞાનોપયોગ (અર્થાત્ કેવળ વિભાવજ્ઞાનોપયોગ). સમ્યક્ વિભાવજ્ઞાનોપયોગના ચાર ભેદો (સુમતિજ્ઞાનોપયોગ, સુશ્રુત-જ્ઞાનોપયોગ, સુઅવધિજ્ઞાનોપયોગ અને મનઃપર્યયજ્ઞાનોપયોગ) હવેની બે ગાથાઓમાં કહેશે. મિથ્યા વિભાવજ્ઞાનોપયોગના અર્થાત્ કેવળ વિભાવજ્ઞાનોપયોગના ત્રણ ભેદો છે: (૧) કુમતિજ્ઞાનોપયોગ, (૨) કુશ્રુતજ્ઞાનોપયોગ અને (૩) વિભંગજ્ઞાનોપયોગ અર્થાત્ કુઅવધિજ્ઞાનોપયોગ.]

[હવે દસમી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

[**શ્લોકાર્થ :**—] જિનેંદ્રકથિત સમસ્ત જ્ઞાનના ભેદોને જાણીને જે પુરુષ પરભાવોને પરિહરી નિજ સ્વરૂપમાં સ્થિત રહ્યો થકો શીઘ્ર ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વમાં પેસી જાય છે—ઊંડો ઊતરી જાય છે, તે પુરુષ પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થાય છે (અર્થાત્ મુક્તિસુંદરીનો પતિ થાય છે). ૧૭.

**અસહાય, ઇન્દ્રિવિહીન, કેવળ, તે સ્વભાવિક જ્ઞાન છે;**
**સુજ્ઞાન ને અજ્ઞાન—એમ વિભાવજ્ઞાન દ્વિવિધ છે. ૧૧.**

---

★ સહજજ્ઞાનોપયોગ પરમ પારિણામિકભાવે સ્થિત છે તેમ જ ત્રણે કાળે ઉપાધિ રહિત છે; તેમાંથી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सण्णाणं चउभेयं मदिसुदओही तहेव मणपज्जं।
अण्णाणं तिवियप्पं मदियाई भेददो चेव॥१२॥

केवलमिन्द्रियरहितं असहायं तत्स्वभावज्ञानमिति।
संज्ञानेतरविकल्पे विभावज्ञानं भवेद् द्विविधम्॥११॥
संज्ञानं चतुर्भेदं मतिश्रुतावधयस्तथैव मनःपर्ययम्।
अज्ञानं त्रिविकल्पं मत्यादेर्भेदतश्चैव॥१२॥

अत्र च ज्ञानभेदमुक्तम्।

निरुपाधिस्वरूपत्वात् केवलम्, निरावरणस्वरूपत्वात् क्रमकरणव्यवधानापोढम्,

---

મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય—ભેદ છે સુજ્ઞાનના;
કુમતિ, કુઅવધિ, કુશ્રુત—એ ત્રણ ભેદ છે અજ્ઞાનના. ૧૨.

**અન્વયાર્થ :**—[केवलम्] જે (જ્ઞાન) કેવળ, [इन्द्रियरहितम्] ઇન્દ્રિયરહિત અને [असहायं] અસહાય છે, [तत्] તે [स्वभावज्ञानम् इति] સ્વભાવજ્ઞાન છે; [संज्ञानेतरविकल्पे] સમ્યગ્જ્ઞાન અને મિથ્યાજ્ઞાનરૂપ ભેદ પાડવામાં આવતાં, [विभावज्ञानं] વિભાવજ્ઞાન [द्विविधं भवेत्] બે પ્રકારનું છે.

[संज्ञानं] સમ્યગ્જ્ઞાન [चतुर्भेदं] ચાર ભેદવાળું છે : [मतिश्रुतावधयः तथा एव मनःपर्ययम्] મતિ, શ્રુત, અવધિ તથા મનઃપર્યય; [अज्ञानं च एव] અને અજ્ઞાન (-મિથ્યાજ્ઞાન) [मत्यादेः भेदतः] મતિ આદિના ભેદથી [त्रिविकल्पम्] ત્રણ ભેદવાળું છે.

**ટીકા :**—અહીં (આ ગાથાઓમાં) જ્ઞાનના ભેદ કહ્યા છે.

જે ઉપાધિ વિનાના સ્વરૂપવાળું હોવાથી [૧]કેવળ છે, આવરણ વિનાના સ્વરૂપવાળું હોવાથી ક્રમ, ઇન્દ્રિય અને (દેશ-કાળાદિ) [૨]વ્યવધાન રહિત છે, એક એક

---

(સર્વને જાણનારો) કેવળજ્ઞાનોપયોગ પ્રગટે છે. માટે સહજજ્ઞાનોપયોગ કારણ છે અને કેવળજ્ઞાનોપયોગ કાર્ય છે. આમ હોવાથી સહજજ્ઞાનોપયોગને કારણસ્વભાવજ્ઞાનોપયોગ કહેવાય છે અને કેવળ-જ્ઞાનોપયોગને કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ કહેવાય છે.

૧ કેવળ = એકલું; નિર્ભેળ; શુદ્ધ.

૨ વ્યવધાન = આડ; પડદો; અંતર; આંતરું; વિઘ્ન.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**अप्रतिवस्तुव्यापकत्वात् असहायम्, तत्कार्यस्वभावज्ञानं भवति। कारणज्ञानमपि तादृशं भवति। कुतः, निजपरमात्मस्थितसहजदर्शनसहजचारित्रसहजसुखसहजपरमचिच्छक्ति-निजकारणसमयसारस्वरूपाणि च युगपत् परिच्छेत्तुं समर्थत्वात् तथाविधमेव। इति शुद्धज्ञानस्वरूपमुक्तम्।**

**इदानीं शुद्धाशुद्धज्ञानस्वरूपभेदस्त्वयमुच्यते। अनेकविकल्पसनाथं मतिज्ञानम् उपलब्धिभावनोपयोगाच्च अवग्रहादिभेदाच्च बहुबहुविधादिभेदाद्वा। लब्धिभावना-भेदाच्छ्रुतज्ञानं द्विविधम्। देशसर्वपरमभेदादवधिज्ञानं त्रिविधम्। ऋजुविपुलमति-विकल्पान्मनःपर्ययज्ञानं च द्विविधम्। परमभावस्थितस्य सम्यग्दृष्टेरेतत्संज्ञानचतुष्कं भवति।**

---

વસ્તુમાં નહિ વ્યાપતું હોવાથી (-સમસ્ત વસ્તુઓમાં વ્યાપતું હોવાથી) અસહાય છે, તે કાર્યસ્વભાવજ્ઞાન છે. કારણજ્ઞાન પણ તેવું જ છે. શાથી? નિજ પરમાત્મામાં રહેલાં સહજદર્શન, સહજચારિત્ર, સહજસુખ અને સહજપરમચિત્શક્તિરૂપ નિજ કારણ-સમયસારનાં સ્વરૂપોને યુગપદ્ જાણવાને સમર્થ હોવાથી તેવું જ છે. આમ શુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ કહ્યું.

હવે આ (નીચે પ્રમાણે), શુદ્ધાશુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ અને ભેદ કહેવામાં આવે છે : [૧]ઉપલબ્ધિ, ભાવના અને ઉપયોગથી તથા [૨]અવગ્રહાદિ ભેદથી અથવા [૩]બહુ, બહુવિધ વગેરે ભેદથી મતિજ્ઞાન અનેક ભેદવાળું છે. લબ્ધિ અને ભાવનાના ભેદથી શ્રુતજ્ઞાન બે પ્રકારનું છે. દેશ, સર્વ અને પરમના ભેદથી (અર્થાત્ દેશાવધિ, સર્વાવધિ અને પરમાવધિ એવા ત્રણ ભેદોને લીધે) અવધિજ્ઞાન ત્રણ પ્રકારનું છે. ઋજુમતિ અને વિપુલમતિના ભેદને લીધે મનઃપર્યયજ્ઞાન બે પ્રકારનું છે. પરમભાવમાં સ્થિત

---

૧. મતિજ્ઞાન ત્રણ પ્રકારનું છે : ઉપલબ્ધિ, ભાવના અને ઉપયોગ. મતિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ જેમાં નિમિત્ત છે એવી અર્થગ્રહણશક્તિ (-પદાર્થને જાણવાની શક્તિ) તે ઉપલબ્ધિ છે; જાણેલા પદાર્થ પ્રત્યે ફરીફરીને ચિંતન તે ભાવના છે; 'આ કાળું છે', 'આ પીળું છે' ઇત્યાદિરૂપે અર્થગ્રહણવ્યાપાર (-પદાર્થને જાણવાનો વ્યાપાર) તે ઉપયોગ છે.

૨. મતિજ્ઞાન ચાર ભેદવાળું છે : અવગ્રહ, ઈહા (-વિચારણા), અવાય (-નિર્ણય) અને ધારણા. [વિશેષ માટે મોક્ષશાસ્ત્ર (ટીકા સહિત) જુઓ.]

૩. મતિજ્ઞાન બાર ભેદવાળું છે : બહુ, એક, બહુવિધ, એકવિધ, ક્ષિપ્ર, અક્ષિપ્ર, અનિઃસૃત, નિઃસૃત, અનુક્ત, ઉક્ત, ધ્રુવ અને અધ્રુવ. [વિશેષ માટે મોક્ષશાસ્ત્ર (ટીકા સહિત) જુઓ.]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**मतिश्रुतावधिज्ञानानि मिथ्यादृष्टिं परिप्राप्य कुमतिकुश्रुतविभंगज्ञानानीति नामान्तराणि प्रपेदिरे।**

**अत्र सहजज्ञानं शुद्धान्तस्तत्त्वपरमतत्त्वव्यापकत्वात् स्वरूपप्रत्यक्षम्। केवलज्ञानं सकलप्रत्यक्षम्। 'रूपिष्ववधेः' इति वचनादवधिज्ञानं विकलप्रत्यक्षम्। तदनन्तभागवस्त्वंश-ग्राहकत्वान्मनःपर्ययज्ञानं च विकलप्रत्यक्षम्। मतिश्रुतज्ञानद्वितयमपि परमार्थतः परोक्षं व्यवहारतः प्रत्यक्षं च भवति।**

**किं च उक्तेषु ज्ञानेषु साक्षान्मोक्षमूलमेकं निजपरमतत्त्वनिष्ठसहजज्ञानमेव। अपि च पारिणामिकभावस्वभावेन भव्यस्य परमस्वभावत्वात् सहजज्ञानादपरमुपादेयं न समस्ति।**

**अनेन सहजचिद्विलासरूपेण सदा सहजपरमवीतरागशर्मामृतेन अप्रतिहतनिरा-वरणपरमचिच्छक्तिरूपेण सदान्तर्मुखे स्वस्वरूपाविचलस्थितिरूपसहजपरमचारित्रेण त्रिकालेष्व-**

---

સમ્યગ્દ્રષ્ટિને [1]આ ચાર સમ્યગ્જ્ઞાનો હોય છે. મિથ્યાદર્શન હોય ત્યાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન 'કુમતિજ્ઞાન', 'કુશ્રુતજ્ઞાન' અને 'વિભંગજ્ઞાન'—એવાં નામાંતરોને (અન્ય નામોને) પામે છે.

અહીં (ઉપર કહેલાં જ્ઞાનોને વિષે) સહજજ્ઞાન, શુદ્ધ અંતઃતત્ત્વરૂપ પરમતત્ત્વમાં વ્યાપક હોવાથી, [2]સ્વરૂપપ્રત્યક્ષ છે. કેવળજ્ઞાન સકલપ્રત્યક્ષ (સંપૂર્ણપ્રત્યક્ષ) છે. '**रूपिष्ववधेः** (અવધિજ્ઞાનનો વિષય–સંબંધ રૂપી દ્રવ્યોમાં છે)' એવું (આગમનું) વચન હોવાથી અવધિજ્ઞાન વિકલપ્રત્યક્ષ (એકદેશપ્રત્યક્ષ) છે. તેના અનંતમા ભાગે વસ્તુના અંશનું ગ્રાહક (–જાણનારું) હોવાથી મનઃપર્યયજ્ઞાન પણ વિકલપ્રત્યક્ષ છે. મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાન બન્ને પરમાર્થથી પરોક્ષ છે અને વ્યવહારથી પ્રત્યક્ષ છે.

વળી વિશેષ એ કે—ઉક્ત (ઉપર કહેલાં) જ્ઞાનોમાં સાક્ષાત્ મોક્ષનું મૂળ નિજપરમતત્ત્વમાં સ્થિત એવું એક સહજજ્ઞાન જ છે; તેમ જ સહજજ્ઞાન (તેના) પારિણામિક-ભાવરૂપ સ્વભાવને લીધે ભવ્યનો પરમસ્વભાવ હોવાથી, સહજજ્ઞાન સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી.

આ સહજચિદ્વિલાસરૂપે (૧) સદા સહજ પરમ વીતરાગ સુખામૃત, (૨) અપ્રતિહત નિરાવરણ પરમ ચિત્શક્તિનું રૂપ, (૩) સદા અંતર્મુખ એવું સ્વસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ

---

૧. સુમતિજ્ઞાન ને સુશ્રુતજ્ઞાન સર્વ સમ્યગ્દ્રષ્ટિ જીવોને હોય છે. સુઅવધિજ્ઞાન કોઈ કોઈ સમ્યગ્દ્રષ્ટિ જીવોને હોય છે. મનઃપર્યયજ્ઞાન કોઈ કોઈ મુનિવરોને—વિશિષ્ટસંયમધરોને—હોય છે.

૨. સ્વરૂપપ્રત્યક્ષ = સ્વરૂપે પ્રત્યક્ષ; સ્વરૂપ-અપેક્ષાએ પ્રત્યક્ષ; સ્વભાવે પ્રત્યક્ષ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



व्युच्छिन्नतया सदा सन्निहितपरमचिद्रूपश्रद्धानेन अनेन स्वभावानंतचतुष्टयेन सनाथम् अनाथमुक्तिसुन्दरीनाथम् आत्मानं भावयेत्।

इत्यनेनोपन्यासेन संसारव्रततिमूललवित्रेण ब्रह्मोपदेशः कृत इति।

(मालिनी)

इति निगदितभेदज्ञानमासाद्य भव्यः
परिहरतु समस्तं घोरसंसारमूलम्।
सुकृतमसुकृतं वा दुःखमुच्चैः सुखं वा
तत उपरि समग्रं शाश्वतं शं प्रयाति॥१८॥

(अनुष्टुभ्)

परिग्रहाग्रहं मुक्त्वा कृत्वोपेक्षां च विग्रहे।
निर्व्यग्रप्रायचिन्मात्रविग्रहं भावयेद् बुधः॥१९॥

---

સહજ પરમ ચારિત્ર, અને (૪) ત્રણે કાળે અવિચ્છિન્ન (અતૂટક) હોવાથી સદા નિકટ એવી પરમ ચૈતન્યરૂપની શ્રદ્ધા—એ સ્વભાવ-અનંતચતુષ્ટયથી જે સનાથ (સહિત) છે એવા આત્માને—અનાથ મુક્તિસુંદરીના નાથને—ભાવવો (અર્થાત્ સહજજ્ઞાનવિલાસરૂપે સ્વભાવ-અનંતચતુષ્ટયયુક્ત આત્માને ભાવવો—અનુભવવો).

આમ સંસારરૂપી લતાનું મૂળ છેદવાને દાતરડારૂપ આ [1]ઉપન્યાસથી બ્રહ્મોપદેશ કર્યો.

[હવે આ બે ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ પાંચ શ્લોકો કહે છે :]

**[શ્લોકાર્થ :—]** એ રીતે કહેવામાં આવેલા ભેદોના જ્ઞાનને પામીને ભવ્ય જીવ ઘોર સંસારના મૂળરૂપ સમસ્ત [2]સુકૃત કે દુષ્કૃતને, સુખ કે દુઃખને અત્યંત પરિહરો. તેનાથી ઉપર (અર્થાત્ તેને ઓળંગી જતાં), જીવ સમગ્ર (પરિપૂર્ણ) શાશ્વત સુખને પામે છે. ૧૮.

**[શ્લોકાર્થ :—]** પરિગ્રહનું ગ્રહણ છોડીને તેમ જ શરીર પ્રત્યે ઉપેક્ષા કરીને બુધ પુરુષે અવ્યગ્રતાથી (નિરાકુળતાથી) ભરેલું ચૈતન્ય માત્ર જેનું શરીર છે તેને (–આત્માને) ભાવવો. ૧૯.

---

૧. ઉપન્યાસ = કથન; સૂચન; લખાણ; પ્રારંભિક કથન; પ્રસ્તાવના.

૨. સુકૃત કે દુષ્કૃત = શુભ કે અશુભ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(शार्दूलविक्रीडित)

शस्ताशस्तसमस्तरागविलयान्मोहस्य निर्मूलनाद्
द्वेषाम्भःपरिपूर्णमानसघटप्रध्वंसनात् पावनम्।
ज्ञानज्योतिरनुत्तमं निरुपधि प्रव्यक्ति नित्योदितं
भेदज्ञानमहीजसत्फलमिदं वन्द्यं जगन्मंगलम्॥२०॥

(मन्दाक्रांता)

मोक्षे मोक्षे जयति सहजज्ञानमानन्दतानं
निर्व्याबाधं स्फुटितसहजावस्थमन्तर्मुखं च।
लीनं स्वस्मिन्सहजविलसच्चिच्चमत्कारमात्रे
स्वस्य ज्योतिःप्रतिहततमोवृत्ति नित्याभिरामम्॥२१॥

(अनुष्टुभ्)

सहजज्ञानसाम्राज्यसर्वस्वं शुद्धचिन्मयम्।
ममात्मानमयं ज्ञात्वा निर्विकल्पो भवाम्यहम्॥२२॥

---

**[શ્લોકાર્થ :—]** મોહને નિર્મૂળ કરવાથી, પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત રાગનો વિલય કરવાથી અને દ્વેષરૂપી જળથી ભરેલા મનરૂપી ઘડાનો નાશ કરવાથી, પવિત્ર, [1]અનુત્તમ, [2]નિરુપધિ અને નિત્ય-ઉદિત (સદા પ્રકાશમાન) એવી જ્ઞાનજ્યોતિ પ્રગટ થાય છે. ભેદ-જ્ઞાનરૂપી વૃક્ષનું આ [3]સત્ફળ વંદ્ય છે, જગતને મંગળરૂપ છે. ૨૦.

**[શ્લોકાર્થ :—]** આનંદમાં જેનો ફેલાવ છે, જે અવ્યાબાધ (બાધા રહિત) છે, જેની સહજ અવસ્થા ખીલી નીકળી છે, જે અંતર્મુખ છે, જે પોતામાં—સહજ વિલસતા (ખેલતા, પરિણમતા) ચિત્ચમત્કારમાત્રમાં—લીન છે, જેણે નિજ જ્યોતિથી તમોવૃત્તિને (–અંધકારદશાને, અજ્ઞાનપરિણતિને) નષ્ટ કરી છે અને જે નિત્ય અભિરામ (સદા સુંદર) છે, એવું સહજજ્ઞાન સંપૂર્ણ મોક્ષમાં જયવંત વર્તે છે. ૨૧.

**[શ્લોકાર્થ :—]** સહજજ્ઞાનરૂપી સામ્રાજ્ય જેનું સર્વસ્વ છે એવો શુદ્ધચૈતન્યમય મારા આત્માને જાણીને, હું આ નિર્વિકલ્પ થાઉં. ૨૨.

---

૧. અનુત્તમ = જેનાથી બીજું કાંઈ ઉત્તમ નથી એવી; સર્વશ્રેષ્ઠ.

૨. નિરુપધિ = ઉપધિ વિનાની; પરિગ્રહ રહિત; બાહ્ય સામગ્રી રહિત; ઉપાધિ રહિત; છળકપટ રહિત—સરળ.

૩. સત્ફળ = સુંદર ફળ; સારું ફળ; ઉત્તમ ફળ; સાચું ફળ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**तह दंसणउवओगो ससहावेदरवियप्पदो दुविहो।**
**केवलमिंदियरहियं असहायं तं सहावमिदि भणिदं ॥१३॥**

**तथा दर्शनोपयोगः स्वस्वभावेतरविकल्पतो द्विविधः।**
**केवलमिन्द्रियरहितं असहायं तत् स्वभाव इति भणितः ॥१३॥**

**दर्शनोपयोगस्वरूपाख्यानमेतत्।**

**यथा ज्ञानोपयोगो बहुविधविकल्पसनाथः दर्शनोपयोगश्च तथा। स्वभावदर्शनोपयोगो विभावदर्शनोपयोगश्च। स्वभावोऽपि द्विविधः, कारणस्वभावः कार्यस्वभावश्चेति। तत्र कारणदृष्टिः सदा पावनरूपस्य औदयिकादिचतुर्णां विभावस्वभावपरभावानामगोचरस्य**

---

**ઉપયોગ દર્શનનો સ્વભાવ-વિભાવરૂપ દ્વિવિધ છે;**
**અસહાય, ઇન્દ્રિવિહીન, કેવળ, તે સ્વભાવ કહેલ છે. ૧૩.**

**અન્વયાર્થ :—[तथा]** તેવી રીતે **[दर्शनोपयोगः]** દર્શનોપયોગ **[स्वस्वभावेतरविकल्पतः]** સ્વભાવ અને વિભાવના ભેદથી **[द्विविधः]** બે પ્રકારનો છે. **[केवलम्]** જે કેવળ, **[इन्द्रियरहितम्]** ઇન્દ્રિયરહિત અને **[असहायं]** અસહાય છે, **[तत्]** તે **[स्वभावः इति भणितः]** સ્વભાવ-દર્શનોપયોગ કહ્યો છે.

**ટીકા :—**આ, દર્શનોપયોગના સ્વરૂપનું કથન છે.

જેમ જ્ઞાનોપયોગ બહુવિધ ભેદોવાળો છે, તેમ દર્શનોપયોગ પણ તેવો છે. (ત્યાં પ્રથમ, તેના બે ભેદ છે : ) સ્વભાવદર્શનોપયોગ અને વિભાવદર્શનોપયોગ. સ્વભાવદર્શનોપયોગ પણ બે પ્રકારનો છે : કારણસ્વભાવદર્શનોપયોગ અને કાર્યસ્વભાવદર્શનોપયોગ.

ત્યાં [1]કારણદૃષ્ટિ તો, સદા પાવનરૂપ અને ઔદયિકાદિ ચાર [2]વિભાવસ્વભાવ

---

૧. દૃષ્ટિ = દર્શન. [દર્શન અથવા દૃષ્ટિના બે અર્થ છે : (૧) સામાન્ય પ્રતિભાસ, અને (૨) શ્રદ્ધા. જ્યાં જે અર્થ ઘટતો હોય ત્યાં તે અર્થ સમજવો. બન્ને અર્થો ગર્ભિત હોય ત્યાં બન્ને સમજવા.]

૨. વિભાવ = વિશેષ ભાવ; અપેક્ષિત ભાવ. [ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક એ ચાર ભાવો અપેક્ષિત ભાવો હોવાથી તેમને વિભાવસ્વભાવ પરભાવો કહ્યા છે. એક સહજપરમપારિણામિક ભાવને જ સદા-પાવનરૂપ નિજ સ્વભાવ કહ્યો છે. ચાર વિભાવભાવોનો આશ્રય કરવાથી પરમપારિણામિકભાવનો આશ્રય થતો નથી. પરમપારિણામિકભાવનો આશ્રય કરવાથી જ સમ્યક્ત્વથી માંડીને મોક્ષદશા સુધીની દશાઓ પ્રાપ્ત થાય છે.]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**सहजपरमपारिणामिकभावस्वभावस्य कारणसमयसारस्वरूपस्य निरावरणस्वभावस्य स्वस्वभावसत्तामात्रस्य परमचैतन्यसामान्यस्वरूपस्य अकृत्रिमपरमस्वस्वरूपाविचलस्थितिसनाथशुद्धचारित्रस्य नित्यशुद्धनिरंजनबोधस्य निखिलदुरघवीरवैरिसेनावैजयन्तीविध्वंसकारणस्य तस्य खलु स्वरूपश्रद्धानमात्रमेव।**

**अन्या कार्यदृष्टिः दर्शनज्ञानावरणीयप्रमुखघातिकर्मक्षयेण जातैव। अस्य खलु क्षायिकजीवस्य सकलविमलकेवलावबोधबुद्धभुवनत्रयस्य स्वात्मोत्थपरमवीतरागसुखसुधासमुद्रस्य यथाख्याताभिधानकार्यशुद्धचारित्रस्य साद्यनिधनामूर्तातींद्रियस्वभावशुद्धसद्भूतव्यवहारनयात्मकस्य त्रैलोक्यभव्यजनताप्रत्यक्षवंदनायोग्यस्य तीर्थकरपरमदेवस्य केवलज्ञानवदियमपि युगपल्लोकालोकव्यापिनी।**

---

પરભાવોને અગોચર એવો સહજ-પરમપારિણામિકભાવરૂપ જેનો સ્વભાવ છે, જે કારણસમયસારસ્વરૂપ છે, નિરાવરણ જેનો સ્વભાવ છે, જે નિજ સ્વભાવસત્તામાત્ર છે, જે પરમચૈતન્યસામાન્યસ્વરૂપ છે, જે અકૃત્રિમ પરમ સ્વ-સ્વરૂપમાં અવિચળસ્થિતિમય શુદ્ધચારિત્રસ્વરૂપ છે, જે નિત્ય-શુદ્ધ-નિરંજનજ્ઞાનસ્વરૂપ છે અને જે સમસ્ત દુષ્ટ પાપોરૂપ વીર દુશ્મનોની સેનાની ધજાના નાશનું કારણ છે એવા આત્માના ખરેખર [૧]સ્વરૂપશ્રદ્ધાનમાત્ર જ છે (અર્થાત્ કારણદૃષ્ટિ તો ખરેખર શુદ્ધાત્માની સ્વરૂપશ્રદ્ધામાત્ર જ છે).

બીજી કાર્યદૃષ્ટિ દર્શનાવરણીય–જ્ઞાનાવરણીયાદિ ઘાતિકર્મોના ક્ષયથી ઉત્પન્ન થાય છે. આ ક્ષાયિક જીવને—જેણે સકળવિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન વડે ત્રણ ભુવનને જાણ્યા છે, નિજ આત્માથી ઉત્પન્ન થતા પરમ વીતરાગ સુખામૃતનો જે સમુદ્ર છે, જે યથાખ્યાત નામના કાર્યશુદ્ધચારિત્રસ્વરૂપ છે, જે સાદિ-અનંત અમૂર્ત અતીંદ્રિયસ્વભાવવાળા [૨]શુદ્ધસદ્ભૂતવ્યવહારનયાત્મક છે, અને જે ત્રિલોકના ભવ્ય જનોને પ્રત્યક્ષ વંદનાયોગ્ય છે, એવા તીર્થંકરપરમદેવને—કેવળજ્ઞાનની માફક આ (કાર્યદૃષ્ટિ) પણ યુગપદ્ લોકાલોકમાં વ્યાપનારી છે.

---

૧. સ્વરૂપશ્રદ્ધાન = સ્વરૂપ-અપેક્ષાએ શ્રદ્ધાન. [જેમ કારણસ્વભાવજ્ઞાન અર્થાત્ સહજજ્ઞાન સ્વરૂપપ્રત્યક્ષ છે, તેમ કારણસ્વભાવદૃષ્ટિ અર્થાત્ સહજદર્શન સ્વરૂપશ્રદ્ધાનમાત્ર જ છે.]

૨. તીર્થંકરપરમદેવ શુદ્ધસદ્ભૂતવ્યવહારનયસ્વરૂપ છે, કે જે શુદ્ધસદ્ભૂતવ્યવહારનય સાદિ-અનંત, અમૂર્તિક અને અતીન્દ્રિયસ્વભાવવાળો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



इति कार्यकारणरूपेण स्वभावदर्शनोपयोगः प्रोक्तः। विभावदर्शनोपयोगोऽप्युत्तर-सूत्रस्थितत्वात् तत्रैव द्रश्यत इति।

(इन्द्रवज्रा)

दृग्ज्ञप्तिवृत्त्यात्मकमेकमेव
चैतन्यसामान्यनिजात्मतत्त्वम्।
मुक्तिस्पृहाणामयनं तदुच्चै-
रेतेन मार्गेण विना न मोक्षः॥२३॥

**चक्खु अचक्खू ओही तिण्णि वि भणिदं विहावदिट्ठि त्ति।**
**पज्जाओ दुवियप्पो सपरावेक्खो य णिरवेक्खो॥१४॥**

**चक्षुरचक्षुरवधयस्तिस्रोपि भणिता विभावदृष्टय इति।**
**पर्यायो द्विविकल्पः स्वपरापेक्षश्च निरपेक्षः॥१४॥**

**अशुद्धदृष्टिशुद्धाशुद्धपर्यायसूचनेयम्।**

---

આ રીતે કાર્યરૂપે અને કારણરૂપે સ્વભાવદર્શનોપયોગ કહ્યો. વિભાવદર્શનોપયોગ હવે પછીના સૂત્રમાં (૧૪મી ગાથામાં) હોવાથી ત્યાં જ દર્શાવવામાં આવશે.

[હવે ૧૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે:]

**[શ્લોકાર્થ :—]** દૃશિ-જ્ઞપ્તિ-વૃત્તિસ્વરૂપ (દર્શનજ્ઞાનચારિત્રરૂપે પરિણમતું) એવું જે એક જ ચૈતન્યસામાન્યરૂપ નિજ આત્મતત્ત્વ, તે મોક્ષેચ્છુઓને (મોક્ષનો) પ્રસિદ્ધ માર્ગ છે; આ માર્ગ વિના મોક્ષ નથી. ૨૩.

**ચક્ષુ, અચક્ષુ, અવધિ—ત્રણ દર્શન વિભાવિક છે કહ્યાં;**
**નિરપેક્ષ, સ્વપરાપેક્ષ—એ બે ભેદ છે પર્યાયના. ૧૪.**

**અન્વયાર્થ :—[चक्षुरचक्षुरवधयः]** ચક્ષુ, અચક્ષુ અને અવધિ **[तिस्रः अपि]** એ ત્રણે **[विभावदृष्टयः]** વિભાવદર્શન **[इति भणिताः]** કહેવામાં આવ્યાં છે. **[पर्यायः द्विविकल्पः]** પર્યાય દ્વિવિધ છે: **[स्वपरापेक्षः]** સ્વપરાપેક્ષ (સ્વ ને પરની અપેક્ષા યુક્ત) **[च]** અને **[निरपेक्षः]** નિરપેક્ષ.

**ટીકા :—**આ, અશુદ્ધ દર્શનની તથા શુદ્ધ ને અશુદ્ધ પર્યાયની સૂચના છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**मतिज्ञानावरणीयकर्मक्षयोपशमेन यथा मूर्तं वस्तु जानाति तथा चक्षुर्दर्शनावरणीयकर्मक्षयोपशमेन मूर्तं वस्तु पश्यति च। यथा श्रुतज्ञानावरणीयकर्मक्षयोपशमेन श्रुतद्वारेण द्रव्यश्रुतनिगदितमूर्तामूर्तसमस्तं वस्तुजातं परोक्षवृत्त्या जानाति तथैवाचक्षुर्दर्शनावरणीयकर्मक्षयोपशमेन स्पर्शनरसनघ्राणश्रोत्रद्वारेण तत्तद्योग्यविषयान् पश्यति च। यथा अवधिज्ञानावरणीयकर्मक्षयोपशमेन शुद्धपुद्गलपर्यंतं मूर्तद्रव्यं जानाति तथा अवधिदर्शनावरणीयकर्मक्षयोपशमेन समस्तमूर्तपदार्थं पश्यति च।**

**अत्रोपयोगव्याख्यानानन्तरं पर्यायस्वरूपमुच्यते। परि समन्तात् भेदमेति गच्छतीति पर्यायः। अत्र स्वभावपर्यायः षड्द्रव्यसाधारणः अर्थपर्यायः अवाङ्मनसगोचरः अतिसूक्ष्मः आगमप्रामाण्यादभ्युपगम्योऽपि च षड्ढानिवृद्धिविकल्पयुतः। अनंतभागवृद्धिः असंख्यातभागवृद्धिः संख्यातभागवृद्धिः संख्यातगुणवृद्धिः असंख्यातगुणवृद्धिः अनंतगुणवृद्धिः, तथा**

---

જેમ મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) મૂર્ત વસ્તુને જાણે છે, તેમ ચક્ષુદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) મૂર્ત વસ્તુને ★દેખે છે. જેમ શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) શ્રુત દ્વારા દ્રવ્યશ્રુતે કહેલા મૂર્ત-અમૂર્ત સમસ્ત વસ્તુસમૂહને પરોક્ષ રીતે જાણે છે, તેમ અચક્ષુદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) સ્પર્શન, રસન, ઘ્રાણ અને શ્રોત્ર દ્વારા તેને તેને યોગ્ય વિષયોને દેખે છે. જેમ અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) શુદ્ધપુદ્ગલપર્યંત (–પરમાણુ સુધીના) મૂર્તદ્રવ્યને જાણે છે, તેમ અવધિદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) સમસ્ત મૂર્ત પદાર્થને દેખે છે.

(ઉપર પ્રમાણે) ઉપયોગનું વ્યાખ્યાન કર્યા પછી અહીં પર્યાયનું સ્વરૂપ કહેવામાં આવે છે :

**परि समन्तात् भेदमेति गच्छतीति पर्यायः।** અર્થાત્ જે સર્વ તરફથી ભેદને પામે તે પર્યાય છે.

તેમાં, સ્વભાવપર્યાય છ દ્રવ્યને સાધારણ છે, અર્થપર્યાય છે, વાણી અને મનને અગોચર છે, અતિ સૂક્ષ્મ છે, આગમપ્રમાણથી સ્વીકારવાયોગ્ય તેમ જ છ હાનિવૃદ્ધિના ભેદો સહિત છે અર્થાત્ અનંતભાગ વૃદ્ધિ, અસંખ્યાતભાગ વૃદ્ધિ, સંખ્યાતભાગ વૃદ્ધિ, સંખ્યાતગુણ વૃદ્ધિ, અસંખ્યાતગુણ વૃદ્ધિ અને અનંતગુણ વૃદ્ધિ સહિત હોય છે અને એવી

---

★ દેખવું = સામાન્યપણે અવલોકવું; સામાન્ય પ્રતિભાસ થવો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



हानिश्च नीयते। अशुद्धपर्यायो नरनारकादिव्यंजनपर्याय इति।

(मालिनी)

अथ सति परभावे शुद्धमात्मानमेकं
सहजगुणमणीनामाकरं पूर्णबोधम्।
भजति निशितबुद्धिर्यः पुमान् शुद्धदृष्टिः
स भवति परमश्रीकामिनीकामरूपः।।२४।।

(मालिनी)

इति परगुणपर्यायेषु सत्सूत्तमानां
हृदयसरसिजाते राजते कारणात्मा।
सपदि समयसारं तं परं ब्रह्मरूपं
भज भजसि निजोत्थं भव्यशार्दूल स त्वम्।।२५।।

(पृथ्वी)

क्वचिल्लसति सद्गुणैः क्वचिदशुद्धरूपैर्गुणैः
क्वचित्सहजपर्ययैः क्वचिदशुद्धपर्यायकैः।

---

રીતે (વૃદ્ધિની જેમ) હાનિ પણ ઉતારાય છે.

અશુદ્ધપર્યાય નર-નારકાદિ વ્યંજનપર્યાય છે.

[હવે ૧૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ત્રણ શ્લોકો કહે છે :]

**[શ્લોકાર્થ :—]** પરભાવ હોવા છતાં, સહજગુણમણિની ખાણરૂપ અને પૂર્ણજ્ઞાનવાળા શુદ્ધ આત્માને એકને જે તીક્ષ્ણબુદ્ધિવાળો શુદ્ધદૃષ્ટિ પુરુષ ભજે છે, તે પુરુષ પરમશ્રીરૂપી કામિનીનો (મુક્તિસુંદરીનો) વલ્લભ બને છે. ૨૪.

**[શ્લોકાર્થ :—]** એ રીતે પર ગુણપર્યાયો હોવા છતાં, ઉત્તમ પુરુષોના હૃદયકમળમાં કારણ-આત્મા વિરાજે છે. પોતાથી ઉત્પન્ન એવા તે પરમબ્રહ્મરૂપ સમયસારને—કે જેને તું ભજી રહ્યો છે તેને—, હે ભવ્યશાર્દૂલ (ભવ્યોત્તમ), તું શીઘ્ર ભજ; તું તે છે. ૨૫.

**[શ્લોકાર્થ :—]** જીવતત્ત્વ કવચિત્ સદ્ગુણો સહિત *વિલસે છે—દેખાય છે,

---

★ વિલસવું = દેખાવ દેવો; દેખાવું; ઝળકવું; આવિર્ભૂત થવું; પ્રગટ થવું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सनाथमपि जीवतत्त्वमनाथं समस्तैरिदं
नमामि परिभावयामि सकलार्थसिद्धयै सदा ॥२६॥

णरणारयतिरियसुरा पज्जाया ते विहावमिदि भणिदा।
कम्मोपाधिविवज्जियपज्जाया ते सहावमिदि भणिदा॥१५॥

नरनारकतिर्यक्सुराः पर्यायास्ते विभावा इति भणिताः।
कर्मोपाधिविवर्जितपर्यायास्ते स्वभावा इति भणिताः॥१५॥

स्वभावविभावपर्यायसंक्षेपोक्तिरियम्।

तत्र स्वभावविभावपर्यायाणां मध्ये स्वभावपर्यायस्तावद् द्विप्रकारेणोच्यते। कारणशुद्धपर्यायः कार्यशुद्धपर्यायश्चेति। इह हि सहजशुद्धनिश्चयेन अनाद्यनिधनामूर्तातीन्द्रियस्वभावशुद्धसहजज्ञानसहजदर्शनसहजचारित्रसहजपरमवीतरागसुखात्मकशुद्धान्तस्तत्त्वस्वरूपस्व-

---

ક્વચિત્ અશુદ્ધરૂપ ગુણો સહિત વિલસે છે, ક્વચિત્ સહજ પર્યાયો સહિત વિલસે છે અને ક્વચિત્ અશુદ્ધ પર્યાયો સહિત વિલસે છે. આ બધાથી સહિત હોવા છતાં પણ જે એ બધાથી રહિત છે એવા આ જીવતત્ત્વને હું સકળ અર્થની સિદ્ધિને માટે સદા નમું છું, ભાવું છું. ૨૬.

તિર્યંચ-નારક-દેવ-નર પર્યાય વૈભાવિક કહ્યા;
પર્યાય કર્મોપાધિવર્જિત તે સ્વભાવિક ભાખિયા. ૧૫.

**અન્વયાર્થઃ**—[नरनारकतिर्यक्सुराः पर्यायाः] મનુષ્ય, નારક, તિર્યંચ ને દેવરૂપ પર્યાયો [ते] તે [विभावाः] વિભાવપર્યાયો [इति भणिताः] કહેવામાં આવ્યા છે; [कर्मोपाधिविवर्जितपर्यायाः] કર્મોપાધિ રહિત પર્યાયો [ते] તે [स्वभावाः] સ્વભાવપર્યાયો [इति भणिताः] કહેવામાં આવ્યા છે.

**ટીકાઃ**—આ, સ્વભાવપર્યાયો અને વિભાવપર્યાયોનું સંક્ષેપકથન છે.

ત્યાં, સ્વભાવપર્યાયો અને વિભાવપર્યાયો મધ્યે પ્રથમ સ્વભાવપર્યાય બે પ્રકારે કહેવામાં આવે છે : કારણશુદ્ધપર્યાય અને કાર્યશુદ્ધપર્યાય.

અહીં સહજ શુદ્ધ નિશ્ચયથી, અનાદિ-અનંત, અમૂર્ત, અતીંદ્રિયસ્વભાવવાળાં અને શુદ્ધ એવાં સહજજ્ઞાન-સહજદર્શન-સહજચારિત્ર-સહજપરમવીતરાગસુખાત્મક શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



भावानन्तचतुष्टयस्वरूपेण सहांचितपंचमभावपरिणतिरेव कारणशुद्धपर्याय इत्यर्थः। साद्यनिधनामूर्तातीन्द्रियस्वभावशुद्धसद्भूतव्यवहारेण केवलज्ञानकेवलदर्शनकेवलसुखकेवलशक्तियुक्तफलरूपानंतचतुष्टयेन सार्धं परमोत्कृष्टक्षायिकभावस्य शुद्धपरिणतिरेव कार्यशुद्धपर्यायश्च। अथवा पूर्वसूत्रोपात्तसूक्ष्मऋजुसूत्रनयाभिप्रायेण षड्द्रव्यसाधारणाः सूक्ष्मास्ते हि अर्थपर्यायाः शुद्धा इति बोद्धव्याः। उक्तः समासतः शुद्धपर्यायविकल्पः।

इदानीं व्यंजनपर्याय उच्यते। व्यज्यते प्रकटीक्रियते अनेनेति व्यञ्जनपर्यायः। कुतः ? लोचनगोचरत्वात् पटादिवत्। अथवा सादिसनिधनमूर्तविजातीयविभावस्वभावत्वात्, दृश्यमानविनाशस्वरूपत्वात्।

व्यंजनपर्यायश्च---पर्यायिनमात्मानमन्तरेण पर्यायस्वभावात् शुभाशुभमिश्रपरिणामेनात्मा

---

જે સ્વભાવ-અનંતચતુષ્ટયનું સ્વરૂપ તેની સાથેની જે પૂજિત પંચમભાવપરિણતિ (–તેની સાથે તન્મયપણે રહેલી જે પૂજ્ય એવી પારિણામિકભાવની પરિણતિ) તે જ કારણશુદ્ધપર્યાય છે, એવો અર્થ છે.

સાદિ-અનંત, અમૂર્ત, અતીન્દ્રિયસ્વભાવવાળા શુદ્ધસદ્ભૂતવ્યવહારથી, કેવળજ્ઞાન-કેવળદર્શન-કેવળસુખ-કેવળશક્તિયુક્ત ફળરૂપ અનંતચતુષ્ટયની સાથેની (–અનંતચતુષ્ટયની સાથે તન્મયપણે રહેલી) જે પરમોત્કૃષ્ટ ક્ષાયિકભાવની શુદ્ધપરિણતિ તે જ *કાર્યશુદ્ધપર્યાય છે. અથવા, પૂર્વ સૂત્રમાં કહેલા સૂક્ષ્મ ઋજુસૂત્રનયના અભિપ્રાયથી, છ દ્રવ્યોને સાધારણ અને સૂક્ષ્મ એવા તે અર્થપર્યાયો શુદ્ધ જાણવા (અર્થાત્ તે અર્થપર્યાયો જ શુદ્ધપર્યાયો છે).

(એ રીતે) શુદ્ધપર્યાયના ભેદ સંક્ષેપથી કહ્યા.

હવે વ્યંજનપર્યાય કહેવામાં આવે છે : જેનાથી વ્યક્ત થાય—પ્રગટ થાય તે વ્યંજનપર્યાય છે. શા કારણે? પટાદિની (વસ્ત્ર વગેરેની) માફક ચક્ષુગોચર હોવાથી (પ્રગટ થાય છે); અથવા, સાદિ-સાંત મૂર્ત વિજાતીયવિભાવસ્વભાવવાળો હોવાથી, દેખાઈને નાશ પામવાના સ્વરૂપવાળો હોવાથી (પ્રગટ થાય છે).

પર્યાયી આત્માના જ્ઞાન વિના આત્મા પર્યાયસ્વભાવવાળો હોય છે; તેથી

---

★ સહજજ્ઞાનાદિ સ્વભાવ-અનંતચતુષ્ટયયુક્ત કારણશુદ્ધપર્યાયમાંથી કેવળજ્ઞાનાદિ અનંતચતુષ્ટયયુક્ત કાર્યશુદ્ધપર્યાય પ્રગટે છે. પૂજનીય પરમપારિણામિકભાવપરિણતિ તે કારણશુદ્ધપર્યાય છે અને શુદ્ધ ક્ષાયિકભાવપરિણતિ તે કાર્યશુદ્ધપર્યાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



व्यवहारेण नरो जातः, तस्य नराकारो नरपर्यायः; केवलेनाशुभकर्मणा व्यवहारेणात्मा नारको जातः, तस्य नारकाकारो नारकपर्यायः; किञ्चिच्छुभमिश्रमायापरिणामेन तिर्यक्कायजो व्यवहारेणात्मा, तस्याकारस्तिर्यक्पर्यायः; केवलेन शुभकर्मणा व्यवहारेणात्मा देवः, तस्याकारो देवपर्यायश्चेति।

अस्य पर्यायस्य प्रपञ्चो ह्यागमान्तरे द्रष्टव्य इति।

(मालिनी)

अपि च बहुविभावे सत्ययं शुद्धदृष्टिः
सहजपरमतत्त्वाभ्यासनिष्णातबुद्धिः।
सपदि समयसारान्नान्यदस्तीति मत्त्वा
स भवति परमश्रीकामिनीकामरूपः॥२७॥

**माणुस्सा दुवियप्पा कम्ममहीभोगभूमिसंजादा।**
**सत्तविहा णेरइया णादव्वा पुढविभेदेण॥१६॥**

---

શુભાશુભરૂપ મિશ્ર પરિણામથી આત્મા વ્યવહારે મનુષ્ય થાય છે, તેનો મનુષ્યાકાર તે મનુષ્યપર્યાય છે; કેવળ અશુભ કર્મથી વ્યવહારે આત્મા નારક થાય છે, તેનો નારક-આકાર તે નારકપર્યાય છે; કિંચિત્‌શુભમિશ્રિત માયાપરિણામથી આત્મા વ્યવહારે તિર્યંચકાયમાં જન્મે છે, તેનો આકાર તે તિર્યંચપર્યાય છે; અને કેવળ શુભ કર્મથી વ્યવહારે આત્મા દેવ થાય છે, તેનો આકાર તે દેવપર્યાય છે.—આ વ્યંજનપર્યાય છે. આ પર્યાયનો વિસ્તાર અન્ય આગમમાં જોઈ લેવો.

[હવે ૧૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** બહુ વિભાવ હોવા છતાં પણ, સહજ પરમ તત્ત્વના અભ્યાસમાં જેની બુદ્ધિ પ્રવીણ છે એવો આ શુદ્ધદૃષ્ટિવાળો પુરુષ, 'સમયસારથી અન્ય કાંઈ નથી' એમ માનીને, શીઘ્ર પરમશ્રીરૂપી સુંદરીનો વલ્લભ થાય છે. ૨૭.

**છે કર્મભૂમિજ ભોગભૂમિજ—ભેદ બે મનુજો તણા,**
**ને પૃથ્વીભેદે સપ્ત ભેદો જાણવા નારક તણા. ૧૬.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



चउदहभेदा भणिदा तेरिच्छा सुरगणा चउब्भेदा।
एदेसिं वित्थारं लोयविभागेसु णादव्वं ॥१७॥

मानुषा द्विविकल्पाः कर्ममहीभोगभूमिसंजाताः।
सप्तविधा नारका ज्ञातव्याः पृथ्वीभेदेन ॥१६॥
चतुर्दशभेदा भणितास्तिर्यञ्चः सुरगणाश्चतुर्भेदाः।
एतेषां विस्तारो लोकविभागेषु ज्ञातव्यः ॥१७॥

चतुर्गतिस्वरूपनिरूपणाख्यानमेतत्।

मनोरपत्यानि मनुष्याः। ते द्विविधाः, कर्मभूमिजा भोगभूमिजाश्चेति। तत्र कर्मभूमिजाश्च द्विविधाः, आर्या म्लेच्छाश्चेति। आर्याः पुण्यक्षेत्रवर्तिनः। म्लेच्छाः पापक्षेत्रवर्तिनः। भोगभूमिजाश्चार्यनामधेयधरा जघन्यमध्यमोत्तमक्षेत्रवर्तिनः एकद्वित्रि-

---

તિર્યંચના છે ચૌદ ભેદો, ચાર ભેદો દેવના;
આ સર્વનો વિસ્તાર છે નિર્દિષ્ટ લોકવિભાગમાં. ૧૭.

**અન્વયાર્થ** :—[मानुषाः द्विविकल्पाः] મનુષ્યોના બે ભેદ છે : [कर्ममहीभोगभूमिसंजाताः] કર્મભૂમિમાં જન્મેલા અને ભોગભૂમિમાં જન્મેલા; [पृथ्वीभेदेन] પૃથ્વીના ભેદથી [नारकाः] નારકો [सप्तविधाः ज्ञातव्याः] સાત પ્રકારના જાણવા; [तिर्यञ्चः] તિર્યંચોના [चतुर्दशभेदाः] ચૌદ ભેદ [भणिताः] કહ્યા છે; [सुरगणाः] દેવસમૂહોના [चतुर्भेदाः] ચાર ભેદ છે. [एतेषां विस्तारः] આમનો વિસ્તાર [लोकविभागेषु ज्ञातव्यः] લોકવિભાગમાંથી જાણી લેવો.

**ટીકા** :—આ, ચાર ગતિના સ્વરૂપનિરૂપણરૂપ કથન છે.

★મનુનાં સંતાન તે મનુષ્યો છે. તેઓ બે પ્રકારના છે : કર્મભૂમિજ અને ભોગભૂમિજ. તેમાં કર્મભૂમિજ મનુષ્યો પણ બે પ્રકારના છે : આર્ય અને મ્લેચ્છ. પુણ્યક્ષેત્રમાં રહેનારા તે આર્ય છે અને પાપક્ષેત્રમાં રહેનારા તે મ્લેચ્છ છે. ભોગભૂમિજ મનુષ્યો આર્ય નામને ધારણ કરે છે, જઘન્ય, મધ્યમ અથવા ઉત્તમ ક્ષેત્રમાં રહેનારા છે

★ ભોગભૂમિના અંતમાં અને કર્મભૂમિના આદિમાં થતા કુલકરો મનુષ્યોને આજીવિકાનાં સાધન શીખવીને લાલિત–પાલિત કરે છે તેથી તેઓ મનુષ્યોના પિતા સમાન છે. કુલકરને મનુ કહેવામાં આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**पल्योपमायुषः। रत्नशर्करावालुकापंकधूमतमोमहातमःप्रभाभिधानसप्तपृथ्वीनां भेदान्नारकजीवाः सप्तधा भवन्ति। प्रथमनरकस्य नारका ह्येकसागरोपमायुषः। द्वितीयनरकस्य नारकाः त्रिसागरोपमायुषः। तृतीयस्य सप्त। चतुर्थस्य दश। पंचमस्य सप्तदश। षष्ठस्य द्वाविंशतिः। सप्तमस्य त्रयस्त्रिंशत्। अथ विस्तरभयात् संक्षेपेणोच्यते। तिर्यञ्चः सूक्ष्मैकेन्द्रियपर्याप्तकापर्याप्तकबादरैकेन्द्रियपर्याप्तकापर्याप्तकद्वींद्रियपर्याप्तकापर्याप्तकत्रीन्द्रियपर्याप्तकापर्याप्तकचतुरिन्द्रियपर्याप्तकापर्याप्तकासंज्ञिपंचेन्द्रियपर्याप्तकापर्याप्तकसंज्ञिपंचेन्द्रियपर्याप्तकापर्याप्तकभेदाच्चतुर्दशभेदा भवन्ति। भावनव्यंतरज्योतिःकल्पवासिकभेदाद्देवाश्चतुर्णिकायाः। एतेषां चतुर्गतिजीवभेदानां भेदो लोकविभागाभिधानपरमागमे द्रष्टव्यः। इहात्मस्वरूपप्ररूपणान्तरायहेतुरिति पूर्वसूरिभिः सूत्रकृद्भिरनुक्त इति।**

---

અને એક પલ્યોપમ, બે પલ્યોપમ અથવા ત્રણ પલ્યોપમના આયુષવાળા છે.

રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા અને મહાતમઃપ્રભા નામની સાત પૃથ્વીના ભેદને લીધે નારક જીવો સાત પ્રકારે છે. પહેલી નરકના નારકો એક સાગરોપમના આયુષવાળા છે, બીજી નરકના નારકો ત્રણ સાગરોપમના આયુષવાળા છે, ત્રીજી નરકના નારકો સાત સાગરોપમના આયુષવાળા છે, ચોથી નરકના નારકો દસ સાગરોપમ, પાંચમી નરકના સત્તર સાગરોપમ, છઠ્ઠી નરકના બાવીશ સાગરોપમ અને સાતમી નરકના નારકો તેત્રીશ સાગરોપમના આયુષવાળા છે.

હવે વિસ્તારના ભયને લીધે સંક્ષેપથી કહેવામાં આવે છે :—

તિર્યંચોના ચૌદ ભેદ છે : (૧-૨) સૂક્ષ્મ એકેંદ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત, (૩-૪) બાદર એકેંદ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત, (૫-૬) દ્વીંદ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત, (૭-૮) ત્રીંદ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત, (૯-૧૦) ચતુરિંદ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત, (૧૧-૧૨) અસંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત, (૧૩-૧૪) સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત.

દેવોના ચાર નિકાય (સમૂહ) છે : (૧) ભવનવાસી, (૨) વ્યંતર, (૩) જ્યોતિષ્ક અને (૪) કલ્પવાસી.

આ ચાર ગતિના જીવોના ભેદોના ભેદ લોકવિભાગ નામના પરમાગમમાં જોઈ લેવા. અહીં (આ પરમાગમમાં) આત્મસ્વરૂપના નિરૂપણમાં અંતરાયનો હેતુ થાય તેથી સૂત્રકર્તા પૂર્વાચાર્યમહારાજે (તે વિશેષ ભેદો) કહ્યા નથી.

[હવે આ બે ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોકો કહે છે :]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(मन्दाक्रांता)

स्वर्गे वाऽस्मिन्मनुजभुवने खेचरेन्द्रस्य दैवा-
ज्ज्योतिर्लोके फणपतिपुरे नारकाणां निवासे।
अन्यस्मिन् वा जिनपतिभवने कर्मणां नोऽस्तु सूतिः
भूयो भूयो भवतु भवतः पादपङ्केजभक्तिः॥२८॥

(शार्दूलविक्रीडित)

नानानूननराधिनाथविभवानाकर्ण्य चालोक्य च
त्वं क्लिश्नासि मुधात्र किं जडमते पुण्यार्जितास्ते ननु।
तच्छक्तिर्जिननाथपादकमलद्वन्द्वार्चनायामियं
भक्तिस्ते यदि विद्यते बहुविधा भोगाः स्युरेते त्वयि॥२९॥

**कत्ता भोत्ता आदा पोग्गलकम्मस्स होदि ववहारा।**
**कम्मजभावेणादा कत्ता भोत्ता दु णिच्छयदो॥१८॥**

**कर्ता भोक्ता आत्मा पुद्गलकर्मणो भवति व्यवहारात्।**
**कर्मजभावेनात्मा कर्ता भोक्ता तु निश्चयतः॥१८॥**

---

[**શ્લોકાર્થ :—**] (હે જિનેંદ્ર!) દૈવયોગે હું સ્વર્ગમાં હોઉં, આ મનુષ્યલોકમાં હોઉં, વિદ્યાધરના સ્થાનમાં હોઉં, જ્યોતિષ્ક દેવોના લોકમાં હોઉં, નાગેંદ્રના નગરમાં હોઉં, નારકોના નિવાસમાં હોઉં, જિનપતિના ભવનમાં હોઉં કે અન્ય ગમે તે સ્થળે હોઉં, (પરંતુ) મને કર્મનો ઉદ્‌ભવ ન હો, ફરી ફરીને આપના પાદપંકજની ભક્તિ હો. ૨૮.

[**શ્લોકાર્થ :—**] નરાધિપતિઓના અનેકવિધ મહા વૈભવોને સાંભળીને તથા દેખીને, હે જડમતિ, તું અહીં ફોગટ ક્લેશ કેમ પામે છે! તે વૈભવો ખરેખર પુણ્યથી પ્રાપ્ત થાય છે. તે (પુણ્યોપાર્જનની) શક્તિ જિનનાથના પાદપદ્મયુગલની પૂજામાં છે; જો તને એ જિનપાદપદ્મની ભક્તિ હોય, તો તે બહુવિધ ભોગો તને (આપોઆપ) હશે. ૨૯.

**આત્મા કરે, વળી ભોગવે પુદ્‌ગલકરમ વ્યવહારથી;**
**ને કર્મજનિત વિભાવનો કર્તાદિ છે નિશ્ચય થકી. ૧૮.**

**અન્વયાર્થ :—[आत्मा]** આત્મા **[पुद्‌गलकर्मणः]** પુદ્‌ગલકર્મનો **[कर्ता भोक्ता]** કર્તા-



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कर्तृत्वभोक्तृत्वप्रकारकथनमिदम्।

आसन्नगतानुपचरितासद्भूतव्यवहारनयाद् द्रव्यकर्मणां कर्ता तत्फलरूपाणां सुखदुःखानां भोक्ता च, आत्मा हि अशुद्धनिश्चयनयेन सकलमोहरागद्वेषादिभावकर्मणां कर्ता भोक्ता च, अनुपचरितासद्भूतव्यवहारेण नोकर्मणां कर्ता, उपचरितासद्भूतव्यवहारेण घटपटशकटादीनां कर्ता। इत्यशुद्धजीवस्वरूपमुक्तम्।

(मालिनी)

अपि च सकलरागद्वेषमोहात्मको यः
परमगुरुपदाब्जद्वन्द्वसेवाप्रसादात्।
सहजसमयसारं निर्विकल्पं हि बुद्ध्वा
स भवति परमश्रीकामिनीकान्तकान्तः ॥३०॥

(अनुष्टुभ्)

भावकर्मनिरोधेन द्रव्यकर्मनिरोधनम्।
द्रव्यकर्मनिरोधेन संसारस्य निरोधनम् ॥३१॥

---

ભોક્તા [व्यवहारात्] વ્યવહારથી [भवति] છે [तु] અને [आत्मा] આત્મા [कर्मजभावेन] કર્મજનિત ભાવનો [कर्ता भोक्ता] કર્તા-ભોક્તા [निश्चयतः] (અશુદ્ધ) નિશ્ચયથી છે.

**ટીકા** :—આ, કર્તૃત્વ-ભોક્તૃત્વના પ્રકારનું કથન છે.

આત્મા નિકટવર્તી અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી દ્રવ્યકર્મનો કર્તા અને તેના ફળરૂપ સુખદુઃખનો ભોક્તા છે, અશુદ્ધ નિશ્ચયનયથી સમસ્ત મોહરાગદ્વેષાદિ ભાવકર્મનો કર્તા અને ભોક્તા છે, અનુપચરિત અસદ્ભૂત વ્યવહારથી (દેહાદિ) નોકર્મનો કર્તા છે, ઉપચરિત અસદ્ભૂત વ્યવહારથી ઘટ-પટ-શકટાદિનો (ઘડો, વસ્ત્ર, ગાડું ઇત્યાદિનો) કર્તા છે. આમ અશુદ્ધ જીવનું સ્વરૂપ કહ્યું.

[હવે ૧૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ છ શ્લોકો કહે છે :]

[**શ્લોકાર્થ** :—] સકળ મોહરાગદ્વેષવાળો જે કોઈ પુરુષ પરમ ગુરુના ચરણ-કમળયુગલની સેવાના પ્રસાદથી નિર્વિકલ્પ સહજ સમયસારને જાણે છે, તે પુરુષ પરમશ્રીરૂપી સુંદરીનો પ્રિય કાન્ત થાય છે. ૩૦.

[**શ્લોકાર્થ** :—] ભાવકર્મના નિરોધથી દ્રવ્યકર્મનો નિરોધ થાય છે; દ્રવ્યકર્મના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(वसन्ततिलका)

**संज्ञानभावपरिमुक्तविमुग्धजीवः**
**कुर्वन् शुभाशुभमनेकविधं स कर्म।**
**निर्मुक्तिमार्गमणुमप्यभिवाञ्छितुं नो**
**जानाति तस्य शरणं न समस्ति लोके॥३२॥**

(वसन्ततिलका)

**यः कर्मशर्मनिकरं परिहृत्य सर्वं**
**निष्कर्मशर्मनिकरामृतवारिपूरे।**
**मज्जन्तमत्यधिकचिन्मयमेकरूपं**
**स्वं भावमद्वयममुं समुपैति भव्यः॥३३॥**

(मालिनी)

**असति सति विभावे तस्य चिन्तास्ति नो नः**
**सततमनुभवामः शुद्धमात्मानमेकम्।**
**हृदयकमलसंस्थं सर्वकर्मप्रमुक्तं**
**न खलु न खलु मुक्तिर्नान्यथास्त्यस्ति तस्मात्॥३४॥**

---

નિરોધથી સંસારનો નિરોધ થાય છે. ૩૧.

**[શ્લોકાર્થ :—]** જે જીવ સમ્યગ્જ્ઞાનભાવરહિત વિમુગ્ધ (મોહી, ભ્રાન્ત) છે, તે જીવ શુભાશુભ અનેકવિધ કર્મને કરતો થકો મોક્ષમાર્ગને લેશમાત્ર પણ વાંછવાનું જાણતો નથી; તેને લોકમાં (કોઈ) શરણ નથી. ૩૨.

**[શ્લોકાર્થ :—]** જે સમસ્ત કર્મજનિત સુખસમૂહને પરિહરે છે, તે ભવ્ય પુરુષ નિષ્કર્મ સુખસમૂહરૂપી અમૃતના સરોવરમાં મગ્ન થતા એવા આ અતિશયચૈતન્યમય, એકરૂપ, અદ્વિતીય નિજ ભાવને પામે છે. ૩૩.

**[શ્લોકાર્થ :—]** (અમારા આત્મસ્વભાવમાં) વિભાવ અસત્ હોવાથી તેની અમને ચિંતા નથી; અમે તો હૃદયકમળમાં સ્થિત, સર્વ કર્મથી વિમુક્ત, શુદ્ધ આત્માને એકને સતત અનુભવીએ છીએ, કારણ કે અન્ય કોઈ પ્રકારે મુક્તિ નથી, નથી, નથી જ. ૩૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(मालिनी)

भविनि भवगुणाः स्युः सिद्धजीवेऽपि नित्यं
निजपरमगुणाः स्युः सिद्धिसिद्धाः समस्ताः।
व्यवहरणनयोऽयं निश्चयान्नैव सिद्धि-
र्न च भवति भवो वा निर्णयोऽयं बुधानाम्।।३५।।

**दव्वत्थिएण जीवा वदिरित्ता पुव्वभणिदपज्जाया।**
**पज्जयणएण जीवा संजुत्ता होंति दुविहेहिं।।१९।।**

द्रव्यार्थिकेन जीवा व्यतिरिक्ताः पूर्वभणितपर्यायात्।
पर्यायनयेन जीवाः संयुक्ता भवन्ति द्वाभ्याम्।।१९।।

इह हि नयद्वयस्य सफलत्वमुक्तम्।

द्वौ हि नयौ भगवदर्हत्परमेश्वरेण प्रोक्तौ, द्रव्यार्थिकः पर्यायार्थिकश्चेति। द्रव्यमेवार्थः प्रयोजनमस्येति द्रव्यार्थिकः। पर्याय एवार्थः प्रयोजनमस्येति पर्यायार्थिकः। न खलु

[શ્લોકાર્થ :—] સંસારીમાં સાંસારિક ગુણો હોય છે અને સિદ્ધ જીવમાં સદા સમસ્ત સિદ્ધિસિદ્ધ (મોક્ષથી સિદ્ધ અર્થાત્ પરિપૂર્ણ થયેલા) નિજ પરમગુણો હોય છે—આ પ્રમાણે વ્યવહારનય છે. નિશ્ચયથી તો સિદ્ધિ પણ નથી જ અને સંસાર પણ નથી જ. આ બુધ પુરુષોનો નિર્ણય છે. ૩૫.

**પૂર્વોક્ત પર્યાયોથી છે વ્યતિરિક્ત જીવ દ્રવ્યાર્થિકે;**
**ને ઉક્ત પર્યાયોથી છે સંયુક્ત પર્યાયાર્થિકે. ૧૯.**

**અન્વયાર્થ :—**[द्रव्यार्थिकेन] દ્રવ્યાર્થિક નયે [जीवाः] જીવો [पूर्वभणितपर्यायात्] પૂર્વકથિત પર્યાયથી [व्यतिरिक्ताः] ★વ્યતિરિક્ત છે; [पर्यायनयेन] પર્યાયનયે [जीवाः] જીવો [संयुक्ताः भवन्ति] તે પર્યાયથી સંયુક્ત છે. [द्वाभ्याम्] આ રીતે જીવો બન્ને નયોથી સંયુક્ત છે.

**ટીકા :—**અહીં બન્ને નયોનું સફળપણું કહ્યું છે.

ભગવાન અર્હત્ પરમેશ્વરે બે નયો કહ્યા છે : દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક. દ્રવ્ય જ જેનો અર્થ એટલે કે પ્રયોજન છે તે દ્રવ્યાર્થિક છે અને પર્યાય જ જેનો અર્થ એટલે

★ વ્યતિરિક્ત = ભિન્ન; રહિત; શૂન્ય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



एकनयायत्तोपदेशो ग्राह्यः, किन्तु तदुभयनयायत्तोपदेशः। सत्ताग्राहकशुद्धद्रव्यार्थिकनयबलेन पूर्वोक्तव्यञ्जनपर्यायेभ्यः सकाशान्मुक्तामुक्तसमस्तजीवराशयः सर्वथा व्यतिरिक्ता एव। कुतः? "सव्वे सुद्धा हु सुद्धणया" इति वचनात्। विभावव्यंजनपर्यायार्थिकनयबलेन ते सर्वे जीवास्संयुक्ता भवन्ति। किंच सिद्धानामर्थपर्यायैः सह परिणतिः, न पुनर्व्यंजनपर्यायैः सह परिणतिरिति। कुतः? सदा निरंजनत्वात्। सिद्धानां सदा निरंजनत्वे सति तर्हि द्रव्यार्थिकपर्यायार्थिकनयाभ्याम् द्वाभ्याम् संयुक्ताः सर्वे जीवा इति सूत्रार्थो व्यर्थः। निगमो विकल्पः, तत्र भवो नैगमः। स च नैगमनयस्तावत् त्रिविधः, भूतनैगमः वर्तमाननैगमः भाविनैगमश्चेति। अत्र भूतनैगमनयापेक्षया भगवतां सिद्धानामपि व्यंजनपर्यायत्वमशुद्धत्वं च संभवति। पूर्वकाले ते भगवन्तः संसारिण इति व्यवहारात्। किं बहुना, सर्वे जीवा

---

કે પ્રયોજન છે તે પર્યાયાર્થિક છે. એક નયને અવલંબતો ઉપદેશ ગ્રહવાયોગ્ય નથી પણ તે બન્ને નયોને અવલંબતો ઉપદેશ ગ્રહવાયોગ્ય છે. સત્તાગ્રાહક (-દ્રવ્યની સત્તાને જ ગ્રહણ કરનારા) શુદ્ધ દ્રવ્યાર્થિક નયના બળે પૂર્વોક્ત વ્યંજનપર્યાયોથી મુક્ત તેમ જ અમુક્ત (-સિદ્ધ તેમ જ સંસારી) સમસ્ત જીવરાશિ સર્વથા વ્યતિરિક્ત જ છે. કેમ? **'सव्वे सुद्धा हु सुद्धणया** (શુદ્ધનયે સર્વ જીવ ખરેખર શુદ્ધ છે)' એવું (શાસ્ત્રનું) વચન હોવાથી. વિભાવવ્યંજનપર્યાયાર્થિક નયના બળે તે સર્વ જીવો (પૂર્વોક્ત વ્યંજનપર્યાયોથી) સંયુક્ત છે. વિશેષ એટલું કે—સિદ્ધ જીવોને અર્થપર્યાયો સહિત પરિણતિ છે, પરંતુ વ્યંજનપર્યાયો સહિત પરિણતિ નથી. કેમ? સિદ્ધ જીવો સદા નિરંજન હોવાથી. (પ્રશ્ન :—) જો સિદ્ધ જીવો સદા નિરંજન છે તો બધા જીવો દ્રવ્યાર્થિક તેમ જ પર્યાયાર્થિક બન્ને નયોથી સંયુક્ત છે (અર્થાત્ બધા જીવોને બન્ને નયો લાગુ પડે છે) એવો સૂત્રાર્થ (ગાથાનો અર્થ) વ્યર્થ ઠરે છે. (ઉત્તર :—વ્યર્થ નથી ઠરતો કારણ કે—) નિગમ એટલે વિકલ્પ; તેમાં હોય તે *નૈગમ. તે નૈગમનય ત્રણ પ્રકારનો છે : ભૂત નૈગમ, વર્તમાન નૈગમ અને ભાવી નૈગમ. અહીં ભૂત નૈગમનયની અપેક્ષાએ ભગવંત સિદ્ધોને પણ વ્યંજનપર્યાયવાળાપણું અને અશુદ્ધપણું સંભવે છે, કેમ કે પૂર્વ કાળે તે ભગવંતો સંસારીઓ હતા એવો વ્યવહાર છે. બહુ કથનથી શું? સર્વ જીવો બે નયોના

---

★ જે ભૂતકાળના પર્યાયને વર્તમાનવત્ સંકલ્પિત કરે (અથવા કહે), ભવિષ્યકાળના પર્યાયને વર્તમાનવત્ સંકલ્પિત કરે (અથવા કહે), અથવા કંઈક નિષ્પન્નતાયુક્ત અને કંઈક અનિષ્પન્નતા-યુક્ત વર્તમાન પર્યાયને સર્વનિષ્પન્નવત્ સંકલ્પિત કરે (અથવા કહે), તે જ્ઞાનને (અથવા વચનને) નૈગમનય કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**नयद्वयबलेन शुद्धाशुद्धा इत्यर्थः।**

**तथा चोक्तं श्रीमदमृतचन्द्रसूरिभिः—**

(मालिनी)

**''उभयनयविरोधध्वंसिनि स्यात्पदांके**
**जिनवचसि रमन्ते ये स्वयं वान्तमोहाः।**
**सपदि समयसारं ते परं ज्योतिरुच्चै-**
**रनवमनयपक्षाक्षुण्णमीक्षन्त एव।''**

**तथा हि—**

(मालिनी)

**अथ नययुगयुक्तिं लंघयन्तो न सन्तः**
**परमजिनपदाब्जद्वन्द्वमत्तद्विरेफाः।**
**सपदि समयसारं ते ध्रुवं प्राप्नुवन्ति**
**क्षितिषु परमतोक्तेः किं फलं सज्जनानाम्॥३६॥**

---

બળે શુદ્ધ તેમ જ અશુદ્ધ છે એવો અર્થ છે.

એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ચોથા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

''[**શ્લોકાર્થ :—**] બન્ને નયોના વિરોધને નષ્ટ કરનારા, સ્યાત્પદથી અંકિત જિનવચનમાં જે પુરુષો રમે છે, તેઓ સ્વયમેવ મોહને વમી નાખીને, અનૂતન (–અનાદિ) અને કુનયના પક્ષથી નહિ ખંડિત થતી એવી ઉત્તમ પરમજ્યોતિને—સમયસારને—શીઘ્ર દેખે છે જ.''

વળી (આ જીવ અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે) :—

[**શ્લોકાર્થ :—**] જેઓ બે નયોના સંબંધને નહિ ઉલ્લંઘતા થકા પરમજિનના પાદપંકજયુગલમાં મત્ત થયેલા ભ્રમર સમાન છે એવા જે સત્પુરુષો તેઓ શીઘ્ર સમયસારને અવશ્ય પામે છે. પૃથ્વી ઉપર પર મતના કથનથી સજ્જનોને શું ફળ છે (અર્થાત્ જગતના જૈનેતર દર્શનોનાં મિથ્યા કથનોથી સજ્જનોને શો લાભ છે)? ૩૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



इति सुकविजनपयोजमित्रपंचेन्द्रियप्रसरवर्जितगात्रमात्रपरिग्रहश्रीपद्मप्रभमलधारिदेवविरचितायां नियमसारव्याख्यायां तात्पर्यवृत्तौ जीवाधिकारः प्रथमश्रुतस्कन्धः ॥

---

આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) **જીવ અધિકાર** નામનો પહેલો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# —૨—
# અજીવ અધિકાર

अथेदानीमजीवाधिकार उच्यते।

**अणुखंधवियप्पेण दु पोग्गलदव्वं हवेइ दुवियप्पं।**
**खंधा हु छप्पयारा परमाणू चेव दुवियप्पो॥२०॥**

अणुस्कन्धविकल्पेन तु पुद्गलद्रव्यं भवति द्विविकल्पम्।
स्कन्धाः खलु षट्प्रकाराः परमाणुश्चैव द्विविकल्पः॥२०॥

पुद्गलद्रव्यविकल्पोपन्यासोऽयम्।

पुद्गलद्रव्यं तावद् विकल्पद्वयसनाथम्, स्वभावपुद्गलो विभावपुद्गलश्चेति। तत्र स्वभावपुद्गलः परमाणुः, विभावपुद्गलः स्कन्धः। कार्यपरमाणुः कारणपरमाणुरिति

---

હવે અજીવ અધિકાર કહેવામાં આવે છે.

**પરમાણુ તેમ જ સ્કંધ એ બે ભેદ પુદ્‌ગલદ્રવ્યના;**
**છ વિકલ્પ છે સ્કંધો તણા ને ભેદ બે પરમાણુના. ૨૦.**

**અન્વયાર્થ** :—[अणुस्कंधविकल्पेन तु] પરમાણુ અને સ્કંધ એવા બે ભેદથી [पुद्गलद्रव्यं] પુદ્‌ગલદ્રવ્ય [द्विविकल्पम् भवति] બે ભેદવાળું છે; [स्कंधाः] સ્કંધો [खलु] ખરેખર [षट्प्रकाराः] છ પ્રકારના છે [परमाणुः च एव द्विविकल्पः] અને પરમાણુના બે ભેદ છે.

**ટીકા** :—આ, પુદ્‌ગલદ્રવ્યના ભેદોનું કથન છે.

પ્રથમ તો પુદ્‌ગલદ્રવ્યના બે ભેદ છે : સ્વભાવપુદ્‌ગલ અને વિભાવપુદ્‌ગલ. તેમાં, પરમાણુ તે સ્વભાવપુદ્‌ગલ છે અને સ્કંધ તે વિભાવપુદ્‌ગલ છે. સ્વભાવપુદ્‌ગલ કાર્યપરમાણુ અને કારણપરમાણુ એમ બે પ્રકારે છે. સ્કંધોના છ પ્રકાર છે : (૧) પૃથ્વી, (૨) જળ, (૩)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



स्वभावपुद्गलो द्विधा भवति। स्कंधाः षट्प्रकाराः स्युः, पृथ्वीजलच्छायाचतुरक्षविषयकर्म-प्रायोग्याप्रायोग्यभेदाः। तेषां भेदो वक्ष्यमाणसूत्रेषूच्यते विस्तरेणेति।

(अनुष्टुभ्)

गलनादणुरित्युक्तः पूरणात्स्कन्धनामभाक्।
विनानेन पदार्थेन लोकयात्रा न वर्तते।।३७।।

**अइथूलथूल थूलं थूलसुहुमं च सुहुमथूलं च।**
**सुहुमं अइसुहुमं इदि धरादियं होदि छब्भेयं।।२१।।**
**भूपव्वदमादीया भणिदा अइथूलथूलमिदि खंधा।**
**थूला इदि विण्णेया सप्पीजलतेल्लमादीया।।२२।।**
**छायातवमादीया थूलेदरखंधमिदि वियाणाहि।**
**सुहुमथूलेदि भणिया खंधा चउरक्खविसया य।।२३।।**

---

છાયા, (૪) (ચક્ષુ સિવાયની) ચાર ઇન્દ્રિયોના વિષયભૂત સ્કંધો, (૫) કર્મયોગ્ય સ્કંધો અને (૬) કર્મને અયોગ્ય સ્કંધો—આવા છ ભેદ છે. સ્કંધોના ભેદ હવે કહેવામાં આવતાં સૂત્રોમાં (હવેની ચાર ગાથાઓમાં) વિસ્તારથી કહેવાશે.

[હવે ૨૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** (પુદ્‌ગલપદાર્થ) ગલન દ્વારા (અર્થાત્ ભિન્ન પડવાથી) ‘પરમાણુ’ કહેવાય છે અને પૂરણ દ્વારા (અર્થાત્ સંયુક્ત થવાથી) ‘સ્કંધ’ નામને પામે છે. આ પદાર્થ વિના લોકયાત્રા હોઈ શકે નહિ. ૩૭.

**અતિથૂલથૂલ, થૂલ, થૂલસૂક્ષ્મ, સૂક્ષ્મથૂલ, વળી સૂક્ષ્મ ને**
**અતિસૂક્ષ્મ—એમ ધરાદિ પુદ્‌ગલસ્કંધના છ વિકલ્પ છે. ૨૧.**
**ભૂપર્વતાદિક સ્કંધને અતિથૂલથૂલ જિને કહ્યા,**
**ઘી-તેલ-જળ ઇત્યાદિને વળી થૂલ સ્કંધો જાણવા; ૨૨.**
**આતપ અને છાયાદિને થૂલસૂક્ષ્મ સ્કંધો જાણજે,**
**ચતુરિંદ્રિયના જે વિષય તેને સૂક્ષ્મથૂલ કહ્યા જિને; ૨૩.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सुहुमा हवंति खंधा पाओग्गा कम्मवग्गणस्स पुणो।
तव्विवरीया खंधा अइसुहुमा इदि परूवेंति॥२४॥

अतिस्थूलस्थूलाः स्थूलाः स्थूलसूक्ष्माश्च सूक्ष्मस्थूलाश्च।
सूक्ष्मा अतिसूक्ष्मा इति धरादयो भवन्ति षड्भेदाः॥२१॥

भूपर्वताद्या भणिता अतिस्थूलस्थूला इति स्कंधाः।
स्थूला इति विज्ञेयाः सर्पिर्जलतैलाद्याः॥२२॥

छायातपाद्याः स्थूलेतरस्कन्धा इति विजानीहि।
सूक्ष्मस्थूला इति भणिताः स्कन्धाश्चतुरक्षविषयाश्च॥२३॥

सूक्ष्मा भवन्ति स्कन्धाः प्रायोग्याः कर्मवर्गणस्य पुनः।
तद्विपरीताः स्कन्धाः अतिसूक्ष्मा इति प्ररूपयन्ति॥२४॥

---

વળી કર્મવર્ગણયોગ્ય સ્કંધો સૂક્ષ્મ સ્કંધો જાણવા,
તેનાથી વિપરીત સ્કંધને અતિસૂક્ષ્મ સ્કંધો વર્ણવ્યા. ૨૪.

**અન્વયાર્થ** :—[**अतिस्थूलस्थूलाः**] અતિસ્થૂલસ્થૂલ, [**स्थूलाः**] સ્થૂલ, [**स्थूलसूक्ष्माः च**] સ્થૂલસૂક્ષ્મ, [**सूक्ष्मस्थूलाः च**] સૂક્ષ્મસ્થૂલ, [**सूक्ष्माः**] સૂક્ષ્મ અને [**अतिसूक्ष्माः**] અતિસૂક્ષ્મ [**इति**] એમ [**धरादयः षड्भेदाः भवन्ति**] પૃથ્વી વગેરે સ્કંધોના છ ભેદ છે.

[**भूपर्वताद्याः**] ભૂમિ, પર્વત વગેરે [**अतिस्थूलस्थूलाः इति स्कंधाः**] અતિસ્થૂલસ્થૂલ સ્કંધો [**भणिताः**] કહેવામાં આવ્યા છે; [**सर्पिर्जलतैलाद्याः**] ઘી, જળ, તેલ વગેરે [**स्थूलाः इति विज्ञेयाः**] સ્થૂલ સ્કંધો જાણવા.

[**छायातपाद्याः**] છાયા, આતપ (તડકો) વગેરે [**स्थूलेतरस्कन्धाः इति**] સ્થૂલસૂક્ષ્મ સ્કંધો [**विजानीहि**] જાણ [**च**] અને [**चतुरक्षविषयाः स्कन्धाः**] ચાર ઇન્દ્રિયોના વિષયભૂત સ્કંધોને [**सूक्ष्मस्थूलाः इति**] સૂક્ષ્મસ્થૂલ [**भणिताः**] કહેવામાં આવ્યા છે.

[**पुनः**] વળી [**कर्मवर्गणस्य प्रायोग्याः**] કર્મવર્ગણાને યોગ્ય [**स्कन्धाः**] સ્કંધો [**सूक्ष्माः भवन्ति**] સૂક્ષ્મ છે; [**तद्विपरीताः**] તેમનાથી વિપરીત (અર્થાત્ કર્મવર્ગણાને અયોગ્ય) [**स्कन्धाः**] સ્કંધો [**अतिसूक्ष्माः इति**] અતિસૂક્ષ્મ [**प्ररूपयन्ति**] કહેવામાં આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



विभावपुद्गलस्वरूपाख्यानमेतत् ।

अतिस्थूलस्थूला हि ते खलु पुद्गलाः सुमेरुकुम्भिनीप्रभृतयः। घृततैलतक्रक्षीर-जलप्रभृतिसमस्तद्रव्याणि हि स्थूलपुद्गलाश्च। छायातपतमःप्रभृतयः स्थूलसूक्ष्मपुद्गलाः। स्पर्शनरसनघ्राणश्रोत्रेन्द्रियाणां विषयाः सूक्ष्मस्थूलपुद्गलाः शब्दस्पर्शरसगन्धाः। शुभाशुभ-परिणामद्वारेणागच्छतां शुभाशुभकर्मणां योग्याः सूक्ष्मपुद्गलाः। एतेषां विपरीताः सूक्ष्म-सूक्ष्मपुद्गलाः कर्मणामप्रायोग्या इत्यर्थः। अयं विभावपुद्गलक्रमः।

तथा चोक्तं पंचास्तिकायसमये—

---

**ટીકા** :—આ, વિભાવપુદ્ગલના સ્વરૂપનું કથન છે.

સુમેરુ, પૃથ્વી વગેરે (ઘન પદાર્થો) ખરેખર અતિસ્થૂલસ્થૂલ પુદ્ગલો છે. ઘી, તેલ, છાશ, દૂધ, જળ વગેરે સમસ્ત (પ્રવાહી) પદાર્થો સ્થૂલ પુદ્ગલો છે. છાયા, આતપ, અંધકાર વગેરે સ્થૂલસૂક્ષ્મ પુદ્ગલો છે. સ્પર્શનેંદ્રિય, રસનેંદ્રિય, ઘ્રાણેંદ્રિય અને શ્રોત્રેંદ્રિયના વિષયો—સ્પર્શ, રસ, ગંધ અને શબ્દ—સૂક્ષ્મસ્થૂલ પુદ્ગલો છે. શુભાશુભ પરિણામ દ્વારા આવતાં એવાં શુભાશુભ કર્મોને યોગ્ય (સ્કંધો) તે સૂક્ષ્મ પુદ્ગલો છે. આમનાથી વિપરીત અર્થાત્ કર્મોને અયોગ્ય (સ્કંધો) તે સૂક્ષ્મસૂક્ષ્મ પુદ્ગલો છે.—આમ (આ ગાથાઓનો) અર્થ છે. આ વિભાવપુદ્ગલનો ક્રમ છે.

[ભાવાર્થ :—સ્કંધો છ પ્રકારના છે : (૧) કાષ્ઠપાષાણાદિક જે સ્કંધો છેદવામાં આવતાં સ્વયમેવ સંધાઈ શકતા નથી તે સ્કંધો અતિસ્થૂલસ્થૂલ છે. (૨) દૂધ, જળ આદિ જે સ્કંધો છેદવામાં આવતાં ફરીને સ્વયમેવ જોડાઈ જાય છે તે સ્કંધો સ્થૂલ છે. (૩) તડકો, છાંયો, ચાંદની, અંધકાર ઇત્યાદિ જે સ્કંધો સ્થૂલ જણાતા હોવા છતાં ભેદી શકાતા નથી કે હસ્તાદિકથી ગ્રહી શકાતા નથી તે સ્કંધો સ્થૂલસૂક્ષ્મ છે. (૪) આંખથી નહિ દેખાતા એવા જે ચાર ઇન્દ્રિયોના વિષયભૂત સ્કંધો સૂક્ષ્મ હોવા છતાં સ્થૂલ જણાય છે (–સ્પર્શનેંદ્રિયથી સ્પર્શી શકાય છે, જીભથી આસ્વાદી શકાય છે, નાકથી સૂંઘી શકાય છે અથવા કાનથી સાંભળી શકાય છે) તે સ્કંધો સૂક્ષ્મસ્થૂલ છે. (૫) ઇન્દ્રિયજ્ઞાનને અગોચર એવા જે કર્મવર્ગણારૂપ સ્કંધો તે સ્કંધો સૂક્ષ્મ છે. (૬) કર્મવર્ગણાથી નીચેના (કર્મવર્ગણાતીત) જે અત્યંતસૂક્ષ્મ દ્વિ-અણુકપર્યંત સ્કંધો તે સ્કંધો સૂક્ષ્મસૂક્ષ્મ છે.]

એવી જ રીતે (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી પંચાસ્તિકાયસમયમાં (*ગાથા દ્વારા) કહ્યું છે કે :—

---

★ જુઓ શ્રી પરમશ્રુતપ્રભાવકમંડળ દ્વારા પ્રકાશિત પંચાસ્તિકાય, દ્વિતીય આવૃત્તિ, પાનું ૧૩૦.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



“पुढवी जलं च छाया चउरिंदियविसयकम्मपाओग्गा।
कम्मातीदा एवं छब्भेया पोग्गला होंति॥”

उक्तं च मार्गप्रकाशे—

(अनुष्टुभ्)

“स्थूलस्थूलास्ततः स्थूलाः स्थूलसूक्ष्मास्ततः परे।
सूक्ष्मस्थूलास्ततः सूक्ष्माः सूक्ष्मसूक्ष्मास्ततः परे।”

तथा चोक्तं श्रीमदमृतचन्द्रसूरिभिः—

(वसंततिलका)

“अस्मिन्ननादिनि महत्यविवेकनाट्ये
वर्णादिमान् नटति पुद्गल एव नान्यः।
रागादिपुद्गलविकारविरुद्धशुद्ध-
चैतन्यधातुमयमूर्तिरयं च जीवः॥”

तथा हि—

---

“[ગાથાર્થ :—] પૃથ્વી, જળ, છાયા, ચાર ઇન્દ્રિયોના વિષયભૂત, કર્મને યોગ્ય અને કર્માતીત—એમ પુદ્ગલો (સ્કંધો) છ પ્રકારનાં છે.”

વળી માર્ગપ્રકાશમાં (શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

“[**શ્લોકાર્થ :—**] સ્થૂલસ્થૂલ, પછી સ્થૂલ, ત્યારપછી સ્થૂલસૂક્ષ્મ, પછી સૂક્ષ્મસ્થૂલ, પછી સૂક્ષ્મ અને ત્યારપછી સૂક્ષ્મસૂક્ષ્મ (–આમ સ્કંધો છ પ્રકારના છે).”

એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૪૪મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

[**શ્લોકાર્થ :—**] આ અનાદિ કાળના મોટા અવિવેકના નાટકમાં અથવા નાચમાં વર્ણાદિમાન્ પુદ્ગલ જ નાચે છે, અન્ય કોઈ નહિ; (અભેદ જ્ઞાનમાં પુદ્ગલ જ અનેક પ્રકારનું દેખાય છે, જીવ તો અનેક પ્રકારનો છે નહિ;) અને આ જીવ તો રાગાદિક પુદ્ગલવિકારોથી વિલક્ષણ, શુદ્ધ ચૈતન્યધાતુમય મૂર્તિ છે.”

વળી (આ ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ વિવિધ પ્રકારનાં પુદ્ગલોમાં રતિ નહિ કરતાં ચૈતન્યચમત્કારમાત્ર આત્મામાં રતિ કરવાનું શ્લોક દ્વારા કહે છે) :—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(मालिनी)

इति विविधविकल्पे पुद्गले दृश्यमाने
न च कुरु रतिभावं भव्यशार्दूल तस्मिन्।
कुरु रतिमतुलां त्वं चिच्चमत्कारमात्रे
भवसि हि परमश्रीकामिनीकामरूपः ॥३८॥

**धाउचउक्कस्स पुणो जं हेऊ कारणं ति तं णेयो।**
**खंधाणं अवसाणं णादव्वो कज्जपरमाणू ॥२५॥**

**धातुचतुष्कस्य पुनः यो हेतुः कारणमिति स ज्ञेयः।**
**स्कन्धानामवसानो ज्ञातव्यः कार्यपरमाणुः ॥२५॥**

कारणकार्यपरमाणुद्रव्यस्वरूपाख्यानमेतत्।

पृथिव्यप्तेजोवायवो धातवश्चत्वारः; तेषां यो हेतुः स कारणपरमाणुः। स एव जघन्यपरमाणुः स्निग्धरूक्षगुणानामानन्त्याभावात् समविषमबंधयोरयोग्य इत्यर्थः।

---

[શ્લોકાર્થ :—] આ રીતે વિવિધ ભેદોવાળું પુદ્ગલ જોવામાં આવતાં, હે ભવ્યશાર્દૂલ! (ભવ્યોત્તમ!) તું તેમાં રતિભાવ ન કર. ચૈતન્યચમત્કારમાત્રમાં (અર્થાત્ ચૈતન્યચમત્કારમાત્ર આત્મામાં) તું અતુલ રતિ કર કે જેથી તું પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થઈશ. ૩૮.

**જે હેતુ ધાતુચતુષ્કનો તે કારણાણુ જાણવો;**
**સ્કંધો તણા અવસાનને વળી કાર્યપરમાણુ કહ્યો. ૨૫.**

**અન્વયાર્થ :—[पुनः]** વળી **[यः]** જે **[धातुचतुष्कस्य]** (પૃથ્વી, પાણી, તેજ ને વાયુ—એ) ચાર ધાતુઓનો **[हेतुः]** હેતુ છે, **[सः]** તે **[कारणम् इति ज्ञेयः]** કારણપરમાણુ જાણવો; **[स्कन्धानाम्]** સ્કંધોના **[अवसानः]** અવસાનને (–છૂટા પડેલા અવિભાગી અંતિમ અંશને) **[कार्यपरमाणुः]** કાર્યપરમાણુ **[ज्ञातव्यः]** જાણવો.

**ટીકા :—**આ, કારણપરમાણુદ્રવ્ય અને કાર્યપરમાણુદ્રવ્યના સ્વરૂપનું કથન છે.

પૃથ્વી, જળ, તેજ ને વાયુ એ ચાર ધાતુઓ છે; તેમનો જે હેતુ છે તે કારણપરમાણુ છે. તે જ (પરમાણુ), એક ગુણ સ્નિગ્ધતા કે રૂક્ષતા હોતાં, સમ કે વિષમ બંધને અયોગ્ય એવો જઘન્ય પરમાણુ છે—એમ અર્થ છે. એક ગુણ સ્નિગ્ધતા કે રૂક્ષતાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**स्निग्धरूक्षगुणानामनन्तत्वस्योपरि द्वाभ्याम् चतुर्भिः समबन्धः त्रिभिः पञ्चभिर्विषमबन्धः। अयमुत्कृष्टपरमाणुः। गलतां पुद्गलद्रव्याणाम् अन्तोऽवसानस्तस्मिन् स्थितो यः स कार्यपरमाणुः। अणवश्चतुर्भेदाः कार्यकारणजघन्योत्कृष्टभेदैः। तस्य परमाणुद्रव्यस्य स्वरूपस्थितत्वात् विभावाभावात् परमस्वभाव इति।**

**तथा चोक्तं प्रवचनसारे—**

**''णिद्धा वा लुक्खा वा अणुपरिणामा समा व विसमा वा।**
**समदो दुराधिगा जदि बज्झंति हि आदिपरिहीणा।।**
**णिद्धत्तणेण दुगुणो चदुगुणणिद्धेण बंधमणुभवदि।**
**लुक्खेण वा तिगुणिदो अणु बज्झदि पंचगुणजुत्तो।।''**

---

ઉપર, બે ગુણવાળાનો અને ચાર ગુણવાળાનો *સમબંધ થાય છે તથા ત્રણ ગુણવાળાનો અને પાંચ ગુણવાળાનો *વિષમબંધ થાય છે,—આ ઉત્કૃષ્ટ પરમાણુ છે. ગળતાં અર્થાત્ છૂટાં પડતાં પુદ્ગલદ્રવ્યોના અંતમાં—અવસાનમાં (અંતિમ દશામાં) સ્થિત તે કાર્યપરમાણુ છે (અર્થાત્ સ્કંધો ખંડિત થતાં થતાં જે નાનામાં નાનો અવિભાગ ભાગ રહે તે કાર્યપરમાણુ છે). (આમ) અણુઓના (–પરમાણુઓના) ચાર ભેદ છે : કાર્ય, કારણ, જઘન્ય ને ઉત્કૃષ્ટ. તે પરમાણુદ્રવ્ય સ્વરૂપમાં સ્થિત હોવાથી તેને વિભાવનો અભાવ છે, માટે (તેને) પરમ સ્વભાવ છે.

એ જ રીતે (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી પ્રવચનસારમાં (૧૬૫ મી અને ૧૬૬મી ગાથા દ્વારા) કહ્યું છે કે :—

''[**ગાથાર્થ :—**] પરમાણુ-પરિણામો, સ્નિગ્ધ હો કે રૂક્ષ હો, બેકી અંશવાળા હો કે એકી અંશવાળા હો, જો સમાન કરતાં બે અધિક અંશવાળા હોય તો બંધાય છે; જઘન્ય અંશવાળો બંધાતો નથી.

સ્નિગ્ધપણે બે અંશવાળો પરમાણુ ચાર અંશવાળા સ્નિગ્ધ (અથવા રૂક્ષ) પરમાણુ સાથે બંધ અનુભવે છે; અથવા રૂક્ષપણે ત્રણ અંશવાળો પરમાણુ પાંચ અંશવાળા સાથે જોડાયો થકો બંધાય છે.''

---

★ સમબંધ એટલે બેકી ગુણવાળા પરમાણુઓનો બંધ અને વિષમબંધ એટલે એકી ગુણવાળા પરમાણુઓનો બંધ. અહીં (ટીકામાં) સમબંધનું અને વિષમબંધનું એકેક ઉદાહરણ આપ્યું છે તે પ્રમાણે બધાય સમબંધો અને વિષમબંધો સમજી લેવા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तथा हि—

(अनुष्टुभ्)

स्कन्धैस्तैः षट्प्रकारैः किं चतुर्भिरणुभिर्मम।
आत्मानमक्षयं शुद्धं भावयामि मुहुर्मुहुः॥३९॥

अत्तादि अत्तमज्झं अत्तंतं णेव इंदियग्गेज्झं।
अविभागी जं दव्वं परमाणू तं वियाणाहि॥२६॥

आत्माद्यात्ममध्यमात्मान्तं नैवेन्द्रियैर्ग्राह्यम्।
अविभागि यद्द्रव्यं परमाणुं तद् विजानीहि॥२६॥

परमाणुविशेषोक्तिरियम्।

यथा जीवानां नित्यानित्यनिगोदादिसिद्धक्षेत्रपर्यन्तस्थितानां सहजपरमपारिणामिकभावविवक्षासमाश्रयेण सहजनिश्चयनयेन स्वस्वरूपादप्रच्यवनत्वमुक्तम्, तथा परमाणुद्रव्याणां

---

વળી (૨૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોકદ્વારા પુદ્ગલની ઉપેક્ષા કરી શુદ્ધ આત્માની ભાવના કરે છે):—

[**શ્લોકાર્થ :—**] તે છ પ્રકારના સ્કંધો કે ચાર પ્રકારના અણુઓ સાથે મારે શું છે? હું તો અક્ષય શુદ્ધ આત્માને ફરી ફરીને ભાવું છું. ૩૯.

જે આદિ-મધ્યે અંતમાં પોતે જ છે, અવિભાગી છે,
જે ઇન્દ્રિથી નહિ ગ્રાહ્ય છે, પરમાણુ જાણો તેહને. ૨૬.

**અન્વયાર્થ :—**[आत्मादि] પોતે જ જેનો આદિ છે, [आत्ममध्यम्] પોતે જ જેનું મધ્ય છે અને [आत्मान्तम्] પોતે જ જેનો અંત છે (અર્થાત્ જેના આદિમાં, મધ્યમાં અને અંતમાં પરમાણુનું નિજ સ્વરૂપ જ છે), [न एव इन्द्रियैः ग्राह्यम्] જે ઇન્દ્રિયોથી ગ્રાહ્ય (જણાવાયોગ્ય) નથી અને [यद् अविभागि] જે અવિભાગી છે, [तत्] તે [परमाणुं द्रव्यं] પરમાણુદ્રવ્ય [विजानीहि] જાણ.

**ટીકા :—**આ, પરમાણુનું વિશેષ કથન છે.

જેમ સહજ પરમ પારિણામિકભાવની વિવક્ષાનો આશ્રય કરનારા સહજ નિશ્ચયનયની અપેક્ષાએ નિત્ય અને અનિત્ય નિગોદથી માંડીને સિદ્ધક્ષેત્ર પર્યંત રહેલા જીવોનું નિજ સ્વરૂપથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**पंचमभावेन परमस्वभावत्वादात्मपरिणतेरात्मैवादिः, मध्यो हि आत्मपरिणतेरात्मैव, अंतोपि स्वस्यात्मैव परमाणुः। अतः न चेन्द्रियज्ञानगोचरत्वाद् अनिलानलादिभिरविनश्वरत्वादविभागी हे शिष्य स परमाणुरिति त्वं तं जानीहि।**

(अनुष्टुभ्)

**अप्यात्मनि स्थितिं बुद्ध्वा पुद्गलस्य जडात्मनः।**
**सिद्धास्ते किं न तिष्ठंति स्वस्वरूपे चिदात्मनि॥४०॥**

**एयरसरूवगंधं दोफासं तं हवे सहावगुणं।**
**विहावगुणमिदि भणिदं जिणसमये सव्वपयडत्तं॥२७॥**

**एकरसरूपगंधः द्विस्पर्शः स भवेत्स्वभावगुणः।**
**विभावगुण इति भणितो जिनसमये सर्वप्रकटत्वम्॥२७॥**

---

અચ્યુતપણું કહેવામાં આવ્યું, તેમ પંચમભાવની અપેક્ષાએ પરમાણુદ્રવ્યનો પરમસ્વભાવ હોવાથી પરમાણુ પોતે જ પોતાની પરિણતિનો આદિ છે, પોતે જ પોતાની પરિણતિનું મધ્ય છે અને પોતે જ પોતાનો અંત પણ છે (અર્થાત્ આદિમાં પણ પોતે જ, મધ્યમાં પણ પોતે જ અને અંતમાં પણ પરમાણુ પોતે જ છે, ક્યારેય નિજ સ્વરૂપથી ચ્યુત નથી). જે આવો હોવાથી, ઇન્દ્રિયજ્ઞાનગોચર નહિ હોવાથી અને પવન, અગ્નિ ઇત્યાદિ વડે નાશ પામતો નહિ હોવાથી, અવિભાગી છે તેને, હે શિષ્ય! તું પરમાણુ જાણ.

[હવે ૨૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** જડાત્મક પુદ્ગલની સ્થિતિ પોતામાં (–પુદ્ગલમાં જ) જાણીને (અર્થાત્ જડસ્વરૂપ પુદ્ગલો પુદ્ગલના નિજ સ્વરૂપમાં જ રહે છે એમ જાણીને), તે સિદ્ધભગવંતો પોતાના ચૈતન્યાત્મક સ્વરૂપમાં કેમ ન રહે? (જરૂર રહે.) ૪૦.

**બે સ્પર્શ, રસ–રૂપ–ગંધ એક, સ્વભાવગુણમય તેહ છે;**
**જિનસમયમાંહી વિભાવગુણ સર્વાક્ષપ્રગટ કહેલ છે. ૨૭.**

**અન્વયાર્થ :—[एकरसरूपगंधः]** જે એક રસવાળું, એક વર્ણવાળું, એક ગંધવાળું અને **[द्विस्पर्शः]** બે સ્પર્શવાળું હોય, **[सः]** તે **[स्वभावगुणः]** સ્વભાવગુણવાળું **[भवेत्]** છે; **[विभावगुणः]** વિભાવગુણવાળાને **[जिनसमये]** [1]જિનસમયમાં **[सर्वप्रकटत्वम्]** સર્વપ્રગટ (સર્વ

---

૧. સમય = સિદ્ધાંત; શાસ્ત્ર; શાસન; દર્શન; મત.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



स्वभावपुद्गलस्वरूपाख्यानमेतत्।

तिक्तकटुककषायाम्लमधुराभिधानेषु पंचसु रसेष्वेकरसः, श्वेतपीतहरितारुण-कृष्णवर्णेष्वेकवर्णः, सुगन्धदुर्गन्धयोरेकगंधः, कर्कशमृदुगुरुलघुशीतोष्णस्निग्धरूक्षाभिधाना-मष्टानामन्त्यचतुःस्पर्शाविरोधस्पर्शनद्वयम्; एते परमाणोः स्वभावगुणाः जिनानां मते। विभावगुणात्मको विभावपुद्गलः। अस्य द्व्यणुकादिस्कंधरूपस्य विभावगुणाः सकल-करणग्रामग्राह्या इत्यर्थः।

तथा चोक्तं पंचास्तिकायसमये—

"एयरसवण्णगंधं दोफासं सद्दकारणमसद्दं।
खंधंतरिदं दव्वं परमाणुं तं वियाणाहि॥"

उक्तं च मार्गप्रकाशे—

---

ઇન્દ્રિયોથી ગ્રાહ્ય) **[इति भणितः]** કહેલ છે.

**ટીકા** :—આ, સ્વભાવપુદ્ગલના સ્વરૂપનું કથન છે.

તીખો, કડવો, કષાયલો, ખાટો અને મીઠો એ પાંચ રસોમાંનો એક રસ; ધોળો, પીળો, લીલો, રાતો અને કાળો એ (પાંચ) વર્ણોમાંનો એક વર્ણ; સુગંધ અને દુર્ગંધમાંની એક ગંધ; કઠોર, કોમળ, ભારે, હળવો, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ (ચીકણો) અને રૂક્ષ (લૂખો) એ આઠ સ્પર્શોમાંથી છેલ્લા ચાર સ્પર્શોમાંના અવિરુદ્ધ બે સ્પર્શ; આ, જિનોના મતમાં પરમાણુના સ્વભાવગુણો છે. વિભાવપુદ્ગલ વિભાવગુણાત્મક હોય છે. આ [૧]દ્વિ-અણુકાદિસ્કંધરૂપ વિભાવપુદ્ગલના વિભાવગુણો સકળ ઇન્દ્રિયસમૂહ વડે ગ્રાહ્ય (જણાવાયોગ્ય) છે.—આમ (આ ગાથાનો) અર્થ છે.

એવી રીતે (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી પંચાસ્તિકાયસમયમાં (૮૧મી ગાથા દ્વારા) કહ્યું છે કે :—

"**[ગાથાર્થ :—]** એક રસવાળો, એક વર્ણવાળો, એક ગંધવાળો અને બે સ્પર્શવાળો તે પરમાણુ શબ્દનું કારણ છે, અશબ્દ છે અને સ્કંધની અંદર હોય તોપણ દ્રવ્ય છે (અર્થાત્ સદાય સર્વથી ભિન્ન, શુદ્ધ એક દ્રવ્ય છે)."

વળી માર્ગપ્રકાશમાં (શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

---

૧. બે પરમાણુઓથી માંડીને અનંત પરમાણુઓનો બનેલો સ્કંધ તે વિભાવપુદ્ગલ છે.

૮

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(अनुष्टुभ्)

''वसुधान्त्यचतुःस्पर्शेषु चिन्त्यं स्पर्शनद्वयम्।
वर्णो गन्धो रसश्चैकः परमाणोः न चेतरे॥''

तथा हि—

(मालिनी)

अथ सति परमाणोरेकवर्णादिभास्व-
न्निजगुणनिचयेऽस्मिन् नास्ति मे कार्यसिद्धिः।
इति निजहृदि मत्त्वा शुद्धमात्मानमेकम्
परमसुखपदार्थी भावयेद्भव्यलोकः॥४१॥

**अण्णणिरावेक्खो जो परिणामो सो सहावपज्जाओ।**
**खंधसरूवेण पुणो परिणामो सो विहावपज्जाओ॥२८॥**

**अन्यनिरपेक्षो यः परिणामः स स्वभावपर्यायः।**
**स्कंधस्वरूपेण पुनः परिणामः स विभावपर्यायः॥२८॥**

---

''[**શ્લોકાર્થ :—**] પરમાણુને આઠ પ્રકારના સ્પર્શોમાંથી છેલ્લા ચાર સ્પર્શોમાંના બે સ્પર્શ, એક વર્ણ, એક ગંધ અને એક રસ સમજવાં, અન્ય નહિ.''

વળી (૨૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક દ્વારા ભવ્યજનોને શુદ્ધ આત્માની ભાવનાનો ઉપદેશ કરે છે) :—

[**શ્લોકાર્થ :—**] જો પરમાણુ એકવર્ણાદિરૂપ પ્રકાશતા (જણાતા) નિજગુણસમૂહમાં છે, તો તેમાં મારી (કાંઈ) કાર્યસિદ્ધિ નથી, (અર્થાત્ પરમાણુ તો એક વર્ણ, એક ગંધ વગેરે પોતાના ગુણોમાં જ છે, તો પછી તેમાં મારું કાંઈ કાર્ય સિદ્ધ થતું નથી);—આમ નિજ હૃદયમાં માનીને પરમ સુખપદનો અર્થી ભવ્યસમૂહ શુદ્ધ આત્માને એકને ભાવે. ૪૧.

**પરિણામ પરનિરપેક્ષ તેહ સ્વભાવપર્યય જાણવો;**
**પરિણામ સ્કંધસ્વરૂપ તેહ વિભાવપર્યય જાણવો. ૨૮.**

**અન્વયાર્થ :—**[**अन्यनिरपेक्षः**] અન્યનિરપેક્ષ (અન્યની અપેક્ષા વિનાનો) [**यः परिणामः**] જે પરિણામ [**सः**] તે [**स्वभावपर्यायः**] સ્વભાવપર્યાય છે [**पुनः**] અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



पुद्गलपर्यायस्वरूपाख्यानमेतत् ।

परमाणुपर्यायः पुद्गलस्य शुद्धपर्यायः परमपारिणामिकभावलक्षणः वस्तुगतषट्प्रकार-हानिवृद्धिरूपः अतिसूक्ष्मः अर्थपर्यायात्मकः सादिसनिधनोऽपि परद्रव्यनिरपेक्षत्वाच्छुद्धसद्भूत-व्यवहारनयात्मकः। अथवा हि एकस्मिन् समयेऽप्युत्पादव्ययध्रौव्यात्मकत्वात्सूक्ष्मऋजुसूत्र-नयात्मकः। स्कन्धपर्यायः स्वजातीयबन्धलक्षणलक्षितत्वादशुद्ध इति।

(मालिनी)

परपरिणतिदूरे शुद्धपर्यायरूपे<br>
सति न च परमाणोः स्कन्धपर्यायशब्दः।<br>
भगवति जिननाथे पंचबाणस्य वार्ता<br>
न च भवति यथेयं सोऽपि नित्यं तथैव॥४२॥

**पोग्गलदव्वं उच्चइ परमाणू णिच्छएण इदरेण।**<br>
**पोग्गलदव्वो त्ति पुणो ववदेसो होदि खंधस्स॥२९॥**

---

[स्कंधस्वरूपेण परिणामः] સ્કંધરૂપે પરિણામ [सः] તે [विभावपर्यायः] વિભાવપર્યાય છે.

**ટીકા** :—આ, પુદ્ગલપર્યાયના સ્વરૂપનું કથન છે.

પરમાણુપર્યાય પુદ્ગલનો શુદ્ધપર્યાય છે—કે જે પરમપારિણામિકભાવસ્વરૂપ છે, વસ્તુમાં થતી છ પ્રકારની હાનિવૃદ્ધિરૂપ છે, અતિસૂક્ષ્મ છે, અર્થપર્યાયાત્મક છે અને સાદિ-સાન્ત હોવા છતાં પરદ્રવ્યથી નિરપેક્ષ હોવાને લીધે શુદ્ધસદ્ભૂતવ્યવહારનયાત્મક છે અથવા એક સમયમાં પણ ઉત્પાદવ્યયધ્રૌવ્યાત્મક હોવાથી સૂક્ષ્મઋજુસૂત્રનયાત્મક છે.

સ્કંધપર્યાય સ્વજાતીય બંધરૂપ લક્ષણથી લક્ષિત હોવાને લીધે અશુદ્ધ છે.

[હવે ટીકાકાર મુનિરાજ ૨૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં શ્લોક કહે છે :]

[**શ્લોકાર્થ** :—] (પરમાણુ) પરપરિણતિથી દૂર શુદ્ધપર્યાયરૂપ હોવાથી પરમાણુને સ્કંધપર્યાયરૂપ શબ્દ હોતો નથી; જેમ ભગવાન જિનનાથમાં કામદેવની વાર્તા હોતી નથી, તેમ પરમાણુ પણ સદા અશબ્દ જ હોય છે (અર્થાત્ પરમાણુને પણ કદી શબ્દ હોતો નથી). ૪૨.

**પરમાણુને 'પુદ્ગલદરવ' વ્યપદેશ છે નિશ્ચય થકી;**<br>
**ને સ્કંધને 'પુદ્ગલદરવ' વ્યપદેશ છે વ્યવહારથી. ૨૯.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



पुद्गलद्रव्यमुच्यते परमाणुर्निश्चयेन इतरेण।
पुद्गलद्रव्यमिति पुनः व्यपदेशो भवति स्कन्धस्य॥२९॥

पुद्गलद्रव्यव्याख्यानोपसंहारोऽयम्।

स्वभावशुद्धपर्यायात्मकस्य परमाणोरेव पुद्गलद्रव्यव्यपदेशः शुद्धनिश्चयेन। इतरेण व्यवहारनयेन विभावपर्यायात्मनां स्कन्धपुद्गलानां पुद्गलत्वमुपचारतः सिद्धं भवति।

(मालिनी)

इति जिनपतिमार्गाद् बुद्धतत्त्वार्थजातः
त्यजतु परमशेषं चेतनाचेतनं च।
भजतु परमतत्त्वं चिच्चमत्कारमात्रं
परविरहितमन्तर्निर्विकल्पे समाधौ॥४३॥

(अनुष्टुभ्)

पुद्गलोऽचेतनो जीवश्चेतनश्चेति कल्पना।
साऽपि प्राथमिकानां स्यान्न स्यान्निष्पन्नयोगिनाम्॥४४॥

---

**અન્વયાર્થ :—[निश्चयेन]** નિશ્ચયથી **[परमाणुः]** પરમાણુને **[पुद्गलद्रव्यम्]** 'પુદ્ગલદ્રવ્ય' **[उच्यते]** કહેવાય છે **[पुनः]** અને **[इतरेण]** વ્યવહારથી **[स्कन्धस्य]** સ્કંધને **[पुद्गलद्रव्यम् इति व्यपदेशः]** 'પુદ્ગલદ્રવ્ય' એવું નામ **[भवति]** હોય છે.

**ટીકા :—**આ, પુદ્ગલદ્રવ્યના કથનનો ઉપસંહાર છે.

શુદ્ધનિશ્ચયનયથી સ્વભાવશુદ્ધપર્યાયાત્મક પરમાણુને જ 'પુદ્ગલદ્રવ્ય' એવું નામ હોય છે. અન્ય એવા વ્યવહારનયથી વિભાવપર્યાયાત્મક સ્કંધપુદ્ગલોને પુદ્ગલપણું ઉપચાર દ્વારા સિદ્ધ થાય છે.

[હવે ૨૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ત્રણ શ્લોકો કહે છે :]

**[શ્લોકાર્થ :—]** એ રીતે જિનપતિના માર્ગ દ્વારા તત્ત્વાર્થસમૂહને જાણીને પર એવાં સમસ્ત ચેતન અને અચેતનને ત્યાગો; અંતરંગમાં નિર્વિકલ્પ સમાધિને વિષે પરવિરહિત (પરથી રહિત) ચિત્ચમત્કારમાત્ર પરમતત્ત્વને ભજો. ૪૩.

**[શ્લોકાર્થ :—]** પુદ્ગલ અચેતન છે અને જીવ ચેતન છે એવી જે કલ્પના તે પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(उपेन्द्रवज्रा)

अचेतने पुद्गलकायकेऽस्मिन्
सचेतने वा परमात्मतत्त्वे।
न रोषभावो न च रागभावो
भवेदियं शुद्धदशा यतीनाम्।।४५।।

**गमणणिमित्तं धम्ममधम्मं ठिदि जीवपोग्गलाणं च।**
**अवगहणं आयासं जीवादीसव्वदव्वाणं।।३०।।**

गमननिमित्तो धर्मोऽधर्मः स्थितेः जीवपुद्गलानां च।
अवगाहनस्याकाशं जीवादिसर्वद्रव्याणाम्।।३०।।

धर्माधर्माकाशानां संक्षेपोक्तिरियम्।

अयं धर्मास्तिकायः स्वयं गतिक्रियारहितः दीर्घिकोदकवत्। स्वभावगति-क्रियापरिणतस्यायोगिनः पंचहस्वाक्षरोच्चारणमात्रस्थितस्य भगवतः सिद्धनामधेययोग्यस्य

---

પ્રાથમિકોને (પ્રથમ ભૂમિકાવાળાઓને) હોય છે, નિષ્પન્ન યોગીઓને હોતી નથી (અર્થાત્ જેમને યોગ પરિપક્વ થયો છે તેમને હોતી નથી). ૪૪.

[શ્લોકાર્થ :—] (શુદ્ધ દશાવાળા યતિઓને) આ અચેતન પુદ્ગલકાયમાં દ્વેષભાવ હોતો નથી કે સચેતન પરમાત્મતત્ત્વમાં રાગભાવ હોતો નથી;—આવી શુદ્ધ દશા યતિઓની હોય છે. ૪૫.

**જીવ-પુદ્ગલોને ગમન-સ્થાનનિમિત્ત ધર્મ-અધર્મ છે;**
**જીવાદિ સર્વ પદાર્થને અવગાહહેતુ આભ છે. ૩૦.**

અન્વયાર્થ :—[धर्मः] ધર્મ [जीवपुद्गलानां] જીવ-પુદ્ગલોને [गमननिमित्तः] ગમનનું નિમિત્ત છે [च] અને [अधर्मः] અધર્મ [स्थितेः] (તેમને) સ્થિતિનું નિમિત્ત છે; [आकाशं] આકાશ [जीवादिसर्वद्रव्याणाम्] જીવાદિ સર્વ દ્રવ્યોને [अवगाहनस्य] અવગાહનનું નિમિત્ત છે.

ટીકા :—આ, ધર્મ-અધર્મ-આકાશનું સંક્ષિપ્ત કથન છે.

આ ધર્માસ્તિકાય, વાવના પાણીની માફક, પોતે ગતિક્રિયારહિત છે. માત્ર (અ, ઇ, ઉ, ઋ, ઌ—એવા) પાંચ હ્રસ્વ અક્ષરના ઉચ્ચારણ જેટલી જેમની સ્થિતિ છે, જેઓ 'સિદ્ધ'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**षट्कापक्रमविमुक्तस्य मुक्तिवामलोचनालोचनगोचरस्य त्रिलोकशिखरिशेखरस्य अपहस्तितसमस्तक्लेशावासपंचविधसंसारस्य पंचमगतिप्रान्तस्य स्वभावगतिक्रियाहेतुः धर्मः, अपि च षट्कापक्रमयुक्तानां संसारिणां विभावगतिक्रियाहेतुश्च। यथोदकं पाठीनानां गमनकारणं तथा तेषां जीवपुद्गलानां गमनकारणं स धर्मः। सोऽयममूर्तः अष्टस्पर्शनविनिर्मुक्तः वर्णरसपंचकगंधद्वितयविनिर्मुक्तश्च अगुरुकलघुत्वादिगुणाधारः लोकमात्राकारः अखण्डैकपदार्थः। सहभुवो गुणाः, क्रमवर्तिनः पर्यायाश्चेति वचनादस्य गतिहेतोर्धर्मद्रव्यस्य शुद्धगुणाः शुद्धपर्याया भवन्ति। अधर्मद्रव्यस्य स्थितिहेतुर्विशेषगुणः। अस्यैव तस्य धर्मास्तिकायस्य गुणपर्यायाः सर्वे भवन्ति। आकाशस्यावकाशदानलक्षणमेव विशेषगुणः। इतरे धर्माधर्मयोर्गुणाः स्वस्यापि सदृशा इत्यर्थः। लोकाकाशधर्माधर्माणां समानप्रमाणत्वे**

---

નામને યોગ્ય છે, જેઓ છ અપક્રમથી વિમુક્ત છે, જેઓ મુક્તિરૂપી સુલોચનાનાં લોચનનો વિષય છે (અર્થાત્ જેમને મુક્તિરૂપી સુંદરી પ્રેમથી નિહાળે છે), જેઓ ત્રિલોકરૂપી [1]શિખરીના શિખર છે, જેમણે સમસ્ત ક્લેશના ઘરરૂપ પંચવિધ સંસારને (–દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવના પરાવર્તનરૂપ પાંચ પ્રકારના સંસારને) દૂર કર્યો છે અને જેઓ પંચમગતિના સીમાડે છે—એવા અયોગી ભગવાનને સ્વભાવગતિક્રિયારૂપે પરિણમતાં *સ્વભાવગતિક્રિયાનો હેતુ ધર્મ છે. વળી છ અપક્રમથી યુક્ત એવા સંસારીઓને તે (ધર્મ) *વિભાવગતિક્રિયાનો હેતુ છે. જેમ પાણી માછલાંને ગમનનું કારણ છે, તેમ તે ધર્મ તે જીવ-પુદ્ગલોને ગમનનું કારણ (નિમિત્ત) છે. તે ધર્મ અમૂર્ત, આઠ સ્પર્શ રહિત, તેમ જ પાંચ વર્ણ, પાંચ રસ અને બે ગંધ વિનાનો, અગુરુલઘુત્વાદિ ગુણોના આધારભૂત, લોકમાત્ર આકારવાળો (–લોકપ્રમાણ આકારવાળો), અખંડ એક પદાર્થ છે. ''સહભાવી ગુણો છે અને ક્રમવર્તી પર્યાયો છે'' એવું (શાસ્ત્રનું) વચન હોવાથી ગતિના હેતુભૂત આ ધર્મદ્રવ્યને શુદ્ધ ગુણો અને શુદ્ધ પર્યાયો હોય છે.

અધર્મદ્રવ્યનો વિશેષગુણ સ્થિતિહેતુત્વ છે. આ અધર્મદ્રવ્યના (બાકીના) ગુણ-પર્યાયો જેવા તે ધર્માસ્તિકાયના (બાકીના) સર્વ ગુણ-પર્યાયો હોય છે.

આકાશનો, અવકાશદાનરૂપ લક્ષણ જ વિશેષગુણ છે. ધર્મ અને અધર્મના બાકીના ગુણો આકાશના બાકીના ગુણો જેવા પણ છે.

---

૧ શિખરી = શિખરવંત; પર્વત.

★ સ્વભાવગતિક્રિયા તથા વિભાવગતિક્રિયાના અર્થ માટે ૨૨મું પાનું જુઓ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सति न ह्यलोकाकाशस्य ह्रस्वत्वमिति।

(मालिनी)

इह गमननिमित्तं यत्स्थितेः कारणं वा
यदपरमखिलानां स्थानदानप्रवीणम्।
तदखिलमवलोक्य द्रव्यरूपेण सम्यक्
प्रविशतु निजतत्त्वं सर्वदा भव्यलोकः ॥४६॥

**समयावलिभेदेण दु दुवियप्पं अहव होइ तिवियप्पं।**
**तीदो संखेज्जावलिहदसंठाणप्पमाणं तु ॥३१॥**

**समयावलिभेदेन तु द्विविकल्पोऽथवा भवति त्रिविकल्पः।**
**अतीतः संख्यातावलिहतसंस्थानप्रमाणस्तु ॥३१॥**

---

—આ પ્રમાણે (આ ગાથાનો) અર્થ છે.

(અહીં એમ ખ્યાલમાં રાખવું કે) લોકાકાશ, ધર્મ અને અધર્મ સરખા પ્રમાણવાળાં હોવાથી કાંઈ અલોકાકાશને ટૂંકાપણું—નાનાપણું નથી (–અલોકાકાશ તો અનંત છે.)

[હવે ૩૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

[**શ્લોકાર્થ :—**] અહીં એમ આશય છે કે—જે (દ્રવ્ય) ગમનનું નિમિત્ત છે, જે (દ્રવ્ય) સ્થિતિનું કારણ છે, વળી બીજું જે (દ્રવ્ય) સર્વને સ્થાન દેવામાં પ્રવીણ છે, તે બધાંને સમ્યક્ દ્રવ્યરૂપે અવલોકીને (–યથાર્થપણે સ્વતંત્ર દ્રવ્યો તરીકે સમજીને) ભવ્યસમૂહ સર્વદા નિજ તત્ત્વમાં પ્રવેશો. ૪૬.

**આવલિ–સમયના ભેદથી બે ભેદ વા ત્રણ ભેદ છે;**
**સંસ્થાનથી સંખ્યાતગુણ આવલિપ્રમાણ અતીત છે. ૩૧.**

**અન્વયાર્થ :—**[**समयावलिभेदेन तु**] સમય અને આવલિના ભેદથી [**द्विविकल्पः**] વ્યવહારકાળના બે ભેદ છે [**अथवा**] અથવા [**त्रिविकल्पः भवति**] (ભૂત, વર્તમાન અને ભવિષ્યના ભેદથી) ત્રણ ભેદ છે. [**अतीतः**] અતીત કાળ [**संख्यातावलिहतसंस्थानप्रमाणः तु**] (અતીત) સંસ્થાનોના અને સંખ્યાત આવલિના ગુણાકાર જેટલો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



व्यवहारकालस्वरूपविविधविकल्पकथनमिदम्।

एकस्मिन्नभःप्रदेशे यः परमाणुस्तिष्ठति तमन्यः परमाणुर्मन्दचलनाल्लंघयति स समयो व्यवहारकालः। तादृशैरसंख्यातसमयैः निमिषः, अथवा नयनपुटघटनायत्तो निमेषः। निमेषाष्टकैः काष्ठा। षोडशभिः काष्ठाभिः कला। द्वात्रिंशत्कलाभिर्घटिका। षष्टिनालिकमहोरात्रम्। त्रिंशदहोरात्रैर्मासः। द्वाभ्याम् मासाभ्याम् ऋतुः। ऋतुभिस्त्रिभिरयनम्। अयनद्वयेन संवत्सरः। इत्यावल्यादिव्यवहारकालक्रमः। इत्थं समयावलिभेदेन द्विधा भवति, अतीतानागतवर्तमानभेदात् त्रिधा वा। अतीतकालप्रपंचोऽयमुच्यते—अतीतसिद्धानां सिद्धपर्यायप्रादुर्भावसमयात् पुरागतो ह्यावल्यादिव्यवहारकालः स कालस्यैषां संसारावस्थायां यानि संस्थानानि गतानि तैः सदृशत्वादनन्तः। अनागतकालोऽप्यनागतसिद्धानामनागतशरीराणि यानि तैः सदृश इत्यामुक्तेः मुक्तेः

---

**ટીકા :**—આ, વ્યવહારકાળના સ્વરૂપનું અને તેના વિવિધ ભેદોનું કથન છે.

એક આકાશપ્રદેશે જે પરમાણુ રહેલો હોય તેને બીજો પરમાણુ મંદ ગતિથી ઓળંગે તેટલો કાળ તે સમયરૂપ વ્યવહારકાળ છે. એવા અસંખ્ય સમયોનો નિમેષ થાય છે, અથવા આંખ મિંચાય તેટલો કાળ તે નિમેષ છે. આઠ નિમેષની કાષ્ઠા થાય છે. સોળ કાષ્ઠાની કળા, બત્રીશ કળાની ઘડી, સાઠ ઘડીનું અહોરાત્ર, ત્રીશ અહોરાત્રનો માસ, બે માસની ઋતુ, ત્રણ ઋતુનું અયન અને બે અયનનું વર્ષ થાય છે. આમ આવલિ આદિ વ્યવહારકાળનો ક્રમ છે. આ પ્રમાણે વ્યવહારકાળ સમય અને આવલિના ભેદથી બે પ્રકારે છે અથવા અતીત, અનાગત અને વર્તમાનના ભેદથી ત્રણ પ્રકારે છે.

આ (નીચે પ્રમાણે), અતીત કાળનો વિસ્તાર કહેવામાં આવે છે : અતીત સિદ્ધોને સિદ્ધપર્યાયના [1]પ્રાદુર્ભાવસમયથી પહેલાં વીતેલો જે આવલિ આદિ વ્યવહારકાળ તે, તેમને સંસાર-અવસ્થામાં જેટલાં સંસ્થાનો વીતી ગયાં તેમના [2]જેટલો હોવાથી અનંત છે. (અનાગત સિદ્ધોને મુક્તિ થતાં સુધીનો) અનાગત કાળ પણ અનાગત સિદ્ધોનાં જે મુક્તિપર્યંત અનાગત

---

૧. પ્રાદુર્ભાવ = પ્રગટ થવું તે; ઉત્પન્ન થવું તે.

૨. સિદ્ધભગવાનને અનંત શરીરો વીતી ગયાં; તે શરીરો કરતાં સંખ્યાતગુણી આવલિઓ વીતી ગઈ. માટે અતીત શરીરો પણ અનંત છે અને અતીત કાળ પણ અનંત છે. અતીત શરીરો કરતાં અતીત આવલિઓ સંખ્યાતગુણી હોવા છતાં બન્ને અનંત હોવાથી બન્નેને અનંતપણાની અપેક્ષાએ સરખાં કહ્યાં છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सकाशादित्यर्थः।

तथा चोक्तं पंचास्तिकायसमये—

"समओ णिमिसो कट्ठा कला य णाली तदो दिवारत्ती।
मासोदुअयणसंवच्छरो त्ति कालो परायत्तो॥"

तथा हि—

(मालिनी)

समयनिमिषकाष्ठा सत्कलानाडिकाद्याद्
दिवसरजनिभेदाज्जायते काल एषः।
न च भवति फलं मे तेन कालेन किंचिद्
निजनिरुपमतत्त्वं शुद्धमेकं विहाय॥४७॥

**जीवादु पोग्गलादो णंतगुणा चावि संपदा समया।**
**लोयायासे संति य परमट्ठो सो हवे कालो॥३२॥**

---

શરીરો તેમના જેટલો છે.

આમ (આ ગાથાનો) અર્થ છે.

એવી રીતે (શ્રીમદ્દ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી પંચાસ્તિકાયસમયમાં (૨૫મી ગાથા દ્વારા) કહ્યું છે કે :—

"[**ગાથાર્થ :—**] સમય, નિમેષ, કાષ્ઠા, કળા, ઘડી, દિનરાત, માસ, ઋતુ, અયન અને વર્ષ—એ રીતે પરાશ્રિત કાળ (–જેમાં પરની અપેક્ષા આવે છે એવો વ્યવહારકાળ) છે."

વળી (૩૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—

[**શ્લોકાર્થ :—**] સમય, નિમેષ, કાષ્ઠા, કળા, ઘડી, દિનરાત વગેરે ભેદોથી આ કાળ (વ્યવહારકાળ) ઉત્પન્ન થાય છે; પરંતુ શુદ્ધ એક નિજ નિરુપમ તત્ત્વને છોડીને, તે કાળથી મને કાંઈ ફળ નથી. ૪૭.

**જીવોથી ને પુદ્ગલથી પણ સમયો અનંતગુણા કહ્યા;**
**તે કાળ છે પરમાર્થ, જે છે સ્થિત લોકાકાશમાં. ૩૨.**

૯

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जीवात् पुद्गलतोऽनंतगुणाश्चापि संप्रति समयाः।
लोकाकाशे संति च परमार्थः स भवेत्कालः॥३२॥

मुख्यकालस्वरूपाख्यानमेतत्।

जीवराशेः पुद्गलराशेः सकाशादनन्तगुणाः। के ते? समयाः। कालाणवः लोकाकाशप्रदेशेषु पृथक् पृथक् तिष्ठन्ति, स कालः परमार्थ इति।

तथा चोक्तं प्रवचनसारे—

"समओ दु अप्पदेसो पदेसमेत्तस्स दव्वजादस्स।
वदिवददो सो वट्टदि पदेसमागासदव्वस्स॥"

अस्यापि समयशब्देन मुख्यकालाणुस्वरूपमुक्तम्।

अन्यच्च—

---

**અન્વયાર્થ :**—[संप्रति] હવે, [जीवात्] જીવથી [पुद्गलतः च अपि] તેમ જ પુદ્ગલથી પણ [अनंतगुणाः] અનંતગુણા [समयाः] સમયો છે; [च] અને [लोकाकाशे संति] જે (કાલાણુઓ) લોકાકાશમાં છે, [सः] તે [परमार्थः कालः भवेत्] પરમાર્થ કાળ છે.

**ટીકા :**—આ, મુખ્ય કાળના સ્વરૂપનું કથન છે.

જીવરાશિથી અને પુદ્ગલરાશિથી અનંતગુણા છે. કોણ? સમયો. કાલાણુઓ લોકાકાશના પ્રદેશોમાં પૃથક્ પૃથક્ રહેલા છે, તે કાળ પરમાર્થ છે.

એવી રીતે (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી પ્રવચનસારમાં (૧૩૮મી ગાથા દ્વારા) કહ્યું છે કે :—

"[**ગાથાર્થ :**—] કાળ તો અપ્રદેશી છે. પ્રદેશમાત્ર પુદ્ગલ-પરમાણુ આકાશદ્રવ્યના પ્રદેશને મંદ ગતિથી ઓળંગતો હોય ત્યારે તે વર્તે છે અર્થાત્ નિમિત્તભૂતપણે પરિણમે છે."

આમાં (આ પ્રવચનસારની ગાથામાં) પણ 'સમય' શબ્દથી મુખ્યકાલાણુનું સ્વરૂપ કહ્યું છે.

વળી અન્યત્ર (આચાર્યવર શ્રીનેમિચંદ્રસિદ્ધાંતિદેવવિરચિત બૃહદ્દ્રવ્યસંગ્રહમાં ૨૨મી ગાથા દ્વારા) કહ્યું છે કે :—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



"लोयायासपदेसे एक्केक्के जे ट्ठिया हु एक्केक्का।
रयणाणं रासी इव ते कालाणू असंखदव्वाणि॥"

उक्तं च मार्गप्रकाशे—

(अनुष्टुभ्)

"कालाभावे न भावानां परिणामस्तदंतरात्।
न द्रव्यं नापि पर्यायः सर्वाभावः प्रसज्यते॥"

तथा हि—

(अनुष्टुभ्)

वर्तनाहेतुरेषः स्यात् कुम्भकृच्चक्रमेव तत्।
पंचानामस्तिकायानां नान्यथा वर्तना भवेत्॥४८॥

(अनुष्टुभ्)

प्रतीतिगोचराः सर्वे जीवपुद्गलराशयः।
धर्माधर्मनभः कालाः सिद्धाः सिद्धान्तपद्धतेः॥४९॥

---

"[ગાથાર્થ :—] લોકાકાશના એક એક પ્રદેશે જે એક એક કાલાણુ રત્નોના રાશિની માફક ખરેખર સ્થિત છે, તે કાલાણુઓ અસંખ્ય દ્રવ્યો છે."

વળી માર્ગપ્રકાશમાં પણ (શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

"[શ્લોકાર્થ :—] કાળના અભાવમાં, પદાર્થોનું પરિણમન ન હોય; અને પરિણમન ન હોય તો, દ્રવ્ય પણ ન હોય તથા પર્યાય પણ ન હોય; એ રીતે સર્વના અભાવનો (શૂન્યનો) પ્રસંગ આવે."

વળી (૩૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે) :—

[શ્લોકાર્થ :—] કુંભારના ચક્રની માફક (અર્થાત્ જેમ ઘડો થવામાં કુંભારનો ચાકડો નિમિત્ત છે તેમ), આ પરમાર્થકાળ (પાંચ અસ્તિકાયોની) વર્તનાનું નિમિત્ત છે. એના વિના, પાંચ અસ્તિકાયોને વર્તના (-પરિણમન) હોઈ શકે નહિ. ૪૮.

[શ્લોકાર્થ :—] સિદ્ધાંતપદ્ધતિથી (શાસ્ત્રપરંપરાથી) સિદ્ધ એવાં જીવરાશિ, પુદ્ગલ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**जीवादीदव्वाणं परिवट्टणकारणं हवे कालो।**
**धम्मादिचउण्हं णं सहावगुणपज्जया होंति॥३३॥**

**जीवादिद्रव्याणां परिवर्तनकारणं भवेत्कालः।**
**धर्मादिचतुर्णां स्वभावगुणपर्याया भवंति॥३३॥**

कालादिशुद्धामूर्ताचेतनद्रव्याणां स्वभावगुणपर्यायाख्यानमेतत्।

इह हि मुख्यकालद्रव्यं जीवपुद्गलधर्माधर्माकाशानां पर्यायपरिणतिहेतुत्वात् परिवर्तनलिङ्गमित्युक्तम्। अथ धर्माधर्माकाशकालानां स्वजातीयविजातीयबंधसम्बन्धाभावात् विभावगुणपर्यायाः न भवंति, अपि तु स्वभावगुणपर्याया भवंतीत्यर्थः। ते गुणपर्यायाः पूर्वं प्रतिपादिताः, अत एवात्र संक्षेपतः सूचिता इति।

---

રાશિ, ધર્મ, અધર્મ, આકાશ ને કાળ બધાંય પ્રતીતિગોચર છે (અર્થાત્ છ યે દ્રવ્યોની પ્રતીતિ થઈ શકે છે). ૪૯.

**જીવપુદ્ગલાદિ પદાર્થને પરિણમનકારણ કાળ છે;**
**ધર્માદિ ચાર સ્વભાવગુણપર્યાયવંત પદાર્થ છે. ૩૩.**

**અન્વયાર્થ :—[जीवादिद्रव्याणाम्]** જીવાદિ દ્રવ્યોને **[परिवर्तनकारणम्]** પરિવર્તનનું કારણ (–વર્તનાનું નિમિત્ત) **[कालः भवेत्]** કાળ છે. **[धर्मादिचतुर्णां]** ધર્માદિ ચાર દ્રવ્યોને **[स्वभावगुणपर्यायाः]** સ્વભાવગુણપર્યાયો **[भवंति]** હોય છે.

**ટીકા :—**આ, કાળાદિ શુદ્ધ અમૂર્ત અચેતન દ્રવ્યોના સ્વભાવગુણપર્યાયોનું કથન છે.

મુખ્યકાળદ્રવ્ય, જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ અને આકાશની (–પાંચ અસ્તિકાયોની) પર્યાયપરિણતિનો હેતુ હોવાથી તેનું લિંગ પરિવર્તન છે (અર્થાત્ કાળદ્રવ્યનું લક્ષણ વર્તનાહેતુત્વ છે) એમ અહીં કહ્યું છે.

હવે (બીજી વાત એ કે), ધર્મ, અધર્મ, આકાશ અને કાળને સ્વજાતીય કે વિજાતીય બંધનો સંબંધ નહિ હોવાથી તેમને વિભાવગુણપર્યાયો હોતા નથી, પરંતુ સ્વભાવગુણપર્યાયો હોય છે—એમ અર્થ છે. તે સ્વભાવગુણપર્યાયોનું પૂર્વે પ્રતિપાદન કરવામાં આવ્યું છે તેથી જ અહીં સંક્ષેપથી સૂચન કરવામાં આવ્યું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(मालिनी)

इति विरचितमुच्चैर्द्रव्यषट्कस्य भास्वद्
विवरणमतिरम्यं भव्यकर्णामृतं यत्।
तदिह जिनमुनीनां दत्तचित्तप्रमोदं
भवतु भवविमुक्त्यै सर्वदा भव्यजन्तोः॥५०॥

एदे छद्दव्वाणि य कालं मोत्तूण अत्थिकाय त्ति।
णिद्दिट्ठा जिणसमये काया हु बहुप्पदेसत्तं॥३४॥

एतानि षड्द्रव्याणि च कालं मुक्त्वास्तिकाया इति।
निर्दिष्टा जिनसमये कायाः खलु बहुप्रदेशत्वम्॥३४॥

अत्र कालद्रव्यमन्तरेण पूर्वोक्तद्रव्याण्येव पंचास्तिकाया भवंतीत्युक्तम्।

इह हि द्वितीयादिप्रदेशरहितः कालः, 'समओ अप्पदेसो' इति वचनात्।

---

[હવે ૩૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

[શ્લોકાર્થ :—] એ રીતે ભવ્યોનાં કર્ણોને અમૃત એવું જે છ દ્રવ્યોનું અતિ રમ્ય દેદીપ્યમાન (-સ્પષ્ટ) વિવરણ વિસ્તારથી કરવામાં આવ્યું, તે જિનમુનિઓના ચિત્તને પ્રમોદ દેનારું ષટ્દ્રવ્યવિવરણ ભવ્ય જીવને સર્વદા ભવવિમુક્તિનું કારણ હો. ૫૦.

જિનસમયમાંહી કાળ છોડી શેષ પાંચ પદાર્થ જે
તે અસ્તિકાય કહ્યા; અનેકપ્રદેશયુત તે કાય છે. ૩૪.

**અન્વયાર્થ :—[कालं मुक्त्वा]** કાળ છોડીને **[एतानि षड्द्रव्याणि च]** આ છ દ્રવ્યોને (અર્થાત્ બાકીનાં પાંચ દ્રવ્યોને) **[जिनसमये]** જિનસમયમાં (જિનદર્શનમાં) **[अस्तिकायाः इति]** 'અસ્તિકાય' **[निर्दिष्टाः]** કહેવામાં આવ્યાં છે. **[बहुप्रदेशत्वम्]** બહુપ્રદેશીપણું **[खलु कायाः]** તે કાયત્વ છે.

**ટીકા :—**આ ગાથામાં કાળદ્રવ્ય સિવાય પૂર્વોક્ત દ્રવ્યો જ પંચાસ્તિકાય છે એમ કહ્યું છે.

અહીં (આ વિશ્વમાં) કાળ દ્વિતીયાદિ પ્રદેશ રહિત (અર્થાત્ એક કરતાં વધારે પ્રદેશો વિનાનો) છે, કારણ કે **'समओ अप्पदेसो** (કાળ અપ્રદેશી છે)' એવું (શાસ્ત્રનું) વચન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**अस्य हि द्रव्यत्वमेव, इतरेषां पंचानां कायत्वमस्त्येव। बहुप्रदेशप्रचयत्वात् कायः। काया इव कायाः। पंचास्तिकायाः। अस्तित्वं नाम सत्ता। सा किंविशिष्टा? सप्रतिपक्षा, अवान्तरसत्ता महासत्तेति। तत्र समस्तवस्तुविस्तरव्यापिनी महासत्ता, प्रतिनियतवस्तुव्यापिनी ह्यवान्तरसत्ता। समस्तव्यापकरूपव्यापिनी महासत्ता, प्रतिनियतैकरूपव्यापिनी ह्यवान्तरसत्ता। अनन्तपर्यायव्यापिनी महासत्ता, प्रतिनियतैकपर्यायव्यापिनी ह्यवान्तरसत्ता। अस्तीत्यस्य भावः अस्तित्वम्। अनेन अस्तित्वेन कायत्वेन सनाथाः पंचास्तिकायाः। कालद्रव्यस्यास्तित्वमेव, न कायत्वं, काया इव बहुप्रदेशाभावादिति।**

(आर्या)

**इति जिनमार्गाम्भोधेरुद्धृता पूर्वसूरिभिः प्रीत्या।**
**षड्द्रव्यरत्नमाला कंठाभरणाय भव्यानाम्॥५१॥**

---

છે. આને દ્રવ્યપણું જ છે, બાકીનાં પાંચને કાયપણું (પણ) છે જ.

બહુ પ્રદેશોના સમૂહવાળું હોય તે ‘કાય’ છે. ‘કાય’ કાય જેવાં (–શરીર જેવાં અર્થાત્ બહુપ્રદેશોવાળાં) હોય છે. અસ્તિકાયો પાંચ છે.

અસ્તિત્વ એટલે સત્તા. તે કેવી છે? મહાસત્તા અને અવાંતરસત્તા—એમ [1]સપ્રતિપક્ષ છે. ત્યાં, સમસ્ત વસ્તુવિસ્તારમાં વ્યાપનારી તે મહાસત્તા છે, [2]પ્રતિનિયત વસ્તુમાં વ્યાપનારી તે અવાંતરસત્તા છે; સમસ્ત વ્યાપક રૂપમાં વ્યાપનારી તે મહાસત્તા છે, પ્રતિનિયત એક રૂપમાં વ્યાપનારી તે અવાંતરસત્તા છે; અનંત પર્યાયોમાં વ્યાપનારી તે મહાસત્તા છે, પ્રતિનિયત એક પર્યાયમાં વ્યાપનારી તે અવાંતરસત્તા છે. પદાર્થનો ‘[3]**अस्ति**’ એવો ભાવ તે અસ્તિત્વ છે.

આ અસ્તિત્વથી અને કાયત્વથી સહિત પાંચ અસ્તિકાયો છે. કાળદ્રવ્યને અસ્તિત્વ જ છે, કાયત્વ નથી, કારણ કે કાયની માફક તેને બહુ પ્રદેશોનો અભાવ છે.

[હવે ૩૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

[**શ્લોકાર્થ :—**] એ રીતે જિનમાર્ગરૂપી રત્નાકરમાંથી પૂર્વાચાર્યોએ પ્રીતિપૂર્વક

---

૧. સપ્રતિપક્ષ = પ્રતિપક્ષ સહિત; વિરોધી સહિત. (મહાસત્તા અને અવાંતરસત્તા પરસ્પર વિરોધી છે.)

૨. પ્રતિનિયત = નિયત; નિશ્ચિત; અમુક જ.

૩. **अस्ति** = છે (અસ્તિત્વ = હોવાપણું)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



संखेज्जासंखेज्जाणंतपदेसा हवंति मुत्तस्स।
धम्माधम्मस्स पुणो जीवस्स असंखदेसा हु॥३५॥

लोयायासे तावं इदरस्स अणंतयं हवे देसा।
कालस्स ण कायत्तं एयपदेसो हवे जम्हा॥३६॥

संख्यातासंख्यातानंतप्रदेशा भवन्ति मूर्तस्य।
धर्माधर्मयोः पुनर्जीवस्यासंख्यातप्रदेशाः खलु॥३५॥
लोकाकाशे तद्वदितरस्यानंता भवन्ति देशाः।
कालस्य न कायत्वं एकप्रदेशो भवेद्यस्मात्॥३६॥

**षण्णां द्रव्याणां प्रदेशलक्षणसंभवप्रकारकथनमिदम्।**

---

ષટ્દ્રવ્યરૂપી રત્નોની માળા ભવ્યોના કંઠના આભરણને અર્થે બહાર કાઢી છે. ૫૧.

અણસંખ્ય, સંખ્ય, અનંત હોય પ્રદેશ મૂર્તિક દ્રવ્યને,
અણસંખ્ય જાણ પ્રદેશ ધર્મ, અધર્મ તેમ જ જીવને; ૩૫.
અણસંખ્ય લોકાકાશમાંહી, અનંત જાણ અલોકને,
છે કાળ એકપ્રદેશી, તેથી ન કાળને કાયત્વ છે. ૩૬.

**અન્વયાર્થ :—[मूर्तस्य]** મૂર્ત દ્રવ્યને **[संख्यातासंख्यातानंतप्रदेशाः]** સંખ્યાત, અસંખ્યાત અને અનંત પ્રદેશો **[भवन्ति]** હોય છે; **[धर्माधर्मयोः]** ધર્મ, અધર્મ **[पुनः जीवस्य]** તેમ જ જીવને **[खलु]** ખરેખર **[असंख्यातप्रदेशाः]** અસંખ્યાત પ્રદેશો છે.

**[लोकाकाशे]** લોકાકાશને વિષે **[तद्वत्]** ધર્મ, અધર્મ તેમ જ જીવની માફક (અસંખ્યાત પ્રદેશો) છે; **[इतरस्य]** બાકીનું જે અલોકાકાશ તેને **[अनंताः देशाः]** અનંત પ્રદેશો **[भवन्ति]** છે. **[कालस्य]** કાળને **[कायत्वं न]** કાયપણું નથી, **[यस्मात्]** કારણ કે **[एकप्रदेशः]** તે એકપ્રદેશી **[भवेत्]** છે.

**ટીકા :—**આમાં છ દ્રવ્યોના પ્રદેશનું લક્ષણ અને તેના સંભવનો પ્રકાર કહેલ છે. (અર્થાત્ આ ગાથામાં પ્રદેશનું લક્ષણ તેમ જ છ દ્રવ્યોને કેટલા કેટલા પ્રદેશ હોય છે તે કહ્યું છે).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



शुद्धपुद्गलपरमाणुना गृहीतं नभःस्थलमेव प्रदेशः। एवंविधाः पुद्गलद्रव्यस्य प्रदेशाः संख्याता असंख्याता अनन्ताश्च। लोकाकाशधर्माधर्मैकजीवानामसंख्यातप्रदेशा भवन्ति। इतरस्यालोकाकाशस्यानन्ताः प्रदेशा भवन्ति। कालस्यैकप्रदेशो भवति, अतः कारणादस्य कायत्वं न भवति अपि तु द्रव्यत्वमस्त्येवेति।

(उपेन्द्रवज्रा)

पदार्थरत्नाभरणं मुमुक्षोः
कृतं मया कंठविभूषणार्थम्।
अनेन धीमान् व्यवहारमार्गं
बुद्ध्वा पुनर्बोधति शुद्धमार्गम्॥५२॥

**पोग्गलदव्वं मुत्तं मुत्तिविरहिया हवंति सेसाणि।**
**चेदणभावो जीवो चेदणगुणवज्जिया सेसा॥३७॥**

---

શુદ્ધપુદ્ગલપરમાણુ વડે રોકાયેલું આકાશસ્થળ જ પ્રદેશ છે (અર્થાત્ શુદ્ધ પુદ્ગલરૂપ પરમાણુ આકાશના જેટલા ભાગને રોકે તેટલો ભાગ તે આકાશનો પ્રદેશ છે). પુદ્ગલદ્રવ્યને *એવા પ્રદેશો સંખ્યાત, અસંખ્યાત અને અનંત હોય છે. લોકાકાશને, ધર્મને, અધર્મને તથા એક જીવને અસંખ્યાત પ્રદેશો છે. બાકીનું જે અલોકાકાશ તેને અનંત પ્રદેશો છે. કાળને એક પ્રદેશ છે, તે કારણથી તેને કાયપણું નથી પરંતુ દ્રવ્યપણું છે જ.

[હવે આ બે ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે:]

[શ્લોકાર્થ :—] પદાર્થોરૂપી (–છ દ્રવ્યોરૂપી) રત્નોનું આભરણ મેં મુમુક્ષુના કંઠની શોભા અર્થે બનાવ્યું છે; એના વડે ધીમાન પુરુષ વ્યવહારમાર્ગને જાણીને, શુદ્ધમાર્ગને પણ જાણે છે. ૫૨.

**છે મૂર્ત પુદ્ગલદ્રવ્ય, શેષ પદાર્થ મૂર્તિવિહીન છે;**
**ચૈતન્યયુત છે જીવ ને ચૈતન્યવર્જિત શેષ છે. ૩૭.**

---

★ આકાશના પ્રદેશની માફક, કોઈ પણ દ્રવ્યનો એક પરમાણુ વડે વ્યાપાવાયોગ્ય જે અંશ તેને તે દ્રવ્યનો પ્રદેશ કહેવામાં આવે છે. દ્રવ્યે પુદ્ગલ એકપ્રદેશી હોવા છતાં પર્યાયે સ્કંધપણાની અપેક્ષાએ પુદ્ગલને બે પ્રદેશોથી માંડીને અનંત પ્રદેશો પણ સંભવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



पुद्गलद्रव्यं मूर्तं मूर्तिविरहितानि भवन्ति शेषाणि।
चैतन्यभावो जीवः चैतन्यगुणवर्जितानि शेषाणि॥३७॥

अजीवद्रव्यव्याख्यानोपसंहारोयम्।

तेषु मूलपदार्थेषु पुद्गलस्य मूर्तत्वम्, इतरेषाममूर्तत्वम्। जीवस्य चेतनत्वम्, इतरेषामचेतनत्वम्। स्वजातीयविजातीयबन्धापेक्षया जीवपुद्गलयोरशुद्धत्वम्, धर्मादीनां चतुर्णां विशेषगुणापेक्षया शुद्धत्वमेवेति।

(मालिनी)

इति ललितपदानामावलिर्भाति नित्यं
वदनसरसिजाते यस्य भव्योत्तमस्य।
सपदि समयसारस्तस्य हृत्पुण्डरीके
लसति निशितबुद्धेः किं पुनश्चित्रमेतत्॥५३॥

---

**અન્વયાર્થ :—[पुद्गलद्रव्यं]** પુદ્‌ગલદ્રવ્ય **[मूर्तं]** મૂર્ત છે, **[शेषाणि]** બાકીનાં દ્રવ્યો **[मूर्तिविरहितानि]** મૂર્તત્વ રહિત **[भवन्ति]** છે; **[जीवः]** જીવ **[चैतन्यभावः]** ચૈતન્યભાવવાળો છે, **[शेषाणि]** બાકીનાં દ્રવ્યો **[चैतन्यगुणवर्जितानि]** ચૈતન્યગુણ રહિત છે.

**ટીકા :—**આ, અજીવદ્રવ્ય સંબંધી કથનનો ઉપસંહાર છે.

તે (પૂર્વોક્ત) મૂળ પદાર્થોમાં, પુદ્‌ગલ મૂર્ત છે, બાકીના અમૂર્ત છે; જીવ ચેતન છે, બાકીના અચેતન છે; સ્વજાતીય અને વિજાતીય બંધની અપેક્ષાથી જીવ તથા પુદ્‌ગલને (બંધ-અવસ્થામાં) અશુદ્ધપણું હોય છે, ધર્માદિ ચાર પદાર્થોને વિશેષગુણની અપેક્ષાથી (સદા) શુદ્ધપણું જ છે.

[હવે આ અજીવ અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** એ રીતે લલિત પદોની પંક્તિ જે ભવ્યોત્તમના વદનારવિંદમાં સદા શોભે છે, તે તીક્ષ્ણ બુદ્ધિવાળા પુરુષના હૃદયકમળમાં શીઘ્ર સમયસાર (-શુદ્ધ આત્મા) પ્રકાશે છે. અને એમાં શું આશ્ચર્ય છે? ૫૩.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**इति सुकविजनपयोजमित्रपंचेन्द्रियप्रसरवर्जितगात्रमात्रपरिग्रहश्रीपद्मप्रभमलधारिदेवविरचितायां नियमसारव्याख्यायां तात्पर्यवृत्तौ अजीवाधिकारो द्वितीयः श्रुतस्कन्धः ।।**

---

આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્‌ભગવત્‌કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) **અજીવ અધિકાર** નામનો બીજો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

—૩—

# શુદ્ધભાવ અધિકાર

अथेदानीं शुद्धभावाधिकार उच्यते।

जीवादिबहित्तच्चं हेयमुवादेयमप्पणो अप्पा।
कम्मोपाधिसमुब्भवगुणपज्जाएहिं वदिरित्तो ।।३८।।

जीवादिबहिस्तत्त्वं हेयमुपादेयमात्मनः आत्मा।
कर्मोपाधिसमुद्भवगुणपर्यायैर्व्यतिरिक्तः ।।३८।।

हेयोपादेयतत्त्वस्वरूपाख्यानमेतत् ।

जीवादिसप्ततत्त्वजातं परद्रव्यत्वान्न ह्युपादेयम्। आत्मनः सहजवैराग्यप्रासाद-

---

હવે શુદ્ધભાવ અધિકાર કહેવામાં આવે છે.

છે બાહ્યતત્ત્વ જીવાદિ સર્વે હેય, આત્મા ગ્રાહ્ય છે,
—જે કર્મથી ઉત્પન્ન ગુણપર્યાયથી વ્યતિરિક્ત છે. ૩૮.

અન્વયાર્થ :—[जीवादिबहिस्तत्त्वं] જીવાદિ બાહ્યતત્ત્વ [हेयम्] હેય છે; [कर्मोपाधिसमुद्भवगुणपर्यायैः] કર્મોપાધિજનિત ગુણપર્યાયોથી [व्यतिरिक्तः] વ્યતિરિક્ત [आत्मा] આત્મા [आत्मनः] આત્માને [उपादेयम्] ઉપાદેય છે.

ટીકા :—આ, હેય અને ઉપાદેય તત્ત્વના સ્વરૂપનું કથન છે.

જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી. સહજ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**शिखरशिखामणेः परद्रव्यपराङ्मुखस्य पंचेन्द्रियप्रसरवर्जितगात्रमात्रपरिग्रहस्य परमजिन-योगीश्वरस्य स्वद्रव्यनिशितमतेरुपादेयो ह्यात्मा। औदयिकादिचतुर्णां भावान्तराणामगोचरत्वाद् द्रव्यभावनोकर्मोपाधिसमुपजनितविभावगुणपर्यायरहितः, अनादिनिधनामूर्तातीन्द्रियस्वभावशुद्ध-सहजपरमपारिणामिकभावस्वभावकारणपरमात्मा ह्यात्मा। अत्यासन्नभव्यजीवानामेवंभूतं निजपरमात्मानमन्तरेण न किंचिदुपादेयमस्तीति।**

(मालिनी)

**जयति समयसारः सर्वतत्त्वैकसारः**
**सकलविलयदूरः प्रास्तदुर्वारमारः।**
**दुरिततरुकुठारः शुद्धबोधावतारः**
**सुखजलनिधिपूरः क्लेशवाराशिपारः।।५४।।**

---

વૈરાગ્યરૂપી મહેલના શિખરનો જે [1]શિખામણિ છે, પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે, પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેને પરિગ્રહ છે, જે પરમ જિનયોગીશ્વર છે, સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે—એવા આત્માને 'આત્મા' ખરેખર ઉપાદેય છે. ઔદયિક આદિ ચાર [2]ભાવાંતરોને અગોચર હોવાથી જે (કારણપરમાત્મા) દ્રવ્યકર્મ, ભાવકર્મ, અને નોકર્મરૂપ ઉપાધિથી જનિત વિભાવગુણપર્યાયો વિનાનો છે, તથા અનાદિ-અનંત અમૂર્ત અતીંદ્રિયસ્વભાવવાળો શુદ્ધ-સહજ-પરમ-પારિણામિકભાવ જેનો સ્વભાવ છે—એવો કારણપરમાત્મા તે ખરેખર 'આત્મા' છે. અતિ-આસન્ન ભવ્યજીવોને એવા નિજ પરમાત્મા સિવાય (બીજું) કાંઈ ઉપાદેય નથી.

[હવે ૩૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે :]

[**શ્લોકાર્થ :—**] સર્વ તત્ત્વોમાં જે એક સાર છે, જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે, જેણે દુર્વાર કામને નષ્ટ કર્યો છે, જે પાપરૂપ વૃક્ષને છેદનાર કુહાડો છે, જે શુદ્ધ જ્ઞાનનો અવતાર છે, જે સુખસાગરનું પૂર છે અને જે ક્લેશોદધિનો કિનારો છે, તે સમયસાર (શુદ્ધ આત્મા) જયવંત વર્તે છે. ૫૪.

---

૧. શિખામણિ = ટોચ ઉપરનું રત્ન; ચૂડામણિ; કલગીનું રત્ન.

૨. ભાવાંતરો = અન્ય ભાવો. [ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક—એ ચાર ભાવો પરમપારિણામિકભાવથી અન્ય હોવાને લીધે તેમને ભાવાંતરો કહ્યા છે. પરમપારિણામિકભાવ જેનો સ્વભાવ છે એવો કારણપરમાત્મા આ ચાર ભાવાંતરોને અગોચર છે.]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**णो खलु सहावठाणा णो माणवमाणभावठाणा वा।**
**णो हरिसभावठाणा णो जीवस्साहरिस्सठाणा वा॥३९॥**

न खलु स्वभावस्थानानि न मानापमानभावस्थानानि वा।
न हर्षभावस्थानानि न जीवस्याहर्षस्थानानि वा॥३९॥

निर्विकल्पतत्त्वस्वरूपाख्यानमेतत्।

त्रिकालनिरुपाधिस्वरूपस्य शुद्धजीवास्तिकायस्य न खलु विभावस्वभावस्थानानि। प्रशस्ताप्रशस्तसमस्तमोहरागद्वेषाभावान्न च मानापमानहेतुभूतकर्मोदयस्थानानि। न खलु शुभपरिणतेरभावाच्छुभकर्म, शुभकर्माभावान्न संसारसुखं, संसारसुखस्याभावान्न हर्षस्थानानि। न चाशुभपरिणतेरभावादशुभकर्म, अशुभकर्माभावान्न दुःखं, दुःखाभावान्न चाहर्षस्थानानि चेति।

---

જીવને ન સ્થાન સ્વભાવનાં, માનાપમાન તણાં નહીં,
જીવને ન સ્થાનો હર્ષનાં, સ્થાનો અહર્ષ તણાં નહીં. ૩૯.

**અન્વયાર્થ :**—[**जीवस्य**] જીવને [**खलु**] ખરેખર [**न स्वभावस्थानानि**] સ્વભાવસ્થાનો (–વિભાવસ્વભાવનાં સ્થાનો) નથી, [**न मानापमानभावस्थानानि वा**] માનાપમાનભાવનાં સ્થાનો નથી, [**न हर्षभावस्थानानि**] હર્ષભાવનાં સ્થાનો નથી [**वा**] કે [**न अहर्षस्थानानि**] અહર્ષનાં સ્થાનો નથી.

**ટીકા :**—આ, નિર્વિકલ્પ તત્ત્વના સ્વરૂપનું કથન છે.

ત્રિકાળ-નિરુપાધિ જેનું સ્વરૂપ છે એવા શુદ્ધ જીવાસ્તિકાયને ખરેખર વિભાવ-સ્વભાવસ્થાનો (–વિભાવરૂપ સ્વભાવનાં સ્થાનો) નથી; (શુદ્ધ જીવાસ્તિકાયને) પ્રશસ્ત કે અપ્રશસ્ત સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ હોવાથી માન-અપમાનના હેતુભૂત કર્મોદયનાં સ્થાનો નથી; (શુદ્ધ જીવાસ્તિકાયને) શુભ પરિણતિનો અભાવ હોવાથી શુભ કર્મ નથી, શુભ કર્મનો અભાવ હોવાથી સંસારસુખ નથી, સંસારસુખનો અભાવ હોવાથી હર્ષસ્થાનો નથી; વળી (શુદ્ધ જીવાસ્તિકાયને) અશુભ પરિણતિનો અભાવ હોવાથી અશુભ કર્મ નથી, અશુભ કર્મનો અભાવ હોવાથી દુઃખ નથી, દુઃખનો અભાવ હોવાથી અહર્ષસ્થાનો નથી.

[હવે ૩૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(शार्दूलविक्रीडित)

प्रीत्यप्रीतिविमुक्तशाश्वतपदे निःशेषतोऽन्तर्मुख-
निर्भेदोदितशर्मनिर्मितवियद्बिम्बाकृतावात्मनि।
चैतन्यामृतपूरपूर्णवपुषे प्रेक्षावतां गोचरे
बुद्धिं किं न करोषि वाञ्छसि सुखं त्वं संसृतेर्दुष्कृतेः॥५५॥

**णो ठिदिबंधट्ठाणा पयडिट्ठाणा पदेसठाणा वा।**
**णो अणुभागट्ठाणा जीवस्स ण उदयठाणा वा॥४०॥**

न स्थितिबंधस्थानानि प्रकृतिस्थानानि प्रदेशस्थानानि वा।
नानुभागस्थानानि जीवस्य नोदयस्थानानि वा॥४०॥

अत्र प्रकृतिस्थित्यनुभागप्रदेशबन्धोदयस्थाननिचयो जीवस्य न समस्तीत्युक्तम्।

नित्यनिरुपरागस्वरूपस्य निरंजननिजपरमात्मतत्त्वस्य न खलु जघन्यमध्यमोत्कृष्टद्रव्य-

---

[શ્લોકાર્થ :—] જે પ્રીતિ-અપ્રીતિ રહિત શાશ્વત પદ છે, જે નિઃશેષપણે અંતર્મુખ અને નિર્ભેદપણે પ્રકાશમાન એવા સુખનો બનેલો છે, જે નભમંડળ સમાન આકૃતિવાળો (અર્થાત્ નિરાકાર–અરૂપી) છે, ચૈતન્યામૃતના પૂરથી ભરેલું જેનું સ્વરૂપ છે, જે વિચારવંત ડાહ્યા પુરુષોને ગોચર છે—એવા આત્મામાં તું રુચિ કેમ કરતો નથી અને દુષ્કૃતરૂપ સંસારના સુખને કેમ વાંછે છે? ૫૫.

**સ્થિતિબંધસ્થાનો, પ્રકૃતિસ્થાન, પ્રદેશનાં સ્થાનો નહીં,**
**અનુભાગનાં નહિ સ્થાન જીવને, ઉદયનાં સ્થાનો નહીં. ૪૦.**

**અન્વયાર્થ :—[जीवस्य]** જીવને **[न स्थितिबंधस्थानानि]** સ્થિતિબંધસ્થાનો નથી, **[प्रकृतिस्थानानि]** પ્રકૃતિસ્થાનો નથી, **[प्रदेशस्थानानि वा]** પ્રદેશસ્થાનો નથી, **[न अनुभागस्थानानि]** અનુભાગસ્થાનો નથી **[वा]** કે **[न उदयस्थानानि]** ઉદયસ્થાનો નથી.

**ટીકા :—**અહીં (આ ગાથામાં) પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ અને પ્રદેશબંધનાં સ્થાનોનો તથા ઉદયનાં સ્થાનોનો સમૂહ જીવને નથી એમ કહ્યું છે.

સદા *નિરુપરાગ જેનું સ્વરૂપ છે એવા નિરંજન (નિર્દોષ) નિજ પરમાત્મતત્ત્વને

---

★ નિરુપરાગ = ઉપરાગ વિનાનું. [ઉપરાગ = કોઈ પદાર્થમાં, અન્ય ઉપાધિની સમીપતાના નિમિત્તે થતો ઉપાધિને અનુરૂપ વિકારી ભાવ; ઔપાધિક ભાવ; વિકાર; મલિનતા.]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**कर्मस्थितिबंधस्थानानि। ज्ञानावरणाद्यष्टविधकर्मणां तत्तद्योग्यपुद्गलद्रव्यस्वाकारः प्रकृतिबन्धः, तस्य स्थानानि न भवन्ति। अशुद्धान्तस्तत्त्वकर्मपुद्गलयोः परस्परप्रदेशानुप्रवेशः प्रदेशबन्धः, अस्य बंधस्य स्थानानि वा न भवन्ति। शुभाशुभकर्मणां निर्जरासमये सुखदुःखफलप्रदानशक्तियुक्तो ह्यनुभागबन्धः, अस्य स्थानानां वा न चावकाशः। न च द्रव्यभावकर्मोदयस्थानानामप्यवकाशोऽस्ति इति।**

**तथा चोक्तं श्रीअमृतचन्द्रसूरिभिः—**

(मालिनी)

**''न हि विदधति बद्धस्पृष्टभावादयोऽमी**
**स्फुटमुपरि तरन्तोऽप्येत्य यत्र प्रतिष्ठाम्।**
**अनुभवतु तमेव द्योतमानं समन्तात्**
**जगदपगतमोहीभूय सम्यक्स्वभावम्॥''**

**तथा हि—**

---

ખરેખર દ્રવ્યકર્મના જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ સ્થિતિબંધનાં સ્થાનો નથી. જ્ઞાનાવરણાદિ અષ્ટવિધ કર્મોમાંના તે તે કર્મને યોગ્ય એવો જે પુદ્ગલદ્રવ્યનો સ્વ-આકાર તે પ્રકૃતિબંધ છે; તેનાં સ્થાનો (નિરંજન નિજ પરમાત્મતત્ત્વને) નથી. અશુદ્ધ અંતઃતત્ત્વના (-અશુદ્ધ આત્માના) અને કર્મપુદ્ગલના પ્રદેશોનો પરસ્પર પ્રવેશ તે પ્રદેશબંધ છે; આ બંધનાં સ્થાનો પણ (નિરંજન નિજ પરમાત્મતત્ત્વને) નથી. શુભાશુભ કર્મની નિર્જરાના સમયે સુખદુઃખરૂપ ફળ દેવાની શક્તિવાળો તે અનુભાગબંધ છે; આનાં સ્થાનોનો પણ અવકાશ (નિરંજન નિજ પરમાત્મતત્ત્વને વિષે) નથી. વળી દ્રવ્યકર્મ તથા ભાવકર્મના ઉદયનાં સ્થાનોનો પણ અવકાશ (નિરંજન નિજ પરમાત્મતત્ત્વને વિષે) નથી.

એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૧મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

''[**શ્લોકાર્થ :—**] જગત મોહરહિત થઈને સર્વ તરફથી પ્રકાશમાન એવા તે સમ્યક્ સ્વભાવને જ અનુભવો કે જેમાં આ બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો ઉત્પન્ન થઈને સ્પષ્ટપણે ઉપર તરતા હોવા છતાં ખરેખર સ્થિતિ પામતા નથી.''

વળી (૪૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે) :—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(अनुष्टुभ्)

नित्यशुद्धचिदानन्दसंपदामाकरं परम् ।
विपदामिदमेवोच्चैरपदं चेतये पदम् ॥५६॥

(वसन्ततिलका)

यः सर्वकर्मविषभूरुहसंभवानि
मुक्त्वा फलानि निजरूपविलक्षणानि।
भुंक्तेऽधुना सहजचिन्मयमात्मतत्त्वं
प्राप्नोति मुक्तिमचिरादिति संशयः कः ॥५७॥

**णो खइयभावठाणा णो खयउवसमसहावठाणा वा।**
**ओदइयभावठाणा णो उवसमणे सहावठाणा वा॥४१॥**

**न क्षायिकभावस्थानानि न क्षयोपशमस्वभावस्थानानि वा।**
**औदयिकभावस्थानानि नोपशमस्वभावस्थानानि वा ॥४१॥**

---

[**શ્લોકાર્થ :—**] જે નિત્ય-શુદ્ધ ચિદાનંદરૂપી સંપદાઓની ઉત્કૃષ્ટ ખાણ છે અને જે વિપદાઓનું અત્યંતપણે અપદ છે (અર્થાત્ જ્યાં વિપદા બિલકુલ નથી) એવા આ જ પદને હું અનુભવું છું. ૫૬.

[**શ્લોકાર્થ :—**] (અશુભ તેમ જ શુભ) સર્વ કર્મરૂપી વિષવૃક્ષોથી ઉત્પન્ન થતાં, નિજરૂપથી વિલક્ષણ એવાં ફળોને છોડીને જે જીવ હમણાં સહજચૈતન્યમય આત્મતત્ત્વને ભોગવે છે, તે જીવ અલ્પ કાળમાં મુક્તિને પામે છે—એમાં શો સંશય છે? ૫૭.

**સ્થાનો ન ક્ષાયિકભાવનાં, ક્ષાયોપશમિક તણાં નહીં;**
**સ્થાનો ન ઉપશમભાવનાં કે ઉદયભાવ તણાં નહીં. ૪૧.**

**અન્વયાર્થ :—[न क्षायिकभावस्थानानि]** જીવને ક્ષાયિકભાવનાં સ્થાનો નથી, **[न क्षयोपशमस्वभावस्थानानि वा]** ક્ષયોપશમસ્વભાવનાં સ્થાનો નથી, **[औदयिकभावस्थानानि]** ઔદયિકભાવનાં સ્થાનો નથી **[वा]** કે **[न उपशमस्वभावस्थानानि]** ઉપશમસ્વભાવનાં સ્થાનો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**चतुर्णां विभावस्वभावानां स्वरूपकथनद्वारेण पंचमभावस्वरूपाख्यानमेतत्।**

**कर्मणां क्षये भवः क्षायिकभावः। कर्मणां क्षयोपशमे भवः क्षायोपशमिकभावः। कर्मणामुदये भवः औदयिकभावः। कर्मणामुपशमे भवः औपशमिक भावः। सकलकर्मोपाधिविनिर्मुक्तः परिणामे भवः पारिणामिकभावः। एषु पंचसु तावदौपशमिकभावो द्विविधः, क्षायिकभावश्च नवविधः, क्षायोपशमिकभावोऽष्टादशभेदः, औदयिकभाव एकविंशतिभेदः, पारिणामिकभावस्त्रिभेदः। अथौपशमिकभावस्य उपशमसम्यक्त्वम् उपशमचारित्रम् च। क्षायिकभावस्य क्षायिकसम्यक्त्वं, यथाख्यातचारित्रं, केवलज्ञानं केवलदर्शनं च, अन्तरायकर्मक्षयसमुपजनितदानलाभभोगोपभोगवीर्याणि चेति। क्षायोपशमिकभावस्य मतिश्रुतावधिमनःपर्ययज्ञानानि चत्वारि, कुमतिकुश्रुतविभंगभेदादज्ञानानि त्रीणि,**

---

**ટીકા :**—ચાર વિભાવસ્વભાવોના સ્વરૂપકથન દ્વારા પંચમભાવના સ્વરૂપનું આ કથન છે.

*કર્મોના ક્ષયે જે ભાવ હોય તે ક્ષાયિકભાવ છે. કર્મોના ક્ષયોપશમે જે ભાવ હોય તે ક્ષાયોપશમિકભાવ છે. કર્મોના ઉદયે જે ભાવ હોય તે ઔદયિકભાવ છે. કર્મોના ઉપશમે જે ભાવ હોય તે ઔપશમિકભાવ છે. સકળ કર્મોપાધિથી વિમુક્ત એવો, પરિણામે જે ભાવ હોય તે પારિણામિકભાવ છે.

આ પાંચ ભાવોમાં, ઔપશમિકભાવના બે ભેદ છે, ક્ષાયિકભાવના નવ ભેદ છે, ક્ષાયોપશમિકભાવના અઢાર ભેદ છે, ઔદયિકભાવના એકવીશ ભેદ છે, પારિણામિકભાવના ત્રણ ભેદ છે.

હવે, ઔપશમિકભાવના બે ભેદ આ પ્રમાણે છે : ઉપશમસમ્યક્ત્વ અને ઉપશમચારિત્ર.

ક્ષાયિકભાવના નવ ભેદ આ પ્રમાણે છે : ક્ષાયિકસમ્યક્ત્વ, યથાખ્યાતચારિત્ર, કેવળજ્ઞાન ને કેવળદર્શન, તથા અંતરાયકર્મના ક્ષયજનિત દાન, લાભ, ભોગ, ઉપભોગ ને વીર્ય.

ક્ષાયોપશમિકભાવના અઢાર ભેદ આ પ્રમાણે છે : મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન ને મનઃપર્યયજ્ઞાન એમ જ્ઞાન ચાર; કુમતિજ્ઞાન, કુશ્રુતજ્ઞાન ને વિભંગજ્ઞાન

---

★ કર્મોના ક્ષયે = કર્મોના ક્ષયમાં; કર્મોના ક્ષયના સદ્ભાવમાં. [વ્યવહારે કર્મોના ક્ષયની અપેક્ષા જીવના જે ભાવમાં આવે તે ક્ષાયિકભાવ છે.]



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**चक्षुरचक्षुरवधिदर्शनभेदाद्दर्शनानि त्रीणि, कालकरणोपदेशोपशमप्रायोग्यताभेदाल्लब्धयः पञ्च, वेदकसम्यक्त्वं, वेदकचारित्रं, संयमासंयमपरिणतिश्चेति। औदयिकभावस्य नारकतिर्यङ्-मनुष्यदेवभेदाद् गतयश्चतस्रः, क्रोधमानमायालोभभेदात् कषायाश्चत्वारः, स्त्रीपुं-नपुंसकभेदाल्लिङ्गानि त्रीणि, सामान्यसंग्रहनयापेक्षया मिथ्यादर्शनमेकम्, अज्ञानं चैकम्, असंयमता चैका, असिद्धत्वं चैकम्, शुक्लपद्मपीतकापोतनीलकृष्णभेदाल्लेश्याः षट् च भवन्ति। पारिणामिकस्य जीवत्वपारिणामिकः, भव्यत्वपारिणामिकः, अभव्यत्वपारिणामिकः इति त्रिभेदाः। अथायं जीवत्वपारिणामिकभावो भव्याभव्यानां सदृशः, भव्यत्व-पारिणामिकभावो भव्यानामेव भवति, अभव्यत्वपारिणामिकभावोऽभव्यानामेव भवति। इति पंचभावप्रपंचः।**

**पंचानां भावानां मध्ये क्षायिकभावः कार्यसमयसारस्वरूपः स त्रैलोक्यप्रक्षोभ-हेतुभूततीर्थकरत्वोपार्जितसकलविमलकेवलावबोधसनाथतीर्थनाथस्य भगवतः सिद्धस्य वा**

---

એવા ભેદને લીધે અજ્ઞાન ત્રણ; ચક્ષુદર્શન, અચક્ષુદર્શન ને અવધિદર્શન એવા ભેદને લીધે દર્શન ત્રણ; કાળલબ્ધિ, કરણલબ્ધિ, ઉપદેશલબ્ધિ, ઉપશમલબ્ધિ ને પ્રાયોગ્યતાલબ્ધિ એવા ભેદને લીધે લબ્ધિ પાંચ; વેદકસમ્યક્ત્વ; વેદકચારિત્ર; અને સંયમાસંયમપરિણતિ.

ઔદયિકભાવના એકવીશ ભેદ આ પ્રમાણે છે : નારકગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ ને દેવગતિ એવા ભેદને લીધે ગતિ ચાર; ક્રોધકષાય, માનકષાય, માયાકષાય ને લોભકષાય એવા ભેદને લીધે કષાય ચાર; સ્ત્રીલિંગ, પુંલિંગ અને નપુંસકલિંગ એવા ભેદને લીધે લિંગ ત્રણ; સામાન્યસંગ્રહનયની અપેક્ષાએ મિથ્યાદર્શન એક, અજ્ઞાન એક ને અસંયમતા એક; અસિદ્ધત્વ એક; શુક્લલેશ્યા, પદ્મલેશ્યા, પીતલેશ્યા, કાપોતલેશ્યા, નીલલેશ્યા ને કૃષ્ણલેશ્યા એવા ભેદને લીધે લેશ્યા છ.

પારિણામિકભાવના ત્રણ ભેદ આ પ્રમાણે છે : જીવત્વપારિણામિક, ભવ્યત્વ-પારિણામિક અને અભવ્યત્વપારિણામિક. આ જીવત્વપારિણામિકભાવ ભવ્યોને તેમ જ અભવ્યોને સમાન હોય છે; ભવ્યત્વપારિણામિકભાવ ભવ્યોને જ હોય છે; અભવ્યત્વ-પારિણામિકભાવ અભવ્યોને જ હોય છે.

આ રીતે પાંચ ભાવોનું કથન કર્યું.

પાંચ ભાવો મધ્યે ક્ષાયિકભાવ કાર્યસમયસારસ્વરૂપ છે; તે (ક્ષાયિકભાવ) ત્રિલોકમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**भवति। औदयिकौपशमिकक्षायोपशमिकभावाः संसारिणामेव भवन्ति, न मुक्तानाम्। पूर्वोक्तभावचतुष्टयमावरणसंयुक्तत्वात् न मुक्तिकारणम्। त्रिकालनिरुपाधिस्वरूपनिरंजन-निजपरमपंचमभावभावनया पंचमगतिं मुमुक्षवो यान्ति यास्यन्ति गताश्चेति।**

(आर्या)

**अंचितपंचमगतये पंचमभावं स्मरन्ति विद्वान्सः।**
**संचितपंचाचाराः　किंचनभावप्रपंचपरिहीणाः॥५८॥**

(मालिनी)

**सुकृतमपि समस्तं भोगिनां भोगमूलं**
**त्यजतु　परमतत्त्वाभ्यासनिष्णातचित्तः।**
**उभयसमयसारं　सारतत्त्वस्वरूपं**
**भजतु भवविमुक्त्यै कोऽत्र दोषो मुनीशः॥५९॥**

---

*પ્રક્ષોભના હેતુભૂત તીર્થંકરપણા વડે પ્રાપ્ત થતા સકળ-વિમળ કેવળજ્ઞાનથી યુક્ત તીર્થનાથને (તેમ જ ઉપલક્ષણથી સામાન્ય કેવળીને) અથવા સિદ્ધભગવાનને હોય છે. ઔદયિક, ઔપશમિક અને ક્ષાયોપશમિક ભાવો સંસારીઓને જ હોય છે, મુક્ત જીવોને નહિ.

પૂર્વોક્ત ચાર ભાવો આવરણસંયુક્ત હોવાથી મુક્તિનું કારણ નથી. ત્રિકાળનિરુપાધિ જેનું સ્વરૂપ છે એવા નિરંજન નિજ પરમ પંચમભાવની (–પારિણામિકભાવની) ભાવનાથી પંચમગતિએ મુમુક્ષુઓ (વર્તમાન કાળે) જાય છે, (ભવિષ્ય કાળે) જશે અને (ભૂત કાળે) જતા.

[હવે ૪૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોકો કહે છે :]

**[શ્લોકાર્થ :—]** (જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્યરૂપ) પાંચ આચારોથી યુક્ત અને કાંઈ પણ પરિગ્રહપ્રપંચથી સર્વથા રહિત એવા વિદ્વાનો પૂજનીય પંચમગતિને પ્રાપ્ત કરવા માટે પંચમભાવને સ્મરે છે. ૫૮.

**[શ્લોકાર્થ :—]** સઘળુંય સુકૃત (શુભ કર્મ) ભોગીઓના ભોગનું મૂળ છે; પરમ

---

★ પ્રક્ષોભ = ખળભળાટ [તીર્થંકરના જન્મકલ્યાણકાદિ પ્રસંગે ત્રણ લોકમાં આનંદમય ખળભળાટ થાય છે.]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



चउगइभवसंभमणं जाइजरामरणरोगसोगा य।
कुलजोणिजीवमग्गणठाणा जीवस्स णो संति॥४२॥

चतुर्गतिभवसंभ्रमणं जातिजरामरणरोगशोकाश्च।
कुलयोनिजीवमार्गणस्थानानि जीवस्य नो सन्ति॥४२॥

इह हि शुद्धनिश्चयनयेन शुद्धजीवस्य समस्तसंसारविकारसमुदयो न समस्तीत्युक्तम्।

द्रव्यभावकर्मस्वीकाराभावाच्चतसृणां नारकतिर्यङ्मनुष्यदेवत्वलक्षणानां गतीनां परिभ्रमणं न भवति। नित्यशुद्धचिदानन्दरूपस्य कारणपरमात्मस्वरूपस्य द्रव्यभाव-कर्मग्रहणयोग्यविभावपरिणतेरभावान्न जातिजरामरणरोगशोकाश्च। चतुर्गतिजीवानां कुल-

---

તત્ત્વના અભ્યાસમાં નિષ્ણાત ચિત્તવાળા મુનીશ્વર ભવથી વિમુક્ત થવા અર્થે તે સઘળાય શુભ કર્મને છોડો અને *સારતત્ત્વસ્વરૂપ એવા ઉભય સમયસારને ભજો. એમાં શો દોષ છે? ૫૯.

ચઉગતિભ્રમણ નહિ, જન્મ મરણ ન, રોગ શોક જરા નહીં,
કુળ, યોનિ કે જીવસ્થાન માર્ગણસ્થાન જીવને છે નહીં. ૪૨.

**અન્વયાર્થ :—**[जीवस्य] જીવને [चतुर्गतिभवसंभ्रमणं] ચાર ગતિના ભવોમાં પરિભ્રમણ [जातिजरामरणरोगशोकाः] જન્મ, જરા, મરણ, રોગ, શોક, [कुलयोनिजीवमार्गणस्थानानि च] કુળ, યોનિ, જીવસ્થાનો અને માર્ગણાસ્થાનો [नो सन्ति] નથી.

**ટીકા :—**શુદ્ધ નિશ્ચયનયે શુદ્ધ જીવને સમસ્ત સંસારવિકારનો સમુદાય નથી એમ અહીં (આ ગાથામાં) કહ્યું છે.

દ્રવ્યકર્મ તથા ભાવકર્મનો સ્વીકાર નહિ હોવાથી જીવને નારકત્વ, તિર્યંચત્વ, મનુષ્યત્વ અને દેવત્વસ્વરૂપ ચાર ગતિઓનું પરિભ્રમણ નથી.

નિત્ય-શુદ્ધ ચિદાનંદરૂપ કારણપરમાત્મસ્વરૂપ જીવને દ્રવ્યકર્મ તથા ભાવકર્મના ગ્રહણને યોગ્ય વિભાવપરિણતિનો અભાવ હોવાથી જન્મ, જરા, મરણ, રોગ અને શોક નથી.

---

★ સમયસાર સારભૂત તત્ત્વ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



योनिविकल्प इह नास्ति इत्युच्यते। तद्यथा—पृथ्वीकायिकजीवानां द्वाविंशतिलक्षकोटिकुलानि, अप्कायिकजीवानां सप्तलक्षकोटिकुलानि, तेजस्कायिकजीवानां त्रिलक्षकोटिकुलानि, वायुकायिकजीवानां सप्तलक्षकोटिकुलानि, वनस्पतिकायिकजीवानाम् अष्टोत्तरविंशतिलक्षकोटिकुलानि, द्वीन्द्रियजीवानां सप्तलक्षकोटिकुलानि, त्रीन्द्रियजीवानाम् अष्टलक्षकोटिकुलानि, चतुरिन्द्रियजीवानां नवलक्षकोटिकुलानि, पंचेन्द्रियेषु जलचराणां सार्धद्वादशलक्षकोटिकुलानि, आकाशचरजीवानां द्वादशलक्षकोटिकुलानि, चतुष्पदजीवानां दशलक्षकोटिकुलानि, सरीसृपानां नवलक्षकोटिकुलानि, नारकाणां पंचविंशतिलक्षकोटिकुलानि, मनुष्याणां द्वादशलक्षकोटिकुलानि, देवानां षड्विंशतिलक्षकोटिकुलानि। सर्वाणि सार्धसप्तनवत्यग्रशतकोटिलक्षाणि १९७५०००००००००००।

पृथ्वीकायिकजीवानां सप्तलक्षयोनिमुखानि, अप्कायिकजीवानां सप्तलक्षयोनिमुखानि, तेजस्कायिकजीवानां सप्तलक्षयोनिमुखानि, वायुकायिकजीवानां सप्तलक्षयोनिमुखानि, नित्यनिगोदिजीवानां सप्तलक्षयोनिमुखानि, चतुर्गतिनिगोदिजीवानां सप्तलक्षयोनिमुखानि,

---

ચતુર્ગતિ (ચાર ગતિના) જીવોનાં કુળ તથા યોનિના ભેદ જીવમાં નથી એમ (હવે) કહેવામાં આવે છે. તે આ પ્રમાણે :

પૃથ્વીકાયિક જીવોનાં બાવીશ લાખ કરોડ કુળ છે : અપ્કાયિક જીવોનાં સાત લાખ કરોડ કુળ છે : તેજકાયિક જીવોનાં ત્રણ લાખ કરોડ કુળ છે : વાયુકાયિક જીવોનાં સાત લાખ કરોડ કુળ છે; વનસ્પતિકાયિક જીવોનાં અઠ્યાવીશ લાખ કરોડ કુળ છે; દ્વીંદ્રિય જીવોનાં સાત લાખ કરોડ કુળ છે; ત્રીંદ્રિય જીવોનાં આઠ લાખ કરોડ કુળ છે; ચતુરિંદ્રિય જીવોનાં નવ લાખ કરોડ કુળ છે; પંચેન્દ્રિય જીવોને વિષે જળચર જીવોનાં સાડા બાર લાખ કરોડ કુળ છે; ખેચર જીવોનાં બાર લાખ કરોડ કુળ છે; ચાર પગવાળા જીવોનાં દશ લાખ કરોડ કુળ છે; સર્પાદિક પેટે ચાલનારા જીવોનાં નવ લાખ કરોડ કુળ છે; નારકોનાં પચીશ લાખ કરોડ કુળ છે; મનુષ્યોનાં બાર લાખ કરોડ કુળ છે અને દેવોનાં છવ્વીશ લાખ કરોડ કુળ છે. બધાં થઈને એક સો સાડી સત્તાણું લાખ કરોડ (૧૯૭૫૦૦૦૦૦૦૦૦૦૦૦) કુળ છે.

પૃથ્વીકાયિક જીવોનાં સાત લાખ યોનિમુખ છે; અપ્કાયિક જીવોનાં સાત લાખ યોનિમુખ છે; તેજકાયિક જીવોનાં સાત લાખ યોનિમુખ છે; વાયુકાયિક જીવોનાં સાત લાખ યોનિમુખ છે; નિત્ય નિગોદી જીવોનાં સાત લાખ યોનિમુખ છે; ચતુર્ગતિ (–ચાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**वनस्पतिकायिकजीवानां दशलक्षयोनिमुखानि, द्वीन्द्रियजीवानां द्विलक्षयोनिमुखानि, त्रीन्द्रियजीवानां द्विलक्षयोनिमुखानि, चतुरिन्द्रियजीवानां द्विलक्षयोनिमुखानि, देवानां चतुर्लक्षयोनिमुखानि, नारकाणां चतुर्लक्षयोनिमुखानि, तिर्यग्जीवानां चतुर्लक्षयोनिमुखानि, मनुष्याणां चतुर्दशलक्षयोनिमुखानि।**

**स्थूलसूक्ष्मैकेन्द्रियसंज्ञ्यसंज्ञिपंचेन्द्रियद्वीन्द्रियत्रींद्रियचतुरिन्द्रियपर्याप्तापर्याप्तकभेदसनाथ-चतुर्दशजीवस्थानानि। गतीन्द्रियकाययोगवेदकषायज्ञानसंयमदर्शनलेश्याभव्यसम्यक्त्वसंज्ञ्या-हारविकल्पलक्षणानि मार्गणास्थानानि। एतानि सर्वाणि च तस्य भगवतः परमात्मनः शुद्धनिश्चयनयबलेन न सन्तीति भगवतां सूत्रकृतामभिप्रायः।**

**तथा चोक्तं श्रीमदमृतचंद्रसूरिभिः—**

---

ગતિમાં પરિભ્રમણ કરનારા અર્થાત્ ઇતર) નિગોદી જીવોનાં સાત લાખ યોનિમુખ છે; વનસ્પતિકાયિક જીવોનાં દશ લાખ યોનિમુખ છે; દ્વીંદ્રિય જીવોનાં બે લાખ યોનિમુખ છે; ત્રીંદ્રિય જીવોનાં બે લાખ યોનિમુખ છે; ચતુરિંદ્રિય જીવોનાં બે લાખ યોનિમુખ છે; દેવોનાં ચાર લાખ યોનિમુખ છે; નારકીનાં ચાર લાખ યોનિમુખ છે; તિર્યંચ જીવોનાં ચાર લાખ યોનિમુખ છે; મનુષ્યોનાં ચૌદ લાખ યોનિમુખ છે. (બધાં થઈને ૮૪૦૦૦૦૦ યોનિમુખ છે.)

સૂક્ષ્મ એકેંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, સ્થૂલ એકેંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, દ્વીંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, ત્રીંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, ચતુરિંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, અસંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત, સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત ને અપર્યાપ્ત—એવા ભેદોવાળાં ચૌદ જીવસ્થાનો છે.

ગતિ, ઇન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા, ભવ્યત્વ, સમ્યક્ત્વ, સંજ્ઞિત્વ અને આહાર—એવા ભેદસ્વરૂપ (ચૌદ) માર્ગણાસ્થાનો છે.

આ બધાં, તે ભગવાન પરમાત્માને શુદ્ધનિશ્ચયનયના બળે (-શુદ્ધનિશ્ચયનયે) નથી —એમ ભગવાન સૂત્રકર્તાનો (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવનો) અભિપ્રાય છે.

એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૩૫-૩૬મા બે શ્લોકો દ્વારા) કહ્યું છે કે :—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(मालिनी)

“सकलमपि विहायाह्नाय चिच्छक्तिरिक्तं
स्फुटतरमवगाह्य स्वं च चिच्छक्तिमात्रम्।
इममुपरि चरंतं चारु विश्वस्य साक्षात्
कलयतु परमात्मात्मानमात्मन्यनन्तम्॥”

(अनुष्टुभ्)

“चिच्छक्तिव्याप्तसर्वस्वसारो जीव इयानयम्।
अतोऽतिरिक्ताः सर्वेऽपि भावाः पौद्गलिका अमी॥”

तथा हि—

(मालिनी)

अनवरतमखण्डज्ञानसद्भावनात्मा
व्रजति न च विकल्पं संसृतेर्घोररूपम्।
अतुलमनघमात्मा निर्विकल्पः समाधिः
परपरिणतिदूरं याति चिन्मात्रमेषः॥६०॥

---

“[**શ્લોકાર્થ :—**] ચિત્શક્તિથી રહિત અન્ય સકળ ભાવોને મૂળથી છોડીને અને ચિત્શક્તિમાત્ર એવા નિજ આત્માનું અતિ સ્ફુટપણે અવગાહન કરીને, આત્મા સમસ્ત વિશ્વના ઉપર સુંદર રીતે પ્રવર્તતા એવા આ કેવળ (એક) અવિનાશી આત્માને આત્મામાં સાક્ષાત્ અનુભવો.”

“[**શ્લોકાર્થ :—**] ચૈતન્યશક્તિથી વ્યાપ્ત જેનો સર્વસ્વ-સાર છે એવો આ જીવ એટલો જ માત્ર છે; આ ચિત્શક્તિથી શૂન્ય જે આ ભાવો છે તે બધાય પૌદ્ગલિક છે.”

વળી (૪૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે) :—

[**શ્લોકાર્થ :—**] સતતપણે અખંડ જ્ઞાનની સદ્ભાવનાવાળો આત્મા (અર્થાત્ ‘હું અખંડ જ્ઞાન છું’ એવી સાચી ભાવના જેને નિરંતર વર્તે છે તે આત્મા) સંસારના ઘોર વિકલ્પને પામતો નથી, પરંતુ નિર્વિકલ્પ સમાધિને પ્રાપ્ત કરતો થકો પરપરિણતિથી દૂર, અનુપમ, [૧]અનઘ ચિન્માત્રને (ચૈતન્યમાત્ર આત્માને) પામે છે. ૬૦.

૧. અનઘ = દોષ રહિત; નિષ્પાપ; મળ રહિત.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(स्रग्धरा)

इत्थं बुद्ध्वोपदेशं जननमृतिहरं यं जरानाशहेतुं
भक्तिप्रह्वामरेन्द्रप्रकटमुकुटसद्रत्नमालार्चितांघ्रेः।
वीरात्तीर्थाधिनाथाद्दुरितमलकुलध्वांतविध्वंसदक्षं
एते संतो भवाब्धेरपरतटममी यांति सच्छीलपोताः॥६१॥

**णिद्दंडो णिद्दंद्दो णिम्ममो णिक्कलो णिरालंबो।**
**णीरागो णिद्दोसो णिम्मूढो णिब्भयो अप्पा॥४३॥**

**निर्दण्डः निर्द्वन्द्वः निर्ममः निःकलः निरालंबः।**
**नीरागः निर्दोषः निर्मूढः निर्भयः आत्मा॥४३॥**

इह हि शुद्धात्मनः समस्तविभावाभावत्वमुक्तम्।

---

[**श्लोकार्थ :—**] ભક્તિથી નમેલા દેવેંદ્રો મુગટની સુંદર રત્નમાળા વડે જેમનાં ચરણોને પ્રગટ રીતે પૂજે છે એવા મહાવીર તીર્થાધિનાથ દ્વારા આ સંતો જન્મ-જરા-મૃત્યુનો નાશક અને દુષ્ટ મળસમૂહરૂપી અંધકારનો ધ્વંસ કરવામાં ચતુર એવો આ પ્રકારનો (પૂર્વોક્ત) ઉપદેશ સમજીને, સત્શીલરૂપી નૌકા વડે ભવાબ્ધિના સામા કિનારે પહોંચી જાય છે. ૬૧.

**નિર્દંડ ને નિર્દ્વંદ્વ, નિર્મમ, નિઃશરીર, નીરાગ છે,**
**નિર્દોષ, નિર્ભય, નિરવલંબન, આતમા નિર્મૂઢ છે. ૪૩.**

**અન્વયાર્થ :—**[**आत्मा**] આત્મા [**निर्दण्डः**] [1]નિર્દંડ, [**निर्द्वन्द्वः**] નિર્દ્વંદ્વ, [**निर्ममः**] નિર્મમ, [**निःकलः**] નિઃશરીર, [**निरालंबः**] નિરાલંબ, [**नीरागः**] નીરાગ, [**निर्दोषः**] નિર્દોષ, [**निर्मूढः**] નિર્મૂઢ અને [**निर्भयः**] નિર્ભય છે.

**ટીકા :—**અહીં (આ ગાથામાં) ખરેખર શુદ્ધ આત્માને સમસ્ત વિભાવનો અભાવ છે એમ કહ્યું છે.

---

૧. નિર્દંડ = દંડ રહિત. (જે મનવચનકાયાશ્રિત પ્રવર્તનથી આત્મા દંડાય છે તે પ્રવર્તનને દંડ કહેવામાં આવે છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



मनोदण्डो वचनदण्डः कायदण्डश्चेत्येतेषां योग्यद्रव्यभावकर्मणामभावान्निर्दण्डः। निश्चयेन परमपदार्थव्यतिरिक्तसमस्तपदार्थसार्थाभावान्निर्द्वन्द्वः। प्रशस्ताप्रशस्तसमस्तमोहरागद्वेषाभावान्निर्ममः। निश्चयेनौदारिकवैक्रियिकाहारकतैजसकार्मणाभिधानपंचशरीरप्रपंचाभावान्निःकलः। निश्चयेन परमात्मनः परद्रव्यनिरवलम्बत्वान्निरालम्बः। मिथ्यात्ववेदरागद्वेषहास्यरत्यरतिशोकभयजुगुप्साक्रोधमानमायालोभाभिधानाभ्यन्तरचतुर्दशपरिग्रहाभावान्नीरागः। निश्चयेन निखिलदुरितमलकलंकपंकनिर्निक्तसमर्थसहजपरमवीतरागसुखसमुद्रमध्यनिर्मग्नस्फुटितसहजावस्थात्मसहजज्ञानगात्रपवित्रत्वान्निर्दोषः। सहजनिश्चयनयबलेन सहजज्ञानसहजदर्शनसहजचारित्रसहजपरमवीतरागसुखाद्यनेकपरमधर्माधारनिजपरमतत्त्वपरिच्छेदनसमर्थत्वान्निर्मूढः, अथवा साद्यनिधनामूर्तातीन्द्रियस्वभावशुद्धसद्भूतव्यवहारनयबलेन त्रिकालत्रिलोकवर्तिस्थावरजंगमात्मकनिखिलद्रव्यगुणपर्यायैकसमयपरिच्छित्तिसमर्थसकलविमलकेवल-

---

મનદંડ, વચનદંડ અને કાયદંડને યોગ્ય દ્રવ્યકર્મો તથા ભાવકર્મોનો અભાવ હોવાથી આત્મા નિર્દંડ છે. નિશ્ચયથી પરમ પદાર્થ સિવાયના સમસ્ત પદાર્થસમૂહનો (આત્મામાં) અભાવ હોવાથી આત્મા નિર્દ્વંદ્વ (દ્વૈત રહિત) છે. પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ હોવાથી આત્મા નિર્મમ (મમતા રહિત) છે. નિશ્ચયથી ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ અને કાર્મણ નામનાં પાંચ શરીરોના સમૂહનો અભાવ હોવાથી આત્મા નિઃશરીર છે. નિશ્ચયથી પરમાત્માને પરદ્રવ્યનું અવલંબન નહિ હોવાથી આત્મા નિરાલંબ છે. મિથ્યાત્વ, વેદ, રાગ, દ્વેષ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, ક્રોધ, માન, માયા અને લોભ નામનાં ચૌદ અભ્યંતર પરિગ્રહોનો અભાવ હોવાથી આત્મા નીરાગ છે. નિશ્ચયથી સમસ્ત પાપમળકલંકરૂપી કાદવને ધોઈ નાખવામાં સમર્થ, સહજ-પરમવીતરાગ-સુખસમુદ્રમાં મગ્ન (ડૂબેલી, લીન) પ્રગટ સહજાવસ્થાસ્વરૂપ જે સહજજ્ઞાનશરીર તેના વડે પવિત્ર હોવાને લીધે આત્મા નિર્દોષ છે. સહજ નિશ્ચયનયથી સહજ જ્ઞાન, સહજ દર્શન, સહજ ચારિત્ર, સહજ પરમવીતરાગ સુખ વગેરે અનેક પરમ ધર્મોના આધારભૂત નિજ પરમતત્ત્વને જાણવામાં સમર્થ હોવાથી આત્મા નિર્મૂઢ (મૂઢતા રહિત) છે; અથવા, સાદિ-અનંત અમૂર્ત અતીંદ્રિયસ્વભાવવાળા શુદ્ધસદ્ભૂત વ્યવહારનયથી ત્રણ કાળના અને ત્રણ લોકના સ્થાવર-જંગમસ્વરૂપ સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયોને એક સમયે જાણવામાં સમર્થ સકળ-વિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાનરૂપે અવસ્થિત થવાથી આત્મા નિર્મૂઢ છે. સમસ્ત પાપરૂપી શૂરવીર શત્રુઓની સેના જેમાં પ્રવેશી શકતી નથી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ज्ञानावस्थत्वान्निर्मूढश्च। निखिलदुरितवीरवैरिवाहिनीदुःप्रवेशनिजशुद्धान्तस्तत्त्वमहादुर्गनिलयत्वान्निर्भयः। अयमात्मा ह्युपादेयः इति।

तथा चोक्तममृताशीतौ—

(मालिनी)

''स्वरनिकरविसर्गव्यंजनाद्यक्षरैर्यद्
रहितमहितहीनं शाश्वतं मुक्तसंख्यम्।
अरसतिमिररूपस्पर्शगंधाम्बुवायु-
क्षितिपवनसखाणुस्थूलदिक्चक्रवालम्।।''

तथा हि—

(मालिनी)

दुरघवनकुठारः प्राप्तदुष्कर्मपारः
परपरिणतिदूरः प्रास्तरागाब्धिपूरः।
हतविविधविकारः सत्यशर्माब्धिनीरः
सपदि समयसारः पातु मामस्तमारः।।६२।।

---

એવા નિજ શુદ્ધ અંતઃતત્ત્વરૂપ મહા દુર્ગમાં (કિલ્લામાં) વસતો હોવાથી આત્મા નિર્ભય છે. આવો આ આત્મા ખરેખર ઉપાદેય છે.

એવી રીતે (શ્રી યોગીંદ્રદેવકૃત) અમૃતાશીતિમાં (૫૭મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

''[**શ્લોકાર્થ :—**] આત્મતત્ત્વ સ્વરસમૂહ, વિસર્ગ ને વ્યંજનાદિ અક્ષરો રહિત તથા સંખ્યા રહિત છે (અર્થાત્ અક્ષર અને અંકનો આત્મતત્ત્વમાં પ્રવેશ નથી), અહિત વિનાનું છે, શાશ્વત છે, અંધકાર તેમ જ સ્પર્શ, રસ, ગંધ અને રૂપ વિનાનું છે, પૃથ્વી; પાણી, અગ્નિ અને વાયુના અણુઓ રહિત છે તથા સ્થૂલ દિક્ચક્ર (દિશાઓના સમૂહ) રહિત છે.''

વળી (૪૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ સાત શ્લોક કહે છે) :—

[**શ્લોકાર્થ :—**] જે (સમયસાર) દુષ્ટ પાપોના વનને છેદવાનો કુહાડો છે, જે દુષ્ટ કર્મોના પારને પહોંચ્યો છે (અર્થાત્ જેણે કર્મોનો અંત આણ્યો છે), જે પરપરિણતિથી દૂર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(मालिनी)

जयति परमतत्त्वं तत्त्वनिष्णातपद्म-
प्रभमुनिहृदयाब्जे संस्थितं निर्विकारम्।
हतविविधविकल्पं कल्पनामात्ररम्याद्
भवभवसुखदुःखान्मुक्तमुक्तं बुधैर्यत्।।६३।।

(मालिनी)

अनिशमतुलबोधाधीनमात्मानमात्मा
सहजगुणमणीनामाकरं तत्त्वसारम्।
निजपरिणतिशर्माम्भोधिमज्जन्तमेनं
भजतु भवविमुक्त्यै भव्यताप्रेरितो यः।।६४।।

(द्रुतविलंबित)

भवभोगपराङ्मुख हे यते
पदमिदं भवहेतुविनाशनम्।
भज निजात्मनिमग्नमते पुन-
स्तव किमध्रुववस्तुनि चिन्तया।।६५।।

---

છે, જેણે રાગરૂપી સમુદ્રના પૂરને નષ્ટ કર્યું છે, જેણે વિવિધ વિકારોને હણી નાખ્યા છે, જે સાચા સુખસાગરનું નીર છે અને જેણે કામને અસ્ત કર્યો છે, તે સમયસાર મારું શીઘ્ર રક્ષણ કરો. ૬૨.

[**શ્લોકાર્થ :—**] જે તત્ત્વનિષ્ણાત (વસ્તુસ્વરૂપમાં નિપુણ) પદ્મપ્રભમુનિના હૃદયકમળમાં સુસ્થિત છે, જે નિર્વિકાર છે, જેણે વિવિધ વિકલ્પોને હણી નાખ્યા છે, અને જેને બુધપુરુષોએ કલ્પનામાત્ર-રમ્ય એવાં ભવભવનાં સુખોથી તેમ જ દુઃખોથી મુક્ત (રહિત) કહ્યું છે, તે પરમતત્ત્વ જયવંત છે. ૬૩.

[**શ્લોકાર્થ :—**] જે આત્મા ભવ્યતા વડે પ્રેરિત હોય, તે આત્મા ભવથી વિમુક્ત થવા અર્થે નિરંતર આ આત્માને ભજો—કે જે (આત્મા) અનુપમ જ્ઞાનને આધીન છે, જે સહજગુણમણિની ખાણ છે, જે (સર્વ) તત્ત્વોમાં સાર છે અને જે નિજ પરિણતિના સુખસાગરમાં મગ્ન થાય છે. ૬૪.

[**શ્લોકાર્થ :—**] નિજ આત્મામાં લીન બુદ્ધિવાળા તથા ભવથી ને ભોગથી પરાઙ્મુખ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(द्रुतविलंबित)

समयसारमनाकुलमच्युतं
जननमृत्युरुजादिविवर्जितम्।
सहजनिर्मलशर्मसुधामयं
समरसेन सदा परिपूजये।।६६।।

(इंद्रवज्रा)

इत्थं निजज्ञेन निजात्मतत्त्व-
मुक्तं पुरा सूत्रकृता विशुद्धम्।
बुद्ध्वा च यन्मुक्तिमुपैति भव्य-
स्तद्भावयाम्युत्तमशर्मणेऽहम्।।६७।।

(वसन्ततिलका)

आद्यन्तमुक्तमनघं परमात्मतत्त्वं
निर्द्वन्द्वमक्षयविशालवरप्रबोधम्।
तद्भावनापरिणतो भुवि भव्यलोकः
सिद्धिं प्रयाति भवसंभवदुःखदूराम्।।६८।।

---

થયેલા હે યતિ! તું ભવહેતુનો વિનાશ કરનારા એવા આ (ધ્રુવ) પદને ભજ; અધ્રુવ વસ્તુની ચિંતાથી તારે શું પ્રયોજન છે? ૬૫.

[શ્લોકાર્થ :—] જે અનાકુળ છે, *અચ્યુત છે, જન્મ-મૃત્યુ-રોગાદિ રહિત છે, સહજ નિર્મળ સુખામૃતમય છે, તે સમયસારને હું સમરસ (સમતાભાવ) વડે સદા પૂજું છું. ૬૬.

[શ્લોકાર્થ :—] એ રીતે પૂર્વે નિજજ્ઞ સૂત્રકારે (આત્મજ્ઞાની સૂત્રકર્તા શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવે) જે વિશુદ્ધ નિજાત્મતત્ત્વનું વર્ણન કર્યું અને જેને જાણીને ભવ્ય જીવ મુક્તિને પામે છે, તે નિજાત્મતત્ત્વને ઉત્તમ સુખની પ્રાપ્તિ અર્થે હું ભાવું છું. ૬૭.

[શ્લોકાર્થ :—] પરમાત્મતત્ત્વ આદિ-અંત વિનાનું છે, દોષ રહિત છે, નિર્દ્વંદ્વ છે અને અક્ષય વિશાળ ઉત્તમ જ્ઞાનસ્વરૂપ છે. જગતમાં જે ભવ્ય જનો તેની ભાવનારૂપે પરિણમે છે, તેઓ ભવજનિત દુઃખોથી દૂર એવી સિદ્ધિને પામે છે. ૬૮.

---

★ અચ્યુત = અસ્ખલિત; નિજ સ્વરૂપથી નહિ ખસેલું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



णिग्गंथो णीरागो णिस्सल्लो सयलदोसणिम्मुक्को।
णिक्कामो णिक्कोहो णिम्माणो णिम्मदो अप्पा ॥४४॥

निर्ग्रन्थो नीरागो निःशल्यः सकलदोषनिर्मुक्तः।
निःकामो निःक्रोधो निर्मानो निर्मदः आत्मा ॥४४॥

अत्रापि शुद्धजीवस्वरूपमुक्तम्।

बाह्याभ्यन्तरचतुर्विंशतिपरिग्रहपरित्यागलक्षणत्वान्निर्ग्रन्थः। सकलमोहरागद्वेषात्मकचेतनकर्माभावान्नीरागः। निदानमायामिथ्याशल्यत्रयाभावान्निःशल्यः। शुद्धनिश्चयनयेन शुद्धजीवास्तिकायस्य द्रव्यभावनोकर्माभावात् सकलदोषनिर्मुक्तः। शुद्धनिश्चयनयेन निजपरमतत्त्वेऽपि वांछाभावान्निःकामः। निश्चयनयेन प्रशस्ताप्रशस्तसमस्तपरद्रव्यपरिणतेरभावान्निः-

---

નિર્ગ્રંથ છે, નિષ્કામ છે, નિઃક્રોધ, જીવ નિર્માન છે,
નિઃશલ્ય તેમ નીરાગ, નિર્મદ, સર્વદોષવિમુક્ત છે. ૪૪.

અન્વયાર્થ :—[आत्मा] આત્મા [निर्ग्रन्थः] નિર્ગ્રંથ, [नीरागः] નીરાગ, [निःशल्यः] નિઃશલ્ય, [सकलदोषनिर्मुक्तः] સર્વદોષવિમુક્ત, [निःकामः] નિષ્કામ, [निःक्रोधः] નિઃક્રોધ, [निर्मानः] નિર્માન અને [निर्मदः] નિર્મદ છે.

ટીકા :—અહીં (આ ગાથામાં) પણ શુદ્ધ જીવનું સ્વરૂપ કહ્યું છે.

શુદ્ધ જીવાસ્તિકાય બાહ્ય-અભ્યંતર ★ચોવીશ પરિગ્રહના પરિત્યાગસ્વરૂપ હોવાથી નિર્ગ્રંથ છે; સકળ મોહ-રાગ-દ્વેષાત્મક ચેતન કર્મના અભાવને લીધે નીરાગ છે; નિદાન, માયા અને મિથ્યાત્વ—એ ત્રણ શલ્યોના અભાવને લીધે નિઃશલ્ય છે; શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધ જીવાસ્તિકાયને દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મનો અભાવ હોવાને લીધે સર્વદોષવિમુક્ત છે; શુદ્ધ નિશ્ચયનયથી નિજ પરમ તત્ત્વની પણ વાંછા નહિ હોવાથી નિષ્કામ છે; નિશ્ચયનયથી પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત પરદ્રવ્યપરિણતિનો અભાવ હોવાને લીધે નિઃક્રોધ છે; નિશ્ચયનયથી સદા પરમ સમરસીભાવસ્વરૂપ હોવાને લીધે નિર્માન છે; નિશ્ચયનયથી નિઃશેષપણે અંતર્મુખ

---

★ ક્ષેત્ર, મકાન, ચાંદી, સોનું, ધન, ધાન્ય, દાસી, દાસ, કપડાં અને વાસણ એમ દસ પ્રકારનો બાહ્ય પરિગ્રહ છે; એક મિથ્યાત્વ, ચાર કષાય અને નવ નોકષાય એમ ચૌદ પ્રકારનો અભ્યંતર પરિગ્રહ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



क्रोधः। निश्चयनयेन सदा परमसमरसीभावात्मकत्वान्निर्मानः। निश्चयनयेन निःशेषतोऽन्तर्मुखत्वान्निर्मदः। उक्तप्रकारविशुद्धसहजसिद्धनित्यनिरावरणनिजकारणसमयसारस्वरूपमुपादेयमिति।

तथा चोक्तं श्रीमदमृतचन्द्रसूरिभिः—

(मन्दाक्रांता)

''इत्युच्छेदात्परपरिणतेः कर्तृकर्मादिभेद-
भ्रान्तिध्वंसादपि च सुचिराल्लब्धशुद्धात्मतत्त्वः।
सञ्चिन्मात्रे महसि विशदे मूर्छितश्चेतनोऽयं
स्थास्यत्युद्यत्सहजमहिमा सर्वदा मुक्त एव॥''

तथा हि—

(मन्दाक्रांता)

ज्ञानज्योतिःप्रहतदुरितध्वान्तसंघातकात्मा
नित्यानन्दाद्यतुलमहिमा सर्वदा मूर्तिमुक्तः।
स्वस्मिन्नुच्चैरविचलतया जातशीलस्य मूलं
यस्तं वन्दे भवभयहरं मोक्षलक्ष्मीशमीशम्॥६९॥

---

હોવાને લીધે નિર્મદ છે. ઉક્ત પ્રકારનું (ઉપર કહેલા પ્રકારનું), વિશુદ્ધ સહજસિદ્ધ નિત્ય-નિરાવરણ નિજ કારણસમયસારનું સ્વરૂપ ઉપાદેય છે.

એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી પ્રવચનસારની ટીકામાં ૮મા શ્લોક દ્વારા) કહ્યું છે કેઃ—

''[**શ્લોકાર્થ :—**] એ રીતે પરપરિણતિના ઉચ્છેદ દ્વારા (અર્થાત્ પરદ્રવ્યરૂપ પરિણમનના નાશ દ્વારા) તેમ જ કર્તા, કર્મ વગેરે ભેદો હોવાની જે ભ્રાંતિ તેના પણ નાશ દ્વારા આખરે જેણે શુદ્ધ આત્મતત્ત્વને ઉપલબ્ધ કર્યું છે—એવો આ આત્મા, ચૈતન્યમાત્રરૂપ વિશદ (નિર્મળ) તેજમાં લીન રહ્યો થકો, પોતાના સહજ (સ્વાભાવિક) મહિમાના પ્રકાશમાનપણે સર્વદા મુક્ત જ રહેશે.''

વળી (૪૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—

[**શ્લોકાર્થ :—**] જેણે જ્ઞાનજ્યોતિ વડે પાપરૂપી અંધકારસમૂહનો નાશ કર્યો છે, જે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



वण्णरसगंधफासा थीपुंसणउंसयादिपज्जाया।
संठाणा संहणणा सव्वे जीवस्स णो संति॥४५॥
अरसमरूवमगंधं अव्वत्तं चेदणागुणमसद्दं।
जाण अलिंगग्गहणं जीवमणिद्दिट्ठसंठाणं॥४६॥

वर्णरसगंधस्पर्शाः स्त्रीपुंनपुंसकादिपर्यायाः।
संस्थानानि संहननानि सर्वे जीवस्य नो सन्ति॥४५॥
अरसमरूपमगंधमव्यक्तं चेतनागुणमशब्दम्।
जानीह्यलिंगग्रहणं जीवमनिर्दिष्टसंस्थानम्॥४६॥

**इह हि परमस्वभावस्य कारणपरमात्मस्वरूपस्य समस्तपौद्गलिकविकारजातं न समस्तीत्युक्तम्।**

---

નિત્ય આનંદ આદિ અતુલ મહિમાનો ધરનાર છે, જે સર્વદા અમૂર્ત છે, જે પોતામાં અત્યંત અવિચળપણા વડે ઉત્તમ શીલનું મૂળ છે, તે ભવભયને હરનારા મોક્ષલક્ષ્મીના ઐશ્વર્યવાન સ્વામીને હું વંદું છું. ૬૯.

સ્ત્રી-પુરુષ આદિક પર્યયો, રસવર્ણગંધસ્પર્શ ને
સંસ્થાન તેમ જ સંહનન સૌ છે નહીં જીવદ્રવ્યને. ૪૫.
જીવ ચેતનાગુણ, અરસરૂપ, અગંધશબ્દ, અવ્યક્ત છે,
વળી લિંગગ્રહણવિહીન છે, સંસ્થાન ભાખ્યું ન તેહને. ૪૬.

**અન્વયાર્થ :**—[**वर्णरसगंधस्पर्शाः**] વર્ણ-રસ-ગંધ-સ્પર્શ, [**स्त्रीपुंनपुंसकादिपर्यायाः**] સ્ત્રી-પુરુષ-નપુંસકાદિ પર્યાયો, [**संस्थानानि**] સંસ્થાનો અને [**संहननानि**] સંહનનો—[**सर्वे**] એ બધાં [**जीवस्य**] જીવને [**नो सन्ति**] નથી.

[**जीवम्**] જીવને [**अरसम्**] અરસ, [**अरूपम्**] અરૂપ, [**अगंधम्**] અગંધ, [**अव्यक्तम्**] અવ્યક્ત, [**चेतनागुणम्**] ચેતનાગુણવાળો, [**अशब्दम्**] અશબ્દ, [**अलिंगग्रहणम्**] અલિંગગ્રહણ (લિંગથી અગ્રાહ્ય) અને [**अनिर्दिष्टसंस्थानम्**] જેને કોઈ સંસ્થાન કહ્યું નથી એવો [**जानीहि**] જાણ.

**ટીકા :**—અહીં (આ બે ગાથાઓમાં) પરમસ્વભાવભૂત એવું જે કારણપરમાત્માનું સ્વરૂપ તેને સમસ્ત પૌદ્ગલિક વિકારસમૂહ નથી એમ કહ્યું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**निश्चयेन वर्णपंचकं, रसपंचकं, गन्धद्वितयं, स्पर्शाष्टकं, स्त्रीपुंनपुंसकादिविजातीयविभावव्यंजनपर्यायाः, कुब्जादिसंस्थानानि, वज्रर्षभनाराचादिसंहननानि विद्यन्ते पुद्गलानामेव, न जीवानाम्। संसारावस्थायां संसारिणो जीवस्य स्थावरनामकर्मसंयुक्तस्य कर्मफलचेतना भवति, त्रसनामकर्मसनाथस्य कार्ययुतकर्मफलचेतना भवति। कार्यपरमात्मनः कारणपरमात्मनश्च शुद्धज्ञानचेतना भवति। अत एव कार्यसमयसारस्य वा कारणसमयसारस्य वा शुद्धज्ञानचेतना सहजफलरूपा भवति। अतः सहजशुद्धज्ञानचेतनात्मानं निजकारणपरमात्मानं संसारावस्थायां मुक्तावस्थायां वा सर्वदैकरूपत्वादुपादेयमिति हे शिष्य त्वं जानीहि इति।**

**तथा चोक्तमेकत्वसप्ततौ—**

(मन्दाक्रांता)

**"आत्मा भिन्नस्तदनुगतिमत्कर्म भिन्नं तयोर्या**
**प्रत्यासत्तेर्भवति विकृतिः साऽपि भिन्ना तथैव।**
**कालक्षेत्रप्रमुखमपि यत्तच्च भिन्नं मतं मे**
**भिन्नं भिन्नं निजगुणकलालंकृतं सर्वमेतत्॥"**

---

નિશ્ચયથી પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ, આઠ સ્પર્શ, સ્ત્રી-પુરુષ-નપુંસકાદિ વિજાતીય વિભાવવ્યંજનપર્યાયો, કુબ્જાદિ સંસ્થાનો, વજ્રર્ષભનારાચાદિ સંહનનો પુદ્ગલોને જ છે, જીવોને નથી. સંસાર-અવસ્થામાં સ્થાવરનામકર્મયુક્ત સંસારી જીવને કર્મફળચેતના હોય છે, ત્રસનામકર્મયુક્ત સંસારી જીવને કાર્ય સહિત કર્મફળચેતના હોય છે. કાર્યપરમાત્માને અને કારણપરમાત્માને શુદ્ધજ્ઞાનચેતના હોય છે. તેથી જ કાર્યસમયસારને કે કારણસમયસારને સહજફળરૂપ શુદ્ધજ્ઞાનચેતના હોય છે. આથી, સહજશુદ્ધ-જ્ઞાનચેતનાસ્વરૂપ નિજ કારણ-પરમાત્મા સંસારાવસ્થામાં કે મુક્તાવસ્થામાં સર્વદા એકરૂપ હોવાથી ઉપાદેય છે એમ, હે શિષ્ય! તું જાણ.

એવી રીતે એકત્વસપ્તતિમાં (શ્રીપદ્મનંદી-આચાર્યદેવકૃત પદ્મનંદિપંચવિંશતિકા નામના શાસ્ત્રને વિષે એકત્વસપ્તતિ નામના અધિકારમાં ૭૯મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

"[**શ્લોકાર્થ :—**] મારું એમ મંતવ્ય છે કે—આત્મા જુદો છે અને તેની પાછળ પાછળ જનારું કર્મ જુદું છે; આત્મા અને કર્મની અતિ નિકટતાથી જે વિકૃતિ થાય છે તે પણ તેવી જ રીતે (આત્માથી) જુદી છે; વળી કાળ-ક્ષેત્રાદિક જે છે તે પણ (આત્માથી) જુદાં છે. નિજ નિજ ગુણકળાથી અલંકૃત આ બધુંય જુદે જુદું છે (અર્થાત્

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तथा हि—

(मालिनी)

असति च सति बन्धे शुद्धजीवस्य रूपाद्
रहितमखिलमूर्तद्रव्यजालं विचित्रम्।
इति जिनपतिवाक्यं वक्ति शुद्धं बुधानां
भुवनविदितमेतद्भव्य जानीहि नित्यम्॥७०॥

**जारिसिया सिद्धप्पा भवमल्लिय जीव तारिसा होंति।**
**जरमरणजम्ममुक्का अट्ठगुणालंकिया जेण॥४७॥**

यादृशाः सिद्धात्मानो भवमालीना जीवास्तादृशा भवन्ति।
जरामरणजन्ममुक्ता अष्टगुणालंकृता येन॥४७॥

शुद्धद्रव्यार्थिकनयाभिप्रायेण संसारिजीवानां मुक्तजीवानां विशेषाभावोपन्यासोयम्।

---

પોતપોતાના ગુણો અને પર્યાયોથી યુક્ત સર્વ દ્રવ્યો અત્યંત જુદે જુદાં છે).''

વળી (આ બે ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—

[શ્લોકાર્થ :—] ''બંધ હો કે ન હો (અર્થાત્ બંધાવસ્થામાં કે મોક્ષાવસ્થામાં), સમસ્ત વિચિત્ર મૂર્તદ્રવ્યજાળ (અનેકવિધ મૂર્તદ્રવ્યોનો સમૂહ) શુદ્ધ જીવના રૂપથી વ્યતિરિક્ત છે'' એમ જિનદેવનું શુદ્ધ વચન બુધપુરુષોને કહે છે. આ ભુવનવિદિતને (—આ જગતપ્રસિદ્ધ સત્યને), હે ભવ્ય! તું સદા જાણ. ૭૦.

**જેવા જીવો છે સિદ્ધિગત તેવા જીવો સંસારી છે,**
**જેથી જનમમરણાદિહીન ને અષ્ટગુણસંયુક્ત છે. ૪૭.**

**અન્વયાર્થ :—[यादृशाः]** જેવા **[सिद्धात्मानः]** સિદ્ધ આત્માઓ છે **[तादृशाः]** તેવા **[भवम् आलीनाः जीवाः]** ભવલીન (સંસારી) જીવો **[भवन्ति]** છે, **[येन]** જેથી (તે સંસારી જીવો સિદ્ધાત્માઓની માફક) **[जरामरणजन्ममुक्ताः]** જન્મ-જરા-મરણથી રહિત અને **[अष्टगुणालंकृताः]** આઠ ગુણોથી અલંકૃત છે.

**ટીકા :—**શુદ્ધદ્રવ્યાર્થિક નયના અભિપ્રાયે સંસારી જીવોમાં અને મુક્ત જીવોમાં તફાવત નહિ હોવાનું આ કથન છે.

૧૩

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ये केचिद् अत्यासन्नभव्यजीवाः ते पूर्वं संसारावस्थायां संसारक्लेशायासचित्ताः सन्तः सहजवैराग्यपरायणाः द्रव्यभावलिंगधराः परमगुरुप्रसादासादितपरमागमाभ्यासेन सिद्धक्षेत्रं परिप्राप्य निर्व्याबाधसकलविमलकेवलज्ञानकेवलदर्शनकेवलसुखकेवलशक्तियुक्ताः सिद्धात्मानः कार्यसमयसाररूपाः कार्यशुद्धाः। ते यादृशास्तादृशा एव भविनः शुद्धनिश्चयनयेन। येन कारणेन तादृशास्तेन जरामरणजन्ममुक्ताः सम्यक्त्वाद्यष्टगुणपुष्टितुष्टाश्चेति।

(अनुष्टुभ्)

प्रागेव शुद्धता येषां सुधियां कुधियामपि।
नयेन केनचित्तेषां भिदां कामपि वेद्म्यहम्॥७१॥

**असरीरा अविणासा अणिंदिया णिम्मला विसुद्धप्पा।**
**जह लोयग्गे सिद्धा तह जीवा संसिदी णेया॥४८॥**

---

જે કોઈ અતિ-આસન્ન-ભવ્ય જીવો થયા, તેઓ પૂર્વે સંસારાવસ્થામાં સંસારક્લેશથી થાકેલા ચિત્તવાળા થયા થકા સહજવૈરાગ્યપરાયણ થવાથી દ્રવ્ય-ભાવ લિંગને ધારણ કરીને પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરેલા પરમાગમના અભ્યાસ વડે સિદ્ધક્ષેત્રને પામીને અવ્યાબાધ (બાધા રહિત) સકળ-વિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન-કેવળદર્શન-કેવળસુખ-કેવળવીર્યયુક્ત સિદ્ધાત્માઓ થઈ ગયા—કે જે સિદ્ધાત્માઓ કાર્યસમયસારરૂપ છે, ★કાર્યશુદ્ધ છે. જેવા તે સિદ્ધાત્માઓ છે તેવા જ શુદ્ધનિશ્ચયનયથી ભવવાળા (સંસારી) જીવો છે. જે કારણે તે સંસારી જીવો સિદ્ધાત્માઓ જેવા છે, તે કારણે તે સંસારી જીવો જન્મજરામરણથી રહિત અને સમ્યક્ત્વાદિ આઠ ગુણોની પુષ્ટિથી તુષ્ટ છે (—સમ્યક્ત્વ, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, સૂક્ષ્મત્વ, અવગાહન, અગુરુલઘુ અને અવ્યાબાધ એ આઠ ગુણોની સમૃદ્ધિથી આનંદમય છે).

[હવે ૪૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** જે સુબુદ્ધિઓને તેમ જ કુબુદ્ધિઓને પ્રથમથી જ શુદ્ધતા છે, તેમનામાં કાંઈ પણ ભેદ હું કયા નયથી જાણું? (તેમનામાં ખરેખર કાંઈ પણ ભેદ અર્થાત્ તફાવત નથી.) ૭૧.

**અશરીર ને અવિનાશ છે, નિર્મળ, અતીંદ્રિય, શુદ્ધ છે,**
**જ્યમ લોક-અગ્રે સિદ્ધ, તે રીત જાણ સૌ સંસારીને. ૪૮.**

---

★ કાર્યશુદ્ધ = કાર્ય-અપેક્ષાએ શુદ્ધ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अशरीरा अविनाशा अतीन्द्रिया निर्मला विशुद्धात्मानः।
यथा लोकाग्रे सिद्धास्तथा जीवाः संसृतौ ज्ञेयाः ॥४८॥

अयं च कार्यकारणसमयसारयोर्विशेषाभावोपन्यासः।

निश्चयेन पंचशरीरप्रपंचाभावादशरीराः, निश्चयेन नरनारकादिपर्यायपरित्यागस्वीकाराभावादविनाशाः, युगपत्परमतत्त्वस्थितसहजदर्शनादिकारणशुद्धस्वरूपपरिच्छित्तिसमर्थसहजज्ञानज्योतिरपहस्तितसमस्तसंशयस्वरूपत्वादतीन्द्रियाः, मलजनकक्षायोपशमिकादिविभावस्वभावानामभावान्निर्मलाः, द्रव्यभावकर्माभावाद् विशुद्धात्मानः यथैव लोकाग्रे भगवन्तः सिद्धपरमेष्ठिनस्तिष्ठन्ति, तथैव संसृतावपि अमी केनचिन्नयबलेन संसारिजीवाः शुद्धा इति।

---

**અન્વયાર્થ :**—[**यथा**] જેમ [**लोकाग्रे**] લોકાગ્રે [**सिद्धाः**] સિદ્ધભગવંતો [**अशरीराः**] અશરીરી, [**अविनाशाः**] અવિનાશી, [**अतीन्द्रियाः**] અતીંદ્રિય, [**निर्मलाः**] નિર્મળ અને [**विशुद्धात्मानः**] વિશુદ્ધાત્મા (વિશુદ્ધસ્વરૂપી) છે, [**तथा**] તેમ [**संसृतौ**] સંસારમાં [**जीवाः**] (સર્વ) જીવો [**ज्ञेयाः**] જાણવા.

**ટીકા :**—વળી આ, કાર્યસમયસારમાં અને કારણસમયસારમાં તફાવત નહિ હોવાનું કથન છે.

જેવી રીતે લોકાગ્રે સિદ્ધપરમેષ્ઠી ભગવંતો નિશ્ચયથી પાંચ શરીરના પ્રપંચના અભાવને લીધે 'અશરીરી' છે, નિશ્ચયથી નર-નારકાદિ પર્યાયોના ત્યાગગ્રહણના અભાવને લીધે 'અવિનાશી' છે, પરમ તત્ત્વમાં સ્થિત સહજદર્શનાદિરૂપ કારણશુદ્ધસ્વરૂપને યુગપદ્ જાણવામાં સમર્થ એવી સહજજ્ઞાનજ્યોતિ વડે જેમાંથી સમસ્ત સંશયો દૂર કરવામાં આવ્યા છે એવા સ્વરૂપવાળા હોવાને લીધે 'અતીન્દ્રિય' છે, મળજનક ક્ષાયોપશમિકાદિ વિભાવસ્વભાવોના અભાવને લીધે 'નિર્મળ' છે અને દ્રવ્યકર્મો તથા ભાવકર્મોના અભાવને લીધે 'વિશુદ્ધાત્મા' છે, તેવી જ રીતે સંસારમાં પણ આ સંસારી જીવો કોઈ નયના બળે (કોઈ નયથી) શુદ્ધ છે.

[હવે ૪૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(शार्दूलविक्रीडित)

शुद्धाशुद्धविकल्पना भवति सा मिथ्यादृशि प्रत्यहं
शुद्धं कारणकार्यतत्त्वयुगलं सम्यग्दृशि प्रत्यहम्।
इत्थं यः परमागमार्थमतुलं जानाति सद्दृक् स्वयं
सारासारविचारचारुधिषणा वन्दामहे तं वयम्॥७२॥

**एदे सव्वे भावा ववहारणयं पडुच्च भणिदा हु।**
**सव्वे सिद्धसहावा सुद्धणया संसिदी जीवा॥४९॥**

**एते सर्वे भावाः व्यवहारनयं प्रतीत्य भणिताः खलु।**
**सर्वे सिद्धस्वभावाः शुद्धनयात् संसृतौ जीवाः॥४९॥**

**निश्चयव्यवहारनययोरुपादेयत्वप्रद्योतनमेतत्।**

---

[**શ્લોકાર્થ :—**] શુદ્ધ-અશુદ્ધની જે [1]વિકલ્પના તે મિથ્યાદૃષ્ટિને હંમેશાં હોય છે; સમ્યગ્દૃષ્ટિને તો હંમેશાં (એવી માન્યતા હોય છે કે) કારણતત્ત્વ અને કાર્યતત્ત્વ બન્ને શુદ્ધ છે. આ રીતે પરમાગમના અતુલ અર્થને સારાસારના વિચારવાળી સુંદર બુદ્ધિ વડે જે સમ્યગ્દૃષ્ટિ સ્વયં જાણે છે, તેને અમે વંદન કરીએ છીએ. ૭૨.

**આ સર્વ ભાવ કહેલ છે વ્યવહારનયના આશ્રયે;**
**સંસારી જીવ સમસ્ત સિદ્ધસ્વભાવી શુદ્ધનયાશ્રયે. ૪૯.**

**અન્વયાર્થ :—**[**एते**] આ (પૂર્વોક્ત) [**सर्वे भावाः**] બધા ભાવો [**खलु**] ખરેખર [**व्यवहारनयं प्रतीत्य**] વ્યવહારનયનો આશ્રય કરીને [**भणिताः**] (સંસારી જીવોમાં વિદ્યમાન) કહેવામાં આવ્યા છે; [**शुद्धनयात्**] શુદ્ધનયથી [**संसृतौ**] સંસારમાં રહેલા [**सर्वे जीवाः**] સર્વ જીવો [**सिद्धस्वभावाः**] સિદ્ધસ્વભાવી છે.

**ટીકા :—**આ, નિશ્ચયનય અને વ્યવહારનયના [2]ઉપાદેયપણાનું પ્રકાશન (-કથન) છે.

---

૧ વિકલ્પના = વિપરીત કલ્પના; ખોટી માન્યતા; અનિશ્ચય; શંકા; ભેદ પાડવા.

૨ પ્રમાણભૂત જ્ઞાનમાં શુદ્ધાત્મદ્રવ્યનું તેમ જ તેના પર્યાયોનું બન્નેનું સમ્યક્ જ્ઞાન હોવું જોઈએ. 'પોતાને કથંચિત્ વિભાવપર્યાયો વિદ્યમાન છે' એવો સ્વીકાર જ જેના જ્ઞાનમાં ન હોય તેને શુદ્ધાત્મદ્રવ્યનું પણ સાચું જ્ઞાન હોઈ શકે નહિ. માટે 'વ્યવહારનયના વિષયોનું પણ જ્ઞાન તો ગ્રહણ કરવા યોગ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ये पूर्वं न विद्यन्ते इति प्रतिपादितास्ते सर्वे विभावपर्यायाः खलु व्यवहारनयादेशेन विद्यन्ते। संसृतावपि ये विभावभावैश्चतुर्भिः परिणताः सन्तस्तिष्ठन्ति अपि च ते सर्वे भगवतां सिद्धानां शुद्धगुणपर्यायैः सदृशाः शुद्धनयादेशादिति।

तथा चोक्तं श्रीमदमृतचन्द्रसूरिभिः—

(मालिनी)

"व्यवहरणनयः स्याद्यद्यपि प्राक्पदव्या-
मिह निहितपदानां हंत हस्तावलम्बः।
तदपि परममर्थं चिच्चमत्कारमात्रं
परविरहितमन्तः पश्यतां नैष किंचित्॥"

---

પૂર્વે જે વિભાવપર્યાયો 'વિદ્યમાન નથી' એમ પ્રતિપાદિત કરવામાં આવ્યા છે તે બધા વિભાવપર્યાયો ખરેખર વ્યવહારનયના કથનથી વિદ્યમાન છે. વળી જેઓ (વ્યવહારનયના કથનથી) ચાર વિભાવભાવે પરિણત હોવાથી સંસારમાં પણ રહ્યા છે તે બધા શુદ્ધનયના કથનથી શુદ્ધગુણપર્યાયો વડે સિદ્ધભગવંતો સમાન છે (અર્થાત્ જે જીવો વ્યવહારનયના કથનથી ઔદયિકાદિ વિભાવભાવોવાળા હોવાથી સંસારી છે તેઓ બધા શુદ્ધનયના કથનથી શુદ્ધ ગુણો અને શુદ્ધ પર્યાયોવાળા હોવાથી સિદ્ધ સદૃશ છે).

એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં પાંચમા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

"[**શ્લોકાર્થ :—**] જોકે વ્યવહારનય આ પ્રથમ ભૂમિકામાં જેમણે પગ મૂક્યો છે એવા જીવોને, અરેરે! હસ્તાવલંબરૂપ ભલે હોય, તોપણ જે જીવો ચૈતન્યચમત્કારમાત્ર, પરથી રહિત એવા પરમ પદાર્થને અંતરંગમાં દેખે છે તેમને એ વ્યવહારનય કાંઈ નથી."

---

છે' એવી વિવક્ષાથી જ અહીં વ્યવહારનયને ઉપાદેય કહ્યો છે, 'તેમનો આશ્રય ગ્રહણ કરવા યોગ્ય છે' એવી વિવક્ષાથી નહિ. વ્યવહારનયના વિષયોનો આશ્રય (–આલંબન, વલણ, સંમુખતા, ભાવના) તો છોડવાયોગ્ય જ છે એમ સમજાવવા ૫૦મી ગાથામાં વ્યવહારનયને સ્પષ્ટપણે હેય કહેવામાં આવશે. જે જીવને અભિપ્રાયમાં શુદ્ધાત્મદ્રવ્યના આશ્રયનું ગ્રહણ અને પર્યાયોના આશ્રયનો ત્યાગ હોય, તે જ જીવને દ્રવ્યનું તેમ જ પર્યાયોનું જ્ઞાન સમ્યક્ છે એમ સમજવું, અન્યને નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तथा हि—

(स्वागता)

शुद्धनिश्चयनयेन　　विमुक्तौ
संसृतावपि च नास्ति विशेषः।
एवमेव　खलु　तत्त्वविचारे
शुद्धतत्त्वरसिकाः　प्रवदन्ति॥७३॥

पुव्वुत्तसयलभावा परदव्वं परसहावमिदि हेयं।
सगदव्वमुवादेयं अंतरतच्चं हवे अप्पा॥५०॥

पूर्वोक्तसकलभावाः परद्रव्यं परस्वभावा इति हेयाः।
स्वकद्रव्यमुपादेयं अन्तस्तत्त्वं भवेदात्मा॥५०॥

हेयोपादेयत्यागोपादानलक्षणकथनमिदम्।

ये केचिद् विभावगुणपर्यायास्ते पूर्वं व्यवहारनयादेशादुपादेयत्वेनोक्ताः शुद्ध-

---

વળી (આ ૪૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—

[શ્લોકાર્થ :—] 'શુદ્ધનિશ્ચયનયથી મુક્તિમાં તેમ જ સંસારમાં તફાવત નથી;' આમ જ ખરેખર, તત્ત્વ વિચારતાં (–પરમાર્થ વસ્તુસ્વરૂપનો વિચાર અથવા નિરૂપણ કરતાં), શુદ્ધ તત્ત્વના રસિક પુરુષો કહે છે. ૭૩.

પૂર્વોક્ત ભાવો પર-દરવ પરભાવ, તેથી હેય છે;
આત્મા જ છે આદેય, અંતઃતત્ત્વરૂપ નિજદ્રવ્ય જે. ૫૦.

અન્વયાર્થ :—[पूर्वोक्तसकलभावाः] પૂર્વોક્ત સર્વ ભાવો [परस्वभावाः] પરસ્વભાવો છે, [परद्रव्यम्] પરદ્રવ્ય છે, [इति] તેથી [हेयाः] હેય છે; [अन्तस्तत्त्वं] અંતઃતત્ત્વ [स्वकद्रव्यम्] એવું સ્વદ્રવ્ય—[आत्मा] આત્મા—[उपादेयम्] ઉપાદેય [भवेत्] છે.

ટીકા :—આ, હેય-ઉપાદેય અથવા ત્યાગ-ગ્રહણના સ્વરૂપનું કથન છે.

જે કોઈ વિભાવગુણપર્યાયો છે તેઓ પૂર્વે (૪૯મી ગાથામાં) વ્યવહારનયના કથન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



निश्चयनयबलेन हेया भवन्ति। कुतः? परस्वभावत्वात्, अत एव परद्रव्यं भवति। सकलविभावगुणपर्यायनिर्मुक्तं शुद्धान्तस्तत्त्वस्वरूपं स्वद्रव्यमुपादेयम्। अस्य खलु सहज-ज्ञानसहजदर्शनसहजचारित्रसहजपरमवीतरागसुखात्मकस्य शुद्धान्तस्तत्त्वस्वरूपस्याधारः सहज-परमपारिणामिकभावलक्षणकारणसमयसार इति।

तथा चोक्तं श्रीमदमृतचन्द्रसूरिभिः—

(शार्दूलविक्रीडित)

"सिद्धान्तोऽयमुदात्तचित्तचरितैर्मोक्षार्थिभिः सेव्यतां
शुद्धं चिन्मयमेकमेव परमं ज्योतिः सदैवास्म्यहम्।
एते ये तु समुल्लसन्ति विविधा भावाः पृथग्लक्षणा-
स्तेऽहं नास्मि यतोऽत्र ते मम परद्रव्यं समग्रा अपि।।"

तथा हि—

---

દ્વારા ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતા પરંતુ શુદ્ધનિશ્ચયનયના બળે (શુદ્ધનિશ્ચયનયે) તેઓ હેય છે. શા કારણથી? કારણ કે તેઓ પરસ્વભાવો છે, અને તેથી જ પરદ્રવ્ય છે. સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય ઉપાદેય છે. ખરેખર સહજજ્ઞાન-સહજદર્શન-સહજચારિત્ર-સહજપરમવીતરાગ-સુખાત્મક શુદ્ધઅંતઃતત્ત્વસ્વરૂપ આ સ્વદ્રવ્યનો આધાર સહજપરમપારિણામિકભાવલક્ષણ (–સહજ પરમ પારિણામિક ભાવ જેનું લક્ષણ છે એવો) કારણસમયસાર છે.

એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૮૫મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

"[**શ્લોકાર્થ :—**] જેમના ચિત્તનું ચરિત્ર ઉદાત્ત (–ઉદાર, ઉચ્ચ, ઉજ્જવળ) છે એવા મોક્ષાર્થીઓ આ સિદ્ધાંતનું સેવન કરો કે—'હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું; અને આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય છે તે હું નથી, કારણ કે તે બધાય મને પરદ્રવ્ય છે.'"

વળી (આ ૫૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(शालिनी)

न ह्यस्माकं शुद्धजीवास्तिकाया-
दन्ये सर्वे पुद्गलद्रव्यभावाः।
इत्थं व्यक्तं वक्ति यस्तत्त्ववेदी
सिद्धिं सोऽयं याति तामत्यपूर्वाम्॥७४॥

विवरीयाभिणिवेसविवज्जियसद्दहणमेव सम्मत्तं।
संसयविमोहविब्भमविवज्जियं होदि सण्णाणं॥५१॥
चलमलिणमगाढत्तविवज्जियसद्दहणमेव सम्मत्तं।
अधिगमभावो णाणं हेयोवादेयतच्चाणं॥५२॥
सम्मत्तस्स णिमित्तं जिणसुत्तं तस्स जाणया पुरिसा।
अंतरहेऊ भणिदा दंसणमोहस्स खयपहुदी॥५३॥
सम्मत्तं सण्णाणं विज्जदि मोक्खस्स होदि सुण चरणं।
ववहारणिच्छएण दु तम्हा चरणं पवक्खामि॥५४॥

---

[શ્લોકાર્થ :—] 'શુદ્ધ જીવાસ્તિકાયથી અન્ય એવા જે બધા પુદ્ગલદ્રવ્યના ભાવો તે ખરેખર અમારા નથી'—આમ જે તત્ત્વવેદી સ્પષ્ટપણે કહે છે તે અતિ અપૂર્વ સિદ્ધિને પામે છે. ૭૪.

શ્રદ્ધાન વિપરીત-અભિનિવેશવિહીન તે સમ્યક્ત્વ છે;
સંશય-વિમોહ-વિભ્રાંતિ વિરહિત જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. ૫૧.
ચલ મલ-અગાઢપણા રહિત શ્રદ્ધાન તે સમ્યક્ત્વ છે;
આદેય-હેય પદાર્થનો અવબોધ સમ્યગ્જ્ઞાન છે. ૫૨.
જિનસૂત્ર સમકિતહેતુ છે, ને સૂત્રજ્ઞાતા પુરુષ જે,
તે જાણ અંતર્હેતુ, દૃગ્મોહક્ષયાદિક જેમને. ૫૩.
સમ્યક્ત્વ, સમ્યગ્જ્ઞાન તેમ જ ચરણ મુક્તિપંથ છે;
તેથી કહીશ હું ચરણને વ્યવહાર ને નિશ્ચય વડે. ૫૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ववहारणयचरित्ते ववहारणयस्स होदि तवचरणं।
णिच्छयणयचारित्ते तवचरणं होदि णिच्छयदो॥५५॥

विपरीताभिनिवेशविवर्जितश्रद्धानमेव सम्यक्त्वम्।
संशयविमोहविभ्रमविवर्जितं भवति संज्ञानम्॥५१॥
चलमलिनमगाढत्वविवर्जितश्रद्धानमेव सम्यक्त्वम्।
अधिगमभावो ज्ञानं हेयोपादेयतत्त्वानाम्॥५२॥
सम्यक्त्वस्य निमित्तं जिनसूत्रं तस्य ज्ञायकाः पुरुषाः।
अन्तर्हेतवो भणिताः दर्शनमोहस्य क्षयप्रभृतेः॥५३॥
सम्यक्त्वं संज्ञानं विद्यते मोक्षस्य भवति शृणु चरणम्।
व्यवहारनिश्चयेन तु तस्माच्चरणं प्रवक्ष्यामि॥५४॥
व्यवहारनयचरित्रे व्यवहारनयस्य भवति तपश्चरणम्।
निश्चयनयचारित्रे तपश्चरणं भवति निश्चयतः॥५५॥

---

વ્યવહારનયચારિત્રમાં વ્યવહારનું તપ હોય છે;
તપ હોય છે નિશ્ચય થકી, ચારિત્ર જ્યાં નિશ્ચયનયે. ૫૫.

**અન્વયાર્થ :**—**[विपरीताभिनिवेशविवर्जितश्रद्धानम् एव]** વિપરીત *અભિનિવેશ રહિત શ્રદ્ધાન તે જ **[सम्यक्त्वम्]** સમ્યક્ત્વ છે; **[संशयविमोहविभ्रमविवर्जितम्]** સંશય, વિમોહ ને વિભ્રમ રહિત (જ્ઞાન) તે **[संज्ञानम् भवति]** સમ્યગ્જ્ઞાન છે.

**[चलमलिनमगाढत्वविवर्जितश्रद्धानम् एव]** ચળતા, મલિનતા અને અગાઢતા રહિત શ્રદ્ધાન તે જ **[सम्यक्त्वम्]** સમ્યક્ત્વ છે; **[हेयोपादेयतत्त्वानाम्]** હેય અને ઉપાદેય તત્ત્વોને **[अधिगमभावः]** જાણવારૂપ ભાવ તે **[ज्ञानम्]** (સમ્યક્) જ્ઞાન છે.

**[सम्यक्त्वस्य निमित्तं]** સમ્યક્ત્વનું નિમિત્ત **[जिनसूत्रं]** જિનસૂત્ર છે; **[तस्य ज्ञायकाः पुरुषाः]** જિનસૂત્રના જાણનારા પુરુષોને **[अन्तर्हेतवः]** (સમ્યક્ત્વના) અંતરંગ હેતુઓ **[भणिताः]** કહ્યા છે, **[दर्शनमोहस्य क्षयप्रभृतेः]** કારણ કે તેમને દર્શનમોહના ક્ષયાદિક છે.

**[शृणु]** સાંભળ, **[मोक्षस्य]** મોક્ષને માટે **[सम्यक्त्वं]** સમ્યક્ત્વ હોય છે, **[संज्ञानं]**

---

★ અભિનિવેશ = અભિપ્રાય; આગ્રહ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



रत्नत्रयस्वरूपाख्यानमेतत् ।

भेदोपचाररत्नत्रयमपि तावद् विपरीताभिनिवेशविवर्जितश्रद्धानरूपं भगवतां सिद्धि-परंपराहेतुभूतानां पंचपरमेष्ठिनां चलमलिनागाढविवर्जितसमुपजनितनिश्चलभक्तियुक्तत्वमेव। विपरीते हरिहिरण्यगर्भादिप्रणीते पदार्थसार्थे ह्यभिनिवेशाभाव इत्यर्थः। संज्ञानमपि च संशयविमोहविभ्रमविवर्जितमेव। तत्र संशयः तावत् जिनो वा शिवो वा देव इति। विमोहः शाक्यादिप्रोक्ते वस्तुनि निश्चयः। विभ्रमो ह्यज्ञानत्वमेव। पापक्रियानिवृत्तिपरिणामश्चारित्रम्। इति भेदोपचाररत्नत्रयपरिणतिः। तत्र जिनप्रणीतहेयोपादेयतत्त्वपरिच्छित्तिरेव सम्यग्ज्ञानम्। अस्य सम्यक्त्वपरिणामस्य बाह्यसहकारिकारणं वीतरागसर्वज्ञमुखकमलविनिर्गतसमस्तवस्तु-प्रतिपादनसमर्थद्रव्यश्रुतमेव तत्त्वज्ञानमिति। ये मुमुक्षवः तेऽप्युपचारतः पदार्थनिर्णयहेतुत्वात्

---

સમ્યગ્જ્ઞાન **[विद्यते]** હોય છે, **[चरणम्]** ચારિત્ર (પણ) **[भवति]** હોય છે; **[तस्मात्]** તેથી **[व्यवहारनिश्चयेन तु]** હું વ્યવહાર અને નિશ્ચયથી **[चरणं प्रवक्ष्यामि]** ચારિત્ર કહીશ.

**[व्यवहारनयचरित्रे]** વ્યવહારનયના ચારિત્રમાં **[व्यवहारनयस्य]** વ્યવહારનયનું **[तपश्चरणम्]** તપશ્ચરણ **[भवति]** હોય છે; **[निश्चयनयचारित्रे]** નિશ્ચયનયના ચારિત્રમાં **[निश्चयतः]** નિશ્ચયથી **[तपश्चरणम्]** તપશ્ચરણ **[भवति]** હોય છે.

**ટીકા** :—આ, રત્નત્રયના સ્વરૂપનું કથન છે.

પ્રથમ, ભેદોપચાર-રત્નત્રય આ પ્રમાણે છે :—વિપરીત અભિનિવેશ રહિત શ્રદ્ધાનરૂપ એવું જે સિદ્ધિના પરંપરાહેતુભૂત ભગવંત પંચપરમેષ્ઠી પ્રત્યેનું ચળતા-મલિનતા-અગાઢતા રહિત ઊપજેલું નિશ્ચળ ભક્તિયુક્તપણું તે જ સમ્યક્ત્વ છે. વિષ્ણુબ્રહ્માદિકથિત વિપરીત પદાર્થસમૂહ પ્રત્યેના અભિનિવેશનો અભાવ તે જ સમ્યક્ત્વ છે—એવો અર્થ છે. સંશય, વિમોહ ને વિભ્રમ રહિત (જ્ઞાન) તે જ સમ્યગ્જ્ઞાન છે. ત્યાં, જિન દેવ હશે કે શિવ દેવ હશે (–એવો શંકારૂપભાવ) તે સંશય છે; શાક્યાદિકથિત વસ્તુમાં નિશ્ચય (અર્થાત્ બુદ્ધાદિએ કહેલા પદાર્થનો નિર્ણય) તે વિમોહ છે; અજ્ઞાનપણું (અર્થાત્ વસ્તુ શું છે તે સંબંધી અજાણપણું) તે જ વિભ્રમ છે. પાપક્રિયાથી નિવૃત્તિરૂપ પરિણામ તે ચારિત્ર છે. આમ ભેદોપચાર-રત્નત્રયપરિણતિ છે. તેમાં, જિનપ્રણીત હેય-ઉપાદેય તત્ત્વોનું જ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન છે. આ સમ્યક્ત્વપરિણામનું બાહ્ય સહકારી કારણ વીતરાગ-સર્વજ્ઞના મુખકમળમાંથી નીકળેલું સમસ્ત વસ્તુના પ્રતિપાદનમાં સમર્થ એવું દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન જ છે. જે મુમુક્ષુઓ છે તેમને પણ ઉપચારથી પદાર્થનિર્ણયના હેતુપણાને લીધે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**अंतरंगहेतव इत्युक्ताः दर्शनमोहनीयकर्मक्षयप्रभृतेः सकाशादिति। अभेदानुपचाररत्नत्रयपरिणतेर्जीवस्य टंकोत्कीर्णज्ञायकैकस्वभावनिजपरमतत्त्वश्रद्धानेन, तत्परिच्छित्तिमात्रांतर्मुखपरमबोधेन, तद्रूपाविचलस्थितिरूपसहजचारित्रेण अभूतपूर्वः सिद्धपर्यायो भवति। यः परमजिनयोगीश्वरः प्रथमं पापक्रियानिवृत्तिरूपव्यवहारनयचारित्रे तिष्ठति, तस्य खलु व्यवहारनयगोचरतपश्चरणं भवति। सहजनिश्चयनयात्मकपरमस्वभावात्मकपरमात्मनि प्रतपनं तपः। स्वस्वरूपाविचलस्थितिरूपं सहजनिश्चयचारित्रम् अनेन तपसा भवतीति।**

**तथा चोक्तमेकत्वसप्ततौ—**

(अनुष्टुभ्)

**''दर्शनं निश्चयः पुंसि बोधस्तद्बोध इष्यते।**
**स्थितिरत्रैव चारित्रमिति योगः शिवाश्रयः।।''**

---

(સમ્યક્ત્વપરિણામના) અંતરંગ હેતુઓ કહ્યા છે, કારણ કે તેમને દર્શનમોહનીયકર્મના ક્ષયાદિક છે.

અભેદ-અનુપચાર-રત્નત્રયપરિણતિવાળા જીવને, ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો એક સ્વભાવ છે એવા નિજ પરમ તત્ત્વની શ્રદ્ધા વડે, તદ્જ્ઞાનમાત્ર (-તે નિજ પરમ તત્ત્વના જ્ઞાનમાત્રસ્વરૂપ) એવા અંતર્મુખ પરમબોધ વડે અને તે-રૂપે (અર્થાત્ નિજ પરમ તત્ત્વરૂપે) અવિચળપણે સ્થિત થવારૂપ સહજચારિત્ર વડે *અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય છે. જે પરમજિનયોગીશ્વર પહેલાં પાપક્રિયાથી નિવૃત્તિરૂપ વ્યવહારનયના ચારિત્રમાં હોય છે, તેને ખરેખર વ્યવહારનયગોચર તપશ્ચરણ હોય છે. સહજનિશ્ચયનયાત્મક પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મામાં પ્રતપન તે તપ છે; નિજ સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજનિશ્ચયચારિત્ર આ તપથી હોય છે.

એવી રીતે એકત્વસપ્તતિમાં (શ્રી પદ્મનંદી-આચાર્યદેવકૃત પદ્મનંદિપંચવિંશતિકા નામના શાસ્ત્રને વિષે એકત્વસપ્તતિ નામના અધિકારમાં ૧૪મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

''[**શ્લોકાર્થ :—**] આત્માનો નિશ્ચય તે દર્શન છે, આત્માનો બોધ તે જ્ઞાન છે, આત્મામાં જ સ્થિતિ તે ચારિત્ર છે;—આવો યોગ (અર્થાત્ આ ત્રણેની એકતા) શિવપદનું કારણ છે.''

---

★ અભૂતપૂર્વ = પૂર્વે કદી નહિ થયેલો એવો; અપૂર્વ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**तथा च—**

(मालिनी)

**जयति सहजबोधस्तादृशी दृष्टिरेषा**
**चरणमपि विशुद्धं तद्विधं चैव नित्यम्।**
**अघकुलमलपंकानीकनिर्मुक्तमूर्तिः**
**सहजपरमतत्त्वे संस्थिता चेतना च॥७५॥**

**इति सुकविजनपयोजमित्रपंचेन्द्रियप्रसरवर्जितगात्रमात्रपरिग्रहश्रीपद्मप्रभमलधारिदेवविरचितायां नियमसारव्याख्यायां तात्पर्यवृत्तौ शुद्धभावाधिकारः तृतीयः श्रुतस्कन्धः॥**

---

વળી (આ શુદ્ધભાવ અધિકારની છેલ્લી પાંચ ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે) :—

**[શ્લોકાર્થ :—]** સહજ જ્ઞાન સદા જયવંત છે, તેવી (-સહજ) આ દૃષ્ટિ સદા જયવંત છે, તેવું જ (-સહજ) વિશુદ્ધ ચારિત્ર પણ સદા જયવંત છે; પાપસમૂહરૂપી મળની અથવા કાદવની પંક્તિથી રહિત જેનું સ્વરૂપ છે એવી સહજપરમતત્ત્વમાં સંસ્થિત ચેતના પણ સદા જયવંત છે. ૭૫.

આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રીપદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) **શુદ્ધભાવ અધિકાર** નામનો ત્રીજો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

—४—

# વ્યવહારચારિત્ર અધિકાર

अथेदानीं व्यवहारचारित्राधिकार उच्यते।

कुलजोणिजीवमग्गणठाणाइसु जाणिऊण जीवाणं।
तस्सारंभणियत्तणपरिणामो होइ पढमवदं॥५६॥

कुलयोनिजीवमार्गणास्थानादिषु ज्ञात्वा जीवानाम्।
तस्यारम्भनिवृत्तिपरिणामो भवति प्रथमव्रतम्॥५६॥

अहिंसाव्रतस्वरूपाख्यानमेतत्।

कुलविकल्पो योनिविकल्पश्च जीवमार्गणास्थानविकल्पाश्च प्रागेव प्रतिपादिताः। अत्र पुनरुक्तिदोषभयान्न प्रतिपादिताः। तत्रैव तेषां भेदान् बुद्ध्वा तद्रक्षापरिणतिरेव

---

હવે વ્યવહારચારિત્ર અધિકાર કહેવામાં આવે છે.

જીવસ્થાન, માર્ગણસ્થાન, યોનિ, કુલાદિ જીવનાં જાણીને,
આરંભથી નિવૃત્તિરૂપ પરિણામ તે વ્રત પ્રથમ છે. ૫૬.

**અન્વયાર્થ :—[जीवानाम्]** જીવોનાં **[कुलयोनिजीवमार्गणास्थानादिषु]** કુળ, યોનિ, જીવસ્થાન, માર્ગણાસ્થાન વગેરે **[ज्ञात्वा]** જાણીને **[तस्य]** તેમના **[आरम्भनिवृत्तिपरिणामः]** આરંભથી નિવૃત્તિરૂપ પરિણામ તે **[प्रथमव्रतम्]** પહેલું વ્રત **[भवति]** છે.

ટીકા :—આ, અહિંસાવ્રતના સ્વરૂપનું કથન છે.

કુળભેદ, યોનિભેદ, જીવસ્થાનના ભેદ અને માર્ગણાસ્થાનના ભેદ પહેલાં જ (૪૨મી ગાથાની ટીકામાં જ) પ્રતિપાદિત કરવામાં આવ્યા છે; અહીં પુનરુક્તિદોષના ભયથી પ્રતિપાદિત કર્યા નથી. ત્યાં કહેલા તેમના ભેદોને જાણીને તેમની રક્ષારૂપ પરિણતિ તે જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



भवत्यहिंसा। तेषां मृतिर्भवतु वा न वा, प्रयत्नपरिणाममन्तरेण सावद्यपरिहारो न भवति। अत एव प्रयत्नपरे हिंसापरिणतेरभावादहिंसाव्रतं भवतीति।

तथा चोक्तं श्रीसमन्तभद्रस्वामिभिः—

(शिखरिणी)

''अहिंसा भूतानां जगति विदितं ब्रह्म परमं
न सा तत्रारम्भोऽस्त्यणुरपि च यत्राश्रमविधौ।
ततस्तत्सिद्ध्यर्थं परमकरुणो ग्रन्थमुभयं
भवानेवात्याक्षीन्न च विकृतवेषोपधिरतः॥''

तथा हि—

---

અહિંસા છે. તેમનું મરણ થાઓ કે ન થાઓ, *પ્રયત્નરૂપ પરિણામ વિના સાવદ્યપરિહાર (દોષનો ત્યાગ) થતો નથી. આથી જ, પ્રયત્નપરાયણને હિંસાપરિણતિનો અભાવ હોવાથી અહિંસાવ્રત હોય છે.

એવી રીતે (આચાર્યવર) શ્રી સમંતભદ્રસ્વામીએ (બૃહત્સ્વયંભૂસ્તોત્રમાં શ્રી નમિનાથ ભગવાનની સ્તુતિ કરતાં ૧૧૯મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

''[**શ્લોકાર્થ :—**] જગતમાં વિદિત છે કે જીવોની અહિંસા પરમ બ્રહ્મ છે. જે આશ્રમની વિધિમાં લેશ પણ આરંભ છે ત્યાં (–તે આશ્રમમાં અર્થાત્ સગ્રંથપણામાં) તે અહિંસા હોતી નથી. માટે તેની સિદ્ધિને અર્થે, (હે નમિનાથ પ્રભુ !) પરમ કરુણાવંત એવા આપશ્રીએ બન્ને ગ્રંથને છોડ્યા (–દ્રવ્ય તેમ જ ભાવ બન્ને પ્રકારના પરિગ્રહને તજી નિર્ગ્રંથપણું અંગીકૃત કર્યું), વિકૃત વેશ તથા પરિગ્રહમાં રત ન થયા.''

વળી (૫૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે) :—

---

★ મુનિને (મુનિત્વોચિત) શુદ્ધપરિણતિની સાથે વર્તતો જે (હઠ વગરનો) દેહચેષ્ટાદિકસંબંધી શુભોપયોગ તે વ્યવહાર-પ્રયત્ન છે. [શુદ્ધપરિણતિ ન હોય ત્યાં શુભોપયોગ હઠ સહિત હોય છે; તે શુભોપયોગ તો વ્યવહાર-પ્રયત્ન પણ કહેવાતો નથી.]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(मालिनी)

त्रसहतिपरिणामध्वांतविध्वंसहेतुः
सकलभुवनजीवग्रामसौख्यप्रदो यः।
स जयति जिनधर्मः स्थावरैकेन्द्रियाणां
विविधवधविदूरश्चारुशर्माब्धिपूरः ॥७६॥

**रागेण व दोसेण व मोहेण व मोसभासपरिणामं।**
**जो पजहदि साहु सया बिदियवदं होइ तस्सेव॥५७॥**

**रागेण वा द्वेषेण वा मोहेन वा मृषाभाषापरिणामं।**
**यः प्रजहाति साधुः सदा द्वितीयव्रतं भवति तस्यैव॥५७॥**

सत्यव्रतस्वरूपाख्यानमेतत्।

अत्र मृषापरिणामः सत्यप्रतिपक्षः, स च रागेण वा द्वेषेण वा मोहेन वा जायते। सदा यः साधुः आसन्नभव्यजीवः तं परिणामं परित्यजति तस्य द्वितीयव्रतं भवति इति।

---

[શ્લોકાર્થ :—] ત્રસઘાતના પરિણામરૂપ અંધકારના નાશનો જે હેતુ છે, સકળ લોકના જીવસમૂહને જે સુખપ્રદ છે, સ્થાવર એકેંદ્રિય જીવોના વિવિધ વધથી જે બહુ દૂર છે અને સુંદર સુખસાગરનું જે પૂર છે, તે જિનધર્મ જયવંત વર્તે છે. ૭૬.

**વિદ્વેષ-રાગ-વિમોહજનિત મૃષા તણા પરિણામને**
**જે છોડતા મુનિરાજ, તેને સર્વદા વ્રત દ્વિતીય છે. ૫૭.**

અન્વયાર્થ :—[रागेण वा] રાગથી, [द्वेषेण वा] દ્વેષથી [मोहेन वा] અથવા મોહથી થતા [मृषाभाषापरिणामं] મૃષા ભાષાના પરિણામને [यः साधुः] જે સાધુ [प्रजहाति] છોડે છે, [तस्य एव] તેને જ [सदा] સદા [द्वितीयव्रतं] બીજું વ્રત [भवति] છે.

ટીકા :—આ, સત્યવ્રતના સ્વરૂપનું કથન છે.

અહીં (એમ કહ્યું છે કે), સત્યનો પ્રતિપક્ષ (અર્થાત્ સત્યથી વિરુદ્ધ પરિણામ) તે મૃષાપરિણામ છે; તે (અસત્ય બોલવાના પરિણામ) રાગથી, દ્વેષથી અથવા મોહથી થાય છે; જે સાધુ—આસન્નભવ્ય જીવ—તે પરિણામને પરિત્યજે છે (-સમસ્ત પ્રકારે છોડે છે), તેને બીજું વ્રત હોય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(शालिनी)

वक्ति व्यक्तं सत्यमुच्चैर्जनो यः
स्वर्गस्त्रीणां भूरिभोगैकभाक् स्यात्।
अस्मिन् पूज्यः सर्वदा सर्वसद्भिः
सत्यात्सत्यं चान्यदस्ति व्रतं किम्॥७७॥

**गामे वा णयरे वाऽरण्णे वा पेच्छिऊण परमत्थं।**
**जो मुयदि गहणभावं तिदियवदं होदि तस्सेव॥५८॥**

ग्रामे वा नगरे वाऽरण्ये वा प्रेक्षयित्वा परमर्थम्।
यो मुंचति ग्रहणभावं तृतीयव्रतं भवति तस्यैव॥५८॥

**तृतीयव्रतस्वरूपाख्यानमेतत्।**

**वृत्यावृत्तो ग्रामः तस्मिन् वा चतुर्भिर्गोपुरैर्भासुरं नगरं तस्मिन् वा मनुष्यसंचारशून्यं वनस्पतिजातवल्लीगुल्मप्रभृतिभिः परिपूर्णमरण्यं तस्मिन् वा परेण विसृष्टं**

---

[હવે ૫૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** જે પુરુષ અતિ સ્પષ્ટપણે સત્ય બોલે છે, તે સ્વર્ગની સ્ત્રીઓના પુષ્કળ ભોગોનો એક ભાગી થાય છે (અર્થાત્ તે પરલોકમાં અનન્યપણે દેવાંગનાઓના બહુ ભોગોને પામે છે) અને આ લોકમાં સર્વદા સર્વ સત્પુરુષોનો પૂજ્ય બને છે. ખરેખર સત્યથી શું બીજું કોઈ (ચડિયાતું) વ્રત છે? ૭૭.

નગરે, અરણ્યે, ગ્રામમાં કો વસ્તુ પરની દેખીને
છોડે ગ્રહણપરિણામ જે, તે પુરુષને વ્રત તૃતીય છે. ૫૮.

**અન્વયાર્થ :—[ग्रामे वा]** ગ્રામમાં, **[नगरे वा]** નગરમાં **[अरण्ये वा]** કે વનમાં **[परम् अर्थम्]** પારકી વસ્તુને **[प्रेक्षयित्वा]** દેખીને **[यः]** જે (સાધુ) **[ग्रहणभावं]** તેને ગ્રહવાના ભાવને **[मुंचति]** છોડે છે, **[तस्य एव]** તેને જ **[तृतीयव्रतं]** ત્રીજું વ્રત **[भवति]** છે.

**ટીકા :—**આ, ત્રીજા વ્રતના સ્વરૂપનું કથન છે.

જેના ફરતી વાડ હોય તે ગ્રામ (ગામડું) છે; જે ચાર દરવાજાથી સુશોભિત હોય તે નગર છે; જે મનુષ્યના સંચાર વિનાનું, વનસ્પતિસમૂહ, વેલીઓ અને ઝાડનાં ઝુંડ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



निहितं पतितं वा विस्मृतं वा परद्रव्यं दृष्ट्वा स्वीकारपरिणामं यः परित्यजति, तस्य हि तृतीयव्रतं भवति इति।

(आर्या)

आकर्षति रत्नानां संचयमुच्चैरचौर्य्यमेतदिह।
स्वर्गस्त्रीसुखमूलं क्रमेण मुक्त्यंगनायाश्च ॥७८॥

दट्ठूण इत्थिरूवं वांछाभावं णियत्तदे तासु।
मेहुणसण्णविवज्जियपरिणामो अहव तुरियवदं ॥५९॥

दृष्ट्वा स्त्रीरूपं वांच्छाभावं निवर्तते तासु।
मैथुनसंज्ञाविवर्जितपरिणामोऽथवा तुरीयव्रतम् ॥५९॥

चतुर्थव्रतस्वरूपकथनमिदम्।

---

વગેરેથી ગીચોગીચ ભરેલું હોય તે અરણ્ય છે. આવાં ગ્રામ, નગર કે અરણ્યમાં બીજાથી તજાયેલી, મુકાયેલી, પડી ગયેલી અથવા ભુલાઈ ગયેલી પરવસ્તુને દેખીને તેના સ્વીકાર-પરિણામને (અર્થાત્ તેને પોતાની કરવાના—ગ્રહવાના પરિણામને) જે પરિત્યજે છે, તેને ખરેખર ત્રીજું વ્રત હોય છે.

[હવે ૫૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** આ ઉગ્ર અચૌર્ય આ લોકમાં રત્નોના સંચયને આકર્ષે છે અને (પરલોકમાં) સ્વર્ગની સ્ત્રીઓના સુખનું કારણ છે તેમ જ ક્રમે કરીને મુક્તિરૂપી સ્ત્રીના સુખનું કારણ છે. ૭૮.

સ્ત્રીરૂપ દેખી સ્ત્રી પ્રતિ અભિલાષભાવનિવૃત્તિ જે,
વા મિથુનસંજ્ઞારહિત જે પરિણામ તે વ્રત તુર્ય છે. ૫૯.

**અન્વયાર્થ :—[स्त्रीरूपं दृष्ट्वा]** સ્ત્રીઓનું રૂપ દેખીને **[तासु]** તેમના પ્રત્યે **[वांच्छाभावं निवर्तते]** વાંછાભાવની નિવૃત્તિ તે **[अथवा]** અથવા **[मैथुनसंज्ञाविवर्जितपरिणामः]** મૈથુનસંજ્ઞારહિત જે પરિણામ તે **[तुरीयव्रतम्]** ચોથું વ્રત છે.

**ટીકા :—**આ, ચોથા વ્રતના સ્વરૂપનું કથન છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कमनीयकामिनीनां तन्मनोहराङ्गनिरीक्षणद्वारेण समुपजनितकौतूहलचित्तवांछापरित्यागेन, अथवा पुंवेदोदयाभिधाननोकषायतीव्रोदयेन संजातमैथुनसंज्ञापरित्यागलक्षणशुभपरिणामेन च ब्रह्मचर्यव्रतं भवति इति।

(मालिनी)

भवति तनुविभूतिः कामिनीनां विभूतिं
स्मरसि मनसि कामिंस्त्वं तदा मद्वचः किम्।
सहजपरमतत्त्वं स्वस्वरूपं विहाय
व्रजसि विपुलमोहं हेतुना केन चित्रम् ॥७९॥

**सव्वेसिं गंथाणं चागो णिरवेक्खभावणापुव्वं।**
**पंचमवदमिदि भणिदं चारित्तभरं वहंतस्स ॥६०॥**

सर्वेषां ग्रन्थानां त्यागो निरपेक्षभावनापूर्वम्।
पंचमव्रतमिति भणितं चारित्रभरं वहतः ॥६०॥

---

સુંદર કામિનીઓનાં મનોહર અંગના નિરીક્ષણ દ્વારા ઊપજતી કુતૂહલતાના—ચિત્તવાંછાના—પરિત્યાગથી, અથવા પુરુષવેદોદય નામનો જે નોકષાયનો તીવ્ર ઉદય તેને લીધે ઊપજતી મૈથુનસંજ્ઞાના પરિત્યાગસ્વરૂપ શુભ પરિણામથી, બ્રહ્મચર્યવ્રત હોય છે.

[હવે ૫૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

[શ્લોકાર્થ :—] કામિનીઓની જે શરીરવિભૂતિ તે વિભૂતિને, હે કામી પુરુષ ! જો તું મનમાં સ્મરે છે, તો મારા વચનથી તને શો લાભ થશે ? અહો ! આશ્ચર્ય થાય છે કે સહજ પરમતત્ત્વને—નિજ સ્વરૂપને—છોડીને તું શા કારણે વિપુલ મોહને પામે છે ! ૭૯.

**નિરપેક્ષ ભાવન સહિત સર્વ પરિગ્રહોનો ત્યાગ જે,**
**તે જાણવું વ્રત પાંચમું ચારિત્રભર વહનારને. ૬૦.**

**અન્વયાર્થ :—[निरपेक्षभावनापूर्वम्]** [1]નિરપેક્ષ ભાવનાપૂર્વક (અર્થાત્ જે ભાવનામાં

---

૧. મુનિને મુનિત્વોચિત નિરપેક્ષ શુદ્ધ પરિણતિની સાથે વર્તતો જે (હઠ વગરનો) સર્વપરિગ્રહત્યાગસંબંધી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**इह हि पंचमव्रतस्वरूपमुक्तम्।**

**सकलपरिग्रहपरित्यागलक्षणनिजकारणपरमात्मस्वरूपावस्थितानां परमसंयमिनां परमजिनयोगीश्वराणां सदैव निश्चयव्यवहारात्मकचारुचारित्रभरं वहतां, बाह्याभ्यन्तरचतुर्विंशतिपरिग्रहपरित्याग एव परंपरया पंचमगतिहेतुभूतं पंचमव्रतमिति।**

**तथा चोक्तं समयसारे—**

---

પરની અપેક્ષા નથી એવી શુદ્ધ નિરાલંબન ભાવના સહિત) **[सर्वेषां ग्रन्थानां त्यागः]** સર્વ પરિગ્રહોનો ત્યાગ (સર્વપરિગ્રહત્યાગસંબંધી શુભભાવ) તે, **[चारित्रभरं वहतः]** [1]ચારિત્રભર વહનારને **[पंचमव्रतम् इति भणितम्]** પાંચમું વ્રત કહ્યું છે.

**ટીકા :**—અહીં (આ ગાથામાં) પાંચમા વ્રતનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે.

સકળ પરિગ્રહના પરિત્યાગસ્વરૂપ નિજ કારણપરમાત્માના સ્વરૂપમાં અવસ્થિત (સ્થિર રહેલા) પરમસંયમીઓને—પરમ જિનયોગીશ્વરોને—સદાય નિશ્ચયવ્યવહારાત્મક સુંદર ચારિત્રભર વહનારાઓને, બાહ્ય-અભ્યંતર ચોવીશ પ્રકારના પરિગ્રહનો પરિત્યાગ જ [2]પરંપરાએ પંચમગતિના હેતુભૂત એવું પાંચમું વ્રત છે.

એવી રીતે (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી સમયસારમાં (૨૦૮મી ગાથા દ્વારા) કહ્યું છે કે :—

---

શુભોપયોગ તે વ્યવહાર અપરિગ્રહવ્રત કહેવાય છે. શુદ્ધ પરિણતિ ન હોય ત્યાં શુભોપયોગ હઠ સહિત હોય છે; તે શુભોપયોગ તો વ્યવહાર-વ્રત પણ કહેવાતો નથી. [આ પાંચમા વ્રતની માફક અન્ય વ્રતોનું પણ સમજી લેવું.]

૧. ચારિત્રભર = ચારિત્રનો ભાર; ચારિત્રસમૂહ; ચારિત્રની અતિશયતા.

૨. શુભોપયોગરૂપ વ્યવહારવ્રત શુદ્ધોપયોગનો હેતુ છે અને શુદ્ધોપયોગ મોક્ષનો હેતુ છે એમ ગણીને અહીં ઉપચારથી વ્યવહારવ્રતને મોક્ષનો પરંપરાહેતુ કહેલ છે. ખરેખર તો શુભોપયોગી મુનિને મુનિયોગ્ય શુદ્ધપરિણતિ જ (શુદ્ધાત્મદ્રવ્યને અવલંબતી હોવાથી) વિશેષ શુદ્ધિરૂપ શુદ્ધોપયોગનો હેતુ થાય છે અને તે શુદ્ધોપયોગ મોક્ષનો હેતુ થાય છે. આ રીતે આ શુદ્ધપરિણતિમાં રહેલા મોક્ષના પરંપરાહેતુપણાનો આરોપ તેની સાથે રહેલા શુભોપયોગમાં કરીને વ્યવહારવ્રતને મોક્ષનો પરંપરાહેતુ કહેવામાં આવે છે. જ્યાં શુદ્ધપરિણતિ જ ન હોય ત્યાં વર્તતા શુભોપયોગમાં મોક્ષના પરંપરાહેતુપણાનો આરોપ પણ કરી શકાતો નથી, કેમ કે જ્યાં મોક્ષનો યથાર્થ પરંપરાહેતુ પ્રગટ્યો જ નથી—વિદ્યમાન જ નથી ત્યાં શુભોપયોગમાં આરોપ કોનો કરવો?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



"मज्झं परिग्गहो जदि तदो अहमजीवदं तु गच्छेज्ज।
णादेव अहं जम्हा तम्हा ण परिग्गहो मज्झ॥"

तथा हि—

(हरिणी)

त्यजतु भवभीरुत्वाद्भव्यः परिग्रहविग्रहं
निरुपमसुखावासप्राप्त्यै करोतु निजात्मनि।
स्थितिमविचलां शर्माकारां जगज्जनदुर्लभां
न च भवति महच्चित्रं चित्रं सतामसतामिदम्॥८०॥

**पासुगमग्गेण दिवा अवलोगंतो जुगप्पमाणं हि।**
**गच्छइ पुरदो समणो इरियासमिदी हवे तस्स॥६१॥**

**प्रासुकमार्गेण दिवा अवलोकयन् युगप्रमाणं खलु।**
**गच्छति पुरतः श्रमणः ईर्यासमितिर्भवेत्तस्य॥६१॥**

---

"[**ગાથાર્થ** :—] જો પરદ્રવ્ય-પરિગ્રહ મારો હોય તો હું અજીવપણાને પામું. હું તો જ્ઞાતા જ છું તેથી (પરદ્રવ્યરૂપ) પરિગ્રહ મારો નથી."

વળી (૬૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—

[**શ્લોકાર્થ** :—] ભવ્ય જીવ ભવભીરુપણાને લીધે પરિગ્રહવિસ્તારને છોડો અને નિરુપમ સુખના *આવાસની પ્રાપ્તિ અર્થે નિજ આત્મામાં અવિચળ, સુખાકાર (સુખમયી) તથા જગતજનોને દુર્લભ એવી સ્થિતિ (સ્થિરતા) કરો. અને આ (નિજાત્મામાં અચળ સુખાત્મક સ્થિતિ કરવાનું કાર્ય) સત્પુરુષોને કાંઈ મહા આશ્ચર્યની વાત નથી, અસત્પુરુષોને આશ્ચર્યની વાત છે. ૮૦.

**અવલોકી માર્ગ ધુરાપ્રમાણ કરે ગમન મુનિરાજ જે**
**દિવસે જ પ્રાસુક માર્ગમાં, ઈર્યાસમિતિ તેહને. ૬૧.**

**અન્વયાર્થ** :—[**श्रमणः**] જે શ્રમણ [**प्रासुकमार्गेण**] પ્રાસુક માર્ગે [**दिवा**] દિવસે [**युगप्रमाणं**] ધુરાપ્રમાણ [**पुरतः**] આગળ [**खलु अवलोकयन्**] જોઈને [**गच्छति**] ચાલે છે,

★ આવાસ = નિવાસસ્થાન; ઘર; રહેઠાણ; આયતન.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**अत्रेर्यासमितिस्वरूपमुक्तम्।**

**यः परमसंयमी गुरुदेवयात्रादिप्रशस्तप्रयोजनमुद्दिश्यैकयुगप्रमाणं मार्गम् अवलोकयन् स्थावरजंगमप्राणिपरिरक्षार्थं दिवैव गच्छति, तस्य खलु परमश्रमणस्येर्यासमितिर्भवति। व्यवहारसमितिस्वरूपमुक्तम्। इदानीं निश्चयसमितिस्वरूपमुच्यते। अभेदानुपचाररत्नत्रयमार्गेण परमधर्मिणमात्मानं सम्यग् इता परिणतिः समितिः। अथवा निजपरमतत्त्वनिरतसहज-परमबोधादिपरमधर्माणां संहतिः समितिः। इति निश्चयव्यवहारसमितिभेदं बुद्ध्वा तत्र परमनिश्चयसमितिमुपयातु भव्य इति।**

---

[**तस्य**] તેને [**ईर्यासमितिः**] ઈર્યાસમિતિ [**भवेत्**] હોય છે.

**ટીકા** :—અહીં (આ ગાથામાં) ઈર્યાસમિતિનું સ્વરૂપ કહ્યું છે.

જે *પરમસંયમી ગુરુયાત્રા (ગુરુ પાસે જવું), દેવયાત્રા (દેવ પાસે જવું) વગેરે પ્રશસ્ત પ્રયોજનનો ઉદ્દેશ રાખીને એક ધોંસરા જેટલો માર્ગ જોતો જોતો સ્થાવર તથા જંગમ પ્રાણીઓની પરિરક્ષા (સમસ્ત પ્રકારે રક્ષા) અર્થે દિવસે જ ચાલે છે, તે પરમશ્રમણને ઈર્યાસમિતિ હોય છે. (આ પ્રમાણે) વ્યવહારસમિતિનું સ્વરૂપ કહેવામાં આવ્યું.

હવે નિશ્ચયસમિતિનું સ્વરૂપ કહેવામાં આવે છે : અભેદ-અનુપચાર-રત્નત્રયરૂપી માર્ગે પરમધર્મી એવા (પોતાના) આત્મા પ્રત્યે સમ્યક્ 'ઇતિ' (-ગતિ) અર્થાત્ પરિણતિ તે સમિતિ છે; અથવા, નિજ પરમતત્ત્વમાં લીન સહજ પરમજ્ઞાનાદિક પરમધર્મોની સંહતિ (-મિલન, સંગઠન) તે સમિતિ છે.

આ પ્રમાણે નિશ્ચય અને વ્યવહારરૂપ સમિતિભેદો જાણીને તેમાં (-તે બેમાંથી) પરમનિશ્ચયસમિતિને ભવ્ય જીવ પ્રાપ્ત કરો.

[હવે ૬૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ચાર શ્લોક કહે છે :]

---

★ પરમસંયમી મુનિને (અર્થાત્ મુનિયોગ્ય શુદ્ધપરિણતિવાળા મુનિને) શુદ્ધપરિણતિની સાથે વર્તતો જે (હઠ વગરનો) ઈર્યાસંબંધી (-ગમનસંબંધી, ચાલવાસંબંધી) શુભોપયોગ તે વ્યવહાર ઈર્યાસમિતિ છે. શુદ્ધપરિણતિ ન હોય ત્યાં શુભોપયોગ હઠ સહિત હોય છે; તે શુભોપયોગ તો વ્યવહાર સમિતિ પણ કહેવાતો નથી. [આ ઈર્યાસમિતિની માફક અન્ય સમિતિઓનું પણ સમજી લેવું.]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

(मन्दाक्रांता)

इत्थं बुद्ध्वा परमसमितिं मुक्तिकान्तासखीं यो
मुक्त्वा संगं भवभयकरं हेमरामात्मकं च।
स्थित्वाऽपूर्वे सहजविलसच्चिच्चमत्कारमात्रे
भेदाभावे समयति च यः सर्वदा मुक्त एव॥८१॥

(मालिनी)

जयति समितिरेषा शीलमूलं मुनीनां
त्रसहतिपरिदूरा स्थावराणां हतेर्वा।
भवदवपरितापक्लेशजीमूतमाला
सकलसुकृतसीत्यानीकसन्तोषदायी ॥८२॥

(मालिनी)

नियतमिह जनानां जन्म जन्मार्णवेऽस्मिन्
समितिविरहितानां कामरोगातुराणाम्।
मुनिप कुरु ततस्त्वं त्वन्मनोगेहमध्ये
ह्यपवरकममुष्याश्चारुयोषित्सुमुक्तेः ॥८३॥

---

**[શ્લોકાર્થ :—]** આ રીતે મુક્તિકાન્તાની (મુક્તિસુંદરીની) સખી પરમસમિતિને જાણીને જે જીવ ભવભયના કરનારા કંચનકામિનીના સંગને છોડીને, અપૂર્વ, સહજ-વિલસતા (સ્વભાવથી પ્રકાશતા), અભેદ ચૈતન્યચમત્કારમાત્રમાં સ્થિત રહી (તેમાં) સમ્યક્ 'ઇતિ' (-ગતિ) કરે છે અર્થાત્ સમ્યક્‌પણે પરિણમે છે, તે સર્વદા મુક્ત જ છે. ૮૧.

**[શ્લોકાર્થ :—]** જે (સમિતિ) મુનિઓને શીલનું (-ચારિત્રનું) મૂળ છે, જે ત્રસ જીવોના ઘાતથી તેમ જ સ્થાવર જીવોના ઘાતથી સમસ્ત પ્રકારે દૂર છે, જે ભવદાવાનળના પરિતાપરૂપી ક્લેશને શાંત કરનારી તથા સમસ્ત સુકૃતરૂપી ધાન્યના રાશિને (પોષણ આપીને) સંતોષ દેનારી મેઘમાળા છે, તે આ સમિતિ જયવંત છે. ૮૨.

**[શ્લોકાર્થ :—]** અહીં (વિશ્વમાં) એ નક્કી છે કે આ જન્માર્ણવમાં (ભવસાગરમાં) સમિતિરહિત કામરોગાતુર (-ઇચ્છારૂપી રોગથી પીડિત) જનોનો જન્મ થાય છે. તેથી હે મુનિ ! તું તારા મનરૂપી ઘરમાં આ સુમુક્તિરૂપી સુંદર સ્ત્રી માટે નિવાસગૃહ (ઓરડો) રાખ (અર્થાત્ તું મુક્તિનું ચિંતવન કર). ૮૩.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(आर्या)

**निश्चयरूपां समितिं सूते यदि मुक्तिभाग्भवेन्मोक्षः।**
**वत न च लभतेऽपायात् संसारमहार्णवे भ्रमति ॥८४॥**

**पेसुण्णहासकक्कसपरणिंदप्पप्पसंसियं वयणं।**
**परिचत्ता सपरहिदं भासासमिदी वदंतस्स ॥६२॥**

**पैशून्यहास्यकर्कशपरनिन्दात्मप्रशंसितं वचनम्।**
**परित्यज्य स्वपरहितं भाषासमितिर्वदतः ॥६२॥**

**अत्र भाषासमितिस्वरूपमुक्तम्।**

**कर्णेजपमुखविनिर्गतं नृपतिकर्णाभ्यर्णगतं चैकपुरुषस्य एककुटुम्बस्य एकग्रामस्य वा महद्विपत्कारणं वचः पैशून्यम्। क्वचित् कदाचित् किंचित् परजनविकाररूपमवलोक्य त्वाकर्ण्य च हास्याभिधाननोकषायसमुपजनितम् ईषच्छुभमिश्रितमप्यशुभकर्मकारणं**

---

[**શ્લોકાર્થ** :—] જો જીવ નિશ્ચયરૂપ સમિતિને ઉત્પન્ન કરે, તો તે મુક્તિને પામે છે—મોક્ષરૂપ થાય છે. પરંતુ સમિતિના નાશથી (-અભાવથી), અરેરે ! તે મોક્ષ પામતો નથી, પણ સંસારરૂપી મહાસાગરમાં ભમે છે. ૮૪.

**નિજસ્તવન, પરનિંદા, પિશુનતા, હાસ્ય, કર્કશ વચનને**
**છોડી સ્વપરહિત જે વદે, ભાષાસમિતિ તેહને. ૬૨.**

**અન્વયાર્થ** :—[**पैशून्यहास्यकर्कशपरनिन्दात्मप्रशंसितं वचनम्**] પૈશૂન્ય (ચાડી), હાસ્ય, કર્કશ ભાષા, પરનિંદા અને આત્મપ્રશંસારૂપ વચનો [**परित्यज्य**] પરિત્યાગીને [**स्वपरहितं वदतः**] જે સ્વપરહિતરૂપ વચનો બોલે છે, તેને [**भाषासमितिः**] ભાષાસમિતિ હોય છે.

**ટીકા** :—અહીં ભાષાસમિતિનું સ્વરૂપ કહ્યું છે.

ચાડીખોર માણસના મુખમાંથી નીકળેલાં અને રાજાના કાનની નિકટ પહોંચેલાં, કોઈ એક પુરુષ, કોઈ એક કુટુંબ કે કોઈ એક ગામને મહા વિપત્તિના કારણભૂત એવાં વચનો તે પૈશૂન્ય છે. ક્યાંક ક્યારેક કાંઈક પરજનોના વિકૃત રૂપને અવલોકીને અથવા સાંભળીને હાસ્ય નામના નોકષાયથી ઉત્પન્ન થતું, જરાક શુભ સાથે મિશ્રિત હોવા છતાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



पुरुषमुखविकारगतं हास्यकर्म। कर्णशष्कुलीविवराभ्यर्णगोचरमात्रेण परेषामप्रीतिजननं हि कर्कशवचः। परेषां भूताभूतदूषणपुरस्सरवाक्यं परनिन्दा। स्वस्य भूताभूतगुणस्तुतिरात्मप्रशंसा। एतत्सर्वमप्रशस्तवचः परित्यज्य स्वस्य च परस्य च शुभशुद्धपरिणतिकारणं वचो भाषासमितिरिति।

तथा चोक्तं श्रीगुणभद्रस्वामिभिः—

(मालिनी)

''समधिगतसमस्ताः सर्वसावद्यदूराः
स्वहितनिहितचित्ताः शांतसर्वप्रचाराः।
स्वपरसफलजल्पाः सर्वसंकल्पमुक्ताः
कथमिह न विमुक्तेर्भाजनं ते विमुक्ताः॥''

तथा च—

---

અશુભ કર્મનું કારણ, પુરુષના મુખના વિકાર સાથે સંબંધવાળું, તે હાસ્યકર્મ છે. કાનના છિદ્રની નજીક પહોંચવામાત્રથી જે બીજાઓને અપ્રીતિ ઉપજાવે છે તે કર્કશ વચનો છે. બીજાનાં વિદ્યમાન-અવિદ્યમાન દૂષણપૂર્વકનાં વચનો (અર્થાત્ પરના સાચા તેમ જ જૂઠા દોષો કહેનારાં વચનો) તે પરનિંદા છે. પોતાના વિદ્યમાન-અવિદ્યમાન ગુણોની સ્તુતિ તે આત્મપ્રશંસા છે.—આ બધાં અપ્રશસ્ત વચનો પરિત્યાગીને સ્વ તેમ જ પરને શુભ અને શુદ્ધ પરિણતિના કારણભૂત વચનો તે ભાષાસમિતિ છે.

એવી રીતે (આચાર્યવર) શ્રી ગુણભદ્રસ્વામીએ (આત્માનુશાસનમાં ૨૨૬મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

''[**શ્લોકાર્થ :—**] જેમણે બધું (વસ્તુસ્વરૂપ) જાણી લીધું છે, જેઓ સર્વ સાવદ્યથી દૂર છે, જેમણે સ્વહિતમાં ચિત્તને સ્થાપ્યું છે, જેમને સર્વ ★પ્રચાર શાંત થયો છે, જેમની ભાષા સ્વપરને સફળ (હિતરૂપ) છે, જેઓ સર્વ સંકલ્પ રહિત છે, તે વિમુક્ત પુરુષો આ લોકમાં વિમુક્તિનું ભાજન કેમ ન હોય? (અર્થાત્ આવા મુનિજનો અવશ્ય મોક્ષનાં પાત્ર છે.)''

વળી (૬૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—

---

★ પ્રચાર = વહીવટ; કામ માથે લેવું તે; આરંભ; બાહ્ય પ્રવૃત્તિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(अनुष्टुभ्)

परब्रह्मण्यनुष्ठाननिरतानां मनीषिणाम्।
अन्तरैरप्यलं जल्पैः बहिर्जल्पैश्च किं पुनः ॥८५॥

**कदकारिदाणुमोदणरहिदं तह पासुगं पसत्थं च।**
**दिण्णं परेण भत्तं समभुत्ती एसणासमिदी ॥६३॥**

कृतकारितानुमोदनरहितं तथा प्रासुकं प्रशस्तं च।
दत्तं परेण भक्तं संभुक्तिः एषणासमितिः ॥६३॥

अत्रैषणासमितिस्वरूपमुक्तम्। तद्यथा—

मनोवाक्कायानां प्रत्येकं कृतकारितानुमोदनैः कृत्वा नव विकल्पा भवन्ति, न तैः संयुक्तमन्नं नवकोटिविशुद्धमित्युक्तम्; अतिप्रशस्तं मनोहरम्; हरितकायात्मकसूक्ष्मप्राणि-

---

[શ્લોકાર્થ :—] પરબ્રહ્મના અનુષ્ઠાનમાં નિરત (અર્થાત્ પરમાત્માના આચરણમાં લીન) એવા ડાહ્યા પુરુષોને—મુનિજનોને અંતર્જલ્પથી (–વિકલ્પરૂપ અંતરંગ ઉત્થાનથી) પણ બસ થાઓ, બહિર્જલ્પની (–ભાષા બોલવાની) તો વાત જ શી? ૮૫.

અનુમનન-કૃત-કારિતવિહીન, પ્રશસ્ત, પ્રાસુક અશનને
–પરદત્તને મુનિ જે ગ્રહે, એષણસમિતિ તેહને. ૬૩.

**અન્વયાર્થ :**—[परेण दत्तं] પર વડે દેવામાં આવેલું, [कृतकारितानुमोदनरहितं] કૃત-કારિત-અનુમોદન રહિત, [तथा प्रासुकं] પ્રાસુક [प्रशस्तं च] અને *પ્રશસ્ત [भक्तं] ભોજન કરવારૂપ [संभुक्तिः] જે સમ્યક્ આહારગ્રહણ [एषणासमितिः] તે એષણાસમિતિ છે.

**ટીકા :**—અહીં એષણાસમિતિનું સ્વરૂપ કહ્યું છે. તે આ પ્રમાણે—

મન, વચન અને કાયામાંના પ્રત્યેકને કૃત, કારિત અને અનુમોદના સહિત ગણીને તેમના નવ ભેદો થાય છે; તેમનાથી સંયુક્ત અન્ન નવ કોટિએ વિશુદ્ધ નથી એમ (શાસ્ત્રમાં) કહ્યું છે; અતિપ્રશસ્ત એટલે મનોહર (અન્ન); હરિતકાયમય સૂક્ષ્મ પ્રાણીઓના

---

★ પ્રશસ્ત = સારું; શાસ્ત્રમાં પ્રશંસેલું; જે વ્યવહારે પ્રમાદાદિનું કે રોગાદિનું નિમિત્ત ન હોય એવું.

૧૬

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



संचारागोचरं प्रासुकमित्यभिहितम्; प्रतिग्रहोच्चस्थानपादक्षालनार्चनप्रणामयोगशुद्धिभिक्षाशुद्धिनामधेयैर्नवविधपुण्यैः प्रतिपत्तिं कृत्वा श्रद्धाशक्त्यलुब्धताभक्तिज्ञानदयाक्षमाऽभिधानसप्तगुणसमाहितेन शुद्धेन योग्याचारेणोपासकेन दत्तं भक्तं भुंजानः तिष्ठति यः परमतपोधनः तस्यैषणासमितिर्भवति। इति व्यवहारसमितिक्रमः। अथ निश्चयतो जीवस्याशनं नास्ति परमार्थतः, षट्प्रकारमशनं व्यवहारतः संसारिणामेव भवति।

तथा चोक्तं समयसारे (?)—

“णोकम्मकम्महारो लेप्पाहारो य कवलमाहारो।
उज्ज मणो वि य कमसो आहारो छव्विहो णेयो॥”

---

સંચારને અગોચર તે પ્રાસુક (અન્ન)—એમ (શાસ્ત્રમાં) કહ્યું છે. +પ્રતિગ્રહ, ઉચ્ચ સ્થાન, પાદપ્રક્ષાલન, અર્ચન, પ્રણામ, યોગશુદ્ધિ (મન-વચન-કાયાની શુદ્ધિ) અને ભિક્ષાશુદ્ધિ—એ નવવિધ પુણ્યથી (નવધા ભક્તિથી) આદર કરીને, શ્રદ્ધા, શક્તિ, અલુબ્ધતા, ભક્તિ, જ્ઞાન, દયા અને ક્ષમા—એ (દાતાના) સાત ગુણો સહિત શુદ્ધ યોગ્ય-આચારવાળા ઉપાસક વડે દેવામાં આવેલું (નવ કોટિએ શુદ્ધ, પ્રશસ્ત અને પ્રાસુક) ભોજન જે પરમ તપોધન લે છે, તેને એષણાસમિતિ હોય છે. આમ વ્યવહારસમિતિનો ક્રમ છે.

હવે નિશ્ચયથી એમ છે કે—જીવને પરમાર્થે અશન નથી; છ પ્રકારનું અશન વ્યવહારથી સંસારીઓને જ હોય છે.

એવી રીતે શ્રી ★સમયસારમાં (?) કહ્યું છે કે :—

“[**ગાથાર્થ :—**] નોકર્મ-આહાર, કર્મ-આહાર, લેપ-આહાર, કવલ-આહાર, ઓજ-આહાર અને મન-આહાર—એમ આહાર ક્રમશઃ છ પ્રકારનો જાણવો.”

---

\+ પ્રતિગ્રહ = ‘આહારપાણી શુદ્ધ છે, તિષ્ઠ, તિષ્ઠ, તિષ્ઠ, (-ઊભા રહો, ઊભા રહો, ઊભા રહો,)’ એમ કહીને આહારગ્રહણની વિનતિ કરવી તે; કૃપા કરવા માટે વિનતિ; આદરસન્માન. [આમ પ્રતિગ્રહ કરવામાં આવતાં, જો મુનિ કૃપા કરી ઊભા રહે તો દાતાના સાત ગુણોથી યુક્ત શ્રાવક તેમને પોતાના ઘરમાં લઈ જઈ, ઉચ્ચ સ્થાને બિરાજમાન કરી, પગ ધોઈને, પૂજન કરે છે અને પ્રણામ કરે છે. પછી મન-વચન-કાયાની શુદ્ધિપૂર્વક શુદ્ધ ભિક્ષા દે છે.]

★ અહીં ઉદ્ધૃત કરેલી ગાથા સમયસારમાં નથી પરંતુ પ્રવચનસારમાં (પ્રથમ અધિકારની ૨૦મી ગાથાની તાત્પર્યવૃત્તિ-ટીકામાં) અવતરણરૂપે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**अशुद्धजीवानां विभावधर्मं प्रति व्यवहारनयस्योदाहरणमिदम्।**

**इदानीं निश्चयस्योदाहृतिरुच्यते। तद्यथा—**

**''जस्स अणेसणमप्पा तं पि तवो तप्पडिच्छगा समणा।**
**अण्णं भिक्खमणेसणमध ते समणा अणाहारा॥''**

**तथा चोक्तं श्रीगुणभद्रस्वामिभिः—**

(मालिनी)

**''यमनियमनितान्तः शान्तबाह्यान्तरात्मा**
**परिणमितसमाधिः सर्वसत्त्वानुकम्पी।**
**विहितहितमिताशी क्लेशजालं समूलं**
**दहति निहतनिद्रो निश्चिताध्यात्मसारः॥''**

---

—અશુદ્ધ જીવોના વિભાવધર્મ વિષે વ્યવહારનયનું આ (અવતરણ કરેલી ગાથામાં) ઉદાહરણ છે.

હવે (શ્રી પ્રવચનસારની ૨૨૭મી ગાથા દ્વારા) નિશ્ચયનું ઉદાહરણ કહેવામાં આવે છે. તે આ પ્રમાણે:—

''[**ગાથાર્થ :—**] જેનો આત્મા એષણારહિત છે (અર્થાત્ જે અનશનસ્વભાવી આત્માને જાણતો હોવાને લીધે સ્વભાવથી આહારની ઇચ્છા રહિત છે) તેને તે પણ તપ છે; (વળી) તેને પ્રાપ્ત કરવા માટે (–અનશનસ્વભાવી આત્માને પરિપૂર્ણપણે પ્રાપ્ત કરવા માટે) પ્રયત્ન કરનારા એવા જે શ્રમણો તેમને અન્ય (–સ્વરૂપથી જુદી એવી) ભિક્ષા એષણા વિના (-એષણાદોષ રહિત) હોય છે; તેથી તે શ્રમણો અનાહારી છે.''

એવી રીતે (આચાર્યવર) શ્રી ગુણભદ્રસ્વામીએ (આત્માનુશાસનમાં ૨૨૫મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

''[**શ્લોકાર્થ :—**] જેણે અધ્યાત્મના સારનો નિશ્ચય કર્યો છે, જે અત્યંત યમનિયમ સહિત છે, જેનો આત્મા બહારથી અને અંદરથી શાંત થયો છે, જેને સમાધિ પરિણમી છે, જેને સર્વ જીવો પ્રત્યે અનુકંપા છે, જે વિહિત (–શાસ્ત્રાજ્ઞા મુજબનું)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तथा हि—

(शालिनी)

भुक्त्वा भक्तं भक्तहस्ताग्रदत्तं
ध्यात्वात्मानं पूर्णबोधप्रकाशम् ।
तप्त्वा चैवं सत्तपः सत्तपस्वी
प्राप्नोतीद्धां मुक्तिवारांगनां सः ।।८६।।

**पोत्थइकमंडलाइं गहणविसग्गेसु पयतपरिणामो।**
**आदावणणिक्खेवणसमिदी होदि त्ति णिद्दिट्ठा।।६४।।**

पुस्तककमण्डलादिग्रहणविसर्गयोः प्रयत्नपरिणामः ।
आदाननिक्षेपणसमितिर्भवतीति निर्दिष्टा ।।६४।।

अत्रादाननिक्षेपणसमितिस्वरूपमुक्तम् ।

---

*હિત-મિત ભોજન કરનાર છે, જેણે નિદ્રાનો નાશ કર્યો છે, તે (મુનિ) ક્લેશજાળને સમૂળગી બાળી નાખે છે.''

વળી (૬૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—

[**શ્લોકાર્થ :**—] ભક્તના હસ્તાગ્રથી (–હાથની આંગળીઓથી) દેવામાં આવેલું ભોજન લઈને, પૂર્ણ જ્ઞાનપ્રકાશવાળા આત્માનું ધ્યાન કરીને, એ રીતે સત્ તપને (-સમ્યક્ તપને) તપીને, તે સત્ તપસ્વી (–સાચો તપસ્વી) દેદીપ્યમાન મુક્તિવારાંગનાને (–મુક્તિરૂપી સ્ત્રીને) પ્રાપ્ત કરે છે. ૮૬.

**શાસ્ત્રાદિ ગ્રહતાં–મૂકતાં મુનિના પ્રયત પરિણામને**
**આદાનનિક્ષેપણ સમિતિ કહેલ છે આગમ વિષે. ૬૪.**

**અન્વયાર્થ :**—[**पुस्तककमण्डलादिग्रहणविसर्गयोः**] પુસ્તક, કમંડળ વગેરે લેવા-મૂકવા સંબંધી [**प्रयत्नपरिणामः**] પ્રયત્નપરિણામ તે [**आदाननिक्षेपणसमितिः**] આદાનનિક્ષેપણસમિતિ [**भवति**] છે [**इति निर्दिष्टा**] એમ કહ્યું છે.

**ટીકા :**—અહીં આદાનનિક્ષેપણસમિતિનું સ્વરૂપ કહ્યું છે.

---

★ હિત-મિત = હિતકર અને માપસર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अपहृतसंयमिनां संयमज्ञानाद्युपकरणग्रहणविसर्गसमयसमुद्भवसमितिप्रकारोक्तिरियम्। उपेक्षासंयमिनां न पुस्तककमण्डलुप्रभृतयः, अतस्ते परमजिनमुनयः एकान्ततो निस्पृहाः, अत एव बाह्योपकरणनिर्मुक्ताः। अभ्यन्तरोपकरणं निजपरमतत्त्वप्रकाशदक्षं निरुपाधिस्वरूपसहज-ज्ञानमन्तरेण न किमप्युपादेयमस्ति। अपहृतसंयमधराणां परमागमार्थस्य पुनः पुनः प्रत्यभिज्ञानकारणं पुस्तकं ज्ञानोपकरणमिति यावत्, शौचोपकरणं च कायविशुद्धिहेतुः कमण्डलुः, संयमोपकरणहेतुः पिच्छः। एतेषां ग्रहणविसर्गयोः समयसमुद्भवप्रयत्नपरिणाम-विशुद्धिरेव हि आदाननिक्षेपणसमितिरिति निर्दिष्टेति।

(मालिनी)

समितिषु समितीयं राजते सोत्तमानां
परमजिनमुनीनां संहतौ क्षांतिमैत्री।
त्वमपि कुरु मनःपंकेरुहे भव्य नित्यं
भवसि हि परमश्रीकामिनीकांतकांतः ॥८७॥

---

આ, [1]અપહૃતસંયમીઓને સંયમજ્ઞાનાદિકના ઉપકરણો લેતી-મૂકતી વખતે ઉત્પન્ન થતી સમિતિનો પ્રકાર કહ્યો છે. [2]ઉપેક્ષાસંયમીઓને પુસ્તક, કમંડળ વગેરે હોતાં નથી; તે પરમજિનમુનિઓ એકાંતે (-સર્વથા) નિસ્પૃહ હોય છે તેથી જ તેઓ બાહ્ય ઉપકરણ રહિત હોય છે. અભ્યંતર ઉપકરણભૂત, નિજ પરમતત્ત્વને પ્રકાશવામાં ચતુર એવું જે નિરુપાધિસ્વરૂપ સહજ જ્ઞાન તેના સિવાય બીજું કંઈ તેમને ઉપાદેય નથી. અપહૃતસંયમધરોને પરમાગમના અર્થનું ફરીફરીને પ્રત્યભિજ્ઞાન થવામાં કારણભૂત એવું પુસ્તક તે જ્ઞાનનું ઉપકરણ છે; શૌચનું ઉપકરણ કાયવિશુદ્ધિના હેતુભૂત કમંડળ છે; સંયમનું ઉપકરણ—હેતુ પીંછી છે. આ ઉપકરણોને લેતી-મૂકતી વખતે ઉદ્‌ભવતી પ્રયત્નપરિણામરૂપ વિશુદ્ધિ તે જ આદાનનિક્ષેપણસમિતિ છે એમ (શાસ્ત્રમાં) કહ્યું છે.

[હવે ૬૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** ઉત્તમ પરમજિનમુનિઓની આ સમિતિ સમિતિઓમાં શોભે છે.

---

૧. અપહૃતસંયમી = અપહૃતસંયમવાળા મુનિ. [અપવાદ, વ્યવહારનય, એકદેશપરિત્યાગ, અપહૃતસંયમ (હીણો-ઓછપવાળો સંયમ), સરાગચારિત્ર અને શુભોપયોગ—એ બધાં એકાર્થ છે.]

૨. ઉપેક્ષાસંયમી = ઉપેક્ષાસંયમવાળા મુનિ. [ઉત્સર્ગ, નિશ્ચયનય, સર્વપરિત્યાગ, ઉપેક્ષાસંયમ, વીતરાગ-ચારિત્ર અને શુદ્ધોપયોગ—એ બધાં એકાર્થ છે.]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**पासुगभूमिपदेसे गूढे रहिए परोपरोहेण।**
**उच्चारादिच्चागो पइट्ठासमिदी हवे तस्स॥६५॥**

**प्रासुकभूमिप्रदेशे गूढे रहिते परोपरोधेन।**
**उच्चारादित्यागः प्रतिष्ठासमितिर्भवेत्तस्य॥६५॥**

मुनीनां कायमलादित्यागस्थानशुद्धिकथनमिदम्।

शुद्धनिश्चयतो जीवस्य देहाभावान्न चान्नग्रहणपरिणतिः। व्यवहारतो देहः विद्यते; तस्यैव हि देहे सति ह्याहारग्रहणं भवति; आहारग्रहणान्मलमूत्रादयः संभवन्त्येव। अत एव संयमिनां मलमूत्रविसर्गस्थानं निर्जन्तुकं परेषामुपरोधेन विरहितम्। तत्र स्थाने शरीरधर्मं कृत्वा पश्चात्तस्मात्स्थानादुत्तरेण कतिचित् पदानि गत्वा ह्युदङ्मुखः स्थित्वा

---

તેના સંગમાં ક્ષાંતિ અને મૈત્રી હોય છે (અર્થાત્ આ સમિતિયુક્ત મુનિને ધીરજ–સહનશીલતા–ક્ષમા અને મૈત્રીભાવ હોય છે). હે ભવ્ય! તું પણ મન-કમળમાં સદા તે સમિતિ ધારણ કર, કે જેથી તું પરમશ્રીરૂપી કામિનીનો પ્રિય કાન્ત થઈશ (અર્થાત્ મુક્તિલક્ષ્મીને વરીશ). ૮૭.

**જે ભૂમિ પ્રાસુક, ગૂઢ ને ઉપરોધ જ્યાં પરનો નહીં,**
**મળત્યાગ ત્યાં કરનારને સમિતિ પ્રતિષ્ઠાપન તણી. ૬૫.**

**અન્વયાર્થ :—**[परोपरोधेन रहिते] જેને પરના ઉપરોધ વિનાના (–બીજાથી રોકવામાં ન આવે એવા), [गूढे] ગૂઢ અને [प्रासुकभूमिप्रदेशे] પ્રાસુક ભૂમિપ્રદેશમાં [उच्चारादित्यागः] મળાદિનો ત્યાગ હોય, [तस्य] તેને [प्रतिष्ठासमितिः] પ્રતિષ્ઠાપન સમિતિ [भवेत्] હોય છે.

**ટીકા :—**આ, મુનિઓને કાયમળાદિત્યાગના સ્થાનની શુદ્ધિનું કથન છે.

શુદ્ધનિશ્ચયથી જીવને દેહનો અભાવ હોવાથી અન્નગ્રહણરૂપ પરિણતિ નથી. વ્યવહારથી (જીવને) દેહ છે; તેથી તેને જ દેહ હોતાં આહારગ્રહણ છે; આહારગ્રહણને લીધે મળમૂત્રાદિક સંભવે છે જ. તેથી જ સંયમીઓને મળમૂત્રાદિકના ઉત્સર્ગનું (–ત્યાગનું) સ્થાન જંતુરહિત અને પરના ઉપરોધ રહિત હોય છે. તે સ્થાને શરીરધર્મ કરીને પછી જે પરમસંયમી તે સ્થાનથી ઉત્તર દિશામાં કેટલાંક પગલાં જઈને ઉત્તરમુખે ઊભા રહીને,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**चोत्सृज्य कायकर्माणि संसारकारणं परिणामं मनश्च संसृतेर्निमित्तं, स्वात्मानमव्यग्रो भूत्वा ध्यायति यः परमसंयमी मुहुर्मुहुः कलेवरस्याप्यशुचित्वं वा परिभावयति, तस्य खलु प्रतिष्ठापनसमितिरिति। नान्येषां स्वैरवृत्तीनां यतिनामधारिणां काचित् समितिरिति।**

(मालिनी)

**समितिरिह यतीनां मुक्तिसाम्राज्यमूलं**
**जिनमतकुशलानां स्वात्मचिंतापराणाम्।**
**मधुसखनिशितास्त्रव्रातसंभिन्नचेतः**
**सहितमुनिगणानां नैव सा गोचरा स्यात्॥८८॥**

(हरिणी)

**समितिसमितिं बुद्ध्वा मुक्त्यङ्गनाभिमतामिमां**
**भवभवभयध्वान्तप्रध्वंसपूर्णशशिप्रभाम्।**
**मुनिप तव सद्दीक्षाकान्तासखीमधुना मुदा**
**जिनमततपःसिद्धं यायाः फलं किमपि ध्रुवम्॥८९॥**

---

કાયકર્મોનો (–શરીરની ક્રિયાઓનો), સંસારના કારણભૂત હોય એવા પરિણામનો તથા સંસારના નિમિત્તભૂત મનનો ઉત્સર્ગ કરીને, નિજ આત્માને અવ્યગ્ર (–એકાગ્ર) થઈને ધ્યાવે છે અથવા ફરીફરીને કલેવરનું (–શરીરનું) પણ અશુચિપણું સર્વ તરફથી ભાવે છે, તેને ખરેખર પ્રતિષ્ઠાપનસમિતિ હોય છે. બીજા સ્વચ્છંદવૃત્તિવાળા યતિનામધારીઓને કોઈ સમિતિ હોતી નથી.

[હવે ૬૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ત્રણ શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** જિનમતમાં કુશળ અને સ્વાત્મચિંતનમાં પરાયણ એવા યતિઓને આ સમિતિ મુક્તિસામ્રાજ્યનું મૂળ છે. કામદેવના તીક્ષ્ણ અસ્ત્રસમૂહથી ભેદાયેલા હૃદયવાળા મુનિગણોને તે (સમિતિ) ગોચર નથી જ હોતી. ૮૮.

**[શ્લોકાર્થ :—]** હે મુનિ! સમિતિઓમાંની આ સમિતિને—કે જે મુક્તિરૂપી સ્ત્રીને વહાલી છે, જે ભવભવના ભયરૂપી અંધકારને નષ્ટ કરવા માટે પૂર્ણ ચંદ્રની પ્રભા સમાન છે તથા તારી સત્-દીક્ષારૂપી કાન્તાની (–સાચી દીક્ષારૂપી પ્રિય સ્ત્રીની) સખી છે તેને—હવે પ્રમોદથી જાણીને, જિનમતકથિત તપથી સિદ્ધ થતા એવા કોઈ (અનુપમ) ધ્રુવ ફળને તું પામીશ. ૮૯.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(द्रुतविलंबित)

समितिसंहतितः फलमुत्तमं
सपदि याति मुनिः परमार्थतः ।
न च मनोवचसामपि गोचरं
किमपि केवलसौख्यसुधामयम् ॥९०॥

**कालुस्समोहसण्णारागद्दोसाइअसुहभावाणं ।**
**परिहारो मणुगुत्ती ववहारणयेण परिकहियं ॥६६॥**

कालुष्यमोहसंज्ञारागद्वेषाद्यशुभभावनाम् ।
परिहारो मनोगुप्तिः व्यवहारनयेन परिकथिता ॥६६॥

व्यवहारमनोगुप्तिस्वरूपाख्यानमेतत् ।

क्रोधमानमायालोभाभिधानैश्चतुर्भिः कषायैः क्षुभितं चित्तं कालुष्यम्। मोहो

---

[શ્લોકાર્થ :—] સમિતિની સંગતિ દ્વારા ખરેખર મુનિ મન-વાણીને પણ અગોચર (-મનથી અચિંત્ય અને વાણીથી અકથ્ય) એવું કોઈ કેવળસુખામૃતમય ઉત્તમ ફળ શીઘ્ર પામે છે. ૯૦.

**કાલુષ્ય, સંજ્ઞા, મોહ, રાગ, દ્વેષ આદિ અશુભના**
**પરિહારને મનગુપ્તિ છે ભાખેલ નય વ્યવહારમાં. ૬૬.**

**અન્વયાર્થ :**—[कालुष्यमोहसंज्ञारागद्वेषाद्यशुभभावानाम्] કલુષતા, મોહ, સંજ્ઞા, રાગ, દ્વેષ વગેરે અશુભ ભાવોના [परिहारः] પરિહારને [व्यवहारनयेन] વ્યવહારનયથી [मनोगुप्तिः] મનોગુપ્તિ [परिकथिता] કહેલ છે.

**ટીકા :**—આ, વ્યવહાર *મનોગુપ્તિના સ્વરૂપનું કથન છે.

ક્રોધ, માન, માયા અને લોભ નામના ચાર કષાયોથી ક્ષુબ્ધ થયેલું ચિત્ત તે કલુષતા

---

★ મુનિને મુનિત્વોચિત શુદ્ધપરિણતિની સાથે વર્તતો જે (હઠ વગરનો) મન-આશ્રિત, વચન-આશ્રિત કે કાય-આશ્રિત શુભોપયોગ તેને વ્યવહાર ગુપ્તિ કહેવામાં આવે છે, કારણ કે શુભોપયોગમાં મન, વચન કે કાય સાથે અશુભોપયોગરૂપ જોડાણ નથી. શુદ્ધપરિણતિ ન હોય ત્યાં શુભોપયોગ હઠ સહિત હોય છે. તે શુભોપયોગ તો વ્યવહારગુપ્તિ પણ કહેવાતો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



दर्शनचारित्रभेदाद् द्विधा। संज्ञा आहारभयमैथुनपरिग्रहाणां भेदाच्चतुर्धा। रागः प्रशस्ताप्रशस्तभेदेन द्विविधः। असह्यजनेषु वापि चासह्यपदार्थसार्थेषु वा वैरस्य परिणामो द्वेषः। इत्याद्यशुभपरिणामप्रत्ययानां परिहार एव व्यवहारनयाभिप्रायेण मनोगुप्तिरिति।

(वसंततिलका)

गुप्तिर्भविष्यति सदा परमागमार्थ-
चिंतासनाथमनसो विजितेन्द्रियस्य।
बाह्यान्तरङ्गपरिषङ्गविवर्जितस्य
श्रीमज्जिनेन्द्रचरणस्मरणान्वितस्य ॥९१॥

**थीराजचोरभत्तकहादिवयणस्स पावहेउस्स।**
**परिहारो वयगुत्ती अलियादिणियत्तिवयणं वा ॥६७॥**

---

છે. દર્શનમોહ અને ચારિત્રમોહ એવા (બે) ભેદોને લીધે મોહ બે પ્રકારે છે. આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞા એવા (ચાર) ભેદોને લીધે સંજ્ઞા ચાર પ્રકારે છે. પ્રશસ્ત રાગ અને અપ્રશસ્ત રાગ એવા (બે) ભેદને લીધે રાગ બે પ્રકારનો છે. અસહ્ય જનો પ્રત્યે અથવા અસહ્ય પદાર્થસમૂહો પ્રત્યે વૈરનો પરિણામ તે દ્વેષ છે.—ઇત્યાદિ *અશુભપરિણામપ્રત્યયોનો પરિહાર જ (અર્થાત્ અશુભપરિણામરૂપ ભાવપાપાસ્રવોનો ત્યાગ જ) વ્યવહારનયના અભિપ્રાયથી મનોગુપ્તિ છે.

[હવે ૬૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** જેનું મન પરમાગમના અર્થોના ચિંતનયુક્ત છે, જે વિજિતેંદ્રિય છે (અર્થાત્ જેણે ઇન્દ્રિયોને વિશેષપણે જીતી છે), જે બાહ્ય તેમ જ અભ્યંતર સંગ રહિત છે અને જે શ્રીજિનેંદ્રચરણના સ્મરણથી સંયુક્ત છે, તેને સદા ગુપ્તિ હોય છે. ૯૧.

**સ્ત્રી-રાજ-ભોજન-ચોરકથની હેતુ છે જે પાપની**
**તસુ ત્યાગ, વા અલીકાદિનો જે ત્યાગ, ગુપ્તિ વચનની. ૬૭.**

---

★ પ્રત્યયો = આસ્રવો; કારણો. (સંસારનાં કારણોથી આત્માનું ગોપન-રક્ષણ કરવું તે ગુપ્તિ છે. ભાવપાપાસ્રવો તેમ જ ભાવપુણ્યાસ્રવો સંસારનાં કારણો છે.)



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



स्त्रीराजचौरभक्तकथादिवचनस्य पापहेतोः।
परिहारो वाग्गुप्तिरलीकादिनिवृत्तिवचनं वा॥६७॥

इह वाग्गुप्तिस्वरूपमुक्तम्।

अतिप्रवृद्धकामैः कामुकजनैः स्त्रीणां संयोगविप्रलंभजनितविविधवचनरचना कर्तव्या श्रोतव्या च सैव स्त्रीकथा। राज्ञां युद्धहेतूपन्यासो राजकथाप्रपंचः। चौराणां चौरप्रयोगकथनं चौरकथाविधानम्। अतिप्रवृद्धभोजनप्रीत्या विचित्रमंडकावलीखंडदधिखंडसिताशनपानप्रशंसा भक्तकथा। आसामपि कथानां परिहारो वाग्गुप्तिः। अलीकनिवृत्तिश्च वाग्गुप्तिः। अन्येषां अप्रशस्तवचसां निवृत्तिरेव वा वाग्गुप्तिः इति।

तथा चोक्तं श्रीपूज्यपादस्वामिभिः—

---

**અન્વયાર્થ :**—[पापहेतोः] પાપનાં હેતુભૂત એવાં [स्त्रीराजचौरभक्तकथादिवचनस्य] સ્ત્રીકથા, રાજકથા, ચોરકથા, ભક્તકથા ઈત્યાદિરૂપ વચનોનો [परिहारः] પરિહાર [वा] અથવા [अलीकादिनिवृत्तिवचनं] અસત્યાદિકની નિવૃત્તિવાળાં વચનો [वाग्गुप्तिः] તે વચનગુપ્તિ છે.

**ટીકા :**—અહીં વચનગુપ્તિનું સ્વરૂપ કહ્યું છે.

જેમને કામ અતિ વૃદ્ધિ પામ્યો હોય એવા કામી જનો વડે કરવામાં આવતી અને સાંભળવામાં આવતી એવી જે સ્ત્રીઓની સંયોગવિયોગજનિત વિવિધ વચનરચના (–સ્ત્રીઓ સંબંધી વાત) તે જ સ્ત્રીકથા છે; રાજાઓનું યુદ્ધહેતુક કથન (અર્થાત્ રાજાઓ વડે કરવામાં આવતાં યુદ્ધાદિકનું કથન) તે રાજકથાપ્રપંચ છે; ચોરોનું ચોરપ્રયોગકથન તે ચોરકથાવિધાન છે (અર્થાત્ ચોરો વડે કરવામાં આવતા ચોરીના પ્રયોગોની વાત તે ચોરકથા છે); અતિ વૃદ્ધિ પામેલી ભોજનની પ્રીતિ વડે મેંદાની પુરી ને ખાંડ, દહીં-ખાંડ, સાકર ઈત્યાદિ અનેક પ્રકારનાં અશન-પાનની પ્રશંસા તે ભક્તકથા (ભોજનકથા) છે. —આ બધી કથાઓનો પરિહાર તે વચનગુપ્તિ છે. અસત્યની નિવૃત્તિ પણ વચનગુપ્તિ છે. અથવા (અસત્ય ઉપરાંત) બીજાં અપ્રશસ્ત વચનોની નિવૃત્તિ તે જ વચનગુપ્તિ છે.

એવી રીતે (આચાર્યવર) શ્રી પૂજ્યપાદસ્વામીએ (સમાધિતંત્રમાં ૧૭મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(अनुष्टुभ्)

“एवं त्यक्त्वा बहिर्वाचं त्यजेदन्तरशेषतः।
एष योगः समासेन प्रदीपः परमात्मनः।।”

तथा हि—

(मंदाक्रांता)

त्यक्त्वा वाचं भवभयकरीं भव्यजीवः समस्तां
ध्यात्वा शुद्धं सहजविलसच्चिच्चमत्कारमेकम्।
पश्चान्मुक्तिं सहजमहिमानन्दसौख्याकरीं तां
प्राप्नोत्युच्चैः प्रहतदुरितध्वांतसंघातरूपः।।९२।।

**बंधणछेदणमारणआकुंचण तह पसारणादीया।**
**कायकिरियाणियत्ती णिद्दिट्ठा कायगुत्ति त्ति।।६८।।**

बंधनछेदनमारणाकुंचनानि तथा प्रसारणादीनि।
कायक्रियानिवृत्तिः निर्दिष्टा कायगुप्तिरिति।।६८।।

---

“[**શ્લોકાર્થ :—**] એ રીતે બહિર્વચનોને ત્યાગીને અંતર્વચનોને અશેષતઃ (સંપૂર્ણપણે) ત્યાગવાં.—આ, સંક્ષેપથી યોગ (અર્થાત્ સમાધિ) છે—કે જે યોગ પરમાત્માનો પ્રદીપ છે (અર્થાત્ પરમાત્માને પ્રકાશનાર દીવો છે).”

વળી (આ ૬૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—

[**શ્લોકાર્થ :—**] ભવ્યજીવ ભવભયની કરનારી સમસ્ત વાણીને છોડી શુદ્ધ સહજ-વિલસતા ચૈતન્યચમત્કારનું એકનું ધ્યાન કરીને, પછી, પાપરૂપી તિમિરસમૂહને નષ્ટ કરીને સહજમહિમાવંત આનંદસૌખ્યની ખાણરૂપ એવી તે મુક્તિને અતિશયપણે પ્રાપ્ત કરે છે. ૯૨.

**વધ, બંધ ને છેદનમયી, વિસ્તરણ-સંકોચનમયી**
**ઈત્યાદિ કાયક્રિયા તણી નિવૃત્તિ તનગુપ્તિ કહી. ૬૮.**

**અન્વયાર્થ :—**[**बंधनछेदनमारणाकुंचनानि**] બંધન, છેદન, મારણ (–મારી નાખવું), આકુંચન (–સંકોચવું) [**तथा**] તથા [**प्रसारणादीनि**] પ્રસારણ (–વિસ્તારવું) ઈત્યાદિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अत्र कायगुप्तिस्वरूपमुक्तम्।

कस्यापि नरस्य तस्यान्तरंगनिमित्तं कर्म, बंधनस्य बहिरंगहेतुः कस्यापि कायव्यापारः। छेदनस्याप्यन्तरंगकारणं कर्मोदयः, बहिरंगकारणं प्रमत्तस्य कायक्रिया। मारणस्याप्यन्तरङ्गहेतुरांतर्यक्षयः, बहिरङ्गकारणं कस्यापि कायविकृतिः। आकुंचन-प्रसारणादिहेतुः संहरणविसर्पणादिहेतुसमुद्घातः। एतासां कायक्रियाणां निवृत्तिः काय-गुप्तिरिति।

(अनुष्टुभ्)

मुक्त्वा कायविकारं यः शुद्धात्मानं मुहुर्मुहुः।
संभावयति तस्यैव सफलं जन्म संसृतौ॥९३॥

**जा रायादिणियत्ती मणस्स जाणीहि तं मणोगुत्ती।**
**अलियादिणियत्तिं वा मोणं वा होइ वइगुत्ती॥६९॥**

---

[कायक्रियानिवृत्तिः] કાયક્રિયાઓની નિવૃત્તિને [कायगुप्तिः इति निर्दिष्टा] કાયગુપ્તિ કહી છે.

**ટીકા** :—અહીં કાયગુપ્તિનું સ્વરૂપ કહ્યું છે.

કોઈ પુરુષને બંધનનું અંતરંગ નિમિત્ત કર્મ છે, બંધનનો બહિરંગ હેતુ કોઈનો કાયવ્યાપાર છે; છેદનનું પણ અંતરંગ કારણ કર્મોદય છે, બહિરંગ કારણ પ્રમત્ત જીવની કાયક્રિયા છે; મારણનો પણ અંતરંગ હેતુ આંતરિક (નિકટ) સંબંધનો (આયુષ્યનો) ક્ષય છે, બહિરંગ કારણ કોઈની કાયવિકૃતિ છે; આકુંચન, પ્રસારણ વગેરેનો હેતુ સંકોચ-વિસ્તારાદિકના હેતુભૂત સમુદ્ઘાત છે.—આ કાયક્રિયાઓની નિવૃત્તિ તે કાયગુપ્તિ છે.

[હવે ૬૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે:]

[**શ્લોકાર્થ** :—] કાયવિકારને છોડીને જે ફરીફરીને શુદ્ધાત્માની સંભાવના (સમ્યક્ ભાવના) કરે છે, તેનો જ જન્મ સંસારમાં સફળ છે. ૯૩.

**મનમાંથી જે રાગાદિની નિવૃત્તિ તે મનગુપ્તિ છે;**
**અલીકાદિની નિવૃત્તિ અથવા મૌન વાચાગુપ્તિ છે. ૬૯.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**या रागादिनिवृत्तिर्मनसो जानीहि तां मनोगुप्तिम्।**
**अलीकादिनिवृत्तिर्वा मौनं वा भवति वाग्गुप्तिः ।।६९।।**

निश्चयनयेन मनोवाग्गुप्तिसूचनेयम्।

सकलमोहरागद्वेषाभावादखंडाद्वैतपरमचिद्रूपे सम्यगवस्थितिरेव निश्चयमनोगुप्तिः। हे शिष्य त्वं तावदचलितां मनोगुप्तिमिति जानीहि। निखिलानृतभाषापरिहृतिर्वा मौनव्रतं च। मूर्तद्रव्यस्य चेतनाभावाद् अमूर्तद्रव्यस्येंद्रियज्ञानागोचरत्वादुभयत्र वाक्प्रवृत्तिर्न भवति। इति निश्चयवाग्गुप्तिस्वरूपमुक्तम्।

(शार्दूलविक्रीडित)

शस्ताशस्तमनोवचस्समुदयं त्यक्त्वात्मनिष्ठापरः
शुद्धाशुद्धनयातिरिक्तमनघं चिन्मात्रचिन्तामणिम्।
प्राप्यानंतचतुष्टयात्मकतया सार्धं स्थितां सर्वदा
जीवन्मुक्तिमुपैति योगितिलकः पापाटवीपावकः ।।९४।।

---

**અન્વયાર્થ :**—[मनसः] મનમાંથી [या] જે [रागादिनिवृत्तिः] રાગાદિની નિવૃત્તિ [ताम्] તેને [मनोगुप्तिम्] મનોગુપ્તિ [जानीहि] જાણ. [अलीकादिनिवृत्तिः] અસત્યાદિની નિવૃત્તિ [वा] અથવા [मौनं वा] મૌન [वाग्गुप्तिः भवति] તે વચનગુપ્તિ છે.

**ટીકા :**—આ, નિશ્ચયનયથી મનોગુપ્તિની અને વચનગુપ્તિની સૂચના છે.

સકળ મોહરાગદ્વેષના અભાવને લીધે અખંડ અદ્વૈત પરમચિદ્રૂપમાં સમ્યક્‌પણે અવસ્થિત રહેવું તે જ નિશ્ચયમનોગુપ્તિ છે. હે શિષ્ય! તું તેને ખરેખર અચલિત મનોગુપ્તિ જાણ.

સમસ્ત અસત્ય ભાષાનો પરિહાર અથવા મૌનવ્રત તે વચનગુપ્તિ છે. મૂર્તદ્રવ્યને ચેતનાનો અભાવ હોવાને લીધે અને અમૂર્તદ્રવ્ય ઇન્દ્રિયજ્ઞાનથી અગોચર હોવાને લીધે બન્ને પ્રત્યે વચનપ્રવૃત્તિ થતી નથી. આ રીતે નિશ્ચયવચનગુપ્તિનું સ્વરૂપ કહેવામાં આવ્યું.

[હવે ૬૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

[**શ્લોકાર્થ :**—] પાપરૂપી અટવીને બાળવામાં અગ્નિ સમાન એવો યોગિતિલક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**कायकिरियाणियत्ती काउस्सग्गो सरीरगे गुत्ती।**
**हिंसाइणियत्ती वा सरीरगुत्ति त्ति णिद्दिट्ठा॥७०॥**

कायक्रियानिवृत्तिः कायोत्सर्गः शरीरके गुप्तिः।
हिंसादिनिवृत्तिर्वा शरीरगुप्तिरिति निर्दिष्टा॥७०॥

निश्चयशरीरगुप्तिस्वरूपाख्यानमेतत्।

सर्वेषां जनानां कायेषु बह्व्यः क्रिया विद्यन्ते, तासां निवृत्तिः कायोत्सर्गः, स एव गुप्तिर्भवति। पंचस्थावराणां त्रसानां च हिंसानिवृत्तिः कायगुप्तिर्वा। परमसंयमधरः परमजिनयोगीश्वरः यः स्वकीयं वपुः स्वस्य वपुषा विवेश तस्यापरिस्पंदमूर्तिरेव निश्चयकायगुप्तिरिति।

तथा चोक्तं तत्त्वानुशासने—

---

(મુનિશિરોમણિ) પ્રશસ્ત-અપ્રશસ્ત મનવાણીના સમુદાયને છોડીને આત્મનિષ્ઠામાં પરાયણ રહેતો થકો, શુદ્ધનય અને અશુદ્ધનયથી રહિત એવા અનઘ (–નિર્દોષ) ચૈતન્યમાત્ર ચિંતામણિને પ્રાપ્ત કરીને, અનંતચતુષ્ટયાત્મકપણા સાથે સર્વદા સ્થિત એવી જીવન્મુક્તિને પામે છે. ૯૪.

જે કાયકર્મનિવૃત્તિ કાયોત્સર્ગ તે તનગુપ્તિ છે;
હિંસાદિની નિવૃત્તિને વળી કાયગુપ્તિ કહેલ છે. ૭૦.

**અન્વયાર્થ** :—[**कायक्रियानिवृत्तिः**] કાયક્રિયાઓની નિવૃત્તિરૂપ [**कायोत्सर्गः**] કાયોત્સર્ગ [**शरीरके गुप्तिः**] શરીરસંબંધી ગુપ્તિ છે; [**वा**] અથવા [**हिंसादिनिवृत्तिः**] હિંસાદિની નિવૃત્તિને [**शरीरगुप्तिः इति**] શરીરગુપ્તિ [**निर्दिष्टा**] કહી છે.

**ટીકા** :—આ, નિશ્ચયશરીરગુપ્તિના સ્વરૂપનું કથન છે.

સર્વ જનોને કાયાસંબંધી બહુ ક્રિયાઓ હોય છે; તેમની નિવૃત્તિ તે કાયોત્સર્ગ છે; તે જ ગુપ્તિ (અર્થાત્ કાયગુપ્તિ) છે. અથવા પાંચ સ્થાવરોની અને ત્રસોની હિંસાનિવૃત્તિ તે કાયગુપ્તિ છે. જે પરમસંયમધર પરમજિનયોગીશ્વર પોતાના (ચૈતન્યરૂપ) શરીરમાં પોતાના (ચૈતન્યરૂપ) શરીરથી પ્રવેશી ગયા, તેમની અપરિસ્પંદમૂર્તિ જ (–અકંપ દશા જ) નિશ્ચયકાયગુપ્તિ છે.

એવી રીતે શ્રી તત્ત્વાનુશાસનમાં (શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(अनुष्टुभ्)

''उत्सृज्य कायकर्माणि भावं च भवकारणम्।
स्वात्मावस्थानमव्यग्रं कायोत्सर्गः स उच्यते॥''

तथा हि—

(अनुष्टुभ्)

अपरिस्पन्दरूपस्य परिस्पन्दात्मिका तनुः।
व्यवहाराद्भवेन्मेऽतस्त्यजामि विकृतिं तनोः॥९५॥

**घणघाइकम्मरहिया केवलणाणाइपरमगुणसहिया।**
**चोत्तिसअदिसयजुत्ता अरिहंता एरिसा होंति॥७१॥**

**घनघातिकर्मरहिताः केवलज्ञानादिपरमगुणसहिताः।**
**चतुस्त्रिंशदतिशययुक्ता अर्हन्त ईदृशा भवन्ति॥७१॥**

भगवतोऽर्हत्परमेश्वरस्य स्वरूपाख्यानमेतत्।

आत्मगुणघातकानि घातिकर्माणि घनरूपाणि सान्द्रीभूतात्मकानि ज्ञानदर्शना-

---

''[**શ્લોકાર્થ** :—] કાયક્રિયાઓને તથા ભવના કારણભૂત (વિકારી) ભાવને છોડીને અવ્યગ્રપણે નિજ આત્મામાં સ્થિત રહેવું, તે કાયોત્સર્ગ કહેવાય છે.''

વળી (આ ૭૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—

[**શ્લોકાર્થ** :—] અપરિસ્પંદાત્મક એવા મને પરિસ્પંદાત્મક શરીર વ્યવહારથી છે; તેથી હું શરીરની વિકૃતિને તજું છું. ૯૫.

**ઘનઘાતિકર્મ વિહીન ને ચોત્રીસ અતિશય યુક્ત છે,**
**કૈવલ્યજ્ઞાનાદિક પરમગુણ યુક્ત શ્રી અર્હંત છે. ૭૧.**

**અન્વયાર્થ** :—[**घनघातिकर्मरहिताः**] ઘનઘાતીકર્મ રહિત, [**केवलज्ञानादिपरमगुणसहिताः**] કેવળજ્ઞાનાદિ પરમ ગુણો સહિત અને [**चतुस्त्रिंशदतिशययुक्ताः**] ચોત્રીશ અતિશય સંયુક્ત;—[**ईदृशाः**] આવા, [**अर्हन्तः**] અર્હંતો [**भवन्ति**] હોય છે.

**ટીકા** :—આ, ભગવાન અર્હત્ પરમેશ્વરના સ્વરૂપનું કથન છે.

[ભગવંત અર્હંતો કેવા હોય છે?] (૧) જેઓ આત્મગુણોનાં ઘાતક ઘાતિકર્મો છે અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



वरणान्तरायमोहनीयानि तैर्विरहितास्तथोक्ताः। प्रागुप्तघातिचतुष्कप्रध्वंसनासादितत्रैलोक्यप्रक्षोभहेतुभूतसकलविमलकेवलज्ञानकेवलदर्शनकेवलशक्तिकेवलसुखसहिताश्च। निःस्वेदनिर्मलादिचतुस्त्रिंशदतिशयगुणनिलयाः। ईदृशा भवन्ति भगवन्तोऽर्हन्त इति।

(मालिनी)

जयति विदितगात्रः स्मेरनीरेजनेत्रः
सुकृतनिलयगोत्रः पंडिताम्भोजमित्रः।
मुनिजनवनचैत्रः कर्मवाहिन्यमित्रः
सकलहितचरित्रः श्रीसुसीमासुपुत्रः ॥९६॥

(मालिनी)

स्मरकरिमृगराजः पुण्यकंजाह्निराजः
सकलगुणसमाजः सर्वकल्पावनीजः।
स जयति जिनराजः प्रास्तदुःकर्मबीजः
पदनुतसुरराजस्त्यक्तसंसारभूजः ॥९७॥

---

જેઓ ઘન એટલે કે ઘાટાં છે—એવાં જે જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય ને મોહનીય કર્મો તેમનાથી રહિત વર્ણવવામાં આવેલા; (૨) જે પૂર્વે વાવેલાં ચાર ઘાતિકર્મોના નાશથી પ્રાપ્ત થાય છે એવાં, ત્રણ લોકને *પ્રક્ષોભના હેતુભૂત સકળવિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળશક્તિ ને કેવળસુખ સહિત; તથા (૩) સ્વેદરહિત, મળરહિત ઇત્યાદિ ચોત્રીશ અતિશયગુણોના રહેઠાણરૂપ;—આવા, ભગવંત અર્હંતો હોય છે.

[હવે ૭૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ પાંચ શ્લોકો કહે છે :]

**[શ્લોકાર્થ :—]** પ્રખ્યાત (અર્થાત્ પરમૌદારિક) જેમનું શરીર છે, પ્રફુલ્લિત કમળ જેવાં જેમનાં નેત્ર છે, પુણ્યનું રહેઠાણ (અર્થાત્ તીર્થંકરપદ) જેમનું ગોત્ર છે, પંડિતરૂપી કમળોને (વિકસાવવા માટે) જેઓ સૂર્ય છે, મુનિજનરૂપી વનને જેઓ ચૈત્ર છે (અર્થાત્ મુનિજનરૂપી વનને ખિલવવામાં જેઓ વસંતઋતુ સમાન છે), કર્મની સેનાના જેઓ શત્રુ છે અને સર્વને હિતરૂપ જેમનું ચરિત્ર છે, તે શ્રી સુસીમા માતાના સુપુત્ર (શ્રી પદ્મપ્રભ તીર્થંકર) જયવંત છે. ૯૬.

**[શ્લોકાર્થ :—]** જેઓ કામદેવરૂપી હાથીને (મારવા) માટે સિંહ છે, જેઓ

---

★ પ્રક્ષોભના અર્થ માટે ૮૩મા પાનાનું પદટિપ્પણ જુઓ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

(मालिनी)

जितरतिपतिचापः सर्वविद्याप्रदीपः
परिणतसुखरूपः पापकीनाशरूपः ।
हतभवपरितापः श्रीपदानम्रभूपः
स जयति जितकोपः प्रह्वविद्वत्कलापः ।।९८।।

(मालिनी)

जयति विदितमोक्षः पद्मपत्रायताक्षः
प्रजितदुरितकक्षः प्रास्तकंदर्पपक्षः ।
पदयुगनतयक्षः तत्त्वविज्ञानदक्षः
कृतबुधजनशिक्षः प्रोक्तनिर्वाणदीक्षः ।।९९।।

---

પુણ્યરૂપી કમળને (વિકસાવવા) માટે ભાનુ છે, જેઓ સર્વ ગુણોના સમાજ (-સમુદાય) છે, જેઓ સર્વ કલ્પિત (-ચિંતિત) દેનાર કલ્પવૃક્ષ છે, જેમણે દુષ્ટ કર્મના બીજને નષ્ટ કર્યું છે, જેમનાં ચરણમાં સુરેંદ્રો નમે છે અને જેમણે સંસારરૂપી વૃક્ષનો ત્યાગ કર્યો છે, તે જિનરાજ (શ્રી પદ્મપ્રભ ભગવાન) જયવંત છે. ૯૭.

[**શ્લોકાર્થ :—**] કામદેવનાં બાણને જેમણે જીતી લીધાં છે, સર્વ વિદ્યાઓના જેઓ પ્રદીપ (-પ્રકાશક) છે, સુખરૂપે જેમનું સ્વરૂપ પરિણમ્યું છે, પાપને (મારી નાખવા) માટે જેઓ યમરૂપ છે, ભવના પરિતાપનો જેમણે નાશ કર્યો છે, ભૂપતિઓ જેમના શ્રીપદમાં (-મહિમાયુક્ત પુનિત ચરણોમાં) નમે છે, ક્રોધને જેમણે જીત્યો છે અને વિદ્વાનોનો સમુદાય જેમની આગળ ઢળી પડે છે, તે (શ્રી પદ્મપ્રભનાથ) જયવંત છે. ૯૮.

[**શ્લોકાર્થ :—**] પ્રસિદ્ધ જેમનો મોક્ષ છે, પદ્મપત્ર (-કમળનાં પાન) જેવાં દીર્ઘ જેમનાં નેત્ર છે, ★પાપકક્ષાને જેમણે જીતી લીધી છે, કામદેવના પક્ષનો જેમણે નાશ કર્યો છે, યક્ષ જેમના ચરણયુગલમાં નમે છે, તત્ત્વવિજ્ઞાનમાં જેઓ દક્ષ (ચતુર) છે, બુધજનોને જેમણે શિક્ષા (શિખામણ) આપી છે અને નિર્વાણદીક્ષા જેઓ ઉચ્ચર્યા છે, તે (શ્રી પદ્મપ્રભ જિનેન્દ્ર) જયવંત છે. ૯૯.

---

★ કક્ષા = ભૂમિકા; શ્રેણી; સ્થિતિ; પડખું.

૧૮

(मालिनी)

मदननगसुरेशः कान्तकायप्रदेशः
पदविनतयमीशः प्रास्तकीनाशपाशः।
दुरघवनहुताशः कीर्तिसंपूरिताशः
जयति जगदधीशः चारुपद्मप्रभेशः॥१००॥

णट्ठट्ठकम्मबंधा अट्ठमहागुणसमण्णिया परमा।
लोयग्गठिदा णिच्चा सिद्धा ते एरिसा होंति॥७२॥

नष्टाष्टकर्मबन्धा अष्टमहागुणसमन्विताः परमाः।
लोकाग्रस्थिता नित्याः सिद्धास्ते ईदृशा भवन्ति॥७२॥

भगवतां सिद्धिपरंपराहेतुभूतानां सिद्धपरमेष्ठीनां स्वरूपमत्रोक्तम्।

निरवशेषेणान्तर्मुखाकारध्यानध्येयविकल्पविरहितनिश्चयपरमशुक्लध्यानबलेन नष्टाष्ट-

---

[શ્લોકાર્થ :—] કામદેવરૂપી પર્વતને માટે (અર્થાત્ તેને તોડી નાખવામાં) જેઓ (વજ્રધર) ઇન્દ્ર સમાન છે, કાન્ત (મનોહર) જેમનો કાયપ્રદેશ છે, મુનિવરો જેમનાં ચરણમાં નમે છે, યમના પાશનો જેમણે નાશ કર્યો છે, દુષ્ટ પાપરૂપી વનને (બાળવા) માટે જેઓ અગ્નિ છે, સર્વ દિશાઓમાં જેમની કીર્તિ વ્યાપી ગઈ છે અને જગતના જેઓ અધીશ (નાથ) છે, તે સુંદર પદ્મપ્રભેશ જયવંત છે. ૧૦૦.

છે અષ્ટ કર્મ વિનષ્ટ, અષ્ટ મહાગુણે સંયુક્ત છે,
શાશ્વત, પરમ ને લોક-અગ્રવિરાજમાન શ્રી સિદ્ધ છે. ૭૨.

**અન્વયાર્થ :—[नष्टाष्टकर्मबन्धाः]** આઠ કર્મના બંધને જેમણે નષ્ટ કરેલ છે એવા, **[अष्टमहागुणसमन्विताः]** આઠ મહાગુણો સહિત, **[परमाः]** પરમ, **[लोकाग्रस्थिताः]** લોકના અગ્રે સ્થિત અને **[नित्याः]** નિત્ય;—**[ईदृशाः]** આવા, **[ते सिद्धाः]** તે સિદ્ધો **[भवन्ति]** હોય છે.

**ટીકા :**—સિદ્ધિના પરંપરાહેતુભૂત એવા ભગવંત સિદ્ધપરમેષ્ઠીઓનું સ્વરૂપ અહીં કહ્યું છે.

[ભગવંત સિદ્ધો કેવા હોય છે?] (૧) [1]નિરવશેષપણે અંતર્મુખાકાર, ધ્યાનધ્યેયના વિકલ્પ રહિત નિશ્ચય-પરમશુક્લધ્યાનના બળથી જેમણે આઠ કર્મના બંધને નષ્ટ કરેલ છે એવા;

---

૧. નિરવશેષપણે = અશેષતઃ; કાંઈ બાકી રાખ્યા વિના; સંપૂર્ણપણે; સર્વથા. [પરમ-શુક્લધ્યાનનો આકાર

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**कर्मबंधाः। क्षायिकसम्यक्त्वाद्यष्टगुणपुष्टितुष्टाश्च। त्रितत्त्वस्वरूपेषु विशिष्टगुणाधारत्वात् परमाः। त्रिभुवनशिखरात्परतो गतिहेतोरभावात् लोकाग्रस्थिताः। व्यवहारतोऽभूतपूर्वपर्याय प्रच्यवनाभावान्नित्याः। ईदृशास्ते भगवन्तः सिद्धपरमेष्ठिन इति।**

(मालिनी)

**व्यवहरणनयेन ज्ञानपुंजः स सिद्धः**
**त्रिभुवनशिखराग्रग्रावचूडामणिः स्यात्।**
**सहजपरमचिच्चिन्तामणौ नित्यशुद्धे**
**निवसति निजरूपे निश्चयेनैव देवः ॥१०१॥**

(स्रग्धरा)

**नीत्वास्तान् सर्वदोषान् त्रिभुवनशिखरे ये स्थिता देहमुक्ताः**
**तान् सर्वान् सिद्धिसिद्ध्यै निरुपमविशदज्ञानदृक्शक्तियुक्तान्।**
**सिद्धान् नष्टाष्टकर्मप्रकृतिसमुदयान् नित्यशुद्धाननन्तान्**
**अव्याबाधान्नमामि त्रिभुवनतिलकान् सिद्धिसीमन्तिनीशान् ॥१०२॥**

---

(૨) [૧]ક્ષાયિક સમ્યક્ત્વાદિ અષ્ટ ગુણોની પુષ્ટિથી તુષ્ટ; (૩) વિશિષ્ટ ગુણોના આધાર હોવાથી તત્ત્વનાં ત્રણ સ્વરૂપોમાં [૨]પરમ; (૪) ત્રણ લોકના શિખરથી આગળ ગતિહેતુનો અભાવ હોવાથી લોકના અગ્રે સ્થિત; (૫) વ્યવહારથી અભૂતપૂર્વ પર્યાયમાંથી (–પૂર્વે કદી નહિ થયેલા એવા સિદ્ધપર્યાયમાંથી) ચ્યુત થવાનો અભાવ હોવાને લીધે નિત્ય;—આવા, તે ભગવંત સિદ્ધપરમેષ્ઠીઓ હોય છે.

[હવે ૭૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ત્રણ શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** વ્યવહારનયથી જ્ઞાનપુંજ એવા તે સિદ્ધભગવાન ત્રિભુવનશિખરની ટોચના (ચૈતન્યઘનરૂપ) નક્કર [૩]ચૂડામણિ છે; નિશ્ચયથી તે દેવ સહજપરમચૈતન્યચિંતામણિ-સ્વરૂપ નિત્યશુદ્ધ નિજ રૂપમાં જ વસે છે. ૧૦૧.

**[શ્લોકાર્થ :—]** જેઓ સર્વ દોષોને નષ્ટ કરીને દેહમુક્ત થઈને ત્રિભુવનશિખરે સ્થિત

---

અર્થાત્ સ્વરૂપ સંપૂર્ણપણે અંતર્મુખ હોય છે.]

૧. સિદ્ધભગવંતો ક્ષાયિક સમ્યક્ત્વ, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, સૂક્ષ્મત્વ, અવગાહન, અગુરુલઘુ અને અવ્યાબાધ એ આઠ ગુણોની પુષ્ટિથી સંતુષ્ટ—આનંદમય હોય છે.

૨. સિદ્ધભગવંતો વિશિષ્ટ ગુણોના આધાર હોવાથી બહિ:તત્ત્વ, અંત:તત્ત્વ અને પરમતત્ત્વ એવા ત્રણ તત્ત્વસ્વરૂપોમાંથી પરમતત્ત્વસ્વરૂપ છે.

૩. ચૂડામણિ = શિખામણિ; કલગીનું રત્ન; ટોચ ઉપરનું રત્ન.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(अनुष्टुभ्)

स्वस्वरूपस्थितान् शुद्धान् प्राप्ताष्टगुणसंपदः।
नष्टाष्टकर्मसंदोहान् सिद्धान् वंदे पुनः पुनः॥१०३॥

**पंचाचारसमग्गा पंचिंदियदंतिदप्पणिद्दलणा।**
**धीरा गुणगंभीरा आयरिया एरिसा होंति॥७३॥**

पंचाचारसमग्राः पंचेन्द्रियदंतिदर्पनिर्दलनाः।
धीरा गुणगंभीरा आचार्या ईदृशा भवन्ति॥७३॥

अत्राचार्यस्वरूपमुक्तम्।

ज्ञानदर्शनचारित्रतपोवीर्याभिधानैः पंचभिः आचारैः समग्राः। स्पर्शनरसन-

---

છે, જેઓ નિરુપમ વિશદ (-નિર્મળ) જ્ઞાનદર્શનશક્તિથી યુક્ત છે, જેમણે આઠ કર્મની પ્રકૃતિના સમુદાયને નષ્ટ કર્યો છે, જેઓ નિત્યશુદ્ધ છે, જેઓ અનંત છે, અવ્યાબાધ છે, ત્રણ લોકમાં પ્રધાન છે અને મુક્તિસુંદરીના સ્વામી છે, તે સર્વ સિદ્ધોને સિદ્ધિની પ્રાપ્તિ અર્થે હું નમું છું. ૧૦૨.

[**શ્લોકાર્થ** :—] જેઓ નિજ સ્વરૂપમાં સ્થિત છે, જેઓ શુદ્ધ છે, જેમણે આઠ ગુણરૂપી સંપદા પ્રાપ્ત કરી છે અને જેમણે આઠ કર્મોનો સમૂહ નષ્ટ કર્યો છે, તે સિદ્ધોને હું ફરીફરીને વંદું છું. ૧૦૩.

**પરિપૂર્ણ પંચાચારમાં, વળી ધીર ગુણગંભીર છે,**
**પંચેંદ્રિગજના દર્પદલને દક્ષ શ્રી આચાર્ય છે. ૭૩.**

**અન્વયાર્થ** :—[**पंचाचारसमग्राः**] પંચાચારોથી પરિપૂર્ણ, [**पंचेन्द्रियदंतिदर्पनिर्दलनाः**] પંચેંદ્રિયરૂપી હાથીના મદનું દલન કરનારા, [**धीराः**] ધીર અને [**गुणगंभीराः**] ગુણગંભીર;— [**ईदृशाः**] આવા, [**आचार्याः**] આચાર્યો [**भवन्ति**] હોય છે.

**ટીકા** :—અહીં આચાર્યનું સ્વરૂપ કહ્યું છે.

[ભગવંત આચાર્યો કેવા હોય છે?] (૧) જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય નામના પાંચ આચારોથી પરિપૂર્ણ; (૨) સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર નામની પાંચ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



प्राणचक्षुःश्रोत्राभिधानपंचेन्द्रियमदान्धसिंधुरदर्पनिर्दलनदक्षाः। निखिलघोरोपसर्गविजयोपार्जितधीरगुणगंभीराः। एवंलक्षणलक्षितास्ते भगवन्तो ह्याचार्या इति।

तथा चोक्तं श्रीवादिराजदेवैः—

(शार्दूलविक्रीडित)

“पंचाचारपरान्नकिंचनपतीन्नष्टकषायाश्रमान्
चंचज्ज्ञानबलप्रपंचितमहापंचास्तिकायस्थितीन्।
स्फाराचंचलयोगचंचुरधियः सूरीनुदंचद्गुणान्
अंचामो भवदुःखसंचयभिदे भक्तिक्रियाचंचवः॥”

तथा हि—

(हरिणी)

सकलकरणग्रामालंबाद्विमुक्तमनाकुलं
स्वहितनिरतं शुद्धं निर्वाणकारणकारणम्।
शमदमयमावासं मैत्रीदयादममंदिरं
निरुपममिदं वंद्यं श्रीचन्द्रकीर्तिमुनेर्मनः॥१०४॥

---

ઇન્દ્રિયોરૂપી મદાંધ હાથીના દર્પનું દલન કરવામાં દક્ષ (–પંચેંદ્રિયરૂપી મદમત્ત હાથીના મદના ચૂરેચૂરા કરવામાં નિપુણ); (૩-૪) સમસ્ત ઘોર ઉપસર્ગો પર વિજય પ્રાપ્ત કરતા હોવાથી ધીર અને ગુણગંભીર;—આવાં લક્ષણોથી લક્ષિત, તે ભગવંત આચાર્યો હોય છે.

એવી રીતે (આચાર્યવર) શ્રી વાદિરાજદેવે કહ્યું છે કે :—

“[**શ્લોકાર્થ :—**] જેઓ પંચાચારપરાયણ છે, જેઓ અકિંચનતાના સ્વામી છે, જેમણે કષાયસ્થાનોને નષ્ટ કર્યાં છે, પરિણમતા જ્ઞાનના બળ વડે જેઓ મહા પંચાસ્તિકાયની સ્થિતિને સમજાવે છે, વિપુલ અચંચળ યોગમાં (–વિકસિત સ્થિર સમાધિમાં) જેમની બુદ્ધિ નિપુણ છે અને જેમને ગુણો ઊછળે છે, તે આચાર્યોને ભક્તિક્રિયામાં કુશળ એવા અમે ભવદુઃખરાશિને ભેદવા માટે પૂજીએ છીએ.”

વળી (આ ૭૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—

[**શ્લોકાર્થ :—**] સકળ ઇન્દ્રિયસમૂહના આલંબન વિનાનું, અનાકુળ, સ્વહિતમાં લીન, શુદ્ધ, નિર્વાણના કારણનું કારણ (–મુક્તિના કારણભૂત શુક્લધ્યાનનું કારણ),

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**रयणत्तयसंजुत्ता जिणकहियपयत्थदेसया सूरा।**
**णिक्कंखभावसहिया उवज्झाया एरिसा होंति।।७४।।**

**रत्नत्रयसंयुक्ताः जिनकथितपदार्थदेशकाः शूराः।**
**निःकांक्षभावसहिताः उपाध्याया ईद्रशा भवन्ति।।७४।।**

**अध्यापकाभिधानपरमगुरुस्वरूपाख्यानमेतद्।**

**अविचलिताखंडाद्वैतपरमचिद्रूपश्रद्धानपरिज्ञानानुष्ठानशुद्धनिश्चयस्वभावरत्नत्रयसंयुक्ताः। जिनेन्द्रवदनारविंदविनिर्गतजीवादिसमस्तपदार्थसार्थोपदेशशूराः। निखिलपरिग्रहपरित्यागलक्षणनिरंजननिजपरमात्मतत्त्वभावनोत्पन्नपरमवीतरागसुखामृतपानोन्मुखास्तत एव निष्कांक्षाभावनासनाथाः। एवंभूतलक्षणलक्षितास्ते जैनानामुपाध्याया इति।**

---

[1]શમ-દમ-યમનું નિવાસસ્થાન, મૈત્રી-દયા-દમનું મંદિર (ઘર)—એવું આ શ્રી ચંદ્રકીર્તિ-મુનિનું નિરુપમ મન (ચૈતન્યપરિણમન) વંદ્ય છે. ૧૦૪.

**રત્નત્રયે સંયુક્ત ને નિઃકાંક્ષભાવથી યુક્ત છે,**
**જિનવરકથિત અર્થોપદેશે શૂર શ્રી ઉવઝાય છે. ૭૪.**

**અન્વયાર્થ :**—**[रत्नत्रयसंयुक्ताः]** રત્નત્રયથી સંયુક્ત, **[शूराः जिनकथितपदार्थदेशकाः]** જિનકથિત પદાર્થોના શૂરવીર ઉપદેશક અને **[निःकांक्षभावसहिताः]** નિઃકાંક્ષભાવ સહિત;—**[ईद्रशाः]** આવા, **[उपाध्यायाः]** ઉપાધ્યાયો **[भवन्ति]** હોય છે.

**ટીકા :**—આ, અધ્યાપક (અર્થાત્ ઉપાધ્યાય) નામના પરમગુરુના સ્વરૂપનું કથન છે.

[ઉપાધ્યાયો કેવા હોય છે ?] (૧) અવિચલિત અખંડ અદ્વૈત પરમ ચિદ્રૂપનાં શ્રદ્ધાન, જ્ઞાન અને [2]અનુષ્ઠાનરૂપ શુદ્ધ નિશ્ચય-સ્વભાવરત્નત્રયવાળા; (૨) જિનેંદ્રના મુખારવિંદથી નીકળેલા જીવાદિ સમસ્ત પદાર્થસમૂહને ઉપદેશવામાં શૂરવીર; (૩) સમસ્ત પરિગ્રહના પરિત્યાગસ્વરૂપ જે નિરંજન નિજ પરમાત્મતત્ત્વ તેની ભાવનાથી ઉત્પન્ન થતા પરમ વીતરાગ સુખામૃતના પાનમાં સન્મુખ હોવાથી જ નિષ્કાંક્ષભાવના સહિત;—આવાં લક્ષણથી લક્ષિત, તે જૈનોના ઉપાધ્યાયો હોય છે.

[હવે ૭૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

---

૧. શમ = શાંતિ; ઉપશમ. દમ = ઇન્દ્રિયાદિનું દમન; જિતેંદ્રિયતા. યમ = સંયમ.
૨. અનુષ્ઠાન = આચરણ; ચારિત્ર; વિધાન; અમલમાં મૂકવું તે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(अनुष्टुभ्)

रत्नत्रयमयान् शुद्धान् भव्यांभोजदिवाकरान्।
उपदेष्टॄनुपाध्यायान् नित्यं वंदे पुनः पुनः ॥१०५॥

वावारविप्पमुक्का चउव्विहाराहणासयारत्ता।
णिग्गंथा णिम्मोहा साहू दे एरिसा होंति॥७५॥

व्यापारविप्रमुक्ताः चतुर्विधाराधनासदारक्ताः।
निर्ग्रन्था निर्मोहाः साधवः ईद्दशा भवन्ति॥७५॥

निरन्तराखंडितपरमतपश्चरणनिरतसर्वसाधुस्वरूपाख्यानमेतत्।

ये महान्तः परमसंयमिनः त्रिकालनिरावरणनिरंजनपरमपंचमभावभावनापरिणताः अत एव समस्तबाह्यव्यापारविप्रमुक्ताः। ज्ञानदर्शनचारित्रपरमतपश्चरणाभिधानचतुर्विधाराधनासदानुरक्ताः। बाह्याभ्यन्तरसमस्तपरिग्रहाग्रहविनिर्मुक्तत्वान्निर्ग्रन्थाः। सदा निरञ्जन-

---

[શ્લોકાર્થ :—] રત્નત્રયમય, શુદ્ધ, ભવ્યકમળના સૂર્ય અને (જિનકથિત પદાર્થોના) ઉપદેશક—એવા ઉપાધ્યાયોને હું નિત્ય ફરીફરીને વંદું છું. ૧૦૫.

નિર્ગ્રંથ છે, નિર્મોહ છે, વ્યાપારથી પ્રવિમુક્ત છે,
ચૌવિધ આરાધન વિષે નિત્યાનુરક્ત શ્રી સાધુ છે. ૭૫.

**અન્વયાર્થ :—**[व्यापारविप्रमुक्ताः] વ્યાપારથી વિમુક્ત (–સમસ્ત વ્યાપાર રહિત), [चतुर्विधाराधनासदारक्ताः] ચતુર્વિધ આરાધનામાં સદા રક્ત, [निर्ग्रन्थाः] નિર્ગ્રંથ અને [निर्मोहाः] નિર્મોહ;—[ईद्दशाः] આવા, [साधवः] સાધુઓ [भवन्ति] હોય છે.

**ટીકા :—**આ, નિરંતર અખંડિત પરમ તપશ્ચરણમાં નિરત (–લીન) એવા સર્વ સાધુઓના સ્વરૂપનું કથન છે.

[સાધુઓ કેવા હોય છે?] (૧) પરમસંયમી મહાપુરુષો હોવાથી ત્રિકાલનિરાવરણ નિરંજન પરમ પંચમભાવની ભાવનામાં પરિણમેલા હોવાને લીધે જ સમસ્ત બાહ્યવ્યાપારથી વિમુક્ત; (૨) જ્ઞાન, દર્શન, ચારિત્ર અને પરમ તપ નામની ચતુર્વિધ આરાધનામાં સદા અનુરક્ત; (૩) બાહ્ય-અભ્યંતર સમસ્ત પરિગ્રહના ગ્રહણ રહિત હોવાને લીધે નિર્ગ્રંથ; તથા (૪) સદા નિરંજન નિજ કારણસમયસારના સ્વરૂપનાં સમ્યક્ શ્રદ્ધાન,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



निजकारणसमयसारस्वरूपसम्यक्श्रद्धानपरिज्ञानाचरणप्रतिपक्षमिथ्यादर्शनज्ञानचारित्राभावान्निर्मोहाः च। इत्थंभूतपरमनिर्वाणसीमंतिनीचारुसीमंतसीमाशोभामसृणघुसृणरजःपुंजपिंजरितवर्णालंकारावलोकनकौतूहलबुद्धयोऽपि ते सर्वेऽपि साधवः इति।

(आर्या)

भविनां भवसुखविमुखं त्यक्तं सर्वाभिषंगसंबंधात्।
मंक्षु विमंक्ष्व निजात्मनि वंद्यं नस्तन्मनः साधोः॥१०६॥

**एरिसयभावणाए ववहारणयस्स होदि चारित्तं।**
**णिच्छयणयस्स चरणं एत्तो उड्ढं पवक्खामि॥७६॥**

**ईद्दग्भावनायां व्यवहारनयस्य भवति चारित्रम्।**
**निश्चयनयस्य चरणं एतदूर्ध्वं प्रवक्ष्यामि॥७६॥**

---

સમ્યક્ પરિજ્ઞાન અને સમ્યક્ આચરણથી પ્રતિપક્ષ એવાં મિથ્યા દર્શન, મિથ્યા જ્ઞાન અને મિથ્યા ચારિત્રનો અભાવ હોવાને લીધે નિર્મોહ;—આવા, પરમનિર્વાણસુંદરીની સુંદર સેંથીની શોભારૂપ કોમળ કેસરના રજ-પુંજના સુવર્ણરંગી અલંકારને (કેસર-રજની કનકરંગી શોભાને) અવલોકવામાં કૌતૂહલબુદ્ધિવાળા તે બધાય સાધુઓ હોય છે (અર્થાત્ પૂર્વોક્ત લક્ષણવાળા, મુક્તિસુંદરીની અનુપમતા અવલોકવામાં આતુર બુદ્ધિવાળા બધાય સાધુઓ હોય છે).

[હવે ૭૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

[**શ્લોકાર્થ :—**] ભવવાળા જીવોના ભવસુખથી જે વિમુખ છે અને સર્વ સંગના સંબંધથી જે મુક્ત છે, એવું તે સાધુનું મન અમને વંદ્ય છે. હે સાધુ! તે મનને શીઘ્ર નિજાત્મામાં મગ્ન કરો. ૧૦૬.

**આ ભાવનામાં જાણવું ચારિત્ર નય વ્યવહારથી;**
**આના પછી ભાખીશ હું ચારિત્ર નિશ્ચયનય થકી. ૭૬.**

**અન્વયાર્થ :—**[**ईद्दग्भावनायाम्**] આવી (પૂર્વોક્ત) ભાવનામાં [**व्यवहारनयस्य**] વ્યવહારનયના અભિપ્રાયે [**चारित्रम्**] ચારિત્ર [**भवति**] છે; [**निश्चयनयस्य**] નિશ્ચયનયના અભિપ્રાયે [**चरणम्**] ચારિત્ર [**एतदूर्ध्वम्**] આના પછી [**प्रवक्ष्यामि**] કહીશ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**व्यवहारचारित्राधिकारव्याख्यानोपसंहारनिश्चयचारित्रसूचनोपन्यासोऽयम्।**

**इत्थंभूतायां प्रागुक्तपंचमहाव्रतपंचसमितिनिश्चयव्यवहारत्रिगुप्तिपंचपरमेष्ठिध्यान-संयुक्तायाम् अतिप्रशस्तशुभभावनायां व्यवहारनयाभिप्रायेण परमचारित्रं भवति, वक्ष्य-माणपंचमाधिकारे परमपंचमभावनिरतपंचमगतिहेतुभूतशुद्धनिश्चयनयात्मपरमचारित्रं द्रष्टव्यं भवतीति।**

**तथा चोक्तं मार्गप्रकाशे—**

(वंशस्थ)

**''कुसूलगर्भस्थितबीजसोदरं**
**भवेद्विना येन सुदृष्टिबोधनम्।**
**तदेव देवासुरमानवस्तुतं**
**नमामि जैनं चरणं पुनः पुनः॥''**

**तथा हि—**

---

**ટીકા :—**આ, વ્યવહારચારિત્ર-અધિકારનું જે વ્યાખ્યાન તેના ઉપસંહારનું અને નિશ્ચયચારિત્રની સૂચનાનું કથન છે.

આવી જે પૂર્વોક્ત પંચમહાવ્રત, પંચસમિતિ, નિશ્ચય-વ્યવહાર ત્રિગુપ્તિ અને પંચપરમેષ્ઠીના ધ્યાનથી સંયુક્ત, અતિપ્રશસ્ત શુભ ભાવના તેમાં વ્યવહારનયના અભિપ્રાયે પરમ ચારિત્ર છે; હવે કહેવામાં આવનારા પાંચમા અધિકારને વિષે, પરમ પંચમભાવમાં લીન, પંચમગતિના હેતુભૂત, શુદ્ધનિશ્ચયનયાત્મક પરમ ચારિત્ર દ્રષ્ટવ્ય (–દેખવાયોગ્ય) છે.

એવી રીતે માર્ગપ્રકાશમાં (શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

''[**શ્લોકાર્થ :—**] જેના વિના (–જે ચારિત્ર વિના) સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કોઠારની અંદર પડી રહેલાં બીજ (–અનાજ) જેવાં છે, તે જ દેવ-અસુર-માનવથી સ્તવવામાં આવેલા જૈન ચરણને (–એવું જે સુર-અસુર-મનુષ્યોથી સ્તવવામાં આવેલું જિનોક્ત ચારિત્ર તેને) હું ફરીફરીને નમું છું.''

વળી (આ વ્યવહારચારિત્ર અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે) :—



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(आर्या)

**शीलमपवर्गयोषिदनंगसुखस्यापि मूलमाचार्याः।**
**प्राहुर्व्यवहारात्मकवृत्तमपि तस्य परंपरा हेतुः॥१०७॥**

**इति सुकविजनपयोजमित्रपंचेन्द्रियप्रसरवर्जितगात्रमात्रपरिग्रहश्रीपद्मप्रभमलधारिदेवविरचितायां नियमसारव्याख्यायां तात्पर्यवृत्तौ व्यवहारचारित्राधिकारः चतुर्थः श्रुतस्कन्धः॥**

---

[**શ્લોકાર્થ :—**] આચાર્યોએ શીલને (–નિશ્ચયચારિત્રને) મુક્તિસુંદરીના અનંગ (–અશરીરી) સુખનું મૂળ કહ્યું છે; વ્યવહારાત્મક ચારિત્ર પણ તેનું પરંપરા કારણ છે. ૧૦૭.

આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) **વ્યવહારચારિત્ર અધિકાર** નામનો ચોથો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# —૫—

# પરમાર્થ-પ્રતિક્રમણ અધિકાર

(वंशस्थ)

नमोऽस्तु ते संयमबोधमूर्तये
स्मरेभकुंभस्थलभेदनाय वै।
विनेयपंकेजविकाशभानवे
विराजते माधवसेनसूरये॥१०८॥

**अथ सकलव्यावहारिकचारित्रतत्फलप्राप्तिप्रतिपक्षशुद्धनिश्चयनयात्मकपरमचारित्र-प्रतिपादनपरायणपरमार्थप्रतिक्रमणाधिकारः कथ्यते। तत्रादौ तावत् पंचरत्नस्वरूपमुच्यते। तद्यथा—**

**अथ पंचरत्नावतारः।**

---

[અધિકારના પ્રારંભમાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્રી માધવસેન આચાર્યદેવને શ્લોક દ્વારા નમસ્કાર કરે છે:]

**[શ્લોકાર્થ :—]** સંયમ અને જ્ઞાનની મૂર્તિ, કામરૂપી હાથીના કુંભસ્થળને ભેદનાર અને શિષ્યરૂપી કમળને વિકસાવવામાં સૂર્ય સમાન—એવા હે વિરાજમાન (શોભાયમાન) માધવસેનસૂરિ! તમને નમસ્કાર હો. ૧૦૮.

હવે, સકળ વ્યાવહારિક ચારિત્રથી અને તેના ફળની પ્રાપ્તિથી પ્રતિપક્ષ એવું જે શુદ્ધનિશ્ચયનયાત્મક પરમ ચારિત્ર તેનું પ્રતિપાદન કરનારો પરમાર્થ-પ્રતિક્રમણ અધિકાર કહેવામાં આવે છે. ત્યાં શરૂઆતમાં પંચરત્નનું સ્વરૂપ કહેવામાં આવે છે. તે આ પ્રમાણે :

હવે પાંચ રત્નોનું અવતરણ કરવામાં આવે છે :—

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



णाहं णारयभावो तिरियत्थो मणुवदेवपज्जाओ।
कत्ता ण हि कारइदा अणुमंता णेव कत्तीणं॥७७॥
णाहं मग्गणठाणो णाहं गुणठाण जीवठाणो ण।
कत्ता ण हि कारइदा अणुमंता णेव कत्तीणं॥७८॥
णाहं बालो बुड्ढो ण चेव तरुणो ण कारणं तेसिं।
कत्ता ण हि कारइदा अणुमंता णेव कत्तीणं॥७९॥
णाहं रागो दोसो ण चेव मोहो ण कारणं तेसिं।
कत्ता ण हि कारइदा अणुमंता णेव कत्तीणं॥८०॥
णाहं कोहो माणो ण चेव माया ण होमि लोहो हं।
कत्ता ण हि कारइदा अणुमंता णेव कत्तीणं॥८१॥

नाहं नारकभावस्तिर्यङ्मानुषदेवपर्यायः।
कर्ता न हि कारयिता अनुमंता नैव कर्तृणाम्॥७७॥

---

નારક નહીં, તિર્યંચ-માનવ-દેવપર્યય હું નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૭૭.
હું માર્ગણાસ્થાનો નહીં, ગુણસ્થાન-જીવસ્થાનો નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૭૮.
હું બાળ-વૃદ્ધ-યુવાન નહિ, હું તેમનું કારણ નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૭૯.
હું રાગ-દ્વેષ ન, મોહ નહિ, હું તેમનું કારણ નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૮૦.
હું ક્રોધ નહિ, નહિ માન, તેમ જ લોભ-માયા છું નહીં,
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૮૧.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



नाहं मार्गणास्थानानि नाहं गुणस्थानानि जीवस्थानानि न।
कर्ता न हि कारयिता अनुमंता नैव कर्तृणाम्॥७८॥

नाहं बालो वृद्धो न चैव तरुणो न कारणं तेषाम्।
कर्ता न हि कारयिता अनुमंता नैव कर्तृणाम्॥७९॥

नाहं रागो द्वेषो न चैव मोहो न कारणं तेषाम्।
कर्ता न हि कारयिता अनुमंता नैव कर्तृणाम्॥८०॥

नाहं क्रोधो मानो न चैव माया न भवामि लोभोऽहम्।
कर्ता न हि कारयिता अनुमंता नैव कर्तृणाम्॥८१॥

---

**અન્વયાર્થ** :—[अहं] હું [नारकभावः] નારકપર્યાય, [तिर्यङ्मानुषदेवपर्यायः] તિર્યંચપર્યાય, મનુષ્યપર્યાય કે દેવપર્યાય [न] નથી; [कर्ता न हि कारयिता] તેમનો (હું) કર્તા નથી, કારયિતા (–કરાવનાર) નથી, [कर्तृणाम् अनुमंता न एव] કર્તાનો અનુમોદક નથી.

[अहं मार्गणास्थानानि न] હું માર્ગણાસ્થાનો નથી, [अहं] હું [गुणस्थानानि न] ગુણસ્થાનો નથી, [जीवस्थानानि न] જીવસ્થાનો નથી; [कर्ता न हि कारयिता] તેમનો હું કર્તા નથી, કારયિતા નથી, [कर्तृणाम् अनुमंता न एव] કર્તાનો અનુમોદક નથી.

[न अहं बालः वृद्धः] હું બાળ નથી, વૃદ્ધ નથી, [न च एव तरुणः] તેમ જ તરુણ નથી; [तेषां कारणं न] તેમનું (હું) કારણ નથી; [कर्ता न हि कारयिता] તેમનો (હું) કર્તા નથી, કારયિતા નથી, [कर्तृणाम् अनुमंता न एव] કર્તાનો અનુમોદક નથી.

[न अहं रागः द्वेषः] હું રાગ નથી, દ્વેષ નથી, [न च एव मोहः] તેમ જ મોહ નથી; [तेषां कारणं न] તેમનું (હું) કારણ નથી; [कर्ता न हि कारयिता] તેમનો (હું) કર્તા નથી, કારયિતા નથી, [कर्तृणाम् अनुमंता न एव] કર્તાનો અનુમોદક નથી.

[न अहं क्रोधः मानः] હું ક્રોધ નથી, માન નથી, [न च एव अहं माया] તેમ જ હું માયા નથી, [लोभः न भवामि] લોભ નથી; [कर्ता न हि कारयिता] તેમનો (હું) કર્તા નથી, કારયિતા નથી, [कर्तृणाम् अनुमंता न एव] કર્તાનો અનુમોદક નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अत्र शुद्धात्मनः सकलकर्तृत्वाभावं दर्शयति।

बह्वारंभपरिग्रहाभावादहं तावन्नारकपर्यायो न भवामि। संसारिणो जीवस्य बह्वारंभपरिग्रहत्वं व्यवहारतो भवति अत एव तस्य नारकायुष्कहेतुभूतनिखिलमोहरागद्वेषा विद्यन्ते, न च मम शुद्धनिश्चयबलेन शुद्धजीवास्तिकायस्य। तिर्यक्पर्यायप्रायोग्यमायामिश्राशुभकर्माभावात्सदा तिर्यक्पर्यायकर्तृत्वविहीनोऽहम्। मनुष्यनामकर्मप्रायोग्यद्रव्यभावकर्माभावान्न मे मनुष्यपर्यायः शुद्धनिश्चयतो समस्तीति। निश्चयेन देवनामधेयाधारदेवपर्याययोग्यसुरससुगंधस्वभावात्मकपुद्गलद्रव्यसम्बन्धाभावान्न मे देवपर्यायः इति।

चतुर्दशभेदभिन्नानि मार्गणास्थानानि तथाविधभेदविभिन्नानि जीवस्थानानि गुणस्थानानि वा शुद्धनिश्चयनयतः परमभावस्वभावस्य न विद्यन्ते।

मनुष्यतिर्यक्पर्यायकायवयःकृतविकारसमुपजनितबालयौवनस्थविरवृद्धावस्थाद्यनेक - स्थूलकृशविविधभेदाः शुद्धनिश्चयनयाभिप्रायेण न मे सन्ति।

---

**ટીકા** :—અહીં શુદ્ધ આત્માને સકળ કર્તૃત્વનો અભાવ દર્શાવે છે.

બહુ આરંભ તથા પરિગ્રહનો અભાવ હોવાને લીધે હું નારકપર્યાય નથી. સંસારી જીવને બહુ આરંભ-પરિગ્રહ વ્યવહારથી હોય છે અને તેથી જ તેને નારક-આયુના હેતુભૂત સમસ્ત મોહરાગદ્વેષ હોય છે, પરંતુ મને—શુદ્ધનિશ્ચયના બળે શુદ્ધજીવાસ્તિકાયને—તેઓ નથી. તિર્યંચપર્યાયને યોગ્ય માયામિશ્રિત અશુભ કર્મનો અભાવ હોવાને લીધે હું સદા તિર્યંચપર્યાયના કર્તૃત્વ વિહીન છું. મનુષ્યનામકર્મને યોગ્ય દ્રવ્યકર્મ તથા ભાવકર્મનો અભાવ હોવાને લીધે મારે મનુષ્યપર્યાય શુદ્ધનિશ્ચયથી નથી. ‘દેવ’ એવા નામનો આધાર જે દેવપર્યાય તેને યોગ્ય સુરસ-સુગંધસ્વભાવવાળાં પુદ્‌ગલદ્રવ્યના સંબંધનો અભાવ હોવાને લીધે નિશ્ચયથી મારે દેવપર્યાય નથી.

ચૌદ ભેદવાળાં માર્ગણાસ્થાનો તથા તેટલા (ચૌદ) ભેદવાળાં જીવસ્થાનો કે ગુણસ્થાનો શુદ્ધનિશ્ચયનયથી પરમભાવસ્વભાવવાળાને (−પરમભાવ જેનો સ્વભાવ છે એવા મને) નથી.

મનુષ્ય અને તિર્યંચપર્યાયની કાયાના, વયકૃત વિકારથી (−ફેરફારથી) ઉત્પન્ન થતા બાળ-યુવાન-સ્થવિર-વૃદ્ધાવસ્થાદિરૂપ અનેક સ્થૂલ-કૃશ વિવિધ ભેદો શુદ્ધનિશ્ચયનયના અભિપ્રાયે મારે નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सत्तावबोधपरमचैतन्यसुखानुभूतिनिरतविशिष्टात्मतत्त्वग्राहकशुद्धद्रव्यार्थिकनयबलेन मे सकलमोहरागद्वेषा न विद्यन्ते।

सहजनिश्चयनयतः सदा निरावरणात्मकस्य शुद्धावबोधरूपस्य सहजचिच्छक्तिमयस्य सहजदृक्स्फूर्तिपरिपूर्णमूर्तेः स्वरूपाविचलस्थितिरूपसहजयथाख्यातचारित्रस्य न मे निखिल-संसृतिक्लेशहेतवः क्रोधमानमायालोभाः स्युः।

अथामीषां विविधविकल्पाकुलानां विभावपर्यायाणां निश्चयतो नाहं कर्ता, न कारयिता वा भवामि, न चानुमंता वा कर्तॄणां पुद्गलकर्मणामिति।

नाहं नारकपर्यायं कुर्वे, सहजचिद्विलासात्मकमात्मानमेव संचिंतये। नाहं तिर्यक्पर्यायं कुर्वे, सहजचिद्विलासात्मकमात्मानमेव संचिंतये। नाहं मनुष्यपर्यायं कुर्वे, सहजचिद्विलासा-त्मकमात्मानमेव संचिंतये। नाहं देवपर्यायं कुर्वे, सहजचिद्विलासात्मकमात्मानमेव संचिंतये।

नाहं चतुर्दशमार्गणास्थानभेदं कुर्वे, सहजचिद्विलासात्मकमात्मानमेव संचिंतये। नाहं मिथ्यादृष्ट्यादिगुणस्थानभेदं कुर्वे, सहजचिद्विलासात्मकमात्मानमेव संचिंतये। नाह-

---

સત્તા, અવબોધ, પરમચૈતન્ય અને સુખની અનુભૂતિમાં લીન એવા વિશિષ્ટ આત્મ-તત્ત્વને ગ્રહનારા શુદ્ધદ્રવ્યાર્થિકનયના બળે મારે સકળ મોહરાગદ્વેષ નથી.

સહજ નિશ્ચયનયથી (૧) સદા નિરાવરણસ્વરૂપ, (૨) શુદ્ધજ્ઞાનરૂપ, (૩) સહજ ચિત્શક્તિમય, (૪) સહજ દર્શનના સ્ફુરણથી પરિપૂર્ણ મૂર્તિ (–જેની મૂર્તિ અર્થાત્ સ્વરૂપ સહજ દર્શનના સ્ફુરણથી પરિપૂર્ણ છે એવા) અને (૫) સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજ યથાખ્યાત ચારિત્રવાળા એવા મને સમસ્ત સંસારકલેશના હેતુ ક્રોધ-માન-માયા-લોભ નથી.

હવે, આ (ઉપરોક્ત) વિવિધ વિકલ્પોથી (ભેદોથી) ભરેલા વિભાવપર્યાયોનો નિશ્ચયથી હું કર્તા નથી, કારયિતા નથી અને પુદ્ગલકર્મરૂપ કર્તાનો (–વિભાવપર્યાયોના કર્તા જે પુદ્ગલકર્મો તેમનો–) અનુમોદક નથી (એમ વર્ણવવામાં આવે છે).

હું નારકપર્યાયને કરતો નથી, સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું. હું તિર્યંચપર્યાયને કરતો નથી, સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું. હું મનુષ્યપર્યાયને કરતો નથી, સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું. હું દેવપર્યાયને કરતો નથી, સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.

હું ચૌદ માર્ગણાસ્થાનના ભેદોને કરતો નથી, સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



मेकेन्द्रियादिजीवस्थानभेदं कुर्वे, सहजचिद्विलासात्मकमात्मानमेव संचिंतये।

नाहं शरीरगतबालाद्यवस्थानभेदं कुर्वे, सहजचिद्विलासात्मकमात्मानमेव संचिंतये।

नाहं रागादिभेदभावकर्मभेदं कुर्वे, सहजचिद्विलासात्मकमात्मानमेव संचिंतये।

नाहं भावकर्मात्मकषायचतुष्कं कुर्वे, सहजचिद्विलासात्मकमात्मानमेव संचिंतये।

इति पंचरत्नांचितोपन्यासप्रपंचनसकलविभावपर्यायसंन्यासविधानमुक्तं भवतीति।

(वसंततिलका)

भव्यः समस्तविषयाग्रहमुक्तचिन्तः
स्वद्रव्यपर्ययगुणात्मनि दत्तचित्तः।
मुक्त्वा विभावमखिलं निजभावभिन्नं
प्राप्नोति मुक्तिमचिरादिति पंचरत्नात् ॥१०९॥

---

જ ભાવું છું. હું મિથ્યાદ્રષ્ટિ આદિ ગુણસ્થાનભેદોને કરતો નથી, સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું. હું એકેંદ્રિયાદિ જીવસ્થાનભેદોને કરતો નથી, સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.

હું શરીરસંબંધી બાલાદિ અવસ્થાભેદોને કરતો નથી, સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.

હું રાગાદિભેદરૂપ ભાવકર્મના ભેદોને કરતો નથી, સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.

હું ભાવકર્માત્મક ચાર કષાયોને કરતો નથી, સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.

(અહીં ટીકામાં જેમ કર્તા વિષે વર્ણન કર્યું, તેમ કારયિતા અને અનુમંતા—અનુમોદક—વિષે પણ સમજી લેવું.)

આ રીતે પાંચ રત્નોના શોભિત કથનવિસ્તાર દ્વારા સકળ વિભાવપર્યાયોના સંન્યાસનું (-ત્યાગનું) વિધાન કહ્યું છે.

[હવે આ પાંચ ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** આ પ્રમાણે પંચરત્નો દ્વારા જેણે સમસ્ત વિષયોના ગ્રહણની ચિંતાને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



एरिसभेदब्भासे मज्झत्थो होदि तेण चारित्तं।
तं दिढकरणणिमित्तं पडिक्कमणादी पवक्खामि॥८२॥

ईद्रग्भेदाभ्यासे मध्यस्थो भवति तेन चारित्रम्।
तद्दृढीकरणनिमित्तं प्रतिक्रमणादिं प्रवक्ष्यामि॥८२॥

अत्र भेदविज्ञानात् क्रमेण निश्चयचारित्रं भवतीत्युक्तम्।

पूर्वोक्तपंचरत्नांचितार्थपरिज्ञानेन पंचमगतिप्राप्तिहेतुभूते जीवकर्मपुद्गलयोर्भेदाभ्यासे सति, तस्मिन्नेव च ये मुमुक्षवः सर्वदा संस्थितास्ते ह्यत एव मध्यस्थाः, तेन कारणेन तेषां परमसंयमिनां वास्तवं चारित्रं भवति। तस्य चारित्राविचलस्थितिहेतोः प्रतिक्रमणादि-निश्चयक्रिया निगद्यते। अतीतदोषपरिहारार्थं यत्प्रायश्चित्तं क्रियते तत्प्रतिक्रमणम्। आदिशब्देन प्रत्याख्यानादीनां संभवश्चोच्यत इति।

---

છોડી છે અને નિજ દ્રવ્યગુણપર્યાયના સ્વરૂપમાં ચિત્તને એકાગ્ર કર્યું છે, તે ભવ્ય જીવ નિજ ભાવથી ભિન્ન એવા સકળ વિભાવને છોડી અલ્પ કાળમાં મુક્તિને પ્રાપ્ત કરે છે. ૧૦૯.

આ ભેદના અભ્યાસથી માધ્યસ્થ થઈ ચારિત બને;
પ્રતિક્રમણ આદિ કહીશ હું ચારિત્રદ્રઢતા કારણે. ૮૨.

**અન્વયાર્થ** :—[**ईद्रग्भेदाभ्यासे**] આવો ભેદ-અભ્યાસ થતાં [**मध्यस्थः**] જીવ મધ્યસ્થ થાય છે, [**तेन चारित्रम् भवति**] તેથી ચારિત્ર થાય છે. [**तद्दृढीकरणनिमित्तं**] તેને (ચારિત્રને) દ્રઢ કરવા નિમિત્તે [**प्रतिक्रमणादिं प्रवक्ष्यामि**] હું પ્રતિક્રમણાદિ કહીશ.

**ટીકા** :—અહીં, ભેદવિજ્ઞાન દ્વારા ક્રમે નિશ્ચય-ચારિત્ર થાય છે એમ કહ્યું છે.

પૂર્વોક્ત પંચરત્નોથી શોભિત અર્થપરિજ્ઞાન (–પદાર્થોના જ્ઞાન) વડે પંચમ ગતિની પ્રાપ્તિના હેતુભૂત એવો જીવનો અને કર્મપુદ્ગલનો ભેદ-અભ્યાસ થતાં, તેમાં જ જે મુમુક્ષુઓ સર્વદા સંસ્થિત રહે છે, તેઓ તે (સતત ભેદાભ્યાસ) દ્વારા મધ્યસ્થ થાય છે અને તે કારણથી તે પરમ સંયમીઓને વાસ્તવિક ચારિત્ર થાય છે. તે ચારિત્રની અવિચળ સ્થિતિના હેતુએ પ્રતિક્રમણાદિ નિશ્ચયક્રિયા કહેવામાં આવે છે. અતીત (–ભૂતકાળના) દોષોના પરિહાર અર્થે જે પ્રાયશ્ચિત્ત કરવામાં આવે છે તે પ્રતિક્રમણ છે. 'આદિ' શબ્દથી પ્રત્યાખ્યાનાદિનો સંભવ કહેવામાં આવે છે (અર્થાત્ પ્રતિક્રમણાદિમાં જે 'આદિ' શબ્દ છે તે પ્રત્યાખ્યાન વગેરેનો પણ સમાવેશ કરવા માટે છે).

૨૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तथा चोक्तं श्रीमदमृतचन्द्रसूरिभिः—

(अनुष्टुभ्)

“भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।
अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन॥”

तथा हि—

(मालिनी)

इति सति मुनिनाथस्योच्चकैर्भेदभावे
स्वयमयमुपयोगाद्राजते मुक्तमोहः।
शमजलनिधिपूरक्षालितांहःकलंकः
स खलु समयसारस्यास्य भेदः क एषः॥११०॥

**मोत्तूण वयणरयणं रागादीभाववारणं किच्चा।**
**अप्पाणं जो झायदि तस्स दु होदि त्ति पडिकमणं॥८३॥**

---

એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૩૧મા શ્લોક દ્વારા) કહ્યું છે કે:—

“[**શ્લોકાર્થ** :—] જે કોઈ સિદ્ધ થયા છે તે ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે; જે કોઈ બંધાયા છે તે તેના જ (ભેદવિજ્ઞાનના જ) અભાવથી બંધાયા છે.”

વળી (આ ૮૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે) :—

[**શ્લોકાર્થ** :—] એ રીતે જ્યારે મુનિનાથને અત્યંત ભેદભાવ (ભેદવિજ્ઞાનપરિણામ) થાય છે, ત્યારે આ (સમયસાર) સ્વયં ઉપયોગ હોવાથી, મુક્તમોહ (મોહ રહિત) થયો થકો, શમજલનિધિના પૂરથી (ઉપશમસમુદ્રની ભરતીથી) પાપકલંકને ધોઈ નાખીને, વિરાજે (–શોભે) છે;—તે આ ખરેખર, આ સમયસારનો કેવો ભેદ છે! ૧૧૦.

**રચના વચનની છોડીને, રાગાદિભાવ નિવારીને,**
**જે જીવ ધ્યાવે આત્મને, તે જીવને પ્રતિક્રમણ છે. ૮૩.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



मुक्त्वा वचनरचनां रागादिभाववारणं कृत्वा।
आत्मानं यो ध्यायति तस्य तु भवतीति प्रतिक्रमणम्॥८३॥

दैनं दैनं मुमुक्षुजनसंस्तूयमानवाङ्मयप्रतिक्रमणनामधेयसमस्तपापक्षयहेतुभूतसूत्रसमुदयनिरासोऽयम्।

यो हि परमतपश्चरणकारणसहजवैराग्यसुधासिन्धुनाथस्य राकानिशीथिनीनाथः अप्रशस्तवचनरचनापरिमुक्तोऽपि प्रतिक्रमणसूत्रविषमवचनरचनां मुक्त्वा संसारलतामूलकंदानां निखिलमोहरागद्वेषभावानां निवारणं कृत्वाऽखंडानंदमयं निजकारणपरमात्मानं ध्यायति, तस्य खलु परमतत्त्वश्रद्धानावबोधानुष्ठानाभिमुखस्य सकलवाग्विषयव्यापारविरहितनिश्चयप्रतिक्रमणं भवतीति।

तथा चोक्तं श्रीमदमृतचंद्रसूरिभिः—

---

**અન્વયાર્થ :**—[वचनरचनां] વચનરચનાને [मुक्त्वा] છોડીને, [रागादिभाववारणं] રાગાદિભાવોનું નિવારણ [कृत्वा] કરીને, [यः] જે [आत्मानं] આત્માને [ध्यायति] ધ્યાવે છે, [तस्य तु] તેને [प्रतिक्रमणं] પ્રતિક્રમણ [भवति इति] હોય છે.

**ટીકા :**—દિને દિને મુમુક્ષુ જનો વડે ઉચ્ચારવામાં આવતો જે વચનમય પ્રતિક્રમણ નામનો સમસ્ત પાપક્ષયના હેતુભૂત સૂત્રસમુદાય તેનો આ નિરાસ છે (અર્થાત્ તેનું આમાં નિરાકરણ–ખંડન કર્યું છે).

પરમ તપશ્ચરણના કારણભૂત સહજવૈરાગ્યસુધાસાગરને માટે પૂર્ણિમાનો ચંદ્ર એવો જે જીવ (–પરમ તપનું કારણ એવો જે સહજ વૈરાગ્યરૂપી અમૃતનો સાગર તેને ઉછાળવા માટે અર્થાત્ તેમાં ભરતી લાવવા માટે જે પૂર્ણ ચંદ્ર સમાન છે એવો જે જીવ) અપ્રશસ્ત વચનરચનાથી પરિમુક્ત (–સર્વ તરફથી છૂટેલો) હોવા છતાં પ્રતિક્રમણસૂત્રની વિષમ (વિવિધ) વચનરચનાને (પણ) છોડીને સંસારલતાનાં મૂળ-કંદભૂત સમસ્ત મોહરાગદ્વેષભાવોનું નિવારણ કરીને અખંડ-આનંદમય નિજ કારણપરમાત્માને ધ્યાવે છે, તે જીવને—કે જે ખરેખર પરમતત્ત્વનાં શ્રદ્ધાન, જ્ઞાન અને અનુષ્ઠાનની સંમુખ છે તેને—વચનસંબંધી સર્વ વ્યાપાર વિનાનું નિશ્ચયપ્રતિક્રમણ હોય છે.

એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૨૪૪મા શ્લોક દ્વારા) કહ્યું છે કે:—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(मालिनी)

''अलमलमतिजल्पैर्दुर्विकल्पैरनल्पै-
रयमिह परमार्थश्चेत्यतां नित्यमेकः।
स्वरसविसरपूर्णज्ञानविस्फूर्तिमात्रा-
न्न खलु समयसारादुत्तरं किंचिदस्ति।।''

तथा हि—

(आर्या)

अतितीव्रमोहसंभवपूर्वार्जितं तत्प्रतिक्रम्य।
आत्मनि सद्बोधात्मनि नित्यं वर्तेऽहमात्मना तस्मिन्।।१११।।

**आराहणाइ वट्टइ मोत्तूण विराहणं विसेसेण।**
**सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा।।८४।।**

**आराधनायां वर्तते मुक्त्वा विराधनं विशेषेण।**
**स प्रतिक्रमणमुच्यते प्रतिक्रमणमयो भवेद्यस्मात् ।।८४।।**

---

''[**શ્લોકાર્થ** :—] બહુ કહેવાથી અને બહુ દુર્વિકલ્પોથી બસ થાઓ, બસ થાઓ; અહીં એટલું જ કહેવાનું છે કે આ પરમ અર્થને એકને જ નિરંતર અનુભવો; કારણ કે નિજ રસના ફેલાવથી પૂર્ણ જે જ્ઞાન તેના સ્ફુરાયમાન થવામાત્ર જે સમયસાર (−પરમાત્મા) તેનાથી ઊંચું ખરેખર બીજું કાંઈ પણ નથી (−સમયસાર સિવાય બીજું કાંઈ પણ સારભૂત નથી).''

વળી (આ ૮૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—

[**શ્લોકાર્થ** :—] અતિ તીવ્ર મોહની ઉત્પત્તિથી જે પૂર્વે ઉપાર્જેલું (કર્મ) તેને પ્રતિક્રમીને, હું સદ્‌બોધાત્મક (સમ્યગ્જ્ઞાનસ્વરૂપ) એવા તે આત્મામાં આત્માથી નિત્ય વર્તું છું. ૧૧૧.

છોડી સમસ્ત વિરાધના આરાધનામાં જે રહે,
તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૪.

**અન્વયાર્થ** :—[**विराधनं**] જે (જીવ) વિરાધનને [**विशेषेण**] વિશેષતઃ [**मुक्त्वा**]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**अत्रात्माराधनायां वर्तमानस्य जन्तोरेव प्रतिक्रमणस्वरूपमुक्तम्।**

**यस्तु परमतत्त्वज्ञानी जीवः निरन्तराभिमुखतया ह्यत्रुट्यत्परिणामसंतत्या साक्षात् स्वभावस्थितावात्माराधनायां वर्तते अयं निरपराधः। विगतात्माराधनः सापराधः, अत एव निरवशेषेण विराधनं मुक्त्वा। विगतो राधो यस्य परिणामस्य स विराधनः। यस्मान्निश्चयप्रतिक्रमणमयः स जीवस्तत एव प्रतिक्रमणस्वरूप इत्युच्यते।**

**तथा चोक्तं समयसारे—**

**''संसिद्धिराधसिद्धं साधियमाराधियं च एयट्ठं।**
**अवगदराधो जो खलु चेदा सो होदि अवराधो।।''**

**उक्तं हि समयसारव्याख्यायां च—**

---

છોડીને [**आराधनायां**] આરાધનામાં [**वर्तते**] વર્તે છે, [**सः**] તે (જીવ) [**प्रतिक्रमणम्**] પ્રતિક્રમણ [**उच्यते**] કહેવાય છે, [**यस्मात्**] કારણ કે તે [**प्रतिक्रमणमयः भवेत्**] પ્રતિક્રમણમય છે.

**ટીકા** :—અહીં આત્માની આરાધનામાં વર્તતા જીવને જ પ્રતિક્રમણસ્વરૂપ કહેલ છે.

જે પરમતત્ત્વજ્ઞાની જીવ નિરંતર અભિમુખપણે (–આત્મસંમુખપણે) અતૂટ (–ધારાવાહી) પરિણામસંતતિ વડે સાક્ષાત્ સ્વભાવસ્થિતિમાં—આત્માની આરાધનામાં—વર્તે છે તે નિરપરાધ છે. જે આત્માના આરાધન રહિત છે તે સાપરાધ છે; તેથી જ, નિરવશેષપણે વિરાધન છોડીને—એમ કહ્યું છે. જે પરિણામ 'વિગતરાધ' અર્થાત્ *રાધ રહિત છે તે વિરાધન છે. તે (વિરાધન વિનાનો-નિરપરાધ) જીવ નિશ્ચયપ્રતિક્રમણમય છે, તેથી જ તેને પ્રતિક્રમણસ્વરૂપ કહેવામાં આવે છે.

એવી રીતે (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી સમયસારમાં (૩૦૪મી ગાથા દ્વારા) કહ્યું છે કે :—

''[**ગાથાર્થ** :—] સંસિદ્ધિ, રાધ, સિદ્ધ, સાધિત અને આરાધિત—એ શબ્દો એકાર્થ છે; જે આત્મા 'અપગતરાધ' અર્થાત્ રાધથી રહિત છે તે આત્મા અપરાધ છે.''

શ્રી સમયસારની (અમૃતચંદ્રાચાર્યદેવકૃત આત્મખ્યાતિ નામની) ટીકામાં પણ (૧૮૭મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

---

★ રાધ = આરાધના; પ્રસન્નતા; કૃપા; સિદ્ધિ; પૂર્ણતા; સિદ્ધ કરવું તે; પૂર્ણ કરવું તે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(मालिनी)

“अनवरतमनंतैर्बध्यते सापराधः
स्पृशति निरपराधो बंधनं नैव जातु।
नियतमयमशुद्धं स्वं भजन्सापराधो
भवति निरपराधः साधु शुद्धात्मसेवी॥”

तथा हि—

(मालिनी)

अपगतपरमात्मध्यानसंभावनात्मा
नियतमिह भवार्तः सापराधः स्मृतः सः।
अनवरतमखंडाद्वैतचिद्भावयुक्तो
भवति निरपराधः कर्मसंन्यासदक्षः॥११२॥

**मोत्तूण अणायारं आयारे जो दु कुणदि थिरभावं।**
**सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा॥८५॥**

---

“[**શ્લોકાર્થ :—**] સાપરાધ આત્મા નિરંતર અનંત (પુદ્‌ગલપરમાણુરૂપ) કર્મોથી બંધાય છે; નિરપરાધ આત્મા બંધનને કદાપિ સ્પર્શતો નથી જ. જે સાપરાધ આત્મા છે તે તો નિયમથી પોતાને અશુદ્ધ સેવતો થકો સાપરાધ છે; નિરપરાધ આત્મા તો ભલી રીતે શુદ્ધ આત્માનો સેવનાર હોય છે.”

વળી (આ ૮૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—

[**શ્લોકાર્થ :—**] આ લોકમાં જે જીવ પરમાત્મધ્યાનની સંભાવના રહિત છે (અર્થાત્ જે જીવ પરમાત્માના ધ્યાનરૂપ પરિણમનથી રહિત છે—પરમાત્મધ્યાને પરિણમ્યો નથી) તે ભવાર્ત જીવ નિયમથી સાપરાધ ગણવામાં આવ્યો છે; જે જીવ નિરંતર અખંડ-અદ્વૈત-ચૈતન્યભાવથી યુક્ત છે તે કર્મસંન્યાસદક્ષ (-કર્મત્યાગમાં નિપુણ) જીવ નિરપરાધ છે. ૧૧૨.

**જે છોડી અણ-આચારને આચારમાં સ્થિરતા કરે,**
**તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૫.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



मुक्त्वानाचारमाचारे यस्तु करोति स्थिरभावम्।
स प्रतिक्रमणमुच्यते प्रतिक्रमणमयो भवेद्यस्मात् ॥८५॥

अत्र निश्चयचरणात्मकस्य परमोपेक्षासंयमधरस्य निश्चयप्रतिक्रमणस्वरूपं च भवतीत्युक्तम्।

नियतं परमोपेक्षासंयमिनः शुद्धात्माराधनाव्यतिरिक्तः सर्वोऽप्यनाचारः, अत एव सर्वमनाचारं मुक्त्वा ह्याचारे सहजचिद्विलासलक्षणनिरंजने निजपरमात्मतत्त्वभावना-स्वरूपे यः सहजवैराग्यभावनापरिणतः स्थिरभावं करोति, स परमतपोधन एव प्रतिक्रमणस्वरूप इत्युच्यते, यस्मात् परमसमरसीभावनापरिणतः सहजनिश्चयप्रतिक्रमणमयो भवतीति।

---

અન્વયાર્થ :—[यः तु] જે (જીવ) [अनाचारं] અનાચાર [मुक्त्वा] છોડીને [आचारे] આચારમાં [स्थिरभावम्] સ્થિરભાવ [करोति] કરે છે, [सः] તે (જીવ) [प्रतिक्रमणम्] પ્રતિક્રમણ [उच्यते] કહેવાય છે, [यस्मात्] કારણ કે તે [प्रतिक्रमणमयः भवेत्] પ્રતિક્રમણમય છે.

ટીકા :—અહીં (આ ગાથામાં) નિશ્ચયચરણાત્મક પરમોપેક્ષાસંયમના ધરનારને નિશ્ચયપ્રતિક્રમણનું સ્વરૂપ હોય છે એમ કહ્યું છે.

નિયમથી પરમોપેક્ષાસંયમવાળાને શુદ્ધ આત્માની આરાધના સિવાયનું બધુંય અનાચાર છે; તેથી જ સઘળો અનાચાર છોડીને સહજચિદ્‌વિલાસલક્ષણ નિરંજન નિજ પરમાત્મતત્ત્વની ભાવનાસ્વરૂપ *આચારમાં જે (પરમ તપોધન) સહજવૈરાગ્ય-ભાવનારૂપે પરિણમ્યો થકો સ્થિરભાવ કરે છે, તે પરમ તપોધન જ પ્રતિક્રમણસ્વરૂપ કહેવાય છે, કારણ કે તે પરમ સમરસીભાવનારૂપે પરિણમ્યો થકો સહજ નિશ્ચય-પ્રતિક્રમણમય છે.

[હવે આ ૮૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :]

---

★ સહજચૈતન્યવિલાસાત્મક નિર્મળ નિજ પરમાત્મતત્ત્વને ભાવવું–અનુભવવું તે જ આચારનું સ્વરૂપ છે; એવા આચારમાં જે પરમ તપોધન સ્થિરતા કરે છે તે પોતે જ પ્રતિક્રમણ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(मालिनी)

अथ निजपरमानन्दैकपीयूषसान्द्रं
स्फुरितसहजबोधात्मानमात्मानमात्मा।
निजशममयवार्भिर्निर्भरानंदभक्त्या
स्नपयतु बहुभिः किं लौकिकालापजालैः ॥११३॥

(स्रग्धरा)

मुक्त्वानाचारमुच्चैर्जननमृतकरं सर्वदोषप्रसंगं
स्थित्वात्मन्यात्मनात्मा निरुपमसहजानंददृग्ज्ञप्तिशक्तौ।
बाह्याचारप्रमुक्तः शमजलनिधिवार्बिन्दुसंदोहपूतः
सोऽयं पुण्यः पुराणः क्षपितमलकलिर्भाति लोकोद्घसाक्षी ॥११४॥

**उम्मग्गं परिचत्ता जिणमग्गे जो दु कुणदि थिरभावं।**
**सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा॥८६॥**

---

[**શ્લોકાર્થ** :—] આત્મા નિજ પરમાનંદરૂપી અદ્વિતીય અમૃતથી ગાઢ ભરેલા, [1]સ્ફુરિત-સહજ-જ્ઞાનસ્વરૂપ આત્માને નિર્ભર (–ભરચક) આનંદ-ભક્તિપૂર્વક નિજ શમમય જળ વડે સ્નાન કરાવો; બહુ લૌકિક આલાપજાળોથી શું પ્રયોજન છે (અર્થાત્ બીજા અનેક લૌકિક કથનસમૂહોથી શું કાર્ય સરે એમ છે)? ૧૧૩.

[**શ્લોકાર્થ** :—] જે આત્મા જન્મ-મરણને કરનારા, સર્વ દોષોના [2]પ્રસંગવાળા અનાચારને અત્યંત છોડીને, નિરુપમ સહજ આનંદ-દર્શન-જ્ઞાન-વીર્યવાળા આત્મામાં આત્માથી સ્થિત થઈને, બાહ્ય આચારથી મુક્ત થયો થકો, શમરૂપી સમુદ્રના જલબિંદુઓના સમૂહથી પવિત્ર થાય છે, તે આ પવિત્ર પુરાણ (–સનાતન) આત્મા મળરૂપી ક્લેશનો ક્ષય કરીને લોકનો ઉત્કૃષ્ટ સાક્ષી થાય છે. ૧૧૪.

**પરિત્યાગી જે ઉન્માર્ગને જિનમાર્ગમાં સ્થિરતા કરે,**
**તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૬.**

---

૧. સ્ફુરિત = પ્રગટ.

૨. પ્રસંગ = સંગ; સહવાસ; સંબંધ; જોડાણ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



उन्मार्गं परित्यज्य जिनमार्गे यस्तु करोति स्थिरभावम्।
स प्रतिक्रमणमुच्यते प्रतिक्रमणमयो भवेद्यस्मात् ॥८६॥

अत्र उन्मार्गपरित्यागः सर्वज्ञवीतरागमार्गस्वीकारश्चोक्तः।

यस्तु शंकाकांक्षाविचिकित्साऽन्यदृष्टिप्रशंसासंस्तवमलकलंकपंकनिर्मुक्तः शुद्धनिश्चयसद्दृष्टिः बुद्धादिप्रणीतमिथ्यादर्शनज्ञानचारित्रात्मकं मार्गाभासमुन्मार्गं परित्यज्य व्यवहारेण महादेवाधिदेवपरमेश्वरसर्वज्ञवीतरागमार्गे पंचमहाव्रतपंचसमितित्रिगुप्तिपंचेन्द्रियनिरोधषडावश्यकाद्यष्टाविंशतिमूलगुणात्मके स्थिरपरिणामं करोति, शुद्धनिश्चयनयेन सहजबोधादिशुद्धगुणालंकृते सहजपरमचित्सामान्यविशेषभासिनि निजपरमात्मद्रव्ये स्थिरभावं शुद्धचारित्रमयं करोति, स मुनिर्निश्चयप्रतिक्रमणस्वरूप इत्युच्यते, यस्मान्निश्चयप्रतिक्रमणं

---

**અન્વયાર્થઃ**—[**यः तु**] જે (જીવ) [**उन्मार्गं**] ઉન્માર્ગને [**परित्यज्य**] પરિત્યાગીને [**जिनमार्गे**] જિનમાર્ગમાં [**स्थिरभावम्**] સ્થિરભાવ [**करोति**] કરે છે, [**सः**] તે (જીવ) [**प्रतिक्रमणम्**] પ્રતિક્રમણ [**उच्यते**] કહેવાય છે, [**यस्मात्**] કારણ કે તે [**प्रतिक्रमणमयः भवेत्**] પ્રતિક્રમણમય છે.

**ટીકાઃ**—અહીં ઉન્માર્ગનો પરિત્યાગ અને સર્વજ્ઞવીતરાગ-માર્ગનો સ્વીકાર વર્ણવવામાં આવેલ છે.

જે શંકા, કાંક્ષા, વિચિકિત્સા, અન્યદૃષ્ટિપ્રશંસા અને ★અન્યદૃષ્ટિસંસ્તવરૂપ મળકલંકપંકથી વિમુક્ત (–મળકલંકરૂપી કાદવથી રહિત) શુદ્ધનિશ્ચયસમ્યગ્દૃષ્ટિ (જીવ) બુદ્ધાદિપ્રણીત મિથ્યાદર્શનજ્ઞાનચારિત્રાત્મક માર્ગાભાસરૂપ ઉન્માર્ગને પરિત્યાગીને, વ્યવહારે પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, પાંચ ઇન્દ્રિયોનો નિરોધ, છ આવશ્યક ઇત્યાદિ અઠ્ઠાવીશ મૂળગુણસ્વરૂપ મહાદેવાધિદેવ-પરમેશ્વર-સર્વજ્ઞ-વીતરાગના માર્ગમાં સ્થિર પરિણામ કરે છે, અને શુદ્ધનિશ્ચયનયે સહજજ્ઞાનાદિ શુદ્ધગુણોથી અલંકૃત, સહજ પરમ ચૈતન્યસામાન્ય અને (સહજ પરમ) ચૈતન્યવિશેષરૂપ જેનો પ્રકાશ છે એવા નિજ પરમાત્મદ્રવ્યમાં શુદ્ધચારિત્રમય સ્થિરભાવ કરે છે, (અર્થાત્ જે શુદ્ધનિશ્ચય-સમ્યગ્દૃષ્ટિ જીવ વ્યવહારે અઠ્ઠાવીશ મૂળગુણાત્મક માર્ગમાં અને નિશ્ચયે શુદ્ધ ગુણોથી શોભિત દર્શનજ્ઞાનાત્મક પરમાત્મદ્રવ્યમાં સ્થિર

---

★ અન્યદૃષ્ટિસંસ્તવ = (૧) મિથ્યાદૃષ્ટિનો પરિચય; (૨) મિથ્યાદૃષ્ટિની સ્તુતિ. (મનથી મિથ્યાદૃષ્ટિનો મહિમા કરવો તે અન્યદૃષ્ટિપ્રશંસા છે અને મિથ્યાદૃષ્ટિના મહિમાનાં વચનો બોલવાં તે અન્યદૃષ્ટિસંસ્તવ છે.)



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



परमतत्त्वगतं तत एव स तपोधनः सदा शुद्ध इति।

तथा चोक्तं प्रवचनसारव्याख्यायाम्—

(शार्दूलविक्रीडित)

''इत्येवं चरणं पुराणपुरुषैर्जुष्टं विशिष्टादरै-
रुत्सर्गादपवादतश्च विचरद्बह्वीः पृथग्भूमिकाः।
आक्रम्य क्रमतो निवृत्तिमतुलां कृत्वा यतिः सर्वत-
श्चित्सामान्यविशेषभासिनि निजद्रव्ये करोतु स्थितिम्॥''

तथा हि—

(मालिनी)

विषयसुखविरक्ताः शुद्धतत्त्वानुरक्ताः
तपसि निरतचित्ताः शास्त्रसंघातमत्ताः।
गुणमणिगणयुक्ताः सर्वसंकल्पमुक्ताः
कथममृतवधूटीवल्लभा न स्युरेते॥११५॥

---

ભાવ કરે છે,) તે મુનિ નિશ્ચય પ્રતિક્રમણસ્વરૂપ કહેવાય છે, કારણ કે તેને પરમતત્ત્વગત (–પરમાત્મતત્ત્વ સાથે સંબંધવાળું) નિશ્ચયપ્રતિક્રમણ છે તેથી જ તે તપોધન સદા શુદ્ધ છે.

એવી રીતે શ્રી પ્રવચનસારની (અમૃતચંદ્રાચાર્યદેવકૃત તત્ત્વદીપિકા નામની) ટીકામાં (૧૫મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

''[**શ્લોકાર્થ :**—] એ પ્રમાણે વિશિષ્ટ [૧]આદરવાળા પુરાણ પુરુષોએ સેવેલું, ઉત્સર્ગ અને અપવાદ દ્વારા ઘણી પૃથક્ પૃથક્ ભૂમિકાઓમાં વ્યાપતું જે ચરણ (–ચારિત્ર) તેને યતિ પ્રાપ્ત કરીને, ક્રમશઃ અતુલ નિવૃત્તિ કરીને, ચૈતન્યસામાન્ય અને ચૈતન્યવિશેષરૂપ જેનો પ્રકાશ છે એવા નિજદ્રવ્યમાં સર્વતઃ સ્થિતિ કરો.''

વળી (આ ૮૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—

[**શ્લોકાર્થ :**—] જેઓ વિષયસુખથી વિરક્ત છે, શુદ્ધ તત્ત્વમાં અનુરક્ત છે, તપમાં લીન જેમનું ચિત્ત છે, શાસ્ત્રસમૂહમાં જેઓ [૨]મત્ત છે, ગુણરૂપી મણિઓના સમુદાયથી યુક્ત

---

૧. આદર = કાળજી, સાવધાની; પ્રયત્ન; બહુમાન.

૨. મત્ત = મસ્ત; ઘેલા; અતિશય પ્રીતિવંત; અતિ આનંદિત.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



मोत्तूण सल्लभावं णिस्सल्ले जो दु साहु परिणमदि।
सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा॥८७॥

मुक्त्वा शल्यभावं निःशल्ये यस्तु साधुः परिणमति।
स प्रतिक्रमणमुच्यते प्रतिक्रमणमयो भवेद्यस्मात्॥८७॥

इह हि निःशल्यभावपरिणतमहातपोधन एव निश्चयप्रतिक्रमणस्वरूप इत्युक्तः।

निश्चयतो निःशल्यस्वरूपस्य परमात्मनस्तावद् व्यवहारनयबलेन कर्मपंकयुक्तत्वात् निदानमायामिथ्याशल्यत्रयं विद्यत इत्युपचारतः। अत एव शल्यत्रयं परित्यज्य परम-निःशल्यस्वरूपे तिष्ठति यो हि परमयोगी स निश्चयप्रतिक्रमणस्वरूप इत्युच्यते, यस्मात् स्वरूपगतवास्तवप्रतिक्रमणमस्त्येवेति।

---

છે અને સર્વ સંકલ્પોથી મુક્ત છે, તેઓ મુક્તિસુંદરીના વલ્લભ કેમ ન થાય? (અવશ્ય થાય જ.) ૧૧૫.

જે સાધુ છોડી શલ્યને નિઃશલ્યભાવે પરિણમે,
તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૭.

**અન્વયાર્થ :**—[**यः तु साधुः**] જે સાધુ [**शल्यभावं**] શલ્યભાવ [**मुक्त्वा**] છોડીને [**निःशल्ये**] નિઃશલ્યભાવે [**परिणमति**] પરિણમે છે, [**सः**] તે (સાધુ) [**प्रतिक्रमणम्**] પ્રતિક્રમણ [**उच्यते**] કહેવાય છે, [**यस्मात्**] કારણ કે તે [**प्रतिक्रमणमयः भवेत्**] પ્રતિક્રમણમય છે.

**ટીકા :**—અહીં નિઃશલ્યભાવે પરિણત મહાતપોધનને જ નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ કહેલ છે.

પ્રથમ તો, નિશ્ચયથી નિઃશલ્યસ્વરૂપ પરમાત્માને, વ્યવહારનયના બળે કર્મપંકથી યુક્તપણું હોવાને લીધે (–વ્યવહારનયે કર્મરૂપી કાદવ સાથે સંબંધ હોવાને લીધે) 'તેને નિદાન, માયા અને મિથ્યાત્વરૂપી ત્રણ શલ્યો વર્તે છે' એમ ઉપચારથી કહેવાય છે. આમ હોવાથી જ ત્રણ શલ્યો પરિત્યાગીને જે પરમ યોગી પરમ નિઃશલ્ય સ્વરૂપમાં રહે છે તેને નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ કહેવામાં આવે છે, કારણ કે તેને સ્વરૂપગત (–નિજ સ્વરૂપ સાથે સંબંધવાળું) વાસ્તવિક પ્રતિક્રમણ છે જ.

[હવે આ ૮૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(अनुष्टुभ्)

शल्यत्रयं परित्यज्य निःशल्ये परमात्मनि।
स्थित्वा विद्वान्सदा शुद्धमात्मानं भावयेत्स्फुटम् ॥११६॥

(पृथ्वी)

कषायकलिरंजितं त्यजतु चित्तमुच्चैर्भवान्
भवभ्रमणकारणं स्मरशराग्निदग्धं मुहुः।
स्वभावनियतं सुखं विधिवशादनासादितं
भज त्वमलिनं यते प्रबलसंसृतेर्भीतितः ॥११७॥

**चत्ता अगुत्तिभावं तिगुत्तिगुत्तो हवेइ जो साहू।**
**सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा ॥८८॥**

त्यक्त्वा अगुप्तिभावं त्रिगुप्तिगुप्तो भवेद्यः साधुः।
स प्रतिक्रमणमुच्यते प्रतिक्रमणमयो भवेद्यस्मात् ॥८८॥

---

[**શ્લોકાર્થ :—**] ત્રણ શલ્યને પરિત્યાગી, નિઃશલ્ય પરમાત્મામાં સ્થિત રહી, વિદ્વાને સદા શુદ્ધ આત્માને સ્ફુટપણે ભાવવો. ૧૧૬.

[**શ્લોકાર્થ :—**] હે યતિ ! જે (ચિત્ત) ભવભ્રમણનું કારણ છે અને વારંવાર કામબાણના અગ્નિથી દગ્ધ છે—એવા કષાયક્લેશથી રંગાયેલા ચિત્તને તું અત્યંત છોડ; જે વિધિવશાત્ (–કર્મવશપણાને લીધે) અપ્રાપ્ત છે એવા નિર્મળ *સ્વભાવનિયત સુખને તું પ્રબળ સંસારની ભીતિથી ડરીને ભજ. ૧૧૭.

**જે સાધુ છોડી અગુપ્તિભાવ ત્રિગુપ્તિગુપ્તપણે રહે,**
**તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૮.**

**અન્વયાર્થ :—**[**यः साधुः**] જે સાધુ [**अगुप्तिभावं**] અગુપ્તિભાવ [**त्यक्त्वा**] તજીને [**त्रिगुप्तिगुप्तः भवेत्**] ત્રિગુપ્તિગુપ્ત રહે છે, [**सः**] તે (સાધુ) [**प्रतिक्रमणम्**] પ્રતિક્રમણ [**उच्यते**] કહેવાય છે, [**यस्मात्**] કારણ કે તે [**प्रतिक्रमणमयः भवेत्**] પ્રતિક્રમણમય છે.

---

★ સ્વભાવનિયત = સ્વભાવમાં નિશ્ચિત રહેલ; સ્વભાવમાં નિયમથી રહેલ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



त्रिगुप्तिगुप्तलक्षणपरमतपोधनस्य निश्चयचारित्राख्यानमेतत्।

यः परमतपश्चरणसरःसरसिरुहाकरचंडचंडरश्मिरत्यासन्नभव्यो मुनीश्वरः बाह्यप्रपंचरूपम् अगुप्तिभावं त्यक्त्वा त्रिगुप्तिगुप्तनिर्विकल्पपरमसमाधिलक्षणलक्षितम् अत्यपूर्वमात्मानं ध्यायति, यस्मात् प्रतिक्रमणमयः परमसंयमी अत एव स च निश्चयप्रतिक्रमणस्वरूपो भवतीति।

(हरिणी)

अथ तनुमनोवाचां त्यक्त्वा सदा विकृतिं मुनिः
सहजपरमां गुप्तिं संज्ञानपुंजमयीमिमाम्।
भजतु परमां भव्यः शुद्धात्मभावनया समं
भवति विशदं शीलं तस्य त्रिगुप्तिमयस्य तत्॥११८॥

**मोत्तूण अट्टरुद्दं झाणं जो झादि धम्मसुक्कं वा।**
**सो पडिकमणं उच्चइ जिणवरणिद्दिट्ठसुत्तेसु॥८९॥**

मुक्त्वार्तरौद्रं ध्यानं यो ध्यायति धर्मशुक्लं वा।
स प्रतिक्रमणमुच्यते जिनवरनिर्दिष्टसूत्रेषु॥८९॥

---

**ટીકા** :—ત્રિગુપ્તિગુપ્તપણું (-ત્રણ ગુપ્તિ વડે ગુપ્તપણું) જેનું લક્ષણ છે એવા પરમ તપોધનને નિશ્ચયચારિત્ર હોવાનું આ કથન છે.

પરમ તપશ્ચરણરૂપી સરોવરના કમળસમૂહ માટે પ્રચંડ સૂર્ય સમાન એવા જે અતિ-આસન્નભવ્ય મુનીશ્વર બાહ્ય પ્રપંચરૂપ અગુપ્તિભાવ તજીને, ત્રિગુપ્તિગુપ્ત-નિર્વિકલ્પ-પરમસમાધિલક્ષણથી લક્ષિત અતિ-અપૂર્વ આત્માને ધ્યાવે છે, તે મુનીશ્વર પ્રતિક્રમણમય પરમસંયમી હોવાથી જ નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ છે.

[હવે આ ૮૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

[**શ્લોકાર્થ** :—] મન-વચન-કાયની વિકૃતિને સદા તજીને, ભવ્ય મુનિ સમ્યગ્જ્ઞાનના પુંજમયી આ સહજ પરમ ગુપ્તિને શુદ્ધાત્માની ભાવના સહિત ઉત્કૃષ્ટપણે ભજો. ત્રિગુપ્તિમય એવા તે મુનિનું તે ચારિત્ર નિર્મળ છે. ૧૧૮.

**તજી આર્ત તેમ જ રૌદ્રને, ધ્યાવે ધરમને, શુક્લને,**
**તે પ્રતિક્રમણ કહેવાય છે જિનવરકથિત સૂત્રો વિષે. ૮૯.**

**અન્વયાર્થ** :—[यः] જે (જીવ) [आर्तरौद्रं ध्यानं] આર્ત અને રૌદ્ર ધ્યાન [मुक्त्वा]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ध्यानविकल्पस्वरूपाख्यानमेतत् ।

**स्वदेशत्यागात् द्रव्यनाशात् मित्रजनविदेशगमनात् कमनीयकामिनीवियोगात् अनिष्टसंयोगाद्वा समुपजातमार्तध्यानम्, चौरजारशात्रवजनवधबंधननिबद्धमहद्द्वेषजनित-रौद्रध्यानं च, एतद्द्वितयम् अपरिमितस्वर्गापवर्गसुखप्रतिपक्षं संसारदुःखमूलत्वान्निरवशेषेण त्यक्त्वा, स्वर्गापवर्गनिःसीमसुखमूलस्वात्माश्रितनिश्चयपरमधर्मध्यानम्, ध्यानध्येयविविध-विकल्पविरहितान्तर्मुखाकारसकलकरणग्रामातीतनिर्भेदपरमकलासनाथनिश्चयशुक्लध्यानं च ध्यात्वा यः परमभावभावनापरिणतः भव्यवरपुंडरीकः निश्चयप्रतिक्रमणस्वरूपो भवति, परमजिनेन्द्रवदनारविन्दविनिर्गतद्रव्यश्रुतेषु विदितमिति। ध्यानेषु च चतुर्षु हेयमाद्यं ध्यानद्वितयं, त्रितयं तावदुपादेयं, सर्वदोपादेयं च चतुर्थमिति।**

---

છોડીને [**धर्मशुक्लं वा**] ધર્મ અથવા શુક્લ ધ્યાનને [**ध्यायति**] ધ્યાવે છે, [**सः**] તે (જીવ) [**जिनवरनिर्दिष्टसूत्रेषु**] જિનવરકથિત સૂત્રોમાં [**प्रतिक्रमणम्**] પ્રતિક્રમણ [**उच्यते**] કહેવાય છે.

**ટીકા** :—આ, ધ્યાનના ભેદોના સ્વરૂપનું કથન છે.

(૧) સ્વદેશના ત્યાગથી, દ્રવ્યના નાશથી, મિત્રજનના વિદેશગમનથી, કમનીય (ઇષ્ટ, સુંદર) કામિનીના વિયોગથી અથવા અનિષ્ટના સંયોગથી ઊપજતું જે આર્તધ્યાન, તથા (૨) ચોર-જાર-શત્રુજનોનાં વધ-બંધન સંબંધી મહા દ્વેષથી ઊપજતું જે રૌદ્રધ્યાન, તે બન્ને ધ્યાનો સ્વર્ગ અને મોક્ષના અપરિમિત સુખથી પ્રતિપક્ષ સંસારદુઃખનાં મૂળ હોવાને લીધે તે બન્નેને નિરવશેષપણે (સર્વથા) છોડીને, (૩) સ્વર્ગ અને મોક્ષના નિઃસીમ (-બેહદ) સુખનું મૂળ એવું જે સ્વાત્માશ્રિત નિશ્ચય-પરમધર્મધ્યાન, તથા (૪) ધ્યાન ને ધ્યેયના વિવિધ વિકલ્પો રહિત, *અંતર્મુખાકાર, સકળ ઇન્દ્રિયોના સમૂહથી અતીત (-સમસ્ત ઇન્દ્રિયાતીત) અને નિર્ભેદ પરમ કળા સહિત એવું જે નિશ્ચય-શુક્લધ્યાન, તેમને ધ્યાઈને, જે ભવ્યવરપુંડરીક (-ભવ્યોત્તમ) પરમભાવની (પારિણામિક ભાવની) ભાવનારૂપે પરિણમ્યો છે, તે નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ છે—એમ પરમ જિનેંદ્રના મુખારવિંદથી નીકળેલાં દ્રવ્યશ્રુતમાં કહ્યું છે.

ચાર ધ્યાનોમાં પહેલાં બે ધ્યાન હેય છે, ત્રીજું પ્રથમ તો ઉપાદેય છે અને ચોથું સર્વદા ઉપાદેય છે.

---

★ અંતર્મુખાકાર = અંતર્મુખ જેનો આકાર અર્થાત્ સ્વરૂપ છે એવું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**तथा चोक्तम्—**

(अनुष्टुभ्)

**''निष्क्रियं करणातीतं ध्यानध्येयविवर्जितम्।**
**अन्तर्मुखं तु यद्ध्यानं तच्छुक्लं योगिनो विदुः॥''**

(वसंततिलका)

**ध्यानावलीमपि च शुद्धनयो न वक्ति**
**व्यक्तं सदाशिवमये परमात्मतत्त्वे।**
**सास्तीत्युवाच सततं व्यवहारमार्ग-**
**स्तत्त्वं जिनेन्द्र तदहो महदिन्द्रजालम्॥११९॥**

(वसंततिलका)

**सद्बोधमंडनमिदं परमात्मतत्त्वं**
**मुक्तं विकल्पनिकरैरखिलैः समन्तात्।**
**नास्त्येष सर्वनयजातगतप्रपंचो**
**ध्यानावली कथय सा कथमत्र जाता॥१२०॥**

---

એવી રીતે (અન્યત્ર શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

''[**શ્લોકાર્થ** :—] જે ધ્યાન નિષ્ક્રિય છે, ઇન્દ્રિયાતીત છે, ધ્યાનધ્યેયવિવર્જિત (અર્થાત્ ધ્યાન ને ધ્યેયના વિકલ્પો રહિત) છે અને અંતર્મુખ છે, તે ધ્યાનને યોગીઓ શુક્લધ્યાન કહે છે.''

[હવે આ ૮૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :]

[**શ્લોકાર્થ** :—] પ્રગટપણે સદાશિવમય (–નિરંતર કલ્યાણમય) એવા પરમાત્મતત્ત્વને વિષે *ધ્યાનાવલી હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી. 'તે છે (અર્થાત્ ધ્યાનાવલી આત્મામાં છે)' એમ (માત્ર) વ્યવહારમાર્ગે સતત કહ્યું છે. હે જિનેંદ્ર! આવું તે તત્ત્વ (–તેં નય દ્વારા કહેલું વસ્તુસ્વરૂપ), અહો! મહા ઇન્દ્રજાળ છે. ૧૧૯.

[**શ્લોકાર્થ** :—] સમ્યગ્જ્ઞાનનું આભૂષણ એવું આ પરમાત્મતત્ત્વ સમસ્ત વિકલ્પ-સમૂહોથી સર્વતઃ મુક્ત (–સર્વ તરફથી રહિત) છે. (આમ) સર્વનયસમૂહ સંબંધી આ પ્રપંચ

---

★ ધ્યાનાવલિ = ધ્યાનપંક્તિ; ધ્યાનપરંપરા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**मिच्छत्तपहुदिभावा पुव्वं जीवेण भाविया सुइरं।**
**सम्मत्तपहुदिभावा अभाविया होंति जीवेण॥९०॥**

**मिथ्यात्वप्रभृतिभावाः पूर्वं जीवेन भाविताः सुचिरम्।**
**सम्यक्त्वप्रभृतिभावाः अभाविता भवन्ति जीवेन॥९०॥**

आसन्नानासन्नभव्यजीवपूर्वापरपरिणामस्वरूपोपन्यासोऽयम्।

मिथ्यात्वाव्रतकषाययोगपरिणामास्सामान्यप्रत्ययाः, तेषां विकल्पास्त्रयोदश भवन्ति 'मिच्छादिट्ठीआदी जाव सजोगिस्स चरमंतं' इति वचनात्, मिथ्यादृष्टिगुणस्थानादिसयोगि-गुणस्थानचरमसमयपर्यंतस्थिता इत्यर्थः।

अनासन्नभव्यजीवेन निरंजननिजपरमात्मतत्त्वश्रद्धानविकलेन पूर्वं सुचिरं भाविताः खलु

---

પરમાત્મતત્ત્વમાં નથી તો પછી તે ધ્યાનાવલી આમાં કઈ રીતે ઊપજી (અર્થાત્ ધ્યાનાવલી આ પરમાત્મતત્ત્વમાં કેમ હોઈ શકે) તે કહો. ૧૨૦.

**મિથ્યાત્વ-આદિક ભાવને ચિરકાળ ભાવ્યા છે જીવે;**
**સમ્યક્ત્વ-આદિક ભાવ રે! ભાવ્યા નથી પૂર્વે જીવે. ૯૦.**

**અન્વયાર્થ :**—[**मिथ्यात्वप्रभृतिभावाः**] મિથ્યાત્વાદિ ભાવો [**जीवेन**] જીવે [**पूर्वं**] પૂર્વે [**सुचिरम्**] સુચિર કાળ (બહુ દીર્ઘ કાળ) [**भाविताः**] ભાવ્યા છે; [**सम्यक्त्वप्रभृतिभावाः**] સમ્યક્ત્વાદિ ભાવો [**जीवेन**] જીવે [**अभाविताः भवन्ति**] ભાવ્યા નથી.

**ટીકા :**—આ, આસન્નભવ્ય અને અનાસન્નભવ્ય જીવના પૂર્વાપર (–પહેલાંના અને પછીના) પરિણામના સ્વરૂપનું કથન છે.

મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગરૂપ પરિણામો સામાન્ય પ્રત્યયો (આસ્રવો) છે; તેમના ભેદ તેર છે, કારણ કે '★**मिच्छादिट्ठीआदी जाव सजोगिस्स चरमंतं**' એવું (શાસ્ત્રનું) વચન છે; મિથ્યાદ્રષ્ટિગુણસ્થાનથી માંડીને સયોગીગુણસ્થાનના છેલ્લા સમય સુધી પ્રત્યયો હોય છે —એવો અર્થ છે.

નિરંજન નિજ પરમાત્મતત્ત્વના શ્રદ્ધાન રહિત અનાસન્નભવ્ય જીવે ખરેખર સામાન્ય

---

★ અર્થ :—(પ્રત્યયોનો, તેર પ્રકારનો ભેદ કહેવામાં આવ્યો છે–) મિથ્યાદ્રષ્ટિગુણસ્થાનથી માંડીને સયોગકેવળીગુણસ્થાનના ચરમ સમય સુધીનો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**सामान्यप्रत्ययाः, तेन स्वरूपविकलेन बहिरात्मजीवेनानासादितपरमनैष्कर्म्यचरित्रेण सम्यग्दर्शनज्ञानचारित्राणि न भावितानि भवन्तीति। अस्य मिथ्यादृष्टेर्विपरीतगुणनिचय-संपन्नोऽत्यासन्नभव्यजीवः। अस्य सम्यग्ज्ञानभावना कथमिति चेत्—**

**तथा चोक्तं श्रीगुणभद्रस्वामिभिः—**

(अनुष्टुभ्)

**"भावयामि भवावर्ते भावनाः प्रागभाविताः।**
**भावये भाविता नेति भवाभावाय भावनाः॥"**

**तथा हि—**

(मालिनी)

**अथ भवजलराशौ मग्नजीवेन पूर्वं**
**किमपि वचनमात्रं निर्वृतेः कारणं यत्।**
**तदपि भवभवेषु श्रूयते वाह्यते वा**
**न च न च बत कष्टं सर्वदा ज्ञानमेकम्॥१२१॥**

---

પ્રત્યયોને પૂર્વે સુચિર કાળ ભાવ્યા છે; જેણે પરમ નૈષ્કર્મ્યરૂપ ચારિત્ર પ્રાપ્ત કર્યું નથી એવા તે સ્વરૂપશૂન્ય બહિરાત્મ-જીવે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર ભાવ્યાં નથી. આ મિથ્યાદૃષ્ટિ જીવથી વિપરીત ગુણસમુદાયવાળો અતિ-આસન્નભવ્ય જીવ હોય છે.

આ (અતિનિકટભવ્ય) જીવને સમ્યગ્જ્ઞાનની ભાવના કયા પ્રકારે હોય છે એમ પ્રશ્ન કરવામાં આવે તો (આચાર્યવર) શ્રી ગુણભદ્રસ્વામીએ (આત્માનુશાસનમાં ૨૩૮મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

"[**શ્લોકાર્થ :—**] ★ભવાવર્તમાં પૂર્વે નહિ ભાવેલી ભાવનાઓ (હવે) હું ભાવું છું. તે ભાવનાઓ (પૂર્વે) નહિ ભાવી હોવાથી હું ભવના અભાવ માટે તેમને ભાવું છું (કારણ કે ભવનો અભાવ તો ભવભ્રમણના કારણભૂત ભાવનાઓથી વિરુદ્ધ પ્રકારની, પૂર્વે નહિ ભાવેલી એવી અપૂર્વ ભાવનાઓથી જ થાય)."

વળી (આ ૯૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—

[**શ્લોકાર્થ :—**] જે મોક્ષનું કાંઈક કથનમાત્ર (–કહેવામાત્ર) કારણ છે તેને પણ

---

★ ભવાવર્ત = ભવ-આવર્ત; ભવનો ચકરાવો; ભવનું વમળ; ભવ-પરાવર્ત.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



मिच्छादंसणणाणचरित्तं चइऊण णिरवसेसेण।
सम्मत्तणाणचरणं जो भावइ सो पडिक्कमणं॥९१॥

मिथ्यादर्शनज्ञानचरित्रं त्यक्त्वा निरवशेषेण।
सम्यक्त्वज्ञानचरणं यो भावयति स प्रतिक्रमणम्॥९१॥

अत्र सम्यग्दर्शनज्ञानचारित्राणां निरवशेषस्वीकारेण मिथ्यादर्शनज्ञानचारित्राणां निरवशेषत्यागेन च परममुमुक्षोर्निश्चयप्रतिक्रमणं च भवति इत्युक्तम्।

भगवदर्हत्परमेश्वरमार्गप्रतिकूलमार्गाभासमार्गश्रद्धानं मिथ्यादर्शनं, तत्रैवावस्तुनि वस्तुबुद्धिर्मिथ्याज्ञानं, तन्मार्गाचरणं मिथ्याचारित्रं च, एतत्त्रितयमपि निरवशेषं त्यक्त्वा, अथवा स्वात्मश्रद्धानपरिज्ञानानुष्ठानरूपविमुखत्वमेव मिथ्यादर्शनज्ञानचारित्रात्मकरत्नत्रयम्, एतदपि

---

(અર્થાત્ વ્યવહાર-રત્નત્રયને પણ) ભવસાગરમાં ડૂબેલા જીવે પૂર્વે ભવભવમાં (–ઘણા ભવોમાં) સાંભળ્યું છે અને આચર્યું (–અમલમાં મૂક્યું) છે; પરંતુ અરેરે ! ખેદ છે કે જે સર્વદા એક જ્ઞાન છે તેને (અર્થાત્ જે સદા એક જ્ઞાનસ્વરૂપ જ છે એવા પરમાત્મતત્ત્વને) જીવે સાંભળ્યું-આચર્યું નથી, નથી. ૧૨૧.

નિ:શેષ મિથ્યાજ્ઞાન-દર્શન-ચરણને પરિત્યાગીને
સુજ્ઞાન-દર્શન-ચરણ ભાવે, જીવ તે પ્રતિક્રમણ છે. ૯૧.

**અન્વયાર્થ :**—[**मिथ्यादर्शनज्ञानचरित्रं**] મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્રને [**निरवशेषेण**] નિરવશેષપણે [**त्यक्त्वा**] છોડીને [**सम्यक्त्वज्ञानचरणं**] સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રને [**यः**] જે (જીવ) [**भावयति**] ભાવે છે, [**सः**] તે (જીવ) [**प्रतिक्रमणम्**] પ્રતિક્રમણ છે.

**ટીકા :**—અહીં (આ ગાથામાં), સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રનો નિરવશેષ (–સંપૂર્ણ) સ્વીકાર કરવાથી અને મિથ્યાદર્શનજ્ઞાનચારિત્રનો નિરવશેષ ત્યાગ કરવાથી પરમ મુમુક્ષુને નિશ્ચયપ્રતિક્રમણ હોય છે એમ કહ્યું છે.

ભગવાન અર્હત્ પરમેશ્વરના માર્ગથી પ્રતિકૂળ માર્ગાભાસમાં માર્ગનું શ્રદ્ધાન તે મિથ્યાદર્શન છે, તેમાં જ કહેલી અવસ્તુમાં વસ્તુબુદ્ધિ તે મિથ્યાજ્ઞાન છે અને તે માર્ગનું આચરણ તે મિથ્યાચારિત્ર છે;—આ ત્રણેને નિરવશેષપણે છોડીને. અથવા, નિજ આત્માનાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



त्यक्त्वा। त्रिकालनिरावरणनित्यानंदैकलक्षणनिरंजननिजपरमपारिणामिकभावात्मककारण-परमात्मा ह्यात्मा, तत्स्वरूपश्रद्धानपरिज्ञानाचरणस्वरूपं हि निश्चयरत्नत्रयम्; एवं भगवत्पर-मात्मसुखाभिलाषी यः परमपुरुषार्थपरायणः शुद्धरत्नत्रयात्मकम् आत्मानं भावयति स परमतपोधन एव निश्चयप्रतिक्रमणस्वरूप इत्युक्तः।

(वसंततिलका)

त्यक्त्वा विभावमखिलं व्यवहारमार्ग-
रत्नत्रयं च मतिमान्निजतत्त्ववेदी।
शुद्धात्मतत्त्वनियतं निजबोधमेकं
श्रद्धानमन्यदपरं चरणं प्रपेदे॥१२२॥

**उत्तमअट्ठं आदा तम्हि ठिदा हणदि मुणिवरा कम्मं।**
**तम्हा दु झाणमेव हि उत्तमअट्ठस्स पडिकमणं॥९२॥**

---

શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનના રૂપથી વિમુખપણું તે જ મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રાત્મક (મિથ્યા) રત્નત્રય છે;—આને પણ (નિરવશેષપણે) છોડીને. ત્રિકાળ-નિરાવરણ, નિત્ય આનંદ જેનું એક લક્ષણ છે એવો, નિરંજન નિજ પરમપારિણામિકભાવસ્વરૂપ કારણપરમાત્મા તે આત્મા છે; તેના સ્વરૂપનાં શ્રદ્ધાન-જ્ઞાન-આચરણનું રૂપ તે ખરેખર નિશ્ચયરત્નત્રય છે;—આમ ભગવાન પરમાત્માના સુખનો અભિલાષી એવો જે પરમપુરુષાર્થપરાયણ (પરમ તપોધન) શુદ્ધરત્નત્રયાત્મક આત્માને ભાવે છે, તે પરમ તપોધનને જ (શાસ્ત્રમાં) નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ કહ્યો છે.

[હવે આ ૯૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** સમસ્ત વિભાવને તથા વ્યવહારમાર્ગના રત્નત્રયને છોડીને નિજ-તત્ત્વવેદી (નિજ આત્મતત્ત્વને જાણનાર–અનુભવનાર) મતિમાન પુરુષ શુદ્ધ આત્મતત્ત્વમાં નિયત (–શુદ્ધાત્મતત્ત્વપરાયણ) એવું જે એક નિજજ્ઞાન, બીજું શ્રદ્ધાન અને વળી બીજું ચારિત્ર તેનો આશ્રય કરે છે. ૧૨૨.

**આત્મા જ ઉત્તમ-અર્થ છે, તત્રસ્થ મુનિ કર્મો હણે;**
**તે કારણે બસ ધ્યાન ઉત્તમ-અર્થનું પ્રતિક્રમણ છે. ૯૨.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

उत्तमार्थ आत्मा तस्मिन् स्थिता घ्नन्ति मुनिवराः कर्म।
तस्मात्तु ध्यानमेव हि उत्तमार्थस्य प्रतिक्रमणम्॥९२॥

अत्र निश्चयोत्तमार्थप्रतिक्रमणस्वरूपमुक्तम्।

इह हि जिनेश्वरमार्गे मुनीनां सल्लेखनासमये हि द्विचत्वारिंशद्भिराचार्यैर्दत्तोत्तमार्थप्रतिक्रमणाभिधानेन देहत्यागो धर्मो व्यवहारेण। निश्चयेन नवार्थेषूत्तमार्थो ह्यात्मा तस्मिन् सच्चिदानंदमयकारणसमयसारस्वरूपे तिष्ठन्ति ये तपोधनास्ते नित्यमरणभीरवः, अत एव कर्मविनाशं कुर्वन्ति। तस्मादध्यात्मभाषयोक्तभेदकरणध्यानध्येयविकल्पविरहितनिरवशेषेणान्तर्मुखाकारसकलेन्द्रियागोचरनिश्चयपरमशुक्लध्यानमेव निश्चयोत्तमार्थप्रतिक्रमणमित्यवबोद्धव्यम्। किं च, निश्चयोत्तमार्थप्रतिक्रमणं स्वात्माश्रयनिश्चयधर्मशुक्लध्यानमयत्वादमृतकुंभस्वरूपं भवति, व्यवहारोत्तमार्थप्रतिक्रमणं व्यवहारधर्मध्यानमयत्वाद्विषकुंभस्वरूपं भवति।

---

**અન્વયાર્થ :**—[उत्तमार्थः] ઉત્તમાર્થ (–ઉત્તમ પદાર્થ) [आत्मा] આત્મા છે. [तस्मिन् स्थिताः] તેમાં સ્થિત [मुनिवराः] મુનિવરો [कर्म घ्नन्ति] કર્મને હણે છે. [तस्मात् तु] તેથી [ध्यानम् एव] ધ્યાન જ [हि] ખરેખર [उत्तमार्थस्य] ઉત્તમાર્થનું [प्रतिक्रमणम्] પ્રતિક્રમણ છે.

**ટીકા :**—અહીં (આ ગાથામાં), નિશ્ચય-ઉત્તમાર્થપ્રતિક્રમણનું સ્વરૂપ કહ્યું છે.

જિનેશ્વરના માર્ગમાં મુનિઓની સલ્લેખનાના વખતે, બેંતાલીસ આચાર્યો વડે, જેનું નામ ઉત્તમાર્થપ્રતિક્રમણ છે તે આપવામાં આવતું હોવાને લીધે, દેહત્યાગ વ્યવહારથી ધર્મ છે. નિશ્ચયથી—નવ અર્થોમાં ઉત્તમ અર્થ આત્મા છે; સચ્ચિદાનંદમય કારણસમયસારસ્વરૂપ એવા તે આત્મામાં જે તપોધનો સ્થિત રહે છે, તે તપોધનો નિત્ય મરણભીરુ છે; તેથી જ તેઓ કર્મનો વિનાશ કરે છે. માટે અધ્યાત્મભાષાએ, પૂર્વોક્ત *ભેદકરણ વિનાનું, ધ્યાન અને ધ્યેયના વિકલ્પો રહિત, નિરવશેષપણે અંતર્મુખ જેનો આકાર છે એવું અને સકળ ઇન્દ્રિયોથી અગોચર નિશ્ચય-પરમશુક્લધ્યાન જ નિશ્ચય-ઉત્તમાર્થપ્રતિક્રમણ છે એમ જાણવું.

વળી, નિશ્ચય-ઉત્તમાર્થપ્રતિક્રમણ સ્વાત્માશ્રિત એવાં નિશ્ચયધર્મધ્યાન અને નિશ્ચય-શુક્લધ્યાનમય હોવાથી અમૃતકુંભસ્વરૂપ છે; વ્યવહાર-ઉત્તમાર્થપ્રતિક્રમણ વ્યવહારધર્મધ્યાનમય હોવાથી વિષકુંભસ્વરૂપ છે.

---

★ ભેદકરણ = ભેદ કરવા તે; ભેદ પાડવા તે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**तथा चोक्तं समयसारे—**

**''पडिकमणं पडिसरणं परिहारो धारणा णियत्ती य।**
**णिंदा गरहा सोही अट्ठविहो होइ विसकुंभो।।''**

**तथा चोक्तं समयसारव्याख्यायाम्—**

(वसंततिलका)

**''यत्र प्रतिक्रमणमेव विषं प्रणीतं**
**तत्राप्रतिक्रमणमेव सुधा कुतः स्यात्।**
**तत्किं प्रमाद्यति जनः प्रपतन्नधोऽधः**
**किं नोर्ध्वमूर्ध्वमधिरोहति निष्प्रमादः।।''**

---

એવી રીતે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી સમયસારમાં (૩૦૬મી ગાથા દ્વારા) કહ્યું છે કે :—

''[**ગાથાર્થ :—**] [૧]પ્રતિક્રમણ, [૨]પ્રતિસરણ, [૩]પરિહાર, [૪]ધારણા, [૫]નિવૃત્તિ, [૬]નિંદા, [૭]ગર્હા અને [૮]શુદ્ધિ—એ આઠ પ્રકારનો વિષકુંભ છે.''

વળી એવી રીતે શ્રી સમયસારની (અમૃતચંદ્રાચાર્યદેવકૃત આત્મખ્યાતિ નામની) ટીકામાં (૧૮૯મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

''[**શ્લોકાર્થ :—**] (અરે! ભાઈ,) જ્યાં પ્રતિક્રમણને જ વિષ કહ્યું છે, ત્યાં અપ્રતિક્રમણ અમૃત ક્યાંથી હોય? (અર્થાત્ ન જ હોય.) તો પછી માણસો નીચે નીચે પડતા થકા પ્રમાદી કાં થાય છે? નિષ્પ્રમાદી થયા થકા ઊંચે ઊંચે કાં ચડતા નથી?''

---

૧. પ્રતિક્રમણ = કરેલા દોષોનું નિરાકરણ કરવું તે

૨. પ્રતિસરણ = સમ્યક્ત્વાદિ ગુણોમાં પ્રેરણા

૩. પરિહાર = મિથ્યાત્વરાગાદિ દોષોનું નિવારણ

૪. ધારણા = પંચનમસ્કારાદિ મંત્ર, પ્રતિમા વગેરે બાહ્ય દ્રવ્યોના આલંબન વડે ચિત્તને સ્થિર કરવું તે

૫. નિવૃત્તિ = બાહ્ય વિષયકષાયાદિ ઇચ્છામાં વર્તતા ચિત્તને પાછું વાળવું તે

૬. નિંદા = આત્મસાક્ષીએ દોષોનું પ્રગટ કરવું તે

૭. ગર્હા = ગુરુસાક્ષીએ દોષોનું પ્રગટ કરવું તે

૮. શુદ્ધિ = દોષ થતાં પ્રાયશ્ચિત્ત લઈને વિશુદ્ધિ કરવી તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**तथा हि—**

(मंदाक्रांता)

**आत्मध्यानादपरमखिलं घोरसंसारमूलं**
**ध्यानध्येयप्रमुखसुतपःकल्पनामात्ररम्यम् ।**
**बुद्ध्वा धीमान् सहजपरमानन्दपीयूषपूरे**
**निर्मज्जन्तं सहजपरमात्मानमेकं प्रपेदे ।।१२३।।**

**झाणणिलीणो साहू परिचागं कुणइ सव्वदोसाणं।**
**तम्हा दु झाणमेव हि सव्वदिचारस्स पडिकमणं ।।९३।।**

**ध्याननिलीनः साधुः परित्यागं करोति सर्वदोषाणाम् ।**
**तस्मात्तु ध्यानमेव हि सर्वातिचारस्य प्रतिक्रमणम् ।।९३।।**

**अत्र ध्यानमेकमुपादेयमित्युक्तम् ।**

---

વળી (આ ૯૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—

[**શ્લોકાર્થ :—**] આત્મધ્યાન સિવાયનું બીજું બધું ઘોર સંસારનું મૂળ છે, (અને) ધ્યાન-ધ્યેયાદિક સુતપ (અર્થાત્ ધ્યાન, ધ્યેય વગેરેના વિકલ્પવાળું શુભ તપ પણ) કલ્પનામાત્ર રમ્ય છે;—આવું જાણીને ધીમાન (–બુદ્ધિમાન પુરુષ) સહજ પરમાનંદરૂપી પીયૂષના પૂરમાં ડૂબતા (–લીન થતા) એવા સહજ પરમાત્માનો એકનો આશ્રય કરે છે. ૧૨૩.

**રહી ધ્યાનમાં તલ્લીન, છોડે સાધુ દોષ સમસ્તને;**
**તે કારણે બસ ધ્યાન સૌ અતિચારનું પ્રતિક્રમણ છે. ૯૩.**

**અન્વયાર્થ :—**[**ध्याननिलीनः**] ધ્યાનમાં લીન [**साधुः**] સાધુ [**सर्वदोषाणाम्**] સર્વ દોષોનો [**परित्यागं**] પરિત્યાગ [**करोति**] કરે છે; [**तस्मात् तु**] તેથી [**ध्यानम् एव**] ધ્યાન જ [**हि**] ખરેખર [**सर्वातिचारस्य**] સર્વ અતિચારનું [**प्रतिक्रमणम्**] પ્રતિક્રમણ છે.

**ટીકા :—**અહીં (આ ગાથામાં), ધ્યાન એક ઉપાદેય છે એમ કહ્યું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**कश्चित् परमजिनयोगीश्वरः साधुः अत्यासन्नभव्यजीवः अध्यात्मभाषयोक्त-स्वात्माश्रितनिश्चयधर्मध्याननिलीनः निर्भेदरूपेण स्थितः, अथवा सकलक्रियाकांडाडंबर-व्यवहारनयात्मकभेदकरणध्यानध्येयविकल्पनिर्मुक्तनिखिलकरणग्रामागोचरपरमतत्त्वशुद्धान्तस्तत्त्व-विषयभेदकल्पनानिरपेक्षनिश्चयशुक्लध्यानस्वरूपे तिष्ठति च, स च निरवशेषेणान्तर्मुखतया प्रशस्ताप्रशस्तसमस्तमोहरागद्वेषाणां परित्यागं करोति, तस्मात् स्वात्माश्रितनिश्चयधर्म-शुक्लध्यानद्वितयमेव सर्वातिचाराणां प्रतिक्रमणमिति।**

(अनुष्टुभ्)

**शुक्लध्यानप्रदीपोऽयं यस्य चित्तालये बभौ।**
**स योगी तस्य शुद्धात्मा प्रत्यक्षो भवति स्वयम्।।१२४।।**

---

જે કોઈ પરમજિનયોગીશ્વર સાધુ—અતિ-આસન્નભવ્ય જીવ, અધ્યાત્મભાષાએ પૂર્વોક્ત સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાનમાં લીન થયો થકો અભેદરૂપે સ્થિત રહે છે, અથવા સકળ ક્રિયાકાંડના આડંબર વિનાનું અને વ્યવહારનયાત્મક [1]ભેદકરણ તથા ધ્યાન-ધ્યેયના વિકલ્પ વિનાનું, સમસ્ત ઇન્દ્રિયસમૂહથી અગોચર એવું જે પરમ તત્ત્વ—શુદ્ધ અંતઃતત્ત્વ, તે સંબંધી ભેદકલ્પનાથી [2]નિરપેક્ષ નિશ્ચયશુક્લધ્યાનસ્વરૂપે સ્થિત રહે છે, તે (સાધુ) નિરવશેષપણે અંતર્મુખ હોવાથી પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત મોહરાગદ્વેષનો પરિત્યાગ કરે છે; તેથી (એમ સિદ્ધ થયું કે) સ્વાત્માશ્રિત એવાં જે નિશ્ચયધર્મધ્યાન અને નિશ્ચયશુક્લધ્યાન, તે બે ધ્યાન જ સર્વ અતિચારોનું પ્રતિક્રમણ છે.

[હવે આ ૯૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** આ શુક્લધ્યાનરૂપી દીપક જેના મનોમંદિરમાં પ્રકાશ્યો, તે યોગી છે; તેને શુદ્ધ આત્મા સ્વયં પ્રત્યક્ષ હોય છે. ૧૨૪.

---

૧. ભેદકરણ = ભેદ કરવા તે; ભેદ પાડવા તે. [સમસ્ત ભેદકરણ—ધ્યાન-ધ્યેયના વિકલ્પ સુદ્ધાં—વ્યવહારનયસ્વરૂપ છે.]

૨. નિરપેક્ષ = ઉદાસીન; નિઃસ્પૃહ; અપેક્ષા વિનાનું. [નિશ્ચયશુક્લધ્યાન શુદ્ધ અંતઃતત્ત્વ સંબંધી ભેદોની કલ્પનાથી પણ નિરપેક્ષ છે.]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**पडिकमणणामधेये सुत्ते जह वण्णिदं पडिक्कमणं।**
**तह णच्चा जो भावइ तस्स तदा होदि पडिक्कमणं।।९४।।**

**प्रतिक्रमणनामधेये सूत्रे यथा वर्णितं प्रतिक्रमणम्।**
**तथा ज्ञात्वा यो भावयति तस्य तदा भवति प्रतिक्रमणम्।।९४।।**

अत्र व्यवहारप्रतिक्रमणस्य सफलत्वमुक्तम्।

यथा हि निर्यापकाचार्यैः समस्तागमसारासारविचारचारुचातुर्यगुणकदम्बकैः प्रतिक्रमणाभिधानसूत्रे द्रव्यश्रुतरूपे व्यावर्णितमतिविस्तरेण प्रतिक्रमणं, तथा ज्ञात्वा जिननीतिमलंघयन् चारुचरित्रमूर्तिः सकलसंयमभावनां करोति, तस्य महामुनेर्बाह्यप्रपंचविमुखस्य पंचेन्द्रियप्रसरवर्जितगात्रमात्रपरिग्रहस्य परमगुरुचरणस्मरणासक्तचित्तस्य तदा प्रतिक्रमणं भवतीति।

---

**પ્રતિક્રમણનામક સૂત્રમાં જ્યમ વર્ણવ્યું પ્રતિક્રમણને**
**ત્યમ જાણી ભાવે ભાવના, તેને તદા પ્રતિક્રમણ છે. ૯૪.**

**અન્વયાર્થ :**—[प्रतिक्रमणनामधेये] પ્રતિક્રમણ નામના [सूत्रे] સૂત્રમાં [यथा] જે પ્રમાણે [प्रतिक्रमणम्] પ્રતિક્રમણ [वर्णितं] વર્ણવવામાં આવ્યું છે [तथा ज्ञात्वा] તે પ્રમાણે જાણીને [यः] જે [भावयति] ભાવે છે, [तस्य] તેને [तदा] ત્યારે [प्रतिक्रमणम् भवति] પ્રતિક્રમણ છે.

**ટીકા :**—અહીં, વ્યવહારપ્રતિક્રમણનું સફળપણું કહ્યું છે (અર્થાત્ દ્રવ્યશ્રુતાત્મક પ્રતિક્રમણસૂત્રમાં વર્ણવેલા પ્રતિક્રમણને સાંભળીને—જાણીને, સકળ સંયમની ભાવના કરવી તે જ વ્યવહારપ્રતિક્રમણનું સફળપણું–સાર્થકપણું છે એમ આ ગાથામાં કહ્યું છે).

સમસ્ત આગમના સારાસારનો વિચાર કરવામાં સુંદર ચાતુર્ય તેમ જ ગુણસમૂહના ધરનાર નિર્યાપક આચાર્યોએ જે પ્રમાણે દ્રવ્યશ્રુતરૂપ પ્રતિક્રમણનામક સૂત્રમાં પ્રતિક્રમણને અતિ વિસ્તારથી વર્ણવ્યું છે, તે પ્રમાણે જાણીને જિનનીતિને અણઉલ્લંઘતો થકો જે સુંદરચારિત્રમૂર્તિ મહામુનિ સકળ સંયમની ભાવના કરે છે, તે મહામુનિને—કે જે (મહામુનિ) બાહ્ય પ્રપંચથી વિમુખ છે, પંચેન્દ્રિયના ફેલાવ રહિત દેહમાત્ર જેને પરિગ્રહ છે અને પરમ ગુરુનાં ચરણોના સ્મરણમાં આસક્ત જેનું ચિત્ત છે, તેને—ત્યારે (તે કાળે) પ્રતિક્રમણ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(इन्द्रवज्रा)

निर्यापकाचार्यनिरुक्तियुक्ता-
मुक्तिं सदाकर्ण्य च यस्य चित्तम्।
समस्तचारित्रनिकेतनं स्यात्
तस्मै नमः संयमधारिणेऽस्मै ॥१२५॥

(वसंततिलका)

यस्य प्रतिक्रमणमेव सदा मुमुक्षो-
र्नास्त्यप्रतिक्रमणमप्यणुमात्रमुच्चैः।
तस्मै नमः सकलसंयमभूषणाय
श्रीवीरनन्दिमुनिनामधराय नित्यम् ॥१२६॥

इति सुकविजनपयोजमित्रपंचेन्द्रियप्रसरवर्जितगात्रमात्रपरिग्रहश्रीपद्मप्रभमलधारिदेवविरचितायां नियमसारव्याख्यायां तात्पर्यवृत्तौ निश्चयप्रतिक्रमणाधिकारः पंचमः श्रुतस्कन्धः ॥

---

[હવે આ પરમાર્થ-પ્રતિક્રમણ અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ બે શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** નિર્યાપક આચાર્યોની નિરુક્તિ (–વ્યાખ્યા) સહિત (પ્રતિક્રમણાદિ સંબંધી) કથન સદા સાંભળીને જેનું ચિત્ત સમસ્ત ચારિત્રનું નિકેતન (–ધામ) બને છે, તે આ સંયમધારીને નમસ્કાર હો. ૧૨૫.

**[શ્લોકાર્થ :—]** મુમુક્ષુ એવા જેમને (–મોક્ષાર્થી એવા જે વીરનંદી મુનિને) સદા પ્રતિક્રમણ જ છે અને અણુમાત્ર પણ અપ્રતિક્રમણ બિલકુલ નથી, તે સકળસંયમરૂપી ભૂષણના ધરનાર શ્રી વીરનંદી નામના મુનિને નિત્ય નમસ્કાર હો. ૧૨૬.

આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્દ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) **નિશ્ચય-પ્રતિક્રમણ અધિકાર** નામનો પાંચમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

❑ ❑ ❑



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# —६—
# નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકાર

अथेदानीं सकलप्रव्रज्यासाम्राज्यविजयवैजयन्तीपृथुलदंडमंडनायमानसकलकर्मनिर्जराहेतुभूतनिःश्रेयसनिश्रेणीभूतमुक्तिभामिनीप्रथमदर्शनोपायनीभूतनिश्चयप्रत्याख्यानाधिकारः कथ्यते। तद्यथा—

अत्र सूत्रावतारः।

**मोत्तूण सयलजप्पमणागयसुहमसुहवारणं किच्चा।**
**अप्पाणं जो झायदि पच्चक्खाणं हवे तस्स॥९५॥**

**मुक्त्वा सकलजल्पमनागतशुभाशुभनिवारणं कृत्वा।**
**आत्मानं यो ध्यायति प्रत्याख्यानं भवेत्तस्य॥९५॥**

---

હવે નીચે પ્રમાણે નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકાર કહેવામાં આવે છે—કે જે નિશ્ચય-પ્રત્યાખ્યાન સકળ પ્રવ્રજ્યારૂપ સામ્રાજ્યની વિજય-ધજાના વિશાળ દંડની શોભા સમાન છે, સમસ્ત કર્મોની નિર્જરાના હેતુભૂત છે, મોક્ષની સીડી છે અને મુક્તિરૂપી સ્ત્રીના પ્રથમ દર્શનની ભેટ છે.

અહીં ગાથાસૂત્રનું અવતરણ કરવામાં આવે છે.

**પરિત્યાગી જલ્પ સમસ્તને, ભાવી શુભાશુભ વારીને,**
**જે જીવ ધ્યાવે આત્મને, પચખાણ છે તે જીવને. ૯૫.**

**અન્વયાર્થ :**—[**सकलजल्पम्**] સમસ્ત જલ્પને (–વચનવિસ્તારને) [**मुक्त्वा**] છોડીને અને [**अनागतशुभाशुभनिवारणं**] અનાગત શુભ-અશુભનું નિવારણ [**कृत्वा**] કરીને [**यः**]

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**निश्चयनयप्रत्याख्यानस्वरूपाख्यानमेतत्।**

**अत्र व्यवहारनयादेशात् मुनयो भुक्त्वा दैनं दैनं पुनर्योग्यकालपर्यन्तं प्रत्यादिष्टान्नपानखाद्यलेह्यरुचयः, एतद् व्यवहारप्रत्याख्यानस्वरूपम्। निश्चयनयतः प्रशस्ताप्रशस्तसमस्तवचनरचनाप्रपंचपरिहारेण शुद्धज्ञानभावनासेवाप्रसादादभिनवशुभाशुभद्रव्यभावकर्मणां संवरः प्रत्याख्यानम्। यः सदान्तर्मुखपरिणत्या परमकलाधारमत्यपूर्वमात्मानं ध्यायति तस्य नित्यं प्रत्याख्यानं भवतीति।**

**तथा चोक्तं समयसारे—**

**''सव्वे भावे जम्हा पच्चक्खाई परे त्ति णादूणं।**
**तम्हा पच्चक्खाणं णाणं णियमा मुणेयव्वं।।''**

---

જે [**आत्मानं**] આત્માને [**ध्यायति**] ધ્યાવે છે, [**तस्य**] તેને [**प्रत्याख्यानं**] પ્રત્યાખ્યાન [**भवेत्**] છે.

**ટીકા :—** આ, નિશ્ચયનયના પ્રત્યાખ્યાનના સ્વરૂપનું કથન છે.

અહીં એમ કહ્યું છે કે—વ્યવહારનયના કથનથી, મુનિઓ દિને દિને ભોજન કરીને પછી યોગ્ય કાળ પર્યંત અન્ન, પાન, ખાદ્ય અને લેહ્યની રુચિ છોડે છે; આ વ્યવહાર-પ્રત્યાખ્યાનનું સ્વરૂપ છે. નિશ્ચયનયથી, પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત વચનરચનાના ★પ્રપંચના પરિહાર વડે શુદ્ધજ્ઞાનભાવનાની સેવાના પ્રસાદ દ્વારા જે નવાં શુભાશુભ દ્રવ્યકર્મોનો તેમ જ ભાવકર્મોનો સંવર થવો તે પ્રત્યાખ્યાન છે. જે સદા અંતર્મુખ પરિણમનથી પરમ કળાના આધારરૂપ અતિ-અપૂર્વ આત્માને ધ્યાવે છે, તેને નિત્ય પ્રત્યાખ્યાન છે.

એવી રીતે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી સમયસારમાં (૩૪મી ગાથા દ્વારા) કહ્યું છે કે :—

''[**ગાથાર્થ :—**] 'પોતાના સિવાય સર્વ પદાર્થો પર છે' એમ જાણીને પ્રત્યાખ્યાન કરે છે—ત્યાગે છે, તેથી પ્રત્યાખ્યાન જ્ઞાન જ છે (અર્થાત્ પોતાના જ્ઞાનમાં ત્યાગરૂપ અવસ્થા તે જ પ્રત્યાખ્યાન છે) એમ નિયમથી જાણવું.''

---

★ પ્રપંચ = વિસ્તાર. (અનેક પ્રકારની સમસ્ત વચનરચનાને છોડીને શુદ્ધ જ્ઞાનને ભાવવાથી—તે ભાવનાના સેવનની કૃપાથી—ભાવકર્મોનો અને દ્રવ્યકર્મોનો સંવર થાય છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**तथा समयसारव्याख्यायां च—**

(आर्या)

**“प्रत्याख्याय भविष्यत्कर्म समस्तं निरस्तसंमोहः।
आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते॥”**

**तथा हि—**

(मंदाक्रांता)

**सम्यग्दृष्टिस्त्यजति सकलं कर्मनोकर्मजातं
प्रत्याख्यानं भवति नियतं तस्य संज्ञानमूर्तेः।
सच्चारित्राण्यघकुलहराण्यस्य तानि स्युरुच्चैः
तं वंदेहं भवपरिभवक्लेशनाशाय नित्यम्॥१२७॥**

**केवलणाणसहावो केवलदंसणसहावसुहमइओ।
केवलसत्तिसहावो सो हं इदि चिंतए णाणी॥९६॥**

---

એવી રીતે સમયસારની (અમૃતચંદ્રાચાર્યદેવકૃત આત્મખ્યાતિ નામની) ટીકામાં પણ (૨૨૮મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

‘‘[**શ્લોકાર્થ :**—] (પ્રત્યાખ્યાન કરનાર જ્ઞાની કહે છે કે—) ભવિષ્યના સમસ્ત કર્મને પચખીને (–ત્યાગીને), જેનો મોહ નષ્ટ થયો છે એવો હું નિષ્કર્મ (અર્થાત્ સર્વ કર્મોથી રહિત) ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી જ (–પોતાથી જ) નિરંતર વર્તું છું.’’

વળી (આ ૯૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે) :—

[**શ્લોકાર્થ :**—] જે સમ્યગ્દ્રષ્ટિ સમસ્ત કર્મ-નોકર્મના સમૂહને છોડે છે, તે સમ્યગ્જ્ઞાનની મૂર્તિને હંમેશાં પ્રત્યાખ્યાન છે અને તેને પાપસમૂહનો નાશ કરનારાં એવાં સત્-ચારિત્રો અતિશયપણે છે. ભવ-ભવના ક્લેશનો નાશ કરવા માટે તેને હું નિત્ય વંદું છું. ૧૨૭.

**કેવલદરશ, કેવલવીરજ, કૈવલ્યજ્ઞાનસ્વભાવી છે,
વળી સૌખ્યમય છે જેહ તે હું—એમ જ્ઞાની ચિંતવે. ૯૬.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



केवलज्ञानस्वभावः केवलदर्शनस्वभावः सुखमयः।
केवलशक्तिस्वभावः सोहमिति चिंतयेत् ज्ञानी॥९६॥

अनन्तचतुष्टयात्मकनिजात्मध्यानोपदेशोपन्यासोयम्।

समस्तबाह्यप्रपंचवासनाविनिर्मुक्तस्य निरवशेषेणान्तर्मुखस्य परमतत्त्वज्ञानिनो जीवस्य शिक्षा प्रोक्ता। कथंकारम्? साद्यनिधनामूर्तातीन्द्रियस्वभावशुद्धसद्भूतव्यवहारेण, शुद्ध-स्पर्शरसगंधवर्णानामाधारभूतशुद्धपुद्गलपरमाणुवत्केवलज्ञानकेवलदर्शनकेवलसुखकेवलशक्ति-युक्तपरमात्मा यः सोहमिति भावना कर्तव्या ज्ञानिनेति; निश्चयेन सहजज्ञानस्वरूपोहम्, सहजदर्शनस्वरूपोहम्, सहजचारित्रस्वरूपोहम्, सहजचिच्छक्तिस्वरूपोहम्, इति भावना कर्तव्या चेति—

तथा चोक्तमेकत्वसप्ततौ—

---

**અન્વયાર્થ :**—[**केवलज्ञानस्वभावः**] કેવળજ્ઞાનસ્વભાવી, [**केवलदर्शनस्वभावः**] કેવળ-દર્શનસ્વભાવી, [**सुखमयः**] સુખમય અને [**केवलशक्तिस्वभावः**] કેવળશક્તિસ્વભાવી [**सः अहम्**] તે હું છું—[**इति**] એમ [**ज्ञानी**] જ્ઞાની [**चिंतयेत्**] ચિંતવે છે.

**ટીકા :**—આ, અનંતચતુષ્ટયાત્મક નિજ આત્માના ધ્યાનના ઉપદેશનું કથન છે.

સમસ્ત બાહ્ય પ્રપંચની વાસનાથી વિમુક્ત, નિરવશેષપણે અંતર્મુખ પરમતત્ત્વજ્ઞાની જીવને શિખામણ દેવામાં આવી છે. કયા પ્રકારે? આ પ્રકારે :—સાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવવાળા શુદ્ધસદ્‌ભૂતવ્યવહારથી, શુદ્ધ સ્પર્શ-રસ-ગંધ-વર્ણના આધારભૂત શુદ્ધ પુદ્‌ગલ-પરમાણુની માફક, જે કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળસુખ અને કેવળશક્તિયુક્ત પરમાત્મા તે હું છું એમ જ્ઞાનીએ ભાવના કરવી; અને નિશ્ચયથી, હું સહજજ્ઞાનસ્વરૂપ છું, હું સહજદર્શનસ્વરૂપ છું, હું સહજચારિત્રસ્વરૂપ છું અને હું સહજચિત્‌શક્તિસ્વરૂપ છું એમ ભાવના કરવી.

એવી રીતે એકત્વસપ્તતિમાં (-શ્રી પદ્મનંદી-આચાર્યવરકૃત પદ્મનંદિપંચવિંશતિના એકત્વસપ્તતિ નામના અધિકારમાં ૨૦મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(अनुष्टुभ्)

“केवलज्ञानदृक्सौख्यस्वभावं तत्परं महः।
तत्र ज्ञाते न किं ज्ञातं दृष्टे दृष्टं श्रुते श्रुतम्॥”

तथा हि—

(मालिनी)

जयति स परमात्मा केवलज्ञानमूर्तिः
सकलविमलदृष्टिः शाश्वतानंदरूपः।
सहजपरमचिच्छक्त्यात्मकः शाश्वतोयं
निखिलमुनिजनानां चित्तपंकेजहंसः॥१२८॥

**णियभावं णवि मुच्चइ परभावं णेव गेण्हए केइं।**
**जाणदि पस्सदि सव्वं सो हं इदि चिंतए णाणी॥९७॥**

**निजभावं नापि मुंचति परभावं नैव गृह्णाति कमपि।**
**जानाति पश्यति सर्वं सोहमिति चिंतयेद् ज्ञानी॥९७॥**

---

“[**શ્લોકાર્થ** :—] તે પરમ તેજ કેવળજ્ઞાન, કેવળદર્શન અને કેવળસૌખ્યસ્વભાવી છે. તે જાણતાં શું ન જાણ્યું? તે દેખતાં શું ન દેખ્યું? તેનું શ્રવણ કરતાં શું ન શ્રવણ કર્યું?”

વળી (આ ૯૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભ-મલધારિદેવ શ્લોક કહે છે) :—

[**શ્લોકાર્થ** :—] સમસ્ત મુનિજનોના હૃદયકમળનો હંસ એવો જે આ શાશ્વત, કેવળજ્ઞાનની મૂર્તિરૂપ, સકળવિમળ દૃષ્ટિમય (-સર્વથા નિર્મળ દર્શનમય), શાશ્વત આનંદરૂપ, સહજ પરમ ચૈતન્યશક્તિમય પરમાત્મા તે જયવંત છે. ૧૨૮.

**નિજભાવને છોડે નહીં, પરભાવ કંઈ પણ નવ ગ્રહે,**
**જાણે-જુએ જે સર્વ, તે હું—એમ જ્ઞાની ચિંતવે. ૯૭.**

**અન્વયાર્થ** :—[**निजभावं**] જે નિજભાવને [**न अपि मुंचति**] છોડતો નથી, [**कम् अपि परभावं**] કાંઈ પણ પરભાવને [**न एव गृह्णाति**] ગ્રહતો નથી, [**सर्वं**] સર્વને [**जानाति**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**अत्र परमभावनाभिमुखस्य ज्ञानिनः शिक्षणमुक्तम्।**

**यस्तु कारणपरमात्मा सकलदुरितवीरवैरिसेनाविजयवैजयन्तीलुंटाकं त्रिकाल-निरावरणनिरंजननिजपरमभावं क्वचिदपि नापि मुंचति, पंचविधसंसारप्रवृद्धिकारणं विभावपुद्गलद्रव्यसंयोगसंजातं रागादिपरभावं नैव गृह्णाति, निश्चयेन निजनिरावरणपरम-बोधेन निरंजनसहजज्ञानसहजदृष्टिसहजशीलादिस्वभावधर्माणामाधाराधेयविकल्पनिर्मुक्तमपि सदामुक्तं सहजमुक्तिभामिनीसंभोगसंभवपरतानिलयं कारणपरमात्मानं जानाति, तथाविध-सहजावलोकेन पश्यति च, स च कारणसमयसारोहमिति भावना सदा कर्तव्या सम्यग्ज्ञानिभिरिति।**

**तथा चोक्तं श्रीपूज्यपादस्वामिभिः—**

---

**पश्यति**] જાણે-દેખે છે, [**सः अहम्**] તે હું છું—[**इति**] એમ [**ज्ञानी**] જ્ઞાની [**चिंतयेत्**] ચિંતવે છે.

**ટીકા :**—અહીં, પરમ ભાવનાની સંમુખ એવા જ્ઞાનીને શિખામણ દીધી છે.

જે કારણપરમાત્મા (૧) સમસ્ત પાપરૂપી બહાદુર શત્રુસેનાની વિજય-ધજાને લૂંટનારા, ત્રિકાળ-નિરાવરણ, નિરંજન, નિજ પરમભાવને ક્યારેય છોડતો નથી; (૨) પંચવિધ (-પાંચ પરાવર્તનરૂપ) સંસારની વૃદ્ધિના કારણભૂત, [1]વિભાવપુદ્ગલદ્રવ્યના સંયોગથી જનિત રાગાદિપરભાવને ગ્રહતો નથી; અને (૩) નિરંજન સહજજ્ઞાન-સહજદૃષ્ટિ-સહજચારિત્રાદિ સ્વભાવધર્મોના આધાર-આધેય સંબંધી વિકલ્પો રહિત, સદા મુક્ત તથા સહજ મુક્તિરૂપી સ્ત્રીના સંભોગથી ઉત્પન્ન થતા સૌખ્યના સ્થાનભૂત—એવા [2]કારણપરમાત્માને નિશ્ચયથી નિજ નિરાવરણ પરમજ્ઞાન વડે જાણે છે અને તે પ્રકારના સહજ અવલોકન વડે (-સહજ નિજ નિરાવરણ પરમદર્શન વડે) દેખે છે; તે કારણસમયસાર હું છું—એમ સમ્યગ્જ્ઞાનીઓએ સદા ભાવના કરવી.

એવી રીતે શ્રી પૂજ્યપાદસ્વામીએ (સમાધિતંત્રમાં ૨૦મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

---

૧. રાગાદિપરભાવની ઉત્પત્તિમાં પુદ્ગલકર્મ નિમિત્ત બને છે.

૨. કારણપરમાત્મા 'પોતે આધાર છે અને સ્વભાવધર્મો આધેય છે' એવા વિકલ્પો વિનાનો છે, સદા મુક્ત છે અને મુક્તિસુખનું રહેઠાણ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(अनुष्टुभ्)

“यदग्राह्यं न गृह्णाति गृहीतं नापि मुंचति।
जानाति सर्वथा सर्वं तत्स्वसंवेद्यमस्म्यहम् ।।”

तथा हि—

(वसंततिलका)

आत्मानमात्मनि निजात्मगुणाढ्यमात्मा
जानाति पश्यति च पंचमभावमेकम्।
तत्याज नैव सहजं परभावमन्यं
गृह्णाति नैव खलु पौद्गलिकं विकारम् ।।१२९।।

(शार्दूलविक्रीडित)

मत्स्वान्तं मयि लग्नमेतदनिशं चिन्मात्रचिंतामणा-
वन्यद्रव्यकृताग्रहोद्भवमिमं मुक्त्वाधुना विग्रहम्।
तच्चित्रं न विशुद्धपूर्णसहजज्ञानात्मने शर्मणे
देवानाममृताशनोद्भवरुचिं ज्ञात्वा किमन्याशने ।।१३०।।

---

“[**શ્લોકાર્થ :—**] જે અગ્રાહ્યને (–નહિ ગ્રહવાયોગ્યને) ગ્રહતું નથી તેમ જ ગૃહીતને (–ગ્રહેલાને, શાશ્વત સ્વભાવને) છોડતું નથી, સર્વને સર્વ પ્રકારે જાણે છે, તે સ્વસંવેદ્ય (તત્ત્વ) હું છું.”

વળી (આ ૯૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ચાર શ્લોક કહે છે) :—

[**શ્લોકાર્થ :—**] આત્મા આત્મામાં નિજ આત્મિક ગુણોથી સમૃદ્ધ આત્માને—એક પંચમભાવને—જાણે છે અને દેખે છે; તે સહજ એક પંચમભાવને એણે છોડ્યો નથી જ અને અન્ય એવા પરભાવને—કે જે ખરેખર પૌદ્ગલિક વિકાર છે તેને—એ ગ્રહતો નથી જ. ૧૨૯.

[**શ્લોકાર્થ :—**] અન્ય દ્રવ્યનો [1]આગ્રહ કરવાથી ઉત્પન્ન થતા આ [2]વિગ્રહને હવે છોડીને, વિશુદ્ધ-પૂર્ણ-સહજજ્ઞાનાત્મક સૌખ્યની પ્રાપ્તિ અર્થે, મારું આ નિજ અંતર

---

૧ આગ્રહ = પકડ; લાગ્યા રહેવું તે; ગ્રહણ.
૨ વિગ્રહ = (૧) રાગદ્વેષાદિ કલહ; (૨) શરીર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(शार्दूलविक्रीडित)

निर्द्वन्द्वं निरुपद्रवं निरुपमं नित्यं निजात्मोद्भवं
नान्यद्रव्यविभावनोद्भवमिदं शर्मामृतं निर्मलम्।
पीत्वा यः सुकृतात्मकः सुकृतमप्येतद्विहायाधुना
प्राप्नोति स्फुटमद्वितीयमतुलं चिन्मात्रचिंतामणिम्।।१३१।।

(आर्या)

को नाम वक्ति विद्वान् मम च परद्रव्यमेतदेव स्यात्।
निजमहिमानं जानन् गुरुचरणसमर्च्चनासमुद्भूतम्।।१३२।।

**पयडिट्ठिदिअणुभागप्पदेसबंधेहिं वज्जिदो अप्पा।**
**सो हं इदि चिंतिज्जो तत्थेव य कुणदि थिरभावं।।९८।।**

---

મારામાં—ચૈતન્યમાત્ર-ચિંતામણિમાં—નિરંતર લાગ્યું છે તેમાં આશ્ચર્ય નથી, કારણ કે અમૃતભોજનજનિત સ્વાદને જાણીને દેવોને અન્ય ભોજનથી શું પ્રયોજન છે? (જેમ અમૃતભોજનના સ્વાદને જાણીને દેવોનું દિલ અન્ય ભોજનમાં લાગતું નથી, તેમ જ્ઞાનાત્મક સૌખ્યને જાણીને અમારું દિલ તે સૌખ્યના નિધાન ચૈતન્યમાત્ર-ચિંતામણિ સિવાય બીજે ક્યાંય લાગતું નથી.) ૧૩૦.

[**શ્લોકાર્થ :**—] દ્વંદ્વ રહિત, ઉપદ્રવ રહિત, ઉપમા રહિત, નિત્ય, નિજ આત્માથી ઉત્પન્ન થતા, અન્ય દ્રવ્યની વિભાવનાથી (–અન્ય દ્રવ્યો સંબંધી વિકલ્પો કરવાથી) નહિ ઉત્પન્ન થતા—એવા આ નિર્મળ સુખામૃતને પીને (–એ સુખામૃતના સ્વાદ પાસે સુકૃત પણ દુઃખરૂપ લાગવાથી), જે જીવ [1]સુકૃતાત્મક છે તે હવે એ સુકૃતને પણ છોડીને અદ્વિતીય અતુલ ચૈતન્યમાત્ર-ચિંતામણિને સ્ફુટપણે (–પ્રગટપણે) પ્રાપ્ત કરે છે. ૧૩૧.

[**શ્લોકાર્થ :**—] ગુરુચરણોના [2]સમર્ચનથી ઉત્પન્ન થયેલા નિજ મહિમાને જાણતો કોણ વિદ્વાન 'આ પરદ્રવ્ય મારું છે' એમ કહે? ૧૩૨.

**પ્રકૃતિ-સ્થિતિ-પરદેશ-અનુભવબંધ વિરહિત જીવ જે**
**છું તે જ હું–ત્યમ ભાવતો, તેમાં જ તે સ્થિરતા કરે. ૯૮.**

---

૧ સુકૃતાત્મક = સુકૃતવાળો; શુભકૃત્યવાળો; પુણ્યકર્મવાળો; શુભ ભાવવાળો.

૨ સમર્ચન = સમ્યક્ અર્ચન; સમ્યક્ પૂજન; સમ્યક્ ભક્તિ.

૨૪

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



प्रकृतिस्थित्यनुभागप्रदेशबंधैर्विवर्जित आत्मा।
सोहमिति चिंतयन् तत्रैव च करोति स्थिरभावम्॥९८॥

अत्र बन्धनिर्मुक्तमात्मानं भावयेदिति भव्यस्य शिक्षणमुक्तम्।

शुभाशुभमनोवाक्कायकर्मभिः प्रकृतिप्रदेशबंधौ स्याताम्; चतुर्भिः कषायैः स्थित्यनुभागबन्धौ स्तः; एभिश्चतुर्भिर्बन्धैर्निर्मुक्तः सदानिरुपाधिस्वरूपो ह्यात्मा सोहमिति सम्यग्ज्ञानिना निरन्तरं भावना कर्तव्येति।

(मंदाक्रांता)

प्रेक्षावद्भिः सहजपरमानंदचिद्रूपमेकं
संग्राह्यं तैर्निरुपममिदं मुक्तिसाम्राज्यमूलम्।
तस्मादुच्चैस्त्वमपि च सखे मद्वचःसारमस्मिन्
श्रुत्वा शीघ्रं कुरु तव मतिं चिच्चमत्कारमात्रे॥१३३॥

---

**અન્વયાર્થ :**—[**प्रकृतिस्थित्यनुभागप्रदेशबंधैः विवर्जितः**] પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ અને પ્રદેશબંધ રહિત [**आत्मा**] જે આત્મા [**सः अहम्**] તે હું છું—[**इति**] એમ [**चिंतयन्**] ચિંતવતો થકો, (જ્ઞાની) [**तत्र एव च**] તેમાં જ [**स्थिरभावं करोति**] સ્થિરભાવ કરે છે.

**ટીકા :**—અહીં (−આ ગાથામાં), બંધરહિત આત્માને ભાવવો—એમ ભવ્યને શિખામણ દીધી છે.

શુભાશુભ મનવચનકાયસંબંધી કર્મોથી પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ થાય છે; ચાર કષાયોથી સ્થિતિબંધ અને અનુભાગબંધ થાય છે; આ ચાર બંધો રહિત સદા નિરુપાધિસ્વરૂપ જે આત્મા તે હું છું—એમ સમ્યગ્જ્ઞાનીએ નિરંતર ભાવના કરવી.

[હવે આ ૯૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

[**શ્લોકાર્થ :**—] જે મુક્તિસામ્રાજ્યનું મૂળ છે એવા આ નિરુપમ, સહજ-પરમાનંદવાળા ચિદ્રૂપને (−ચૈતન્યના સ્વરૂપને) એકને ડાહ્યા પુરુષોએ સમ્યક્ પ્રકારે ગ્રહવું યોગ્ય છે; તેથી, હે મિત્ર! તું પણ મારા ઉપદેશના સારને સાંભળીને, તુરત જ ઉગ્રપણે આ ચૈતન્યચમત્કારમાત્ર પ્રત્યે તારું વલણ કર. ૧૩૩.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ममत्तिं परिवज्जामि णिम्ममत्तिमुवट्ठिदो।
आलंबणं च मे आदा अवसेसं च वोसरे॥९९॥

ममत्वं परिवर्जयामि निर्ममत्वमुपस्थितः।
आलम्बनं च मे आत्मा अवशेषं च विसृजामि॥९९॥

अत्र सकलविभावसंन्यासविधिः प्रोक्तः।

कमनीयकामिनीकांचनप्रभृतिसमस्तपरद्रव्यगुणपर्यायेषु ममकारं संत्यजामि। परमोपेक्षालक्षणलक्षिते निर्ममकारात्मनि आत्मनि स्थित्वा ह्यात्मानमवलम्ब्य च संसृतिपुरंध्रिकासंभोगसंभवसुखदुःखाद्यनेकविभावपरिणतिं परिहरामि।

तथा चोक्तं श्रीमदमृतचंद्रसूरिभिः—

---

પરિવર્જું છું હું મમત્વ, નિર્મમ ભાવમાં સ્થિત હું રહું;
અવલંબું છું મુજ આત્મને, અવશેષ સર્વ હું પરિહરું. ૯૯.

**અન્વયાર્થ :—[ममत्वं]** હું મમત્વને **[परिवर्जयामि]** પરિવર્જું છું અને **[निर्ममत्वम्]** નિર્મમત્વમાં **[उपस्थितः]** સ્થિત રહું છું; **[आत्मा]** આત્મા **[मे]** મારું **[आलम्बनं च]** આલંબન છે **[अवशेषं च]** અને બાકીનું **[विसृजामि]** હું તજું છું.

**ટીકા :—**અહીં સકળ વિભાવના સંન્યાસની (–ત્યાગની) વિધિ કહી છે.

સુંદર કામિની, [૧]કાંચન વગેરે સમસ્ત પરદ્રવ્ય-ગુણ-પર્યાયો પ્રત્યે મમકારને હું તજું છું. પરમોપેક્ષાલક્ષણથી લક્ષિત [૨]નિર્મમકારાત્મક આત્મામાં સ્થિત રહીને અને આત્માને અવલંબીને, [૩]સંસૃતિરૂપી સ્ત્રીના સંભોગથી ઉત્પન્ન સુખદુઃખાદિ અનેક વિભાવરૂપ પરિણતિને હું પરિહરું છું.

એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૦૪મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

---

૧. કાંચન = સુવર્ણ; ધન.

૨. નિર્મમકારાત્મક = નિર્મમત્વમય; નિર્મમત્વસ્વરૂપ. (નિર્મમત્વનું લક્ષણ પરમ ઉપેક્ષા છે.)

૩. સંસૃતિ = સંસાર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(शिखरिणी)

“निषिद्धे सर्वस्मिन् सुकृतदुरिते कर्मणि किल
प्रवृत्ते नैष्कर्म्ये न खलु मुनयः संत्यशरणाः।
तदा ज्ञाने ज्ञानं प्रतिचरितमेषां हि शरणं
स्वयं विंदंत्येते परमममृतं तत्र निरताः॥”

तथा हि—

(मालिनी)

अथ नियतमनोवाक्कायकृत्स्नेन्द्रियेच्छो
भववनधिसमुत्थं मोहयादःसमूहम्।
कनकयुवतिवांछामप्यहं सर्वशक्त्या
प्रबलतरविशुद्धध्यानमय्या त्यजामि॥१३४॥

**आदा खु मज्झ णाणे आदा मे दंसणे चरित्ते य।**
**आदा पच्चक्खाणे आदा मे संवरे जोगे॥१००॥**

---

“[**શ્લોકાર્થ :—**] શુભ આચરણરૂપ કર્મ અને અશુભ આચરણરૂપ કર્મ—એવા સમસ્ત કર્મનો નિષેધ કરવામાં આવતાં અને એ રીતે નિષ્કર્મ અવસ્થા પ્રવર્તતાં, મુનિઓ કાંઈ અશરણ નથી; (કારણ કે) જ્યારે નિષ્કર્મ અવસ્થા (નિવૃત્તિ-અવસ્થા) પ્રવર્તે છે ત્યારે જ્ઞાનમાં આચરણ કરતું—રમણ કરતું—પરિણમતું જ્ઞાન જ તે મુનિઓને શરણ છે; તેઓ તે જ્ઞાનમાં લીન થયા થકા પરમ અમૃતને પોતે અનુભવે છે—આસ્વાદે છે.”

વળી (આ ૯૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—

[**શ્લોકાર્થ :—**] મન-વચન-કાયા સંબંધી અને સમસ્ત ઇન્દ્રિયો સંબંધી ઇચ્છાનું જેણે *નિયંત્રણ કર્યું છે એવો હું હવે ભવસાગરમાં ઉત્પન્ન થતા મોહરૂપી જળચર પ્રાણીઓના સમૂહને તેમ જ કનક અને યુવતીની વાંછાને અતિપ્રબળ-વિશુદ્ધધ્યાનમયી સર્વ શક્તિથી તજું છું. ૧૩૪.

**મુજ જ્ઞાનમાં આત્મા ખરે, દર્શન-ચરિતમાં આતમા,**
**પચખાણમાં આત્મા જ, સંવર-યોગમાં પણ આતમા. ૧૦૦.**

---

★ નિયંત્રણ કરવું = સંયમન કરવું; કાબૂ મેળવવો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



आत्मा खलु मम ज्ञाने आत्मा मे दर्शने चरित्रे च।
आत्मा प्रत्याख्याने आत्मा मे संवरे योगे॥१००॥

अत्र सर्वत्रात्मोपादेय इत्युक्तः।

अनाद्यनिधनामूर्तातीन्द्रियस्वभावशुद्धसहजसौख्यात्मा ह्यात्मा। स खलु सहजशुद्धज्ञानचेतनापरिणतस्य मम सम्यग्ज्ञाने च, स च प्रांचितपरमपंचमगतिप्राप्तिहेतुभूतपंचमभावभावनापरिणतस्य मम सहजसम्यग्दर्शनविषये च, साक्षान्निर्वाणप्राप्त्युपायस्वस्वरूपाविचलस्थितिरूपसहजपरमचारित्रपरिणतेर्मम सहजचारित्रेऽपि स परमात्मा सदा संनिहितश्च, स चात्मा सदासन्नस्थः शुभाशुभपुण्यपापसुखदुःखानां षण्णां सकलसंन्यासात्मकनिश्चयप्रत्याख्याने च मम भेदविज्ञानिनः परद्रव्यपराङ्मुखस्य पंचेन्द्रियप्रसरवर्जितगात्रमात्रपरिग्रहस्य, मम सहजवैराग्यप्रासादशिखरशिखामणेः स्वरूपगुप्तस्य पापाटवीपावकस्य शुभाशुभसंवरयोश्च,

---

**અન્વયાર્થ** :—[**खलु**] ખરેખર [**मम ज्ञाने**] મારા જ્ઞાનમાં [**आत्मा**] આત્મા છે, [**मे दर्शने**] મારા દર્શનમાં [**च**] તથા [**चरित्रे**] ચારિત્રમાં [**आत्मा**] આત્મા છે, [**प्रत्याख्याने**] મારા પ્રત્યાખ્યાનમાં [**आत्मा**] આત્મા છે, [**मे संवरे योगे**] મારા સંવરમાં તથા યોગમાં (-શુદ્ધોપયોગમાં) [**आत्मा**] આત્મા છે.

**ટીકા** :—અહીં (-આ ગાથામાં), સર્વત્ર આત્મા ઉપાદેય (-ગ્રહણ કરવાયોગ્ય) છે એમ કહ્યું છે.

આત્મા ખરેખર અનાદિ-અનંત, અમૂર્ત, અતીંદ્રિયસ્વભાવવાળો, શુદ્ધ, સહજસૌખ્યાત્મક છે. સહજ શુદ્ધ જ્ઞાનચેતનારૂપે પરિણમેલો જે હું તેના (અર્થાત્ મારા) સમ્યગ્જ્ઞાનમાં ખરેખર તે (આત્મા) છે; પૂજિત પરમ પંચમગતિની પ્રાપ્તિના હેતુભૂત પંચમભાવની ભાવનારૂપે પરિણમેલો જે હું તેના સહજ સમ્યગ્દર્શનવિષયે (અર્થાત્ મારા સહજ સમ્યગ્દર્શનમાં) તે (આત્મા) છે; સાક્ષાત્ નિર્વાણપ્રાપ્તિના ઉપાયભૂત, નિજ સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજ-પરમચારિત્રપરિણતિવાળો જે હું તેના (અર્થાત્ મારા) સહજ ચારિત્રમાં પણ તે પરમાત્મા સદા સંનિહિત (-નિકટ) છે; ભેદવિજ્ઞાની, પરદ્રવ્યથી પરાઙ્મુખ અને પંચેંદ્રિયના ફેલાવ રહિત દેહમાત્રપરિગ્રહવાળો જે હું તેના નિશ્ચયપ્રત્યાખ્યાનમાં—કે જે (નિશ્ચયપ્રત્યાખ્યાન) શુભ, અશુભ, પુણ્ય, પાપ, સુખ અને દુઃખ એ છના સકળસંન્યાસસ્વરૂપ છે (અર્થાત્ એ છ વસ્તુઓના સંપૂર્ણ ત્યાગસ્વરૂપ છે) તેમાં—તે આત્મા સદા આસન્ન (-નિકટ) રહેલો છે; સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ, સ્વરૂપગુપ્ત અને પાપરૂપી અટવીને બાળવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**अशुभोपयोगपराङ्मुखस्य शुभोपयोगेऽप्युदासीनपरस्य साक्षाच्छुद्धोपयोगाभिमुखस्य मम परमागममकरंदनिष्यन्दिमुखपद्मप्रभस्य शुद्धोपयोगेऽपि च स परमात्मा सनातनस्वभावत्वात्तिष्ठति।**

**तथा चोक्तमेकत्वसप्ततौ—**

(अनुष्टुभ्)

**''तदेकं परमं ज्ञानं तदेकं शुचि दर्शनम्।**
**चारित्रं च तदेकं स्यात् तदेकं निर्मलं तपः।।**

(अनुष्टुभ्)

**नमस्यं च तदेवैकं तदेवैकं च मंगलम्।**
**उत्तमं च तदेवैकं तदेव शरणं सताम्।।**

(अनुष्टुभ्)

**आचारश्च तदेवैकं तदेवावश्यकक्रिया।**
**स्वाध्यायस्तु तदेवैकमप्रमत्तस्य योगिनः।।''**

---

માટે પાવક સમાન જે હું તેના શુભાશુભસંવરમાં (તે પરમાત્મા છે), તથા અશુભોપયોગથી પરાઙ્મુખ, શુભોપયોગ પ્રત્યે પણ ઉદાસીનતાવાળો અને સાક્ષાત્ શુદ્ધોપયોગની સંમુખ જે હું—પરમાગમરૂપી પુષ્પરસ જેના મુખમાંથી ઝરે છે એવો પદ્મપ્રભ—તેના શુદ્ધોપયોગમાં પણ તે પરમાત્મા રહેલો છે કારણ કે તે (પરમાત્મા) સનાતન સ્વભાવવાળો છે.

એવી રીતે એકત્વસપ્તતિમાં (–શ્રી પદ્મનંદી-આચાર્યવરકૃત પદ્મનંદિપંચવિંશતિકાના એકત્વસપ્તતિ નામના અધિકારમાં ૩૯, ૪૦ ને ૪૧મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

''[**શ્લોકાર્થ :—**] તે જ એક (–તે ચૈતન્યજ્યોતિ જ એક) પરમ જ્ઞાન છે, તે જ એક પવિત્ર દર્શન છે, તે જ એક ચારિત્ર છે અને તે જ એક નિર્મળ તપ છે.

[**શ્લોકાર્થ :—**] સત્પુરુષોને તે જ એક નમસ્કારયોગ્ય છે, તે જ એક મંગળ છે, તે જ એક ઉત્તમ છે અને તે જ એક શરણ છે.

[**શ્લોકાર્થ :—**] અપ્રમત્ત યોગીને તે જ એક આચાર છે, તે જ એક આવશ્યક ક્રિયા છે અને તે જ એક સ્વાધ્યાય છે.''

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**तथा हि—**

(मालिनी)

**मम सहजसुदृष्टौ शुद्धबोधे चरित्रे।**
**सुकृतदुरितकर्मद्वन्दसंन्यासकाले।**
**भवति स परमात्मा संवरे शुद्धयोगे**
**न च न च भुवि कोऽप्यन्योस्ति मुक्त्यै पदार्थः॥१३५॥**

(पृथ्वी)

**क्वचिल्लसति निर्मलं क्वचन निर्मलानिर्मलं**
**क्वचित्पुनरनिर्मलं गहनमेवमज्ञस्य यत्।**
**तदेव निजबोधदीपनिहताघभूछायकं**
**सतां हृदयपद्मसद्मनि च संस्थितं निश्चलम्॥१३६॥**

**एगो य मरदि जीवो एगो य जीवदि सयं।**
**एगस्स जादि मरणं एगो सिज्झदि णीरओ॥१०१॥**

---

વળી (આ ૧૦૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે) :—

[**શ્લોકાર્થ :—**] મારા સહજ સમ્યગ્દર્શનમાં, શુદ્ધ જ્ઞાનમાં, ચારિત્રમાં, સુકૃત અને દુષ્કૃતરૂપી કર્મદ્વંદ્વના સંન્યાસકાળમાં (અર્થાત્ પ્રત્યાખ્યાનમાં), સંવરમાં અને શુદ્ધ યોગમાં (-શુદ્ધોપયોગમાં) તે પરમાત્મા જ છે (અર્થાત્ સમ્યગ્દર્શનાદિ બધાંયનો આશ્રય-અવલંબન શુદ્ધાત્મા જ છે); મુક્તિની પ્રાપ્તિ માટે જગતમાં બીજો કોઈ પણ પદાર્થ નથી, નથી. ૧૩૫.

[**શ્લોકાર્થ :—**] જે ક્યારેક નિર્મળ દેખાય છે, ક્યારેક નિર્મળ તેમ જ અનિર્મળ દેખાય છે, વળી ક્યારેક અનિર્મળ દેખાય છે અને તેથી અજ્ઞાનીને માટે જે ગહન છે, તે જ—કે જેણે નિજજ્ઞાનરૂપી દીપક વડે પાપતિમિરને નષ્ટ કર્યું છે તે (આત્મતત્ત્વ) જ—સત્પુરુષોના હૃદયકમળરૂપી ઘરમાં નિશ્ચળપણે સંસ્થિત છે. ૧૩૬.

**જીવ એકલો જ મરે, સ્વયં જીવ એકલો જન્મે અરે!**
**જીવ એકનું નીપજે મરણ, જીવ એકલો સિદ્ધિ લહે. ૧૦૧.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



एकश्च म्रियते जीवः एकश्च जीवति स्वयम्।
एकस्य जायते मरणं एकः सिध्यति नीरजाः॥१०१॥

इह हि संसारावस्थायां मुक्तौ च निःसहायो जीव इत्युक्तः।

नित्यमरणे तद्भवमरणे च सहायमन्तरेण व्यवहारतश्चैक एव म्रियते; सादि-सनिधनमूर्तिविजातीयविभावव्यंजननरनारकादिपर्यायोत्पत्तौ चासन्नगतानुपचरितासद्भूतव्यवहार-नयादेशेन स्वयमेवोज्जीवत्येव। सर्वैर्बंधुभिः परिरक्ष्यमाणस्यापि महाबलपराक्रमस्यैकस्य जीवस्याप्रार्थितमपि स्वयमेव जायते मरणम्; एक एव परमगुरुप्रसादासादितस्वात्माश्रय-निश्चयशुक्लध्यानबलेन स्वात्मानं ध्यात्वा नीरजाः सन् सद्यो निर्वाति।

तथा चोक्तम्—

---

**અન્વયાર્થઃ**—[**जीवः एकः च**] જીવ એકલો [**म्रियते**] મરે છે [**च**] અને [**स्वयम् एकः**] સ્વયં એકલો [**जीवति**] જન્મે છે; [**एकस्य**] એકલાનું [**मरणं जायते**] મરણ થાય છે અને [**एकः**] એકલો [**नीरजाः**] રજ રહિત થયો થકો [**सिध्यति**] સિદ્ધ થાય છે.

**ટીકાઃ**—અહીં (–આ ગાથામાં), સંસારાવસ્થામાં અને મુક્તિમાં જીવ નિઃસહાય છે એમ કહ્યું છે.

નિત્ય મરણમાં (અર્થાત્ સમયે સમયે થતાં આયુકર્મના નિષેકોના ક્ષયમાં) અને તે ભવ સંબંધી મરણમાં, (બીજા કોઈની) સહાય વિના વ્યવહારથી (જીવ) એકલો જ મરે છે; તથા સાદિ-સાંત મૂર્તિક વિજાતીયવિભાવવ્યંજનપર્યાયરૂપ નરનારકાદિપર્યાયોની ઉત્પત્તિમાં, આસન્ન-અનુપચરિત-અસદ્ભૂત-વ્યવહારનયના કથનથી (જીવ એકલો જ) સ્વયમેવ જન્મે છે. સર્વ બંધુજનોથી રક્ષણ કરવામાં આવતું હોવા છતાં પણ, મહાબળ-પરાક્રમવાળા જીવનું એકલાનું જ, અનિચ્છિત હોવા છતાં, સ્વયમેવ મરણ થાય છે; (જીવ) એકલો જ પરમ ગુરુના પ્રસાદથી પ્રાપ્ત સ્વાત્માશ્રિત નિશ્ચયશુક્લધ્યાનના બળે નિજ આત્માને ધ્યાઈને રજ રહિત થયો થકો શીઘ્ર નિર્વાણ પામે છે.

એવી રીતે (અન્યત્ર શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(अनुष्टुभ्)

''स्वयं कर्म करोत्यात्मा स्वयं तत्फलमश्नुते।
स्वयं भ्रमति संसारे स्वयं तस्माद्विमुच्यते॥''

उक्तं च श्रीसोमदेवपंडितदेवैः—

(वसंततिलका)

''एकस्त्वमाविशसि जन्मनि संक्षये च
भोक्तुं स्वयं स्वकृतकर्मफलानुबन्धम्।
अन्यो न जातु सुखदुःखविधौ सहायः
स्वाजीवनाय मिलितं विटपेटकं ते॥''

तथा हि—

(मंदाक्रांता)

एको याति प्रबलदुरघाज्जन्म मृत्युं च जीवः
कर्मद्वन्द्वोद्भवफलमयं चारुसौख्यं च दुःखम्।
भूयो भुंक्ते स्वसुखविमुखः सन् सदा तीव्रमोहा-
देकं तत्त्वं किमपि गुरुतः प्राप्य तिष्ठत्यमुष्मिन्॥१३७॥

---

''[શ્લોકાર્થ :—] આત્મા સ્વયં કર્મ કરે છે, સ્વયં તેનું ફળ ભોગવે છે, સ્વયં સંસારમાં ભમે છે અને સ્વયં સંસારથી મુક્ત થાય છે.''

વળી શ્રી સોમદેવપંડિતદેવે (યશસ્તિલકચંપૂકાવ્યમાં બીજા અધિકારની અંદર એકત્વાનુપ્રેક્ષા વર્ણવતાં ૧૧૯મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

''[શ્લોકાર્થ :—] પોતે કરેલા કર્મના ફળાનુબંધને સ્વયં ભોગવવા માટે તું એકલો જન્મમાં તેમ જ મૃત્યુમાં પ્રવેશે છે, બીજું કોઈ (સ્ત્રીપુત્રમિત્રાદિક) સુખદુઃખના પ્રકારોમાં બિલકુલ સહાયભૂત થતું નથી; પોતાની આજીવિકા માટે (માત્ર પોતાના સ્વાર્થ માટે સ્ત્રીપુત્રમિત્રાદિક) ધુતારાઓની ટોળી તને મળી છે.''

વળી (આ ૧૦૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—

[શ્લોકાર્થ :—] જીવ એકલો પ્રબળ દુષ્કૃતથી જન્મ અને મૃત્યુને પામે છે; જીવ એકલો સદા તીવ્ર મોહને લીધે સ્વસુખથી વિમુખ થયો થકો કર્મદ્વંદ્વજનિત ફળમય (–શુભ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**एगो मे सासदो अप्पा णाणदंसणलक्खणो।**
**सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा॥१०२॥**

एको मे शाश्वत आत्मा ज्ञानदर्शनलक्षणः।
शेषा मे बाह्या भावाः सर्वे संयोगलक्षणाः॥१०२॥

एकत्वभावनापरिणतस्य सम्यग्ज्ञानिनो लक्षणकथनमिदम्।

अखिलसंसृतिनन्दनतरुमूलालवालांभःपूरपरिपूर्णप्रणालिकावत्संस्थितकलेवरसंभवहेतुभूतद्रव्यभावकर्माभावादेकः, स एव निखिलक्रियाकांडाडंबरविविधविकल्पकोलाहलनिर्मुक्तसहजशुद्धज्ञानचेतनामतीन्द्रियं भुंजानः सन् शाश्वतो भूत्वा ममोपादेयरूपेण तिष्ठति, यस्त्रिकालनिरुपाधिस्वभावत्वात् निरावरणज्ञानदर्शनलक्षणलक्षितः कारणपरमात्मा; ये शुभाशुभकर्मसंयोगसंभवाः शेषा बाह्याभ्यन्तरपरिग्रहाः, स्वस्वरूपा-

---

અને અશુભ કર્મનાં ફળરૂપ) સુંદર સુખ અને દુઃખને વારંવાર ભોગવે છે; જીવ એકલો ગુરુ દ્વારા કોઈ એવા એક તત્ત્વને (–અવર્ણનીય પરમ ચૈતન્યતત્ત્વને) પામીને તેમાં સ્થિત રહે છે. ૧૩૭.

**મારો સુશાશ્વત એક દર્શનજ્ઞાનલક્ષણ જીવ છે;**
**બાકી બધા સંયોગલક્ષણ ભાવ મુજથી બાહ્ય છે. ૧૦૨.**

**અન્વયાર્થ :**—[**ज्ञानदर्शनलक्षणः**] જ્ઞાનદર્શનલક્ષણવાળો [**शाश्वतः**] શાશ્વત [**एकः**] એક [**आत्मा**] આત્મા [**मे**] મારો છે; [**शेषाः सर्वे**] બાકીના બધા [**संयोगलक्षणाः भावाः**] સંયોગલક્ષણવાળા ભાવો [**मे बाह्याः**] મારાથી બાહ્ય છે.

**ટીકા :**—એકત્વભાવનારૂપે પરિણમેલા સમ્યગ્જ્ઞાનીના લક્ષણનું આ કથન છે.

ત્રણે કાળે નિરુપાધિક સ્વભાવવાળો હોવાથી નિરાવરણ-જ્ઞાનદર્શનલક્ષણથી લક્ષિત એવો જે કારણપરમાત્મા તે, સમસ્ત સંસારરૂપી નંદનવનનાં વૃક્ષોના મૂળ ફરતા ક્યારાઓમાં પાણી ભરવા માટે જળપ્રવાહથી પરિપૂર્ણ ધોરિયા સમાન વર્તતું જે શરીર તેની ઉત્પત્તિમાં હેતુભૂત દ્રવ્યકર્મ-ભાવકર્મ વિનાનો હોવાથી એક છે, અને તે જ (કારણપરમાત્મા) સમસ્ત ક્રિયાકાંડના આડંબરના વિવિધ વિકલ્પરૂપ કોલાહલથી રહિત સહજશુદ્ધ-જ્ઞાનચેતનાને અતીંદ્રિયપણે ભોગવતો થકો શાશ્વત રહીને મારા માટે ઉપાદેયપણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



द्याह्यास्ते सर्वे; इति मम निश्चयः।

(मालिनी)

अथ मम परमात्मा शाश्वतः कश्चिदेकः
सहजपरमचिच्चिन्तामणिर्नित्यशुद्धः।
निरवधिनिजदिव्यज्ञानदृग्भ्यां समृद्धः
किमिह बहुविकल्पैर्मे फलं बाह्यभावैः॥१३८॥

**जं किंचि मे दुच्चरित्तं सव्वं तिविहेण वोसरे।**
**सामाइयं तु तिविहं करेमि सव्वं णिरायारं॥१०३॥**

यत्किंचिन्मे दुश्चरित्रं सर्वं त्रिविधेन विसृजामि।
सामायिकं तु त्रिविधं करोमि सर्वं निराकारम्॥१०३॥

आत्मगतदोषनिर्मुक्त्युपायकथनमिदम्।

---

રહે છે; જે શુભાશુભ કર્મના સંયોગથી ઉત્પન્ન થતા બાકીના બાહ્ય-અભ્યંતર પરિગ્રહો, તે બધા નિજ સ્વરૂપથી બાહ્ય છે.—આમ મારો નિશ્ચય છે.

[હવે આ ૧૦૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

[**શ્લોકાર્થ :—**] અહો! મારો પરમાત્મા શાશ્વત છે, એક છે, સહજ પરમ ચૈતન્યચિંતામણિ છે, સદા શુદ્ધ છે અને અનંત નિજ દિવ્ય જ્ઞાનદર્શનથી સમૃદ્ધ છે. આમ છે તો પછી બહુ પ્રકારના બાહ્ય ભાવોથી મને શું ફળ છે? ૧૩૮.

**જે કાંઈ પણ દુશ્ચરિત મુજ તે સર્વ હું ત્રિવિધે તજું;**
**કરું છું નિરાકાર જ સમસ્ત ચરિત્ર જે ત્રયવિધનું. ૧૦૩.**

**અન્વયાર્થ :—**[**मे**] મારું [**यत् किंचित्**] જે કાંઈ પણ [**दुश्चरित्रं**] દુઃચારિત્ર [**सर्वं**] તે સર્વને હું [**त्रिविधेन**] ત્રિવિધે (મન-વચન-કાયાથી) [**विसृजामि**] તજું છું [**तु**] અને [**त्रिविधं सामायिकं**] ત્રિવિધ જે સામાયિક (-ચારિત્ર) [**सर्वं**] તે સર્વને [**निराकारं करोमि**] નિરાકાર (-નિર્વિકલ્પ) કરું છું.

**ટીકા :—**આત્મગત દોષોથી મુક્ત થવાના ઉપાયનું આ કથન છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



भेदविज्ञानिनोऽपि मम परमतपोधनस्य पूर्वसंचितकर्मोदयबलाच्चारित्रमोहोदये सति यत्किंचिदपि दुश्चरित्रं भवति चेत्तत् सर्वं मनोवाक्कायसंशुद्ध्या संत्यजामि। सामायिकशब्देन तावच्चारित्रमुक्तं सामायिकछेदोपस्थापनपरिहारविशुद्ध्यभिधानभेदात्त्रिविधम्। अथवा जघन्यरत्नत्रयमुत्कृष्टं करोमि; नवपदार्थपरद्रव्यश्रद्धानपरिज्ञानाचरणस्वरूपं रत्नत्रयं साकारं, तत् स्वस्वरूपश्रद्धानपरिज्ञानानुष्ठानरूपस्वभावरत्नत्रयस्वीकारेण निराकारं शुद्धं करोमि इत्यर्थः। किं च, भेदोपचारचारित्रम् अभेदोपचारं करोमि, अभेदोपचारम् अभेदानुपचारं करोमि इति त्रिविधं सामायिकमुत्तरोत्तरस्वीकारेण सहजपरमतत्त्वाविचलस्थितिरूपसहजनिश्चयचारित्रं, निराकारतत्त्वनिरतत्वान्निराकारचारित्रमिति।

तथा चोक्तं प्रवचनसारव्याख्यायाम्—

---

મને પરમ-તપોધનને, ભેદવિજ્ઞાની હોવા છતાં, પૂર્વસંચિત કર્મના ઉદયને લીધે ચારિત્રમોહનો ઉદય હોતાં જો કાંઈ પણ દુઃચારિત્ર હોય, તો તે સર્વને મન-વચન-કાયાની સંશુદ્ધિથી હું સમ્યક્ પ્રકારે તજું છું. 'સામાયિક' શબ્દથી ચારિત્ર કહ્યું છે—કે જે (ચારિત્ર) સામાયિક, છેદોપસ્થાપન અને પરિહારવિશુદ્ધિ નામના ત્રણ ભેદોને લીધે ત્રણ પ્રકારનું છે. (હું તે ચારિત્રને નિરાકાર કરું છું.) અથવા હું જઘન્ય રત્નત્રયને ઉત્કૃષ્ટ કરું છું; નવ પદાર્થરૂપ પરદ્રવ્યનાં શ્રદ્ધાન-જ્ઞાન-આચરણસ્વરૂપ રત્નત્રય સાકાર (–સવિકલ્પ) છે, તેને નિજ સ્વરૂપનાં શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ સ્વભાવરત્નત્રયના સ્વીકાર (–અંગીકાર) વડે નિરાકાર–શુદ્ધ કરું છું, એમ અર્થ છે. વળી (બીજી રીતે કહીએ તો), હું ભેદોપચાર ચારિત્રને અભેદોપચાર કરું છું અને અભેદોપચાર ચારિત્રને અભેદાનુપચાર કરું છું—એમ ત્રિવિધ સામાયિકને (–ચારિત્રને) ઉત્તરોત્તર સ્વીકૃત (અંગીકૃત) કરવાથી સહજ પરમ તત્ત્વમાં અવિચળ સ્થિતિરૂપ સહજ નિશ્ચયચારિત્ર હોય છે—કે જે (નિશ્ચયચારિત્ર) નિરાકાર તત્ત્વમાં લીન હોવાથી નિરાકાર ચારિત્ર છે.

એવી રીતે શ્રી પ્રવચનસારની (અમૃતચંદ્રાચાર્યદેવકૃત તત્ત્વદીપિકા નામની) ટીકામાં (૧૨મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(वसंततिलका)

''द्रव्यानुसारि चरणं चरणानुसारि
द्रव्यं मिथो द्वयमिदं ननु सव्यपेक्षम्।
तस्मान्मुमुक्षुरधिरोहतु मोक्षमार्गं
द्रव्यं प्रतीत्य यदि वा चरणं प्रतीत्य॥''

तथा हि—

(अनुष्टुभ्)

चित्तत्त्वभावनासक्तमतयो यतयो यमम्।
यतंते यातनाशीलयमनाशनकारणम्॥१३९॥

**सम्मं मे सव्वभूदेसु वेरं मज्झं ण केणवि।**
**आसाए वोसरित्ता णं समाहि पडिवज्जए॥१०४॥**

**साम्यं मे सर्वभूतेषु वैरं मह्यं न केनचित्।**
**आशाम् उत्सृज्य नूनं समाधिः प्रतिपद्यते॥१०४॥**

---

''[શ્લોકાર્થ :—] ચરણ દ્રવ્યાનુસાર હોય છે અને દ્રવ્ય ચરણાનુસાર હોય છે—એ રીતે તે બન્ને પરસ્પર અપેક્ષાસહિત છે; તેથી કાં તો દ્રવ્યનો આશ્રય કરીને અથવા તો ચરણનો આશ્રય કરીને મુમુક્ષુ (જ્ઞાની, મુનિ) મોક્ષમાર્ગમાં આરોહણ કરો.''

વળી (આ ૧૦૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—

[શ્લોકાર્થ :—] જેમની બુદ્ધિ ચૈતન્યતત્ત્વની ભાવનામાં આસક્ત (રત, લીન) છે એવા યતિઓ યમમાં પ્રયત્નશીલ રહે છે (અર્થાત્ સંયમમાં સાવધાન રહે છે)—કે જે યમ (–સંયમ) યાતનાશીલ યમના (–દુઃખમય મરણના) નાશનું કારણ છે. ૧૩૯.

**સૌ ભૂતમાં સમતા મને, કો સાથ વેર મને નહીં;**
**આશા ખરેખર છોડીને પ્રાપ્તિ કરું છું સમાધિની. ૧૦૪.**

**અન્વયાર્થ :**—[सवभूतेषु] સર્વ જીવો પ્રત્યે [मे] મને [साम्यं] સમતા છે, [मह्यं]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



इहान्तर्मुखस्य परमतपोधनस्य भावशुद्धिरुक्ता।

विमुक्तसकलेन्द्रियव्यापारस्य मम भेदविज्ञानिष्वज्ञानिषु च समता; मित्रामित्रपरिणतेरभावान्न मे केनचिज्जनेन सह वैरम्; सहजवैराग्यपरिणतेः न मे काप्याशा विद्यते; परमसमरसीभावसनाथपरमसमाधिं प्रपद्येऽहमिति।

तथा चोक्तं श्रीयोगीन्द्रदेवैः—

(वसंततिलका)

''मुक्त्वालसत्वमधिसत्त्वबलोपपन्नः
स्मृत्वा परां च समतां कुलदेवतां त्वम्।
संज्ञानचक्रमिदमङ्ग गृहाण तूर्ण-
मज्ञानमन्त्रियुतमोहरिपूपमर्दि॥''

तथा हि—

---

મારે [**केनचित्**] કોઈ સાથે [**वैरं न**] વેર નથી; [**नूनम्**] ખરેખર [**आशाम् उत्सृज्य**] આશાને છોડીને [**समाधिः प्रतिपद्यते**] હું સમાધિને પ્રાપ્ત કરું છું.

**ટીકા :**—અહીં (આ ગાથામાં) અંતર્મુખ પરમ-તપોધનની ભાવશુદ્ધિનું કથન છે.

જેણે સમસ્ત ઇન્દ્રિયોના વ્યાપારને છોડ્યો છે એવા મને ભેદવિજ્ઞાનીઓ તેમ જ અજ્ઞાનીઓ પ્રત્યે સમતા છે; મિત્ર-અમિત્રરૂપ (મિત્રરૂપ કે શત્રુરૂપ) પરિણતિના અભાવને લીધે મને કોઈ પ્રાણી સાથે વેર નથી; સહજ વૈરાગ્યપરિણતિને લીધે મને કોઈ પણ આશા વર્તતી નથી; પરમ સમરસીભાવસંયુક્ત પરમ સમાધિનો હું આશ્રય કરું છું (અર્થાત્ પરમ સમાધિને પ્રાપ્ત કરું છું).

એવી રીતે શ્રી યોગીંદ્રદેવે (અમૃતાશીતિમાં ૨૧મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

''[**શ્લોકાર્થ :**—] હે ભાઈ! સ્વાભાવિક બળસંપન્ન એવો તું આળસ તજીને, ઉત્કૃષ્ટ સમતારૂપી કુળદેવીને સ્મરીને, અજ્ઞાનમંત્રી સહિત મોહશત્રુનો નાશ કરનારા આ સમ્યગ્જ્ઞાનરૂપી ચક્રને શીઘ્ર ગ્રહણ કર.''

વળી (આ ૧૦૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે) :—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(वसंततिलका)

मुक्त्यङ्गनालिमपुनर्भवसौख्यमूलं
दुर्भावनातिमिरसंहतिचन्द्रकीर्तिम्।
संभावयामि समतामहमुच्चकैस्तां
या संमता भवति संयमिनामजस्रम्॥१४०॥

(हरिणी)

जयति समता नित्यं या योगिनामपि दुर्लभा
निजमुखसुखवार्धिप्रस्फारपूर्णशशिप्रभा।
परमयमिनां प्रव्रज्यास्त्रीमनःप्रियमैत्रिका
मुनिवरगणस्योच्चैः सालंक्रिया जगतामपि॥१४१॥

**णिक्कसायस्स दंतस्स सूरस्स ववसायिणो।**
**संसारभयभीदस्स पच्चक्खाणं सुहं हवे॥१०५॥**

**निःकषायस्य दान्तस्य शूरस्य व्यवसायिनः।**
**संसारभयभीतस्य प्रत्याख्यानं सुखं भवेत्॥१०५॥**

---

[**શ્લોકાર્થ** :—] જે (સમતા) મુક્તિસુંદરીની સખી છે, જે મોક્ષસૌખ્યનું મૂળ છે, જે દુર્ભાવનારૂપી તિમિરસમૂહને (હણવા) માટે ચંદ્રના પ્રકાશ સમાન છે અને જે સંયમીઓને નિરંતર સંમત છે, તે સમતાને હું અત્યંત ભાવું છું. ૧૪૦.

[**શ્લોકાર્થ** :—] જે યોગીઓને પણ દુર્લભ છે, જે નિજાભિમુખ સુખના સાગરમાં ભરતી લાવવા માટે પૂર્ણ ચંદ્રની પ્રભા (સમાન) છે, જે પરમ સંયમીઓની દીક્ષારૂપી સ્ત્રીના મનને વહાલી સખી છે અને જે મુનિવરોના સમૂહનું તેમ જ ત્રણ લોકનું પણ અતિશયપણે આભૂષણ છે, તે સમતા સદા જયવંત છે. ૧૪૧.

**અકષાય, ઉદ્યમી, દાન્ત છે, સંસારથી ભયભીત છે,**
**શૂરવીર છે, તે જીવને પચખાણ સુખમય હોય છે. ૧૦૫.**

**અન્વયાર્થ** :—[**निःकषायस्य**] જે નિઃકષાય છે, [**दान्तस्य**] *દાન્ત છે, [**शूरस्य**] શૂરવીર છે, [**व्यवसायिनः**] વ્યવસાયી (–શુદ્ધતા પ્રત્યે ઉદ્યમવંત) છે અને [**संसारभयभीतस्य**]

---

★ દાન્ત = જેણે ઇન્દ્રિયોનું દમન કર્યું હોય એવો; જેણે ઇન્દ્રિયોને વશ કરી હોય એવો; સંયમી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**निश्चयप्रत्याख्यानयोग्यजीवस्वरूपाख्यानमेतत् ।**

**सकलकषायकलंकपंकविमुक्तस्य निखिलेन्द्रियव्यापारविजयोपार्जितपरमदान्तरूपस्य अखिलपरीषहमहाभटविजयोपार्जितनिजशूरगुणस्य निश्चयपरमतपश्चरणनिरतशुद्धभावस्य संसारदुःखभीतस्य व्यवहारेण चतुराहारविवर्जनप्रत्याख्यानम्। किं च पुनः व्यवहारप्रत्याख्यानं कुदृष्टेरपि पुरुषस्य चारित्रमोहोदयहेतुभूतद्रव्यभावकर्मक्षयोपशमेन क्वचित् कदाचित् संभवति। अत एव निश्चयप्रत्याख्यानं हितम् अत्यासन्नभव्यजीवानाम्; यतः स्वर्णनामधेयधरस्य पाषाणस्योपादेयत्वं न तथांधपाषाणस्येति। ततः संसारशरीरभोगनिर्वेगता निश्चयप्रत्याख्यानस्य कारणं, पुनर्भाविकाले संभाविनां निखिलमोहरागद्वेषादिविविधविभावानां परिहारः परमार्थप्रत्याख्यानम्, अथवानागतकालोद्भव-**

---

સંસારથી ભયભીત છે, તેને [**सुखं प्रत्याख्यानं**] સુખમય પ્રત્યાખ્યાન (અર્થાત્ નિશ્ચય-પ્રત્યાખ્યાન) [**भवेत्**] હોય છે.

**ટીકા :**—જે જીવ નિશ્ચયપ્રત્યાખ્યાનને યોગ્ય હોય એવા જીવના સ્વરૂપનું આ કથન છે.

જે સમસ્ત કષાયકલંકરૂપ કાદવથી વિમુક્ત છે, સર્વ ઇન્દ્રિયોના વ્યાપાર ઉપર વિજય મેળવ્યો હોવાથી જેણે પરમ દાન્તરૂપતા પ્રાપ્ત કરી છે, સકળ પરિષહરૂપી મહા સુભટોને જીત્યા હોવાથી જેણે નિજ શૂરગુણ પ્રાપ્ત કર્યો છે, નિશ્ચય-પરમ-તપશ્ચરણમાં [૧]નિરત એવો શુદ્ધભાવ જેને વર્તે છે અને જે સંસારદુઃખથી ભયભીત છે, તેને (યથોચિત શુદ્ધતા સહિત) વ્યવહારથી ચાર આહારના ત્યાગરૂપ પ્રત્યાખ્યાન છે. પરંતુ (શુદ્ધતા વિનાનું) વ્યવહારપ્રત્યાખ્યાન તો કુદૃષ્ટિ (–મિથ્યાત્વી) પુરુષને પણ ચારિત્રમોહના ઉદયના હેતુભૂત દ્રવ્યકર્મ-ભાવકર્મનાં ક્ષયોપશમ વડે ક્વચિત્ કદાચિત્ સંભવે છે. તેથી જ નિશ્ચયપ્રત્યાખ્યાન અતિ-આસન્નભવ્ય જીવોને હિતરૂપ છે; કારણ કે જેમ [૨]સુવર્ણપાષાણ નામનો પાષાણ ઉપાદેય છે તેમ અંધપાષાણ નથી. માટે (યથોચિત્ શુદ્ધતા સહિત) સંસાર અને શરીર સંબંધી ભોગની નિર્વેગતા નિશ્ચયપ્રત્યાખ્યાનનું કારણ છે અને ભવિષ્ય કાળે થનારા સમસ્ત મોહરાગદ્વેષાદિ વિવિધ વિભાવોનો પરિહાર તે પરમાર્થ પ્રત્યાખ્યાન છે

---

૧. નિરત = રત; તત્પર; પરાયણ; લીન.

૨. જે પાષાણમાં સુવર્ણ હોય છે તેને સુવર્ણપાષાણ કહે છે અને જે પાષાણમાં સુવર્ણ હોતું નથી તેને અંધપાષાણ કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



विविधान्तर्जल्पपरित्यागः शुद्धनिश्चयप्रत्याख्यानम् इति।

(हरिणी)

जयति सततं प्रत्याख्यानं जिनेन्द्रमतोद्भवं
परमयमिनामेतन्निर्वाणसौख्यकरं परम्।
सहजसमतादेवीसत्कर्णभूषणमुच्चकैः
मुनिप शृणु ते दीक्षाकान्तातियौवनकारणम्।।१४२।।

**एवं भेदब्भासं जो कुव्वइ जीवकम्मणो णिच्चं।**
**पच्चक्खाणं सक्कदि धरिदुं सो संजदो णियमा।।१०६।।**

एवं भेदाभ्यासं यः करोति जीवकर्मणोः नित्यम्।
प्रत्याख्यानं शक्तो धर्तुं स संयतो नियमात्।।१०६।।

**निश्चयप्रत्याख्यानाध्यायोपसंहारोपन्यासोयम्।**

---

અથવા અનાગત કાળે ઉત્પન્ન થનારા વિવિધ અંતર્જલ્પોનો (-વિકલ્પોનો) પરિત્યાગ તે શુદ્ધ નિશ્ચયપ્રત્યાખ્યાન છે.

[હવે આ ૧૦૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

[**શ્લોકાર્થ :—**] હે મુનિવર! સાંભળ; જિનેંદ્રના મતમાં ઉત્પન્ન થતું પ્રત્યાખ્યાન સતત જયવંત છે. તે પ્રત્યાખ્યાન પરમ સંયમીઓને ઉત્કૃષ્ટપણે નિર્વાણસુખનું કરનારું છે, સહજ સમતાદેવીના સુંદર કર્ણનું મહા આભૂષણ છે અને તારી દીક્ષારૂપી પ્રિય સ્ત્રીના અતિશય યૌવનનું કારણ છે. ૧૪૨.

**જીવ-કર્મ કેરા ભેદનો અભ્યાસ જે નિત્યે કરે,**
**તે સંયમી પચખાણ-ધારણમાં અવશ્ય સમર્થ છે. ૧૦૬.**

**અન્વયાર્થ :—**[**एवं**] એ રીતે [**यः**] જે [**नित्यम्**] સદા [**जीवकर्मणोः**] જીવ અને કર્મના [**भेदाभ्यासं**] ભેદનો અભ્યાસ [**करोति**] કરે છે, [**सः संयतः**] તે સંયત [**नियमात्**] નિયમથી [**प्रत्याख्यानं**] પ્રત્યાખ્યાન [**धर्तुं**] ધારણ કરવાને [**शक्तः**] શક્તિમાન છે.

**ટીકા :—**આ, નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકારના ઉપસંહારનું કથન છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**यः श्रीमदर्हन्मुखारविन्दविनिर्गतपरमागमार्थविचारक्षमः अशुद्धान्तस्तत्त्वकर्मपुद्गलयोरनादिबन्धनसंबन्धयोर्भेदं भेदाभ्यासबलेन करोति, स परमसंयमी निश्चयव्यवहारप्रत्याख्यानं स्वीकरोतीति।**

(स्वागता)

**भाविकालभवभावनिवृत्तः**
**सोहमित्यनुदिनं मुनिनाथः।**
**भावयेदखिलसौख्यनिधानं**
**स्वस्वरूपममलं मलमुक्त्यै।।१४३।।**

(स्वागता)

**घोरसंसृतिमहार्णवभास्व-**
**द्यानपात्रमिदमाह जिनेन्द्रः।**
**तत्त्वतः परमतत्त्वमजस्रं**
**भावयाम्यहमतो जितमोहः।।१४४।।**

---

શ્રીમદ્ અર્હંતના મુખારવિંદમાંથી નિકળેલાં પરમાગમના અર્થનો વિચાર કરવામાં સમર્થ એવો જે પરમ સંયમી અનાદિ બંધનરૂપ સંબંધવાળાં અશુદ્ધ અંતઃતત્ત્વ અને કર્મ-પુદ્ગલનો ભેદ ભેદાભ્યાસના બળથી કરે છે, તે પરમ સંયમી નિશ્ચયપ્રત્યાખ્યાન તથા વ્યવહારપ્રત્યાખ્યાનને સ્વીકૃત (–અંગીકૃત) કરે છે.

[હવે આ નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ નવ શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** 'જે ભાવિ કાળના ભવ-ભાવોથી (સંસારભાવોથી) નિવૃત્ત છે તે હું છું' એમ મુનીશ્વરે મળથી મુક્ત થવા માટે પરિપૂર્ણ સૌખ્યના નિધાનભૂત નિર્મળ નિજ સ્વરૂપને પ્રતિદિન ભાવવું. ૧૪૩.

**[શ્લોકાર્થ :—]** ઘોર સંસારમહાર્ણવનું આ (પરમ તત્ત્વ) દેદીપ્યમાન નાવ છે એમ જિનેંદ્રદેવે કહ્યું છે; તેથી હું મોહને જીતીને નિરંતર પરમ તત્ત્વને તત્ત્વતઃ (–પારમાર્થિક રીતે) ભાવું છું. ૧૪૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(मंदाक्रांता)

प्रत्याख्यानं भवति सततं शुद्धचारित्रमूर्तेः
भ्रान्तिध्वंसात्सहजपरमानंदचिन्निष्टबुद्धेः।
नास्त्यन्येषामपरसमये योगिनामास्पदानां
भूयो भूयो भवति भविनां संसृतिर्घोररूपा॥१४५॥

(शिखरिणी)

महानंदानंदो जगति विदितः शाश्वतमयः।
स सिद्धात्मन्युचैर्नियतवसतिर्निर्मलगुणे।
अमी विद्वान्सोपि स्मरनिशितशस्त्रैरमिहताः
कथं कांक्षंत्येनं बत कलिहतास्ते जडधियः॥१४६॥

(मंदाक्रांता)

प्रत्याख्यानाद्भवति यमिषु प्रस्फुटं शुद्धशुद्धं
सच्चारित्रं दुरघतरुसांद्राटवीवह्निरूपम्।
तत्त्वं शीघ्रं कुरु तव मतौ भव्यशार्दूल नित्यं
यत्किंभूतं सहजसुखदं शीलमूलं मुनीनाम्॥१४७॥

---

**[શ્લોકાર્થ :—]** ભ્રાંતિના નાશથી જેની બુદ્ધિ સહજ-પરમાનંદયુક્ત ચેતનમાં નિષ્ઠિત (–લીન, એકાગ્ર) છે એવા શુદ્ધચારિત્રમૂર્તિને સતત પ્રત્યાખ્યાન છે. પરસમયમાં (–અન્ય દર્શનમાં) જેમનું સ્થાન છે એવા અન્ય યોગીઓને પ્રત્યાખ્યાન હોતું નથી; તે સંસારીઓને ફરીફરીને ઘોર સંસરણ (–પરિભ્રમણ) થાય છે. ૧૪૫.

[શ્લોકાર્થ :–] જે શાશ્વત મહા આનંદાનંદ જગતમાં પ્રસિદ્ધ છે, તે નિર્મળ ગુણવાળા સિદ્ધાત્મામાં અતિશયપણે અને નિયતપણે રહે છે. (તો પછી,) અરેરે ! આ વિદ્વાનો પણ કામનાં તીક્ષ્ણ શસ્ત્રોથી ઈજા પામ્યા થકા ક્લેશપીડિત થઈને તેને (કામને) કેમ ઇચ્છે છે ! તેઓ જડબુદ્ધિ છે. ૧૪૬.

**[શ્લોકાર્થ :—]** જે દુષ્ટ પાપરૂપી વૃક્ષોની ગીચ અટવીને બાળવાને અગ્નિરૂપ છે એવું પ્રગટ શુદ્ધ-શુદ્ધ સત્ચારિત્ર સંયમીઓને પ્રત્યાખ્યાનથી થાય છે; (માટે) હે ભવ્યશાર્દૂલ ! (–ભવ્યોત્તમ) તું શીઘ્ર તારી મતિમાં તત્ત્વને નિત્ય ધારણ કર—કે જે તત્ત્વ સહજ સુખનું દેનારું છે અને મુનિઓના ચારિત્રનું મૂળ છે. ૧૪૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(मालिनी)

जयति सहजतत्त्वं तत्त्वनिष्णातबुद्धेः
हृदयसरसिजाताभ्यन्तरे संस्थितं यत्।
तदपि सहजतेजः प्रास्तमोहान्धकारं
स्वरसविसरभास्वद्बोधविस्फूर्तिमात्रम्॥१४८॥

(पृथ्वी)

अखंडितमनारतं सकलदोषदूरं परं
भवांबुनिधिमग्नजीवततियानपात्रोपमम्।
अथ प्रबलदुर्गवर्गदववह्निकीलालकं
नमामि सततं पुनः सहजमेव तत्त्वं मुदा॥१४९॥

(पृथ्वी)

जिनप्रभुमुखारविन्दविदितं स्वरूपस्थितं
मुनीश्वरमनोगृहान्तरसुरत्नदीपप्रभम्।
नमस्यमिह योगिभिर्विजितदृष्टिमोहादिभिः
नमामि सुखमन्दिरं सहजतत्त्वमुच्चैरदः॥१५०॥

---

**[શ્લોકાર્થ :—]** તત્ત્વમાં નિષ્ણાત બુદ્ધિવાળા જીવના હૃદયકમળરૂપ અભ્યંતરમાં જે સુસ્થિત છે, તે સહજ તત્ત્વ જયવંત છે. તે સહજ તેજે મોહાંધકારનો નાશ કર્યો છે અને તે (સહજ તેજ) નિજ રસના ફેલાવથી પ્રકાશતા જ્ઞાનના પ્રકાશનમાત્ર છે. ૧૪૮.

**[શ્લોકાર્થ :—]** વળી, જે (સહજ તત્ત્વ) અખંડિત છે, શાશ્વત છે, સકળ દોષથી દૂર છે, ઉત્કૃષ્ટ છે, ભવસાગરમાં ડૂબેલા જીવસમૂહને નૌકા સમાન છે અને પ્રબળ સંકટોના સમૂહરૂપી દાવાનળને (શાંત કરવા) માટે જળ સમાન છે, તે સહજ તત્ત્વને હું પ્રમોદથી સતત નમું છું. ૧૪૯.

**[શ્લોકાર્થ :—]** જે જિનપ્રભુના મુખારવિંદથી વિદિત (પ્રસિદ્ધ) છે, જે સ્વરૂપમાં સ્થિત છે, જે મુનીશ્વરોના મનોગ્રહની અંદર સુંદર રત્નદીપની માફક પ્રકાશે છે, જે આ લોકમાં દર્શનમોહાદિ પર વિજય મેળવેલા યોગીઓથી નમસ્કાર કરવાયોગ્ય છે અને જે સુખનું મંદિર છે, તે સહજ તત્ત્વને હું સદા અત્યંત નમું છું. ૧૫૦.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(पृथ्वी)

प्रणष्टदुरितोत्करं प्रहतपुण्यकर्मव्रजं
प्रधूतमदनादिकं प्रबलबोधसौधालयम्।
प्रणामकृततत्त्ववित् प्रकरणप्रणाशात्मकं
प्रवृद्धगुणमंदिरं प्रहतमोहरात्रिं नुमः ॥१५१॥

इति सुकविजनपयोजमित्रपंचेन्द्रियप्रसरवर्जितगात्रमात्रपरिग्रहश्रीपद्मप्रभमलधारिदेवविरचितायां नियमसारव्याख्यायां तात्पर्यवृत्तौ निश्चयप्रत्याख्यानाधिकारः षष्ठः श्रुतस्कन्धः ॥

---

[**શ્લોકાર્થ :—**] જેણે પાપના રાશિને નષ્ટ કર્યો છે, જેણે પુણ્યકર્મના સમૂહને હણ્યો છે, જેણે મદન (–કામ) વગેરેને ખંખેરી નાખ્યા છે, જે પ્રબળ જ્ઞાનનો મહેલ છે, જેને તત્ત્વવેત્તાઓ પ્રણામ કરે છે, જે પ્રકરણના નાશસ્વરૂપ છે (અર્થાત્ જેને કોઈ કાર્ય કરવાનું નથી—જે કૃતકૃત્ય છે), જે પુષ્ટ ગુણોનું ધામ છે અને જેણે મોહરાત્રિનો નાશ કર્યો છે, તેને (–તે સહજ તત્ત્વને) અમે નમીએ છીએ. ૧૫૧.

આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) **નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકાર** નામનો છઠ્ઠો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# —૭—
# પરમ-આલોચના અધિકાર

आलोचनाधिकार उच्यते—

**णोकम्मकम्मरहियं विहावगुणपज्जएहिं वदिरित्तं।**
**अप्पाणं जो झायदि समणस्सालोयणं होदि॥१०७॥**

नोकर्मकर्मरहितं विभावगुणपर्ययैर्व्यतिरिक्तम्।
आत्मानं यो ध्यायति श्रमणस्यालोचना भवति॥१०७॥

निश्चयालोचनास्वरूपाख्यानमेतत्।

औदारिकवैक्रियिकाहारकतैजसकार्मणानि शरीराणि हि नोकर्माणि, ज्ञानदर्शना-

---

હવે આલોચના અધિકાર કહેવામાં આવે છે.

તે શ્રમણને આલોચના, જે શ્રમણ ધ્યાવે આત્મને,
નોકર્મકર્મ-વિભાવગુણપર્યાયથી વ્યતિરિક્તને. ૧૦૭.

**અન્વયાર્થ** :—[**नोकर्मकर्मरहितं**] નોકર્મ ને કર્મથી રહિત તથા [**विभावगुणपर्ययैः व्यतिरिक्तम्**] વિભાવગુણપર્યાયોથી *વ્યતિરિક્ત [**आत्मानं**] આત્માને [**यः**] જે [**ध्यायति**] ધ્યાવે છે, [**श्रमणस्य**] તે શ્રમણને [**आलोचना**] આલોચના [**भवति**] છે.

**ટીકા** :—આ, નિશ્ચય-આલોચનાના સ્વરૂપનું કથન છે.

ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ અને કાર્મણ શરીરો તે નોકર્મો છે; જ્ઞાનાવરણ,

---

★ વ્યતિરિક્ત = રહિત; ભિન્ન.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



वरणांतरायमोहनीयवेदनीयायुर्नामगोत्राभिधानानि हि द्रव्यकर्माणि। कर्मोपाधिनिरपेक्ष-सत्ताग्राहकशुद्धनिश्चयद्रव्यार्थिकनयापेक्षया हि एभिर्नोकर्मभिर्द्रव्यकर्मभिश्च निर्मुक्तम्। मतिज्ञानादयो विभावगुणा नरनारकादिव्यंजनपर्यायाश्चैव विभावपर्यायाः। सहभुवो गुणाः क्रमभाविनः पर्यायाश्च। एभिः समस्तैः व्यतिरिक्तं, स्वभावगुणपर्यायैः संयुक्तं, त्रिकाल-निरावरणनिरंजनपरमात्मानं त्रिगुप्तिगुप्तपरमसमाधिना यः परमश्रमणो नित्यमनुष्ठानसमये वचनरचनाप्रपंचपराङ्मुखः सन् ध्यायति, तस्य भावश्रमणस्य सततं निश्चयालोचना भवतीति।

तथा चोक्तं श्रीमदमृतचंद्रसूरिभिः—

(आर्या)

''मोहविलासविजृंभितमिदमुदयत्कर्म सकलमालोच्य।
आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते।।''

---

દર્શનાવરણ, અંતરાય, મોહનીય, વેદનીય, આયુ, નામ અને ગોત્ર નામનાં દ્રવ્યકર્મો છે. *કર્મોપાધિનિરપેક્ષ સત્તાગ્રાહક શુદ્ધનિશ્ચયદ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ પરમાત્મા આ નોકર્મો અને દ્રવ્યકર્મોથી રહિત છે. મતિજ્ઞાનાદિક તે વિભાવગુણો છે અને નર-નારકાદિ વ્યંજનપર્યાયો તે જ વિભાવપર્યાયો છે; ગુણો સહભાવી હોય છે અને પર્યાયો ક્રમભાવી હોય છે. પરમાત્મા આ બધાથી (−વિભાવગુણો અને વિભાવપર્યાયોથી) વ્યતિરિક્ત છે. ઉપરોક્ત નોકર્મો અને દ્રવ્યકર્મોથી રહિત તથા ઉપરોક્ત સમસ્ત વિભાવગુણપર્યાયોથી વ્યતિરિક્ત તેમ જ સ્વભાવગુણપર્યાયોથી સંયુક્ત, ત્રિકાળ-નિરાવરણ નિરંજન પરમાત્માને ત્રિગુપ્તિગુપ્ત (−ત્રણ ગુપ્તિ વડે ગુપ્ત એવી) પરમસમાધિ વડે જે પરમ શ્રમણ સદા અનુષ્ઠાનસમયે વચનરચનાના પ્રપંચથી (−વિસ્તારથી) પરાઙ્મુખ વર્તતો થકો ધ્યાવે છે, તે ભાવશ્રમણને સતત નિશ્ચયઆલોચના છે.

એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૨૨૭મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

''[**શ્લોકાર્થ :—**] મોહના વિલાસથી ફેલાયેલું જે આ ઉદયમાન (−ઉદયમાં આવતું) કર્મ તે સમસ્તને આલોચીને (−તે સર્વ કર્મની આલોચના કરીને), હું નિષ્કર્મ (અર્થાત્ સર્વ

---

★ શુદ્ધનિશ્ચયદ્રવ્યાર્થિકનય કર્મોપાધિની અપેક્ષા રહિત સત્તાને જ ગ્રહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**उक्तं चोपासकाध्ययने—**

(आर्या)

**“आलोच्य सर्वमेनः कृतकारितमनुमतं च निर्व्याजम्।**
**आरोपयेन्महाव्रतमामरणस्थायि निःशेषम्॥”**

**तथा हि—**

**आलोच्यालोच्य नित्यं सुकृतमसुकृतं घोरसंसारमूलं**
**शुद्धात्मानं निरुपधिगुणं चात्मनैवावलम्बे।**
**पश्चादुच्चैः प्रकृतिमखिलां द्रव्यकर्मस्वरूपां**
**नीत्वा नाशं सहजविलसद्बोधलक्ष्मीं व्रजामि॥१५२॥**

**आलोयणमालुंछण वियडीकरणं च भावसुद्धी य।**
**चउविहमिह परिकहियं आलोयणलक्खणं समए॥१०८॥**

---

કર્મોથી રહિત) ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી જ (–પોતાથી જ) નિરંતર વર્તું છું.’’

વળી ઉપાસકાધ્યયનમાં (શ્રી સમંતભદ્રસ્વામીકૃત રત્નકરંડશ્રાવકાચારમાં ૧૨૫મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

‘‘[**શ્લોકાર્થ :—**] કરેલા, કરાવેલા અને અનુમોદેલા સર્વ પાપને કપટરહિતપણે આલોચીને, મરણપર્યંત રહેનારું, નિઃશેષ (–પરિપૂર્ણ) મહાવ્રત ધારણ કરવું.’’

વળી (આ ૧૦૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે) :—

[**શ્લોકાર્થ :—**] ઘોર સંસારનાં મૂળ એવાં સુકૃત અને દુષ્કૃતને સદા આલોચી આલોચીને હું નિરુપાધિક (-સ્વાભાવિક) ગુણવાળા શુદ્ધ આત્માને આત્માથી જ અવલંબું છું. પછી દ્રવ્યકર્મસ્વરૂપ સમસ્ત પ્રકૃતિને અત્યંત નાશ પમાડીને સહજવિલસતી જ્ઞાનલક્ષ્મીને હું પામીશ. ૧૫૨.

**આલોચનાનું રૂપ ચઉવિધ વર્ણવ્યું છે શાસ્ત્રમાં,**
**—આલોચના, આલુંછના, અવિકૃતિકરણ ને શુદ્ધતા. ૧૦૮.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



आलोचनमालुंछनमविकृतिकरणं च भावशुद्धिश्च।
चतुर्विधमिह परिकथितं आलोचनलक्षणं समये॥१०८॥

आलोचनालक्षणभेदकथनमेतत्।

भगवदर्हन्मुखारविन्दविनिर्गतसकलजनताश्रुतिसुभगसुन्दरानन्दनिष्यन्द्यनक्षरात्मकदिव्यध्वनिपरिज्ञानकुशलचतुर्थज्ञानधरगौतममहर्षिमुखकमलविनिर्गतचतुरसन्दर्भगर्भीकृतराद्धान्तादिसमस्तशास्त्रार्थसार्थसारसर्वस्वीभूतशुद्धनिश्चयपरमालोचनायाश्चत्वारो विकल्पा भवन्ति। ते वक्ष्यमाणसूत्रचतुष्टये निगद्यन्त इति।

---

**અન્વયાર્થ :**—[इह] હવે, [आलोचनलक्षणं] આલોચનાનું સ્વરૂપ [आलोचनम्] [1]આલોચન, [आलुंछनम्] [2]આલુંછન, [अविकृतिकरणम्] [3]અવિકૃતિકરણ [च] અને [भावशुद्धिः च] [4]ભાવશુદ્ધિ [चतुर्विधं] એમ ચાર પ્રકારનું [समये] શાસ્ત્રમાં [परिकथितम्] કહ્યું છે.

**ટીકા :**—આ, આલોચનાના સ્વરૂપના ભેદોનું કથન છે.

ભગવાન અર્હંતના મુખારવિંદથી નીકળેલો, (શ્રવણ માટે આવેલ) સકળ જનતાને શ્રવણનું સૌભાગ્ય મળે એવો, સુંદર-આનંદસ્યંદી (સુંદર-આનંદઝરતો), અનક્ષરાત્મક જે દિવ્યધ્વનિ, તેના પરિજ્ઞાનમાં કુશળ ચતુર્થજ્ઞાનધર (મન:પર્યયજ્ઞાનધારી) ગૌતમમહર્ષિના મુખકમળથી નીકળેલી જે ચતુર વચનરચના, તેના ગર્ભમાં રહેલાં રાદ્ધાંતાદિ (–સિદ્ધાંતાદિ) સમસ્ત શાસ્ત્રોના અર્થસમૂહના સારસર્વસ્વરૂપ શુદ્ધ-નિશ્ચય-પરમ-આલોચનાના ચાર ભેદો છે. તે ભેદો હવે પછી કહેવામાં આવતાં ચાર સૂત્રોમાં કહેવાશે.

[હવે આ ૧૦૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

---

૧. પોતે પોતાના દોષો સૂક્ષ્મતાથી જોઈ જવા અથવા ગુરુ પાસે પોતાના દોષોનું નિવેદન કરવું તે વ્યવહાર-આલોચન છે. નિશ્ચય-આલોચનનું સ્વરૂપ ૧૦૯મી ગાથામાં કહેવામાં આવશે.

૨. આલુંછન = (દોષોનું) આલુંચન અર્થાત્ ઉખેડી નાખવું તે

૩. અવિકૃતિકરણ = વિકારરહિતતા કરવી તે

૪. ભાવશુદ્ધિ = ભાવોને શુદ્ધ કરવા તે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(इंद्रवज्रा)

आलोचनाभेदममुं विदित्वा
मुक्त्यंगनासंगमहेतुभूतम्।
स्वात्मस्थितिं याति हि भव्यजीवः
तस्मै नमः स्वात्मनि निष्ठिताय।।१५३।।

**जो पस्सदि अप्पाणं समभावे संठवित्तु परिणामं।**
**आलोयणमिदि जाणह परमजिणंदस्स उवएसं।।१०९।।**

**यः पश्यत्यात्मानं समभावे संस्थाप्य परिणामम्।**
**आलोचनमिति जानीहि परमजिनेन्द्रस्योपदेशम्।।१०९।।**

इहालोचनास्वीकारमात्रेण परमसमताभावनोक्ता।

यः सहजवैराग्यसुधासिन्धुनाथडिंडीरपिंडपरिपांडुरमंडनमंडलीप्रवृद्धिहेतुभूतराकानिशीथिनीनाथः सदान्तर्मुखाकारमत्यपूर्वं निरंजननिजबोधनिलयं कारणपरमात्मानं निरव-

---

[**શ્લોકાર્થ :—**] મુક્તિરૂપી સ્ત્રીના સંગમના હેતુભૂત એવા આ આલોચનાના ભેદોને જાણીને જે ભવ્ય જીવ ખરેખર નિજ આત્મામાં સ્થિતિ પામે છે, તે સ્વાત્મનિષ્ઠિતને (–તે નિજાત્મામાં લીન ભવ્ય જીવને) નમસ્કાર હો. ૧૫૩.

**સમભાવમાં પરિણામ સ્થાપી દેખતો જે આત્મને,**
**તે જીવ છે આલોચના—જિનવરવૃષભ-ઉપદેશ છે. ૧૦૯.**

**અન્વયાર્થ :—**[**यः**] જે (જીવ) [**परिणामम्**] પરિણામને [**समभावे**] સમભાવમાં [**संस्थाप्य**] સ્થાપીને [**आत्मानं**] (નિજ) આત્માને [**पश्यति**] દેખે છે, [**आलोचनम्**] તે આલોચન છે. [**इति**] એમ [**परमजिनेन्द्रस्य**] પરમ જિનેંદ્રનો [**उपदेशम्**] ઉપદેશ [**जानीहि**] જાણ.

**ટીકા :—**અહીં, આલોચનાના સ્વીકારમાત્રથી પરમસમતાભાવના કહેવામાં આવી છે.

સહજવૈરાગ્યરૂપી અમૃતસાગરના ફીણ-સમૂહના શ્વેત શોભામંડળની વૃદ્ધિના હેતુભૂત પૂર્ણ ચંદ્ર સમાન (અર્થાત્ સહજ વૈરાગ્યમાં ભરતી લાવીને તેની ઉજ્જ્વળતા વધારનાર) જે જીવ સદા અંતર્મુખાકાર (–સદા અંતર્મુખ જેનું સ્વરૂપ છે એવા), અતિ અપૂર્વ, નિરંજન નિજબોધના સ્થાનભૂત કારણપરમાત્માને નિરવશેષપણે અંતર્મુખ નિજ સ્વભાવનિરત સહજ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



शेषेणान्तर्मुखस्वस्वभावनिरतसहजावलोकनेन निरन्तरं पश्यति; किं कृत्वा? पूर्वं निजपरिणामं समतावलंबनं कृत्वा परमसंयमीभूत्वा तिष्ठति; तदेवालोचनास्वरूपमिति हे शिष्य त्वं जानीहि परमजिननाथस्योपदेशात् इत्यालोचनाविकल्पेषु प्रथमविकल्पोऽयमिति।

(स्रग्धरा)

आत्मा ह्यात्मानमात्मन्यविचलनिलयं चात्मना पश्यतीत्थं
यो मुक्तिश्रीविलासानतनुसुखमयान् स्तोककालेन याति।
सोऽयं वंद्यः सुरेशैर्यमधरततिभिः खेचरैर्भूचरैर्वा
तं वंदे सर्ववंद्यं सकलगुणनिधिं तद्गुणापेक्षयाहम् ।।१५४।।

(मंदाक्रांता)

आत्मा स्पष्टः परमयमिनां चित्तपंकेजमध्ये
ज्ञानज्योतिःप्रहतदुरितध्वान्तपुंजः पुराणः।
सोऽतिक्रान्तो भवति भविनां वाङ्मनोमार्गमस्मि-
न्नारातीये परमपुरुषे को विधिः को निषेधः।।१५५।।

---

અવલોકન વડે નિરંતર દેખે છે (અર્થાત્ જે જીવ કારણપરમાત્માને સર્વથા અંતર્મુખ એવું જે નિજ સ્વભાવમાં લીન સહજ-અવલોકન તેના વડે નિરંતર દેખે છે—અનુભવે છે); શું કરીને દેખે છે? પહેલાં નિજ પરિણામને સમતાવલંબી કરીને, પરમસંયમીભૂતપણે રહીને દેખે છે; તે જ આલોચનાનું સ્વરૂપ છે એમ, હે શિષ્ય! તું પરમ જિનનાથના ઉપદેશ દ્વારા જાણ.—આમ આ, આલોચનાના ભેદોમાં પ્રથમ ભેદ થયો.

[હવે આ ૧૦૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ છ શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** આ પ્રમાણે જે આત્મા આત્માને આત્મા વડે આત્મામાં અવિચળ રહેઠાણવાળો દેખે છે, તે અનંગ-સુખમય (અતીંદ્રિય આનંદમય) એવા મુક્તિલક્ષ્મીના વિલાસોને અલ્પ કાળમાં પામે છે. તે આત્મા સુરેશોથી, સંયમધરોની પંક્તિઓથી, ખેચરોથી (-વિદ્યાધરોથી) અને ભૂચરોથી (-ભૂમિગોચરીઓથી) વંદ્ય છે. હું તે સર્વવંદ્ય સકળગુણનિધિને (-સર્વથી વંદ્ય એવા સમસ્ત ગુણોના ભંડારને) તેના ગુણોની અપેક્ષાથી (-અભિલાષાથી) વંદું છું. ૧૫૪.

**[શ્લોકાર્થ :—]** જેણે જ્ઞાનજ્યોતિ વડે પાપતિમિરના પુંજનો નાશ કર્યો છે અને જે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**एवमनेन पद्येन व्यवहारालोचनाप्रपंचमुपहसति किल परमजिनयोगीश्वरः।**

(पृथ्वी)

**जयत्यनघचिन्मयं सहजतत्त्वमुच्चैरिदं**
**विमुक्तसकलेन्द्रियप्रकरजातकोलाहलम्।**
**नयानयनिकायदूरमपि योगिनां गोचरं**
**सदा शिवमयं परं परमदूरमज्ञानिनाम्।।१५६।।**

(मंदाक्रांता)

**शुद्धात्मानं निजसुखसुधावार्धिमज्जन्तमेनं**
**बुद्ध्वा भव्यः परमगुरुतः शाश्वतं शं प्रयाति।**
**तस्मादुच्चैरहमपि सदा भावयाम्यत्यपूर्वं**
**भेदाभावे किमपि सहजं सिद्धिभूसौख्यशुद्धम्।।१५७।।**

---

પુરાણ (–સનાતન) છે એવો આત્મા પરમસંયમીઓના ચિત્તકમળમાં સ્પષ્ટ છે. તે આત્મા સંસારી જીવોના વચન-મનોમાર્ગથી અતિક્રાંત (–વચન અને મનના માર્ગથી અગોચર) છે. આ નિકટ પરમપુરુષમાં વિધિ શો અને નિષેધ શો? ૧૫૫.

આમ આ પદ્ય વડે પરમ જિનયોગીશ્વરે ખરેખર વ્યવહાર-આલોચનાના પ્રપંચનો [૧]ઉપહાસ કર્યો છે.

[**શ્લોકાર્થ :—**] જે સકળ ઇન્દ્રિયોના સમૂહથી ઉત્પન્ન થતા કોલાહલથી વિમુક્ત છે, જે નય અને અનયના સમૂહથી દૂર હોવા છતાં યોગીઓને ગોચર છે, જે સદા શિવમય છે, ઉત્કૃષ્ટ છે અને જે અજ્ઞાનીઓને પરમ દૂર છે, એવું આ [૨]અનઘચૈતન્યમય સહજતત્ત્વ અત્યંત જયવંત છે. ૧૫૬.

[**શ્લોકાર્થ :—**] નિજ સુખરૂપી સુધાના સાગરમાં ડૂબતા આ શુદ્ધાત્માને જાણીને ભવ્ય જીવ પરમ ગુરુ દ્વારા શાશ્વત સુખને પામે છે; તેથી, ભેદના અભાવની દ્રષ્ટિએ જે સિદ્ધિથી ઉત્પન્ન થતા સૌખ્ય વડે શુદ્ધ છે એવા કોઈ (અદ્ભુત) સહજ તત્ત્વને હું પણ સદા અતિ-અપૂર્વ રીતે અત્યંત ભાવું છું. ૧૫૭.

---

૧ ઉપહાસ = મશ્કરી; ઠેકડી; હાંસી; તિરસ્કાર.

૨ અનઘ = નિર્દોષ; મળ રહિત; શુદ્ધ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(वसंततिलका)

**निर्मुक्तसंगनिकरं परमात्मतत्त्वं**
**निर्मोहरूपमनघं परभावमुक्तम्।**
**संभावयाम्यहमिदं प्रणमामि नित्यं**
**निर्वाणयोषिदतनूद्भवसंमदाय ।।१५८।।**

(वसंततिलका)

**त्यक्त्वा विभावमखिलं निजभावभिन्नं**
**चिन्मात्रमेकममलं परिभावयामि।**
**संसारसागरसमुत्तरणाय नित्यं**
**निर्मुक्तिमार्गमपि नौम्यविभेदमुक्तम् ।।१५९।।**

**कम्ममहीरुहमूलच्छेदसमत्थो सकीयपरिणामो।**
**साहीणो समभावो आलुंछणमिदि समुद्दिट्ठं ।।११०।।**

**कर्ममहीरुहमूलछेदसमर्थः स्वकीयपरिणामः।**
**स्वाधीनः समभावः आलुंछनमिति समुद्दिष्टम् ।।११०।।**

**परमभावस्वरूपाख्यानमेतत्।**

---

[**શ્લોકાર્થ :—**] સર્વ સંગથી નિર્મુક્ત, નિર્મોહરૂપ, અનઘ અને પરભાવથી મુક્ત એવા આ પરમાત્મતત્ત્વને હું નિર્વાણરૂપી સ્ત્રીથી ઉત્પન્ન થતા અનંગ સુખને માટે નિત્ય સંભાવું છું (-સમ્યક્‌પણે ભાવું છું) અને પ્રણમું છું. ૧૫૮.

[**શ્લોકાર્થ :—**] નિજ ભાવથી ભિન્ન એવા સકળ વિભાવને છોડીને એક નિર્મળ ચિન્માત્રને હું ભાવું છું. સંસારસાગરને તરી જવા માટે, અભેદ કહેલા (-જેને જિનેંદ્રોએ ભેદ રહિત કહ્યો છે એવા) મુક્તિના માર્ગને પણ હું નિત્ય નમું છું. ૧૫૯.

**છે કર્મતરુમૂલછેદનું સામર્થ્ય જે પરિણામમાં,**
**સ્વાધીન તે સમભાવ-નિજપરિણામ આલુંછન કહ્યા. ૧૧૦.**

**અન્વયાર્થ :—[कर्ममहीरुहमूलछेदसमर्थः]** કર્મરૂપી વૃક્ષનું મૂળ છેદવામાં સમર્થ એવો જે **[समभावः]** સમભાવરૂપ **[स्वाधीनः]** સ્વાધીન **[स्वकीयपरिणामः]** નિજ પરિણામ **[आलुंछनम् इति समुद्दिष्टम्]** તેને આલુંછન કહેલ છે.

**ટીકા :—**આ, પરમભાવના સ્વરૂપનું કથન છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



भव्यस्य पारिणामिकभावस्वभावेन परमस्वभावः। औदयिकादिचतुर्णां विभाव-स्वभावानामगोचरः स पंचमभावः। अत एवोदयोदीरणक्षयक्षयोपशमविविधविकारविवर्जितः। अतः कारणादस्यैकस्य परमत्वम्, इतरेषां चतुर्णां विभावानामपरमत्वम्। निखिल-कर्मविषवृक्षमूलनिर्मूलनसमर्थः त्रिकालनिरावरणनिजकारणपरमात्मस्वरूपश्रद्धानप्रतिपक्ष-तीव्रमिथ्यात्वकर्मोदयबलेन कुदृष्टेरयं परमभावः सदा निश्चयतो विद्यमानोऽप्यविद्यमान एव। नित्यनिगोदक्षेत्रज्ञानामपि शुद्धनिश्चयनयेन स परमभावः अभव्यत्वपारिणामिक इत्यनेनाभिधानेन न संभवति। यथा मेरोरधोभागस्थितसुवर्णराशेरपि सुवर्णत्वं, अभव्यानामपि तथा परमस्वभावत्वं; वस्तुनिष्ठं, न व्यवहारयोग्यम्। सुदृशामत्यासन्नभव्यजीवानां सफलीभूतोऽयं परमभावः सदा निरंजनत्वात्; यतः सकलकर्मविषमविषद्रुमपृथुमूल-निर्मूलनसमर्थत्वात् निश्चयपरमालोचनाविकल्पसंभवालुंछनाभिधानम् अनेन परमपंचमभावेन अत्यासन्नभव्यजीवस्य सिध्यतीति।

---

ભવ્યને પારિણામિકભાવરૂપ સ્વભાવ હોવાને લીધે પરમ સ્વભાવ છે. તે પંચમ ભાવ ઔદયિકાદિ ચાર વિભાવસ્વભાવોને અગોચર છે. તેથી જ તે પંચમ ભાવ ઉદય, ઉદીરણા, ક્ષય, ક્ષયોપશમ એવા વિવિધ વિકારો વિનાનો છે. આ કારણથી આ એકને પરમપણું છે, બાકીના ચાર વિભાવોને અપરમપણું છે. સમસ્ત કર્મરૂપી વિષવૃક્ષના મૂળને ઉખેડી નાખવામાં સમર્થ એવો આ પરમભાવ, ત્રિકાળ-નિરાવરણ નિજ કારણપરમાત્માના સ્વરૂપની શ્રદ્ધાથી પ્રતિપક્ષ તીવ્ર મિથ્યાત્વકર્મના ઉદયને લીધે કુદૃષ્ટિને, સદા નિશ્ચયથી વિદ્યમાન હોવા છતાં, અવિદ્યમાન જ છે (કારણ કે મિથ્યાદૃષ્ટિને તે પરમભાવના વિદ્યમાનપણાની શ્રદ્ધા નથી). નિત્યનિગોદના જીવોને પણ શુદ્ધનિશ્ચયનયથી તે પરમભાવ 'અભવ્યત્વપારિણામિક' એવા નામ સહિત નથી (પરંતુ શુદ્ધપણે જ છે). જેમ મેરુના અધોભાગમાં રહેલા સુવર્ણરાશિને પણ સુવર્ણપણું છે, તેમ અભવ્યોને પણ પરમસ્વભાવપણું છે; તે વસ્તુનિષ્ઠ છે, વ્યવહારયોગ્ય નથી (અર્થાત્ જેમ મેરુની નીચેના સુવર્ણરાશિનું સુવર્ણપણું સુવર્ણરાશિમાં રહેલું છે પણ તે વપરાશમાં–ઉપયોગમાં આવતું નથી, તેમ અભવ્યોનું પરમસ્વભાવપણું આત્મવસ્તુમાં રહેલું છે પણ તે કામમાં આવતું નથી કારણ કે અભવ્ય જીવો પરમસ્વભાવનો આશ્રય કરવાને અયોગ્ય છે). સુદૃષ્ટિઓને—અતિ આસન્નભવ્ય જીવોને—આ પરમભાવ સદા નિરંજનપણાને લીધે (અર્થાત્ સદા નિરંજનપણે પ્રતિભાસ્યો હોવાને લીધે) સફળ થયો છે; જેથી, આ પરમ પંચમભાવ વડે અતિ-આસન્નભવ્ય જીવને નિશ્ચય-પરમ-આલોચનાના ભેદરૂપે ઉત્પન્ન થતું 'આલુંછન' નામ સિદ્ધ થાય છે, કારણ કે તે પરમભાવ સમસ્ત કર્મરૂપી વિષમ-વિષવૃક્ષના વિશાળ મૂળને ઉખેડી નાખવામાં સમર્થ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(मंदाक्रांता)

एको भावः स जयति सदा पंचमः शुद्धशुद्धः
कर्मारातिस्फुटितसहजावस्थया संस्थितो यः।
मूलं मुक्तेर्निखिलयमिनामात्मनिष्ठापराणां
एकाकारः स्वरसविसरापूर्णपुण्यः पुराणः॥१६०॥

(मंदाक्रांता)

आसंसारादखिलजनतातीव्रमोहोदयात्सा
मत्ता नित्यं स्मरवशगता स्वात्मकार्यप्रमुग्धा।
ज्ञानज्योतिर्धवलितककुभ्मंडलं शुद्धभावं
मोहाभावात्स्फुटितसहजावस्थमेषा प्रयाति॥१६१॥

**कम्मादो अप्पाणं भिण्णं भावेइ विमलगुणणिलयं।**
**मज्झत्थभावणाए वियडीकरणं ति विण्णेयं॥१११॥**

---

[હવે આ ૧૧૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :]

[**શ્લોકાર્થ :—**] જે કર્મના દૂરપણાને લીધે પ્રગટ સહજાવસ્થાપૂર્વક રહેલો છે, જે આત્મનિષ્ઠાપરાયણ (આત્મસ્થિત) સમસ્ત મુનિઓને મુક્તિનું મૂળ છે, જે એકાકાર છે (અર્થાત્ સદા એકરૂપ છે), જે નિજ રસના ફેલાવથી ભરપૂર હોવાને લીધે પવિત્ર છે અને જે પુરાણ (સનાતન) છે, તે શુદ્ધ-શુદ્ધ એક પંચમ ભાવ સદા જયવંત છે. ૧૬૦.

[**શ્લોકાર્થ :—**] અનાદિ સંસારથી સમસ્ત જનતાને (-જનસમૂહને) તીવ્ર મોહના ઉદયને લીધે જ્ઞાનજ્યોતિ સદા મત્ત છે, કામને વશ છે અને નિજ આત્મકાર્યમાં મૂઢ છે. મોહના અભાવથી આ જ્ઞાનજ્યોતિ શુદ્ધભાવને પામે છે—કે જે શુદ્ધભાવે દિશામંડળને ધવલિત (-ઉજ્જવળ) કર્યું છે અને સહજ અવસ્થાને પ્રગટ કરી છે. ૧૬૧.

**અવિકૃતિકરણ તેને કહ્યું જે ભાવતાં માધ્યસ્થને**
**ભાવે વિમળગુણધામ કર્મવિભક્ત આતમરામને. ૧૧૧.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कर्मणः आत्मानं भिन्नं भावयति विमलगुणनिलयम्।
मध्यस्थभावनायामविकृतिकरणमिति विज्ञेयम्॥१११॥

इह हि शुद्धोपयोगिनो जीवस्य परिणतिविशेषः प्रोक्तः।

यः पापाटवीपावको द्रव्यभावनोकर्मभ्यः सकाशाद् भिन्नमात्मानं सहजगुण-[निलयं मध्यस्थभावनायां भावयति तस्याविकृतिकरण-] अभिधानपरमालोचनायाः स्वरूपमस्त्येवेति।

(मंदाक्रांता)

आत्मा भिन्नो भवति सततं द्रव्यनोकर्मराशे-
रन्तःशुद्धः शमदमगुणाम्भोजिनीराजहंसः।
मोहाभावादपरमखिलं नैव गृह्णाति सोऽयं
नित्यानंदाद्यनुपमगुणश्चिच्चमत्कारमूर्तिः॥१६२॥

---

**અન્વયાર્થ :**—[**मध्यस्थभावनायाम्**] જે મધ્યસ્થભાવનામાં [**कर्मणः भिन्नम्**] કર્મથી ભિન્ન [**आत्मानं**] આત્માને—[**विमलगुणनिलयं**] કે જે વિમળ ગુણોનું રહેઠાણ છે તેને—[**भावयति**] ભાવે છે, [**अविकृतिकरणम् इति विज्ञेयम्**] તે જીવને અવિકૃતિકરણ જાણવું.

**ટીકા :**—અહીં શુદ્ધોપયોગી જીવની પરિણતિવિશેષનું (ખાસ પરિણતિનું) કથન છે.

પાપરૂપી અટવીને બાળવા માટે અગ્નિ સમાન એવો જે જીવ દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી ભિન્ન આત્માને—કે જે સહજ ગુણોનું નિધાન છે તેને—મધ્યસ્થભાવનામાં ભાવે છે, તેને અવિકૃતિકરણ-નામક પરમ-આલોચનાનું સ્વરૂપ વર્તે છે જ.

[હવે આ ૧૧૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ નવ શ્લોક કહે છે :]

[**શ્લોકાર્થ :**—] આત્મા નિરંતર દ્રવ્યકર્મ અને નોકર્મના સમૂહથી ભિન્ન છે, અંતરંગમાં શુદ્ધ છે અને શમ-દમગુણરૂપી કમળોનો રાજહંસ છે (અર્થાત્ જેમ રાજહંસ કમળોમાં કેલિ કરે છે તેમ આત્મા શાંતભાવ અને જિતેંદ્રિયતારૂપી ગુણોમાં રમે છે). સદા આનંદાદિ અનુપમ ગુણવાળો અને ચૈતન્યચમત્કારની મૂર્તિ એવો તે આત્મા મોહના અભાવને લીધે સમસ્ત પરને (-સમસ્ત પરદ્રવ્યભાવોને) ગ્રહતો નથી જ. ૧૬૨.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(मंदाक्रांता)

अक्षय्यान्तर्गुणमणिगणः शुद्धभावामृताम्भो-
राशौ नित्यं विशदविशदे क्षालितांहःकलंकः।
शुद्धात्मा यः प्रहतकरणग्रामकोलाहलात्मा
ज्ञानज्योतिःप्रतिहततमोवृत्तिरुच्चैश्चकास्ति ॥१६३॥

(वसंततिलका)

संसारघोरसहजादिभिरेव रौद्रै-
र्दुःखादिभिः प्रतिदिनं परितप्यमाने।
लोके शमामृतमयीमिह तां हिमानीं
यायादयं मुनिपतिः समताप्रसादात् ॥१६४॥

(वसंततिलका)

मुक्तः कदापि न हि याति विभावकायं
तद्धेतुभूतसुकृतासुकृतप्रणाशात्।
तस्मादहं सुकृतदुष्कृतकर्मजालं
मुक्त्वा मुमुक्षुपथमेकमिह व्रजामि ॥१६५॥

---

[શ્લોકાર્થ :—] જે અક્ષય અંતરંગ ગુણમણિઓનો સમૂહ છે, જેણે સદા વિશદ-વિશદ (અત્યંત નિર્મળ) શુદ્ધભાવરૂપી અમૃતના સમુદ્રમાં પાપકલંકને ધોઈ નાખ્યાં છે અને જેણે ઇન્દ્રિયસમૂહના કોલાહલને હણી નાખ્યો છે, તે શુદ્ધ આત્મા જ્ઞાનજ્યોતિ વડે અંધકારદશાનો નાશ કરીને અત્યંત પ્રકાશે છે. ૧૬૩.

[શ્લોકાર્થ :—] સંસારનાં ઘોર, *સહજ ઇત્યાદિ રૌદ્ર દુઃખાદિકથી પ્રતિદિન પરિતપ્ત થતા આ લોકમાં આ મુનિવર સમતાના પ્રસાદથી શમામૃતમય જે હિમ-રાશિ (બરફનો ઢગલો) તેને પામે છે. ૧૬૪.

[શ્લોકાર્થ :—] મુક્ત જીવ વિભાવસમૂહને કદાપિ પામતો નથી કારણ કે તેણે તેના હેતુભૂત સુકૃત અને દુષ્કૃતનો નાશ કર્યો છે. તેથી હવે હું સુકૃત અને દુષ્કૃતરૂપી કર્મજાળને

---

★ સહજ = સાથે જન્મેલ અર્થાત્ સ્વાભાવિક. [નિરંતર વર્તતી આકુળતારૂપી દુઃખ તો સંસારમાં સ્વાભાવિક જ છે. અર્થાત્ સંસાર સ્વભાવથી જ દુઃખમય છે. તે ઉપરાંત તીવ્ર અશાતા વગેરેનો આશ્રય કરનારાં ઘોર દુઃખોથી પણ સંસાર ભરેલો છે.]



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(अनुष्टुभ्)

प्रपद्येऽहं सदाशुद्धमात्मानं बोधविग्रहम्।
भवमूर्तिमिमां त्यक्त्वा पुद्गलस्कन्धबन्धुराम्॥१६६॥

(अनुष्टुभ्)

अनादिममसंसाररोगस्यागदमुत्तमम्।
शुभाशुभविनिर्मुक्तशुद्धचैतन्यभावना॥१६७॥

(मालिनी)

अथ विविधविकल्पं पंचसंसारमूलं
शुभमशुभसुकर्म प्रस्फुटं तद्विदित्वा।
भवमरणविमुक्तं पंचमुक्तिप्रदं यं
तमहमभिनमामि प्रत्यहं भावयामि॥१६८॥

(मालिनी)

अथ सुललितवाचां सत्यवाचामपीत्थं
न विषयमिदमात्मज्योतिराद्यन्तशून्यम्।
तदपि गुरुवचोभिः प्राप्य यः शुद्धदृष्टिः
स भवति परमश्रीकामिनीकामरूपः॥१६९॥

---

છોડીને એક મુમુક્ષુમાર્ગે જાઉં છું (અર્થાત્ મુમુક્ષુઓ જે માર્ગે ચાલ્યા છે તે જ એક માર્ગે ચાલું છું). ૧૬૫.

[શ્લોકાર્થઃ—] પુદ્ગલસ્કંધો વડે જે અસ્થિર છે (અર્થાત્ પુદ્ગલસ્કંધોના આવવા-જવાથી જે એકસરખી રહેતી નથી) એવી આ ભવમૂર્તિને (–ભવની મૂર્તિરૂપ કાયાને) છોડીને હું સદાશુદ્ધ એવો જે જ્ઞાનશરીરી આત્મા તેનો આશ્રય કરું છું. ૧૬૬.

[શ્લોકાર્થઃ—] શુભ અને અશુભથી રહિત શુદ્ધચૈતન્યની ભાવના મારા અનાદિ સંસારરોગનું ઉત્તમ ઔષધ છે. ૧૬૭.

[શ્લોકાર્થઃ—] પાંચ પ્રકારના (દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ ને ભાવના પરાવર્તનરૂપ) સંસારનું મૂળ વિવિધ ભેદવાળું શુભાશુભ કર્મ છે એમ સ્પષ્ટ જાણીને, જે જન્મમરણ રહિત છે અને પાંચ પ્રકારની મુક્તિ દેનાર છે તેને (–શુદ્ધાત્માને) હું નમું છું અને પ્રતિદિન ભાવું છું. ૧૬૮.

[શ્લોકાર્થઃ—] આ રીતે આદિ-અંત રહિત એવી આ આત્મજ્યોતિ સુલલિત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(मालिनी)

जयति सहजतेजःप्रास्तरागान्धकारो
मनसि मुनिवराणां गोचरः शुद्धशुद्धः।
विषयसुखरतानां दुर्लभः सर्वदायं
परमसुखसमुद्रः शुद्धबोधोऽस्तनिद्रः ॥१७०॥

**मदमाणमायलोहविवज्जियभावो दु भावसुद्धि त्ति।**
**परिकहियं भव्वाणं लोयालोयप्पदरिसीहिं ॥११२॥**

**मदमानमायालोभविवर्जितभावस्तु भावशुद्धिरिति।**
**परिकथितो भव्यानां लोकालोकप्रदर्शिभिः ॥११२॥**

**भावशुद्ध्यभिधानपरमालोचनास्वरूपप्रतिपादनद्वारेण शुद्धनिश्चयालोचनाधिकारोपसंहारोपन्यासोऽयम्।**

---

(સુમધુર) વાણીનો કે સત્ય વાણીનો પણ વિષય નથી; તોપણ ગુરુનાં વચનો વડે તેને પામીને જે શુદ્ધ દૃષ્ટિવાળો થાય છે, તે પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થાય છે (અર્થાત્ મુક્તિસુંદરીનો પતિ થાય છે). ૧૬૯.

[**શ્લોકાર્થ :**—] જેણે સહજ તેજથી રાગરૂપી અંધકારનો નાશ કર્યો છે, જે મુનિવરોના મનમાં વસે છે, જે શુદ્ધ-શુદ્ધ છે, જે વિષયસુખમાં રત જીવોને સર્વદા દુર્લભ છે, જે પરમ સુખનો સમુદ્ર છે, જે શુદ્ધ જ્ઞાન છે અને જેણે નિદ્રાનો નાશ કર્યો છે, તે આ (શુદ્ધ આત્મા) જયવંત છે. ૧૭૦.

**ત્રણ લોક તેમ અલોકના દ્રષ્ટા કહે છે ભવ્યને**
**—મદમાનમાયાલોભવર્જિત ભાવ ભાવવિશુદ્ધિ છે. ૧૧૨.**

**અન્વયાર્થ :**—[**मदमानमायालोभविवर्जितभावः तु**] મદ (મદન), માન, માયા અને લોભ રહિત ભાવ તે [**भावशुद्धिः**] ભાવશુદ્ધિ છે [**इति**] એમ [**भव्यानाम्**] ભવ્યોને [**लोकालोकप्रदर्शिभिः**] લોકાલોકના દ્રષ્ટાઓએ [**परिकथितः**] કહ્યું છે.

**ટીકા :**—આ, ભાવશુદ્ધિનામક પરમ-આલોચનાના સ્વરૂપના પ્રતિપાદન દ્વારા શુદ્ધ-નિશ્ચય-આલોચના અધિકારના ઉપસંહારનું કથન છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तीव्रचारित्रमोहोदयबलेन पुंवेदाभिधाननोकषायविलासो मदः। अत्र मदशब्देन मदनः कामपरिणाम इत्यर्थः। चतुरसंदर्भगर्भीकृतवैदर्भकवित्वेन आदेयनामकर्मोदये सति सकलजनपूज्यतया, मातृपितृसम्बन्धकुलजातिविशुद्धया वा, शतसहस्रकोटिभटाभिधान-प्रधानब्रह्मचर्यव्रतोपार्जितनिरुपमबलेन च, दानादिशुभकर्मोपार्जितसंपद्वृद्धिविलासेन, अथवा बुद्धितपोवैकुर्वणौषधरसबलाक्षीणर्द्धिभिः सप्तभिर्वा, कमनीयकामिनीलोचनानन्देन वपुर्लावण्यरसविसरेण वा आत्माहंकारो मानः। गुप्तपापतो माया। युक्तस्थले धनव्ययाभावो लोभः; निश्चयेन निखिलपरिग्रहपरित्यागलक्षणनिरंजननिजपरमात्मतत्त्वपरिग्रहात् अन्यत् परमाणुमात्रद्रव्यस्वीकारो लोभः। एभिश्चतुर्भिर्वा भावैः परिमुक्तः शुद्धभाव एव भावशुद्धिरिति भव्यप्राणिनां लोकालोकप्रदर्शिभिः परमवीतरागसुखामृतपानपरितृप्तै-र्भगवद्भिरर्हद्भिरभिहित इति।

---

તીવ્ર ચારિત્રમોહના ઉદયને લીધે પુરુષવેદ નામના નોકષાયનો વિલાસ તે મદ છે. અહીં 'મદ' શબ્દનો 'મદન' એટલે કે કામપરિણામ એવો અર્થ છે. (૧) ચતુર વચનરચનાવાળા *વૈદર્ભકવિત્વને લીધે, આદેયનામકર્મનો ઉદય હોતાં સમસ્ત જનો વડે પૂજનીયપણાથી, (૨) માતા-પિતા સંબંધી કુળ-જાતિની વિશુદ્ધિથી, (૩) પ્રધાન બ્રહ્મચર્યવ્રત વડે ઉપાર્જિત લક્ષકોટિ સુભટ સમાન નિરુપમ બળથી, (૪) દાનાદિ શુભ કર્મ વડે ઉપાર્જિત સંપત્તિની વૃદ્ધિના વિલાસથી, (૫) બુદ્ધિ, તપ, વિક્રિયા, ઔષધ, રસ, બળ અને અક્ષીણ—એ સાત ઋદ્ધિઓથી, અથવા (૬) સુંદર કામિનીઓનાં લોચનને આનંદ પમાડનારા શરીરલાવણ્યરસના વિસ્તારથી થતો જે આત્મ-અહંકાર (આત્માનો અહંકારભાવ) તે માન છે. ગુપ્ત પાપથી માયા હોય છે. યોગ્ય સ્થળે ધનવ્યયનો અભાવ તે લોભ છે; નિશ્ચયથી સમસ્ત પરિગ્રહનો પરિત્યાગ જેનું લક્ષણ (સ્વરૂપ) છે એવા નિરંજન નિજ પરમાત્મતત્ત્વના પરિગ્રહથી અન્ય પરમાણુમાત્ર દ્રવ્યનો સ્વીકાર તે લોભ છે.—આ ચારેય ભાવોથી પરિમુક્ત (રહિત) શુદ્ધભાવ તે જ ભાવશુદ્ધિ છે એમ ભવ્ય જીવોને લોકાલોકદર્શી, પરમવીતરાગ સુખામૃતના પાનથી પરિતૃપ્ત અર્હંતભગવંતોએ કહ્યું છે.

[હવે આ પરમ-આલોચના અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ નવ શ્લોક કહે છે :]

---

★ વૈદર્ભકવિ = એક પ્રકારની સાહિત્યપ્રસિદ્ધ સુંદર કાવ્યરચનામાં કુશળ કવિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(मालिनी)

अथ जिनपतिमार्गालोचनाभेदजालं
परिहृतपरभावो भव्यलोकः समन्तात् ।
तदखिलमवलोक्य स्वस्वरूपं च बुद्ध्वा
स भवति परमश्रीकामिनीकामरूपः ॥१७१॥

(वसंततिलका)

आलोचना सततशुद्धनयात्मिका या
निर्मुक्तिमार्गफलदा यमिनामजस्रम् ।
शुद्धात्मतत्त्वनियताचरणानुरूपा
स्यात्संयतस्य मम सा किल कामधेनुः ॥१७२॥

(शालिनी)

शुद्धं तत्त्वं बुद्धलोकत्रयं यद्
बुद्ध्वा बुद्ध्वा निर्विकल्पं मुमुक्षुः ।
तत्सिद्ध्यर्थं शुद्धशीलं चरित्वा
सिद्धिं यायात् सिद्धिसीमन्तिनीशः ॥१७३॥

---

[શ્લોકાર્થ :—] જે ભવ્ય લોક (ભવ્યજનસમૂહ) જિનપતિના માર્ગમાં કહેલ સમસ્ત આલોચનાની ભેદજાળને અવલોકીને તથા નિજ સ્વરૂપને જાણીને સર્વ તરફથી પરભાવને છોડે છે, તે પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થાય છે (અર્થાત્ મુક્તિસુંદરીનો પતિ થાય છે). ૧૭૧.

[શ્લોકાર્થ :—] સંયમીઓને સદા મોક્ષમાર્ગનું ફળ દેનારી તથા શુદ્ધ આત્મતત્ત્વમાં *નિયત આચરણને અનુરૂપ એવી જે નિરંતર શુદ્ધનયાત્મક આલોચના તે મને સંયમીને ખરેખર કામધેનુરૂપ હો. ૧૭૨.

[શ્લોકાર્થ :—] મુમુક્ષુ જીવ ત્રણ લોકને જાણનારા નિર્વિકલ્પ શુદ્ધ તત્ત્વને બરાબર જાણીને તેની સિદ્ધિને અર્થે શુદ્ધ શીલને (ચારિત્રને) આચરીને, સિદ્ધિરૂપી સ્ત્રીનો સ્વામી થાય છે—સિદ્ધિને પામે છે. ૧૭૩.

---

★ નિયત = નિશ્ચિત; દૃઢ; લીન; પરાયણ. [આચરણ શુદ્ધ આત્મતત્ત્વને આશ્રિત હોય છે.]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(स्रग्धरा)

सानन्दं तत्त्वमज्जज्जिनमुनिहृदयाम्भोजकिंजल्कमध्ये
निर्व्याबाधं विशुद्धं स्मरशरगहनानीकदावाग्निरूपम्।
शुद्धज्ञानप्रदीपप्रहतयमिमनोगेहघोरान्धकारं
तद्वन्दे साधुवन्द्यं जननजलनिधौ लंघने यानपात्रम्॥१७४॥

(हरिणी)

अभिनवमिदं पापं यायाः समग्रधियोऽपि ये
विदधति परं ब्रूमः किं ते तपस्विन एव हि।
हृदि विलसितं शुद्धं ज्ञानं च पिंडमनुत्तमं
पदमिदमहो ज्ञात्वा भूयोऽपि यान्ति सरागताम्॥१७५॥

(हरिणी)

जयति सहजं तत्त्वं तत्त्वेषु नित्यमनाकुलं
सततसुलभं भास्वत्सम्यग्दृशां समतालयम्।
परमकलया सार्धं वृद्धं प्रवृद्धगुणैर्निजैः
स्फुटितसहजावस्थं लीनं महिम्नि निजेऽनिशम्॥१७६॥

---

**[શ્લોકાર્થ :—]** તત્ત્વમાં મગ્ન એવા જિનમુનિના હૃદયકમળના કેસરમાં જે આનંદ સહિત બિરાજમાન છે, જે બાધા રહિત છે, જે વિશુદ્ધ છે, જે કામદેવના બાણોની ગહન (–દુર્ભેદ્ય) સેનાને બાળી નાખવા માટે દાવાનળ સમાન છે અને જેણે શુદ્ધજ્ઞાનરૂપ દીપક વડે મુનિઓના મનોગૃહના ઘોર અંધકારનો નાશ કર્યો છે, તેને—સાધુઓ વડે વંદ્ય અને જન્માર્ણવને ઓળંગી જવામાં નૌકારૂપ તે શુદ્ધ તત્ત્વને—હું વંદું છું. ૧૭૪.

**[શ્લોકાર્થ :—]** અમે પૂછીએ છીએ કે—જેઓ સમગ્ર બુદ્ધિવાળા હોવા છતાં બીજાને 'આ નવું પાપ કર' એમ ઉપદેશે છે, તેઓ શું ખરેખર તપસ્વી છે? અહો! ખેદ છે કે તેઓ હૃદયમાં વિલસિત શુદ્ધજ્ઞાનરૂપ અને સર્વોત્તમ *પિંડરૂપ આ પદને જાણીને ફરીને પણ સરાગતાને પામે છે! ૧૭૫.

**[શ્લોકાર્થ :—]** તત્ત્વોમાં તે સહજ તત્ત્વ જયવંત છે—કે જે સદા અનાકુળ છે, જે નિરંતર સુલભ છે, જે પ્રકાશવંત છે, જે સમ્યગ્દૃષ્ટિઓને સમતાનું ઘર છે, જે પરમ કળા

---

★ પિંડ = (૧) પદાર્થ; (૨) બળ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(हरिणी)

**सहजपरमं तत्त्वं तत्त्वेषु सप्तसु निर्मलं**
**सकलविमलज्ञानावासं निरावरणं शिवम्।**
**विशदविशदं नित्यं बाह्यप्रपंचपराङ्मुखं**
**किमपि मनसां वाचां दूरं मुनेरपि तन्नुमः ।।१७७।।**

(द्रुतविलंबित)

**जयति शांतरसामृतवारिधि-**
**प्रतिदिनोदयचारुहिमद्युतिः।**
**अतुलबोधदिवाकरदीधिति-**
**प्रहतमोहतमस्समितिर्जिनः ।।१७८।।**

(द्रुतविलंबित)

**विजितजन्मजरामृतिसंचयः**
**प्रहतदारुणरागकदम्बकः।**
**अघमहातिमिरव्रजभानुमान्**
**जयति यः परमात्मपदस्थितः ।।१७९।।**

---

સહિત વિકસિત નિજ ગુણોથી વિકસેલું (-ખીલેલું) છે, જેની સહજ અવસ્થા સ્ફુટિત (-પ્રકટિત) છે અને જે નિરંતર નિજ મહિમામાં લીન છે. ૧૭૬.

**[શ્લોકાર્થ :—]** સાત તત્ત્વોમાં સહજ પરમ તત્ત્વ નિર્મળ છે, સકળ-વિમળ (સર્વથા વિમળ) જ્ઞાનનું રહેઠાણ છે, નિરાવરણ છે, શિવ (કલ્યાણમય) છે, સ્પષ્ટ-સ્પષ્ટ છે, નિત્ય છે, બાહ્ય પ્રપંચથી પરાઙ્મુખ છે અને મુનિને પણ મનથી તથા વાણીથી અતિ દૂર છે; તેને અમે નમીએ છીએ. ૧૭૭.

**[શ્લોકાર્થ :—]** જે (જિન) શાંત રસરૂપી અમૃતના સમુદ્રને (ઉછાળવા) માટે પ્રતિદિન ઉદયમાન સુંદર ચંદ્ર સમાન છે અને જેણે અતુલ જ્ઞાનરૂપી સૂર્યનાં કિરણોથી મોહતિમિરના સમૂહનો નાશ કર્યો છે, તે જિન જયવંત છે. ૧૭૮.

**[શ્લોકાર્થ :—]** જેણે જન્મ-જરા-મૃત્યુના સમૂહને જીતી લીધો છે, જેણે દારુણ રાગના સમૂહને હણી નાખ્યો છે, જે પાપરૂપી મહા અંધકારના સમૂહને માટે સૂર્ય સમાન છે અને જે પરમાત્મપદમાં સ્થિત છે, તે જયવંત છે. ૧૭૯.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



इति सुकविजनपयोजमित्रपंचेन्द्रियप्रसरवर्जितगात्रमात्रपरिग्रहश्रीपद्मप्रभमलधारिदेवविरचितायां नियमसारव्याख्यायां तात्पर्यवृत्तौ **परमालोचनाधिकारः सप्तमः श्रुतस्कन्धः ॥**

---

આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) **પરમ-આલોચના અધિકાર** નામનો સાતમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# —૮—

# શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત અધિકાર

**अथाखिलद्रव्यभावनोकर्मसंन्यासहेतुभूतशुद्धनिश्चयप्रायश्चित्ताधिकारः कथ्यते।**

**वदसमिदिसीलसंजमपरिणामो करणणिग्गहो भावो।**
**सो हवदि पायछित्तं अणवरयं चेव कायव्वो।।११३।।**

**व्रतसमितिशीलसंयमपरिणामः करणनिग्रहो भावः।**
**स भवति प्रायश्चित्तम् अनवरतं चैव कर्तव्यः।।११३।।**

**निश्चयप्रायश्चित्तस्वरूपाख्यानमेतत्।**

**पंचमहाव्रतपंचसमितिशीलसकलेन्द्रियवाङ्मनःकायसंयमपरिणामः पंचेन्द्रियनिरोधश्च स खलु परिणतिविशेषः, प्रायः प्राचुर्येण निर्विकारं चित्तं प्रायश्चित्तम्, अनवरतं**

---

હવે સમસ્ત દ્રવ્યકર્મ, ભાવકર્મ તથા નોકર્મના સંન્યાસના હેતુભૂત શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત અધિકાર કહેવામાં આવે છે.

**વ્રત, સમિતિ, સંયમ, શીલ, ઇન્દ્રિયરોધરૂપ છે ભાવ જે**
**તે ભાવ પ્રાયશ્ચિત્ત છે, જે અનવરત કર્તવ્ય છે. ૧૧૩.**

**અન્વયાર્થ :**—[**व्रतसमितिशीलसंयमपरिणामः**] વ્રત, સમિતિ, શીલ ને સંયમરૂપ પરિણામ તથા [**करणनिग्रहः भावः**] ઇન્દ્રિયનિગ્રહરૂપ ભાવ [**सः**] તે [**प्रायश्चित्तम्**] પ્રાયશ્ચિત્ત [**भवति**] છે [**च एव**] અને તે [**अनवरतं**] નિરંતર [**कर्तव्यः**] કર્તવ્ય છે.

**ટીકા :**—આ, નિશ્ચય-પ્રાયશ્ચિત્તના સ્વરૂપનું કથન છે.

પાંચ મહાવ્રતરૂપ, પાંચ સમિતિરૂપ, શીલરૂપ અને સર્વ ઇન્દ્રિયોના ને મનવચનકાયાના સંયમરૂપ પરિણામ તથા પાંચ ઇન્દ્રિયોનો નિરોધ—એ પરિણતિવિશેષ તે પ્રાયશ્ચિત્ત છે. પ્રાયશ્ચિત્ત એટલે પ્રાયઃ ચિત્ત—પ્રચુરપણે નિર્વિકાર ચિત્ત. અંતર્મુખાકાર પરમ-સમાધિથી યુક્ત,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



चान्तर्मुखाकारपरमसमाधियुक्तेन परमजिनयोगीश्वरेण पापाटवीपावकेन पंचेन्द्रियप्रसर-वर्जितगात्रमात्रपरिग्रहेण सहजवैराग्यप्रासादशिखरशिखामणिना परमागममकरंदनिष्यन्दि-मुखपद्मप्रभेण कर्तव्य इति।

(मंदाक्रांता)

प्रायश्चित्तं भवति सततं स्वात्मचिंता मुनीनां
मुक्तिं यांति स्वसुखरतयस्तेन निर्धूतपापाः।
अन्या चिंता यदि च यमिनां ते विमूढाः स्मरार्ताः
पापाः पापं विदधति मुहुः किं पुनश्चित्रमेतत् ॥१८०॥

**कोहादिसगब्भावक्खयपहुदिभावणाए णिग्गहणं।**
**पायच्छित्तं भणिदं णियगुणचिंता य णिच्छयदो ॥११४॥**

**क्रोधादिस्वकीयभावक्षयप्रभृतिभावनायां निर्ग्रहणम्।**
**प्रायश्चित्तं भणितं निजगुणचिंता च निश्चयतः ॥११४॥**

---

પરમ જિનયોગીશ્વર, પાપરૂપી અટવીને (બાળવા) માટે અગ્નિ સમાન, પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર પરિગ્રહના ધારી, સહજવૈરાગ્યરૂપી મહેલના શિખરના શિખામણિ સમાન અને પરમાગમરૂપી પુષ્પરસ-ઝરતા મુખવાળા પદ્મપ્રભે આ પ્રાયશ્ચિત્ત નિરંતર કર્તવ્ય છે.

[હવે આ ૧૧૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** મુનિઓને સ્વાત્માનું ચિંતન તે નિરંતર પ્રાયશ્ચિત્ત છે; નિજ સુખમાં રતિવાળા તેઓ તે પ્રાયશ્ચિત્ત વડે પાપને ખંખેરી મુક્તિને પામે છે. જો મુનિઓને (સ્વાત્મા સિવાય) અન્ય ચિંતા હોય તો તે વિમૂઢ કામાર્ત પાપીઓ ફરી પાપને ઉત્પન્ન કરે છે. —આમાં શું આશ્ચર્ય છે? ૧૮૦.

**ક્રોધાદિ નિજ ભાવો તણા ક્ષય આદિની જે ભાવના**
**ને આત્મગુણની ચિંતના નિશ્ચયથી પ્રાયશ્ચિત્તમાં. ૧૧૪.**

**અન્વયાર્થ :—[क्रोधादिस्वकीयभावक्षयप्रभृतिभावनायां]** ક્રોધ વગેરે સ્વકીય ભાવોના (–પોતાના વિભાવભાવોના) ક્ષયાદિકની ભાવનામાં **[निर्ग्रहणम्]** રહેવું **[च]** અને **[निजगुणचिंता]**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



इह हि सकलकर्मनिर्मूलनसमर्थनिश्चयप्रायश्चित्तमुक्तम्।

क्रोधादिनिखिलमोहरागद्वेषविभावस्वभावक्षयकारणनिजकारणपरमात्मस्वभावभावनायां सत्यां निसर्गवृत्त्या प्रायश्चित्तमभिहितम्, अथवा परमात्मगुणात्मकशुद्धान्तस्तत्त्वस्वरूप-सहजज्ञानादिसहजगुणचिंता प्रायश्चित्तं भवतीति।

(शालिनी)

प्रायश्चित्तमुक्तमुच्चैर्मुनीनां
कामक्रोधाद्यन्यभावक्षये च।
किं च स्वस्य ज्ञानसंभावना वा
सन्तो जानन्त्येतदात्मप्रवादे॥१८१॥

**कोहं खमया माणं समद्दवेणज्जवेण मायं च।**
**संतोसेण य लोहं जयदि खु ए चहुविहकसाए॥११५॥**

---

નિજ ગુણોનું ચિંતન કરવું તે [निश्चयतः] નિશ્ચયથી [प्रायश्चित्तं भणितम्] પ્રાયશ્ચિત્ત કહ્યું છે.

**ટીકા :**—અહીં (આ ગાથામાં) સકળ કર્મોને મૂળથી ઉખેડી નાખવામાં સમર્થ એવું નિશ્ચય-પ્રાયશ્ચિત્ત કહેવામાં આવ્યું છે.

ક્રોધાદિક સમસ્ત મોહરાગદ્વેષરૂપ વિભાવસ્વભાવોના ક્ષયના કારણભૂત નિજ કારણપરમાત્માના સ્વભાવની ભાવના હોતાં નિસર્ગવૃત્તિને લીધે (અર્થાત્ સ્વાભાવિક—સહજ પરિણતિ હોવાને લીધે) પ્રાયશ્ચિત્ત કહેવામાં આવ્યું છે; અથવા, પરમાત્માના ગુણાત્મક એવા જે શુદ્ધ-અંતઃતત્ત્વરૂપ (નિજ) સ્વરૂપના સહજજ્ઞાનાદિક સહજગુણો તેમનું ચિંતન કરવું તે પ્રાયશ્ચિત્ત છે.

[હવે આ ૧૧૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

[**શ્લોકાર્થ :**—] મુનિઓને કામક્રોધાદિક અન્ય ભાવોના ક્ષયની જે સંભાવના અથવા તો પોતાના જ્ઞાનની જે સંભાવના (–સમ્યક્ ભાવના) તે ઉગ્ર પ્રાયશ્ચિત્ત કહેલ છે. સંતોએ આત્મપ્રવાદમાં આમ જાણ્યું છે (અર્થાત્ જાણીને કહ્યું છે). ૧૮૧.

**જીતે ક્ષમાથી ક્રોધને, નિજ માર્દવેથી માનને,**
**આર્જવ થકી માયા ખરે, સંતોષ દ્વારા લોભને. ૧૧૫.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**क्रोधं क्षमया मानं स्वमार्दवेन आर्जवेन मायां च।**
**संतोषेण च लोभं जयति खलु चतुर्विधकषायान्॥११५॥**

चतुष्कषायविजयोपायस्वरूपाख्यानमेतत्।

जघन्यमध्यमोत्तमभेदात्क्षमास्तिस्रो भवन्ति। अकारणादप्रियवादिनो मिथ्यादृष्टेरकारणेन मां त्रासयितुमुद्योगो विद्यते, अयमपगतो मत्पुण्येनेति प्रथमा क्षमा। अकारणेन संत्रासकरस्य ताडनवधादिपरिणामोऽस्ति, अयं चापगतो मत्सुकृतेनेति द्वितीया क्षमा। वधे सत्यमूर्तस्य परमब्रह्मरूपिणो ममापकारहानिरिति परमसमरसीभावस्थितिरुत्तमा क्षमा। आभिः क्षमाभिः क्रोधकषायं जित्वा, मानकषायं मार्दवेन च, मायाकषायं चार्जवेण, परमतत्त्वलाभसन्तोषेण लोभकषायं चेति।

---

**અન્વયાર્થ :**—[**क्रोधं क्षमया**] ક્રોધને ક્ષમાથી, [**मानं स्वमार्दवेन**] માનને નિજ માર્દવથી, [**मायां च आर्जवेन**] માયાને આર્જવથી [**च**] તથા [**लोभं संतोषेण**] લોભને સંતોષથી—[**चतुर्विधकषायान्**] એમ ચતુર્વિધ કષાયોને [**खलु जयति**] (યોગી) ખરેખર જીતે છે.

**ટીકા :**—આ, ચાર કષાયો પર વિજય મેળવવાના ઉપાયના સ્વરૂપનું કથન છે.

જઘન્ય, મધ્યમ અને ઉત્તમ એવા (ત્રણ) ભેદોને લીધે ક્ષમા ત્રણ (પ્રકારની) છે. (૧) 'વિના-કારણ અપ્રિય બોલનાર મિથ્યાદ્રષ્ટિને વિના-કારણ મને ત્રાસ દેવાનો ઉદ્યોગ વર્તે છે, તે મારા પુણ્યથી દૂર થયો;'—આમ વિચારી ક્ષમા કરવી તે પ્રથમ ક્ષમા છે. (૨) (મારા પર) 'વિના-કારણ ત્રાસ ગુજારનારને [૧]તાડનનો અને [૨]વધનો પરિણામ વર્તે છે, તે મારા સુકૃતથી દૂર થયો;'—આમ વિચારી ક્ષમા કરવી તે દ્વિતીય ક્ષમા છે. (૩) વધ થતાં અમૂર્ત પરમબ્રહ્મરૂપ એવા મને નુકસાન થતું નથી—એમ સમજી પરમ સમરસીભાવમાં સ્થિત રહેવું તે ઉત્તમ ક્ષમા છે. આ (ત્રણ) ક્ષમાઓ વડે ક્રોધકષાયને જીતીને, [૩]માર્દવ વડે માનકષાયને, [૪]આર્જવ વડે માયાકષાયને તથા પરમતત્ત્વની પ્રાપ્તિરૂપ સંતોષથી લોભકષાયને (યોગી) જીતે છે.

---

૧. તાડન = માર મારવો તે

૨. વધ = મારી નાખવું તે

૩. માર્દવ = નરમાશ; કોમળતા; નિર્માનતા.

૪. આર્જવ = ઋજુતા; સરળતા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**तथा चोक्तं श्रीगुणभद्रस्वामिभिः—**

(वसंततिलका)

**"चित्तस्थमप्यनवबुद्ध्य हरेण जाड्यात्**
**क्रुद्ध्वा बहिः किमपि दग्धमनङ्गबुद्ध्या।**
**घोरामवाप स हि तेन कृतामवस्थां**
**क्रोधोदयाद्भवति कस्य न कार्यहानिः॥"**

(वसंततिलका)

**"चक्रं विहाय निजदक्षिणबाहुसंस्थं**
**यत्प्राव्रजन्ननु तदैव स तेन मुच्येत्।**
**क्लेशं तमाप किल बाहुबली चिराय**
**मानो मनागपि हतिं महतीं करोति॥"**

(अनुष्टुभ्)

**"भेयं मायामहागर्तान्मिथ्याघनतमोमयात्।**
**यस्मिन् लीना न लक्ष्यन्ते क्रोधादिविषमाहयः॥"**

---

એવી રીતે (આચાર્યવર) શ્રી ગુણભદ્રસ્વામીએ (આત્માનુશાસનમાં ૨૧૬, ૨૧૭, ૨૨૧ તથા ૨૨૩ મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

"[**શ્લોકાર્થ :—**] કામદેવ (પોતાના) ચિત્તમાં રહેલ હોવા છતાં (પોતાની) જડતાને લીધે તેને નહિ ઓળખીને, શંકરે ક્રોધી થઈને બહારમાં કોઈકને કામદેવ સમજી તેને બાળી નાખ્યો. (ચિત્તમાં રહેલો કામદેવ તો જીવતો હોવાને લીધે) તેણે કરેલી ઘોર અવસ્થાને (-કામવિહ્વળ દશાને) શંકર પામ્યા. ક્રોધના ઉદયથી (-ક્રોધ ઉત્પન્ન થવાથી) કોને કાર્યહાનિ થતી નથી?"

[**શ્લોકાર્થ :—**] (યુદ્ધમાં ભરતે બાહુબલી પર ચક્ર છોડ્યું પરંતુ તે ચક્ર બાહુબલીના જમણા હાથમાં આવીને સ્થિર થઈ ગયું.) પોતાના જમણા હાથમાં સ્થિત (તે) ચક્રને છોડીને જ્યારે બાહુબલીએ પ્રવ્રજ્યા લીધી ત્યારે જ (તુરત જ) તેઓ તે કારણે મુક્તિ પામત, પરંતુ તેઓ (માનને લીધે મુક્તિ નહિ પામતાં) ખરેખર લાંબા વખત સુધી પ્રસિદ્ધ (માનકૃત) ક્લેશને પામ્યા. થોડું પણ માન મહા હાનિ કરે છે!"

"[**શ્લોકાર્થ :—**] જેમાં (-જે ખાડામાં) સંતાઈ રહેલા ક્રોધાદિક ભયંકર સર્પો દેખી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(हरिणी)

“वनचरभयाद्धावन् दैवाल्लताकुलवालधिः
किल जडतया लोलो वालव्रजेऽविचलं स्थितः।
बत स चमरस्तेन प्राणैरपि प्रवियोजितः
परिणततृषां प्रायेणैवंविधा हि विपत्तयः॥”

तथा हि—

(आर्या)

क्षमया क्रोधकषायं मानकषायं च मार्दवेनैव।
मायामार्जवलाभाल्लोभकषायं च शौचतो जयतु॥१८२॥

**उक्किट्ठो जो बोहो णाणं तस्सेव अप्पणो चित्तं।**
**जो धरइ मुणी णिच्चं पायच्छित्तं हवे तस्स॥११६॥**

---

શકાતા નથી એવો જે મિથ્યાત્વરૂપી ઘોર અંધકારવાળો માયારૂપી મહાન ખાડો તેનાથી ડરતા રહેવું યોગ્ય છે.’’

‘‘[શ્લોકાર્થ :—] *વનચરના ભયથી ભાગતી ચમરી ગાયનું પૂંછડું દૈવયોગે વેલમાં ગુંચવાઈ જતા જડતાને લીધે વાળના ગુચ્છા પ્રત્યે લોલુપતાવાળી તે ગાય (પોતાના સુંદર વાળને તૂટવા નહિ દેવાના લોભને લીધે) ત્યાં અવિચળપણે ઊભી રહી ગઈ, અને અરેરે! તે ગાયને વનચર વડે પ્રાણથી પણ વિમુક્ત કરવામાં આવી! (અર્થાત્ તે ગાયે વાળના લોભમાં પ્રાણ પણ ગુમાવ્યા!) જેમને તૃષ્ણા પરિણમી છે તેમને પ્રાયઃ આવી જ વિપત્તિઓ આવે છે.’’

વળી (આ ૧૧૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—

[શ્લોકાર્થ :—] ક્રોધકષાયને ક્ષમાથી, માનકષાયને માર્દવથી જ, માયાને આર્જવની પ્રાપ્તિથી અને લોભકષાયને શૌચથી (–સંતોષથી) જીતો. ૧૮૨.

**ઉત્કૃષ્ટ નિજ અવબોધને વા જ્ઞાનને વા ચિત્તને**
**ધારણ કરે છે નિત્ય, પ્રાયશ્ચિત્ત છે તે સાધુને. ૧૧૬.**

---

★ વનચર = વનમાં રહેનાર, ભીલ વગેરે મનુષ્ય અથવા વાઘ વગેરે જંગલી પશુ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



उत्कृष्टो यो बोधो ज्ञानं तस्यैवात्मनश्चित्तम्।
यो धरति मुनिर्नित्यं प्रायश्चित्तं भवेत्तस्य॥११६॥

अत्र शुद्धज्ञानस्वीकारवतः प्रायश्चित्तमित्युक्तम्।

उत्कृष्टो यो विशिष्टधर्मः स हि परमबोधः इत्यर्थः। बोधो ज्ञानं चित्तमित्यनर्थान्तरम्। अत एव तस्यैव परमधर्मिणो जीवस्य प्रायः प्रकर्षेण चित्तं। यः परमसंयमी नित्यं तादृशं चित्तं धत्ते, तस्य खलु निश्चयप्रायश्चित्तं भवतीति।

(शालिनी)

यः शुद्धात्मज्ञानसंभावनात्मा
प्रायश्चित्तमत्र चास्त्येव तस्य।
निर्धूतांहःसंहतिं तं मुनीन्द्रं
वन्दे नित्यं तद्गुणप्राप्तयेऽहम्॥१८३॥

---

**અન્વયાર્થ :—[तस्य एव आत्मनः]** તે જ (અનંતધર્મવાળા) આત્માનો **[यः]** જે **[उत्कृष्टः बोधः]** ઉત્કૃષ્ટ બોધ, **[ज्ञानम्]** જ્ઞાન અથવા **[चित्तम्]** ચિત્ત તેને **[यः मुनिः]** જે મુનિ **[नित्यं धरति]** નિત્ય ધારણ કરે છે, **[तस्य]** તેને **[प्रायश्चित्तम् भवेत्]** પ્રાયશ્ચિત્ત છે.

**ટીકા :—**અહીં, 'શુદ્ધ જ્ઞાનના સ્વીકારવાળાને પ્રાયશ્ચિત્ત છે' એમ કહ્યું છે.

ઉત્કૃષ્ટ એવો જે વિશિષ્ટ ધર્મ તે ખરેખર પરમ બોધ છે—એવો અર્થ છે. બોધ, જ્ઞાન, અને ચિત્ત જુદા પદાર્થો નથી. આમ હોવાથી જ તે જ પરમધર્મી જીવને પ્રાયઃ ચિત્ત છે અર્થાત્ પ્રકૃષ્ટપણે ચિત્ત (–જ્ઞાન) છે. જે પરમસંયમી એવા ચિત્તને નિત્ય ધારણ કરે છે, તેને ખરેખર નિશ્ચય-પ્રાયશ્ચિત્ત છે.

[**ભાવાર્થ :—**જીવ ધર્મી છે અને જ્ઞાનાદિક તેના ધર્મો છે. પરમ ચિત્ત અથવા પરમ જ્ઞાનસ્વભાવ જીવનો ઉત્કૃષ્ટ વિશેષધર્મ છે. માટે સ્વભાવ-અપેક્ષાએ જીવદ્રવ્યને પ્રાયઃ ચિત્ત છે અર્થાત્ પ્રકૃષ્ટપણે જ્ઞાન છે. જે પરમસંયમી આવા ચિત્તને (–પરમ જ્ઞાનસ્વભાવને) શ્રદ્ધે છે અને તેમાં લીન રહે છે, તેને નિશ્ચયપ્રાયશ્ચિત્ત છે.]

[હવે ૧૧૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

[**શ્લોકાર્થ :—**] આ લોકમાં જે (મુનીંદ્ર) શુદ્ધાત્મજ્ઞાનની સમ્યક્ ભાવનાવંત છે, તેને પ્રાયશ્ચિત્ત છે જ. જેણે પાપસમૂહને ખંખેરી નાખ્યો છે એવા તે મુનીંદ્રને હું તેના ગુણોની પ્રાપ્તિ અર્થે નિત્ય વંદું છું. ૧૮૩.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**किं बहुणा भणिएण दु वरतवचरणं महेसिणं सव्वं।**
**पायच्छित्तं जाणह अणेयकम्माण खयहेऊ॥११७॥**

**किं बहुना भणितेन तु वरतपश्चरणं महर्षीणां सर्वम्।**
**प्रायश्चित्तं जानीह्यनेककर्मणां क्षयहेतुः॥११७॥**

इह हि परमतपश्चरणनिरतपरमजिनयोगीश्वराणां निश्चयप्रायश्चित्तम्। एवं समस्ताचरणानां परमाचरणमित्युक्तम्।

बहुभिरसत्प्रलापैरलमलम्। पुनः सर्वं निश्चयव्यवहारात्मकपरमतपश्चरणात्मकं परमजिनयोगीनामासंसारप्रतिबद्धद्रव्यभावकर्मणां निरवशेषेण विनाशकारणं शुद्धनिश्चयप्रायश्चित्तमिति हे शिष्य त्वं जानीहि।

---

બહુ કથન શું કરવું? અરે! સૌ જાણ પ્રાયશ્ચિત્ત તું,
નાનાકરમક્ષયહેતુ ઉત્તમ તપચરણ ઋષિરાજનું. ૧૧૭.

**અન્વયાર્થ :**—[**बहुना**] બહુ [**भणितेन तु**] કહેવાથી [**किम्**] શું? [**अनेककर्मणाम्**] અનેક કર્મોના [**क्षयहेतुः**] ક્ષયનો હેતુ એવું જે [**महर्षीणाम्**] મહર્ષિઓનું [**वरतपश्चरणम्**] ઉત્તમ તપશ્ચરણ [**सर्वम्**] તે બધું [**प्रायश्चित्तं जानीहि**] પ્રાયશ્ચિત્ત જાણ.

**ટીકા :**—અહીં એમ કહ્યું છે કે પરમ તપશ્ચરણમાં લીન પરમ જિનયોગીશ્વરોને નિશ્ચયપ્રાયશ્ચિત્ત છે; એ રીતે નિશ્ચયપ્રાયશ્ચિત્ત સમસ્ત આચરણોમાં પરમ આચરણ છે એમ કહ્યું છે.

બહુ અસત્ પ્રલાપોથી બસ થાઓ, બસ થાઓ. નિશ્ચયવ્યવહારસ્વરૂપ પરમ-તપશ્ચરણાત્મક એવું જે પરમ જિનયોગીઓને અનાદિ સંસારથી બંધાયેલાં દ્રવ્યભાવ-કર્મોના નિરવશેષ વિનાશનું કારણ તે બધું શુદ્ધનિશ્ચયપ્રાયશ્ચિત્ત છે એમ, હે શિષ્ય! તું જાણ.

[હવે આ ૧૧૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ પાંચ શ્લોક કહે છે :]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(द्रुतविलंबित)

**अनशनादितपश्चरणात्मकं**
**सहजशुद्धचिदात्मविदामिदम्।**
**सहजबोधकलापरिगोचरं**
**सहजतत्त्वमघक्षयकारणम्॥१८४॥**

(शालिनी)

**प्रायश्चित्तं ह्युत्तमानामिदं स्यात्**
**स्वद्रव्येऽस्मिन् चिन्तनं धर्मशुक्लम्।**
**कर्मव्रातध्वान्तसद्बोधतेजो**
**लीनं स्वस्मिन्निर्विकारे महिम्नि॥१८५॥**

(मंदाक्रांता)

**आत्मज्ञानाद्भवति यमिनामात्मलब्धिः क्रमेण**
**ज्ञानज्योतिर्निहतकरणग्रामघोरान्धकारा।**
**कर्मारण्योद्भवदवशिखाजालकानामजस्रं**
**प्रध्वंसेऽस्मिन् शमजलमयीमाशु धारां वमन्ती॥१८६॥**

---

[**શ્લોકાર્થ :—**] અનશનાદિતપશ્ચરણાત્મક (અર્થાત્ સ્વરૂપપ્રતપનરૂપે પરિણમેલું, પ્રતાપવંત એટલે કે ઉગ્ર સ્વરૂપપરિણતિએ પરિણમેલું) એવું આ સહજ-શુદ્ધ-ચૈતન્યસ્વરૂપને જાણનારાઓનું [1]સહજજ્ઞાનકળાપરિગોચર સહજતત્ત્વ [2]અઘક્ષયનું કારણ છે. ૧૮૪.

[**શ્લોકાર્થ :—**] જે (પ્રાયશ્ચિત્ત) આ સ્વદ્રવ્યનું [3]ધર્મ અને શુક્લરૂપ ચિંતન છે, જે કર્મસમૂહના અંધકારને નષ્ટ કરવા માટે સમ્યગ્જ્ઞાનરૂપી તેજ છે અને જે પોતાના નિર્વિકાર મહિમામાં લીન છે—એવું આ પ્રાયશ્ચિત્ત ખરેખર ઉત્તમ પુરુષોને હોય છે. ૧૮૫.

[**શ્લોકાર્થ :—**] યમીઓને (–સંયમીઓને) આત્મજ્ઞાનથી ક્રમે આત્મલબ્ધિ (આત્માની પ્રાપ્તિ) થાય છે—કે જે આત્મલબ્ધિએ જ્ઞાનજ્યોતિ વડે ઇન્દ્રિયસમૂહના ઘોર અંધકારનો નાશ કર્યો છે અને જે આત્મલબ્ધિ કર્મવનથી ઉત્પન્ન (ભવરૂપી) દાવાનળની શિખાજાળનો

---

૧. સહજજ્ઞાનકળાપરિગોચર = સહજ જ્ઞાનની કળા વડે સર્વ પ્રકારે જણાવાયોગ્ય

૨. અઘ = અશુદ્ધિ; દોષ; પાપ. (પાપ તેમ જ પુણ્ય બન્ને ખરેખર અઘ છે.)

૩. ધર્મધ્યાન અને શુક્લધ્યાનરૂપ જે સ્વદ્રવ્યચિંતન તે પ્રાયશ્ચિત્ત છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(उपजाति)

अध्यात्मशास्त्रामृतवारिराशे-
र्मयोद्धृता संयमरत्नमाला।
बभूव या तत्त्वविदां सुकण्ठे
सालंकृतिर्मुक्तिवधूधवानाम् ॥१८७॥

(उपेन्द्रवज्रा)

नमामि नित्यं परमात्मतत्त्वं
मुनीन्द्रचित्ताम्बुजगर्भवासम्।
विमुक्तिकांतारतिसौख्यमूलं
विनष्टसंसारद्रुमूलमेतत् ॥१८८॥

णंताणंतभवेण समज्जियसुहअसुहकम्मसंदोहो।
तवचरणेण विणस्सदि पायच्छित्तं तवं तम्हा॥११८॥

अनन्तानन्तभवेन समर्जितशुभाशुभकर्मसंदोहः।
तपश्चरणेन विनश्यति प्रायश्चित्तं तपस्तस्मात् ॥११८॥

---

(શિખાઓના સમૂહનો) નાશ કરવા માટે તેના પર સતત શમજલમયી ધારાને ઝડપથી છોડે છે—વરસાવે છે. ૧૮૬.

[શ્લોકાર્થ :—] અધ્યાત્મશાસ્ત્રરૂપી અમૃતસમુદ્રમાંથી મેં જે સંયમરૂપી રત્નમાળા બહાર કાઢી છે તે (રત્નમાળા) મુક્તિવધૂના વલ્લભ એવા તત્ત્વજ્ઞાનીઓના સુકંઠનું આભૂષણ બની છે. ૧૮૭.

[શ્લોકાર્થ :—] મુનીંદ્રોના ચિત્તકમળની (-હૃદયકમળની) અંદર જેનો વાસ છે, જે વિમુક્તિરૂપી કાન્તાના રતિસૌખ્યનું મૂળ છે (અર્થાત્ જે મુક્તિના અતીન્દ્રિય આનંદનું મૂળ છે) અને જેણે સંસારવૃક્ષના મૂળનો વિનાશ કર્યો છે—એવા આ પરમાત્મતત્ત્વને હું નિત્ય નમું છું. ૧૮૮.

રે! ભવ અનંતાનંતથી અર્જિત શુભાશુભ કર્મ જે
તે નાશ પામે તપ થકી; તપ તેથી પ્રાયશ્ચિત્ત છે. ૧૧૮.

અન્વયાર્થ :—[अनन्तानन्तभवेन] અનંતાનંત ભવો વડે [समर्जितशुभाशुभकर्मसंदोहः]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अत्र प्रसिद्धशुद्धकारणपरमात्मतत्त्वे सदान्तर्मुखतया प्रतपनं यत्तत्तपः प्रायश्चित्तं भवतीत्युक्तम्।

आसंसारत एव समुपार्जितशुभाशुभकर्मसंदोहो द्रव्यभावात्मकः पंचसंसारसंवर्धनसमर्थः परमतपश्चरणेन भावशुद्धिलक्षणेन विलयं याति, ततः स्वात्मानुष्ठाननिष्ठं परमतपश्चरणमेव शुद्धनिश्चयप्रायश्चित्तमित्यभिहितम्।

(मंदाक्रांता)

प्रायश्चित्तं न पुनरपरं कर्म कर्मक्षयार्थं
प्राहुः सन्तस्तप इति चिदानंदपीयूषपूर्णम्।
आसंसारादुपचितमहत्कर्मकान्तारवह्नि-
ज्वालाजालं शमसुखमयं प्राभृतं मोक्षलक्ष्म्याः॥१८९॥

---

ઉપાર્જિત શુભાશુભ કર્મરાશિ **[तपश्चरणेन]** તપશ્ચરણથી **[विनश्यति]** વિનાશ પામે છે; **[तस्मात्]** તેથી **[तपः]** તપ **[प्रायश्चित्तम्]** પ્રાયશ્ચિત્ત છે.

**ટીકા :**—અહીં (આ ગાથામાં), પ્રસિદ્ધ શુદ્ધકારણપરમાત્મતત્ત્વમાં સદા અંતર્મુખ રહીને જે પ્રતપન તે તપ પ્રાયશ્ચિત્ત છે (અર્થાત્ શુદ્ધાત્મસ્વરૂપમાં લીન રહીને પ્રતપવું— પ્રતાપવંત વર્તવું તે તપ છે અને એ તપ પ્રાયશ્ચિત્ત છે) એમ કહ્યું છે.

અનાદિ સંસારથી જ ઉપાર્જિત દ્રવ્યભાવાત્મક શુભાશુભ કર્મોનો સમૂહ—કે જે પાંચ પ્રકારના (–પાંચ પરાવર્તનરૂપ) સંસારનું સંવર્ધન કરવામાં સમર્થ છે તે— ભાવશુદ્ધિલક્ષણ (ભાવશુદ્ધિ જેનું લક્ષણ છે એવા) પરમતપશ્ચરણથી વિલય પામે છે; તેથી સ્વાત્માનુષ્ઠાનનિષ્ઠ (–નિજ આત્માના આચરણમાં લીન) પરમતપશ્ચરણ જ શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત છે એમ કહેવામાં આવ્યું છે.

[હવે આ ૧૧૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** જે (તપ) અનાદિ સંસારથી સમૃદ્ધ થયેલી કર્મોની મહા અટવીને બાળી નાખવા માટે અગ્નિની જ્વાળાના સમૂહ સમાન છે, શમસુખમય છે અને મોક્ષલક્ષ્મી માટેની ભેટ છે, તે ચિદાનંદરૂપી અમૃતથી ભરેલા તપને સંતો કર્મક્ષય કરનારું પ્રાયશ્ચિત્ત કહે છે, પરંતુ અન્ય કોઈ કાર્યને નહિ. ૧૮૯.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अप्पसरूवालंबणभावेण दु सव्वभावपरिहारं।
सक्कदि कादुं जीवो तम्हा झाणं हवे सव्वं॥११९॥

आत्मस्वरूपालम्बनभावेन तु सर्वभावपरिहारम्।
शक्नोति कर्तुं जीवस्तस्माद् ध्यानं भवेत् सर्वम्॥११९॥

अत्र सकलभावानामभावं कर्तुं स्वात्माश्रयनिश्चयधर्मध्यानमेव समर्थमित्युक्तम्।

अखिलपरद्रव्यपरित्यागलक्षणलक्षिताक्षुण्णनित्यनिरावरणसहजपरमपारिणामिकभाव-भावनया भावान्तराणां चतुर्णामौदयिकौपशमिकक्षायिकक्षायोपशमिकानां परिहारं

---

આત્મસ્વરૂપ અવલંબનારા ભાવથી સૌ ભાવને
ત્યાગી શકે છે જીવ, તેથી ધ્યાન તે સર્વસ્વ છે. ૧૧૯.

**અન્વયાર્થ :**—**[आत्मस्वरूपालम्बनभावेन तु]** આત્મસ્વરૂપ જેનું આલંબન છે એવા ભાવથી **[जीवः]** જીવ **[सर्वभावपरिहारं]** સર્વભાવોનો પરિહાર **[कर्तुम् शक्नोति]** કરી શકે છે, **[तस्मात्]** તેથી **[ध्यानम्]** ધ્યાન તે **[सर्वम् भवेत्]** સર્વસ્વ છે.

**ટીકા :**—અહીં (આ ગાથામાં), નિજ આત્મા જેનો આશ્રય છે એવું નિશ્ચય-ધર્મધ્યાન જ સર્વ ભાવોનો અભાવ કરવાને સમર્થ છે એમ કહ્યું છે.

સમસ્ત પરદ્રવ્યોના પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત અખંડ-નિત્યનિરાવરણ-સહજ-પરમપારિણામિકભાવની ભાવનાથી ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિક એ ચાર ભાવાંતરોનો *પરિહાર કરવાને અતિ-આસન્નભવ્ય જીવ સમર્થ છે, તેથી જ તે

---

★ અહીં ચાર ભાવોના પરિહારમાં ક્ષાયિકભાવરૂપ શુદ્ધ પર્યાયનો પણ પરિહાર (ત્યાગ) કરવાનું કહ્યું છે તેનું કારણ આ પ્રમાણે છે : શુદ્ધાત્મદ્રવ્યનું જ—સામાન્યનું જ—આલંબન લેવાથી ક્ષાયિકભાવરૂપ શુદ્ધ પર્યાય પ્રગટે છે. ક્ષાયિકભાવનું—શુદ્ધ પર્યાયનું (વિશેષનું)—આલંબન કરવાથી ક્ષાયિકભાવરૂપ શુદ્ધ પર્યાય કદી પ્રગટતો નથી. માટે ક્ષાયિકભાવનું પણ આલંબન ત્યાજ્ય છે. આ જે ક્ષાયિકભાવના આલંબનનો ત્યાગ તેને અહીં ક્ષાયિકભાવનો ત્યાગ કહેવામાં આવ્યો છે.

અહીં એમ ઉપદેશ્યું કે—પરદ્રવ્યોનું અને પરભાવોનું આલંબન તો દૂર રહો, મોક્ષાર્થીએ પોતાના ઔદયિકભાવોનું (સમસ્ત શુભાશુભભાવાદિકનું), ઔપશમિકભાવોનું (જેમાં કાદવ નીચે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कर्तुमत्यासन्नभव्यजीवः समर्थो यस्मात्, तत एव पापटवीपावक इत्युक्तम्। अतः पंचमहाव्रतपंचसमितित्रिगुप्तिप्रत्याख्यानप्रायश्चित्तालोचनादिकं सर्वं ध्यानमेवेति।

(मंदाक्रांता)

यः शुद्धात्मन्यविचलमनाः शुद्धमात्मानमेकं
नित्यज्योतिःप्रतिहततमःपुंजमाद्यन्तशून्यम् ।
ध्यात्वाजस्रं परमकलया सार्धमानन्दमूर्तिं
जीवन्मुक्तो भवति तरसा सोऽयमाचारराशिः ॥१९०॥

---

જીવને પાપાટવીપાવક (–પાપરૂપી અટવીને બાળનારો અગ્નિ) કહ્યો છે; આમ હોવાથી પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, પ્રત્યાખ્યાન, પ્રાયશ્ચિત્ત, આલોચના વગેરે બધું ધ્યાન જ છે (અર્થાત્ પરમપારિણામિક ભાવની ભાવનારૂપ જે ધ્યાન તે જ મહાવ્રત-પ્રાયશ્ચિત્તાદિ બધુંય છે).

[હવે આ ૧૧૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** જેણે નિત્ય જ્યોતિ વડે તિમિરપુંજનો નાશ કર્યો છે, જે આદિ-અંત રહિત છે, જે પરમ કળા સહિત છે અને જે આનંદમૂર્તિ છે—એવા એક શુદ્ધ આત્માને જે જીવ શુદ્ધ આત્મામાં અવિચળ [1]મનવાળો થઈને નિરંતર ધ્યાવે છે, તે આ [2]આચારરાશિ જીવ શીઘ્ર જીવન્મુક્ત થાય છે. ૧૯૦.

---

બેસી ગયેલ હોય એવા જળ સમાન ઔપશમિક સમ્યક્ત્વાદિનું), ક્ષાયોપશમિકભાવોનું (અપૂર્ણ જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ પર્યાયોનું) તેમ જ ક્ષાયિકભાવોનું (ક્ષાયિક સમ્યક્ત્વાદિ સર્વથા શુદ્ધ પર્યાયોનું) પણ આલંબન છોડવું; માત્ર પરમપારિણામિકભાવનું—શુદ્ધાત્મદ્રવ્યસામાન્યનું—આલંબન લેવું. તેને આલંબનારો ભાવ જ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ, પ્રતિક્રમણ, આલોચના, પ્રત્યાખ્યાન, પ્રાયશ્ચિત્ત વગેરે બધુંય છે. (આત્મસ્વરૂપનું આલંબન, આત્મસ્વરૂપનો આશ્રય, આત્મસ્વરૂપ પ્રત્યે સંમુખતા, આત્મસ્વરૂપ પ્રત્યે વલણ, આત્મસ્વરૂપ પ્રત્યે ઝોક, આત્મસ્વરૂપનું ધ્યાન, પરમ-પારિણામિકભાવની ભાવના, 'હું ધ્રુવ શુદ્ધ આત્મદ્રવ્યસામાન્ય છું' એવી પરિણતિ—એ બધાંનો એક અર્થ છે.)

૧. મન = ભાવ

૨. આચારરાશિ = ચારિત્રપુંજ; ચારિત્રસમૂહરૂપ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**सुहअसुहवयणरयणं रायादीभाववारणं किच्चा।**
**अप्पाणं जो झायदि तस्स दु णियमं हवे णियमा॥१२०॥**

**शुभाशुभवचनरचनानां रागादिभाववारणं कृत्वा।**
**आत्मानं यो ध्यायति तस्य तु नियमो भवेन्नियमात्॥१२०॥**

शुद्धनिश्चयनियमस्वरूपाख्यानमेतत्।

यः परमतत्त्वज्ञानी महातपोधनो दैनं संचितसूक्ष्मकर्मनिर्मूलनसमर्थनिश्चयप्रायश्चित्तपरायणो नियमितमनोवाक्कायत्वाद्भववल्लीमूलकंदात्मकशुभाशुभस्वरूपप्रशस्ताप्रशस्तसमस्तवचनरचनानां निवारणं करोति, न केवलमासां तिरस्कारं करोति किन्तु निखिलमोहरागद्वेषादिपरभावानां निवारणं च करोति, पुनरनवरतमखंडाद्वैतसुन्दरानन्दनिष्यन्द्यनुपमनिरंजननिजकारणपरमात्मतत्त्वं नित्यं शुद्धोपयोगबलेन संभावयति, तस्य नियमेन शुद्धनिश्चयनियमो भवतीत्यभिप्रायो भगवतां सूत्रकृतामिति।

---

**છોડી શુભાશુભ વચનને, રાગાદિભાવ નિવારીને,**
**જે જીવ ધ્યાવે આત્મને, તેને નિયમથી નિયમ છે. ૧૨૦.**

**અન્વયાર્થ :**—[**शुभाशुभवचनरचनानाम्**] શુભાશુભ વચનરચનાનું અને [**रागादिभाववारणम्**] રાગાદિભાવોનું નિવારણ [**कृत्वा**] કરીને [**यः**] જે [**आत्मानम्**] આત્માને [**ध्यायति**] ધ્યાવે છે, [**तस्य तु**] તેને [**नियमात्**] નિયમથી (–નિશ્ચિતપણે) [**नियमः भवेत्**] નિયમ છે.

**ટીકા :**—આ, શુદ્ધનિશ્ચયનિયમના સ્વરૂપનું કથન છે.

જે પરમતત્ત્વજ્ઞાની મહાતપોધન સદા સંચિત સૂક્ષ્મકર્મોને મૂળથી ઉખેડી નાખવામાં સમર્થ નિશ્ચયપ્રાયશ્ચિત્તમાં પરાયણ રહેતો થકો મન-વચન-કાયાને નિયમિત (સંયમિત) કર્યાં હોવાથી ભવરૂપી વેલનાં મૂળ-કંદાત્મક શુભાશુભસ્વરૂપ પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત વચનરચનાનું નિવારણ કરે છે, કેવળ તે વચનરચનાનો જ તિરસ્કાર કરતો નથી પરંતુ સમસ્ત મોહરાગદ્વેષાદિ પરભાવોનું નિવારણ કરે છે, વળી અનવરતપણે (–નિરંતર) અખંડ, અદ્વૈત, સુંદર-આનંદસ્યંદી (સુંદર આનંદઝરતા), અનુપમ, નિરંજન નિજકારણપરમાત્મતત્ત્વની સદા શુદ્ધોપયોગના બળથી સંભાવના (સમ્યક્ ભાવના) કરે છે, તેને (તે મહાતપોધનને) નિયમથી શુદ્ધનિશ્ચયનિયમ છે એમ ભગવાન સૂત્રકારનો અભિપ્રાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(हरिणी)

वचनरचनां त्यक्त्वा भव्यः शुभाशुभलक्षणां
सहजपरमात्मानं नित्यं सुभावयति स्फुटम्।
परमयमिनस्तस्य ज्ञानात्मनो नियमादयं
भवति नियमः शुद्धो मुक्त्यंगनासुखकारणम्॥१९१॥

(मालिनी)

अनवरतमखंडाद्वैतचिन्निर्विकारे
निखिलनयविलासो न स्फुरत्येव किंचित्।
अपगत इह यस्मिन् भेदवादस्समस्तः
तमहमभिनमामि स्तौमि संभावयामि॥१९२॥

(अनुष्टुभ्)

इदं ध्यानमिदं ध्येयमयं ध्याता फलं च तत्।
एभिर्विकल्पजालैर्यन्निर्मुक्तं तन्नमाम्यहम्॥१९३॥

(अनुष्टुभ्)

भेदवादाः कदाचित्स्युर्यस्मिन् योगपरायणे।
तस्य मुक्तिर्भवेन्नो वा को जानात्यार्हते मते॥१९४॥

---

[હવે આ ૧૨૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ચાર શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** જે ભવ્ય શુભાશુભસ્વરૂપ વચનરચનાને છોડીને સદા સ્ફુટપણે સહજપરમાત્માને સમ્યક્ પ્રકારે ભાવે છે, તે જ્ઞાનાત્મક પરમ યમીને મુક્તિરૂપી સ્ત્રીના સુખનું કારણ એવો આ શુદ્ધ નિયમ નિયમથી (–અવશ્ય) છે. ૧૯૧.

**[શ્લોકાર્થ :—]** જે અનવરતપણે (–નિરંતર) અખંડ અદ્વૈત ચૈતન્યને લીધે નિર્વિકાર છે તેમાં (–તે પરમાત્મપદાર્થમાં) સમસ્ત નયવિલાસ જરાય સ્ફુરતો જ નથી. જેમાંથી સમસ્ત ભેદવાદ (–નયાદિ વિકલ્પ) દૂર થયેલ છે તેને (–તે પરમાત્મપદાર્થને) હું નમું છું, સ્તવું છું, સમ્યક્ પ્રકારે ભાવું છું. ૧૯૨.

**[શ્લોકાર્થ :—]** આ ધ્યાન છે, આ ધ્યેય છે, આ ધ્યાતા છે અને પેલું ફળ છે— આવી વિકલ્પજાળોથી જે મુક્ત (–રહિત) છે તેને (–તે પરમાત્મતત્ત્વને) હું નમું છું. ૧૯૩.

**[શ્લોકાર્થ :—]** જે યોગપરાયણમાં કદાચિત્ ભેદવાદો ઉત્પન્ન થાય છે (અર્થાત્ જે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**कायाईपरदव्वे थिरभावं परिहरत्तु अप्पाणं।**
**तस्स हवे तणुसग्गं जो झायइ णिव्वियप्पेण।।१२१।।**

**कायादिपरद्रव्ये स्थिरभावं परिहृत्यात्मानम्।**
**तस्य भवेत्तनूत्सर्गो यो ध्यायति निर्विकल्पेन।।१२१।।**

निश्चयकायोत्सर्गस्वरूपाख्यानमेतत्।

सादिसनिधनमूर्तविजातीयविभावव्यंजनपर्यायात्मकः स्वस्याकारः कायः। आदि-शब्देन क्षेत्रवास्तुकनकरमणीप्रभृतयः। एतेषु सर्वेषु स्थिरभावं सनातनभावं परिहृत्य नित्यरमणीयनिरंजननिजकारणपरमात्मानं व्यवहारक्रियाकांडाडम्बरविविधविकल्पकोलाहल-विनिर्मुक्तसहजपरमयोगबलेन नित्यं ध्यायति यः सहजतपश्चरणक्षीरवारांराशिनिशीथिनी-हृदयाधीश्वरः, तस्य खलु सहजवैराग्यप्रासादशिखरशिखामणेर्निश्चयकायोत्सर्गो भवतीति।

---

યોગનિષ્ઠ યોગીને ક્યારેક વિકલ્પો ઊઠે છે), તેની અર્હત્‌ના મતમાં મુક્તિ થશે કે નહિ થાય તે કોણ જાણે છે? ૧૯૪.

**કાયાદિ પરદ્રવ્યો વિષે સ્થિરભાવ છોડી આત્મને**
**ધ્યાવે વિકલ્પવિમુક્ત, કાયોત્સર્ગ છે તે જીવને. ૧૨૧.**

**અન્વયાર્થ :**—**[कायादिपरद्रव्ये]** કાયાદિ પરદ્રવ્યમાં **[स्थिरभावम् परिहृत्य]** સ્થિરભાવ છોડીને **[यः]** જે **[आत्मानम्]** આત્માને **[निर्विकल्पेन]** નિર્વિકલ્પપણે **[ध्यायति]** ધ્યાવે છે, **[तस्य]** તેને **[तनूत्सर्गः]** કાયોત્સર્ગ **[भवेत्]** છે.

**ટીકા :**—આ, નિશ્ચયકાયોત્સર્ગના સ્વરૂપનું કથન છે.

સાદિ-સાંત મૂર્ત વિજાતીય-વિભાવ-વ્યંજનપર્યાયાત્મક પોતાનો આકાર તે કાય. ‘આદિ’ શબ્દથી ક્ષેત્ર, ઘર, કનક, રમણી વગેરે. આ બધામાં સ્થિરભાવ—સનાતનભાવ પરિહરીને (–કાયાદિક સ્થિર છે એવો ભાવ છોડીને) નિત્ય-રમણીય નિરંજન નિજ કારણ-પરમાત્માને વ્યવહાર ક્રિયાકાંડના આડંબર સંબંધી વિવિધ વિકલ્પરૂપ કોલાહલ વિનાના સહજ-પરમ-યોગના બળથી જે સહજ-તપશ્ચરણરૂપી ક્ષીરસાગરનો ચંદ્ર (–સહજ તપરૂપી ક્ષીરસાગરને ઉછાળવામાં ચંદ્ર સમાન એવો જે જીવ) નિત્ય ધ્યાવે છે, તે સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરના શિખામણિને (–તે પરમ સહજ-વૈરાગ્યવંત જીવને) ખરેખર નિશ્ચયકાયોત્સર્ગ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(मंदाक्रांता)

कायोत्सर्गो भवति सततं निश्चयात्संयतानां
कायोद्भूतप्रबलतरसत्कर्ममुक्तेः सकाशात् ।
वाचां जल्पप्रकरविरतेर्मानसानां निवृत्तेः
स्वात्मध्यानादपि च नियतं स्वात्मनिष्ठापराणाम् ॥१९५॥

(मालिनी)

जयति सहजतेजःपुंजनिर्मग्नभास्वत्-
सहजपरमतत्त्वं मुक्तमोहान्धकारम् ।
सहजपरमदृष्ट्या निष्ठितन्मोघजातं (?)
भवभवपरितापैः कल्पनाभिश्च मुक्तम् ॥१९६॥

(मालिनी)

भवभवसुखमल्पं कल्पनामात्ररम्यं
तदखिलमपि नित्यं संत्यजाम्यात्मशक्त्या ।
सहजपरमसौख्यं चिच्चमत्कारमात्रं
स्फुटितनिजविलासं सर्वदा चेतयेहम् ॥१९७॥

---

[હવે આ શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ પાંચ શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** જે નિરંતર સ્વાત્મનિષ્ઠાપરાયણ (–નિજ આત્મામાં લીન) છે તે સંયમીઓને, કાયાથી ઉત્પન્ન થતાં અતિ પ્રબળ સત્-કર્મોના (–કાયા સંબંધી પ્રબળ શુભ ક્રિયાઓના) ત્યાગને લીધે, વાણીના જલ્પસમૂહની વિરતિને લીધે અને માનસિક ભાવોની (વિકલ્પોની) નિવૃત્તિને લીધે, તેમ જ નિજ આત્માના ધ્યાનને લીધે, નિશ્ચયથી સતત કાયોત્સર્ગ છે. ૧૯૫.

**[શ્લોકાર્થ :—]** સહજ તેજ:પુંજમાં નિમગ્ન એવું તે પ્રકાશમાન સહજ પરમ તત્ત્વ જયવંત છે—કે જેણે મોહાંધકારને દૂર કર્યો છે (અર્થાત્ જે મોહાંધકાર રહિત છે), જે સહજ પરમ દૃષ્ટિથી પરિપૂર્ણ છે અને જે વૃથા-ઉત્પન્ન ભવભવના પરિતાપોથી તથા કલ્પનાઓથી મુક્ત છે. ૧૯૬.

**[શ્લોકાર્થ :—]** અલ્પ (-તુચ્છ) અને કલ્પનામાત્રરમ્ય (–માત્ર કલ્પનાથી જ રમણીય



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(पृथ्वी)

निजात्मगुणसंपदं मम हृदि स्फुरन्तीमिमां
समाधिविषयामहो क्षणमहं न जाने पुरा।
जगत्त्रितयवैभवप्रलयहेतुदुःकर्मणां
प्रभुत्वगुणशक्तितः खलु हतोस्मि हा संसृतौ॥१९८॥

(आर्या)

भवसंभवविषभूरुहफलमखिलं दुःखकारणं बुद्ध्वा।
आत्मनि चैतन्यात्मनि संजातविशुद्धसौख्यमनुभुंक्ते॥१९९॥

इति सुकविजनपयोजमित्रपंचेन्द्रियप्रसरवर्जितगात्रमात्रपरिग्रहश्रीपद्मप्रभमलधारिदेवविरचितायां नियमसारव्याख्यायां तात्पर्यवृत्तौ शुद्धनिश्चयप्रायश्चित्ताधिकारः अष्टमः श्रुतस्कन्धः॥

---

લાગતું) એવું જે ભવભવનું સુખ તે સઘળુંય હું આત્મશક્તિથી નિત્ય સમ્યક્ પ્રકારે તજું છું; (અને) જેનો નિજ વિલાસ પ્રગટ થયો છે, જે સહજ પરમ સૌખ્યવાળું છે અને જે ચૈતન્યચમત્કારમાત્ર છે, તેને (-તે આત્મતત્ત્વને) હું સર્વદા અનુભવું છું. ૧૯૭.

**[શ્લોકાર્થ :—]** અહો! મારા હૃદયમાં સ્ફુરાયમાન આ નિજ આત્મગુણસંપદાને —કે જે સમાધિનો વિષય છે તેને—મેં પૂર્વે એક ક્ષણ પણ જાણી નહિ. ખરેખર, ત્રણ લોકના વૈભવના પ્રલયના હેતુભૂત દુષ્કર્મોની પ્રભુત્વગુણશક્તિથી (-દુષ્ટ કર્મોના પ્રભુત્વ-ગુણની શક્તિથી), અરેરે! હું સંસારમાં માર્યો ગયો છું (-હેરાન થઈ ગયો છું). ૧૯૮.

**[શ્લોકાર્થ :—]** ભવોત્પન્ન (-સંસારમાં ઉત્પન્ન થતા) વિષવૃક્ષના સમસ્ત ફળને દુઃખનું કારણ જાણીને હું ચૈતન્યાત્મક આત્મામાં ઉત્પન્ન વિશુદ્ધસૌખ્યને અનુભવું છું. ૧૯૯.

આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્‌ભગવત્‌કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) **શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત અધિકાર** નામનો આઠમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# —૯—

# પરમ-સમાધિ અધિકાર

अथ अखिलमोहरागद्वेषादिपरभावविध्वंसहेतुभूतपरमसमाध्यधिकार उच्यते।

**वयणोच्चारणकिरियं परिचत्ता वीयरायभावेण।**
**जो झायदि अप्पाणं परमसमाही हवे तस्स॥१२२॥**

**वचनोच्चारणक्रियां परित्यज्य वीतरागभावेन।**
**यो ध्यायत्यात्मानं परमसमाधिर्भवेत्तस्य॥१२२॥**

परमसमाधिस्वरूपाख्यानमेतत्।

क्वचिदशुभवंचनार्थं वचनप्रपंचांचितपरमवीतरागसर्वज्ञस्तवनादिकं कर्तव्यं परम-जिनयोगीश्वरेणापि। परमार्थतः प्रशस्ताप्रशस्तसमस्तवाग्विषयव्यापारो न कर्तव्यः। अत

---

હવે સમસ્ત મોહરાગદ્વેષાદિ પરભાવોના વિધ્વંસના હેતુભૂત પરમ-સમાધિ અધિકાર કહેવામાં આવે છે.

**વચનોચ્ચરણકિરિયા તજી, વીતરાગ નિજ પરિણામથી**
**ધ્યાવે નિજાત્મા જેહ, પરમ સમાધિ તેને જાણવી. ૧૨૨.**

**અન્વયાર્થ :**—[वचनोच्चारणक्रियां] વચનોચ્ચારણની ક્રિયા [परित्यज्य] પરિત્યાગીને [वीतरागभावेन] વીતરાગ ભાવથી [यः] જે [आत्मानं] આત્માને [ध्यायति] ધ્યાવે છે, [तस्य] તેને [परमसमाधिः] પરમ સમાધિ [भवेत्] છે.

**ટીકા :**—આ, પરમ સમાધિના સ્વરૂપનું કથન છે.

ક્યારેક *અશુભવંચનાર્થે વચનવિસ્તારથી શોભતું પરમવીતરાગ સર્વજ્ઞનું સ્તવનાદિક પરમ જિનયોગીશ્વરે પણ કરવાયોગ્ય છે. પરમાર્થથી પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત વચનસંબંધી

---

★ અશુભવંચનાર્થે=અશુભથી છૂટવા માટે; અશુભથી બચવા માટે; અશુભના ત્યાગ માટે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



एव वचनरचनां परित्यज्य सकलकर्मकलंकपंकविनिर्मुक्तप्रध्वस्तभावकर्मात्मक-परमवीतरागभावेन त्रिकालनिरावरणनित्यशुद्धकारणपरमात्मानं स्वात्माश्रयनिश्चयधर्म-ध्यानेन टंकोत्कीर्णज्ञायकैकस्वरूपनिरतपरमशुक्लध्यानेन च यः परमवीतरागतपश्चरणनिरतः निरुपरागसंयतः ध्यायति, तस्य खलु द्रव्यभावकर्मवरूथिनीलुंटाकस्य परमसमाधि-र्भवतीति।

(वंशस्थ)

समाधिना केनचिदुत्तमात्मनां
हृदि स्फुरन्तीं समतानुयायिनीम्।
यावन्न विद्मः सहजात्मसंपदं
न माद्दशां या विषया विदामहि॥२००॥

---

વ્યાપાર કરવાયોગ્ય નથી. આમ હોવાથી જ, વચનરચના પરિત્યાગીને જે સમસ્ત કર્મકલંકરૂપ કાદવથી વિમુક્ત છે અને જેમાંથી ભાવકર્મ નષ્ટ થયેલાં છે એવા ભાવે—પરમ વીતરાગ ભાવે—ત્રિકાળ-નિરાવરણ નિત્ય-શુદ્ધ કારણપરમાત્માને સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મ-ધ્યાનથી અને ટંકોત્કીર્ણ જ્ઞાયક એક સ્વરૂપમાં લીન પરમશુક્લધ્યાનથી જે પરમવીતરાગ તપશ્ચરણમાં લીન, નિરુપરાગ (નિર્વિકાર) સંયમી ધ્યાવે છે, તે દ્રવ્યકર્મ-ભાવકર્મની સેનાને લૂટનાર સંયમીને ખરેખર પરમ સમાધિ છે.

[હવે આ ૧૨૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે:]

**[શ્લોકાર્થ:—]** કોઈ એવી (–અવર્ણનીય, પરમ) સમાધિ વડે ઉત્તમ આત્માઓના હૃદયમાં સ્ફુરતી, સમતાની [1]અનુયાયિની સહજ આત્મસંપદાને જયાં સુધી અમે અનુભવતા નથી, ત્યાં સુધી અમારા જેવાઓનો જે [2]વિષય છે તેને અમે અનુભવતા નથી. ૨૦૦.

---

૧. અનુયાયિની=અનુગામિની; સાથે સાથે રહેનારી; પાછળ પાછળ આવનારી. (સહજ આત્મસંપદા સમાધિની અનુયાયિની છે.)

૨. સહજ આત્મસંપદા મુનિઓનો વિષય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**संजमणियमतवेण दु धम्मज्झाणेण सुक्कझाणेण।**
**जो झायइ अप्पाणं परमसमाही हवे तस्स।।१२३।।**

**संयमनियमतपसा तु धर्मध्यानेन शुक्लध्यानेन।**
**यो ध्यायत्यात्मानं परमसमाधिर्भवेत्तस्य।।१२३।।**

इह हि **समाधिलक्षणमुक्तम्।**

**संयमः सकलेन्द्रियव्यापारपरित्यागः। नियमेन स्वात्माराधनातत्परता। आत्मानमात्मन्यात्मना संधत्त इत्यध्यात्मं तपनम्। सकलबाह्यक्रियाकांडाडम्बरपरित्यागलक्षणान्तःक्रियाधिकरणमात्मानं निरवधित्रिकालनिरुपाधिस्वरूपं यो जानाति, तत्परिणतिविशेषः स्वात्माश्रयनिश्चयधर्मध्यानम्। ध्यानध्येयध्यातृतत्फलादिविविधविकल्पनिर्मुक्तान्तर्मुखाकारनिखिलकरणग्रामागोचरनिरंजननिजपरमतत्त्वाविचलस्थितिरूपं निश्चयशुक्लध्यानम्। एभिः**

---

**સંયમ, નિયમ ને તપ થકી, વળી ધર્મ-શુક્લધ્યાનથી,**
**ધ્યાવે નિજાત્મા જેહ, પરમ સમાધિ તેને જાણવી. ૧૨૩.**

**અન્વયાર્થ :—[संयमनियमतपसा तु]** સંયમ, નિયમ ને તપથી તથા **[धर्मध्यानेन शुक्लध्यानेन]** ધર્મધ્યાન ને શુક્લધ્યાનથી **[यः]** જે **[आत्मानं]** આત્માને **[ध्यायति]** ધ્યાવે છે, **[तस्य]** તેને **[परमसमाधिः]** પરમ સમાધિ **[भवेत्]** છે.

**ટીકા :—**અહીં (આ ગાથામાં) સમાધિનું લક્ષણ (અર્થાત્ સ્વરૂપ) કહ્યું છે.

સમસ્ત ઇન્દ્રિયોના વ્યાપારનો પરિત્યાગ તે સંયમ છે. નિજ આત્માની આરાધનામાં તત્પરતા તે નિયમ છે. જે આત્માને આત્મામાં આત્માથી ધારી–ટકાવી–જોડી રાખે છે તે અધ્યાત્મ છે અને એ અધ્યાત્મ તે તપ છે. સમસ્ત બાહ્યક્રિયાકાંડના આડંબરનો પરિત્યાગ જેનું લક્ષણ છે એવી અંતઃક્રિયાના *અધિકરણભૂત આત્માને—કે જેનું સ્વરૂપ અવધિ વિનાના ત્રણે કાળે (અનાદિ કાળથી અનંત કાળ સુધી) નિરુપાધિક છે તેને—જે જીવ જાણે છે, તે જીવની પરિણતિવિશેષ તે સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન છે. ધ્યાન-ધ્યેય-ધ્યાતા, ધ્યાનનું ફળ વગેરેના વિવિધ વિકલ્પોથી વિમુક્ત (અર્થાત્ એવા વિકલ્પો વિનાનું), અંતર્મુખાકાર (અર્થાત્ અંતર્મુખ જેનું સ્વરૂપ છે એવું), સમસ્ત ઇન્દ્રિયસમૂહથી અગોચર નિરંજન-નિજ-પરમતત્ત્વમાં

---

★ અધિકરણ = આધાર. (અંતરંગ ક્રિયાનો આધાર આત્મા છે.)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सामग्रीविशेषैः सार्धमखंडाद्वैतपरमचिन्मयमात्मानं यः परमसंयमी नित्यं ध्यायति, तस्य खलु परमसमाधिर्भवतीति।

(अनुष्टुभ्)

निर्विकल्पे समाधौ यो नित्यं तिष्ठति चिन्मये।
द्वैताद्वैतविनिर्मुक्तमात्मानं तं नमाम्यहम्॥२०१॥

**किं काहदि वणवासो कायकिलेसो विचित्तउववासो।**
**अज्झयणमोणपहुदी समदारहियस्स समणस्स॥१२४॥**

**किं करिष्यति वनवासः कायक्लेशो विचित्रोपवासः।**
**अध्ययनमौनप्रभृतयः समतारहितस्य श्रमणस्य॥१२४॥**

अत्र समतामन्तरेण द्रव्यलिङ्गधारिणः श्रमणाभासिनः किमपि परलोककारणं नास्तीत्युक्तम्।

---

અવિચળ સ્થિતિરૂપ (–એવું જે ધ્યાન) તે નિશ્ચયશુક્લધ્યાન છે. આ સામગ્રીવિશેષો સહિત (–આ ઉપર્યુક્ત ખાસ આંતરિક સાધનસામગ્રી સહિત) અખંડ અદ્વૈત પરમ ચૈતન્યમય આત્માને જે પરમ સંયમી નિત્ય ધ્યાવે છે, તેને ખરેખર પરમ સમાધિ છે.

[હવે આ ૧૨૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે:]

[**શ્લોકાર્થ :**—] જે સદા ચૈતન્યમય નિર્વિકલ્પ સમાધિમાં રહે છે, તે દ્વૈતાદ્વૈતવિમુક્ત (દ્વૈત-અદ્વૈતના વિકલ્પોથી મુક્ત) આત્માને હું નમું છું. ૨૦૧.

**વનવાસ વા તનક્લેશરૂપ ઉપવાસ વિધવિધ શું કરે?**
**રે! મૌન વા પઠનાદિ શું કરે સામ્યવિરહિત શ્રમણને? ૧૨૪.**

**અન્વયાર્થ :**—[**वनवासः**] વનવાસ, [**कायक्लेशः विचित्रोपवासः**] કાયક્લેશરૂપ અનેક પ્રકારના ઉપવાસ, [**अध्ययनमौनप्रभृतयः**] અધ્યયન, મૌન વગેરે (કાર્યો) [**समतारहितस्य श्रमणस्य**] સમતારહિત શ્રમણને [**किं करिष्यति**] શું કરે છે (–શો લાભ કરે છે)?

**ટીકા :**—અહીં (આ ગાથામાં), સમતા વિના દ્રવ્યલિંગધારી શ્રમણાભાસને કિંચિત્ પરલોકનું કારણ નથી (અર્થાત્ જરાય મોક્ષનું સાધન નથી) એમ કહ્યું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सकलकर्मकलंकपंकविनिर्मुक्तमहानंदहेतुभूतपरमसमताभावेन विना कान्तारवासावासेन प्रावृषि वृक्षमूले स्थित्या च ग्रीष्मेऽतितीव्रकरकरसंतप्तपर्वताग्रग्रावनिषण्णतया वा हेमन्ते च रात्रिमध्ये ह्याशांबरदशाफलेन च, त्वगस्थिभूतसर्वाङ्गक्लेशदायिना महोपवासेन वा, सदाध्ययनपटुतया च, वाग्विषयव्यापारनिवृत्तिलक्षणेन संततमौनव्रतेन वा किमप्युपादेयं फलमस्ति केवलद्रव्यलिंगधारिणः श्रमणाभासस्येति।

तथा चोक्तम् अमृताशीतौ—

(मालिनी)

''गिरिगहनगुहाद्यारण्यशून्यप्रदेश-
स्थितिकरणनिरोधध्यानतीर्थोपसेवा-।
प्रपठनजपहोमैर्ब्रह्मणो नास्ति सिद्धिः
मृगय तदपरं त्वं भोः प्रकारं गुरुभ्यः॥''

तथा हि—

---

કેવળ દ્રવ્યલિંગધારી શ્રમણાભાસને સમસ્ત કર્મકલંકરૂપ કાદવથી વિમુક્ત મહા આનંદના હેતુભૂત પરમસમતાભાવ વિના, (૧) વનવાસે વસીને વર્ષાઋતુમાં વૃક્ષ નીચે સ્થિતિ કરવાથી, ગ્રીષ્મઋતુમાં પ્રચંડ સૂર્યનાં કિરણોથી સંતપ્ત પર્વતના શિખરની શિલા ઉપર બેસવાથી અને હેમંતઋતુમાં રાત્રિમધ્યે દિગંબરદશાએ રહેવાથી, (૨) ત્વચા અને અસ્થિરૂપ (માત્ર હાડ-ચામરૂપ) થઈ ગયેલા આંખા શરીરને ક્લેશદાયક મહા ઉપવાસથી, (૩) સદા અધ્યયનપટુતાથી (અર્થાત્ સદા શાસ્ત્રપઠન કરવાથી), અથવા (૪) વચનસંબંધી વ્યાપારની નિવૃત્તિસ્વરૂપ સતત મૌનવ્રતથી શું જરાય *ઉપાદેય ફળ છે? (અર્થાત્ મોક્ષના સાધનરૂપ ફળ જરાય નથી.)

એવી રીતે (શ્રી યોગીંદ્રદેવકૃત) અમૃતાશીતિમાં (૫૯મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

''[**શ્લોકાર્થ :—**] પર્વતની ઊંડી ગુફા વગેરેમાં કે વનના શૂન્ય પ્રદેશમાં રહેવાથી, ઇન્દ્રિયનિરોધથી, ધ્યાનથી, તીર્થસેવાથી (તીર્થસ્થાનમાં વસવાથી), પઠનથી, જપથી અને હોમથી બ્રહ્મની (આત્માની) સિદ્ધિ નથી; માટે, હે ભાઈ! તું ગુરુઓ દ્વારા તેનાથી અન્ય પ્રકારને શોધ.''

વળી (આ ૧૨૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—

---

★ ઉપાદેય = પસંદ કરવા જેવું; વખાણવા જેવું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(द्रुतविलंबित)

अनशनादितपश्चरणैः फलं
समतया रहितस्य यतेर्न हि।
तत इदं निजतत्त्वमनाकुलं
भज मुने समताकुलमंदिरम्॥२०२॥

**विरदो सव्वसावज्जे तिगुत्तो पिहिदिंदिओ।**
**तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे॥१२५॥**

**विरतः सर्वसावद्ये त्रिगुप्तः पिहितेन्द्रियः।**
**तस्य सामायिकं स्थायि इति केवलिशासने॥१२५॥**

इह हि सकलसावद्यव्यापाररहितस्य त्रिगुप्तिगुप्तस्य सकलेन्द्रियव्यापारविमुखस्य तस्य च मुनेः सामायिकं व्रतं स्थायीत्युक्तम्।

अथात्रैकेन्द्रियादिप्राणिनिकुरंबक्लेशहेतुभूतसमस्तसावद्यव्यासंगविनिर्मुक्तः, प्रशस्ता-

---

[**શ્લોકાર્થ :**—] ખરેખર સમતા રહિત યતિને અનશનાદિ તપશ્ચરણોથી ફળ નથી; માટે, હે મુનિ! સમતાનું *કુલમંદિર એવું જે આ અનાકુળ નિજ તત્ત્વ તેને ભજ. ૨૦૨.

**સાવદ્યવિરત, ત્રિગુપ્ત છે, ઇન્દ્રિયસમૂહ નિરુદ્ધ છે,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૫.**

**અન્વયાર્થ :**—[**सर्वसावद्ये विरतः**] જે સર્વ સાવદ્યમાં વિરત છે, [**त्रिगुप्तः**] જે ત્રણ ગુપ્તિવાળો છે અને [**पिहितेन्द्रियः**] જેણે ઇન્દ્રિયોને બંધ (નિરુદ્ધ) કરી છે, [**तस्य**] તેને [**सामायिकं**] સામાયિક [**स्थायि**] સ્થાયી છે [**इति केवलिशासने**] એમ કેવળીના શાસનમાં કહ્યું છે.

**ટીકા :**—અહીં (આ ગાથામાં), જે સર્વ સાવદ્ય વ્યાપારથી રહિત છે, જે ત્રિગુપ્તિ વડે ગુપ્ત છે અને જે સમસ્ત ઇન્દ્રિયોના વ્યાપારથી વિમુખ છે, તે મુનિને સામાયિકવ્રત સ્થાયી છે એમ કહ્યું છે.

અહીં (આ લોકમાં) જે એકેંદ્રિયાદિ પ્રાણીસમૂહને ક્લેશના હેતુભૂત સમસ્ત સાવદ્યના

---

★ કુલમંદિર = (૧) ઉત્તમ ઘર; (૨) વંશપરંપરાનું ઘર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

प्रशस्तसमस्तकायवाङ्मनसां व्यापाराभावात् त्रिगुप्तः, स्पर्शनरसनघ्राणचक्षुःश्रोत्राभिधान-पंचेन्द्रियाणां मुखैस्तत्तद्योग्यविषयग्रहणाभावात् पिहितेन्द्रियः, तस्य खलु महामुमुक्षोः परमवीतरागसंयमिनः सामायिकं व्रतं शश्वत् स्थायि भवतीति।

(मंदाक्रांता)

इत्थं मुक्त्वा भवभयकरं सर्वसावद्यराशिं
नीत्वा नाशं विकृतिमनिशं कायवाङ्मानसानाम्।
अन्तःशुद्ध्या परमकलया साकमात्मानमेकं
बुद्ध्वा जन्तुः स्थिरशममयं शुद्धशीलं प्रयाति॥२०३॥

**जो समो सव्वभूदेसु थावरेसु तसेसु वा।**
**तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे॥१२६॥**

**यः समः सर्वभूतेषु स्थावरेषु त्रसेषु वा।**
**तस्य सामायिकं स्थायि इति केवलिशासने॥१२६॥**

---

*વ્યાસંગથી વિમુક્ત છે, પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત કાય-વચન-મનના વ્યાપારના અભાવને લીધે ત્રિગુપ્ત (ત્રણ ગુપ્તિવાળો) છે અને સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ ને શ્રોત્ર નામની પાંચ ઇન્દ્રિયો દ્વારા તે તે ઇન્દ્રિયને યોગ્ય વિષયના ગ્રહણનો અભાવ હોવાથી બંધ કરેલી ઇન્દ્રિયોવાળો છે, તે મહામુમુક્ષુ પરમવીતરાગસંયમીને ખરેખર સામાયિકવ્રત શાશ્વત–સ્થાયી છે.

[હવે આ ૧૨૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** આ રીતે ભવભયના કરનારા સમસ્ત સાવદ્યસમૂહને છોડીને, કાય-વચન-મનની વિકૃતિને નિરંતર નાશ પમાડીને, અંતરંગ શુદ્ધિથી પરમ કળા સહિત (પરમ જ્ઞાનકળા સહિત) એક આત્માને જાણીને જીવ સ્થિરશમમય શુદ્ધ શીલને પ્રાપ્ત કરે છે (અર્થાત્ શાશ્વત સમતામય શુદ્ધ ચારિત્રને પ્રાપ્ત કરે છે). ૨૦૩.

**સ્થાવર અને ત્રસ સર્વ ભૂતસમૂહમાં સમભાવ છે,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૬.**

**અન્વયાર્થ :—[यः]** જે **[स्थावरेषु]** સ્થાવર **[वा]** કે **[त्रसेषु]** ત્રસ **[सर्वभूतेषु]** સર્વ જીવો

---

★ વ્યાસંગ = ગાઢ સંગ; સંગ; આસક્તિ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**परममाध्यस्थ्यभावाद्यारूढस्थितस्य परममुमुक्षोः स्वरूपमत्रोक्तम्।**

**यः सहजवैराग्यप्रासादशिखरशिखामणिः विकारकारणनिखिलमोहरागद्वेषाभावाद् भेदकल्पनापोढपरमसमरसीभावसनाथत्वात्त्रसस्थावरजीवनिकायेषु समः, तस्य च परमजिनयोगीश्वरस्य सामायिकाभिधानव्रतं सनातनमिति वीतरागसर्वज्ञमार्गे सिद्धमिति।**

(मालिनी)

**त्रसहतिपरिमुक्तं स्थावराणां वधैर्वा**
**परमजिनमुनीनां चित्तमुच्चैरजस्रम्।**
**अपि चरमगतं यन्निर्मलं कर्ममुक्त्यै**
**तदहमभिनमामि स्तौमि संभावयामि॥२०४॥**

( अनुष्टुभ् )

**केचिदद्वैतमार्गस्थाः केचिद्द्वैतपथे स्थिताः।**
**द्वैताद्वैतविनिर्मुक्तमार्गे वर्तामहे वयम्॥२०५॥**

---

પ્રત્યે **[समः]** સમભાવવાળો છે, **[तस्य]** તેને **[सामायिकं]** સામાયિક **[स्थायि]** સ્થાયી છે **[इति केवलिशासने]** એમ કેવળીના શાસનમાં કહ્યું છે.

**ટીકા :—**અહીં, પરમ માધ્યસ્થભાવ વગેરેમાં આરૂઢ થઈને રહેલા પરમમુમુક્ષુનું સ્વરૂપ કહ્યું છે.

જે સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ (અર્થાત્ પરમ સહજવૈરાગ્યવંત મુનિ) વિકારના કારણભૂત સમસ્ત મોહરાગદ્વેષના અભાવને લીધે ભેદકલ્પનાવિમુક્ત પરમ સમરસીભાવ સહિત હોવાથી ત્રસ-સ્થાવર (સમસ્ત) જીવનિકાયો પ્રત્યે સમભાવવાળો છે, તે પરમ જિનયોગીશ્વરને સામાયિક નામનું વ્રત સનાતન (સ્થાયી) છે એમ વીતરાગ સર્વજ્ઞના માર્ગમાં સિદ્ધ છે.

[હવે આ ૧૨૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ આઠ શ્લોકો કહે છે :]

**[શ્લોકાર્થ :—]** પરમ જિનમુનિઓનું જે ચિત્ત (ચૈતન્યપરિણમન) નિરંતર ત્રસ જીવોના ઘાતથી તેમ જ સ્થાવર જીવોના વધથી અત્યંત વિમુક્ત છે, વળી જે (ચિત્ત) અંતિમ અવસ્થાને પામેલું અને નિર્મળ છે, તેને હું કર્મથી મુક્ત થવાને અર્થે નમું છું, સ્તવું છું, સમ્યક્ પ્રકારે ભાવું છું. ૨૦૪.

**[શ્લોકાર્થ :—]** કોઈ જીવો અદ્વૈતમાર્ગમાં સ્થિત છે અને કોઈ જીવો દ્વૈતમાર્ગમાં સ્થિત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(अनुष्टुभ्)

**कांक्षंत्यद्वैतमन्येपि द्वैतं कांक्षन्ति चापरे।**
**द्वैताद्वैतविनिर्मुक्तमात्मानमभिनौम्यहम् ॥२०६॥**

(अनुष्टुभ्)

**अहमात्मा सुखाकांक्षी स्वात्मानमजमच्युतम्।**
**आत्मनैवात्मनि स्थित्वा भावयामि मुहुर्मुहुः ॥२०७॥**

(शिखरिणी)

**विकल्पोपन्यासैरलमलममीभिर्भवकरैः**
**अखंडानन्दात्मा निखिलनयराशेरविषयः।**
**अयं द्वैताद्वैतो न भवति ततः कश्चिदचिरात्**
**तमेकं वन्देऽहं भवभयविनाशाय सततम् ॥२०८॥**

(शिखरिणी)

**सुखं दुःखं योनौ सुकृतदुरितव्रातजनितं**
**शुभाभावो भूयोऽशुभपरिणतिर्वा न च न च।**
**यदेकस्याप्युच्चैर्भवपरिचयो बाढमिह नो**
**य एवं संन्यस्तो भवगुणगणैः स्तौमि तमहम् ॥२०९॥**

---

છે; દ્વૈત અને અદ્વૈતથી વિમુક્ત માર્ગમાં (અર્થાત્ જેમાં દ્વૈત કે અદ્વૈતના વિકલ્પો નથી એવા માર્ગમાં) અમે વર્તીએ છીએ. ૨૦૫.

**[શ્લોકાર્થઃ—]** કોઈ જીવો અદ્વૈતને ઇચ્છે છે અને અન્ય કોઈ જીવો દ્વૈતને ઇચ્છે છે; હું દ્વૈત અને અદ્વૈતથી વિમુક્ત આત્માને નમું છું. ૨૦૬.

**[શ્લોકાર્થઃ—]** હું—સુખને ઇચ્છનારો આત્મા—અજન્મ અને અવિનાશી એવા નિજ આત્માને આત્મા વડે જ આત્મામાં સ્થિત રહીને વારંવાર ભાવું છું. ૨૦૭.

**[શ્લોકાર્થઃ—]** ભવના કરનારા એવા આ વિકલ્પ-કથનોથી **બસ** થાઓ, બસ થાઓ. જે અખંડાનંદસ્વરૂપ છે તે (આ આત્મા) સમસ્ત નયરાશિનો અવિષય છે; માટે આ કોઈ (અવર્ણનીય) આત્મા દ્વૈત કે અદ્વૈતરૂપ નથી (અર્થાત્ દ્વૈત-અદ્વૈતના વિકલ્પોથી પર છે). તેને એકને હું અલ્પ કાળમાં ભવભયનો નાશ કરવા માટે સતત વંદું છું. ૨૦૮.

**[શ્લોકાર્થઃ—]** યોનિમાં સુખ અને દુઃખ સુકૃત અને દુષ્કૃતના સમૂહથી થાય છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(मालिनी)

**इदमिदमघसेनावैजयन्तीं हरेत्तां**
**स्फुटितसहजतेजःपुंजदूरीकृतांहः-।**
**प्रबलतरतमस्तोमं सदा शुद्धशुद्धं**
**जयति जगति नित्यं चिच्चमत्कारमात्रम् ॥२१०॥**

(पृथ्वी)

**जयत्यनघमात्मतत्त्वमिदमस्तसंसारकं**
**महामुनिगणाधिनाथहृदयारविन्दस्थितम्।**
**विमुक्तभवकारणं स्फुटितशुद्धमेकान्ततः**
**सदा निजमहिम्नि लीनमपि सद्दृशां गोचरम् ॥२११॥**

---

(અર્થાત્ ચાર ગતિના જન્મોમાં સુખદુઃખ શુભાશુભ કૃત્યોથી થાય છે). વળી બીજી રીતે (–નિશ્ચયનયે), આત્માને શુભનો પણ અભાવ છે તેમ જ અશુભ પરિણતિ પણ નથી— નથી, કારણ કે આ લોકમાં એક આત્માને (અર્થાત્ આત્મા સદા એકરૂપ હોવાથી તેને) ચોક્કસ ભવનો પરિચય બિલકુલ નથી. આ રીતે જે ભવગુણોના સમૂહથી સંન્યસ્ત છે (અર્થાત્ જે શુભ-અશુભ, રાગ-દ્વેષ વગેરે ભવના ગુણોથી—વિભાવોથી—રહિત છે) તેને (–નિત્યશુદ્ધ આત્માને) હું સ્તવું છું. ૨૦૯.

**[શ્લોકાર્થ :—]** સદા શુદ્ધ-શુદ્ધ એવું આ (પ્રત્યક્ષ) ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વ જગતમાં નિત્ય જયવંત છે—કે જેણે પ્રગટ થયેલા સહજ તેજઃપુંજ વડે સ્વધર્મત્યાગરૂપ (મોહરૂપ) અતિપ્રબળ તિમિરસમૂહને દૂર કર્યો છે અને જે પેલી *અઘસેનાની ધજાને હરી લે છે. ૨૧૦.

**[શ્લોકાર્થ :—]** આ અનઘ (નિર્દોષ) આત્મતત્ત્વ જયવંત છે—કે જેણે સંસારને અસ્ત કર્યો છે, જે મહામુનિગણના અધિનાથના (–ગણધરોના) હૃદયારવિંદમાં સ્થિત છે, જેણે ભવનું કારણ તજી દીધું છે, જે એકાંતે શુદ્ધ પ્રગટ થયું છે (અર્થાત્ જે સર્વથા-શુદ્ધપણે સ્પષ્ટ જણાય છે) અને જે સદા (ટંકોત્કીર્ણ ચૈતન્યસામાન્યરૂપ) નિજ મહિમામાં લીન હોવા છતાં સમ્યગ્દૃષ્ટિઓને ગોચર છે. ૨૧૧.

---

★ અઘ = દોષ; પાપ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**जस्स संणिहिदो अप्पा संजमे णियमे तवे।**
**तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे॥१२७॥**

**यस्य सन्निहितः आत्मा संयमे नियमे तपसि।**
**तस्य सामायिकं स्थायि इति केवलिशासने॥१२७॥**

अत्राप्यात्मैवोपादेय इत्युक्तः।

यस्य खलु बाह्यप्रपंचपराङ्मुखस्य निर्जिताखिलेन्द्रियव्यापारस्य भाविजिनस्य पापक्रियानिवृत्तिरूपे बाह्यसंयमे कायवाङ्मनोगुप्तिरूपसकलेन्द्रियव्यापारवर्जितेऽभ्यन्तरात्मनि परिमितकालाचरणमात्रे नियमे परमब्रह्मचिन्मयनियतनिश्चयान्तर्गताचारे स्वरूपेऽविचलस्थितिरूपे व्यवहारप्रपंचितपंचाचारे पंचमगतिहेतुभूते किंचनभावप्रपंचपरिहीणे सकलदुराचारनिवृत्तिकारणे परमतपश्चरणे च परमगुरुप्रसादासादितनिरंजननिजकारणपरमात्मा सदा सन्निहित इति

**સંયમ, નિયમ ને તપ વિષે આત્મા સમીપ છે જેહને,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૭.**

**અન્વયાર્થઃ**—[**यस्य**] જેને [**संयमे**] સંયમમાં, [**नियमे**] નિયમમાં અને [**तपसि**] તપમાં [**आत्मा**] આત્મા [**सन्निहितः**] સમીપ છે, [**तस्य**] તેને [**सामायिकं**] સામાયિક [**स्थायि**] સ્થાયી છે [**इति केवलिशासने**] એમ કેવળીના શાસનમાં કહ્યું છે.

**ટીકાઃ**—અહીં (આ ગાથામાં) પણ આત્મા જ ઉપાદેય છે એમ કહ્યું છે.

બાહ્ય પ્રપંચથી પરાઙ્મુખ અને સમસ્ત ઇન્દ્રિયવ્યાપારને જીતેલા એવા જે ભાવી જિનને પાપક્રિયાની નિવૃત્તિરૂપ બાહ્યસંયમમાં, કાય-વચન-મનોગુપ્તિરૂપ, સમસ્ત ઇન્દ્રિયવ્યાપાર રહિત અભ્યંતરસંયમમાં, માત્ર પરિમિત (મર્યાદિત) કાળના આચરણસ્વરૂપ નિયમમાં, નિજસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ, ચિન્મય-પરમબ્રહ્મમાં નિયત (નિશ્ચળ રહેલા) એવા નિશ્ચયઅંતર્ગત-આચારમાં (અર્થાત્ નિશ્ચય-અભ્યંતર નિયમમાં), વ્યવહારથી *પ્રપંચિત (જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્યાચારરૂપ) પંચાચારમાં (અર્થાત્ વ્યવહાર–તપશ્ચરણમાં), તથા પંચમગતિના હેતુભૂત, કાંઈ પણ પરિગ્રહપ્રપંચથી સર્વથા રહિત, સકળ દુરાચારની નિવૃત્તિના કારણભૂત એવા પરમ તપશ્ચરણમાં (–આ બધામાં) પરમ ગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરાયેલો નિરંજન નિજ

* પ્રપંચિત = દર્શાવવામાં આવેલા; વિસ્તાર પામેલા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



केवलिनां शासने तस्य परद्रव्यपराङ्मुखस्य परमवीतरागसम्यग्दृष्टेर्वीतरागचारित्रभाजः सामायिकव्रतं स्थायि भवतीति।

(मंदाक्रांता)

आत्मा नित्यं तपसि नियमे संयमे सच्चरित्रे
तिष्ठत्युच्चैः परमयमिनः शुद्धदृष्टेर्मनश्चेत्।
तस्मिन् बाढं भवभयहरे भावितीर्थाधिनाथे
साक्षादेषा सहजसमता प्रास्तरागाभिरामे॥२१२॥

**जस्स रागो दु दोसो दु विगडिं ण जणेइ दु।**
**तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे॥१२८॥**

**यस्य रागस्तु द्वेषस्तु विकृतिं न जनयति तु।**
**तस्य सामायिकं स्थायि इति केवलिशासने॥१२८॥**

---

કારણપરમાત્મા સદા સમીપ છે (અર્થાત્ જે મુનિને સંયમમાં, નિયમમાં અને તપમાં નિજ કારણપરમાત્મા સદા નિકટ છે), તે પરદ્રવ્યપરાઙ્મુખ પરમવીતરાગ-સમ્યગ્દૃષ્ટિ વીતરાગ-ચારિત્રવંતને સામાયિકવ્રત સ્થાયી છે એમ કેવળીઓના શાસનમાં કહ્યું છે.

[હવે આ ૧૨૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** જો શુદ્ધદૃષ્ટિવંત (-સમ્યગ્દૃષ્ટિ) જીવ એમ સમજે છે કે પરમ મુનિને તપમાં, નિયમમાં, સંયમમાં અને સત્ચારિત્રમાં સદા આત્મા ઊર્ધ્વ રહે છે (અર્થાત્ દરેક કાર્યમાં નિરંતર શુદ્ધાત્મદ્રવ્ય જ મુખ્ય રહે છે) તો (એમ સિદ્ધ થયું કે) રાગના નાશને લીધે ★અભિરામ એવા તે ભવભયહર ભાવિ તીર્થાધિનાથને આ સાક્ષાત્ સહજ-સમતા ચોક્કસ છે. ૨૧૨.

**નહિ રાગ અથવા દ્વેષરૂપ વિકાર જન્મે જેહને,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૮.**

**અન્વયાર્થ :—[यस्य]** જેને **[रागः तु]** રાગ કે **[द्वेषः तु]** દ્વેષ (નહિ ઊપજતો થકો) **[विकृतिं]** વિકૃતિ **[न तु जनयति]** ઉત્પન્ન કરતો નથી, **[तस्य]** તેને **[सामायिकं]** સામાયિક **[स्थायि]** સ્થાયી છે **[इति केवलिशासने]** એમ કેવળીના શાસનમાં કહ્યું છે.

---

★ અભિરામ = મનોહર; સુંદર. (ભવભયના હરનારા એવા આ ભાવિ તીર્થંકરે રાગનો નાશ કર્યો હોવાથી તે મનોહર છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



इह हि रागद्वेषाभावादपरिस्पंदरूपत्वं भवतीत्युक्तम्।

यस्य परमवीतरागसंयमिनः पापाटवीपावकस्य रागो वा द्वेषो वा विकृतिं नावतरति, तस्य महानन्दाभिलाषिणः जीवस्य पंचेन्द्रियप्रसरवर्जितगात्रमात्रपरिग्रहस्य सामायिकनामव्रतं शाश्वतं भवतीति केवलिनां शासने प्रसिद्धं भवतीति।

(मंदाक्रांता)

रागद्वेषौ विकृतिमिह तौ नैव कर्तुं समर्थौ
ज्ञानज्योतिःप्रहतदुरितानीकघोरान्धकारे।
आरातीये सहजपरमानन्दपीयूषपूरे
तस्मिन्नित्ये समरसमये को विधिः को निषेधः॥२१३॥

---

**ટીકા :**—અહીં, રાગદ્વેષના અભાવથી [1]અપરિસ્પંદરૂપતા હોય છે એમ કહ્યું છે.

પાપરૂપી અટવીને બાળવામાં અગ્નિ સમાન એવા જે પરમવીતરાગ સંયમીને રાગ કે દ્વેષ [2]વિકૃતિ ઉત્પન્ન કરતો નથી, તે મહા આનંદના અભિલાષી જીવને—કે જેને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર પરિગ્રહ છે તેને—સામાયિક નામનું વ્રત શાશ્વત છે એમ કેવળીઓના શાસનમાં પ્રસિદ્ધ છે.

[હવે આ ૧૨૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** જેણે જ્ઞાનજ્યોતિ વડે પાપસમૂહરૂપી ઘોર અંધકારનો નાશ કર્યો છે એવું સહજ પરમાનંદરૂપી અમૃતનું પૂર (અર્થાત્ જ્ઞાનાનંદસ્વભાવી આત્મતત્ત્વ) જ્યાં નિકટ છે, ત્યાં પેલા રાગદ્વેષો વિકૃતિ કરવાને સમર્થ નથી જ. તે નિત્ય (શાશ્વત) સમરસમય આત્મતત્ત્વમાં વિધિ શો અને નિષેધ શો? (સમરસસ્વભાવી આત્મતત્ત્વમાં ‘આ કરવા જેવું છે અને આ છોડવા જેવું છે’ એવા વિધિનિષેધના વિકલ્પરૂપ સ્વભાવ નહિ હોવાથી તે આત્મતત્ત્વને દ્રઢપણે આલંબનાર મુનિને સ્વભાવપરિણમન થવાને લીધે સમરસરૂપ પરિણામ થાય છે, વિધિનિષેધના વિકલ્પરૂપ—રાગદ્વેષરૂપ પરિણામ થતા નથી.) ૨૧૩.

---

૧ અપરિસ્પંદરૂપતા = અકંપતા; અક્ષુબ્ધતા; સમતા.

૨ વિકૃતિ = વિકાર; સ્વાભાવિક પરિણતિથી વિરુદ્ધ પરિણતિ. [પરમવીતરાગસંયમીને સમતાસ્વભાવી શુદ્ધાત્મદ્રવ્યનો દ્રઢ આશ્રય હોવાથી વિકૃતિભૂત (વિભાવભૂત) વિષમતા (રાગદ્વેષપરિણતિ) થતી નથી, પરંતુ પ્રકૃતિભૂત (સ્વભાવભૂત) સમતાપરિણામ થાય છે.]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जो दु अट्टं च रुद्दं च झाणं वज्जेदि णिच्चसो।
तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे॥१२९॥

यस्त्वार्त्तं च रौद्रं च ध्यानं वर्जयति नित्यशः।
तस्य सामायिकं स्थायि इति केवलिशासने॥१२९॥

आर्तरौद्रध्यानपरित्यागात् सनातनसामायिकव्रतस्वरूपाख्यानमेतत्।

यस्तु नित्यनिरंजननिजकारणसमयसारस्वरूपनियतशुद्धनिश्चयपरमवीतरागसुखामृतपानपरायणो जीवः तिर्यग्योनिप्रेतावासनारकादिगतिप्रायोग्यतानिमित्तम् आर्तरौद्रध्यानद्वयं नित्यशः संत्यजति, तस्य खलु केवलदर्शनसिद्धं शाश्वतं सामायिकव्रतं भवतीति।

(आर्या)

इति जिनशासनसिद्धं सामायिकव्रतमणुव्रतं भवति।
यस्त्यजति मुनिर्नित्यं ध्यानद्वयमार्तरौद्राख्यम्॥२१४॥

---

જે નિત્ય વર્જે આર્ત તેમ જ રૌદ્ર બન્ને ધ્યાનને,
સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૯.

**અન્વયાર્થ :—**[यः तु] જે [आर्त्तं] આર્ત [च] અને [रौद्रं च] રૌદ્ર [ध्यानं] ધ્યાનને [नित्यशः] નિત્ય [वर्जयति] વર્જે છે, [तस्य] તેને [सामायिकं] સામાયિક [स्थायि] સ્થાયી છે [इति केवलिशासने] એમ કેવળીના શાસનમાં કહ્યું છે.

**ટીકા :—**આ, આર્ત અને રૌદ્ર ધ્યાનના પરિત્યાગ દ્વારા સનાતન (શાશ્વત) સામાયિકવ્રતના સ્વરૂપનું કથન છે.

નિત્ય-નિરંજન નિજ કારણસમયસારના સ્વરૂપમાં નિયત (-નિયમથી રહેલા) શુદ્ધ-નિશ્ચય-પરમ-વીતરાગ-સુખામૃતના પાનમાં પરાયણ એવો જે જીવ તિર્યંચયોનિ, પ્રેતવાસ અને નારકાદિગતિની યોગ્યતાના હેતુભૂત આર્ત અને રૌદ્ર બે ધ્યાનોને નિત્ય તજે છે, તેને ખરેખર કેવળદર્શનસિદ્ધ (-કેવળદર્શનથી નક્કી થયેલું) શાશ્વત સામાયિકવ્રત છે.

[હવે આ ૧૨૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** એ રીતે, જે મુનિ આર્ત અને રૌદ્ર નામનાં બે ધ્યાનોને નિત્ય તજે છે તેને જિનશાસનસિદ્ધ (-જિનશાસનથી નક્કી થયેલું) અણુવ્રતરૂપ સામાયિકવ્રત છે. ૨૧૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**जो दु पुण्णं च पावं च भावं वज्जेदि णिच्चसो।**
**तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे॥१३०॥**

**यस्तु पुण्यं च पापं च भावं वर्जयति नित्यशः।**
**तस्य सामायिकं स्थायि इति केवलिशासने॥१३०॥**

**शुभाशुभपरिणामसमुपजनितसुकृतदुरितकर्मसंन्यासविधानाख्यानमेतत्।**

**बाह्याभ्यन्तरपरित्यागलक्षणलक्षितानां परमजिनयोगीश्वराणां चरणनलिनक्षालनसंवाहनादिवैयावृत्यकरणजनितशुभपरिणतिविशेषसमुपार्जितं पुण्यकर्म, हिंसानृतस्तेयाब्रह्मपरिग्रहपरिणामसंजातमशुभकर्म, यः सहजवैराग्यप्रासादशिखरशिखामणिः संसृतिपुरंध्रिकाविलासविभ्रमजन्मभूमिस्थानं तत्कर्मद्वयमिति त्यजति, तस्य नित्यं केवलिमतसिद्धं सामायिकव्रतं भवतीति।**

---

**જે નિત્ય વર્જે પુણ્ય તેમ જ પાપ બન્ને ભાવને,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૦.**

**અન્વયાર્થઃ**—**[यः तु]** જે **[पुण्यं च]** પુણ્ય તથા **[पापं भावं च]** પાપરૂપ ભાવને **[नित्यशः]** નિત્ય **[वर्जयति]** વર્જે છે, **[तस्य]** તેને **[सामायिकं]** સામાયિક **[स्थायि]** સ્થાયી છે **[इति केवलिशासने]** એમ કેવળીના શાસનમાં કહ્યું છે.

**ટીકાઃ**—આ, શુભાશુભ પરિણામથી ઊપજતાં સુકૃતદુષ્કૃતરૂપ કર્મના સંન્યાસની વિધિનું (–શુભાશુભ કર્મના ત્યાગની રીતનું) કથન છે.

બાહ્ય-અભ્યંતર પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત પરમજિનયોગીશ્વરોનું ચરણકમળ-પ્રક્ષાલન, [૧]ચરણકમળસંવાહન વગેરે વૈયાવૃત્ય કરવાથી ઊપજતી શુભપરિણતિવિશેષથી (વિશિષ્ટ શુભ પરિણતિથી) ઉપાર્જિત પુણ્યકર્મને તથા હિંસા, અસત્ય, ચૌર્ય, અબ્રહ્મ ને પરિગ્રહના પરિણામથી ઊપજતા અશુભકર્મને, તે બન્ને કર્મ સંસારરૂપી સ્ત્રીના [૨]વિલાસ-વિભ્રમનું જન્મભૂમિસ્થાન હોવાથી, જે સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ (–જે પરમ સહજ વૈરાગ્યવંત મુનિ) તજે છે, તેને નિત્ય કેવળીમતસિદ્ધ (કેવળીઓના મતમાં નક્કી થયેલું) સામાયિકવ્રત છે.

---

૧ ચરણકમળસંવાહન = પગ દાબવા તે; પગચંપી કરવી તે.

૨ વિલાસવિભ્રમ = વિલાસયુક્ત હાવભાવ; ક્રીડા.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(मंदाक्रांता)

त्यक्त्वा सर्वं सुकृतदुरितं संसृतेर्मूलभूतं
नित्यानंदं व्रजति सहजं शुद्धचैतन्यरूपम्।
तस्मिन् सद्दृग् विहरति सदा शुद्धजीवास्तिकाये
पश्चादुच्चैः त्रिभुवनजनैरर्चितः सन् जिनः स्यात्॥२१५॥

(शिखरिणी)

स्वतःसिद्धं ज्ञानं दुरघसुकृतारण्यदहनं
महामोहध्वान्तप्रबलतरतेजोमयमिदम्।
विनिर्मुक्तेर्मूलं निरुपधिमहानंदसुखदं
यजाम्येतन्नित्यं भवपरिभवध्वंसनिपुणम्॥२१६॥

(शिखरिणी)

अयं जीवो जीवत्यघकुलवशात् संसृतिवधू-
धवत्वं संप्राप्य स्मरजनितसौख्याकुलमतिः।
क्वचिद् भव्यत्वेन व्रजति तरसा निर्वृतिसुखं
तदेकं संत्यक्त्वा पुनरपि स सिद्धो न चलति॥२१७॥

---

[હવે આ ૧૩૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ત્રણ શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** સમ્યગ્દ્રષ્ટિ જીવ સંસારના મૂળભૂત સર્વ પુણ્યપાપને તજીને, નિત્યાનંદમય, સહજ, શુદ્ધચૈતન્યરૂપ જીવાસ્તિકાયને પ્રાપ્ત કરે છે; તે શુદ્ધ જીવાસ્તિકાયમાં તે સદા વિહરે છે અને પછી ત્રિભુવનજનોથી (ત્રણ લોકના જીવોથી) અત્યંત પૂજાતો એવો જિન થાય છે. ૨૧૫.

**[શ્લોકાર્થ :—]** આ સ્વતઃસિદ્ધ જ્ઞાન પાપપુણ્યરૂપી વનને બાળનારો અગ્નિ છે, મહામોહાંધકારનાશક અતિપ્રબળ તેજમય છે, વિમુક્તિનું મૂળ છે અને *નિરુપધિ મહા આનંદસુખનું દાયક છે. ભવભવનો ધ્વંસ કરવામાં નિપુણ એવા આ જ્ઞાનને હું નિત્ય પૂજું છું. ૨૧૬.

**[શ્લોકાર્થ :—]** આ જીવ અઘસમૂહના વશે સંસૃતિવધૂનું પતિપણું પામીને (અર્થાત્ શુભાશુભ કર્મોના વશે સંસારરૂપી સ્ત્રીનો પતિ બનીને) કામજનિત સુખ માટે આકુળ મતિવાળો

---

★ નિરુપધિ = છેતરપિંડી વિનાના; સાચા; વાસ્તવિક.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जो दु हस्सं रई सोगं अरतिं वज्जेदि णिच्चसो।
तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे॥१३१॥
जो दुगंछा भयं वेदं सव्वं वज्जेदि णिच्चसो।
तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे॥१३२॥

यस्तु हास्यं रतिं शोकं अरतिं वर्जयति नित्यशः।
तस्य सामायिकं स्थायि इति केवलिशासने॥१३१॥
यः जुगुप्सां भयं वेदं सर्वं वर्जयति नित्यशः।
तस्य सामायिकं स्थायि इति केवलिशासने॥१३२॥

**नवनोकषायविजयेन समासादितसामायिकचारित्रस्वरूपाख्यानमेतत्।**

---

થઈને જીવે છે. ક્યારેક ભવ્યત્વ વડે શીઘ્ર મુક્તિસુખને પામે છે, ત્યારે પછી ફરીને તેને એકને છોડીને તે સિદ્ધ ચલિત થતો નથી (અર્થાત્ એક મુક્તિસુખ જ એવું અનન્ય, અનુપમ અને પરિપૂર્ણ છે કે તેને પામીને તેમાં આત્મા સદાકાળ તૃપ્ત તૃપ્ત રહે છે, તેમાંથી કદીયે ચ્યુત થઈને અન્ય સુખ મેળવવા માટે આકુળ થતો નથી). ૨૧૭.

જે નિત્ય વર્જે હાસ્યને, રતિ અરતિ તેમ જ શોકને,
સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૧.
જે નિત્ય વર્જે ભય જુગુપ્સા, વર્જતો સૌ વેદને,
સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૨.

**અન્વયાર્થઃ**—[**यः तु**] જે [**हास्यं**] હાસ્ય, [**रतिं**] રતિ, [**शोकं**] શોક અને [**अरतिं**] અરતિને [**नित्यशः**] નિત્ય [**वर्जयति**] વર્જે છે, [**तस्य**] તેને [**सामायिकं**] સામાયિક [**स्थायि**] સ્થાયી છે [**इति केवलिशासने**] એમ કેવળીના શાસનમાં કહ્યું છે.

[**यः**] જે [**जुगुप्सां**] જુગુપ્સા, [**भयं**] ભય અને [**सर्वं वेदं**] સર્વ વેદને [**नित्यशः**] નિત્ય [**वर्जयति**] વર્જે છે, [**तस्य**] તેને [**सामायिकं**] સામાયિક [**स्थायि**] સ્થાયી છે [**इति केवलिशासने**] એમ કેવળીના શાસનમાં કહ્યું છે.

**ટીકાઃ**—આ, નવ નોકષાયના વિજય વડે પ્રાપ્ત થતા સામાયિકચારિત્રના સ્વરૂપનું કથન છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



मोहनीयकर्मसमुपजनितस्त्रीपुंनपुंसकवेदहास्यरत्यरतिशोकभयजुगुप्साभिधाननवनोकषाय-कलितकलंकपंकात्मकसमस्तविकारजालकं परमसमाधिबलेन यस्तु निश्चयरत्नत्रयात्मक-परमतपोधनः संत्यजति, तस्य खलु केवलिभट्टारकशासनसिद्धपरमसामायिकाभिधानव्रतं शाश्वतरूपमनेन सूत्रद्वयेन कथितं भवतीति।

(शिखरिणी)

त्यजाम्येतत्सर्वं ननु नवकषायात्मकमहं
मुदा संसारस्त्रीजनितसुखदुःखावलिकरम्।
महामोहान्धानां सततसुलभं दुर्लभतरं
समाधौ निष्ठानामनवरतमानन्दमनसाम् ॥२१८॥

**जो दु धम्मं च सुक्कं च झाणं झाएदि णिच्चसो।**
**तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे ॥१३३॥**

---

મોહનીયકર્મજનિત સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય અને જુગુપ્સા નામના નવ નોકષાયથી થતા કલંકપંકસ્વરૂપ (મળ-કાદવસ્વરૂપ) સમસ્ત વિકાર-સમૂહને પરમ સમાધિના બળથી જે નિશ્ચયરત્નત્રયાત્મક પરમ તપોધન તજે છે, તેને ખરેખર કેવળીભટ્ટારકના શાસનથી સિદ્ધ થયેલું પરમ સામાયિક નામનું વ્રત શાશ્વતરૂપ છે એમ આ બે સૂત્રોથી કહ્યું છે.

[હવે આ ૧૩૧-૧૩૨મી ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

[**શ્લોકાર્થ :—**] સંસારસ્ત્રીજનિત *સુખદુઃખાવલિનું કરનારું નવ કષાયાત્મક આ બધું (–નવ નોકષાયસ્વરૂપ સર્વ વિકાર) હું ખરેખર પ્રમોદથી તજું છું—કે જે નવ નોકષાયાત્મક વિકાર મહામોહાન્ધ જીવોને નિરંતર સુલભ છે અને નિરંતર આનંદિત મનવાળા સમાધિનિષ્ઠ (સમાધિમાં લીન) જીવોને અતિ દુર્લભ છે. ૨૧૮.

**જે નિત્ય ધ્યાવે ધર્મ તેમ જ શુકલ ઉત્તમ ધ્યાનને,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૩.**

---

★ સુખદુઃખાવલિ = સુખદુઃખની આવલિ; સુખદુઃખની પંક્તિ—હારમાળા. (નવ નોકષાયાત્મક વિકાર સંસારરૂપી સ્ત્રીથી ઉત્પન્ન સુખદુઃખની હારમાળાનો કરનાર છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यस्तु धर्मं च शुक्लं च ध्यानं ध्यायति नित्यशः।
तस्य सामायिकं स्थायि इति केवलिशासने॥१३३॥

परमसमाध्यधिकारोपसंहारोपन्यासोऽयम्।

यस्तु सकलविमलकेवलज्ञानदर्शनलोलुपः परमजिनयोगीश्वरः स्वात्माश्रयनिश्चयधर्मध्यानेन निखिलविकल्पजालनिर्मुक्तनिश्चयशुक्लध्यानेन च अनवरतमखंडाद्वैतसहजचिद्विलासलक्षणमक्षयानन्दाम्भोधिमज्जंतं सकलबाह्यक्रियापराङ्मुखं शश्वदंतःक्रियाधिकरणं स्वात्मनिष्ठनिर्विकल्पपरमसमाधिसंपत्तिकारणाभ्यां ताभ्यां धर्मशुक्लध्यानाभ्यां सदाशिवात्मकमात्मानं ध्यायति हि तस्य खलु जिनेश्वरशासननिष्पन्नं नित्यं शुद्धं त्रिगुप्तिगुप्तपरमसमाधिलक्षणं शाश्वतं सामायिकव्रतं भवतीति।

---

**અન્વયાર્થઃ**—[यः तु] જે [धर्मं च] ધર્મધ્યાન [शुक्लं च ध्यानं] અને શુક્લધ્યાનને [नित्यशः] નિત્ય [ध्यायति] ધ્યાવે છે, [तस्य] તેને [सामायिकं] સામાયિક [स्थायि] સ્થાયિ છે [इति केवलिशासने] એમ કેવળીના શાસનમાં કહ્યું છે.

**ટીકાઃ**—આ, પરમ-સમાધિ અધિકારના ઉપસંહારનું કથન છે.

જે સકળ-વિમળ કેવળજ્ઞાનદર્શનનો લોલુપ (સર્વથા નિર્મળ કેવળજ્ઞાન અને કેવળદર્શનની તીવ્ર અભિલાષાવાળો—ભાવનાવાળો) પરમ જિનયોગીશ્વર સ્વાત્માશ્રિત નિશ્ચય-ધર્મધ્યાન વડે અને સમસ્ત વિકલ્પજાળ રહિત નિશ્ચય-શુક્લધ્યાન વડે—સ્વાત્મનિષ્ઠ (નિજ આત્મામાં લીન એવી) નિર્વિકલ્પ પરમ સમાધિરૂપ સંપત્તિના કારણભૂત એવાં તે ધર્મ-શુક્લ ધ્યાનો વડે, અખંડ-અદ્વૈત-સહજ-ચિદ્વિલાસલક્ષણ (અર્થાત્ અખંડ અદ્વૈત સ્વાભાવિક ચૈતન્યવિલાસ જેનું લક્ષણ છે એવા), અક્ષય આનંદસાગરમાં મગ્ન થતા (ડૂબતા), સકળ બાહ્યક્રિયાથી પરાઙ્મુખ, શાશ્વતપણે (સદા) અંતઃક્રિયાના અધિકરણભૂત, સદાશિવસ્વરૂપ આત્માને નિરંતર ધ્યાવે છે, તેને ખરેખર જિનેશ્વરના શાસનથી નિષ્પન્ન થયેલું, નિત્યશુદ્ધ, ત્રિગુપ્તિ વડે ગુપ્ત એવી પરમ સમાધિ જેનું લક્ષણ છે એવું, શાશ્વત સામાયિકવ્રત છે.

[હવે આ પરમ-સમાધિ અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છેઃ]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(मंदाक्रांता)

शुक्लध्याने परिणतमतिः शुद्धरत्नत्रयात्मा
धर्मध्यानेप्यनघपरमानन्दतत्त्वाश्रितेऽस्मिन्।
प्राप्नोत्युच्चैरपगतमहद्दुःखजालं विशालं
भेदाभावात् किमपि भविनां वाङ्मनोमार्गदूरम्॥२१९॥

इति सुकविजनपयोजमित्रपंचेन्द्रियप्रसरवर्जितगात्रमात्रपरिग्रहश्रीपद्मप्रभमलधारिदेवविरचितायां नियमसारव्याख्यायां तात्पर्यवृत्तौ परमसमाध्यधिकारो नवमः श्रुतस्कन्धः॥

---

[**શ્લોકાર્થઃ—**] આ અનઘ (નિર્દોષ) પરમાનંદમય તત્ત્વને આશ્રિત ધર્મધ્યાનમાં અને શુક્લધ્યાનમાં જેની બુદ્ધિ પરિણમી છે એવો શુદ્ધરત્નત્રયાત્મક જીવ એવા કોઈ વિશાળ તત્ત્વને અત્યંત પામે છે કે જેમાંથી (–જે તત્ત્વમાંથી) મહા દુઃખસમૂહ નષ્ટ થયો છે અને જે (તત્ત્વ) ભેદોના અભાવને લીધે જીવોને વચન અને મનના માર્ગથી દૂર છે. ૨૧૯.

આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) **પરમ-સમાધિ અધિકાર** નામનો નવમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# —૧૦—
# પરમ-ભક્તિ અધિકાર

अथ संप्रति हि भक्त्यधिकार उच्यते।

**सम्मत्तणाणचरणे जो भत्तिं कुणइ सावगो समणो।**
**तस्स दु णिव्वुदिभत्ती होदि त्ति जिणेहि पण्णत्तं।।१३४।।**

**सम्यक्त्वज्ञानचरणेषु यो भक्तिं करोति श्रावकः श्रमणः।**
**तस्य तु निर्वृतिभक्तिर्भवतीति जिनैः प्रज्ञप्तम्।।१३४।।**

रत्नत्रयस्वरूपाख्यानमेतत्।

चतुर्गतिसंसारपरिभ्रमणकारणतीव्रमिथ्यात्वकर्मप्रकृतिप्रतिपक्षनिजपरमात्मतत्त्वसम्यक्-

---

હવે ભક્તિ અધિકાર કહેવામાં આવે છે.

**શ્રાવક શ્રમણ સમ્યક્ત્વ-જ્ઞાન-ચરિત્રની ભક્તિ કરે,**
**નિર્વાણની છે ભક્તિ તેને એમ જિનદેવો કહે. ૧૩૪.**

**અન્વયાર્થઃ**—[यः श्रावकः श्रमणः] જે શ્રાવક અથવા શ્રમણ [सम्यक्त्वज्ञानचरणेषु] સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની [भक्तिं] ભક્તિ [करोति] કરે છે, [तस्य तु] તેને [निर्वृतिभक्तिः भवति] નિર્વૃતિભક્તિ (નિર્વાણની ભક્તિ) છે [इति] એમ [जिनैः प्रज्ञप्तम्] જિનોએ કહ્યું છે.

**ટીકાઃ**—આ, રત્નત્રયના સ્વરૂપનું કથન છે.

ચતુર્ગતિ સંસારમાં પરિભ્રમણના કારણભૂત તીવ્ર મિથ્યાત્વકર્મની પ્રકૃતિથી પ્રતિપક્ષ (વિરુદ્ધ) નિજ પરમાત્મતત્ત્વનાં સમ્યક્ શ્રદ્ધાન-અવબોધ-આચરણસ્વરૂપ શુદ્ધરત્નત્રય-

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



श्रद्धानावबोधाचरणात्मकेषु शुद्धरत्नत्रयपरिणामेषु भजनं भक्तिराराधनेत्यर्थः। एकादशपदेषु श्रावकेषु जघन्याः षट्, मध्यमास्त्रयः, उत्तमौ द्वौ च, एते सर्वे शुद्धरत्नत्रयभक्तिं कुर्वन्ति। अथ भवभयभीरवः परमनैष्कर्म्यवृत्तयः परमतपोधनाश्च रत्नत्रयभक्तिं कुर्वन्ति। तेषां परमश्रावकाणां परमतपोधनानां च जिनोत्तमैः प्रज्ञप्ता निर्वृतिभक्तिरपुनर्भवपुरंध्रिकासेवा भवतीति।

(मंदाक्रांता)

सम्यक्त्वेऽस्मिन् भवभयहरे शुद्धबोधे चरित्रे
भक्तिं कुर्यादनिशमतुलां यो भवच्छेददक्षाम्।
कामक्रोधाद्यखिलदुरघव्रातनिर्मुक्तचेताः
भक्तो भक्तो भवति सततं श्रावकः संयमी वा।।२२०।।

---

પરિણામોનું જે ભજન તે ભક્તિ છે; આરાધના એવો તેનો અર્થ છે. *એકાદશપદી શ્રાવકોમાં જઘન્ય છ છે, મધ્યમ ત્રણ છે અને ઉત્તમ બે છે.—આ બધા શુદ્ધરત્નત્રયની ભક્તિ કરે છે. તેમ જ ભવભયભીરુ, પરમનૈષ્કર્મ્યવૃત્તિવાળા (પરમ નિષ્કર્મ પરિણતિવાળા) પરમ તપોધનો પણ (શુદ્ધ) રત્નત્રયની ભક્તિ કરે છે. તે પરમ શ્રાવકો અને પરમ તપોધનોને જિનવરોએ કહેલી નિર્વાણભક્તિ—અપુનર્ભવરૂપી સ્ત્રીની સેવા—વર્તે છે.

[હવે આ ૧૩૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** જે જીવ ભવભયના હરનારા આ સમ્યક્ત્વની, શુદ્ધ જ્ઞાનની અને ચારિત્રની ભવછેદક અતુલ ભક્તિ નિરંતર કરે છે, તે કામક્રોધાદિ સમસ્ત દુષ્ટ પાપસમૂહથી મુક્ત ચિત્તવાળો જીવ—શ્રાવક હો કે સંયમી હો—નિરંતર ભક્ત છે, ભક્ત છે. ૨૨૦.

---

★ એકાદશપદી = જેમનાં અગિયાર પદો (ગુણાનુસાર ભૂમિકાઓ) છે એવા. [શ્રાવકોનાં નીચે પ્રમાણે અગિયાર પદો છે : (૧) દર્શન, (૨) વ્રત, (૩) સામાયિક, (૪) પ્રોષધોપવાસ, (૫) સચિત્તત્યાગ, (૬) રાત્રિભોજનત્યાગ, (૭) બ્રહ્મચર્ય, (૮) આરંભત્યાગ, (૯) પરિગ્રહત્યાગ, (૧૦) અનુમતિત્યાગ અને (૧૧) ઉદ્દિષ્ટાહારત્યાગ. તેમાં છઠ્ઠા પદ સુધી (છઠ્ઠી પ્રતિમા સુધી) જઘન્ય શ્રાવક છે, નવમા પદ સુધી મધ્યમ શ્રાવક છે અને દસમા અથવા અગિયારમા પદે હોય તે ઉત્તમ શ્રાવક છે. આ બધાં પદો સમ્યક્ત્વપૂર્વક, હઠ વિનાની સહજ દશાનાં છે એ ધ્યાનમાં રાખવા યોગ્ય છે.]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



मोक्खंगयपुरिसाणं गुणभेदं जाणिऊण तेसिं पि।
जो कुणदि परमभत्तिं ववहारणयेण परिकहियं।।१३५।।

मोक्षगतपुरुषाणां गुणभेदं ज्ञात्वा तेषामपि।
यः करोति परमभक्तिं व्यवहारनयेन परिकथितम्।।१३५।।

व्यवहारनयप्रधानसिद्धभक्तिस्वरूपाख्यानमेतत्।

ये पुराणपुरुषाः समस्तकर्मक्षयोपायहेतुभूतं कारणपरमात्मानमभेदानुपचार-रत्नत्रयपरिणत्या सम्यगाराध्य सिद्धा जातास्तेषां केवलज्ञानादिशुद्धगुणभेदं ज्ञात्वा निर्वाणपरंपराहेतुभूतां परमभक्तिमासन्नभव्यः करोति, तस्य मुमुक्षोर्व्यवहारनयेन निर्वृति-भक्तिर्भवतीति।

(अनुष्टुभ्)

उद्धूतकर्मसंदोहान् सिद्धान् सिद्धिवधूधवान्।
संप्राप्ताष्टगुणैश्वर्यान् नित्यं वन्दे शिवालयान्।।२२१।।

---

વળી મોક્ષગત પુરુષો તણો ગુણભેદ જાણી તેમની
જે પરમ ભક્તિ કરે, કહી શિવભક્તિ ત્યાં વ્યવહારથી. ૧૩૫.

**અન્વયાર્થઃ**—[यः] જે જીવ [मोक्षगतपुरुषाणाम्] મોક્ષગત પુરુષોનો [गुणभेदं] ગુણભેદ [ज्ञात्वा] જાણીને [तेषाम् अपि] તેમની પણ [परमभक्तिं] પરમ ભક્તિ [करोति] કરે છે, [व्यवहारनयेन] તે જીવને વ્યવહારનયે [परिकथितम्] નિર્વાણભક્તિ કહી છે.

**ટીકાઃ**—આ, વ્યવહારનયપ્રધાન સિદ્ધભક્તિના સ્વરૂપનું કથન છે.

જે પુરાણ પુરુષો સમસ્તકર્મક્ષયના ઉપાયના હેતુભૂત કારણપરમાત્માને અભેદ-અનુપચાર-રત્નત્રયપરિણતિથી સમ્યક્‌પણે આરાધીને સિદ્ધ થયા તેમના કેવળજ્ઞાનાદિ શુદ્ધ ગુણોના ભેદને જાણીને નિર્વાણની પરંપરાહેતુભૂત એવી પરમ ભક્તિ જે આસન્નભવ્ય જીવ કરે છે, તે મુમુક્ષુને વ્યવહારનયે નિર્વાણભક્તિ છે.

[હવે આ ૧૩૫ મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ છ શ્લોકો કહે છે:]

[**શ્લોકાર્થઃ**—] જેમણે કર્મસમૂહને ખંખેરી નાખ્યો છે, જેઓ સિદ્ધિવધૂના (મુક્તિરૂપી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(आर्या)

व्यवहारनयस्येत्थं निर्वृतिभक्तिर्जिनोत्तमैः प्रोक्ता।
निश्चयनिर्वृतिभक्ती रत्नत्रयभक्तिरित्युक्ता।।२२२।।

(आर्या)

निःशेषदोषदूरं केवलबोधादिशुद्धगुणनिलयं।
शुद्धोपयोगफलमिति सिद्धत्वं प्राहुराचार्याः।।२२३।।

(शार्दूलविक्रीडित)

ये लोकाग्रनिवासिनो भववभवक्लेशार्णवान्तं गता
ये निर्वाणवधूटिकास्तनभराश्लेषोत्थसौख्याकराः।
ये शुद्धात्मविभावनोद्भवमहाकैवल्यसंपद्गुणाः
तान् सिद्धानभिनौम्यहं प्रतिदिनं पापाटवीपावकान्।।२२४।।

(शार्दूलविक्रीडित)

त्रैलोक्याग्रनिकेतनान् गुणगुरून् ज्ञेयाब्धिपारंगतान्
मुक्तिश्रीवनितामुखाम्बुजरवीन् स्वाधीनसौख्यार्णवान्।
सिद्धान् सिद्धगुणाष्टकान् भवहरान् नष्टाष्टकर्मोत्करान्
नित्यान् तान् शरणं व्रजामि सततं पापाटवीपावकान्।।२२५।।

---

સ્ત્રીના) પતિ છે, જેમણે અષ્ટ ગુણરૂપ ઐશ્વર્યને સંપ્રાપ્ત કર્યું છે અને જેઓ કલ્યાણનાં ધામ છે, તે સિદ્ધોને હું નિત્ય વંદું છું. ૨૨૧.

**[શ્લોકાર્થઃ—]** આ પ્રમાણે (સિદ્ધભગવંતોની ભક્તિને) વ્યવહારનયથી નિર્વાણભક્તિ જિનવરોએ કહી છે; નિશ્ચય-નિર્વાણભક્તિ રત્નત્રયભક્તિને કહી છે. ૨૨૨.

**[શ્લોકાર્થઃ—]** આચાર્યોએ સિદ્ધત્વને નિઃશેષ (સમસ્ત) દોષથી દૂર, કેવળજ્ઞાનાદિ શુદ્ધ ગુણોનું ધામ અને શુદ્ધોપયોગનું ફળ કહ્યું છે. ૨૨૩.

**[શ્લોકાર્થઃ—]** જેઓ લોકાગ્રે વસે છે, જેઓ ભવભવના ક્લેશરૂપી સમુદ્રના પારને પામ્યા છે, જેઓ નિર્વાણવધૂના પુષ્ટ સ્તનના આલિંગનથી ઉત્પન્ન સૌખ્યની ખાણ છે અને જેઓ શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન કૈવલ્યસંપદાના (–મોક્ષસંપદાના) મહા ગુણોવાળા છે, તે પાપાટવીપાવક (–પાપરૂપી વનને બાળવામાં અગ્નિ સમાન) સિદ્ધોને હું પ્રતિદિન નમું છું. ૨૨૪.

**[શ્લોકાર્થઃ—]** જેઓ ત્રણ લોકના અગ્રે વસે છે, જેઓ ગુણમાં મોટા છે, જેઓ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(वसंततिलका)

ये मर्त्यदैवनिकुरम्बपरोक्षभक्ति-
योग्याः सदा शिवमयाः प्रवराः प्रसिद्धाः।
सिद्धाः सुसिद्धिरमणीरमणीयवक्त्र-
पंकेरुहोरुमकरंदमधुव्रताः स्युः॥२२६॥

**मोक्खपहे अप्पाणं ठविऊण य कुणदि णिव्वुदी भत्ती।**
**तेण दु जीवो पावइ असहायगुणं णियप्पाणं॥१३६॥**

**मोक्षपथे आत्मानं संस्थाप्य च करोति निर्वृतिर्भक्तिम्।**
**तेन तु जीवः प्राप्नोत्यसहायगुणं निजात्मानम्॥१३६॥**

---

જ્ઞેયરૂપી મહાસાગરના પારને પામ્યા છે, જેઓ મુક્તિલક્ષ્મીરૂપી સ્ત્રીના મુખકમળના સૂર્ય છે, જેઓ સ્વાધીન સુખના સાગર છે, જેમણે અષ્ટ ગુણોને સિદ્ધ (પ્રાપ્ત) કર્યા છે, જેઓ ભવનો નાશ કરનારા છે અને જેમણે આઠ કર્મોના સમૂહને નષ્ટ કરેલ છે, તે પાપાટવીપાવક (–પાપરૂપી અટવીને બાળવામાં અગ્નિ સમાન) નિત્ય (અવિનાશી) સિદ્ધભગવંતોનું હું નિરંતર શરણ ગ્રહું છું. ૨૨૫.

[**શ્લોકાર્થ :—**] જેઓ મનુષ્યોના તથા દેવોના સમૂહની પરોક્ષ ભક્તિને યોગ્ય છે, જેઓ સદા શિવમય છે, જેઓ શ્રેષ્ઠ છે અને જેઓ પ્રસિદ્ધ છે, તે સિદ્ધભગવંતો સુસિદ્ધિરૂપી રમણીના રમણીય મુખકમળના મહા [1]મકરંદના ભ્રમર છે (અર્થાત્ અનુપમ મુક્તિસુખને નિરંતર અનુભવે છે). ૨૨૬.

**શિવપંથ સ્થાપી આત્મને નિર્વાણની ભક્તિ કરે,**
**તે કારણે અસહાયગુણ નિજ આત્મને આત્મા વરે. ૧૩૬.**

**અન્વયાર્થ :—**[**मोक्षपथे**] મોક્ષમાર્ગમાં [**आत्मानं**] (પોતાના) આત્માને [**संस्थाप्य च**] સમ્યક્ પ્રકારે સ્થાપીને [**निर्वृतेः**] નિર્વૃતિની (નિર્વાણની) [**भक्तिम्**] ભક્તિ [**करोति**] કરે છે, [**तेन तु**] તેથી [**जीवः**] જીવ [**असहायगुणं**] [2]અસહાયગુણવાળા [**निजात्मानम्**] નિજ આત્માને [**प्राप्नोति**] પ્રાપ્ત કરે છે.

---

૧. મકરંદ = ફૂલનું મધ; ફૂલનો રસ.

૨. અસહાયગુણવાળો = જેને કોઈની સહાય નથી એવા ગુણવાળો. [આત્મા સ્વતઃસિદ્ધ સહજ સ્વતંત્ર ગુણવાળો હોવાથી અસહાયગુણવાળો છે.]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



निजपरमात्मभक्तिस्वरूपाख्यानमेतत् ।

भेदकल्पनानिरपेक्षनिरुपचाररत्नत्रयात्मके निरुपरागमोक्षमार्गे निरंजननिजपरमात्मानंद पीयूषपानाभिमुखो जीवः स्वात्मानं संस्थाप्यापि च करोति निर्वृतेर्मुक्त्यङ्गनायाः चरणनलिने परमां भक्तिं, तेन कारणेन स भव्यो भक्तिगुणेन निरावरणसहजज्ञानगुणत्वादसहायगुणात्मकं निजात्मानं प्राप्नोति।

(स्रग्धरा)

आत्मा ह्यात्मानमात्मन्यविचलितमहाशुद्धरत्नत्रयेऽस्मिन्
नित्ये निर्मुक्तिहेतौ निरुपमसहजज्ञानदृक्शीलरूपे।
संस्थाप्यानंदभास्वन्निरतिशयगृहं चिच्चमत्कारभक्त्या
प्राप्नोत्युच्चैरयं यं विगलितविपदं सिद्धिसीमन्तिनीशः ॥२२७॥

---

**ટીકા :**—આ, નિજ પરમાત્માની ભક્તિના સ્વરૂપનું કથન છે.

નિરંજન નિજ પરમાત્માનું આનંદામૃત પીવામાં અભિમુખ જીવ ભેદકલ્પનાનિરપેક્ષ નિરુપચાર-રત્નત્રયાત્મક [1]નિરુપરાગ મોક્ષમાર્ગમાં પોતાના આત્માને સમ્યક્ પ્રકારે સ્થાપીને નિર્વૃતિનાં—મુક્તિરૂપી સ્ત્રીનાં—ચરણકમળની પરમ ભક્તિ કરે છે, તે કારણથી તે ભવ્ય જીવ ભક્તિગુણ વડે નિજ આત્માને—કે જે નિરાવરણ સહજ જ્ઞાનગુણવાળો હોવાથી અસહાયગુણાત્મક છે તેને—પ્રાપ્ત કરે છે.

[હવે આ ૧૩૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :–]** આ અવિચલિત-મહાશુદ્ધ-રત્નત્રયવાળા, મુક્તિના હેતુભૂત નિરુપમ-સહજ-જ્ઞાનદર્શનચારિત્રરૂપ, નિત્ય આત્મામાં આત્માને ખરેખર સમ્યક્ પ્રકારે સ્થાપીને, આ આત્મા ચૈતન્યચમત્કારની ભક્તિ વડે [2]નિરતિશય ઘરને—કે જેમાંથી વિપદાઓ દૂર થઈ છે અને જે આનંદથી ભવ્ય (શોભીતું) છે તેને—અત્યંત પ્રાપ્ત કરે છે અર્થાત્ સિદ્ધિરૂપી સ્ત્રીનો સ્વામી થાય છે. ૨૨૭.

---

૧. નિરુપરાગ = ઉપરાગ રહિત; નિર્વિકાર; નિર્મળ; શુદ્ધ.

૨. નિરતિશય = જેનાથી કોઈ ચડિયાતું નથી એવા; અનુત્તમ; શ્રેષ્ઠ; અજોડ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



रायादीपरिहारे अप्पाणं जो दु जुंजदे साहू।
सो जोगभत्तिजुत्तो इदरस्स य किह हवे जोगो॥१३७॥

रागादिपरिहारे आत्मानं यस्तु युनक्ति साधुः।
स योगभक्तियुक्तः इतरस्य च कथं भवेद्योगः॥१३७॥

निश्चययोगभक्तिस्वरूपाख्यानमेतत्।

निरवशेषेणान्तर्मुखाकारपरमसमाधिना निखिलमोहरागद्वेषादिपरभावानां परिहारे सति यस्तु साधुरासन्नभव्यजीवः निजेनाखंडाद्वैतपरमानंदस्वरूपेण निजकारणपरमात्मानं युनक्ति, स परमतपोधन एव शुद्धनिश्चयोपयोगभक्तियुक्तः। इतरस्य बाह्यप्रपंचसुखस्य कथं योगभक्तिर्भवति।

तथा चोक्तम्—

---

રાગાદિના પરિહારમાં જે સાધુ જોડે આત્મને,
છે યોગભક્તિ તેહને; કઈ રીત સંભવ અન્યને? ૧૩૭

**અન્વયાર્થઃ**—**[यः साधुः तु]** જે સાધુ **[रागादिपरिहारे आत्मानं युनक्ति]** રાગાદિના પરિહારમાં આત્માને જોડે છે (અર્થાત્ આત્મામાં આત્માને જોડીને રાગ વગેરેનો ત્યાગ કરે છે), **[सः]** તે **[योगभक्तियुक्तः]** યોગભક્તિયુક્ત (યોગની ભક્તિવાળો) છે; **[इतरस्य च]** બીજાને **[योगः]** યોગ **[कथम्]** કઈ રીતે **[भवेत्]** હોય?

**ટીકાઃ**—આ, નિશ્ચયયોગભક્તિના સ્વરૂપનું કથન છે.

નિરવશેષપણે અંતર્મુખાકાર (–સર્વથા અંતર્મુખ જેનું સ્વરૂપ છે એવી) પરમ સમાધિ વડે સમસ્ત મોહરાગદ્વેષાદિ પરભાવોનો પરિહાર હોતાં, જે સાધુ—આસન્નભવ્ય જીવ—નિજ અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ સાથે નિજ કારણપરમાત્માને જોડે છે, તે પરમ તપોધન જ શુદ્ધનિશ્ચય-ઉપયોગભક્તિવાળો છે; બીજાને—બાહ્ય પ્રપંચમાં સુખી હોય તેને—યોગભક્તિ કઈ રીતે હોય?

એવી રીતે (અન્યત્ર શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(अनुष्टुभ्)

''आत्मप्रयत्नसापेक्षा विशिष्टा या मनोगतिः।
तस्य ब्रह्मणि संयोगो योग इत्यभिधीयते।।''

तथा हि—

(अनुष्टुभ्)

आत्मानमात्मनात्मायं युनक्त्येव निरन्तरम्।
स योगभक्तियुक्तः स्यान्निश्चयेन मुनीश्वरः।।२२८।।

**सव्ववियप्पाभावे अप्पाणं जो दु जुंजदे साहू।**
**सो जोगभत्तिजुत्तो इदरस्स य किह हवे जोगो।।१३८।।**

सर्वविकल्पाभावे आत्मानं यस्तु युनक्ति साधुः।
स योगभक्तियुक्तः इतरस्य च कथं भवेद्योगः।।१३८।।

अत्रापि पूर्वसूत्रवन्निश्चययोगभक्तिस्वरूपमुक्तम्।

---

''[**શ્લોકાર્થ :—**] આત્મપ્રયત્નસાપેક્ષ વિશિષ્ટ જે મનોગતિ તેનો બ્રહ્મમાં સંયોગ થવો (–આત્મપ્રયત્નની અપેક્ષાવાળી ખાસ પ્રકારની ચિત્તપરિણતિનું આત્મામાં જોડાવું) તેને યોગ કહેવામાં આવે છે.''

વળી (આ ૧૩૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—

[**શ્લોકાર્થ :—**] જે આ આત્મા આત્માને આત્મા સાથે નિરંતર જોડે છે, તે મુનીશ્વર નિશ્ચયથી યોગભક્તિવાળો છે. ૨૨૮.

**સઘળા વિકલ્પ અભાવમાં જે સાધુ જોડે આત્મને,**
**છે યોગભક્તિ તેહને; કઈ રીત સંભવ અન્યને? ૧૩૮.**

**અન્વયાર્થ :—**[**यः साधुः तु**] જે સાધુ [**सर्वविकल्पाभावे आत्मानं युनक्ति**] સર્વ વિકલ્પોના અભાવમાં આત્માને જોડે છે (અર્થાત્ આત્મામાં આત્માને જોડીને સર્વ વિકલ્પોનો અભાવ કરે છે), [**सः**] તે [**योगभक्तियुक्तः**] યોગભક્તિવાળો છે; [**इतरस्य च**] બીજાને [**योगः**] યોગ [**कथम्**] કઈ રીતે [**भवेत्**] હોય?

**ટીકા :—**અહીં પણ પૂર્વ સૂત્રની માફક નિશ્ચય-યોગભક્તિનું સ્વરૂપ કહ્યું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अत्यपूर्वनिरुपरागरत्नत्रयात्मकनिजचिद्विलासलक्षणनिर्विकल्पपरमसमाधिना निखिल-मोहरागद्वेषादिविविधविकल्पाभावे परमसमरसीभावेन निःशेषतोऽन्तर्मुखनिजकारणसमय-सारस्वरूपमत्यासन्नभव्यजीवः सदा युनक्त्येव, तस्य खलु निश्चययोगभक्तिर्नान्येषाम् इति।

(अनुष्टुभ्)

भेदाभावे सतीयं स्याद्योगभक्तिरनुत्तमा।
तयात्मलब्धिरूपा सा मुक्तिर्भवति योगिनाम्॥२२९॥

**विवरीयाभिणिवेसं परिचत्ता जोण्हकहियतच्चेसु।**
**जो जुंजदि अप्पाणं णियभावो सो हवे जोगो॥१३९॥**

---

અતિ-અપૂર્વ [1]નિરુપરાગ રત્નત્રયાત્મક, [2]નિજચિદ્વિલાસલક્ષણ નિર્વિકલ્પ પરમ સમાધિ વડે સમસ્ત મોહરાગદ્વેષાદિ વિવિધ વિકલ્પોનો અભાવ હોતાં, પરમ સમરસીભાવ સાથે [3]નિરવશેષપણે અંતર્મુખ નિજ કારણસમયસારસ્વરૂપને જે અતિ-આસન્નભવ્ય જીવ સદા જોડે છે જ, તેને ખરેખર નિશ્ચયયોગભક્તિ છે; બીજાઓને નહિ.

[હવે આ ૧૩૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

[**શ્લોકાર્થ :—**] ભેદનો અભાવ હોતાં આ [4]અનુત્તમ યોગભક્તિ હોય છે; તેના વડે યોગીઓને આત્મલબ્ધિરૂપ એવી તે (–પ્રસિદ્ધ) મુક્તિ થાય છે. ૨૨૯.

**વિપરીત આગ્રહ છોડીને, જૈનાભિહિત તત્ત્વો વિષે**
**જે જીવ જોડે આત્મને, નિજ ભાવ તેનો યોગ છે. ૧૩૯.**

---

૧. નિરુપરાગ = નિર્વિકાર; શુદ્ધ. [પરમ સમાધિ અતિ-અપૂર્વ શુદ્ધ રત્નત્રયસ્વરૂપ છે.]

૨. પરમ સમાધિનું લક્ષણ નિજ ચૈતન્યનો વિલાસ છે.

૩. નિરવશેષ = પૂરેપૂરું. [કારણસમયસારસ્વરૂપ પૂરેપૂરું અંતર્મુખ છે.]

૪. અનુત્તમ = જેનાથી બીજું કાંઈ ઉત્તમ નથી એવી; સર્વશ્રેષ્ઠ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



विपरीताभिनिवेशं परित्यज्य जैनकथिततत्त्वेषु।
यो युनक्ति आत्मानं निजभावः स भवेद्योगः॥१३९॥

इह हि निखिलगुणधरगणधरदेवप्रभृतिजिनमुनिनाथकथिततत्त्वेषु विपरीताभिनिवेश-विवर्जितात्मभाव एव निश्चयपरमयोग इत्युक्तः।

अपरसमयतीर्थनाथाभिहिते विपरीते पदार्थे ह्यभिनिवेशो दुराग्रह एव विपरीताभि-निवेशः। अमुं परित्यज्य जैनकथिततत्त्वानि निश्चयव्यवहारनयाभ्यां बोद्धव्यानि। सकलजिनस्य भगवतस्तीर्थाधिनाथस्य पादपद्मोपजीविनो जैनाः, परमार्थतो गणधरदेवादय इत्यर्थः। तैरभिहितानि निखिलजीवादितत्त्वानि तेषु यः परमजिनयोगीश्वरः स्वात्मानं युनक्ति, तस्य च निजभाव एव परमयोग इति।

---

**અન્વયાર્થઃ**—[**विपरीताभिनिवेशं परित्यज्य**] વિપરીત અભિનિવેશનો પરિત્યાગ કરીને [**यः**] જે [**जैनकथिततत्त्वेषु**] જૈનકથિત તત્ત્વોમાં [**आत्मानं**] આત્માને [**युनक्ति**] જોડે છે, [**निजभावः**] તેનો નિજ ભાવ [**सः योगः भवेत्**] તે યોગ છે.

**ટીકાઃ**—અહીં, સમસ્ત ગુણોના ધરનારા ગણધરદેવ વગેરે જિનમુનિનાથોએ કહેલાં તત્ત્વોમાં વિપરીત અભિનિવેશ રહિત આત્મભાવ તે જ નિશ્ચય-પરમયોગ છે એમ કહ્યું છે.

અન્ય સમયના તીર્થનાથે કહેલા (–જૈન દર્શન સિવાય અન્ય દર્શનના તીર્થપ્રવર્તકે કહેલા) વિપરીત પદાર્થમાં અભિનિવેશ—દુરાગ્રહ તે જ વિપરીત અભિનિવેશ છે. તેનો પરિત્યાગ કરીને જૈનોએ કહેલાં તત્ત્વો નિશ્ચયવ્યવહારનયથી જાણવાયોગ્ય છે. [૧]સકલજિન એવા ભગવાન તીર્થાધિનાથનાં ચરણકમળના [૨]ઉપજીવકો તે જૈનો છે; પરમાર્થે ગણધરદેવ વગેરે એવો તેનો અર્થ છે. તેમણે (–ગણધરદેવ વગેરે જૈનોએ) કહેલાં જે સમસ્ત જીવાદિ તત્ત્વો તેમાં જે પરમ જિનયોગીશ્વર નિજ આત્માને જોડે છે, તેનો નિજભાવ જ પરમ યોગ છે.

[હવે આ ૧૩૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

---

૧ દેહ સહિત હોવા છતાં તીર્થંકરદેવે રાગદ્વેષ અને અજ્ઞાનને સંપૂર્ણ રીતે જીત્યા છે તેથી તેઓ સકલજિન છે.

૨ ઉપજીવક = સેવા કરનાર; સેવક; આશ્રિત; દાસ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(वसंततिलका)

तत्त्वेषु जैनमुनिनाथमुखारविंद-
व्यक्तेषु भव्यजनताभवघातकेषु।
त्यक्त्वा दुराग्रहममुं जिनयोगिनाथः
साक्षाद्युनक्ति निजभावमयं स योगः ॥२३०॥

**उसहादिजिणवरिंदा एवं काऊण जोगवरभत्तिं।**
**णिव्वुदिसुहमावण्णा तम्हा धरु जोगवरभत्तिं ॥१४०॥**

वृषभादिजिनवरेन्द्रा एवं कृत्वा योगवरभक्तिम्।
निर्वृतिसुखमापन्नास्तस्माद्धारय योगवरभक्तिम् ॥१४०॥

**भक्त्यधिकारोपसंहारोपन्यासोयम्।**

**अस्मिन् भारते वर्षे पुरा किल श्रीनाभेयादिश्रीवर्धमानचरमाः चतुर्विंशति-तीर्थकरपरमदेवाः सर्वज्ञवीतरागाः त्रिभुवनवर्तिकीर्तयो महादेवाधिदेवाः परमेश्वराः सर्वे**

---

[**શ્લોકાર્થઃ**—] આ દુરાગ્રહને (–ઉપરોક્ત વિપરીત અભિનિવેશને) છોડીને, જૈન-મુનિનાથોના (–ગણધરદેવાદિક જૈનમુનિનાથોના) મુખારવિંદથી પ્રગટ થયેલાં, ભવ્ય જનોના ભવોનો નાશ કરનારાં તત્ત્વોમાં જે જિનયોગીનાથ (જૈન મુનિવર) નિજ ભાવને સાક્ષાત્ જોડે છે, તેનો એ નિજ ભાવ તે યોગ છે. ૨૩૦.

વૃષભાદિ જિનવર એ રીતે કરી શ્રેષ્ઠ ભક્તિ યોગની,
શિવસૌખ્ય પામ્યા; તેથી કર તું ભક્તિ ઉત્તમ યોગની. ૧૪૦.

**અન્વયાર્થઃ**—[**वृषभादिजिनवरेन्द्राः**] વૃષભાદિ જિનવરેન્દ્રો [**एवम्**] એ રીતે [**योगवरभक्तिम्**] યોગની ઉત્તમ ભક્તિ [**कृत्वा**] કરીને [**निर्वृतिसुखम्**] નિર્વૃતિસુખને [**आपन्नाः**] પામ્યા; [**तस्मात्**] તેથી [**योगवरभक्तिम्**] યોગની ઉત્તમ ભક્તિને [**धारय**] તું ધારણ કર.

**ટીકાઃ**—આ, ભક્તિ અધિકારના ઉપસંહારનું કથન છે.

આ ભારતવર્ષમાં પૂર્વે શ્રી નાભિપુત્રથી માંડીને શ્રી વર્ધમાન સુધીના ચોવીશ તીર્થંકર-પરમદેવો—સર્વજ્ઞવીતરાગ, ત્રિલોકવર્તી કીર્તિવાળા મહાદેવાધિદેવ પરમેશ્વરો—બધા, યથોક્ત



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



एवमुक्तप्रकारस्वात्मसंबन्धिनीं शुद्धनिश्चययोगवरभक्तिं कृत्वा परमनिर्वाणवधूटिकापीवरस्तन-भरगाढोपगूढनिर्भरानंदपरमसुधारसपूरपरितृप्तसर्वात्मप्रदेशा जाताः, ततो यूयं महाजनाः स्फुटितभव्यत्वगुणास्तां स्वात्मार्थपरमवीतरागसुखप्रदां योगभक्तिं कुरुतेति।

(शार्दूलविक्रीडित)

नाभेयादिजिनेश्वरान् गुणगुरून् त्रैलोक्यपुण्योत्करान्
श्रीदेवेन्द्रकिरीटकोटिविलसन्माणिक्यमालार्चितान्।
पौलोमीप्रभृतिप्रसिद्धदिविजाधीशांगनासंहतेः
शक्रेणोद्भवभोगहासविमलान् श्रीकीर्तिनाथान् स्तुवे॥२३१॥

(आर्या)

वृषभादिवीरपश्चिमजिनपतयोप्येवमुक्तमार्गेण।
कृत्वा तु योगभक्तिं निर्वाणवधूटिकासुखं यान्ति॥२३२॥

---

પ્રકારે નિજ આત્મા સાથે સંબંધ રાખનારી શુદ્ધનિશ્ચયયોગની ઉત્તમ ભક્તિ કરીને, પરમ-નિર્વાણવધૂના અતિ પુષ્ટ સ્તનના ગાઢ આલિંગનથી સર્વ આત્મપ્રદેશે અત્યંત-આનંદરૂપી પરમસુધારસના પૂરથી પરિતૃપ્ત થયા; માટે [1]સ્ફુટિતભવ્યત્વગુણવાળા હે મહાજનો! તમે નિજ આત્માને પરમ વીતરાગ સુખની દેનારી એવી તે યોગભક્તિ કરો.

[હવે આ પરમ-ભક્તિ અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ સાત શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** ગુણમાં જેઓ મોટા છે, જેઓ ત્રિલોકનાં પુણ્યના રાશિ છે (અર્થાત્ જેમનામાં જાણે કે ત્રણ લોકનાં પુણ્ય એકઠાં થયાં છે), દેવેંદ્રોના મુગટની કિનારી પર પ્રકાશતી માણેકપંક્તિથી જેઓ પૂજિત છે (અર્થાત્ જેમનાં ચરણારવિંદમાં દેવેંદ્રોના મુગટ ઝૂકે છે), (જેમની આગળ) શચી આદિ પ્રસિદ્ધ ઇન્દ્રાણીઓના સાથમાં શક્રેંદ્ર વડે કરવામાં આવતાં નૃત્ય, ગાન અને આનંદથી જેઓ શોભે છે, અને [2]શ્રી તથા કીર્તિના જેઓ સ્વામી છે, તે શ્રી નાભિપુત્રાદિ જિનેશ્વરોને હું સ્તવું છું. ૨૩૧.

**[શ્લોકાર્થ :—]** શ્રી વૃષભથી માંડીને શ્રી વીર સુધીના જિનપતિઓ પણ યથોક્ત માર્ગે

---

૧. સ્ફુટિત = પ્રકટિત; પ્રગટ થયેલ; પ્રગટ.

૨. શ્રી = શોભા; સૌંદર્ય; ભવ્યતા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(आर्या)

अपुनर्भवसुखसिद्ध्यै कुर्वेहं शुद्धयोगवरभक्तिम्।
संसारघोरभीत्या सर्वे कुर्वन्तु जन्तवो नित्यम्॥२३३॥

(शार्दूलविक्रीडित)

रागद्वेषपरंपरापरिणतं चेतो विहायाधुना
शुद्धध्यानसमाहितेन मनसानंदात्मतत्त्वस्थितः।
धर्मं निर्मलशर्मकारिणमहं लब्ध्वा गुरोः सन्निधौ
ज्ञानापास्तसमस्तमोहमहिमा लीये परब्रह्मणि॥२३४॥

(अनुष्टुभ्)

निर्वृतेन्द्रियलौल्यानां तत्त्वलोलुपचेतसाम्।
सुन्दरानन्दनिष्यन्दं जायते तत्त्वमुत्तमम्॥२३५॥

(अनुष्टुभ्)

अत्यपूर्वनिजात्मोत्थभावनाजातशर्मणे।
यतन्ते यतयो ये ते जीवन्मुक्ता हि नापरे॥२३६॥

---

(પૂર્વોક્ત પ્રકારે) યોગભક્તિ કરીને નિર્વાણવધૂના સુખને પામ્યા છે. ૨૩૨.

[**શ્લોકાર્થઃ**—] અપુનર્ભવસુખની (મુક્તિસુખની) સિદ્ધિ અર્થે હું શુદ્ધ યોગની ઉત્તમ ભક્તિ કરું છું; સંસારની ઘોર ભીતિથી સર્વ જીવો નિત્ય તે ઉત્તમ ભક્તિ કરો. ૨૩૩.

[**શ્લોકાર્થઃ**—] ગુરુના સાન્નિધ્યમાં નિર્મળસુખકારી ધર્મને પ્રાપ્ત કરીને, જ્ઞાન વડે જેણે સમસ્ત મોહનો મહિમા નષ્ટ કર્યો છે એવો હું, હવે રાગદ્વેષની પરંપરારૂપે પરિણત ચિત્તને છોડીને, શુદ્ધ ધ્યાન વડે સમાહિત (-એકાગ્ર, શાંત) કરેલા મનથી આનંદાત્મક તત્ત્વમાં સ્થિત રહેતો થકો, પરબ્રહ્મમાં (પરમાત્મામાં) લીન થાઉં છું. ૨૩૪.

[**શ્લોકાર્થઃ**—] ઇન્દ્રિયલોલુપતા જેમને નિવૃત્ત થઈ છે અને તત્ત્વલોલુપ (તત્ત્વપ્રાપ્તિ માટે અતિ ઉત્સુક) જેમનું ચિત્ત છે, તેમને સુંદર-આનંદઝરતું ઉત્તમ તત્ત્વ પ્રગટે છે. ૨૩૫.

[**શ્લોકાર્થઃ**—] અતિ અપૂર્વ નિજાત્મજનિત ભાવનાથી ઉત્પન્ન થતા સુખ માટે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(वसंततिलका)

**अद्वन्द्वनिष्ठमनघं परमात्मतत्त्वं**
**संभावयामि तदहं पुनरेकमेकम्।**
**किं तैश्च मे फलमिहान्यपदार्थसार्थैः**
**मुक्तिस्पृहस्य भवशर्मणि निःस्पृहस्य।।२३७।।**

**इति सुकविजनपयोजमित्रपंचेन्द्रियप्रसरवर्जितगात्रमात्रपरिग्रहश्रीपद्मप्रभमलधारिदेवविरचितायां नियमसारव्याख्यायां तात्पर्यवृत्तौ परमभक्त्यधिकारो दशमः श्रुतस्कन्धः।।**

---

જે યતિઓ યત્ન કરે છે, તેઓ ખરેખર જીવન્મુક્ત થાય છે, બીજાઓ નહિ. ૨૩૬.

**[શ્લોકાર્થઃ—]** જે પરમાત્મતત્ત્વ (રાગદ્વેષાદિ) દ્વંદ્વમાં રહેલું નથી અને અનઘ (નિર્દોષ, મળ રહિત) છે, તે કેવળ એકની હું ફરીફરીને સંભાવના (સમ્યક્ ભાવના) કરું છું. મુક્તિની સ્પૃહાવાળા અને ભવના સુખ પ્રત્યે નિઃસ્પૃહ એવા મને આ લોકમાં પેલા અન્યપદાર્થસમૂહોથી શું ફળ છે? ૨૩૭.

આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) **પરમ-ભક્તિ અધિકાર** નામનો દશમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# —૧૧—

# નિશ્ચય-પરમાવશ્યક અધિકાર

अथ सांप्रतं व्यवहारषडावश्यकप्रतिपक्षशुद्धनिश्चयाधिकार उच्यते।

**जो ण हवदि अण्णवसो तस्स दु कम्मं भणंति आवासं।**
**कम्मविणासणजोगो णिव्वुदिमग्गो त्ति पिज्जुत्तो॥१४१॥**

**यो न भवत्यन्यवशः तस्य तु कर्म भणन्त्यावश्यकम्।**
**कर्मविनाशनयोगो निर्वृतिमार्ग इति प्ररूपितः॥१४१॥**

अत्रानवरतस्ववशस्य निश्चयावश्यककर्म भवतीत्युक्तम्।

---

હવે વ્યવહાર છ આવશ્યકોથી પ્રતિપક્ષ શુદ્ધનિશ્ચયનો (શુદ્ધનિશ્ચય-આવશ્યકનો) અધિકાર કહેવામાં આવે છે.

**નથી અન્યવશ જે જીવ, આવશ્યક કરમ છે તેહને;**
**આ કર્મનાશનયોગને નિર્વાણમાર્ગ કહેલ છે. ૧૪૧.**

**અન્વયાર્થ :**—**[यः अन्यवशः न भवति]** જે અન્યવશ નથી (અર્થાત્ જે જીવ અન્યને વશ નથી) **[तस्य तु आवश्यकम् कर्म भणन्ति]** તેને આવશ્યક કર્મ કહે છે (અર્થાત્ તે જીવને આવશ્યક કર્મ છે એમ પરમ યોગીશ્વરો કહે છે). **[कर्मविनाशनयोगः]** કર્મનો વિનાશ કરનારો યોગ (–એવું જે આ આવશ્યક કર્મ) **[निर्वृतिमार्गः]** તે નિર્વાણનો માર્ગ છે **[इति प्ररूपितः]** એમ કહ્યું છે.

**ટીકા :**—અહીં (આ ગાથામાં), નિરંતર સ્વવશને નિશ્ચય-આવશ્યક-કર્મ છે એમ કહ્યું છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यः खलु यथाविधि परमजिनमार्गाचरणकुशलः सर्वदैवान्तर्मुखत्वादनन्यवशो भवति किन्तु साक्षात्स्ववश इत्यर्थः। तस्य किल व्यावहारिकक्रियाप्रपंचपराङ्मुखस्य स्वात्माश्रय-निश्चयधर्मध्यानप्रधानपरमावश्यककर्मास्तीत्यनवरतं परमतपश्चरणनिरतपरमजिनयोगीश्वरा वदन्ति। किं च यस्त्रिगुप्तिगुप्तपरमसमाधिलक्षणपरमयोगः सकलकर्मविनाशहेतुः स एव साक्षान्मोक्षकारणत्वान्निर्वृतिमार्ग इति निरुक्तिर्व्युत्पत्तिरिति।

तथा चोक्तं श्रीमदमृतचन्द्रसूरिभिः—

(मंदाक्रांता)

''आत्मा धर्मः स्वयमिति भवन् प्राप्य शुद्धोपयोगं
नित्यानन्दप्रसरसरसे ज्ञानतत्त्वे निलीय।
प्राप्स्यत्युच्चैरविचलतया निःप्रकम्पप्रकाशां
स्फूर्जज्ज्योतिःसहजविलसद्रत्नदीपस्य लक्ष्मीम्॥''

---

વિધિ અનુસાર પરમજિનમાર્ગના આચરણમાં કુશળ એવો જે જીવ સદાય અંતર્મુખપણાને લીધે અન્યવશ નથી પરંતુ સાક્ષાત્ સ્વવશ છે [૧]એવો અર્થ છે, તે વ્યાવહારિક ક્રિયાપ્રપંચથી પરાઙ્મુખ જીવને [૨]સ્વાત્માશ્રિત-નિશ્ચયધર્મધ્યાનપ્રધાન પરમ આવશ્યક કર્મ છે એમ નિરંતર પરમતપશ્ચરણમાં લીન પરમજિનયોગીશ્વરો કહે છે. વળી, સકળ કર્મના વિનાશનો હેતુ એવો જે [૩]ત્રિગુપ્તિગુપ્ત-પરમસમાધિલક્ષણ પરમ યોગ તે જ સાક્ષાત્ મોક્ષનું કારણ હોવાને લીધે નિર્વાણનો માર્ગ છે. આમ નિરુક્તિ અર્થાત્ વ્યુત્પત્તિ છે.

એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી પ્રવચનસારની તત્ત્વદીપિકા નામની ટીકામાં પાંચમા શ્લોક દ્વારા) કહ્યું છે કેઃ—

''[**શ્લોકાર્થઃ—**] એ રીતે શુદ્ધોપયોગને પ્રાપ્ત કરીને આત્મા સ્વયં ધર્મ થતો અર્થાત્ પોતે ધર્મપણે પરિણમતો થકો નિત્ય આનંદના ફેલાવથી સરસ (અર્થાત્ જે શાશ્વત આનંદના ફેલાવથી રસયુક્ત છે) એવા જ્ઞાનતત્ત્વમાં લીન થઈને, અત્યંત અવિચળપણાને લીધે, દેદીપ્યમાન જ્યોતિવાળા અને સહજપણે વિલસતા (–સ્વભાવથી જ પ્રકાશતા)

૧. 'અન્યવશ નથી' એ કથનનો 'સાક્ષાત્ સ્વવશ છે' એવો અર્થ છે.

૨. નિજ આત્મા જેનો આશ્રય છે એવું નિશ્ચયધર્મધ્યાન પરમ આવશ્યક કર્મમાં પ્રધાન છે.

૩. પરમ યોગનું લક્ષણ ત્રણ ગુપ્તિ વડે ગુપ્ત (–અંતર્મુખ) એવી પરમ સમાધિ છે. [પરમ આવશ્યક કર્મ તે જ પરમ યોગ છે અને પરમ યોગ તે નિર્વાણનો માર્ગ છે.]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तथा हि—

(मंदाक्रांता)

आत्मन्युच्चैर्भवति नियतं सच्चिदानन्दमूर्तौ
धर्मः साक्षात् स्ववशजनितावश्यकर्मात्मकोऽयम्।
सोऽयं कर्मक्षयकरपटुर्निर्वृतेरेकमार्गः
तेनैवाहं किमपि तरसा यामि शं निर्विकल्पम्॥२३८॥

**ण वसो अवसो अवसस्स कम्म वावस्सयं ति बोद्धव्वं।**
**जुत्ति त्ति उवाअं ति य णिरवयवो होदि णिज्जुत्ती॥१४२॥**

**न वशो अवशः अवशस्य कर्म वाऽवश्यकमिति बोद्धव्यम्।**
**युक्तिरिति उपाय इति च निरवयवो भवति निरुक्तिः॥१४२॥**

---

રત્નદીપકની નિષ્કંપ-પ્રકાશવાળી શોભાને પામે છે (અર્થાત્ રત્નદીપકની માફક સ્વભાવથી જ નિષ્કંપપણે અત્યંત પ્રકાશ્યા—જાણ્યા કરે છે).''

વળી (આ ૧૪૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે) :—

[શ્લોકાર્થ :—] સ્વવશતાથી ઉત્પન્ન આવશ્યક-કર્મસ્વરૂપ આ સાક્ષાત્ ધર્મ નિયમથી (ચોક્કસ) સચ્ચિદાનંદમૂર્તિ આત્મામાં (સત્-ચિદ્-આનંદસ્વરૂપ આત્મામાં) અતિશયપણે હોય છે. તે આ (આત્મસ્થિત ધર્મ), કર્મક્ષય કરવામાં કુશળ એવો નિર્વાણનો એક માર્ગ છે. તેનાથી જ હું શીઘ્ર કોઈ (–અદ્ભુત) નિર્વિકલ્પ સુખને પ્રાપ્ત કરું છું. ૨૩૮.

**વશ જે નહીં તે 'અવશ', 'આવશ્યક' અવશનું કર્મ છે;**
**તે યુક્તિ અગર ઉપાય છે, અશરીર તેથી થાય છે. ૧૪૨.**

**અન્વયાર્થ :**—[न वशः अवशः] જે (અન્યને) વશ નથી તે 'અવશ' છે [वा] અને [अवशस्य कर्म] અવશનું કર્મ તે [आवश्यकम्] 'આવશ્યક' છે [इति बोद्धव्यम्] એમ જાણ; [युक्तिः इति] તે (અશરીર થવાની) યુક્તિ છે, [उपायः इति च] તે (અશરીર થવાનો) ઉપાય છે, [निरवयवः भवति] તેનાથી જીવ નિરવયવ (અર્થાત્ અશરીર) થાય છે [निरुक्तिः] આમ નિરુક્તિ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अवशस्य परमजिनयोगीश्वरस्य परमावश्यककर्मावश्यं भवतीत्यत्रोक्तम्।

यो हि योगी स्वात्मपरिग्रहादन्येषां पदार्थानां वशं न गतः, अत एव अवश इत्युक्तः, अवशस्य तस्य परमजिनयोगीश्वरस्य निश्चयधर्मध्यानात्मकपरमावश्यककर्मावश्यं भवतीति बोद्धव्यम्। निरवयवस्योपायो युक्तिः। अवयवः कायः, अस्याभावात् अवयवाभावः। अवशः परद्रव्याणां निरवयवो भवतीति निरुक्तिः व्युत्पत्तिश्चेति।

(मंदाक्रांता)

योगी कश्चित्स्वहितनिरतः शुद्धजीवास्तिकायाद्
अन्येषां यो न वश इति या संस्थितिः सा निरुक्तिः।
तस्मादस्य प्रहतदुरितध्वान्तपुंजस्य नित्यं
स्फूर्जज्ज्योतिःस्फुटितसहजावस्थयाऽमूर्तता स्यात् ॥२३९॥

---

**ટીકા :—**અહીં, ★અવશ પરમજિનયોગીશ્વરને પરમ આવશ્યક કર્મ જરૂર છે એમ કહ્યું છે.

જે યોગી નિજ આત્માના પરિગ્રહ સિવાય અન્ય પદાર્થોને વશ થતો નથી અને તેથી જ જેને 'અવશ' કહેવામાં આવે છે, તે અવશ પરમજિનયોગીશ્વરને નિશ્ચય-ધર્મધ્યાનસ્વરૂપ પરમ-આવશ્યક-કર્મ જરૂર છે એમ જાણવું. (તે પરમ-આવશ્યક-કર્મ) નિરવયવપણાનો ઉપાય છે, યુક્તિ છે. અવયવ એટલે કાય; તેનો (કાયનો) અભાવ તે અવયવનો અભાવ (અર્થાત્ નિરવયવપણું). પરદ્રવ્યોને અવશ જીવ નિરવયવ થાય છે (અર્થાત્ જે જીવ પરદ્રવ્યોને વશ થતો નથી તે અકાય થાય છે). આ પ્રમાણે નિરુક્તિ—વ્યુત્પત્તિ—છે.

[હવે આ ૧૪૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** કોઈ યોગી સ્વહિતમાં લીન રહેતો થકો શુદ્ધજીવાસ્તિકાય સિવાયના અન્ય પદાર્થોને વશ થતો નથી. આમ જે સુસ્થિત રહેવું તે નિરુક્તિ (અર્થાત્ અવશપણાનો વ્યુત્પત્તિ-અર્થ) છે. એમ કરવાથી (-પોતામાં લીન રહી પરને વશ નહિ

---

★ અવશ = પરને વશ ન હોય એવા; સ્વવશ; સ્વાધીન; સ્વતંત્ર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



वट्टदि जो सो समणो अण्णवसो होदि असुहभावेण।
तम्हा तस्स दु कम्मं आवस्सयलक्खणं ण हवे॥१४३॥

वर्तते यः स श्रमणोऽन्यवशो भवत्यशुभभावेन।
तस्मात्तस्य तु कर्मावश्यकलक्षणं न भवेत् ॥१४३॥

इह हि भेदोपचाररत्नत्रयपरिणतेर्जीवस्यावशत्वं न समस्तीत्युक्तम्।

अप्रशस्तरागाद्यशुभभावेन यः श्रमणाभासो द्रव्यलिङ्गी वर्तते स्वस्वरूपादन्येषां परद्रव्याणां वशो भूत्वा, ततस्तस्य जघन्यरत्नत्रयपरिणतेर्जीवस्य स्वात्माश्रयनिश्चयधर्मध्यान-लक्षणपरमावश्यककर्म न भवेदिति अशनार्थं द्रव्यलिङ्गं गृहीत्वा स्वात्मकार्यविमुखः सन् परमतपश्चरणादिकमप्युदास्य जिनेन्द्रमन्दिरं वा तत्क्षेत्रवास्तुधनधान्यादिकं वा सर्वमस्मदीयमिति मनश्चकारेति।

---

થવાથી) *દુરિતરૂપી તિમિરપુંજનો જેણે નાશ કર્યો છે એવા તે યોગીને સદા પ્રકાશમાન જ્યોતિ વડે સહજ અવસ્થા પ્રગટવાથી અમૂર્તપણું થાય છે. ૨૩૯.

વર્તે અશુભ પરિણામમાં, તે શ્રમણ છે વશ અન્યને;
તે કારણે આવશ્યકાત્મક કર્મ છે નહિ તેહને. ૧૪૩.

**અન્વયાર્થઃ**—[यः] જે [अशुभभावेन] અશુભ ભાવ સહિત [वर्तते] વર્તે છે, [सः श्रमणः] તે શ્રમણ [अन्यवशः भवति] અન્યવશ છે; [तस्मात्] તેથી [तस्य तु] તેને [आवश्यकलक्षणं कर्म] આવશ્યકસ્વરૂપ કર્મ [न भवेत्] નથી.

**ટીકાઃ**—અહીં, ભેદોપચાર-રત્નત્રયપરિણતિવાળા જીવને અવશપણું નથી એમ કહ્યું છે.

જે શ્રમણાભાસ–દ્રવ્યલિંગી અપ્રશસ્ત રાગાદિરૂપ અશુભભાવ સહિત વર્તે છે, તે નિજ સ્વરૂપથી અન્ય (–ભિન્ન) એવાં પરદ્રવ્યોને વશ છે; તેથી તે જઘન્ય રત્નત્રયપરિણતિવાળા જીવને સ્વાત્માશ્રિત નિશ્ચય-ધર્મધ્યાનસ્વરૂપ પરમ-આવશ્યક-કર્મ નથી. (તે શ્રમણાભાસ) ભોજન અર્થે દ્રવ્યલિંગ ગ્રહીને સ્વાત્મકાર્યથી વિમુખ રહેતો થકો પરમ તપશ્ચરણાદિ પ્રત્યે પણ ઉદાસીન (બેદરકાર) રહીને જિનેન્દ્રમંદિર અથવા તેનું ક્ષેત્ર, મકાન, ધન, ધાન્યાદિક બધું અમારું છે એમ બુદ્ધિ કરે છે.

---

★ દુરિત = દુષ્કૃત; દુષ્કર્મ. (પાપ તેમ જ પુણ્ય બન્ને ખરેખર દુરિત છે.)



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(मालिनी)

अभिनवमिदमुच्चैर्मोहनीयं मुनीनां
त्रिभुवनभुवनान्तर्ध्वांतपुंजायमानम्।
तृणगृहमपि मुक्त्वा तीव्रवैराग्यभावाद्
वसतिमनुपमां तामस्मदीयां स्मरन्ति॥२४०॥

(शार्दूलविक्रीडित)

कोपि क्वापि मुनिर्बभूव सुकृती काले कलावप्यलं
मिथ्यात्वादिकलंकपंकरहितः सद्धर्मरक्षामणिः।
सोऽयं संप्रति भूतले दिवि पुनर्देवैश्च संपूज्यते
मुक्तानेकपरिग्रहव्यतिकरः पापाटवीपावकः॥२४१॥

(शिखरिणी)

तपस्या लोकेस्मिन्निखिलसुधियां प्राणदयिता
नमस्या सा योग्या शतमखशतस्यापि सततम्।
परिप्राप्यैतां यः स्मरतिमिरसंसारजनितं
सुखं रेमे कश्चिद्बत कलिहतोऽसौ जडमतिः॥२४२॥

---

[હવે આ ૧૪૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ પાંચ શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** ત્રિલોકરૂપી મકાનમાં રહેલા (મહા) તિમિરપુંજ જેવું મુનિઓનું આ (કોઈ) નવું તીવ્ર મોહનીય છે કે (પહેલાં) તેઓ તીવ્ર વૈરાગ્યભાવથી ઘાસના ઘરને પણ છોડીને (પછી) 'અમારું તે અનુપમ ઘર!' એમ સ્મરણ કરે છે! ૨૪૦.

**[શ્લોકાર્થ :—]** કળિકાળમાં પણ ક્યાંક કોઈક ભાગ્યશાળી જીવ મિથ્યાત્વાદિરૂપ મળકાદવથી રહિત અને ★સદ્ધર્મરક્ષામણિ એવો સમર્થ મુનિ થાય છે. જેણે અનેક પરિગ્રહોના વિસ્તારને છોડ્યો છે અને જે પાપરૂપી અટવીને બાળનારો અગ્નિ છે તે આ મુનિ આ કાળે ભૂતળમાં તેમ જ દેવલોકમાં દેવોથી પણ સારી રીતે પૂજાય છે. ૨૪૧.

**[શ્લોકાર્થ :—]** આ લોકમાં તપશ્ચર્યા સમસ્ત સુબુદ્ધિઓને પ્રાણપ્યારી છે; તે યોગ્ય

---

★ સદ્ધર્મરક્ષામણિ = સદ્ધર્મની રક્ષા કરનારો મણિ. (રક્ષામણિ = આપત્તિઓથી અથવા પિશાચ વગેરેથી પોતાની જાતને બચાવવા માટે પહેરવામાં આવતો મણિ).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(आर्या)

अन्यवशः संसारी मुनिवेषधरोपि दुःखभाङ्नित्यम्।
स्ववशो जीवन्मुक्तः किंचिन्न्यूनो जिनेश्वरादेषः ॥२४३॥

(आर्या)

अत एव भाति नित्यं स्ववशो जिननाथमार्गमुनिवर्गे।
अन्यवशो भात्येवं भृत्यप्रकरेषु राजवल्लभवत् ॥२४४॥

**जो चरदि संजदो खलु सुहभावे सो हवेइ अण्णवसो।**
**तम्हा तस्स दु कम्मं आवासयलक्खणं ण हवे॥१४४॥**

**यश्चरति संयतः खलु शुभभावे स भवेदन्यवशः।**
**तस्मात्तस्य तु कर्मावश्यकलक्षणं न भवेत् ॥१४४॥**

---

તપશ્ચર્યા સો ઇન્દ્રોને પણ સતત વંદનીય છે. તેને પામીને જે કોઈ જીવ કામાન્ધકારયુક્ત સંસારથી જનિત સુખમાં રમે છે, તે જડમતિ અરેરે! કળિથી હણાયેલો છે (–કળિકાળથી ઈજા પામેલો છે). ૨૪૨.

[**શ્લોકાર્થ :—**] જે જીવ અન્યવશ છે તે ભલે મુનિવેશધારી હોય તોપણ સંસારી છે, નિત્ય દુઃખનો ભોગવનાર છે; જે જીવ સ્વવશ છે તે જીવન્મુક્ત છે, જિનેશ્વરથી કિંચિત્ ન્યૂન છે (અર્થાત્ તેનામાં જિનેશ્વરદેવ કરતાં જરાક જ ઊણપ છે). ૨૪૩.

[**શ્લોકાર્થ :—**] આમ હોવાથી જ જિનનાથના માર્ગને વિષે મુનિવર્ગમાં સ્વવશ મુનિ સદા શોભે છે; અને અન્યવશ મુનિ નોકરના સમૂહોમાં *રાજવલ્લભ નોકર સમાન શોભે છે (અર્થાત્ જેમ આવડત વિનાનો, ખુશામતિયો નોકર શોભતો નથી તેમ અન્યવશ મુનિ શોભતો નથી). ૨૪૪.

**સંયત રહી શુભમાં ચરે, તે શ્રમણ છે વશ અન્યને;**
**તે કારણે આવશ્યકાત્મક કર્મ છે નહિ તેહને. ૧૪૪.**

**અન્વયાર્થ :—**[**यः**] જે (જીવ) [**संयतः**] સંયત રહેતો થકો [**खलु**] ખરેખર [**शुभभावे**] શુભ ભાવમાં [**चरति**] ચરે—પ્રવર્તે છે, [**सः**] તે [**अन्यवशः भवेत्**] અન્યવશ

---

★ રાજવલ્લભ = (ખુશામતથી) રાજાનો માનીતો થયેલો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अत्राप्यन्यवशस्याशुद्धान्तरात्मजीवस्य लक्षणमभिहितम्।

यः खलु जिनेन्द्रवदनारविन्दविनिर्गतपरमाचारशास्त्रक्रमेण सदा संयतः सन् शुभोपयोगे चरति, व्यावहारिकधर्मध्यानपरिणतः अत एव चरणकरणप्रधानः, स्वाध्यायकालमवलोकयन् स्वाध्यायक्रियां करोति, दैनं दैनं भुक्त्वा भुक्त्वा चतुर्विधाहारप्रत्याख्यानं च करोति, तिसृषु संध्यासु भगवदर्हत्परमेश्वरस्तुतिशत-सहस्रमुखरमुखारविन्दो भवति, त्रिकालेषु च नियमपरायणः इत्यहोरात्रेऽप्येकादशक्रिया-तत्परः, पाक्षिकमासिकचातुर्मासिकसांवत्सरिकप्रतिक्रमणाकर्णनसमुपजनितपरितोषरोमांच-कंचुकितधर्मशरीरः, अनशनावमौदर्यरसपरित्यागवृत्तिपरिसंख्यानविविक्तशयनासनकाय-क्लेशाभिधानेषु षट्सु बाह्यतपस्सु च संततोत्साहपरायणः, स्वाध्यायध्यानशुभाचरणप्रच्युत-प्रत्यवस्थापनात्मकप्रायश्चित्तविनयवैयावृत्त्यव्युत्सर्गनामधेयेषु चाभ्यन्तरतपोनुष्ठानेषु च

---

છે; [तस्मात्] તેથી [तस्य तु] તેને [आवश्यकलक्षणं कर्म] આવશ્યકસ્વરૂપ કર્મ [न भवेत्] નથી.

**ટીકાઃ**—અહીં પણ (આ ગાથામાં પણ), અન્યવશ એવા અશુદ્ધ-અંતરાત્મજીવનું લક્ષણ કહ્યું છે.

જે (શ્રમણ) ખરેખર જિનેંદ્રના વદનારવિંદમાંથી નીકળેલા પરમ-આચારશાસ્ત્રના ક્રમથી (રીતથી) સદા સંયત રહેતો થકો શુભોપયોગમાં ચરે—પ્રવર્તે છે; વ્યાવહારિક ધર્મધ્યાનમાં પરિણત રહે છે તેથી જ ★ચરણકરણપ્રધાન છે; સ્વાધ્યાયકાળને અવલોકતો થકો (–સ્વાધ્યાયયોગ્ય કાળનું ધ્યાન રાખીને) સ્વાધ્યાયક્રિયા કરે છે, પ્રતિદિન ભોજન કરીને ચતુર્વિધ આહારનું પ્રત્યાખ્યાન કરે છે, ત્રણ સંધ્યાઓ વખતે (–સવારે, બપોરે ને સાંજે) ભગવાન અર્હત્ પરમેશ્વરની લાખો સ્તુતિ મુખકમળથી બોલે છે, ત્રણે કાળે નિયમપરાયણ રહે છે (અર્થાત્ ત્રણે વખતના નિયમોમાં તત્પર રહે છે),—એ રીતે અહર્નિશ (દિવસ-રાત થઈને) અગિયાર ક્રિયામાં તત્પર રહે છે; પાક્ષિક, માસિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણ સાંભળવાથી ઊપજેલા સંતોષથી જેનું ધર્મશરીર રોમાંચથી છવાઈ જાય છે; અનશન, અવમૌદર્ય, રસપરિત્યાગ, વૃત્તિપરિસંખ્યાન, વિવિક્ત શય્યાસન અને કાયક્લેશ નામનાં છ બાહ્ય તપમાં જે સતત ઉત્સાહપરાયણ રહે છે; સ્વાધ્યાય, ધ્યાન, શુભ આચરણથી ચ્યુત થતાં ફરી તેમાં સ્થાપનસ્વરૂપ પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ત્ય અને વ્યુત્સર્ગ નામનાં

---

★ ચરણકરણપ્રધાન = શુભ આચરણના પરિણામ જેને મુખ્ય છે એવો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कुशलबुद्धिः, किन्तु स निरपेक्षतपोधनः साक्षान्मोक्षकारणं स्वात्माश्रयावश्यककर्म निश्चयतः परमात्मतत्त्वविश्रान्तिरूपं निश्चयधर्मध्यानं शुक्लध्यानं च न जानीते, अतः परद्रव्यगतत्वादन्यवश इत्युक्तः। अस्य हि तपश्चरणनिरतचित्तस्यान्यवशस्य नाकलोकादिक्लेशपरंपरया शुभोपयोगफलात्मभिः प्रशस्तरागांगारैः पच्यमानः सन्नासन्न-भव्यतागुणोदये सति परमगुरुप्रसादासादितपरमतत्त्वश्रद्धानपरिज्ञानानुष्ठानात्मकशुद्ध-निश्चयरत्नत्रयपरिणत्या निर्वाणमुपयातीति।

(हरिणी)

त्यजतु सुरलोकादिक्लेशे रतिं मुनिपुंगवो<br>
भजतु परमानन्दं निर्वाणकारणकारणम्।<br>
सकलविमलज्ञानावासं निरावरणात्मकं<br>
सहजपरमात्मानं दूरं नयानयसंहतेः ॥२४५॥

---

અભ્યંતર તપના અનુષ્ઠાનમાં (આચરણમાં) જે કુશળબુદ્ધિવાળો છે; પરંતુ તે નિરપેક્ષ તપોધન સાક્ષાત્ મોક્ષના કારણભૂત સ્વાત્માશ્રિત આવશ્યક-કર્મને—નિશ્ચયથી પરમાત્મતત્ત્વમાં વિશ્રાંતિરૂપ નિશ્ચયધર્મધ્યાનને તથા શુક્લધ્યાનને—જાણતો નથી; તેથી પરદ્રવ્યમાં પરિણત હોવાથી તેને અન્યવશ કહેવામાં આવ્યો છે. જેનું ચિત્ત તપશ્ચરણમાં લીન છે એવો આ અન્યવશ શ્રમણ દેવલોકાદિના ક્લેશની પરંપરા પામવાથી શુભોપયોગના ફળસ્વરૂપ પ્રશસ્ત રાગરૂપી અંગારાઓથી શેકાતો થકો, આસન્નભવ્યતારૂપી ગુણનો ઉદય થતાં પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત પરમતત્ત્વનાં શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનસ્વરૂપ શુદ્ધ-નિશ્ચય-રત્નત્રયપરિણતિ વડે નિર્વાણને પામે છે (અર્થાત્ ક્યારેક શુદ્ધ-નિશ્ચય-રત્નત્રયપરિણતિને પ્રાપ્ત કરે તો જ અને ત્યારે જ નિર્વાણને પામે છે).

[હવે આ ૧૪૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

[**શ્લોકાર્થ :**—] મુનિવર દેવલોકાદિના ક્લેશ પ્રત્યે રતિ તજો અને *નિર્વાણના કારણનું કારણ એવા સહજપરમાત્માને ભજો—કે જે સહજપરમાત્મા પરમાનંદમય છે, સર્વથા નિર્મળ જ્ઞાનનું રહેઠાણ છે, નિરાવરણસ્વરૂપ છે અને નય-અનયના સમૂહથી (સુનયો તથા કુનયોના સમૂહથી) દૂર છે. ૨૪૫.

---

★ નિર્વાણનું કારણ પરમશુદ્ધોપયોગ છે અને પરમશુદ્ધોપયોગનું કારણ સહજપરમાત્મા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



दव्वगुणपज्जयाणं चित्तं जो कुणइ सो वि अण्णवसो।
मोहंधयारववगयसमणा कहयंति एरिसयं ।।१४५।।

द्रव्यगुणपर्यायाणां चित्तं यः करोति सोप्यन्यवशः।
मोहान्धकारव्यपगतश्रमणाः कथयन्तीदृशम् ।।१४५।।

अत्राप्यन्यवशस्य स्वरूपमुक्तम्।

यः कश्चिद् द्रव्यलिङ्गधारी भगवदर्हन्मुखारविन्दविनिर्गतमूलोत्तरपदार्थसार्थप्रतिपादनसमर्थः क्वचित् षण्णां द्रव्याणां मध्ये चित्तं धत्ते, क्वचित्तेषां मूर्तामूर्तचेतनाचेतनगुणानां मध्ये मनश्चकार, पुनस्तेषामर्थव्यंजनपर्यायाणां मध्ये बुद्धिं करोति, अपि तु त्रिकालनिरावरणनित्यानंदलक्षणनिजकारणसमयसारस्वरूपनिरतसहजज्ञानादिशुद्धगुणपर्यायाणामाधारभूतनिजात्मतत्त्वे चित्तं कदाचिदपि न योजयति, अत एव स तपोधनोऽप्यन्यवश इत्युक्तः।

---

જે ચિત્ત જોડે દ્રવ્ય-ગુણ-પર્યાયની ચિંતા વિષે,
તેનેય મોહવિહીન શ્રમણો અન્યવશ ભાખે અરે! ૧૪૫.

**અન્વયાર્થ :—[यः]** જે **[द्रव्यगुणपर्यायाणां]** દ્રવ્ય-ગુણ-પર્યાયોમાં (અર્થાત્ તેમના વિકલ્પોમાં) **[चित्तं करोति]** મન જોડે છે, **[सः अपि]** તે પણ **[अन्यवशः]** અન્યવશ છે; **[मोहान्धकारव्यपगतश्रमणाः]** મોહાન્ધકાર રહિત શ્રમણો **[ईदृशम्]** આમ **[कथयन्ति]** કહે છે.

**ટીકા :—**અહીં પણ અન્યવશનું સ્વરૂપ કહ્યું છે.

ભગવાન અર્હત્‌ના મુખારવિંદથી નીકળેલા (–કહેવાયેલા) મૂળ અને ઉત્તર પદાર્થોનું સાર્થ (–અર્થ સહિત) પ્રતિપાદન કરવામાં સમર્થ એવો જે કોઈ દ્રવ્યલિંગધારી (મુનિ) ક્યારેક છ દ્રવ્યોમાં ચિત્ત જોડે છે. ક્યારેક તેમના મૂર્ત-અમૂર્ત ચેતન-અચેતન ગુણોમાં મન જોડે છે અને વળી ક્યારેક તેમના અર્થપર્યાયો અને વ્યંજનપર્યાયોમાં બુદ્ધિ જોડે છે, પરંતુ ત્રિકાળ-નિરાવરણ, નિત્યાનંદ જેનું લક્ષણ છે એવા નિજકારણસમયસારના સ્વરૂપમાં લીન સહજજ્ઞાનાદિ શુદ્ધગુણપર્યાયોના આધારભૂત નિજ આત્મતત્ત્વમાં ચિત્ત ક્યારેય જોડતો નથી, તે તપોધનને પણ તે કારણે જ (અર્થાત્ પર વિકલ્પોને વશ થતો હોવાના કારણે જ) અન્યવશ કહેવામાં આવ્યો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



प्रध्वस्तदर्शनचारित्रमोहनीयकर्मध्वांतसंघाताः परमात्मतत्त्वभावनोत्पन्नवीतराग-सुखामृतपानोन्मुखाः श्रवणा हि महाश्रवणाः परमश्रुतकेवलिनः, ते खलु कथयन्तीदृशम् अन्यवशस्य स्वरूपमिति।

तथा चोक्तम्—

(अनुष्टुभ्)

''आत्मकार्यं परित्यज्य दृष्टादृष्टविरुद्धया।
यतीनां ब्रह्मनिष्ठानां किं तया परिचिन्तया॥''

तथा हि—

(अनुष्टुभ्)

यावच्चिन्तास्ति जन्तूनां तावद्भवति संसृतिः।
यथेंधनसनाथस्य स्वाहानाथस्य वर्धनम्॥२४६॥

---

જેમણે દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય કર્મરૂપી તિમિરસમૂહનો નાશ કર્યો છે અને પરમાત્મતત્ત્વની ભાવનાથી ઉત્પન્ન વીતરાગસુખામૃતના પાનમાં જે ઉન્મુખ (તત્પર) છે એવા શ્રમણો ખરેખર મહાશ્રમણો છે, પરમ શ્રુતકેવળીઓ છે; તેઓ ખરેખર અન્યવશનું આવું (-ઉપર કહ્યા પ્રમાણે) સ્વરૂપ કહે છે.

એવી રીતે (અન્યત્ર શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

''[**શ્લોકાર્થ :**—] આત્મકાર્યને છોડીને દૃષ્ટ તથા અદૃષ્ટથી વિરુદ્ધ એવી તે ચિંતાથી (-પ્રત્યક્ષ તથા પરોક્ષથી વિરુદ્ધ એવા વિકલ્પોથી) બ્રહ્મનિષ્ઠ યતિઓને શું પ્રયોજન છે?''

વળી (આ ૧૪૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—

[**શ્લોકાર્થ :**—] જેમ ઇન્ધનયુક્ત અગ્નિ વૃદ્ધિ પામે છે (અર્થાત્ જ્યાં સુધી ઇન્ધન છે ત્યાં સુધી અગ્નિની વૃદ્ધિ થાય છે), તેમ જ્યાં સુધી જીવોને ચિંતા (વિકલ્પો) છે ત્યાં સુધી સંસાર છે. ૨૪૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

परिचत्ता परभावं अप्पाणं झादि णिम्मलसहावं।
अप्पवसो सो होदि हु तस्स दु कम्मं भणंति आवासं॥१४६॥

परित्यज्य परभावं आत्मानं ध्यायति निर्मलस्वभावम्।
आत्मवशः स भवति खलु तस्य तु कर्म भणन्त्यावश्यम्॥१४६॥

अत्र हि साक्षात् स्ववशस्य परमजिनयोगीश्वरस्य स्वरूपमुक्तम्।

यस्तु निरुपरागनिरंजनस्वभावत्वादौदयिकादिपरभावानां समुदयं परित्यज्य कायकरणवाचामगोचरं सदा निरावरणत्वान्निर्मलस्वभावं निखिलदुरघवीरवैरिवाहिनीपताकालुंटाकं निजकारणपरमात्मानं ध्यायति स एवात्मवश इत्युक्तः। तस्याभेदानुपचाररत्नत्रयात्मकस्य निखिलबाह्यक्रियाकांडाडंबरविविधविकल्पमहाकोलाहलप्रतिपक्षमहानंदानंदप्रदनिश्चयधर्मशुक्लध्यानात्मकपरमावश्यककर्म भवतीति।

---

પરભાવ છોડી, આત્મને ધ્યાવે વિશુદ્ધસ્વભાવને,
છે આત્મવશ તે સાધુ, આવશ્યક કરમ છે તેહને. ૧૪૬.

**અન્વયાર્થ :**—[परभावं परित्यज्य] જે પરભાવને પરિત્યાગીને [निर्मलस्वभावम्] નિર્મળ સ્વભાવવાળા [आत्मानं] આત્માને [ध्यायति] ધ્યાવે છે, [सः खलु] તે ખરેખર [आत्मवशः भवति] આત્મવશ છે [तस्य तु] અને તેને [आवश्यम् कर्म] આવશ્યક કર્મ [भणन्ति] (જિનો) કહે છે.

**ટીકા :**—અહીં ખરેખર સાક્ષાત્ સ્વવશ પરમજિનયોગીશ્વરનું સ્વરૂપ કહ્યું છે.

જે (શ્રમણ) નિરુપરાગ નિરંજન સ્વભાવવાળો હોવાને લીધે ઔદયિકાદિ પરભાવોના સમુદાયને પરિત્યાગીને, નિજ કારણપરમાત્માને—કે જે (કારણપરમાત્મા) કાયા, ઇન્દ્રિય અને વાણીને અગોચર છે, સદા નિરાવરણ હોવાથી નિર્મળ સ્વભાવવાળો છે અને સમસ્ત *દુરઘરૂપી વીર શત્રુઓની સેનાના ધ્વજને લૂંટનારો છે તેને—ધ્યાવે છે, તેને જ (–તે શ્રમણને જ) આત્મવશ કહેવામાં આવ્યો છે. તે અભેદ-અનુપચારરત્નત્રયાત્મક શ્રમણને સમસ્ત બાહ્યક્રિયાકાંડ-આડંબરના વિવિધ વિકલ્પોના મહા કોલાહલથી પ્રતિપક્ષ +મહા-આનંદાનંદપ્રદ નિશ્ચયધર્મધ્યાન તથા નિશ્ચયશુક્લધ્યાનસ્વરૂપ પરમાવશ્યક-કર્મ છે.

---

★ દુરઘ = દુષ્ટ અઘ; દુષ્ટ પાપ. (અશુભ તેમ જ શુભ કર્મ બંને દુરઘ છે.)

+ પરમ આવશ્યક કર્મ નિશ્ચયધર્મધ્યાન તથા નિશ્ચયશુક્લધ્યાનસ્વરૂપ છે—કે જે ધ્યાનો મહા આનંદ-આનંદના દેનારાં છે. આ મહા આનંદ-આનંદ વિકલ્પોના મહા કોલાહલથી વિરુદ્ધ છે.

(पृथ्वी)

जयत्ययमुदारधीः स्ववशयोगिवृन्दारकः
प्रनष्टभवकारणः प्रहतपूर्वकर्मावलिः।
स्फुटोत्कटविवेकतः स्फुटितशुद्धबोधात्मिकां
सदाशिवमयां मुदा व्रजति सर्वथा निर्वृतिम्।।२४७।।

(अनुष्टुभ्)

प्रध्वस्तपंचबाणस्य पंचाचारांचिताकृतेः।
अवंचकगुरोर्वाक्यं कारणं मुक्तिसंपदः।।२४८।।

(अनुष्टुभ्)

इत्थं बुद्ध्वा जिनेन्द्रस्य मार्गं निर्वाणकारणम्।
निर्वाणसंपदं याति यस्तं वंदे पुनः पुनः।।२४९।।

(द्रुतविलंबित)

स्ववशयोगिनिकायविशेषक
प्रहतचारुवधूकनकस्पृह।
त्वमसि नश्शरणं भवकानने
स्मरकिरातशरक्षतचेतसाम्।।२५०।।

---

[હવે આ ૧૪૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ આઠ શ્લોકો કહે છે :]

**[શ્લોકાર્થ :—]** ઉદાર જેની બુદ્ધિ છે, ભવનું કારણ જેણે નષ્ટ કર્યું છે, પૂર્વ કર્માવલિ જેણે હણી નાખી છે અને સ્પષ્ટ ઉત્કટ વિવેક દ્વારા પ્રગટ-શુદ્ધબોધસ્વરૂપ સદાશિવમય સંપૂર્ણ મુક્તિને જે પ્રમોદથી પામે છે, તે આ સ્વવશ મુનિશ્રેષ્ઠ જયવંત છે. ૨૪૭.

**[શ્લોકાર્થ :—]** કામદેવનો જેમણે નાશ કર્યો છે અને (જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્યાત્મક) પંચાચારથી સુશોભિત જેમની આકૃતિ છે—એવા અવંચક (માયાચાર રહિત) ગુરુનું વાક્ય મુક્તિસંપદાનું કારણ છે. ૨૪૮.

**[શ્લોકાર્થ :—]** નિર્વાણનું કારણ એવો જે જિનેંદ્રનો માર્ગ તેને આ રીતે જાણીને જે નિર્વાણસંપદાને પામે છે, તેને હું ફરીફરીને વંદું છું. ૨૪૯.

**[શ્લોકાર્થ :—]** જેણે સુંદર સ્ત્રીની અને સુવર્ણની સ્પૃહાને નષ્ટ કરી છે એવા હે

૩૭

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(द्रुतविलंबित)

अनशनादितपश्चरणैः फलं
तनुविशोषणमेव न चापरम्।
तव पदांबुरुहद्वयचिंतया
स्ववश जन्म सदा सफलं मम॥२५१॥

(मालिनी)

जयति सहजतेजोराशिनिर्मग्नलोकः
स्वरसविसरपूरक्षालितांहः समंतात्।
सहजसमरसेनापूर्णपुण्यः पुराणः
स्ववशमनसि नित्यं संस्थितः शुद्धसिद्धः॥२५२॥

(अनुष्टुभ्)

सर्वज्ञवीतरागस्य स्ववशस्यास्य योगिनः।
न कामपि भिदां क्वापि तां विद्मो हा जडा वयम्॥२५३॥

(अनुष्टुभ्)

एक एव सदा धन्यो जन्मन्यस्मिन्महामुनिः।
स्ववशः सर्वकर्मभ्यो बहिस्तिष्ठत्यनन्यधीः॥२५४॥

---

યોગીસમૂહમાં શ્રેષ્ઠ સ્વવશ યોગી! તું અમારું—કામદેવરૂપી ભીલના તીરથી ઘવાયેલા ચિત્તવાળાનું—ભવરૂપી અરણ્યમાં શરણ છે. ૨૫૦.

**[શ્લોકાર્થ :—]** અનશનાદિ તપશ્ચરણોનું ફળ શરીરનું શોષણ (–સુકાવું) જ છે, બીજું નહિ. (પરંતુ) હે સ્વવશ! (હે આત્મવશ મુનિ!) તારા ચરણકમળયુગલના ચિંતનથી મારો જન્મ સદા સફળ છે. ૨૫૧.

**[શ્લોકાર્થ :—]** જેણે નિજ રસના વિસ્તારરૂપી પૂર વડે પાપને સર્વ તરફથી ધોઈ નાખ્યાં છે, જે સહજ સમતારસથી પૂર્ણ ભરેલો હોવાથી પવિત્ર છે, જે પુરાણ (સનાતન) છે, જે સ્વવશ મનમાં સદા સુસ્થિત છે (અર્થાત્ જે સદા મનને–ભાવને સ્વવશ કરીને બિરાજમાન છે) અને જે શુદ્ધ સિદ્ધ છે (અર્થાત્ જે શુદ્ધ સિદ્ધભગવાન સમાન છે)—એવો સહજ તેજરાશિમાં મગ્ન જીવ જયવંત છે. ૨૫૨.

**[શ્લોકાર્થ :—]** સર્વજ્ઞ-વીતરાગમાં અને આ સ્વવશ યોગીમાં ક્યારેય કાંઈ પણ ભેદ નથી; છતાં અરેરે! આપણે જડ છીએ કે તેમનામાં ભેદ ગણીએ છીએ. ૨૫૩.

**[શ્લોકાર્થ :—]** આ જન્મમાં સ્વવશ મહામુનિ એક જ સદા ધન્ય છે કે જે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

आवासं जइ इच्छसि अप्पसहावेसु कुणदि थिरभावं।
तेण दु सामण्णगुणं संपुण्णं होदि जीवस्स॥१४७॥

आवश्यकं यदीच्छसि आत्मस्वभावेषु करोषि स्थिरभावम्।
तेन तु सामायिकगुणं सम्पूर्णं भवति जीवस्य॥१४७॥

शुद्धनिश्चयावश्यकप्राप्त्युपायस्वरूपाख्यानमेतत्।

इह हि बाह्यषडावश्यकप्रपंचकल्लोलिनीकलकलध्वानश्रवणपराङ्मुख हे शिष्य शुद्धनिश्चयधर्मशुक्लध्यानात्मकस्वात्माश्रयावश्यकं संसारव्रततिमूललवित्रं यदीच्छसि, समस्तविकल्पजालविनिर्मुक्तनिरंजननिजपरमात्मभावेषु सहजज्ञानसहजदर्शनसहजचारित्रसहजसुखप्रमुखेषु सततनिश्चलस्थिरभावं करोषि, तेन हेतुना निश्चयसामायिकगुणे जाते मुमुक्षोर्जीवस्य बाह्यषडावश्यकक्रियाभिः किं जातम्, अप्यनुपादेयं फलमित्यर्थः। अतः परमावश्यकेन

---

અનન્યબુદ્ધિવાળો રહેતો થકો (–નિજાત્મા સિવાય અન્ય પ્રત્યે લીન નહિ થતો થકો) સર્વ કર્મોથી બહાર રહે છે. ૨૫૪.

આવશ્યકાર્થે તું નિજાત્મસ્વભાવમાં સ્થિરતા કરે;
તેનાથી સામાયિક તણો ગુણ પૂર્ણ થાયે જીવને. ૧૪૭.

**અન્વયાર્થ :—**[यदि] જો તું [आवश्यकम् इच्छसि] આવશ્યકને ઇચ્છે છે તો તું [आत्मस्वभावेषु] આત્મસ્વભાવોમાં [स्थिरभावम्] સ્થિરભાવ [करोषि] કરે છે; [तेन तु] તેનાથી [जीवस्य] જીવને [सामायिकगुणं] સામાયિકગુણ [सम्पूर्णं भवति] સંપૂર્ણ થાય છે.

**ટીકા :—**આ, શુદ્ધનિશ્ચય-આવશ્યકની પ્રાપ્તિનો જે ઉપાય તેના સ્વરૂપનું કથન છે.

બાહ્ય ષટ્-આવશ્યકપ્રપંચરૂપી નદીના કોલાહલના શ્રવણથી (–વ્યવહાર છ આવશ્યકના વિસ્તારરૂપી નદીના કકળાટના શ્રવણથી) પરાઙ્મુખ હે શિષ્ય! શુદ્ધનિશ્ચય-ધર્મધ્યાન તથા શુદ્ધનિશ્ચય-શુક્લધ્યાનસ્વરૂપ સ્વાત્માશ્રિત આવશ્યકને—કે જે સંસારરૂપી લતાના મૂળને છેદવાનો કુહાડો છે તેને—જો તું ઇચ્છે છે, તો તું સમસ્ત વિકલ્પજાળ રહિત નિરંજન નિજ પરમાત્માના ભાવોમાં—સહજ જ્ઞાન, સહજ દર્શન, સહજ ચારિત્ર અને સહજ સુખ વગેરેમાં—સતત-નિશ્ચળ સ્થિરભાવ કરે છે; તે હેતુથી (અર્થાત્ તે કારણ વડે) નિશ્ચયસામાયિકગુણ ઊપજતાં, મુમુક્ષુ જીવને બાહ્ય છ આવશ્યકક્રિયાઓથી શું ઊપજ્યું?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



निष्क्रियेण अपुनर्भवपुरन्ध्रिकासंभोगहासप्रवीणेन जीवस्य सामायिकचारित्रं सम्पूर्णं भवतीति।

तथा चोक्तं श्रीयोगीन्द्रदेवैः—

(मालिनी)

“यदि चलति कथञ्चिन्मानसं स्वस्वरूपाद्
भ्रमति बहिरतस्ते सर्वदोषप्रसङ्गः।
तदनवरतमंतर्मग्नसंविग्नचित्तो
भव भवसि भवान्तस्थायिधामाधिपस्त्वम्॥”

तथा हि—

(शार्दूलविक्रीडित)

यद्येवं चरणं निजात्मनियतं संसारदुःखापहं
मुक्तिश्रीललनासमुद्भवसुखस्योच्चैरिदं कारणम्।
बुद्ध्वेत्थं समयस्य सारमनघं जानाति यः सर्वदा
सोयं त्यक्तबहिःक्रियो मुनिपतिः पापाटवीपावकः॥२५५॥

---

[1]અનુપાદેય ફળ ઊપજ્યું એવો અર્થ છે. માટે અપુનર્ભવરૂપી (મુક્તિરૂપી) સ્ત્રીનાં સંભોગ અને હાસ્ય પ્રાપ્ત કરવામાં પ્રવીણ એવા નિષ્ક્રિય પરમ-આવશ્યકથી જીવને સામાયિકચારિત્ર સંપૂર્ણ થાય છે.

એવી રીતે (આચાર્યવર) શ્રી યોગીન્દ્રદેવે (અમૃતાશીતિમાં ૬૪મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

“[**શ્લોકાર્થ :—**] જો કોઈ પ્રકારે મન નિજ સ્વરૂપથી ચલિત થાય અને તેનાથી બહાર ભમે તો તને સર્વ દોષનો પ્રસંગ આવે છે, માટે તું સતત અંતર્મગ્ન અને [2]સંવિગ્ન ચિત્તવાળો થા કે જેથી તું મોક્ષરૂપી સ્થાયી ધામનો અધિપતિ થશે.”

વળી (આ ૧૪૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—

[**શ્લોકાર્થ :—**] જો એ રીતે (જીવને) સંસારદુઃખનાશક [3]નિજાત્મનિયત ચારિત્ર

---

૧ અનુપાદેય = હેય; નાપસંદ કરવા જેવું; નહિ વખાણવા જેવું.

૨ સંવિગ્ન = સંવેગી; વૈરાગી; વિરક્ત.

૩ નિજાત્મનિયત = નિજ આત્માને વળગેલું; નિજ આત્માને અવલંબતું; નિજાત્માશ્રિત; નિજ આત્મામાં એકાગ્ર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



आवासएण हीणो पब्भट्ठो होदि चरणदो समणो।
पुव्वुत्तकमेण पुणो तम्हा आवासयं कुज्जा॥१४८॥

आवश्यकेन हीनः प्रभ्रष्टो भवति चरणतः श्रमणः।
पूर्वोक्तक्रमेण पुनः तस्मादावश्यकं कुर्यात्॥१४८॥

अत्र शुद्धोपयोगाभिमुखस्य शिक्षणमुक्तम्।

अत्र व्यवहारनयेनापि समतास्तुतिवंदनाप्रत्याख्यानादिषडावश्यकपरिहीणः श्रमणश्चारित्रपरिभ्रष्ट इति यावत्, शुद्धनिश्चयेन परमाध्यात्मभाषयोक्तनिर्विकल्प-समाधिस्वरूपपरमावश्यकक्रियापरिहीणश्रमणो निश्चयचारित्रभ्रष्ट इत्यर्थः। पूर्वोक्तस्ववशस्य परमजिनयोगीश्वरस्य निश्चयावश्यकक्रमेण स्वात्माश्रयनिश्चयधर्मशुक्लध्यान-

---

હોય, તો તે ચારિત્ર મુક્તિશ્રીરૂપી (મુક્તિલક્ષ્મીરૂપી) સુંદરીથી ઉત્પન્ન થતા સુખનું અતિશયપણે કારણ થાય છે;—આમ જાણીને જે (મુનિવર) નિર્દોષ સમયના સારને સર્વદા જાણે છે, તે આ મુનિપતિ—કે જેણે બાહ્ય ક્રિયા છોડી છે તે—પાપરૂપી અટવીને બાળનારો અગ્નિ છે. ૨૫૫.

આવશ્યકે વિરહિત શ્રમણ ચારિત્રથી પ્રભ્રષ્ટ છે;
તેથી યથોક્ત પ્રકાર આવશ્યક કરમ કર્તવ્ય છે. ૧૪૮.

**અન્વયાર્થ :**—**[आवश्यकेन हीनः]** આવશ્યક રહિત **[श्रमणः]** શ્રમણ **[चरणतः]** ચરણથી **[प्रभ्रष्टः भवति]** પ્રભ્રષ્ટ (અતિ ભ્રષ્ટ) છે; **[तस्मात् पुनः]** અને તેથી **[पूर्वोक्तक्रमेण]** પૂર્વોક્ત ક્રમથી (પૂર્વે કહેલી વિધિથી) **[आवश्यकं कुर्यात्]** આવશ્યક કરવું.

**ટીકા :**—અહીં (આ ગાથામાં) શુદ્ધોપયોગસંમુખ જીવને શિખામણ કહી છે.

અહીં (આ લોકમાં) વ્યવહારનયે પણ, સમતા, સ્તુતિ, વંદના, પ્રત્યાખ્યાન વગેરે છ આવશ્યકથી રહિત શ્રમણ ચારિત્રપરિભ્રષ્ટ (ચારિત્રથી સર્વથા ભ્રષ્ટ) છે; શુદ્ધનિશ્ચયે, પરમ-અધ્યાત્મભાષાથી જેને નિર્વિકલ્પ-સમાધિસ્વરૂપ કહેવામાં આવે છે એવી પરમ આવશ્યક ક્રિયાથી રહિત શ્રમણ નિશ્ચયચારિત્રભ્રષ્ટ છે;—આમ અર્થ છે. (માટે) સ્વવશ પરમજિનયોગીશ્વરના નિશ્ચય-આવશ્યકનો જે ક્રમ પૂર્વે કહેવામાં આવ્યો છે તે ક્રમથી (–તે વિધિથી), સ્વાત્માશ્રિત એવાં નિશ્ચય-ધર્મધ્યાન અને નિશ્ચય-શુક્લધ્યાનસ્વરૂપે, પરમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

स्वरूपेण सदावश्यकं करोतु परममुनिरिति।

(मंदाक्रांता)

आत्मावश्यं सहजपरमावश्यकं चैकमेकं
कुर्यादुच्चैरघकुलहरं निर्वृतेर्मूलभूतम्।
सोऽयं नित्यं स्वरसविसरापूर्णपुण्यः पुराणः
वाचां दूरं किमपि सहजं शाश्वतं शं प्रयाति॥२५६॥

(अनुष्टुभ्)

स्ववशस्य मुनीन्द्रस्य स्वात्मचिन्तनमुत्तमम्।
इदं चावश्यकं कर्म स्यान्मूलं मुक्तिशर्मणः॥२५७॥

**आवासएण जुत्तो समणो सो होदि अंतरंगप्पा।**
**आवासयपरिहीणो समणो सो होदि बहिरप्पा॥१४९॥**

---

મુનિ સદા આવશ્યક કરો.

[હવે આ ૧૪૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** આત્માએ અવશ્ય માત્ર સહજ-પરમ-આવશ્યકને એકને જ—કે જે ★અઘસમૂહનું નાશક છે અને મુક્તિનું મૂળ (–કારણ) છે તેને જ—અતિશયપણે કરવું. (એમ કરવાથી,) સદા નિજ રસના ફેલાવથી પૂર્ણ ભરેલો હોવાને લીધે પવિત્ર અને પુરાણ (સનાતન) એવો તે આત્મા વાણીથી દૂર (વચન-અગોચર) એવા કોઈ સહજ શાશ્વત સુખને પામે છે. ૨૫૬.

**[શ્લોકાર્થ :—]** સ્વવશ મુનીંદ્રને ઉત્તમ સ્વાત્મચિંતન (નિજાત્માનુભવન) હોય છે; અને આ (નિજાત્માનુભવનરૂપ) આવશ્યક કર્મ (તેને) મુક્તિસૌખ્યનું કારણ થાય છે. ૨૫૭.

**આવશ્યકે સંયુક્ત યોગી અંતરાત્મા જાણવો;**
**આવશ્યકે વિરહિત શ્રમણ બહિરંગ આત્મા જાણવો. ૧૪૯.**

---

★ અઘ = દોષ; પાપ. (અશુભ તેમ જ શુભ બન્ને અઘ છે.)

आवश्यकेन युक्तः श्रमणः स भवत्यंतरंगात्मा।
आवश्यकपरिहीणः श्रमणः स भवति बहिरात्मा॥१४९॥

अत्रावश्यककर्माभावे तपोधनो बहिरात्मा भवतीत्युक्तः।

अभेदानुपचाररत्नत्रयात्मकस्वात्मानुष्ठाननियतपरमावश्यककर्मणानवरतसंयुक्तः स्ववशाभिधानपरमश्रमणः सर्वोत्कृष्टोऽन्तरात्मा, षोडशकषायाणामभावादयं क्षीणमोहपदवीं परिप्राप्य स्थितो महात्मा। असंयतसम्यग्दृष्टिर्जघन्यांतरात्मा। अनयोर्मध्यमाः सर्वे मध्यमान्तरात्मानः। निश्चयव्यवहारनयद्वयप्रणीतपरमावश्यकक्रियाविहीनो बहिरात्मेति।

उक्तं च मार्गप्रकाशे—

(अनुष्टुभ्)

''बहिरात्मान्तरात्मेति स्यादन्यसमयो द्विधा।
बहिरात्मानयोर्देहकरणाद्युदितात्मधीः॥''

---

**અન્વયાર્થ :—[आवश्यकेन युक्तः]** આવશ્યક સહિત **[श्रमणः]** શ્રમણ **[सः]** તે **[अंतरंगात्मा]** અંતરાત્મા **[भवति]** છે; **[आवश्यकपरिहीणः]** આવશ્યક રહિત **[श्रमणः]** શ્રમણ **[सः]** તે **[बहिरात्मा]** બહિરાત્મા **[भवति]** છે.

**ટીકા :—**અહીં, આવશ્યક કર્મના અભાવમાં તપોધન બહિરાત્મા હોય છે એમ કહ્યું છે.

અભેદ-અનુપચાર-રત્નત્રયાત્મક ★સ્વાત્માનુષ્ઠાનમાં નિયત પરમાવશ્યક-કર્મથી નિરંતર સંયુક્ત એવો જે 'સ્વવશ' નામનો પરમ શ્રમણ તે સર્વોત્કૃષ્ટ અંતરાત્મા છે; આ મહાત્મા સોળ કષાયોના અભાવ દ્વારા ક્ષીણમોહપદવીને પ્રાપ્ત કરીને સ્થિત છે. અસંયત સમ્યગ્દ્રષ્ટિ જઘન્ય અંતરાત્મા છે. આ બેની મધ્યમાં રહેલા સર્વે મધ્યમ અંતરાત્મા છે. નિશ્ચય અને વ્યવહાર એ બે નયોથી પ્રણીત જે પરમ આવશ્યક ક્રિયા તેનાથી જે રહિત હોય તે બહિરાત્મા છે.

શ્રી માર્ગપ્રકાશમાં પણ (બે શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

''[**શ્લોકાર્થ :—**] અન્યસમય (અર્થાત્ પરમાત્મા સિવાયના જીવો) બહિરાત્મા અને અંતરાત્મા એમ બે પ્રકારે છે; તેમાં બહિરાત્મા દેહ-ઇન્દ્રિય વગેરેમાં આત્મબુદ્ધિવાળો હોય છે.''

---

★ સ્વાત્માનુષ્ઠાન = નિજ આત્માનું આચરણ. (પરમ આવશ્યક કર્મ અભેદ-અનુપચાર-રત્નત્રયસ્વરૂપ સ્વાત્માચરણમાં નિયમથી રહેલું છે અર્થાત્ તે સ્વાત્માચરણ જ પરમ આવશ્યક કર્મ છે.)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(अनुष्टुभ्)

“जघन्यमध्यमोत्कृष्टभेदादविरतः सुदृक्।
प्रथमः क्षीणमोहोन्त्यो मध्यमो मध्यमस्तयोः।।”

तथा हि—

(मंदाक्रांता)

योगी नित्यं सहजपरमावश्यकर्मप्रयुक्तः
संसारोत्थप्रबलसुखदुःखाटवीदूरवर्ती।
तस्मात्सोऽयं भवति नितरामन्तरात्मात्मनिष्ठः
स्वात्मभ्रष्टो भवति बहिरात्मा बहिस्तत्त्वनिष्ठः।।२५८।।

**अंतरबाहिरजप्पे जो वट्टइ सो हवेइ बहिरप्पा।**
**जप्पेसु जो ण वट्टइ सो उच्चइ अंतरंगप्पा।।१५०।।**

अन्तरबाह्यजल्पे यो वर्तते स भवति बहिरात्मा।
जल्पेषु यो न वर्तते स उच्यतेऽन्तरंगात्मा।।१५०।।

---

“[**શ્લોકાર્થ :—**] અંતરાત્માના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એવા (ત્રણ) ભેદો છે; અવિરત સમ્યગ્દ્રષ્ટિ તે પહેલો (જઘન્ય) અંતરાત્મા છે, ક્ષીણમોહ તે છેલ્લો (ઉત્કૃષ્ટ) અંતરાત્મા છે અને તે બેની મધ્યમાં રહેલો તે મધ્યમ અંતરાત્મા છે.”

વળી (આ ૧૪૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—

[**શ્લોકાર્થ :—**] યોગી સદા સહજ પરમ આવશ્યક કર્મથી યુક્ત રહેતો થકો સંસારજનિત પ્રબળ સુખદુઃખરૂપી અટવીથી દૂરવર્તી હોય છે તેથી તે યોગી અત્યંત આત્મનિષ્ઠ અંતરાત્મા છે; જે સ્વાત્માથી ભ્રષ્ટ હોય તે બહિઃતત્ત્વનિષ્ઠ (બાહ્ય તત્ત્વમાં લીન) બહિરાત્મા છે. ૨૫૮.

**જે બાહ્ય-અંતર જલ્પમાં વર્તે, અરે! બહિરાત્મ છે;**
**જલ્પો વિષે વર્તે નહીં, તે અંતરાત્મા જીવ છે. ૧૫૦.**

**અન્વયાર્થ :—**[**यः**] જે [**अन्तरबाह्यजल्पे**] અંતર્બાહ્ય જલ્પમાં [**वर्तते**] વર્તે છે, [**सः**] તે [**बहिरात्मा**] બહિરાત્મા [**भवति**] છે; [**यः**] જે [**जल्पेषु**] જલ્પોમાં [**न वर्तते**] વર્તતો નથી, [**सः**] તે [**अन्तरंगात्मा**] અંતરાત્મા [**उच्यते**] કહેવાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



बाह्याभ्यन्तरजल्पनिरासोऽयम्।

यस्तु जिनलिंगधारी तपोधनाभासः पुण्यकर्मकांक्षया स्वाध्यायप्रत्याख्यान-स्तवनादिबहिर्जल्पं करोति, अशनशयनयानस्थानादिषु सत्कारादिलाभलोभस्सन्नन्तर्जल्पे मनश्चकारेति स बहिरात्मा जीव इति। स्वात्मध्यानपरायणस्सन् निरवशेषेणान्तर्मुखः प्रशस्ताप्रशस्तसमस्तविकल्पजालकेषु कदाचिदपि न वर्तते अत एव परमतपोधनः साक्षादंतरात्मेति।

तथा चोक्तं श्रीमदमृतचंद्रसूरिभिः—

(वसंततिलका)

''स्वेच्छासमुच्छलदनल्पविकल्पजाला-
मेवं व्यतीत्य महतीं नयपक्षकक्षाम्।
अन्तर्बहिः समरसैकरसस्वभावं
स्वं भावमेकमुपयात्यनुभूतिमात्रम्॥''

---

**ટીકા :—**આ, બાહ્ય તથા અંતર જલ્પનો નિરાસ (નિરાકરણ, ખંડન) છે.

જે જિનલિંગધારી તપોધનાભાસ પુણ્યકર્મની કાંક્ષાથી સ્વાધ્યાય, પ્રત્યાખ્યાન, સ્તવન વગેરે બહિર્જલ્પ કરે છે અને અશન, શયન, ગમન, સ્થિતિ વગેરેમાં (–ખાવું, સૂવું, ગમન કરવું, સ્થિર રહેવું ઈત્યાદિ કાર્યોમાં) સત્કારાદિની પ્રાપ્તિનો લોભી વર્તતો થકો અંતર્જલ્પમાં મનને જોડે છે, તે બહિરાત્મા જીવ છે. નિજ આત્માના ધ્યાનમાં પરાયણ વર્તતો થકો નિરવશેષપણે (સંપૂર્ણપણે) અંતર્મુખ રહીને (પરમ તપોધન) પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત વિકલ્પજાળોમાં ક્યારેય વર્તતો નથી તેથી જ પરમ તપોધન સાક્ષાત્ અંતરાત્મા છે.

એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૯૦મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

''[**શ્લોકાર્થ :—**] એ પ્રમાણે જેમાં બહુ વિકલ્પોની જાળો આપોઆપ ઊઠે છે એવી મોટી નયપક્ષકક્ષાને (નયપક્ષની ભૂમિને) ઓળંગી જઈને (તત્ત્વવેદી) અંદર અને બહાર સમતા-રસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે એવા અનુભૂતિમાત્ર એક પોતાના ભાવને (–સ્વરૂપને) પામે છે.''



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तथा हि—

(मंदाक्रांता)

मुक्त्वा जल्पं भवभयकरं बाह्यमाभ्यन्तरं च
स्मृत्वा नित्यं समरसमयं चिच्चमत्कारमेकम्।
ज्ञानज्योतिःप्रकटितनिजाभ्यन्तरांगान्तरात्मा
क्षीणे मोहे किमपि परमं तत्त्वमन्तर्ददर्श॥२५९॥

**जो धम्मसुक्कझाणम्हि परिणदो सो वि अंतरंगप्पा।**
**झाणविहीणो समणो बहिरप्पा इदि विजाणीहि॥१५१॥**

यो धर्मशुक्लध्यानयोः परिणतः सोप्यन्तरंगात्मा।
ध्यानविहीनः श्रमणो बहिरात्मेति विजानीहि॥१५१॥

अत्र स्वात्माश्रयनिश्चयधर्मशुक्लध्यानद्वितयमेवोपादेयमित्युक्तम्।

---

વળી (આ ૧૫૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે):—

[**શ્લોકાર્થ**:—] ભવભયના કરનારા, બાહ્ય તેમ જ અભ્યંતર જલ્પને છોડીને, સમરસમય (સમતારસમય) એક ચૈતન્યચમત્કારને સદા સ્મરીને, જ્ઞાનજ્યોતિ વડે જેણે નિજ અભ્યંતર અંગ પ્રગટ કર્યું છે એવો અંતરાત્મા, મોહ ક્ષીણ થતાં, કોઈ (અદ્‌ભુત) પરમ તત્ત્વને અંદરમાં દેખે છે. ૨૫૯.

**વળી ધર્મશુક્લધ્યાનપરિણત અંતરાત્મા જાણજે;**
**ને ધ્યાનવિરહિત શ્રમણને બહિરંગ આત્મા જાણજે. ૧૫૧.**

**અન્વયાર્થ**:—[**यः**] જે [**धर्मशुक्लध्यानयोः**] ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં [**परिणतः**] પરિણત છે [**सः अपि**] તે પણ [**अन्तरंगात्मा**] અંતરાત્મા છે; [**ध्यानविहीनः**] ધ્યાનવિહીન [**श्रमणः**] શ્રમણ [**बहिरात्मा**] બહિરાત્મા છે [**इति विजानीहि**] એમ જાણ.

**ટીકા**:—અહીં (આ ગાથામાં), સ્વાત્માશ્રિત નિશ્ચય-ધર્મધ્યાન અને નિશ્ચય-શુક્લધ્યાન એ બે ધ્યાનો જ ઉપાદેય છે એમ કહ્યું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



इह हि साक्षादन्तरात्मा भगवान् क्षीणकषायः। तस्य खलु भगवतः क्षीणकषायस्य षोडशकषायाणामंभावात् दर्शनचारित्रमोहनीयकर्मराजन्ये विलयं गते अत एव सहजचिद्विलासलक्षणमत्यपूर्वमात्मानं शुद्धनिश्चयधर्मशुक्लध्यानद्वयेन नित्यं ध्यायति। आभ्यां ध्यानाभ्यां विहीनो द्रव्यलिंगधारी द्रव्यश्रमणो बहिरात्मेति हे शिष्य त्वं जानीहि।

(वसंततिलका)

कश्चिन्मुनिः सततनिर्मलधर्मशुक्ल-
ध्यानामृते समरसे खलु वर्ततेऽसौ।
ताभ्यां विहीनमुनिको बहिरात्मकोऽयं
पूर्वोक्तयोगिनमहं शरणं प्रपद्ये॥२६०॥

किं च केवलं शुद्धनिश्चयनयस्वरूपमुच्यते—

(अनुष्टुभ्)

बहिरात्मान्तरात्मेति विकल्पः कुधियामयम्।
सुधियां न समस्त्येष संसाररमणीप्रियः॥२६१॥

---

અહીં (આ લોકમાં) ખરેખર સાક્ષાત્ અંતરાત્મા ભગવાન ક્ષીણકષાય છે. ખરેખર તે ભગવાન ક્ષીણકષાયને સોળ કષાયોનો અભાવ હોવાને લીધે દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય કર્મરૂપી યોદ્ધાઓનાં દળ નાશ પામ્યાં છે તેથી તે (ભગવાન ક્ષીણકષાય) ★સહજચિદ્‌વિલાસલક્ષણ અતિ-અપૂર્વ આત્માને શુદ્ધનિશ્ચય-ધર્મધ્યાન અને શુદ્ધનિશ્ચય-શુક્લધ્યાન એ બે ધ્યાનો વડે નિત્ય ધ્યાવે છે. આ બે ધ્યાનો વિનાનો દ્રવ્યલિંગધારી દ્રવ્યશ્રમણ બહિરાત્મા છે એમ હે શિષ્ય! તું જાણ.

[હવે અહીં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** કોઈ મુનિ સતત-નિર્મળ ધર્મશુક્લ-ધ્યાનામૃતરૂપી સમરસમાં ખરેખર વર્તે છે; (તે અંતરાત્મા છે;) એ બે ધ્યાનો વિનાનો તુચ્છ મુનિ તે બહિરાત્મા છે. હું પૂર્વોક્ત (સમરસી) યોગીનું શરણ ગ્રહું છું. ૨૬૦.

વળી (આ ૧૫૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ વડે શ્લોક દ્વારા) કેવળ શુદ્ધનિશ્ચયનયનું સ્વરૂપ કહેવામાં આવે છે :—

**[શ્લોકાર્થ :—]** (શુદ્ધ આત્મતત્ત્વને વિષે) બહિરાત્મા અને અંતરાત્મા એવો આ

---

★ સહજચિદ્‌વિલાસલક્ષણ = જેનું લક્ષણ (-ચિહ્ન અથવા સ્વરૂપ) સહજ ચૈતન્યનો વિલાસ છે એવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**पडिकमणपहुदिकिरियं कुव्वंतो णिच्छयस्स चारित्तं।**
**तेण दु विरागचरिए समणो अब्भुट्ठिदो होदि॥१५२॥**

**प्रतिक्रमणप्रभृतिक्रियां कुर्वन् निश्चयस्य चारित्रम्।**
**तेन तु विरागचरिते श्रमणोभ्युत्थितो भवति॥१५२॥**

परमवीतरागचारित्रस्थितस्य परमतपोधनस्य स्वरूपमत्रोक्तम्।

यो हि विमुक्तैहिकव्यापारः साक्षादपुनर्भवकांक्षी महामुमुक्षुः परित्यक्तसकलेन्द्रिय-व्यापारत्वान्निश्चयप्रतिक्रमणादिसत्क्रियां कुर्वन्नास्ते, तेन कारणेन स्वस्वरूपविश्रान्तिलक्षणे परमवीतरागचारित्रे स परमतपोधनस्तिष्ठति इति।

---

વિકલ્પ કુબુદ્ધિઓને હોય છે; સંસારરૂપી રમણીને પ્રિય એવો આ વિકલ્પ સુબુદ્ધિઓને હોતો નથી. ૨૬૧.

**પ્રતિક્રમણ આદિ ક્રિયા—ચરણ નિશ્ચય તણું—કરતો રહે,**
**તેથી શ્રમણ તે વીતરાગ ચરિત્રમાં આરૂઢ છે. ૧૫૨.**

**અન્વયાર્થ:**—[**प्रतिक्रमणप्रभृतिक्रियां**] પ્રતિક્રમણાદિ ક્રિયાને—[**निश्चयस्य चारित्रम्**] નિશ્ચયના ચારિત્રને—[**कुर्वन्**] (નિરંતર) કરતો રહે છે [**तेन तु**] તેથી [**श्रमणः**] તે શ્રમણ [**विरागचरिते**] વીતરાગ ચારિત્રમાં [**अभ्युत्थितः भवति**] આરૂઢ છે.

**ટીકા:**—અહીં પરમ વીતરાગ ચારિત્રમાં સ્થિત પરમ તપોધનનું સ્વરૂપ કહ્યું છે.

જેણે ઐહિક વ્યાપાર (સાંસારિક કાર્યો) તજેલ છે એવો જે સાક્ષાત્ અપુનર્ભવનો (મોક્ષનો) અભિલાષી મહામુમુક્ષુ સકળ ઇન્દ્રિયવ્યાપારને છોડ્યો હોવાથી નિશ્ચય-પ્રતિક્રમણાદિ સત્ક્રિયાને કરતો સ્થિત છે (અર્થાત્ નિરંતર કરે છે), તે પરમ તપોધન તે કારણે નિજસ્વરૂપવિશ્રાંતિલક્ષણ પરમવીતરાગ-ચારિત્રમાં સ્થિત છે (અર્થાત્ તે પરમ શ્રમણ, નિશ્ચયપ્રતિક્રમણાદિ નિશ્ચયચારિત્રમાં સ્થિત હોવાને લીધે, જેનું લક્ષણ નિજ સ્વરૂપમાં વિશ્રાંતિ છે એવા પરમવીતરાગ ચારિત્રમાં સ્થિત છે).

[હવે આ ૧૫૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(मंदाक्रांता)

आत्मा तिष्ठत्यतुलमहिमा नष्टदृक्शीलमोहो
यः संसारोद्भवसुखकरं कर्म मुक्त्वा विमुक्तेः।
मूले शीले मलविरहिते सोऽयमाचारराशिः
तं वंदेऽहं समरससुधासिन्धुराकाशशांकम्॥२६२॥

**वयणमयं पडिकमणं वयणमयं पच्चखाण णियमं च।**
**आलोयण वयणमयं तं सव्वं जाण सज्झायं॥१५३॥**

**वचनमयं प्रतिक्रमणं वचनमयं प्रत्याख्यानं नियमश्च।**
**आलोचनं वचनमयं तत्सर्वं जानीहि स्वाध्यायम्॥१५३॥**

सकलवाग्विषयव्यापारनिरासोऽयम्।

पाक्षिकादिप्रतिक्रमणक्रियाकारणं निर्यापकाचार्यमुखोद्गतं समस्तपापक्षयहेतुभूतं द्रव्यश्रुतमखिलं वाग्वर्गणायोग्यपुद्गलद्रव्यात्मकत्वान्न ग्राह्यं भवति, प्रत्याख्यान-

---

[શ્લોકાર્થઃ—] દર્શનમોહ અને ચારિત્રમોહ જેના નષ્ટ થયા છે એવો જે અતુલ મહિમાવાળો આત્મા સંસારજનિત સુખના કારણભૂત કર્મને છોડીને મુક્તિનું મૂળ એવા મળરહિત ચારિત્રમાં સ્થિત છે, તે આત્મા ચારિત્રનો પુંજ છે. સમરસરૂપી સુધાના સાગરને ઉછાળવામાં પૂર્ણ ચંદ્ર સમાન તે આત્માને હું વંદું છું. ૨૬૨.

**રે! વચનમય પ્રતિક્રમણ, નિયમો, વચનમય પચખાણ જે,**
**જે વચનમય આલોચના, સઘળુંય તે સ્વાધ્યાય છે. ૧૫૩.**

**અન્વયાર્થઃ**—[वचनमयं प्रतिक्रमणं] વચનમય પ્રતિક્રમણ, [वचनमयं प्रत्याख्यानं] વચનમય પ્રત્યાખ્યાન, [नियमः] (વચનમય) નિયમ [च] અને [वचनमयम् आलोचनं] વચનમય આલોચના—[तत् सर्वं] એ બધું [स्वाध्यायम्] (પ્રશસ્ત અધ્યવસાયરૂપ) સ્વાધ્યાય [जानीहि] જાણ.

**ટીકાઃ**—આ, સમસ્ત વચનસંબંધી વ્યાપારનો નિરાસ (નિરાકરણ, ખંડન) છે.

પાક્ષિક આદિ પ્રતિક્રમણક્રિયાનું કારણ એવું જે નિર્યાપક આચાર્યના મુખથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



नियमालोचनाश्च। पौद्गलिकवचनमयत्वात्तत्सर्वं स्वाध्यायमिति रे शिष्य त्वं जानीहि इति।

(मंदाक्रांता)

मुक्त्वा भव्यो वचनरचनां सर्वदातः समस्तां
निर्वाणस्त्रीस्तनभरयुगाश्लेषसौख्यस्पृहाढ्यः।
नित्यानंदाद्यतुलमहिमाधारके स्वस्वरूपे
स्थित्वा सर्वं तृणमिव जगज्जालमेको ददर्श॥२६३॥

तथा चोक्तम्—

''परियट्टणं च वायण पुच्छण अणुपेक्खणा य धम्मकहा।
थुदिमंगलसंजुत्तो पंचविहो होदि सज्झाउ॥''

---

નીકળેલું, સમસ્ત પાપક્ષયના હેતુભૂત, સઘળું દ્રવ્યશ્રુત તે વચનવર્ગણાયોગ્ય પુદ્ગલદ્રવ્યાત્મક હોવાથી ગ્રાહ્ય નથી. પ્રત્યાખ્યાન, નિયમ અને આલોચના પણ (પુદ્ગલદ્રવ્યાત્મક હોવાથી) ગ્રહણ કરવાયોગ્ય નથી. તે બધું પૌદ્ગલિક વચનમય હોવાથી સ્વાધ્યાય છે એમ હે શિષ્ય! તું જાણ.

[હવે અહીં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** આમ હોવાથી, મુક્તિરૂપી સ્ત્રીના પુષ્ટ સ્તનયુગલના આલિંગન-સૌખ્યની સ્પૃહાવાળો ભવ્ય જીવ સમસ્ત વચનરચનાને સર્વદા છોડીને, નિત્યાનંદ આદિ અતુલ મહિમાના ધારક નિજસ્વરૂપમાં સ્થિત રહીને, એકલો (નિરાલંબપણે) સર્વ જગતજાળને (સમસ્ત લોકસમૂહને) તૃણ સમાન (તુચ્છ) દેખે છે. ૨૬૩.

એવી રીતે (શ્રી મૂલાચારમાં પંચાચાર અધિકારને વિષે ૨૧૯મી ગાથા દ્વારા) કહ્યું છે કે :—

''**[ગાથાર્થ :—]** પરિવર્તન (ભણેલું પાછું ફેરવી જવું તે), વાચના (શાસ્ત્ર-વ્યાખ્યાન), પૃચ્છના (શાસ્ત્રશ્રવણ), અનુપ્રેક્ષા (અનિત્યત્વાદિ બાર અનુપ્રેક્ષા) અને ધર્મકથા (૬૩ શલાકાપુરુષોનાં ચરિત્રો)—આમ પાંચ પ્રકારનો, ★સ્તુતિ તથા મંગળ સહિત, સ્વાધ્યાય છે.''

---

★ સ્તુતિ = દેવ અને મુનિને વંદન. (ધર્મકથા, સ્તુતિ અને મંગળ થઈને સ્વાધ્યાયનો પાંચમો પ્રકાર ગણાય છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जदि सक्कदि कादुं जे पडिकमणादिं करेज्ज झाणमयं।
सत्तिविहीणो जा जइ सद्दहणं चेव कायव्वं॥१५४॥

यदि शक्यते कर्तुम् अहो प्रतिक्रमणादिकं करोषि ध्यानमयम्।
शक्तिविहीनो यावद्यदि श्रद्धानं चैव कर्तव्यम्॥१५४॥

अत्र शुद्धनिश्चयधर्मध्यानात्मकप्रतिक्रमणादिकमेव कर्तव्यमित्युक्तम्।

मुक्तिसुंदरीप्रथमदर्शनप्राभृतात्मकनिश्चयप्रतिक्रमणप्रायश्चित्तप्रत्याख्यानप्रमुखशुद्धनिश्चय-क्रियाश्चैव कर्तव्याः संहननशक्तिप्रादुर्भावे सति हंहो मुनिशार्दूल परमागममकरंदनिष्यन्दि-मुखपद्मप्रभ सहजवैराग्यप्रासादशिखरशिखामणे परद्रव्यपराङ्मुखस्वद्रव्यनिष्णातबुद्धे पञ्चेन्द्रिय-प्रसरवर्जितगात्रमात्रपरिग्रह। शक्तिहीनो यदि दग्धकालेऽकाले केवलं त्वया निजपरमात्म-तत्त्वश्रद्धानमेव कर्तव्यमिति।

---

કરી જો શકે, પ્રતિક્રમણ આદિ ધ્યાનમય કરજે અહો!
કર્તવ્ય છે શ્રદ્ધા જ, શક્તિવિહીન જો તું હોય તો. ૧૫૪.

**અન્વયાર્થ :**—[यदि] જો [कर्तुम् शक्यते] કરી શકાય તો [अहो] અહો! [ध्यानमयम्] ધ્યાનમય [प्रतिक्रमणादिकं] પ્રતિક્રમણાદિ [करोषि] કર; [यदि] જો [शक्तिविहीनः] તું શક્તિવિહીન હોય તો [यावत्] ત્યાં સુધી [श्रद्धानं च एव] શ્રદ્ધાન જ [कर्तव्यम्] કર્તવ્ય છે.

**ટીકા :**—અહીં, શુદ્ધનિશ્ચયધર્મધ્યાનસ્વરૂપ પ્રતિક્રમણ વગેરે જ કરવાયોગ્ય છે એમ કહ્યું છે.

સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરના શિખામણિ, પરદ્રવ્યથી પરાઙ્મુખ અને સ્વદ્રવ્યમાં નિષ્ણાત બુદ્ધિવાળા, પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર પરિગ્રહના ધારી, પરમાગમરૂપી ★મકરંદ ઝરતા મુખકમળથી શોભાયમાન હે મુનિશાર્દૂલ! (અથવા પરમાગમરૂપી મકરંદ ઝરતા મુખવાળા હે પદ્મપ્રભ મુનિશાર્દૂલ!) સંહનન અને શક્તિનો +પ્રાદુર્ભાવ હોય તો મુક્તિસુંદરીના પ્રથમ દર્શનની ભેટસ્વરૂપ નિશ્ચયપ્રતિક્રમણ, નિશ્ચયપ્રાયશ્ચિત્ત, નિશ્ચયપ્રત્યાખ્યાન વગેરે શુદ્ધનિશ્ચયક્રિયાઓ જ કર્તવ્ય છે. જો આ

---

★ મકરંદ = પુષ્પ-રસ; ફૂલનું મધ.

+ પ્રાદુર્ભાવ = પેદા થવું તે; પ્રાકટ્ય; ઉત્પત્તિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(शिखरिणी)

असारे संसारे कलिविलसिते पापबहुले
न मुक्तिर्मार्गेऽस्मिन्ननघजिननाथस्य भवति।
अतोऽध्यात्मं ध्यानं कथमिह भवेन्निर्मलधियां
निजात्मश्रद्धानं भवभयहरं स्वीकृतमिदम् ।।२६४।।

**जिणकहियपरमसुत्ते पडिकमणादिय परीक्खऊण फुडं।**
**मोणव्वएण जोई णियकज्जं साहए णिच्चं ।।१५५।।**

जिनकथितपरमसूत्रे प्रतिक्रमणादिकं परीक्षयित्वा स्फुटम्।
मौनव्रतेन योगी निजकार्यं साधयेन्नित्यम् ।।१५५।।

इह हि साक्षादन्तर्मुखस्य परमजिनयोगिनः शिक्षणमिदमुक्तम्।

---

દગ્ધકાળરૂપ (હીનકાળરૂપ) અકાળમાં તું શક્તિહીન હો તો તારે કેવળ નિજ પરમાત્મતત્ત્વનું શ્રદ્ધાન જ કર્તવ્ય છે.

[હવે આ ૧૫૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** અસાર સંસારમાં, પાપથી ભરપૂર કળિકાળનો વિલાસ હોતાં, આ નિર્દોષ જિનનાથના માર્ગને વિષે મુક્તિ નથી. માટે આ કાળમાં અધ્યાત્મધ્યાન કેમ થઈ શકે? તેથી નિર્મળબુદ્ધિવાળાઓ ભવભયનો નાશ કરનારી એવી આ નિજાત્મશ્રદ્ધાને અંગીકૃત કરે છે. ૨૬૪.

**પ્રતિક્રમણ-આદિ સ્પષ્ટ પરખી જિન-પરમસૂત્રો વિષે,**
**મુનિએ નિરંતર મૌનવ્રત સહ સાધવું નિજ કાર્યને. ૧૫૫.**

**અન્વયાર્થ :—[जिनकथितपरमसूत्रे]** જિનકથિત પરમ સૂત્રને વિષે **[प्रतिक्रमणादिकं स्फुटम् परीक्षयित्वा]** પ્રતિક્રમણાદિકની સ્પષ્ટ પરીક્ષા કરીને **[मौनव्रतेन]** મૌનવ્રત સહિત **[योगी]** યોગીએ **[निजकार्यम्]** નિજ કાર્યને **[नित्यम्]** નિત્ય **[साधयेत्]** સાધવું.

**ટીકા :—**અહીં સાક્ષાત્ અંતર્મુખ પરમજિનયોગીને આ શિખામણ દેવામાં આવી છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



श्रीमदर्हन्मुखारविन्दविनिर्गतसमस्तपदार्थगर्भीकृतचतुरसन्दर्भे द्रव्यश्रुते शुद्धनिश्चयनयात्मकपरमात्मध्यानात्मकप्रतिक्रमणप्रभृतिसत्क्रियां बुद्ध्वा केवलं स्वकार्यपरः परमजिनयोगीश्वरः प्रशस्ताप्रशस्तसमस्तवचनरचनां परित्यज्य निखिलसंगव्यासंगं मुक्त्वा चैकाकीभूय मौनव्रतेन सार्धं समस्तपशुजनैः निंद्यमानोऽप्यभिन्नः सन् निजकार्यं निर्वाणवामलोचनासंभोगसौख्यमूलमनवरतं साधयेदिति।

(मंदाक्रांता)

हित्वा भीतिं पशुजनकृतां लौकिकीमात्मवेदी
शस्ताशस्तां वचनरचनां घोरसंसारकर्त्रीम्।
मुक्त्वा मोहं कनकरमणीगोचरं चात्मनात्मा
स्वात्मन्येव स्थितिमविचलां याति मुक्त्यै मुमुक्षुः ॥२६५॥

(वसंततिलका)

भीतिं विहाय पशुभिर्मनुजैः कृतां तं
मुक्त्वा मुनिः सकललौकिकजल्पजालम्।
आत्मप्रवादकुशलः परमात्मवेदी
प्राप्नोति नित्यसुखदं निजतत्त्वमेकम् ॥२६६॥

---

શ્રીમદ્ અર્હત્‌ના મુખારવિંદથી નીકળેલ સમસ્ત પદાર્થો જેની અંદર સમાયેલ છે એવી ચતુરશબ્દરચનારૂપ દ્રવ્યશ્રુતને વિષે શુદ્ધનિશ્ચયનયાત્મક પરમાત્મધ્યાનસ્વરૂપ પ્રતિક્રમણાદિ સત્ક્રિયાને જાણીને, કેવળ સ્વકાર્યમાં પરાયણ પરમજિનયોગીશ્વરે પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત વચનરચનાને પરિત્યાગીને, સર્વ સંગની આસક્તિને છોડી એકલો થઈને, મૌનવ્રત સહિત, સમસ્ત પશુજનો (પશુ સમાન અજ્ઞાની મૂર્ખ મનુષ્યો) વડે નિંદવામાં આવતો હોવા છતાં ★અભિન્ન રહીને, નિજકાર્યને—કે જે નિજકાર્ય નિર્વાણરૂપી સુલોચનાના સંભોગસૌખ્યનું મૂળ છે તેને—નિરંતર સાધવું.

[હવે આ ૧૫૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :]

[**શ્લોકાર્થ :—**] આત્મજ્ઞાની મુમુક્ષુ જીવ પશુજનકૃત લૌકિક ભયને તેમ જ ઘોર સંસારની કરનારી પ્રશસ્ત-અપ્રશસ્ત વચનરચનાને છોડીને તથા કનક-કામિની સંબંધી મોહને તજીને, મુક્તિને માટે પોતે પોતાનાથી પોતાનામાં જ અવિચળ સ્થિતિને પામે છે. ૨૬૫.

[**શ્લોકાર્થ :—**] આત્મપ્રવાદમાં (આત્મપ્રવાદ નામના શ્રુતમાં) કુશળ એવો

---

★ અભિન્ન = છિન્નભિન્ન થયા વગરનો; અખંડિત; અચ્યુત.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



णाणाजीवा णाणाकम्मं णाणाविहं हवे लद्धी।
तम्हा वयणविवादं सगपरसमएहिं वज्जिज्जो॥१५६॥

नानाजीवा नानाकर्म नानाविधा भवेल्लब्धिः।
तस्माद्वचनविवादः स्वपरसमयैर्वर्जनीयः ॥१५६॥

वाग्विषयव्यापारनिवृत्तिहेतूपन्यासोऽयम्।

जीवा हि नानाविधाः मुक्ता अमुक्ताः, भव्या अभव्याश्च। संसारिणः त्रसाः स्थावराः; द्वीन्द्रियत्रीन्द्रियचतुरिन्द्रियसंज्ञ्यसंज्ञिभेदात् पंच त्रसाः, पृथिव्यप्तेजोवायुवनस्पतयः स्थावराः। भाविकाले स्वभावानन्तचतुष्टयात्मसहजज्ञानादिगुणैः भवनयोग्या भव्याः, एतेषां विपरीता

---

પરમાત્મજ્ઞાની મુનિ પશુજનો વડે કરવામાં આવતા ભયને છોડીને અને પેલી (પ્રસિદ્ધ) સકળ લૌકિક જલ્પજાળને (વચનસમૂહને) તજીને, શાશ્વતસુખદાયક એક નિજ તત્ત્વને પામે છે. ૨૬૬.

છે જીવ વિધવિધ, કર્મ વિધવિધ, લબ્ધિ છે વિધવિધ અરે!
તે કારણે નિજપરસમય સહ વાદ પરિહર્તવ્ય છે. ૧૫૬.

**અન્વયાર્થ :—**[**नानाजीवाः**] નાના પ્રકારના જીવો છે, [**नानाकर्म**] નાના પ્રકારનું કર્મ છે, [**नानाविधा लब्धिः भवेत्**] નાના પ્રકારની લબ્ધિ છે; [**तस्मात्**] તેથી [**स्वपरसमयैः**] સ્વસમયો અને પરસમયો સાથે (સ્વધર્મીઓ અને પરધર્મીઓ સાથે) [**वचनविवादः**] વચનવિવાદ [**वर्जनीयः**] વર્જવાયોગ્ય છે.

**ટીકા :—**આ, વચનસંબંધી વ્યાપારની નિવૃત્તિના હેતુનું કથન છે (અર્થાત્ વચનવિવાદ શા માટે છોડવાયોગ્ય છે તેનું કારણ અહીં કહ્યું છે).

જીવો નાના પ્રકારના છે : મુક્ત અને અમુક્ત, ભવ્ય અને અભવ્ય, સંસારીઓ—ત્રસ અને સ્થાવર. દ્વીંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય તથા (પંચેંદ્રિય) સંજ્ઞી ને (પંચેંદ્રિય) અસંજ્ઞી એવા ભેદોને લીધે ત્રસ જીવો પાંચ પ્રકારના છે. પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને વનસ્પતિ એ (પાંચ પ્રકારના) સ્થાવર જીવો છે. ભવિષ્ય કાળે સ્વભાવ-અનંત-ચતુષ્ટયાત્મક સહજ-જ્ઞાનાદિ ગુણોરૂપે *ભવનને યોગ્ય (જીવો) તે ભવ્યો છે; આમનાથી વિપરીત (જીવો) તે

---

★ ભવન = પરિણમન; થવું તે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ह्यभव्याः। कर्म नानाविधं द्रव्यभावनोकर्मभेदात्, अथवा मूलोत्तरप्रकृतिभेदाच्च, अथ तीव्रतरतीव्रमंदमंदतरोदयभेदाद्वा। जीवानां सुखादिप्राप्तेर्लब्धिः कालकरणोपदेशोपशम-प्रायोग्यताभेदात् पञ्चधा। ततः परमार्थविद्भिः स्वपरसमयेषु वादो न कर्तव्य इति।

(शिखरिणी)

विकल्पो जीवानां भवति बहुधा संसृतिकरः
तथा कर्मानेकविधमपि सदा जन्मजनकम्।
असौ लब्धिर्नाना विमलजिनमार्गे हि विदिता
ततः कर्तव्यं नो स्वपरसमयैर्वादवचनम्॥२६७॥

**लद्धूणं णिहि एक्को तस्स फलं अणुहवेइ सुजणत्ते।**
**तह णाणी णाणणिहिं भुंजेइ चइत्तु परतत्तिं॥१५७॥**

---

ખરેખર અભવ્યો છે. દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ એવા ભેદોને લીધે, અથવા (આઠ) મૂળ પ્રકૃતિ અને (એક સો ને અડતાળીસ) ઉત્તર પ્રકૃતિરૂપ ભેદોને લીધે, અથવા તીવ્રતર, તીવ્ર, મંદ ને મંદતર ઉદયભેદોને લીધે, કર્મ નાના પ્રકારનું છે. જીવોને સુખાદિની પ્રાપ્તિરૂપ લબ્ધિ કાળ, કરણ, ઉપદેશ, ઉપશમ અને પ્રાયોગ્યતારૂપ ભેદોને લીધે પાંચ પ્રકારની છે. માટે પરમાર્થના જાણનારાઓએ સ્વસમયો અને પરસમયો સાથે વાદ કરવાયોગ્ય નથી.

[**ભાવાર્થ :**—જગતમાં જીવો, તેમનાં કર્મ, તેમની લબ્ધિઓ વગેરે અનેક પ્રકારનાં છે; તેથી સર્વ જીવો સમાન વિચારના થાય તે બનવું અસંભવિત છે. માટે પર જીવોને સમજાવી દેવાની આકુળતા કરવી યોગ્ય નથી. સ્વાત્માવલંબનરૂપ નિજ હિતમાં પ્રમાદ ન થાય એમ રહેવું એ જ કર્તવ્ય છે.]

[હવે આ ૧૫૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

[**શ્લોકાર્થ :**—] જીવોના, સંસારના કારણભૂત એવા (ત્રસ, સ્થાવર વગેરે) બહુ પ્રકારના ભેદો છે; એવી રીતે સદા જન્મનું ઉત્પન્ન કરનારું કર્મ પણ અનેક પ્રકારનું છે; આ લબ્ધિ પણ વિમળ જિનમાર્ગમાં અનેક પ્રકારની પ્રસિદ્ધ છે; માટે સ્વસમયો અને પરસમયો સાથે વચનવિવાદ કર્તવ્ય નથી. ૨૬૭.

**નિધિ પામીને જન કોઈ નિજ વતને રહી ફળ ભોગવે,**
**ત્યમ જ્ઞાની પરજનસંગ છોડી જ્ઞાનનિધિને ભોગવે. ૧૫૭.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



लब्ध्वा निधिमेकस्तस्य फलमनुभवति सुजनत्वेन।
तथा ज्ञानी ज्ञाननिधिं भुंक्ते त्यक्त्वा परततिम्॥१५७॥

अत्र दृष्टान्तमुखेन सहजतत्त्वाराधनाविधिरुक्तः।

कश्चिदेको दरिद्रः क्वचित् कदाचित् सुकृतोदयेन निधिं लब्ध्वा तस्य निधेः फलं हि सौजन्यं जन्मभूमिरिति रहस्ये स्थाने स्थित्वा अतिगूढवृत्त्यानुभवति इति दृष्टान्तपक्षः। दार्ष्टान्तपक्षेऽपि सहजपरमतत्त्वज्ञानी जीवः क्वचिदासन्नभव्यस्य गुणोदये सति सहजवैराग्यसम्पत्तौ सत्यां परमगुरुचरणनलिनयुगलनिरतिशयभक्त्या मुक्तिसुन्दरीमुखमकरन्दायमानं सहजज्ञाननिधिं परिप्राप्य परेषां जनानां स्वरूपविकलानां ततिं समूहं ध्यानप्रत्यूहकारणमिति त्यजति।

---

**અન્વયાર્થ :**—**[एकः]** જેમ કોઈ એક (દરિદ્ર માણસ) **[निधिम्]** નિધિને **[लब्ध्वा]** પામીને **[सुजनत्वेन]** પોતાના વતનમાં (ગુપ્તપણે) રહી **[तस्य फलम्]** તેના ફળને **[अनुभवति]** ભોગવે છે, **[तथा]** તેમ **[ज्ञानी]** જ્ઞાની **[परततिम्]** પરજનોના સમૂહને **[त्यक्त्वा]** છોડીને **[ज्ञाननिधिम्]** જ્ઞાનનિધિને **[भुंक्ते]** ભોગવે છે.

**ટીકા :**—અહીં દ્રષ્ટાંત દ્વારા સહજ તત્ત્વની આરાધનાનો વિધિ કહ્યો છે.

કોઈ એક દરિદ્ર મનુષ્ય ક્વચિત્ કદાચિત્ પુણ્યોદયથી નિધિને પામીને, તે નિધિના ફળને સૌજન્ય અર્થાત્ જન્મભૂમિ એવું જે ગુપ્ત સ્થાન તેમાં રહીને અતિ ગુપ્તપણે ભોગવે છે; આમ દ્રષ્ટાંતપક્ષ છે. [૧]દાર્ષ્ટાંતપક્ષે પણ (એમ છે કે)—સહજપરમતત્ત્વજ્ઞાની જીવ ક્વચિત્ આસન્નભવ્યના (આસન્નભવ્યતારૂપ) ગુણનો ઉદય થતાં સહજવૈરાગ્યસંપત્તિ હોતાં, પરમ ગુરુના ચરણકમળયુગલની નિરતિશય (ઉત્તમ) ભક્તિ વડે મુક્તિસુંદરીના મુખના [૨]મકરંદ સમાન સહજજ્ઞાનનિધિને પામીને, [૩]સ્વરૂપવિકળ એવા પર જનોના સમૂહને ધ્યાનમાં વિઘ્નનું કારણ સમજીને તજે છે.

[હવે આ ૧૫૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :]

---

૧. દાર્ષ્ટાંત = દ્રષ્ટાંત વડે સમજાવવાની હોય તે વાત; ઉપમેય.

૨. મકરંદ = પુષ્પ-રસ; ફૂલનું મધ.

૩. સ્વરૂપવિકળ = સ્વરૂપપ્રાપ્તિ વગરના; અજ્ઞાની.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(शालिनी)

अस्मिन् लोके लौकिकः कश्चिदेकः
लब्ध्वा पुण्यात्कांचनानां समूहम्।
गूढो भूत्वा वर्तते त्यक्तसंगो
ज्ञानी तद्वत् ज्ञानरक्षां करोति॥२६८॥

(मंदाक्रांता)

त्यक्त्वा संगं जननमरणातंकहेतुं समस्तं
कृत्वा बुद्ध्या हृदयकमले पूर्णवैराग्यभावम्।
स्थित्वा शक्त्या सहजपरमानंदनिर्व्यग्ररूपे
क्षीणे मोहे तृणमिव सदा लोकमालोकयामः॥२६९॥

**सव्वे पुराणपुरिसा एवं आवासयं च काऊण।**
**अपमत्तपहुदिठाणं पडिवज्ज य केवली जादा॥१५८॥**

**सर्वे पुराणपुरुषा एवमावश्यकं च कृत्वा।**
**अप्रमत्तप्रभृतिस्थानं प्रतिपद्य च केवलिनो जाताः॥१५८॥**

---

[**શ્લોકાર્થઃ—**] આ લોકમાં કોઈ એક લૌકિક જન પુણ્યને લીધે ધનના સમૂહને પામીને, સંગને છોડી ગુપ્ત થઈને રહે છે; તેની માફક જ્ઞાની (પરના સંગને છોડી ગુપ્તપણે રહી) જ્ઞાનની રક્ષા કરે છે. ૨૬૮.

[**શ્લોકાર્થઃ—**] જન્મમરણરૂપ રોગના હેતુભૂત સમસ્ત સંગને છોડીને, હૃદયકમળમાં [1]બુદ્ધિપૂર્વક પૂર્ણવૈરાગ્યભાવ કરીને, સહજ પરમાનંદ વડે જે અવ્યગ્ર (અનાકુળ) છે એવા નિજ રૂપમાં (પોતાની) [2]શક્તિથી સ્થિત રહીને, મોહ ક્ષીણ હોતાં, અમે લોકને સદા તૃણવત્ અવલોકીએ છીએ. ૨૬૯.

**સર્વે પુરાણ જનો અહો એ રીત આવશ્યક કરી,**
**અપ્રમત્ત આદિ સ્થાનને પામી થયા પ્રભુ કેવળી. ૧૫૮.**

**અન્વયાર્થઃ—[सर्वे]** સર્વે **[पुराणपुरुषाः]** પુરાણ પુરુષો **[एवम्]** એ રીતે **[आवश्यकं च]**

---

૧. બુદ્ધિપૂર્વક = સમજણપૂર્વક; વિવેકપૂર્વક; વિચારપૂર્વક.
૨. શક્તિ = સામર્થ્ય; બળ; વીર્ય; પુરુષાર્થ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



परमावश्यकाधिकारोपसंहारोपन्यासोऽयम्।

स्वात्माश्रयनिश्चयधर्मशुक्लध्यानस्वरूपं बाह्यावश्यकादिक्रियाप्रतिपक्षशुद्धनिश्चयपरमावश्यकं साक्षादपुनर्भववारांगनानङ्गसुखकारणं कृत्वा सर्वे पुराणपुरुषास्तीर्थकरपरमदेवादयः स्वयंबुद्धाः केचिद् बोधितबुद्धाश्चाप्रमत्तादिसयोगिभट्टारकगुणस्थानपंक्तिमध्यारूढाः सन्तः केवलिनः सकलप्रत्यक्षज्ञानधराः परमावश्यकात्माराधनाप्रसादात् जाताश्चेति।

(शार्दूलविक्रीडित)

स्वात्माराधनया पुराणपुरुषाः सर्वे पुरा योगिनः
प्रध्वस्ताखिलकर्मराक्षसगणा ये विष्णवो जिष्णवः।
तान्नित्यं प्रणमत्यनन्यमनसा मुक्तिस्पृहो निस्पृहः
स स्यात् सर्वजनार्चितांघ्रिकमलः पापाटवीपावकः॥२७०॥

---

આવશ્યક [कृत्वा] કરીને, [अप्रमत्तप्रभृतिस्थानं] અપ્રમત્તાદિ સ્થાનને [प्रतिपद्य च] પ્રાપ્ત કરી [केवलिनः जाताः] કેવળી થયા.

ટીકા:—આ, પરમાવશ્યક અધિકારના ઉપસંહારનું કથન છે.

સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન અને નિશ્ચયશુક્લધ્યાનસ્વરૂપ એવું જે બાહ્ય-આવશ્યકાદિ ક્રિયાથી પ્રતિપક્ષ શુદ્ધનિશ્ચય-પરમાવશ્યક—સાક્ષાત્ અપુનર્ભવરૂપી (મુક્તિરૂપી) સ્ત્રીના અનંગ (અશરીરી) સુખનું કારણ—તેને કરીને, સર્વે પુરાણ પુરુષો—કે જેમાંથી તીર્થંકર-પરમદેવ વગેરે સ્વયંબુદ્ધ થયા અને કેટલાક બોધિતબુદ્ધ થયા તેઓ—અપ્રમત્તથી માંડીને સયોગીભટ્ટારક સુધીના ગુણસ્થાનોની પંક્તિમાં આરૂઢ થયા થકા, પરમાવશ્યકરૂપ આત્મારાધનાના પ્રસાદથી કેવળી—સકળપ્રત્યક્ષજ્ઞાનધારી—થયા.

[હવે આ નિશ્ચય-પરમાવશ્યક અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ બે શ્લોક કહે છે :]

[શ્લોકાર્થ:—] પૂર્વે જે સર્વ પુરાણ પુરુષો—યોગીઓ—નિજ આત્માની આરાધનાથી સમસ્ત કર્મરૂપી રાક્ષસોના સમૂહનો નાશ કરીને *વિષ્ણુ અને જયવંત થયા (અર્થાત્ સર્વવ્યાપી જ્ઞાનવાળા જિન થયા), તેમને જે મુક્તિની સ્પૃહાવાળો નિઃસ્પૃહ જીવ અનન્ય મનથી નિત્ય પ્રણમે છે, તે જીવ પાપરૂપી અટવીને બાળવામાં અગ્નિ સમાન છે અને

---

★ વિષ્ણુ = વ્યાપક. (કેવળી ભગવાનનું જ્ઞાન સર્વને જાણતું હોવાથી તે અપેક્ષાએ તેમને સર્વવ્યાપક કહેવામાં આવે છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(मंदाक्रांता)

मुक्त्वा मोहं कनकरमणीगोचरं हेयरूपं
नित्यानन्दं निरुपमगुणालंकृतं दिव्यबोधम्।
चेतः शीघ्रं प्रविश परमात्मानमव्यग्ररूपं
लब्ध्वा धर्मं परमगुरुतः शर्मणे निर्मलाय॥२७१॥

**इति सुकविजनपयोजमित्रपंचेन्द्रियप्रसरवर्जितगात्रमात्रपरिग्रहश्रीपद्मप्रभमलधारिदेवविरचितायां नियमसारव्याख्यायां तात्पर्यवृत्तौ निश्चयपरमावश्यकाधिकार एकादशमः श्रुतस्कन्धः॥**

---

તેનાં ચરણકમળને સર્વ જનો પૂજે છે. ૨૭૦.

[**શ્લોકાર્થ**:—] હેયરૂપ એવો જે કનક અને કામિની સંબંધી મોહ તેને છોડીને, હે ચિત્ત! નિર્મળ સુખને અર્થે પરમ ગુરુ દ્વારા ધર્મને પ્રાપ્ત કરીને તું અવ્યગ્રરૂપ (શાંતસ્વરૂપી) પરમાત્મામાં—કે જે (પરમાત્મા) નિત્ય આનંદવાળો છે, નિરુપમ ગુણોથી અલંકૃત છે અને દિવ્ય જ્ઞાનવાળો છે તેમાં—શીઘ્ર પ્રવેશ કર. ૨૭૧.

આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) **નિશ્ચય-પરમાવશ્યક અધિકાર** નામનો અગિયારમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

## —૧૨—

# શુદ્ધોપયોગ અધિકાર

अथ सकलकर्मप्रलयहेतुभूतशुद्धोपयोगाधिकार उच्यते।

जाणदि पस्सदि सव्वं ववहारणएण केवली भगवं।
केवलणाणी जाणदि पस्सदि णियमेण अप्पाणं॥१५९॥

जानाति पश्यति सर्वं व्यवहारनयेन केवली भगवान्।
केवलज्ञानी जानाति पश्यति नियमेन आत्मानम्॥१५९॥

अत्र ज्ञानिनः स्वपरस्वरूपप्रकाशकत्वं कथंचिदुक्तम्।

आत्मगुणघातकघातिकर्मप्रध्वंसनेनासादितसकलविमलकेवलज्ञानकेवलदर्शनाभ्यां व्यवहार-

---

હવે સમસ્ત કર્મના પ્રલયના હેતુભૂત શુદ્ધોપયોગનો અધિકાર કહેવામાં આવે છે.

જાણે અને દેખે બધું પ્રભુ કેવળી વ્યવહારથી;
જાણે અને દેખે સ્વને પ્રભુ કેવળી નિશ્ચય થકી. ૧૫૯.

**અન્વયાર્થ:**—[व्यवहारनयेन] વ્યવહારનયથી [केवली भगवान्] કેવળી ભગવાન [सर्वं] બધું [जानाति पश्यति] જાણે છે અને દેખે છે; [नियमेन] નિશ્ચયથી [केवलज्ञानी] કેવળજ્ઞાની [आत्मानम्] આત્માને (પોતાને) [जानाति पश्यति] જાણે છે અને દેખે છે.

**ટીકા:**—અહીં, જ્ઞાનીને સ્વ-પર સ્વરૂપનું પ્રકાશકપણું કથંચિત્ કહ્યું છે.

'पराश्रितो व्यवहारः (વ્યવહાર પરાશ્રિત છે)' એવું (શાસ્ત્રનું) વચન હોવાથી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**नयेन जगत्त्रयकालत्रयवर्तिसचराचरद्रव्यगुणपर्यायान् एकस्मिन् समये जानाति पश्यति च स भगवान् परमेश्वरः परमभट्टारकः, पराश्रितो व्यवहारः इति वचनात्। शुद्धनिश्चयतः परमेश्वरस्य महादेवाधिदेवस्य सर्वज्ञवीतरागस्य परद्रव्यग्राहकत्वदर्शकत्व-ज्ञायकत्वादिविविधविकल्पवाहिनीसमुद्भूतमूलध्यानाषादः★ (?) स भगवान् त्रिकाल-निरुपाधिनिरवधिनित्यशुद्धसहजज्ञानसहजदर्शनाभ्यां निजकारणपरमात्मानं स्वयं कार्य-परमात्मापि जानाति पश्यति च। किं कृत्वा? ज्ञानस्य धर्मोऽयं तावत् स्वपरप्रकाशकत्वं प्रदीपवत्। घटादिप्रमितेः प्रकाशो दीपस्तावद्भिन्नोऽपि स्वयं प्रकाशस्वरूपत्वात् स्वं परं च प्रकाशयति; आत्मापि व्यवहारेण जगत्त्रयं कालत्रयं च परं ज्योतिःस्वरूपत्वात् स्वयंप्रकाशात्मकमात्मानं च प्रकाशयति।**

**उक्तं च षण्णवतिपाषंडिविजयोपार्जितविशालकीर्तिभिर्महासेनपण्डितदेवैः—**

---

વ્યવહારનયથી તે ભગવાન પરમેશ્વર પરમભટ્ટારક આત્મગુણોનો ઘાત કરનારાં ઘાતિકર્મોના નાશ વડે પ્રાપ્ત સકળ-વિમળ કેવળજ્ઞાન અને કેવળદર્શન વડે ત્રિલોકવર્તી તથા ત્રિકાળવર્તી સચરાચર દ્રવ્યગુણપર્યાયોને એક સમયે જાણે છે અને દેખે છે. શુદ્ધનિશ્ચયથી પરમેશ્વર મહાદેવાધિદેવ સર્વજ્ઞવીતરાગને, પરદ્રવ્યનાં ગ્રાહકત્વ, દર્શકત્વ, જ્ઞાયકત્વ વગેરેના વિવિધ વિકલ્પોની સેનાની ઉત્પત્તિ મૂળધ્યાનમાં અભાવરૂપ હોવાથી (?), તે ભગવાન ત્રિકાળ-નિરુપાધિ, નિરવધિ (અમર્યાદિત), નિત્યશુદ્ધ એવાં સહજજ્ઞાન અને સહજદર્શન વડે નિજ કારણપરમાત્માને, પોતે કાર્યપરમાત્મા હોવા છતાં પણ, જાણે છે અને દેખે છે. કઈ રીતે? આ જ્ઞાનનો ધર્મ તો, દીવાની માફક, સ્વપર-પ્રકાશકપણું છે. ઘટાદિની પ્રમિતિથી પ્રકાશ—દીવો (કથંચિત્) ભિન્ન હોવા છતાં સ્વયં પ્રકાશસ્વરૂપ હોવાથી સ્વ અને પરને પ્રકાશે છે; આત્મા પણ જ્યોતિસ્વરૂપ હોવાથી વ્યવહારથી ત્રિલોક અને ત્રિકાળરૂપ પરને તથા સ્વયં પ્રકાશસ્વરૂપ આત્માને (પોતાને) પ્રકાશે છે.

૯૬ પાખંડીઓ પર વિજય મેળવવાથી જેમણે વિશાળ કીર્તિ પ્રાપ્ત કરી છે એવા મહાસેનપંડિતદેવે પણ (શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

---

★ અહીં સંસ્કૃત ટીકામાં અશુદ્ધિ લાગે છે તેથી સંસ્કૃત ટીકામાં તથા તેના અનુવાદમાં શંકાને સૂચવવા પ્રશ્નાર્થનું ચિહ્ન કર્યું છે.

૪૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(अनुष्टुभ्)

''यथावद्वस्तुनिर्णीतिः सम्यग्ज्ञानं प्रदीपवत् ।
तत्स्वार्थव्यवसायात्म कथंचित् प्रमितेः पृथक् ।।''

अथ निश्चयपक्षेऽपि स्वपरप्रकाशकत्वमस्त्येवेति सततनिरुपरागनिरंजनस्वभाव-निरतत्वात्, स्वाश्रितो निश्चयः इति वचनात् । सहजज्ञानं तावत् आत्मनः सकाशात् संज्ञालक्षणप्रयोजनेन भिन्नाभिधानलक्षणलक्षितमपि भिन्नं भवति न वस्तुवृत्त्या चेति, अतःकारणात् एतदात्मगतदर्शनसुखचारित्रादिकं जानाति स्वात्मानं कारणपरमात्मस्वरूपमपि जानातीति ।

तथा चोक्तं श्रीमदमृतचंद्रसूरिभिः—

---

''[શ્લોકાર્થ :—] વસ્તુનો યથાર્થ નિર્ણય તે સમ્યગ્જ્ઞાન છે. તે સમ્યગ્જ્ઞાન, દીવાની માફક, સ્વના અને (પર) પદાર્થોના નિર્ણયાત્મક છે તથા પ્રમિતિથી (જ્ઞપ્તિથી) કથંચિત્ ભિન્ન છે.''

હવે **'स्वाश्रितो निश्चयः** (નિશ્ચય સ્વાશ્રિત છે)' એવું (શાસ્ત્રનું) વચન હોવાથી, (જ્ઞાનને) સતત *નિરુપરાગ નિરંજન સ્વભાવમાં લીનપણાને લીધે નિશ્ચયપક્ષે પણ સ્વપરપ્રકાશકપણું છે જ. (તે આ પ્રમાણે :) સહજજ્ઞાન આત્માથી સંજ્ઞા, લક્ષણ અને પ્રયોજનની અપેક્ષાએ ભિન્ન નામ અને ભિન્ન લક્ષણથી (તેમ જ ભિન્ન પ્રયોજનથી) ઓળખાતું હોવા છતાં વસ્તુવૃત્તિએ (અખંડ વસ્તુની અપેક્ષાએ) ભિન્ન નથી; આ કારણને લીધે આ (સહજજ્ઞાન) આત્મગત (આત્મામાં રહેલાં) દર્શન, સુખ, ચારિત્ર વગેરેને જાણે છે અને સ્વાત્માને—કારણપરમાત્માના સ્વરૂપને—પણ જાણે છે.

(સહજજ્ઞાન સ્વાત્માને તો સ્વાશ્રિત નિશ્ચયનયથી જાણે જ છે અને એ રીતે સ્વાત્માને જાણતાં તેના બધા ગુણો પણ જણાઈ જ જાય છે. હવે સહજજ્ઞાને જે આ જાણ્યું તેમાં ભેદ-અપેક્ષાએ જોઈએ તો સહજજ્ઞાનને માટે જ્ઞાન જ સ્વ છે અને તે સિવાયનું બીજું બધું—દર્શન, સુખ વગેરે—પર છે; તેથી આ અપેક્ષાએ એમ સિદ્ધ થયું કે નિશ્ચયપક્ષે પણ જ્ઞાન સ્વને તેમ જ પરને જાણે છે.)

એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૯૨મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

---

★ નિરુપરાગ = ઉપરાગ રહિત; નિર્વિકાર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(मंदाक्रांता)

''बन्धच्छेदात्कलयदतुलं मोक्षमक्षय्यमेत-
न्नित्योद्योतस्फुटितसहजावस्थमेकान्तशुद्धम्।
एकाकारस्वरसभरतोत्यन्तगंभीरधीरं
पूर्णं ज्ञानं ज्वलितमचले स्वस्य लीनं महिम्नि॥''

तथा हि—

(स्रग्धरा)

आत्मा जानाति विश्वं ह्यनवरतमयं केवलज्ञानमूर्तिः
मुक्तिश्रीकामिनीकोमलमुखकमले कामपीडां तनोति।
शोभां सौभाग्यचिह्नां व्यवहरणनयाद्देवदेवो जिनेशः
तेनोच्चैर्निश्चयेन प्रहतमलकलिः स्वस्वरूपं स वेत्ति॥२७२॥

**जुगवं वट्टइ णाणं केवलणाणिस्स दंसणं च तहा।**
**दिणयरपयासतावं जह वट्टइ तह मुणेयव्वं॥१६०॥**

---

''[**શ્લોકાર્થ :—**] કર્મબંધના છેદથી અતુલ અક્ષય (અવિનાશી) મોક્ષને અનુભવતું, નિત્ય ઉદ્યોતવાળી (જેનો પ્રકાશ નિત્ય છે એવી) સહજ અવસ્થા જેની ખીલી નીકળી છે એવું, એકાંતશુદ્ધ (-કર્મનો મેલ નહિ રહેવાથી જે અત્યંત શુદ્ધ થયું છે એવું), અને એકાકાર (એક જ્ઞાનમાત્ર આકારે પરિણમેલા) નિજરસની અતિશયતાથી જે અત્યંત ગંભીર અને ધીર છે એવું આ પૂર્ણ જ્ઞાન ઝળહળી ઊઠ્યું (-સર્વથા શુદ્ધ આત્મદ્રવ્ય જાજ્વલ્યમાન પ્રગટ થયું), પોતાના અચળ મહિમામાં લીન થયું.''

વળી (આ ૧૫૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે) :—

[**શ્લોકાર્થ :—**] વ્યવહારનયથી આ કેવળજ્ઞાનમૂર્તિ આત્મા નિરંતર વિશ્વને ખરેખર જાણે છે અને મુક્તિલક્ષ્મીરૂપી કામિનીના કોમળ મુખકમળ પર કામપીડાને અને સૌભાગ્યચિહ્નવાળી શોભાને ફેલાવે છે. નિશ્ચયથી તો, જેમણે મળ અને ક્લેશને નષ્ટ કરેલ છે એવા તે દેવાધિદેવ જિનેશ નિજ સ્વરૂપને અત્યંત જાણે છે. ૨૭૨.

**જે રીત તાપ-પ્રકાશ વર્તે યુગપદે આદિત્યને,**
**તે રીત દર્શન-જ્ઞાન યુગપદ હોય કેવળજ્ઞાનીને. ૧૬૦.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**युगपद् वर्तते ज्ञानं केवलज्ञानिनो दर्शनं च तथा।**
**दिनकरप्रकाशतापौ यथा वर्तेते तथा ज्ञातव्यम्॥१६०॥**

इह हि केवलज्ञानकेवलदर्शनयोर्युगपद्वर्तनं दृष्टान्तमुखेनोक्तम्।

अत्र दृष्टान्तपक्षे क्वचित्काले बलाहकप्रक्षोभाभावे विद्यमाने नभस्स्थलस्य मध्यगतस्य सहस्रकिरणस्य प्रकाशतापौ यथा युगपद् वर्तेते, तथैव च भगवतः परमेश्वरस्य तीर्थाधिनाथस्य जगत्त्रयकालत्रयवर्तिषु स्थावरजंगमद्रव्यगुणपर्यायात्मकेषु ज्ञेयेषु सकलविमलकेवलज्ञानकेवलदर्शने च युगपद् वर्तेते। किं च संसारिणां दर्शनपूर्वमेव ज्ञानं भवति इति।

तथा चोक्तं प्रवचनसारे—

“णाणं अत्थंतगयं लोयालोएसु वित्थडा दिट्ठी।
णट्ठमणिट्ठं सव्वं इट्ठं पुण जं तु तं लद्धं॥”

---

**અન્વયાર્થ :—**[केवलज्ञानिनः] કેવળજ્ઞાનીને [ज्ञानं] જ્ઞાન [तथा च] તેમ જ [दर्शनं] દર્શન [युगपद्] યુગપદ્ [वर्तते] વર્તે છે. [दिनकरप्रकाशतापौ] સૂર્યના પ્રકાશ અને તાપ [यथा] જેવી રીતે [वर्तेते] (યુગપદ્) વર્તે છે [तथा ज्ञातव्यम्] તેવી રીતે જાણવું.

**ટીકા :—**અહીં ખરેખર કેવળજ્ઞાન અને કેવળદર્શનનું યુગપદ્ વર્તવાપણું દ્રષ્ટાંત દ્વારા કહ્યું છે.

અહીં દ્રષ્ટાંતપક્ષે કોઈ વખતે વાદળાંની ખલેલ ન હોય ત્યારે આકાશના મધ્યમાં રહેલા સૂર્યના પ્રકાશ અને તાપ જેવી રીતે યુગપદ્ વર્તે છે, તેવી જ રીતે ભગવાન પરમેશ્વર તીર્થાધિનાથને ત્રિલોકવર્તી અને ત્રિકાળવર્તી, સ્થાવર-જંગમ દ્રવ્યગુણપર્યાયાત્મક જ્ઞેયોમાં સકળ-વિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન અને કેવળદર્શન યુગપદ્ વર્તે છે. વળી (વિશેષ એટલું સમજવું કે), સંસારીઓને દર્શનપૂર્વક જ જ્ઞાન હોય છે (અર્થાત્ પ્રથમ દર્શન અને પછી જ્ઞાન થાય છે, યુગપદ્ થતાં નથી).

એવી રીતે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી પ્રવચનસારમાં (૬૧મી ગાથા દ્વારા) કહ્યું છે કે :—

“[**ગાથાર્થ :—**] જ્ઞાન પદાર્થોના પારને પામેલું છે અને દર્શન લોકાલોકમાં વિસ્તૃત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अन्यच्च—

“दंसणपुव्वं णाणं छदमत्थाणं ण दोण्णि उवओग्गा।
जुगवं जह्मा केवलिणाहे जुगवं तु ते दोवि॥”

तथा हि—

(स्रग्धरा)

वर्तेते ज्ञानदृष्टी भगवति सततं धर्मतीर्थाधिनाथे
सर्वज्ञेऽस्मिन् समंतात् युगपदसदृशे विश्वलोकैकनाथे।
एतावुष्णप्रकाशौ पुनरपि जगतां लोचनं जायतेऽस्मिन्
तेजोराशौ दिनेशे हतनिखिलतमस्तोमके ते तथैवम्॥२७३॥

---

છે; સર્વ અનિષ્ટ નાશ પામ્યું છે અને જે ઇષ્ટ છે તે સર્વ પ્રાપ્ત થયું છે.”

વળી બીજું પણ (શ્રી નેમિચંદ્રસિદ્ધાંતિદેવવિરચિત બૃહદ્દ્રવ્યસંગ્રહમાં ૪૪મી ગાથા દ્વારા) કહ્યું છે કે :—

“[**ગાથાર્થ :—**] છદ્મસ્થોને દર્શનપૂર્વક જ્ઞાન હોય છે (અર્થાત્ પહેલાં દર્શન અને પછી જ્ઞાન થાય છે), કારણ કે તેમને બન્ને ઉપયોગો યુગપદ્ હોતા નથી; કેવળીનાથને તે બન્ને યુગપદ્ હોય છે.”

વળી (આ ૧૬૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ચાર શ્લોક કહે છે) :—

[**શ્લોકાર્થ :—**] જે ધર્મતીર્થના અધિનાથ (નાયક) છે, જે અસદૃશ છે (અર્થાત્ જેના સમાન અન્ય કોઈ નથી) અને જે સકળ લોકના એક નાથ છે એવા આ સર્વજ્ઞ ભગવાનમાં નિરંતર સર્વતઃ જ્ઞાન અને દર્શન યુગપદ્ વર્તે છે. જેણે સમસ્ત તિમિરસમૂહનો નાશ કર્યો છે એવા આ તેજરાશિરૂપ સૂર્યમાં જેવી રીતે આ ઉષ્ણતા અને પ્રકાશ (યુગપદ્) વર્તે છે અને વળી જગતના જીવોને નેત્ર પ્રાપ્ત થાય છે (અર્થાત્ સૂર્યના નિમિત્તે જીવોનાં નેત્ર દેખવા લાગે છે), તેવી જ રીતે જ્ઞાન અને દર્શન (યુગપદ્) હોય છે (અર્થાત્ તેવી જ રીતે સર્વજ્ઞ ભગવાનને જ્ઞાન અને દર્શન એકીસાથે હોય છે અને વળી સર્વજ્ઞ ભગવાનના નિમિત્તે જગતના જીવોને જ્ઞાન પ્રગટ થાય છે). ૨૭૩.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

(वसंततिलका)

सद्बोधपोतमधिरुह्य भवाम्बुराशि-
मुल्लंघ्य शाश्वतपुरी सहसा त्वयाप्ता।
तामेव तेन जिननाथपथाधुनाहं
याम्यन्यदस्ति शरणं किमिहोत्तमानाम्॥२७४॥

(मंदाक्रांता)

एको देवः स जयति जिनः केवलज्ञानभानुः
कामं कान्तिं वदनकमले संतनोत्येव कांचित्।
मुक्तेस्तस्याः समरसमयानंगसौख्यप्रदायाः
को नालं शं दिशतुमनिशं प्रेमभूमेः प्रियायाः॥२७५॥

(अनुष्टुभ्)

जिनेन्द्रो मुक्तिकामिन्याः मुखपद्मे जगाम सः।
अलिलीलां पुनः काममनङ्गसुखमद्वयम्॥२७६॥

---

[શ્લોકાર્થઃ—] (હે જિનનાથ!) સદ્જ્ઞાનરૂપી નાવમાં આરોહણ કરી ભવસાગરને ઓળંગી જઈને, તું ઝડપથી શાશ્વતપુરીએ પહોંચ્યો. હવે હું જિનનાથના તે માર્ગે (–જે માર્ગે જિનનાથ ગયા તે જ માર્ગે) તે જ શાશ્વતપુરીમાં જાઉં છું; (કારણ કે) આ લોકમાં ઉત્તમ પુરુષોને (તે માર્ગ સિવાય) બીજું શું શરણ છે? ૨૭૪.

[શ્લોકાર્થઃ—] કેવળજ્ઞાનભાનુ (–કેવળજ્ઞાનરૂપી પ્રકાશના ધરનારા સૂર્ય) એવા તે એક જિનદેવ જ જયવંત છે. તે જિનદેવ સમરસમય અનંગ (–અશરીરી, અતીંદ્રિય) સૌખ્યની દેનારી એવી તે મુક્તિના મુખકમળ પર ખરેખર કોઈ અવર્ણનીય કાન્તિને ફેલાવે છે; (કારણ કે) કોણ (પોતાની) સ્નેહાળ પ્રિયાને નિરંતર સુખોત્પત્તિનું કારણ થતું નથી? ૨૭૫.

[શ્લોકાર્થઃ—] તે જિનેંદ્રદેવે મુક્તિકામિનીના મુખકમળ પ્રત્યે ભ્રમરલીલાને ધારણ કરી (અર્થાત્ તેઓ તેમાં ભ્રમરની જેમ લીન થયા) અને ખરેખર અદ્વિતીય અનંગ (આત્મિક) સુખને પ્રાપ્ત કર્યું. ૨૭૬.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**णाणं परप्पयासं दिट्ठी अप्पप्पयासया चेव।**
**अप्पा सपरपयासो होदि त्ति हि मण्णसे जदि हि॥१६१॥**

ज्ञानं परप्रकाशं दृष्टिरात्मप्रकाशिका चैव।
आत्मा स्वपरप्रकाशो भवतीति हि मन्यसे यदि खलु॥१६१॥

आत्मनः स्वपरप्रकाशकत्वविरोधोपन्यासोऽयम्।

इह हि तावदात्मनः स्वपरप्रकाशकत्वं कथमिति चेत्। ज्ञानदर्शनादि-विशेषगुणसमृद्धो ह्यात्मा, तस्य ज्ञानं शुद्धात्मप्रकाशकासमर्थत्वात् परप्रकाशकमेव, यद्येवं दृष्टिर्निरंकुशा केवलमभ्यन्तरे ह्यात्मानं प्रकाशयति चेत् अनेन विधिना स्वपरप्रकाशको ह्यात्मेति हंहो जडमते प्राथमिकशिष्य, दर्शनशुद्धेरभावात् एवं मन्यसे, न खलु जडस्त्वत्तस्सकाशादपरः कश्चिज्जनः। अथ ह्यविरुद्धा स्याद्वादविद्यादेवता समभ्यर्चनीया सद्भिरनवरतम्। तत्रैकान्ततो ज्ञानस्य परप्रकाशकत्वं न समस्ति; न केवलं स्यान्मते

---

દર્શન પ્રકાશક આત્મનું, પરંનું પ્રકાશક જ્ઞાન છે,
નિજપરપ્રકાશક જીવ,—એ તુજ માન્યતા અયથાર્થ છે. ૧૬૧.

**અન્વયાર્થઃ**—[ज्ञानं परप्रकाशं] જ્ઞાન પરપ્રકાશક જ છે [च] અને [दृष्टिः आत्मप्रकाशिका एव] દર્શન સ્વપ્રકાશક જ છે [आत्मा स्वपरप्रकाशः भवति] તથા આત્મા સ્વપરપ્રકાશક છે [इति हि यदि खलु मन्यसे] એમ જો ખરેખર તું માનતો હોય તો તેમાં વિરોધ આવે છે.

**ટીકાઃ**—આ, આત્માના સ્વપરપ્રકાશકપણા સંબંધી વિરોધકથન છે.

પ્રથમ તો, આત્માને સ્વપરપ્રકાશકપણું કઈ રીતે છે? (તે વિચારવામાં આવે છે.) 'આત્મા જ્ઞાનદર્શનાદિ વિશેષ ગુણોથી સમૃદ્ધ છે; તેનું જ્ઞાન શુદ્ધ આત્માને પ્રકાશવામાં અસમર્થ હોવાથી પરપ્રકાશક જ છે; એ રીતે નિરંકુશ દર્શન પણ કેવળ અભ્યંતરમાં આત્માને પ્રકાશે છે (અર્થાત્ સ્વપ્રકાશક જ છે). આ વિધિથી આત્મા સ્વપરપ્રકાશક છે.'—આમ હે જડમતિ પ્રાથમિક શિષ્ય! જો તું દર્શનશુદ્ધિના અભાવને લીધે માનતો હોય, તો ખરેખર તારાથી અન્ય કોઈ પુરુષ જડ (મૂર્ખ) નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**दर्शनमपि शुद्धात्मानं पश्यति। दर्शनज्ञानप्रभृत्यनेकधर्माणामाधारो ह्यात्मा। व्यवहारपक्षेऽपि केवलं परप्रकाशकस्य ज्ञानस्य न चात्मसम्बन्धः सदा बहिरवस्थितत्वात्, आत्मप्रतिपत्तेरभावात् न सर्वगतत्वम्; अतःकारणादिदं ज्ञानं न भवति, मृगतृष्णाजलवत् प्रतिभासमात्रमेव। दर्शनपक्षेऽपि तथा न केवलमभ्यन्तरप्रतिपत्तिकारणं दर्शनं भवति। सदैव सर्वं पश्यति हि चक्षुः स्वस्याभ्यन्तरस्थितां कनीनिकां न पश्यत्येव। अतः स्वपरप्रकाशकत्वं ज्ञानदर्शनयोरविरुद्धमेव। ततः स्वपरप्रकाशको ह्यात्मा ज्ञानदर्शनलक्षण इति।**

**तथा चोक्तं श्रीमदमृतचन्द्रसूरिभिः—**

---

માટે અવિરુદ્ધ એવી સ્યાદ્વાદવિદ્યારૂપી દેવી સજ્જનો વડે સમ્યક્ પ્રકારે નિરંતર આરાધવાયોગ્ય છે. ત્યાં (સ્યાદ્વાદમતમાં), એકાન્તે જ્ઞાનને પરપ્રકાશકપણું જ નથી; સ્યાદ્વાદમતમાં દર્શન પણ કેવળ શુદ્ધાત્માને જ દેખતું નથી (અર્થાત્ માત્ર સ્વપ્રકાશક જ નથી). આત્મા દર્શન, જ્ઞાન વગેરે અનેક ધર્મોનો આધાર છે. (ત્યાં) વ્યવહારપક્ષે પણ જ્ઞાન કેવળ પરપ્રકાશક હોય તો, સદા બાહ્યસ્થિતપણાને લીધે, (જ્ઞાનને) આત્મા સાથે સંબંધ રહે નહિ અને (તેથી) ★આત્મપ્રતિપત્તિના અભાવને લીધે સર્વગતપણું (પણ) બને નહિ. આ કારણને લીધે, આ જ્ઞાન હોય જ નહિ (અર્થાત્ જ્ઞાનનું અસ્તિત્વ જ ન હોય), મૃગતૃષ્ણાના જળની માફક આભાસમાત્ર જ હોય. એવી રીતે દર્શનપક્ષે પણ, દર્શન કેવળ +અભ્યંતરપ્રતિપત્તિનું જ કારણ નથી, (સર્વપ્રકાશનનું કારણ છે); (કેમ કે) ચક્ષુ સદૈવ સર્વને દેખે છે, પોતાના અભ્યંતરમાં રહેલી કીકીને દેખતું નથી (માટે ચક્ષુની વાતથી એમ સમજાય છે કે દર્શન અભ્યંતરને દેખે અને બાહ્યસ્થિત પદાર્થોને ન દેખે એવો કોઈ નિયમ ઘટતો નથી). આથી, જ્ઞાન અને દર્શનને (બન્નેને) સ્વપરપ્રકાશકપણું અવિરુદ્ધ જ છે. માટે (એ રીતે) જ્ઞાનદર્શનલક્ષણવાળો આત્મા સ્વપરપ્રકાશક છે.

એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી પ્રવચનસારની ટીકામાં ચોથા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

---

★ આત્મપ્રતિપત્તિ = આત્માનું જ્ઞાન; સ્વને જાણવું તે.

+ અભ્યંતરપ્રતિપત્તિ = અંતરંગનું પ્રકાશન; સ્વને પ્રકાશવું તે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

(स्रग्धरा)

''जानन्नप्येष विश्वं युगपदपि भवद्भाविभूतं समस्तं
मोहाभावाद्यदात्मा परिणमति परं नैव निर्लूनकर्मा।
तेनास्ते मुक्त एव प्रसभविकसितज्ञप्तिविस्तारपीत-
ज्ञेयाकारां त्रिलोकीं पृथगपृथगथ द्योतयन् ज्ञानमूर्तिः ।।''

तथा हि—

(मंदाक्रांता)

ज्ञानं तावत् सहजपरमात्मानमेकं विदित्वा
लोकालोकौ प्रकटयति वा तद्गतं ज्ञेयजालम्।
दृष्टिः साक्षात् स्वपरविषया क्षायिकी नित्यशुद्धा
ताभ्यां देवः स्वपरविषयं बोधति ज्ञेयराशिम् ।।२७७।।

**णाणं परप्पयासं तइया णाणेण दंसणं भिण्णं।**
**ण हवदि परदव्वगयं दंसणमिदि वण्णिदं तम्हा ।।१६२।।**

---

''[**શ્લોકાર્થ :—**] જેણે કર્મોને છેદી નાખ્યાં છે એવો આ આત્મા ભૂત, વર્તમાન અને ભાવિ સમસ્ત વિશ્વને (અર્થાત્ ત્રણે કાળના પર્યાયો સહિત સમસ્ત પદાર્થોને) યુગપદ્ જાણતો હોવા છતાં મોહના અભાવને લીધે પરરૂપે પરિણમતો નથી, તેથી હવે, જેના સમસ્ત જ્ઞેયાકારોને અત્યંત વિકસિત જ્ઞપ્તિના વિસ્તાર વડે પોતે પી ગયો છે એવા ત્રણે લોકના પદાર્થોને પૃથક્ અને અપૃથક્ પ્રકાશતો તે જ્ઞાનમૂર્તિ મુક્ત જ રહે છે.''

વળી (આ ૧૬૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—

[**શ્લોકાર્થ :—**] જ્ઞાન એક સહજપરમાત્માને જાણીને લોકાલોકને અર્થાત્ લોકાલોક-સંબંધી (સમસ્ત) જ્ઞેયસમૂહને પ્રગટ કરે છે (–જાણે છે). નિત્ય-શુદ્ધ એવું ક્ષાયિક દર્શન (પણ) સાક્ષાત્ સ્વપરવિષયક છે (અર્થાત્ તે પણ સ્વપરને સાક્ષાત્ પ્રકાશે છે). તે બન્ને (જ્ઞાન તેમ જ દર્શન) વડે આત્મદેવ સ્વપરસંબંધી જ્ઞેયરાશિને જાણે છે (અર્થાત્ આત્મદેવ સ્વપર સમસ્ત પ્રકાશ્ય પદાર્થોને પ્રકાશે છે). ૨૭૭.

**પરને જ જાણે જ્ઞાન તો દ્રગ જ્ઞાનથી ભિન્ન જ ઠરે,**
**દર્શન નથી પરદ્રવ્યગત—એ માન્યતા તુજ હોઈને. ૧૬૨.**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ज्ञानं परप्रकाशं तदा ज्ञानेन दर्शनं भिन्नम्।**
**न भवति परद्रव्यगतं दर्शनमिति वर्णितं तस्मात्॥१६२॥**

पूर्वसूत्रोपात्तपूर्वपक्षस्य सिद्धान्तोक्तिरियम्।

केवलं परप्रकाशकं यदि चेत् ज्ञानं तदा परप्रकाशकप्रधानेनानेन ज्ञानेन दर्शनं भिन्नमेव। परप्रकाशकस्य ज्ञानस्य चात्मप्रकाशकस्य दर्शनस्य च कथं सम्बन्ध इति चेत् सह्यविंध्ययोरिव अथवा भागीरथीश्रीपर्वतवत्। आत्मनिष्ठं यत् तद् दर्शनमस्त्येव, निराधारत्वात् तस्य ज्ञानस्य शून्यतापत्तिरेव, अथवा यत्र तत्र गतं ज्ञानं तत्तद्द्रव्यं सर्वं चेतनत्वमापद्यते, अतस्त्रिभुवने न कश्चिदचेतनः पदार्थः इति महतो दूषणस्यावतारः। तदेव ज्ञानं केवलं न परप्रकाशकम् इत्युच्यते हे शिष्य तर्हि दर्शनमपि न केवलमात्मगतमित्यभिहितम्। ततः खल्विदमेव समाधानं सिद्धान्तहृदयं ज्ञान-

---

**અન્વયાર્થ:**—[**ज्ञानं परप्रकाशं**] જો જ્ઞાન (કેવળ) પરપ્રકાશક હોય [**तदा**] તો [**ज्ञानेन**] જ્ઞાનથી [**दर्शनं**] દર્શન [**भिन्नम्**] ભિન્ન ઠરે, [**दर्शनम् परद्रव्यगतं न भवति इति वर्णितं तस्मात्**] કારણ કે દર્શન પરદ્રવ્યગત (પરપ્રકાશક) નથી એમ (પૂર્વ સૂત્રમાં તારું મન્તવ્ય) વર્ણવવામાં આવ્યું છે.

**ટીકા:**—આ, પૂર્વ સૂત્રમાં (૧૬૧મી ગાથામાં) કહેલા પૂર્વપક્ષના સિદ્ધાંત સંબંધી કથન છે.

જો જ્ઞાન કેવળ પરપ્રકાશક હોય તો આ પરપ્રકાશનપ્રધાન (પરપ્રકાશક) જ્ઞાનથી દર્શન ભિન્ન જ ઠરે; (કારણ કે) સહ્યાચલ અને વિંધ્યાચલની માફક અથવા ગંગા અને શ્રીપર્વતની માફક, પરપ્રકાશક જ્ઞાનને અને આત્મપ્રકાશક દર્શનને સંબંધ કઈ રીતે હોય? જે આત્મનિષ્ઠ (–આત્મામાં રહેલું) છે તે તો દર્શન જ છે. અને પેલા જ્ઞાનને તો, નિરાધારપણાને લીધે (અર્થાત્ આત્મારૂપી આધાર નહિ રહેવાથી), શૂન્યતાની આપત્તિ જ આવે; અથવા તો જ્યાં જ્યાં જ્ઞાન પહોંચે (અર્થાત્ જે જે દ્રવ્યને જ્ઞાન પહોંચે) તે તે સર્વ દ્રવ્ય ચેતનપણાને પામે, તેથી ત્રણ લોકમાં કોઈ અચેતન પદાર્થ ન ઠરે એ મોટો દોષ પ્રાપ્ત થાય. માટે જ (ઉપર કહેલા દોષના ભયથી), હે શિષ્ય! જ્ઞાન કેવળ પરપ્રકાશક નથી એમ જો તું કહે, તો દર્શન પણ કેવળ આત્મગત (સ્વપ્રકાશક) નથી એમ પણ (તેમાં સાથે જ) કહેવાઈ ગયું. તેથી ખરેખર સિદ્ધાંતના હાર્દરૂપ એવું આ જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



दर्शनयोः कथंचित् स्वपरप्रकाशत्वमस्त्येवेति।

तथा चोक्तं श्रीमहासेनपंडितदेवैः—

''ज्ञानाद्भिन्नो न नाभिन्नो भिन्नाभिन्नः कथंचन।
ज्ञानं पूर्वापरीभूतं सोऽयमात्मेति कीर्तितः।।''

तथा हि—

(मंदाक्रांता)

आत्मा ज्ञानं भवति न हि वा दर्शनं चैव तद्वत्
ताभ्यां युक्तः स्वपरविषयं वेत्ति पश्यत्यवश्यम्।
संज्ञाभेदादघकुलहरे चात्मनि ज्ञानदृष्टयोः
भेदो जातो न खलु परमार्थेन वह्न्युष्णवत्सः।।२७८।।

---

સમાધાન છે કે જ્ઞાન અને દર્શનને કથંચિત્ સ્વપરપ્રકાશકપણું છે જ.

એવી રીતે શ્રી મહાસેનપંડિતદેવે (શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

''[**શ્લોકાર્થ :**—] આત્મા જ્ઞાનથી (સર્વથા) ભિન્ન નથી, (સર્વથા) અભિન્ન નથી, કથંચિત્ ભિન્નાભિન્ન છે; *પૂર્વાપરભૂત જે જ્ઞાન તે આ આત્મા છે એમ કહ્યું છે.''

વળી (આ ૧૬૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—

[**શ્લોકાર્થ :**—] આત્મા (સર્વથા) જ્ઞાન નથી, તેવી રીતે (સર્વથા) દર્શન પણ નથી જ; તે ઉભયયુક્ત (જ્ઞાનદર્શનયુક્ત) આત્મા સ્વપર વિષયને અવશ્ય જાણે છે અને દેખે છે. અઘસમૂહના (પાપસમૂહના) નાશક આત્મામાં અને જ્ઞાનદર્શનમાં સંજ્ઞાભેદે ભેદ ઊપજે છે (અર્થાત્ સંજ્ઞા, સંખ્યા, લક્ષણ અને પ્રયોજનની અપેક્ષાએ તેમનામાં ઉપર કહ્યા પ્રમાણે ભેદ છે), પરમાર્થે અગ્નિ અને ઉષ્ણતાની માફક તેમનામાં (–આત્મામાં અને જ્ઞાનદર્શનમાં) ખરેખર ભેદ નથી (–અભેદતા છે). ૨૭૮.

---

★ પૂર્વાપર = પૂર્વ અને અપર; પહેલાંનું અને પછીનું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**अप्पा परप्पयासो तइया अप्पेण दंसणं भिण्णं।**
**ण हवदि परदव्वगयं दंसणमिदि वण्णिदं तम्हा।।१६३।।**

**आत्मा परप्रकाशस्तदात्मना दर्शनं भिन्नम्।**
**न भवति परद्रव्यगतं दर्शनमिति वर्णितं तस्मात्।।१६३।।**

एकान्तेनात्मनः परप्रकाशकत्वनिरासोऽयम्।

यथैकान्तेन ज्ञानस्य परप्रकाशकत्वं पुरा निराकृतम्, इदानीमात्मा केवलं परप्रकाशश्चेत् तत्तथैव प्रत्यादिष्टं, भावभाववतोरेकास्तित्वनिर्वृत्तत्वात्। पुरा किल ज्ञानस्य परप्रकाशकत्वे सति तद्दर्शनस्य भिन्नत्वं ज्ञातम्। अत्रात्मनः परप्रकाशकत्वे सति तेनैव दर्शनं भिन्नमित्यवसेयम्। अपि चात्मा न परद्रव्यगत इति चेत् तद्दर्शनमप्यभिन्नमित्यवसेयम्। ततः खल्वात्मा स्वपरप्रकाशक इति यावत्। यथा

---

**પરને જ જાણે જીવ તો દગ જીવથી ભિન્ન જ ઠરે,**
**દર્શન નથી પરદ્રવ્યગત—એ માન્યતા તુજ હોઈને. ૧૬૩.**

**અન્વયાર્થ:**—[**आत्मा परप्रकाशः**] જો આત્મા (કેવળ) પરપ્રકાશક હોય [**तदा**] તો [**आत्मना**] આત્માથી [**दर्शनं**] દર્શન [**भिन्नम्**] ભિન્ન ઠરે, [**दर्शनं परद्रव्यगतं न भवति इति वर्णितं तस्मात्**] કારણ કે દર્શન પરદ્રવ્યગત (પરપ્રકાશક) નથી એમ (પૂર્વે તારું મન્તવ્ય) વર્ણવવામાં આવ્યું છે.

**ટીકા:**—આ, એકાંતે આત્માને પરપ્રકાશકપણું હોવાની વાતનું ખંડન છે.

જેવી રીતે પૂર્વે (૧૬૨મી ગાથામાં) એકાંતે જ્ઞાનને પરપ્રકાશકપણું ખંડિત કરવામાં આવ્યું, તેવી રીતે હવે જો 'આત્મા કેવળ પરપ્રકાશક છે' એમ માનવામાં આવે તો તે વાત પણ તેવી જ રીતે ખંડન પામે છે, કારણ કે *ભાવ અને ભાવવાન એક અસ્તિત્વથી રચાયેલા હોય છે. પૂર્વે (૧૬૨મી ગાથામાં) એમ જણાયું હતું કે જો જ્ઞાન (કેવળ) પરપ્રકાશક હોય તો જ્ઞાનથી દર્શન ભિન્ન ઠરે! અહીં (આ ગાથામાં) એમ સમજવું કે જો આત્મા (કેવળ) પરપ્રકાશક હોય તો આત્માથી જ દર્શન ભિન્ન ઠરે! વળી જો 'આત્મા

---

★ જ્ઞાન ભાવ છે અને આત્મા ભાવવાન છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**कथंचित्स्वपरप्रकाशकत्वं ज्ञानस्य साधितम् अस्यापि तथा, धर्मधर्मिणोरेकस्वरूपत्वात् पावकोष्णवदिति।**

(मंदाक्रांता)

**आत्मा धर्मी भवति सुतरां ज्ञानदृग्धर्मयुक्तः**
**तस्मिन्नेव स्थितिमविचलां तां परिप्राप्य नित्यम्।**
**सम्यग्दृष्टिर्निखिलकरणग्रामनीहारभास्वान्**
**मुक्तिं याति स्फुटितसहजावस्थया संस्थितां ताम्॥२७९॥**

**णाणं परप्पयासं ववहारणयेण दंसणं तम्हा।**
**अप्पा परप्पयासो ववहारणयेण दंसणं तम्हा॥१६४॥**

**ज्ञानं परप्रकाशं व्यवहारनयेन दर्शनं तस्मात्।**
**आत्मा परप्रकाशो व्यवहारनयेन दर्शनं तस्मात्॥१६४॥**

---

પરદ્રવ્યગત નથી (અર્થાત્ આત્મા કેવળ પરપ્રકાશક નથી, સ્વપ્રકાશક પણ છે)' એમ (હવે) માનવામાં આવે તો આત્માથી દર્શનનું (સમ્યક્ પ્રકારે) અભિન્નપણું સિદ્ધ થાય એમ સમજવું. માટે ખરેખર આત્મા સ્વપરપ્રકાશક છે. જેમ (૧૬૨મી ગાથામાં) જ્ઞાનનું કથંચિત્ સ્વપરપ્રકાશકપણું સિદ્ધ થયું તેમ આત્માનું પણ સમજવું, કારણ કે અગ્નિ અને ઉષ્ણતાની માફક ધર્મી અને ધર્મનું એક સ્વરૂપ હોય છે.

[હવે આ ૧૬૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** જ્ઞાનદર્શનધર્મોથી યુક્ત હોવાને લીધે આત્મા ખરેખર ધર્મી છે. સકળ ઇન્દ્રિયસમૂહરૂપી હિમને (નષ્ટ કરવા) માટે સૂર્ય સમાન એવો સમ્યગ્દૃષ્ટિ જીવ તેમાં જ (જ્ઞાનદર્શનધર્મયુક્ત આત્મામાં જ) સદા અવિચળ સ્થિતિ પ્રાપ્ત કરીને મુક્તિને પામે છે— કે જે મુક્તિ પ્રગટ થયેલી સહજ અવસ્થારૂપે સુસ્થિત છે. ૨૭૯.

**વ્યવહારથી છે પરપ્રકાશક જ્ઞાન, તેથી દૃષ્ટિ છે;**
**વ્યવહારથી છે પરપ્રકાશક જીવ, તેથી દૃષ્ટિ છે. ૧૬૪.**

**અન્વયાર્થ :—[व्यवहारनयेन]** વ્યવહારનયથી **[ज्ञानं]** જ્ઞાન **[परप्रकाशं]** પરપ્રકાશક છે; **[तस्मात्]** તેથી **[दर्शनम्]** દર્શન પરપ્રકાશક છે. **[व्यवहारनयेन]** વ્યવહારનયથી **[आत्मा]** આત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**व्यवहारनयस्य सफलत्वप्रद्योतनकथनमाह।**

**इह सकलकर्मक्षयप्रादुर्भावासादितसकलविमलकेवलज्ञानस्य पुद्गलादिमूर्तामूर्तचेतनाचेतनपरद्रव्यगुणपर्यायप्रकरप्रकाशकत्वं कथमिति चेत्, पराश्रितो व्यवहारः इति वचनात् व्यवहारनयबलेनेति। ततो दर्शनमपि ताद्दशमेव। त्रैलोक्यप्रक्षोभहेतुभूततीर्थकरपरमदेवस्य शतमखशतप्रत्यक्षवंदनायोग्यस्य कार्यपरमात्मनश्च तद्वदेव परप्रकाशकत्वम्। तेन व्यवहारनयबलेन च तस्य खलु भगवतः केवलदर्शनमपि ताद्दशमेवेति।**

**तथा चोक्तं श्रुतबिन्दौ—**

(मालिनी)

**''जयति विजितदोषोऽमर्त्यमर्त्येन्द्रमौलि-**
**प्रविलसदुरुमालाभ्यर्चितांघ्रिर्जिनेन्द्रः।**
**त्रिजगदजगती यस्येद्दशौ व्यश्नुवाते**
**सममिव विषयेष्वन्योन्यवृत्तिं निषेद्धुम्॥''**

---

[**परप्रकाशः**] પરપ્રકાશક છે; [**तस्मात्**] તેથી [**दर्शनम्**] દર્શન પરપ્રકાશક છે.

**ટીકાઃ**—આ, વ્યવહારનયનું સફળપણું દર્શાવનારું કથન છે.

સમસ્ત (જ્ઞાનાવરણીય) કર્મનો ક્ષય થવાથી પ્રાપ્ત થતું સકળ-વિમળ કેવળજ્ઞાન પુદ્ગલાદિ મૂર્ત-અમૂર્ત ચેતન-અચેતન પરદ્રવ્યગુણપર્યાયસમૂહનું પ્રકાશક કઈ રીતે છે—એવો અહીં પ્રશ્ન થાય, તો તેનો ઉત્તર એમ છે કે—'**पराश्रितो व्यवहारः** (વ્યવહાર પરાશ્રિત છે)' એવું (શાસ્ત્રનું) વચન હોવાથી વ્યવહારનયના બળે એમ છે (અર્થાત્ પરપ્રકાશક છે); તેથી દર્શન પણ તેવું જ (–વ્યવહારનયના બળે પરપ્રકાશક) છે. વળી ત્રણ લોકના *પ્રક્ષોભના હેતુભૂત તીર્થંકર-પરમદેવને—કે જેઓ સો ઇન્દ્રોની પ્રત્યક્ષ વંદનાને યોગ્ય છે અને કાર્યપરમાત્મા છે તેમને—જ્ઞાનની માફક જ (વ્યવહારનયના બળે) પરપ્રકાશકપણું છે; તેથી વ્યવહારનયના બળે તે ભગવાનનું કેવળદર્શન પણ તેવું જ છે.

એવી રીતે શ્રુતબિન્દુમાં (શ્લોક દ્વારા) કહ્યું છે કેઃ—

''[**શ્લોકાર્થઃ**—] જેમણે દોષોને જીત્યા છે, જેમનાં ચરણો દેવેંદ્રો તેમ જ નરેંદ્રોના

---

★ પ્રક્ષોભના અર્થ માટે ૮૩મા પાનાનું પદટિપ્પણ જુઓ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तथा हि—

(मालिनी)

व्यवहरणनयेन ज्ञानपुंजोऽयमात्मा
प्रकटतरसुदृष्टिः सर्वलोकप्रदर्शी।
विदितसकलमूर्तामूर्ततत्त्वार्थसार्थः
स भवति परमश्रीकामिनीकामरूपः ॥२८०॥

**णाणं अप्पपयासं णिच्छयणयएण दंसणं तम्हा।**
**अप्पा अप्पपयासो णिच्छयणयएण दंसणं तम्हा ॥१६५॥**

**ज्ञानमात्मप्रकाशं निश्चयनयेन दर्शनं तस्मात्।**
**आत्मा आत्मप्रकाशो निश्चयनयेन दर्शनं तस्मात् ॥१६५॥**

---

મુગટોમાં પ્રકાશતી કીમતી માળાઓથી પૂજાય છે (અર્થાત્ જેમનાં ચરણોમાં ઇન્દ્રો તથા ચક્રવર્તીઓનાં મણિમાળાયુક્ત મુગટવાળાં મસ્તકો અત્યંત ઝૂકે છે), અને (લોકાલોકના સમસ્ત) પદાર્થો એકબીજામાં પ્રવેશ ન પામે એવી રીતે ત્રણ લોક અને અલોક જેમનામાં એકી સાથે જ વ્યાપે છે (અર્થાત્ જે જિનેન્દ્રને યુગપદ્ જણાય છે), તે જિનેન્દ્ર જયવંત છે.''

વળી (આ ૧૬૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—

[**શ્લોકાર્થ :—**] જ્ઞાનપુંજ એવો આ આત્મા અત્યંત સ્પષ્ટ દર્શન થતાં (અર્થાત્ કેવળદર્શન પ્રગટ થતાં) વ્યવહારનયથી સર્વ લોકને દેખે છે તથા (સાથે વર્તતા કેવળજ્ઞાનને લીધે) સમસ્ત મૂર્ત-અમૂર્ત પદાર્થસમૂહને જાણે છે. તે (કેવળદર્શનજ્ઞાનયુક્ત) આત્મા પરમશ્રીરૂપી કામિનીનો (મુક્તિસુંદરીનો) વલ્લભ થાય છે. ૨૮૦.

**નિશ્ચયનયે છે નિજપ્રકાશક જ્ઞાન, તેથી દૃષ્ટિ છે;**
**નિશ્ચયનયે છે નિજપ્રકાશક જીવ, તેથી દૃષ્ટિ છે. ૧૬૫.**

**અન્વયાર્થ :—**[**निश्चयनयेन**] નિશ્ચયનયથી [**ज्ञानम्**] જ્ઞાન [**आत्मप्रकाशं**] સ્વપ્રકાશક છે; [**तस्मात्**] તેથી [**दर्शनम्**] દર્શન સ્વપ્રકાશક છે. [**निश्चयनयेन**] નિશ્ચયનયથી [**आत्मा**] આત્મા [**आत्मप्रकाशः**] સ્વપ્રકાશક છે; [**तस्मात्**] તેથી [**दर्शनम्**] દર્શન સ્વપ્રકાશક છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



निश्चयनयेन स्वरूपाख्यानमेतत्।

निश्चयनयेन स्वप्रकाशकत्वलक्षणं शुद्धज्ञानमिहाभिहितं तथा सकलावरणप्रमुक्तशुद्धदर्शनमपि स्वप्रकाशकपरमेव। आत्मा हि विमुक्तसकलेन्द्रियव्यापारत्वात् स्वप्रकाशकत्वलक्षणलक्षित इति यावत्। दर्शनमपि विमुक्तबहिर्विषयत्वात् स्वप्रकाशकत्वप्रधानमेव। इत्थं स्वरूपप्रत्यक्षलक्षणलक्षिताक्षुण्णसहजशुद्धज्ञानदर्शनमयत्वात् निश्चयेन जगत्त्रयकालत्रयवर्तिस्थावरजंगमात्मकसमस्तद्रव्यगुणपर्यायविषयेषु ★आकाशाप्रकाशकादिविकल्पविदूरस्सन् स्वस्वरूपे ★संज्ञालक्षणप्रकाशतया निरवशेषेणान्तर्मुखत्वादनवरतम् अखंडाद्वैतचिच्चमत्कारमूर्तिरात्मा तिष्ठतीति।

(मंदाक्रांता)

आत्मा ज्ञान भवति नियतं स्वप्रकाशात्मकं या
दृष्टिः साक्षात् प्रहतबहिरालंबना सापि चैषः।
एकाकारस्वरसविसरापूर्णपुण्यः पुराणः
स्वस्मिन्नित्यं नियतवसतिर्निर्विकल्पे महिम्नि॥२८१॥

---

**ટીકા :—**આ, નિશ્ચયનયથી સ્વરૂપનું કથન છે.

અહીં નિશ્ચયનયથી શુદ્ધ જ્ઞાનનું લક્ષણ સ્વપ્રકાશકપણું કહ્યું છે; તેવી રીતે સર્વ આવરણથી મુક્ત શુદ્ધ દર્શન પણ સ્વપ્રકાશક જ છે. આત્મા ખરેખર, તેણે સર્વ ઇન્દ્રિયવ્યાપારને છોડ્યો હોવાથી, સ્વપ્રકાશકસ્વરૂપ લક્ષણથી લક્ષિત છે; દર્શન પણ, તેણે બહિર્વિષયપણું છોડ્યું હોવાથી, સ્વપ્રકાશકત્વપ્રધાન જ છે. આ રીતે સ્વરૂપપ્રત્યક્ષ-લક્ષણથી લક્ષિત અખંડ-સહજ-શુદ્ધજ્ઞાનદર્શનમય હોવાને લીધે, નિશ્ચયથી, ત્રિલોક-ત્રિકાળવર્તી સ્થાવર-જંગમસ્વરૂપ સમસ્ત દ્રવ્યગુણપર્યાયરૂપ વિષયો સંબંધી પ્રકાશ્ય-પ્રકાશકાદિ વિકલ્પોથી અતિ દૂર વર્તતો થકો, સ્વસ્વરૂપસંચેતન જેનું લક્ષણ છે એવા પ્રકાશ વડે સર્વથા અંતર્મુખ હોવાને લીધે, આત્મા નિરંતર અખંડ-અદ્વૈત-ચૈતન્યચમત્કારમૂર્તિ રહે છે.

[હવે આ ૧૬૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** નિશ્ચયથી આત્મા સ્વપ્રકાશક જ્ઞાન છે; જેણે બાહ્ય આલંબન નષ્ટ કર્યું

---

★ અહીં કાંઈક અશુદ્ધિ હોય એમ લાગે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**अप्पसरूवं पेच्छदि लोयालोयं ण केवली भगवं।**
**जइ कोइ भणइ एवं तस्स य किं दूसणं होइ॥१६६॥**

**आत्मस्वरूपं पश्यति लोकालोकौ न केवली भगवान्।**
**यदि कोपि भणत्येवं तस्य च किं दूषणं भवति॥१६६॥**

शुद्धनिश्चयनयविवक्षया परदर्शनत्वनिरासोऽयम्।

व्यवहारेण पुद्गलादित्रिकालविषयद्रव्यगुणपर्यायैकसमयपरिच्छित्तिसमर्थसकल-विमलकेवलावबोधमयत्वादिविविधमहिमाधारोऽपि स भगवान् केवलदर्शनतृतीय-लोचनोऽपि परमनिरपेक्षतया निःशेषतोऽन्तर्मुखत्वात् केवलस्वरूपप्रत्यक्षमात्रव्यापार-निरतनिरंजननिजसहजदर्शनेन सच्चिदानंदमयमात्मानं निश्चयतः पश्यतीति शुद्ध-

---

છે એવું (સ્વપ્રકાશક) જે સાક્ષાત્ દર્શન તે-રૂપ પણ આત્મા છે. એકાકાર નિજરસના ફેલાવથી પૂર્ણ હોવાને લીધે જે પવિત્ર છે અને જે પુરાણ (સનાતન) છે એવો આ આત્મા સદા પોતાના નિર્વિકલ્પ મહિમામાં નિશ્ચિતપણે વસે છે. ૨૮૧.

**પ્રભુ કેવળી દેખે નિજાત્માને, ન લોકાલોકને,**
**—જો કોઈ ભાખે એમ તો તેમાં કહો શો દોષ છે? ૧૬૬.**

**અન્વયાર્થઃ**—[**केवली भगवान्**] (નિશ્ચયથી) કેવળી ભગવાન [**आत्मस्वरूपं**] આત્મસ્વરૂપને [**पश्यति**] દેખે છે, [**न लोकालोकौ**] લોકાલોકને નહિ—[**एवं**] એમ [**यदि**] જો [**कः अपि भणति**] કોઈ કહે તો [**तस्य च किं दूषणं भवति**] તેને શો દોષ છે? (અર્થાત્ કાંઈ દોષ નથી.)

**ટીકાઃ**—આ, શુદ્ધનિશ્ચયનયની વિવક્ષાથી પરદર્શનનું (પરને દેખવાનું) ખંડન છે.

જોકે વ્યવહારથી એક સમયમાં ત્રણ કાળ સંબંધી પુદ્ગલાદિ દ્રવ્યગુણપર્યાયોને જાણવામાં સમર્થ સકળ-વિમળ કેવળજ્ઞાનમયત્વાદિ વિવિધ મહિમાઓનો ધરનાર છે, તોપણ તે ભગવાન, કેવળદર્શનરૂપ તૃતીય લોચનવાળો હોવા છતાં, પરમ નિરપેક્ષપણાને લીધે નિઃશેષપણે (સર્વથા) અંતર્મુખ હોવાથી કેવળ સ્વરૂપપ્રત્યક્ષમાત્ર વ્યાપારમાં લીન એવા નિરંજન નિજ સહજદર્શન વડે સચ્ચિદાનંદમય આત્માને નિશ્ચયથી દેખે છે (પરંતુ લોકાલોકને નહિ)—એમ જે કોઈ પણ શુદ્ધ અંતઃતત્ત્વનો વેદનાર (જાણનાર,



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**निश्चयनयविवक्षया यः कोपि शुद्धान्तस्तत्त्ववेदी परमजिनयोगीश्वरो वक्ति तस्य च न खलु दूषणं भवतीति।**

(मंदाक्रांता)

**पश्यत्यात्मा सहजपरमात्मानमेकं विशुद्धं**
**स्वान्तःशुद्ध्यावसथमहिमाधारमत्यन्तधीरम् ।**
**स्वात्मन्युच्चैरविचलतया सर्वदान्तर्निमग्नं**
**तस्मिन्नैव प्रकृतिमहति व्यावहारप्रपंचः ॥२८२॥**

---

અનુભવનાર) પરમ જિનયોગીશ્વર શુદ્ધનિશ્ચયનયની વિવક્ષાથી કહે છે, તેને ખરેખર દૂષણ નથી.

[હવે આ ૧૬૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** (*નિશ્ચયથી) આત્મા સહજ પરમાત્માને દેખે છે—કે જે પરમાત્મા એક છે, વિશુદ્ધ છે, નિજ અંતઃશુદ્ધિનું રહેઠાણ હોવાથી (કેવળજ્ઞાનદર્શનાદિ) મહિમાનો ધરનાર છે, અત્યંત ધીર છે અને નિજ આત્મામાં અત્યંત અવિચળ હોવાથી સર્વદા અંતર્મગ્ન છે; સ્વભાવથી મહાન એવા તે આત્મામાં *વ્યવહારપ્રપંચ નથી જ (અર્થાત્ નિશ્ચયથી આત્મામાં લોકાલોકને દેખવારૂપ વ્યવહારવિસ્તાર નથી જ). ૨૮૨.

---

★ અહીં નિશ્ચય-વ્યવહાર સંબંધી એમ સમજવું કે—જેમાં સ્વની જ અપેક્ષા હોય તે નિશ્ચયકથન છે અને જેમાં પરની અપેક્ષા આવે તે વ્યવહારકથન છે; માટે કેવળી ભગવાન લોકાલોકને—પરને જાણે-દેખે છે એમ કહેવું તે વ્યવહારકથન છે અને કેવળી ભગવાન સ્વાત્માને જાણે-દેખે છે એમ કહેવું તે નિશ્ચયકથન છે. અહીં વ્યવહારકથનનો વાચ્યાર્થ એમ ન સમજવો કે જેમ છદ્મસ્થ જીવ લોકાલોકને જાણતો-દેખતો જ નથી તેમ કેવળી ભગવાન લોકાલોકને જાણતા-દેખતા જ નથી. છદ્મસ્થ જીવ સાથે સરખામણીની અપેક્ષાએ તો કેવળી ભગવાન લોકાલોકને જાણે-દેખે છે તે બરાબર સત્ય છે—યથાર્થ છે, કારણ કે તેઓ ત્રિકાળ સંબંધી સર્વ દ્રવ્યગુણપર્યાયોને યથાસ્થિત બરાબર પરિપૂર્ણપણે ખરેખર જાણે-દેખે છે, 'કેવળી ભગવાન લોકાલોકને જાણે-દેખે છે' એમ કહેતાં પરની અપેક્ષા આવે છે એટલું જ સૂચવવા, તથા કેવળી ભગવાન જેમ સ્વને તદ્રૂપ થઈને નિજસુખના સંવેદન સહિત જાણે-દેખે છે તેમ લોકાલોકને (પરને) તદ્રૂપ થઈને પરસુખદુઃખાદિના સંવેદન સહિત જાણતા-દેખતા નથી, પરંતુ પરથી તદ્દન ભિન્ન રહીને, પરના સુખદુઃખાદિનું સંવેદન કર્યા વિના જાણે-દેખે છે એટલું જ સૂચવવા તેને વ્યવહાર કહેલ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



मुत्तममुत्तं दव्वं चेयणमियरं सगं च सव्वं च।
पेच्छंतस्स दु णाणं पच्चक्खमणिंदियं होइ॥१६७॥

मूर्तममूर्तं द्रव्यं चेतनमितरत् स्वकं च सर्वं च।
पश्यतस्तु ज्ञानं प्रत्यक्षमतीन्द्रियं भवति॥१६७॥

केवलबोधस्वरूपाख्यानमेतत्।

षण्णां द्रव्याणां मध्ये मूर्तत्वं पुद्गलस्य पंचानाम् अमूर्तत्वम्; चेतनत्वं जीवस्यैव पंचानामचेतनत्वम्। मूर्तामूर्तचेतनाचेतनस्वद्रव्यादिकमशेषं त्रिकालविषयम् अनवरतं पश्यतो भगवतः श्रीमदर्हत्परमेश्वरस्य क्रमकरणव्यवधानापोढं चातीन्द्रियं च सकलविमलकेवलज्ञानं सकलप्रत्यक्षं भवतीति।

तथा चोक्तं प्रवचनसारे—

---

મૂર્તિક-અમૂર્તિક ચેતનાચેતન સ્વપર સૌ દ્રવ્યને
જે દેખતો તેને અતીંદ્રિય જ્ઞાન છે, પ્રત્યક્ષ છે. ૧૬૭.

**અન્વયાર્થ :**—[मूर्तम् अमूर्तम्] મૂર્ત-અમૂર્ત [चेतनम् इतरत्] ચેતન-અચેતન [द्रव्यं] દ્રવ્યોને—[स्वकं च सर्वं च] સ્વને તેમ જ સમસ્તને [पश्यतः तु] દેખનારનું (જાણનારનું) [ज्ञानम्] જ્ઞાન [अतीन्द्रियं] અતીંદ્રિય છે, [प्रत्यक्षम् भवति] પ્રત્યક્ષ છે.

**ટીકા :**—આ, કેવળજ્ઞાનના સ્વરૂપનું કથન છે.

છ દ્રવ્યોમાં પુદ્ગલને મૂર્તપણું છે, (બાકીનાં) પાંચને અમૂર્તપણું છે; જીવને જ ચેતનપણું છે, (બાકીનાં) પાંચને અચેતનપણું છે. ત્રિકાળ સંબંધી મૂર્ત-અમૂર્ત ચેતન-અચેતન સ્વદ્રવ્યાદિ અશેષને (સ્વ તેમ જ પર સમસ્ત દ્રવ્યોને) નિરંતર દેખનાર ભગવાન શ્રીમદ્ અર્હત્પરમેશ્વરનું જે ક્રમ, ઇન્દ્રિય અને *વ્યવધાન વિનાનું, અતીન્દ્રિય સકળ-વિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન તે સકલપ્રત્યક્ષ છે.

એવી રીતે (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી પ્રવચનસારમાં (૫૪મી ગાથા દ્વારા) કહ્યું છે કે :—

---

★ વ્યવધાનના અર્થ માટે ૨૬મા પાનાનું પદટિપ્પણ જુઓ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



"जं पेच्छदो अमुत्तं मुत्तेसु अदिंदियं च पच्छण्णं।
सयलं सगं च इदरं तं णाणं हवदि पच्चक्खं॥"

तथा हि—

(मंदाक्रांता)

सम्यग्वर्ती त्रिभुवनगुरुः शाश्वतानन्तधामा
लोकालोकौ स्वपरमखिलं चेतनाचेतनं च।
तार्तीयं यन्नयनमपरं केवलज्ञानसंज्ञं
तेनैवायं विदितमहिमा तीर्थनाथो जिनेन्द्रः॥२८३॥

**पुव्वुत्तसयलदव्वं णाणागुणपज्जएण संजुत्तं।**
**जो ण य पेच्छइ सम्मं परोक्खदिट्ठी हवे तस्स॥१६८॥**

**पूर्वोक्तसकलद्रव्यं नानागुणपर्यायेण संयुक्तम्।**
**यो न च पश्यति सम्यक् परोक्षदृष्टिर्भवेत्तस्य॥१६८॥**

---

"[**ગાથાર્થ :—**] દેખનારનું જે જ્ઞાન અમૂર્તને, મૂર્ત પદાર્થોમાં પણ અતીંદ્રિયને, અને પ્રચ્છન્નને એ બધાંયને—સ્વને તેમ જ પરને—દેખે છે, તે જ્ઞાન પ્રત્યક્ષ છે."

વળી (આ ૧૬૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—

[**શ્લોકાર્થ :—**] કેવળજ્ઞાન નામનું જે ત્રીજું ઉત્કૃષ્ટ નેત્ર તેનાથી જ જેમનો પ્રસિદ્ધ મહિમા છે, જેઓ ત્રણ લોકના ગુરુ છે અને શાશ્વત અનંત જેમનું *ધામ છે—એવા આ તીર્થનાથ જિનેંદ્ર લોકાલોકને અર્થાત્ સ્વ-પર એવાં સમસ્ત ચેતન-અચેતન પદાર્થોને સમ્યક્ પ્રકારે (બરાબર) જાણે છે. ૨૮૩.

**વિધવિધ ગુણો ને પર્યયો સંયુક્ત દ્રવ્ય સમસ્તને**
**દેખે ન જે સમ્યક્ પ્રકાર, પરોક્ષ દૃષ્ટિ તેહને. ૧૬૮.**

**અન્વયાર્થ :—**[**नानागुणपर्यायेण संयुक्तम्**] વિધવિધ ગુણો અને પર્યાયોથી સંયુક્ત [**पूर्वोक्तसकलद्रव्यं**] પૂર્વોક્ત સમસ્ત દ્રવ્યોને [**यः**] જે [**सम्यक्**] સમ્યક્ પ્રકારે (બરાબર)

---

★ ધામ = (૧) ભવ્યતા; (૨) તેજ; (૩) બળ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**अत्र केवलदृष्टेरभावात् सकलज्ञत्वं न समस्तीत्युक्तम्।**

**पूर्वसूत्रोपात्तमूर्तादिद्रव्यं समस्तगुणपर्यायात्मकं, मूर्तस्य मूर्तगुणाः, अचेतनस्याचेतनगुणाः, अमूर्तस्यामूर्तगुणाः, चेतनस्य चेतनगुणाः, षड्‌ढानिवृद्धिरूपाः सूक्ष्माः परमागमप्रामाण्यादभ्युपगम्याः अर्थपर्यायाः षण्णां द्रव्याणां साधारणाः, नरनारकादिव्यंजनपर्याया जीवानां पंचसंसारप्रपंचानां, पुद्गलानां स्थूलस्थूलादिस्कन्धपर्यायाः, चतुर्णां धर्मादीनां शुद्धपर्यायाश्चेति, एभिः संयुक्तं तद्द्रव्यजालं यः खलु न पश्यति, तस्य संसारिणामिव परोक्षदृष्टिरिति।**

(वसंततिलका)

**यो नैव पश्यति जगत्त्रयमेकदैव**
**कालत्रयं च तरसा सकलज्ञमानी।**
**प्रत्यक्षदृष्टिरतुला न हि तस्य नित्यं**
**सर्वज्ञता कथमिहास्य जडात्मनः स्यात् ॥२८४॥**

---

[**न च पश्यति**] દેખતો નથી, [**तस्य**] તેને [**परोक्षदृष्टिः भवेत्**] પરોક્ષ દર્શન છે.

**ટીકા :**—અહીં, કેવળદર્શનના અભાવે (અર્થાત્ પ્રત્યક્ષ દર્શનના અભાવમાં) સર્વજ્ઞપણું હોતું નથી એમ કહ્યું છે.

સમસ્ત ગુણો અને પર્યાયોથી સંયુક્ત પૂર્વસૂત્રોક્ત (૧૬૭ મી ગાથામાં કહેલાં) મૂર્તાદિ દ્રવ્યોને જે દેખતો નથી;—અર્થાત્ મૂર્ત દ્રવ્યના મૂર્ત ગુણો હોય છે, અચેતનના અચેતન ગુણો હોય છે, અમૂર્તના અમૂર્ત ગુણો હોય છે, ચેતનના ચેતન ગુણો હોય છે; ષટ્ (છ પ્રકારની) હાનિવૃદ્ધિરૂપ, સૂક્ષ્મ, પરમાગમના પ્રમાણથી સ્વીકારવાયોગ્ય અર્થપર્યાયો છ દ્રવ્યોને સાધારણ છે, નરનારકાદિ વ્યંજનપર્યાયો પાંચ પ્રકારના *સંસારપ્રપંચવાળા જીવોને હોય છે, પુદ્‌ગલોને સ્થૂલ-સ્થૂલ વગેરે સ્કંધપર્યાયો હોય છે અને ધર્માદિ ચાર દ્રવ્યોને શુદ્ધ પર્યાયો હોય છે; આ ગુણપર્યાયોથી સંયુક્ત એવા તે દ્રવ્યસમૂહને જે ખરેખર દેખતો નથી;—તેને (ભલે તે સર્વજ્ઞપણાના અભિમાનથી દગ્ધ હોય તોપણ) સંસારીઓની માફક પરોક્ષ દૃષ્ટિ છે.

[હવે આ ૧૬૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

---

★ સંસારપ્રપંચ = સંસારવિસ્તાર. (સંસારવિસ્તાર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ—એવા પાંચ પરાવર્તનરૂપ છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**लोयालोयं जाणइ अप्पाणं णेव केवली भगवं।**
**जइ कोइ भणइ एवं तस्स य किं दूसणं होइ॥१६९॥**

**लोकालोकौ जानात्यात्मानं नैव केवली भगवान्।**
**यदि कोऽपि भणति एवं तस्य च किं दूषणं भवति॥१६९॥**

**व्यवहारनयप्रादुर्भावकथनमिदम्।**

**सकलविमलकेवलज्ञानत्रितयलोचनो भगवान् अपुनर्भवकमनीयकामिनीजीवितेशः षड्द्रव्यसंकीर्णलोकत्रयं शुद्धाकाशमात्रालोकं च जानाति, पराश्रितो व्यवहार इति मानात् व्यवहारेण व्यवहारप्रधानत्वात्, निरुपरागशुद्धात्मस्वरूपं नैव जानाति, यदि व्यवहारनयविवक्षया कोपि जिननाथतत्त्वविचारलब्धः (दक्षः) कदाचिदेवं वक्ति चेत्, तस्य**

---

[**શ્લોકાર્થ :**—] સર્વજ્ઞતાના અભિમાનવાળો જે જીવ શીઘ્ર એક જ કાળે ત્રણ જગતને અને ત્રણ કાળને દેખતો નથી, તેને સદા (અર્થાત્ કદાપિ) અતુલ પ્રત્યક્ષ દર્શન નથી; તે જડ આત્માને સર્વજ્ઞતા કઈ રીતે હોય? ૨૮૪.

**પ્રભુ કેવળી જાણે ત્રિલોક-અલોકને, નહિ આત્મને,**
**—જો કોઈ ભાખે એમ તો તેમાં કહો શો દોષ છે? ૧૬૯.**

**અન્વયાર્થ :**—[**केवली भगवान्**] (વ્યવહારથી) કેવળી ભગવાન [**लोकालोकौ**] લોકાલોકને [**जानाति**] જાણે છે, [**न एव आत्मानम्**] આત્માને નહિ—[**एवं**] એમ [**यदि**] જો [**कः अपि भणति**] કોઈ કહે તો [**तस्य च किं दूषणं भवति**] તેને શો દોષ છે? (અર્થાત્ કાંઈ દોષ નથી.)

**ટીકા :**—આ, વ્યવહારનયની પ્રગટતાથી કથન છે.

‘**पराश्रितो व्यवहारः** (વ્યવહારનય પરાશ્રિત છે)’ એવા (શાસ્ત્રના) અભિપ્રાયને લીધે, વ્યવહારે વ્યવહારનયની પ્રધાનતા દ્વારા (અર્થાત્ વ્યવહારે વ્યવહારનયને પ્રધાન કરીને), ‘સકળ-વિમળ કેવળજ્ઞાન જેમનું ત્રીજું લોચન છે અને અપુનર્ભવરૂપી સુંદર કામિનીના જેઓ જીવિતેશ છે (–મુક્તિસુંદરીના જેઓ પ્રાણનાથ છે) એવા ભગવાન છ દ્રવ્યોથી વ્યાપ્ત ત્રણ લોકને અને શુદ્ધ-આકાશમાત્ર અલોકને જાણે છે, નિરુપરાગ (નિર્વિકાર) શુદ્ધ આત્મસ્વરૂપને નથી જ જાણતા’—એમ જો વ્યવહારનયની વિવક્ષાથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



न खलु दूषणमिति।

तथा चोक्तं श्रीसमन्तभद्रस्वामिभिः—

(अपरवक्त्र)

''स्थितिजननिरोधलक्षणं
चरमचरं च जगत्प्रतिक्षणम्।
इति जिन सकलज्ञलांछनं
वचनमिदं वदतांवरस्य ते।।''

तथा हि—

(वसंततिलका)

जानाति लोकमखिलं खलु तीर्थनाथः
स्वात्मानमेकमनघं निजसौख्यनिष्ठम्।
नो वेत्ति सोऽयमिति तं व्यवहारमार्गाद्
वक्तीति कोऽपि मुनिपो न च तस्य दोषः।।२८५।।

---

કોઈ જિનનાથના તત્ત્વવિચારમાં નિપુણ જીવ (–જિનદેવે કહેલા તત્ત્વના વિચારમાં પ્રવીણ જીવ) કદાચિત્ કહે, તો તેને ખરેખર દૂષણ નથી.

એવી રીતે (આચાર્યવર) શ્રી સમંતભદ્રસ્વામીએ (બૃહત્સ્વયંભૂસ્તોત્રમાં શ્રી મુનિસુવ્રત ભગવાનની સ્તુતિ કરતાં ૧૧૪ મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

''[**શ્લોકાર્થ :**—] હે જિનેંદ્ર! તું વક્તાઓમાં શ્રેષ્ઠ છે; 'ચરાચર (જંગમ તથા સ્થાવર) જગત પ્રતિક્ષણ (પ્રત્યેક સમયે) ઉત્પાદવ્યયધ્રૌવ્યલક્ષણવાળું છે' એવું આ તારું વચન (તારી) સર્વજ્ઞતાનું ચિહ્ન છે.''

વળી (આ ૧૬૯ મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—

[**શ્લોકાર્થ :**—] તીર્થનાથ ખરેખર આખા લોકને જાણે છે અને તેઓ એક, અનઘ (નિર્દોષ), નિજસૌખ્યનિષ્ઠ (નિજ સુખમાં લીન) સ્વાત્માને જાણતા નથી—એમ કોઈ મુનિવર વ્યવહારમાર્ગથી કહે તો તેને દોષ નથી. ૨૮૫.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



णाणं जीवसरूवं तम्हा जाणेइ अप्पगं अप्पा।
अप्पाणं ण वि जाणदि अप्पादो होदि विदिरित्तं॥१७०॥

ज्ञानं जीवस्वरूपं तस्माज्ज्ञानात्यात्मकं आत्मा।
आत्मानं नापि जानात्यात्मनो भवति व्यतिरिक्तम्॥१७०॥

अत्र ज्ञानस्वरूपो जीव इति वितर्केणोक्तः।

इह हि ज्ञानं तावज्जीवस्वरूपं भवति, ततो हेतोरखंडाद्वैतस्वभावनिरतं निरतिशयपरमभावनासनाथं मुक्तिसुंदरीनाथं बहिर्व्यावृत्तकौतूहलं निजपरमात्मानं जानाति कश्चिदात्मा भव्यजीव इति अयं खलु स्वभाववादः। अस्य विपरीतो वितर्कः स खलु विभाववादः प्राथमिकशिष्याभिप्रायः। कथमिति चेत्, पूर्वोक्तस्वरूपमात्मानं खलु न जानात्यात्मा, स्वरूपावस्थितः संतिष्ठति। यथोष्णस्वरूपस्याग्नेः स्वरूपमग्निः किं जानाति,

---

છે જ્ઞાન જીવસ્વરૂપ, તેથી જીવ જાણે જીવને;
જીવને ન જાણે જ્ઞાન તો એ જીવથી જુદું ઠરે! ૧૭૦.

**અન્વયાર્થઃ**—[ज्ञानं] જ્ઞાન [जीवस्वरूपं] જીવનું સ્વરૂપ છે, [तस्मात्] તેથી [आत्मा] આત્મા [आत्मकं] આત્માને [जानाति] જાણે છે; [आत्मानं न अपि जानाति] જો જ્ઞાન આત્માને ન જાણે તો [आत्मनः] આત્માથી [व्यतिरिक्तम्] વ્યતિરિક્ત (જુદું) [भवति] ઠરે!

**ટીકાઃ**—અહીં (આ ગાથામાં) 'જીવ જ્ઞાનસ્વરૂપ છે' એમ વિતર્કથી (દલીલથી) કહ્યું છે.

પ્રથમ તો, જ્ઞાન ખરેખર જીવનું સ્વરૂપ છે; તે હેતુથી, જે અખંડ અદ્વૈત સ્વભાવમાં લીન છે, જે [1]નિરતિશય પરમ ભાવના સહિત છે, જે મુક્તિસુંદરીનો નાથ છે અને બહારમાં જેણે [2]કૌતૂહલ વ્યાવૃત્ત કર્યું છે (અર્થાત્ બાહ્ય પદાર્થો સંબંધી કુતૂહલનો જેણે અભાવ કર્યો છે) એવા નિજ પરમાત્માને કોઈ આત્મા—ભવ્ય જીવ—જાણે છે.—આમ આ ખરેખર સ્વભાવવાદ છે. આનાથી વિપરીત વિતર્ક (–વિચાર) તે ખરેખર વિભાવવાદ છે, પ્રાથમિક શિષ્યનો અભિપ્રાય છે.

---

૧. નિરતિશય = જેનાથી બીજું કોઈ ચડિયાતું નથી એવી; અનુત્તમ; શ્રેષ્ઠ; અજોડ.

૨. કૌતૂહલ = ઇન્તેજારી; ઉત્સુકતા; આશ્ચર્ય; કૌતુક.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**तथैव ज्ञानज्ञेयविकल्पाभावात् सोऽयमात्मात्मनि तिष्ठति। हंहो प्राथमिकशिष्य अग्निवदयमात्मा किमचेतनः। किं बहुना। तमात्मानं ज्ञानं न जानाति चेद् देवदत्त-रहितपरशुवत् इदं हि नार्थक्रियाकारि, अत एव आत्मनः सकाशाद् व्यतिरिक्तं भवति। तन्न खलु सम्मतं स्वभाववादिनामिति।**

**तथा चोक्तं श्रीगुणभद्रस्वामिभिः—**

(अनुष्टुभ्)

**''ज्ञानस्वभावः स्यादात्मा स्वभावावाप्तिरच्युतिः।**
**तस्मादच्युतिमाकांक्षन् भावयेज्ज्ञानभावनाम्॥''**

---

તે (વિપરીત વિતર્ક—પ્રાથમિક શિષ્યનો અભિપ્રાય) કયા પ્રકારે છે? (તે આ પ્રકારે છે :—) 'પૂર્વોક્તસ્વરૂપ (જ્ઞાનસ્વરૂપ) આત્માને આત્મા ખરેખર જાણતો નથી, સ્વરૂપમાં અવસ્થિત રહે છે (–આત્મામાં માત્ર સ્થિત રહે છે). જેવી રીતે ઉષ્ણતાસ્વરૂપ અગ્નિના સ્વરૂપને (અર્થાત્ અગ્નિને) શું અગ્નિ જાણે છે? (નથી જ જાણતો.) તેવી જ રીતે જ્ઞાનજ્ઞેય સંબંધી વિકલ્પના અભાવથી આ આત્મા આત્મામાં (માત્ર) સ્થિત રહે છે (–આત્માને જાણતો નથી).'

(ઉપરોક્ત વિતર્કનો ઉત્તર :—) 'હે પ્રાથમિક શિષ્ય! અગ્નિની માફક શું આ આત્મા અચેતન છે (કે જેથી તે પોતાને ન જાણે)? વધારે શું કહેવું? (સંક્ષેપમાં,) જો તે આત્માને જ્ઞાન ન જાણે તો તે જ્ઞાન, દેવદત્ત વિનાની કુહાડીની માફક, *અર્થક્રિયાકારી ન ઠરે, અને તેથી તે આત્માથી ભિન્ન ઠરે! તે તો (અર્થાત્ જ્ઞાન ને આત્માની સર્વથા ભિન્નતા તો) ખરેખર સ્વભાવવાદીઓને સંમત નથી. (માટે નક્કી કર કે જ્ઞાન આત્માને જાણે છે.)'

એવી રીતે (આચાર્યવર) શ્રી ગુણભદ્રસ્વામીએ (આત્માનુશાસનમાં ૧૭૪મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

''[**શ્લોકાર્થ :—**] આત્મા જ્ઞાનસ્વભાવ છે; સ્વભાવની પ્રાપ્તિ તે અચ્યુતિ (અવિનાશી

---

★ અર્થક્રિયાકારી = પ્રયોજનભૂત ક્રિયા કરનારું. (જેમ દેવદત્ત વગરની એકલી કુહાડી અર્થક્રિયા —કાપવાની ક્રિયા—કરતી નથી, તેમ જો જ્ઞાન આત્માને જાણતું ન હોય તો જ્ઞાને પણ અર્થક્રિયા —જાણવાની ક્રિયા—ન કરી; તેથી જેમ અર્થક્રિયાશૂન્ય કુહાડી દેવદત્તથી ભિન્ન છે તેમ અર્થક્રિયાશૂન્ય જ્ઞાન આત્માથી ભિન્ન હોવું જોઈએ! પરંતુ તે તો સ્પષ્ટપણે વિરુદ્ધ છે. માટે જ્ઞાન આત્માને જાણે જ છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तथा हि—

(मंदाक्रांता)

ज्ञानं तावद्भवति सुतरां शुद्धजीवस्वरूपं
स्वात्मात्मानं नियतमधुना तेन जानाति चैकम्।
तच्च ज्ञानं स्फुटितसहजावस्थयात्मानमारात्
नो जानाति स्फुटमविचलाद्भिन्नमात्मस्वरूपात् ॥२८६॥

तथा चोक्तम्—

''णाणं अव्विदिरित्तं जीवादो तेण अप्पगं मुणइ।
जदि अप्पगं ण जाणइ भिण्णं तं होदि जीवादो॥''

**अप्पाणं विणु णाणं णाणं विणु अप्पगो ण संदेहो।**
**तम्हा सपरपयासं णाणं तह दंसणं होदि॥१७१॥**

**आत्मानं विद्धि ज्ञानं ज्ञानं विद्ध्यात्मको न संदेहः।**
**तस्मात्स्वपरप्रकाशं ज्ञानं तथा दर्शनं भवति॥१७१॥**

---

દશા) છે; માટે અચ્યુતિને (અવિનાશીપણાને, શાશ્વત અવસ્થાને) ઇચ્છનાર જીવે જ્ઞાનની ભાવના ભાવવી.''

વળી (આ ૧૭૦મી ગાથાની ટીકાના કળશરૂપે ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—

[**શ્લોકાર્થ** :—] જ્ઞાન તો બરાબર શુદ્ધજીવનું સ્વરૂપ છે; તેથી (અમારો) નિજ આત્મા હમણાં (સાધક દશામાં) એક (પોતાના) આત્માને નિયમથી (નિશ્ચયથી) જાણે છે. અને, જો તે જ્ઞાન પ્રગટ થયેલી સહજ અવસ્થા વડે સીધું (પ્રત્યક્ષપણે) આત્માને ન જાણે તો તે જ્ઞાન અવિચળ આત્મસ્વરૂપથી અવશ્ય ભિન્ન ઠરે! ૨૮૬.

વળી એવી રીતે (અન્યત્ર ગાથા દ્વારા) કહ્યું છે કે :—

''[**ગાથાર્થ** :—] જ્ઞાન જીવથી અભિન્ન છે તેથી તે આત્માને જાણે છે; જો જ્ઞાન આત્માને ન જાણે તો તે જીવથી ભિન્ન ઠરે!''

**રે! જીવ છે તે જ્ઞાન છે, ને જ્ઞાન છે તે જીવ છે;**
**તે કારણે નિજપરપ્રકાશક જ્ઞાન તેમ જ દૃષ્ટિ છે. ૧૭૧.**

**અન્વયાર્થ** :—[**आत्मानं ज्ञानं विद्धि**] આત્માને જ્ઞાન જાણ, અને [**ज्ञानम् आत्मकः**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



गुणगुणिनोः भेदाभावस्वरूपाख्यानमेतत्।

सकलपरद्रव्यपराङ्मुखमात्मानं स्वस्वरूपपरिच्छित्तिसमर्थसहजज्ञानस्वरूपमिति हे शिष्य त्वं विद्धि जानीहि तथा विज्ञानमात्मेति जानीहि। तत्त्वं स्वपरप्रकाशं ज्ञानदर्शनद्वितयमित्यत्र संदेहो नास्ति।

(अनुष्टुभ्)

आत्मानं ज्ञानदृग्रूपं विद्धि दृग्ज्ञानमात्मकं।
स्वं परं चेति यत्तत्त्वमात्मा द्योतयति स्फुटम्॥२८७॥

**जाणंतो पस्संतो ईहापुव्वं ण होइ केवलिणो।**
**केवलिणाणी तम्हा तेण दु सोऽबंधगो भणिदो॥१७२॥**

जानन् पश्यन्नीहापूर्वं न भवति केवलिनः।
केवलज्ञानी तस्मात् तेन तु सोऽबन्धको भणितः॥१७२॥

---

**विद्धि]** જ્ઞાન આત્મા છે એમ જાણ;—**[न संदेहः]** આમાં સંદેહ નથી. **[तस्मात्]** તેથી **[ज्ञानं]** જ્ઞાન **[तथा]** તેમ જ **[दर्शनं]** દર્શન **[स्वपरप्रकाशं]** સ્વપરપ્રકાશક **[भवति]** છે.

**ટીકાઃ**—આ, ગુણ-ગુણીમાં ભેદનો અભાવ હોવારૂપ સ્વરૂપનું કથન છે.

હે શિષ્ય! સર્વ પરદ્રવ્યથી પરાઙ્મુખ આત્માને તું નિજ સ્વરૂપને જાણવામાં સમર્થ સહજજ્ઞાનસ્વરૂપ જાણ, તથા જ્ઞાન આત્મા છે એમ જાણ. માટે તત્ત્વ (–સ્વરૂપ) એમ છે કે જ્ઞાન તથા દર્શન બન્ને સ્વપરપ્રકાશક છે. આમાં સંદેહ નથી.

[હવે આ ૧૭૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થઃ—]** આત્માને જ્ઞાનદર્શનરૂપ જાણ અને જ્ઞાનદર્શનને આત્મા જાણ; સ્વ અને પર એવા તત્ત્વને (સમસ્ત પદાર્થોને) આત્મા સ્પષ્ટપણે પ્રકાશે છે. ૨૮૭.

**જાણે અને દેખે છતાં ઇચ્છા ન કેવળીજિનને;**
**ને તેથી 'કેવળજ્ઞાની' તેમ 'અબંધ' ભાખ્યા તેમને. ૧૭૨.**

**અન્વયાર્થઃ**—**[जानन् पश्यन्]** જાણતા અને દેખતા હોવા છતાં, **[केवलिनः]**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सर्वज्ञवीतरागस्य वांछाभावत्वमत्रोक्तम्।

भगवानर्हत्परमेष्ठी साद्यनिधनामूर्तातीन्द्रियस्वभावशुद्धसद्भूतव्यवहारेण केवलज्ञानादि-शुद्धगुणानामाधारभूतत्वात् विश्वमश्रान्तं जानन्नपि पश्यन्नपि वा मनःप्रवृत्तेरभावादीहापूर्वकं वर्तनं न भवति तस्य केवलिनः परमभट्टारकस्य, तस्मात् स भगवान् केवलज्ञानीति प्रसिद्धः, पुनस्तेन कारणेन स भगवान् अबन्धक इति।

तथा चोक्तं श्रीप्रवचनसारे—

"ण वि परिणमदि ण गेण्हदि उप्पज्जदि णेव तेसु अट्ठेसु।<br>
जाणण्णवि ते आदा अबंधगो तेण पण्णत्तो॥"

तथा हि—

---

કેવળીને **[ईहापूर्वं]** ઇચ્છાપૂર્વક (વર્તન) **[न भवति]** હોતું નથી; **[तस्मात्]** તેથી તેમને **[केवलज्ञानी]** 'કેવળજ્ઞાની' કહ્યા છે; **[तेन तु]** વળી તેથી **[सः अबन्धकः भणितः]** અબંધક કહ્યા છે.

**ટીકા :**—અહીં, સર્વજ્ઞ વીતરાગને વાંછાનો અભાવ હોય છે એમ કહ્યું છે.

ભગવાન અર્હંત પરમેષ્ઠી સાદિ-અનંત અમૂર્ત અતીંદ્રિયસ્વભાવવાળા શુદ્ધસદ્‌ભૂત-વ્યવહારથી કેવળજ્ઞાનાદિ શુદ્ધ ગુણોના આધારભૂત હોવાને લીધે વિશ્વને નિરંતર જાણતા હોવા છતાં અને દેખતા હોવા છતાં, તે પરમ ભટ્ટારક કેવળીને મનપ્રવૃત્તિનો (મનની પ્રવૃત્તિનો, ભાવમનપરિણતિનો) અભાવ હોવાથી ઇચ્છાપૂર્વક વર્તન હોતું નથી; તેથી તે ભગવાન 'કેવળજ્ઞાની' તરીકે પ્રસિદ્ધ છે; વળી તે કારણથી તે ભગવાન અબંધક છે.

એવી રીતે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી પ્રવચનસારમાં (૫૨મી ગાથા દ્વારા) કહ્યું છે કે :—

"[**ગાથાર્થ :**—] (કેવળજ્ઞાની) આત્મા પદાર્થોને જાણતો હોવા છતાં તે-રૂપે પરિણમતો નથી, તેમને ગ્રહતો નથી અને તે પદાર્થોરૂપે ઉત્પન્ન થતો નથી તેથી તેને અબંધક કહ્યો છે."

વળી (આ ૧૭૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

(मंदाक्रांता)

जानन् सर्वं भुवनभवनाभ्यन्तरस्थं पदार्थं
पश्यन् तद्वत् सहजमहिमा देवदेवो जिनेशः।
मोहाभावादपरमखिलं नैव गृह्णाति नित्यं
ज्ञानज्योतिर्हतमलकलिः सर्वलोकैकसाक्षी ॥२८८॥

**परिणामपुव्ववयणं जीवस्स य बंधकारणं होइ।**
**परिणामरहियवयणं तम्हा णाणिस्स ण हि बंधो॥१७३॥**
**ईहापुव्वं वयणं जीवस्स य बंधकारणं होइ।**
**ईहारहियं वयणं तम्हा णाणिस्स ण हि बंधो॥१७४॥**

परिणामपूर्ववचनं जीवस्य च बंधकारणं भवति।
परिणामरहितवचनं तस्माज्ज्ञानिनो न हि बंधः॥१७३॥
ईहापूर्वं वचनं जीवस्य च बंधकारणं भवति।
ईहारहितं वचनं तस्माज्ज्ञानिनो न हि बंधः॥१७४॥

---

[**શ્લોકાર્થઃ**—] સહજમહિમાવંત દેવાધિદેવ જિનેશ લોકરૂપી ભવનની અંદર રહેલા સર્વ પદાર્થોને જાણતા હોવા છતાં, તેમ જ દેખતા હોવા છતાં, મોહના અભાવને લીધે સમસ્ત પરને (–કોઈ પણ પર પદાર્થને) નિત્ય (–કદાપિ) ગ્રહતા નથી જ; (પરંતુ) જેમણે જ્ઞાનજ્યોતિ વડે મળરૂપ ક્લેશનો નાશ કર્યો છે એવા તે જિનેશ સર્વ લોકના એક સાક્ષી (–કેવળ જ્ઞાતાદ્રષ્ટા) છે. ૨૮૮.

**પરિણામપૂર્વક વચન જીવને બંધકારણ થાય છે;**
**પરિણામ વિરહિત વચન તેથી બંધ થાય ન જ્ઞાનીને. ૧૭૩.**
**અભિલાષપૂર્વક વચન જીવને બંધકારણ થાય છે;**
**અભિલાષ વિરહિત વચન તેથી બંધ થાય ન જ્ઞાનીને. ૧૭૪.**

**અન્વયાર્થઃ**—[**परिणामपूर्ववचनं**] પરિણામપૂર્વક (મનપરિણામપૂર્વક) વચન [**जीवस्य च**] જીવને [**बंधकारणं**] બંધનું કારણ [**भवति**] છે; [**परिणामरहितवचनं**] (જ્ઞાનીને)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**इह हि ज्ञानिनो बंधाभावस्वरूपमुक्तम्।**

**सम्यग्ज्ञानी जीवः क्वचित् कदाचिदपि स्वबुद्धिपूर्वकं वचनं न वक्ति स्वमनःपरिणामपूर्वकमिति यावत्। कुतः? अमनस्काः केवलिनः इति वचनात्। अतः कारणाज्जीवस्य मनःपरिणतिपूर्वकं वचनं बंधकारणमित्यर्थः, मनःपरिणामपूर्वकं वचनं केवलिनो न भवति; ईहापूर्वं वचनमेव साभिलाषात्मकजीवस्य बंधकारणं भवति, केवलि-मुखारविन्दविनिर्गतो दिव्यध्वनिरनीहात्मकः समस्तजनहृदयाह्लादकारणम्; ततः सम्यग्ज्ञानिनो बंधाभाव इति।**

---

પરિણામરહિત વચન હોય છે **[तस्मात्]** તેથી **[ज्ञानिनः]** જ્ઞાનીને (કેવળજ્ઞાનીને) **[हि]** ખરેખર **[बंधः न]** બંધ નથી.

**[ईहापूर्वं]** ઇચ્છાપૂર્વક **[वचनं]** વચન **[जीवस्य च]** જીવને **[बंधकारणं]** બંધનું કારણ **[भवति]** છે; **[ईहारहितं वचनं]** (જ્ઞાનીને) ઇચ્છારહિત વચન હોય છે **[तस्मात्]** તેથી **[ज्ञानिनः]** જ્ઞાનીને (કેવળજ્ઞાનીને) **[हि]** ખરેખર **[बंधः न]** બંધ નથી.

**ટીકા:**—અહીં ખરેખર જ્ઞાનીને (કેવળજ્ઞાનીને) બંધના અભાવનું સ્વરૂપ કહ્યું છે.

સમ્યગ્જ્ઞાની (કેવળજ્ઞાની) જીવ ક્યાંય ક્યારેય સ્વબુદ્ધિપૂર્વક અર્થાત્ સ્વમન-પરિણામપૂર્વક વચન બોલતો નથી. કેમ? '**अमनस्काः केवलिनः** (કેવળીઓ મનરહિત છે)' એવું (શાસ્ત્રનું) વચન હોવાથી. આ કારણથી (એમ સમજવું કે)—જીવને મનપરિણતિપૂર્વક વચન બંધનું કારણ છે એવો અર્થ છે અને મનપરિણતિપૂર્વક વચન તો કેવળીને હોતું નથી; (વળી) ઇચ્છાપૂર્વક વચન જ *સાભિલાષસ્વરૂપ જીવને બંધનું કારણ છે અને કેવળીના મુખારવિંદમાંથી નીકળતો, સમસ્ત જનોનાં હૃદયને આહ્‌લાદના કારણભૂત દિવ્યધ્વનિ તો અનિચ્છાત્મક (ઇચ્છારહિત) હોય છે; માટે સમ્યગ્જ્ઞાનીને (કેવળજ્ઞાનીને) બંધનો અભાવ છે.

[હવે આ ૧૭૩-૧૭૪મી ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ત્રણ શ્લોક કહે છે :]

---

★ સાભિલાષસ્વરૂપ = જેનું સ્વરૂપ સાભિલાષ (ઇચ્છાયુક્ત) હોય એવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(मंदाक्रांता)

ईहापूर्वं वचनरचनारूपमत्रास्ति नैव
तस्मादेषः प्रकटमहिमा विश्वलोकैकभर्ता।
अस्मिन् बंधः कथमिव भवेद्द्रव्यभावात्मकोऽयं
मोहाभावान्न खलु निखिलं रागरोषादिजालम्॥२८९॥

(मंदाक्रांता)

एको देवस्त्रिभुवनगुरुर्नष्टकर्माष्टकार्धः
सद्बोधस्थं भुवनमखिलं तद्गतं वस्तुजालम्।
आरातीये भगवति जिने नैव बंधो न मोक्षः
तस्मिन् काचिन्न भवति पुनर्मूर्च्छना चेतना च॥२९०॥

(मंदाक्रांता)

न ह्येतस्मिन् भगवति जिने धर्मकर्मप्रपंचो
रागाभावादतुलमहिमा राजते वीतरागः।
एषः श्रीमान् स्वसुखनिरतः सिद्धिसीमन्तिनीशो
ज्ञानज्योतिश्छुरितभुवनाभोगभागः समन्तात्॥२९१॥

---

**[શ્લોકાર્થ :—]** આમનામાં (કેવળી ભગવાનમાં) ઇચ્છાપૂર્વક વચનરચનાનું સ્વરૂપ નથી જ; તેથી તેઓ પ્રગટ-મહિમાવંત છે અને સમસ્ત લોકના એક (અનન્ય) નાથ છે. તેમને દ્રવ્યભાવસ્વરૂપ એવો આ બંધ કઈ રીતે થાય? (કારણ કે) મોહના અભાવને લીધે તેમને ખરેખર સમસ્ત રાગદ્વેષાદિ સમૂહ તો છે નહિ. ૨૮૯.

**[શ્લોકાર્થ :—]** ત્રણ લોકના જેઓ ગુરુ છે, ચાર કર્મનો જેમણે નાશ કર્યો છે અને આખો લોક તથા તેમાં રહેલો પદાર્થસમૂહ જેમના સદ્‌જ્ઞાનમાં સ્થિત છે, તે (જિન ભગવાન) એક જ દેવ છે. તે નિકટ (સાક્ષાત્) જિન ભગવાનને વિષે નથી બંધ કે નથી મોક્ષ, તેમ જ તેમનામાં નથી કોઈ [1]મૂર્છા કે નથી કોઈ [2]ચેતના (કારણ કે દ્રવ્યસામાન્યનો પૂર્ણ આશ્રય છે.) ૨૯૦.

**[શ્લોકાર્થ :—]** આ જિન ભગવાનમાં ખરેખર ધર્મ અને કર્મનો પ્રપંચ નથી (અર્થાત્

---

૧. મૂર્છા = બેભાનપણું; બેશુદ્ધિ; અજ્ઞાનદશા.

૨. ચેતના = ભાનવાળી દશા; શુદ્ધિ; જ્ઞાનદશા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ठाणणिसेज्जविहारा ईहापुव्वं ण होइ केवलिणो।**
**तम्हा ण होइ बंधो साक्खट्ठं मोहणीयस्स॥१७५॥**

**स्थाननिषण्णविहारा ईहापूर्वं न भवन्ति केवलिनः।**
**तस्मान्न भवति बंधः साक्षार्थं मोहनीयस्य॥१७५॥**

**केवलिभट्टारकस्यामनस्कत्वप्रद्योतनमेतत्।**

**भगवतः परमार्हन्त्यलक्ष्मीविराजमानस्य केवलिनः परमवीतरागसर्वज्ञस्य ईहापूर्वकं न किमपि वर्तनम्; अतः स भगवान् न चेहते मनःप्रवृत्तेरभावात्; अमनस्काः केवलिनः इति वचनाद्वा न तिष्ठति नोपविशति न चेहापूर्वं श्रीविहारादिकं करोति।**

---

સાધકદશામાં જે શુદ્ધિ અને અશુદ્ધિના ભેદપ્રભેદો વર્તતા હોય છે તે જિન ભગવાનમાં નથી); રાગના અભાવને લીધે અતુલ-મહિમાવંત એવા તે (ભગવાન) વીતરાગપણે વિરાજે છે. તે શ્રીમાન (શોભાવંત ભગવાન) નિજસુખમાં લીન છે, મુક્તિરૂપી સ્ત્રીના નાથ છે અને જ્ઞાનજ્યોતિ વડે તેમણે લોકના વિસ્તારને સર્વતઃ છાઈ દીધો છે. ૨૯૧.

**અભિલાષપૂર્વ વિહાર, આસન, સ્થાન નહિ જિનદેવને,**
**તેથી નથી ત્યાં બંધ; બંધન મોહવશ સાક્ષાર્થને. ૧૭૫.**

**અન્વયાર્થઃ**—[**केवलिनः**] કેવળીને [**स्थाननिषण्णविहाराः**] ઊભા રહેવું, બેસવું અને વિહાર [**ईहापूर्वं**] ઇચ્છાપૂર્વક [**न भवन्ति**] હોતાં નથી, [**तस्मात्**] તેથી [**बंधः न भवति**] તેમને બંધ નથી; [**मोहनीयस्य**] મોહનીયવશ જીવને [**साक्षार्थम्**] ઇન્દ્રિયવિષયસહિતપણે બંધ થાય છે.

**ટીકાઃ**—આ, કેવળીભટ્ટારકને મનરહિતપણાનું પ્રકાશન છે (અર્થાત્ અહીં કેવળી-ભગવાનનું મનરહિતપણું દર્શાવ્યું છે).

અર્હંતયોગ્ય પરમ લક્ષ્મીથી વિરાજમાન, પરમવીતરાગ સર્વજ્ઞ કેવળીભગવાનને ઇચ્છાપૂર્વક કાંઈ પણ વર્તન હોતું નથી; તેથી તે ભગવાન (કાંઈ) ઇચ્છતા નથી, કારણ કે મનપ્રવૃત્તિનો અભાવ છે; અથવા, તેઓ ઇચ્છાપૂર્વક ઊભા રહેતા નથી, બેસતા નથી કે શ્રીવિહારાદિક કરતા નથી, કારણ કે '**अमनस्काः केवलिनः** (કેવળીઓ મનરહિત છે)' એવું શાસ્ત્રનું વચન છે. માટે તે તીર્થંકર-પરમદેવને દ્રવ્યભાવસ્વરૂપ ચતુર્વિધ બંધ (પ્રકૃતિબંધ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ततस्तस्य तीर्थकरपरमदेवस्य द्रव्यभावात्मकचतुर्विधबंधो न भवति। स च बंधः पुनः किमर्थं जातः कस्य संबंधश्च? मोहनीयकर्मविलासविजृंभितः, अक्षार्थमिन्द्रियार्थं तेन सह यः वर्तत इति साक्षार्थं मोहनीयस्य वशगतानां साक्षार्थप्रयोजनानां संसारिणामेव बंध इति।

तथा चोक्तं श्रीप्रवचनसारे—

"ठाणणिसेज्जविहारा धम्मुवदेसो य णियदयो तेसिं।
अरहंताणं काले मायाचारो व्व इत्थीणं॥"

(शार्दूलविक्रीडित)

देवेन्द्रासनकंपकारणमहत्कैवल्यबोधोदये
मुक्तिश्रीललनामुखाम्बुजरवेः सद्धर्मरक्षामणेः।
सर्वं वर्तनमस्ति चेन्न च मनः सर्वं पुराणस्य तत्
सोऽयं नन्वपरिप्रमेयमहिमा पापाटवीपावकः॥२९२॥

---

પ્રદેશબંધ, સ્થિતિબંધ અને અનુભાગબંધ) થતો નથી.

વળી, તે બંધ (૧) ક્યા કારણે થાય છે અને (૨) કોને થાય છે? (૧) બંધ મોહનીયકર્મના વિલાસથી ઉત્પન્ન થાય છે. (૨) 'અક્ષાર્થ' એટલે ઇન્દ્રિયાર્થ (ઇન્દ્રિયવિષય); અક્ષાર્થ સહિત હોય તે 'સાક્ષાર્થ'; મોહનીયને વશ થયેલા, સાક્ષાર્થપ્રયોજન (-ઇન્દ્રિયવિષયરૂપ પ્રયોજનવાળા) સંસારીઓને જ બંધ થાય છે.

એવી રીતે (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી પ્રવચનસારમાં (૪૪મી ગાથા દ્વારા) કહ્યું છે કે :—

"[**ગાથાર્થ :—**] તે અર્હંતભગવંતોને તે કાળે ઊભા રહેવું, બેસવું, વિહાર અને ધર્મોપદેશ, સ્ત્રીઓને માયાચારની માફક, સ્વાભાવિક જ—પ્રયત્ન વિના જ—હોય છે."

[હવે આ ૧૭૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

[**શ્લોકાર્થ :—**] દેવેંદ્રોનાં આસન કંપાયમાન થવાના કારણભૂત મહા કેવળજ્ઞાનનો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**आउस्स खयेण पुणो णिण्णासो होइ सेसपयडीणं।**
**पच्छा पावइ सिग्घं लोयग्गं समयमेत्तेण॥१७६॥**

**आयुषः क्षयेण पुनः निर्नाशो भवति शेषप्रकृतीनाम्।**
**पश्चात्प्राप्नोति शीघ्रं लोकाग्रं समयमात्रेण॥१७६॥**

**शुद्धजीवस्य स्वभावगतिप्राप्त्युपायोपन्यासोऽयम्।**

**स्वभावगतिक्रियापरिणतस्य षट्कापक्रमविहीनस्य भगवतः सिद्धक्षेत्राभिमुखस्य ध्यानध्येयध्यातृतत्फलप्राप्तिप्रयोजनविकल्पशून्येन स्वस्वरूपाविचलस्थितिरूपेण परमशुक्लध्यानेन आयुःकर्मक्षये जाते वेदनीयनामगोत्राभिधानशेषप्रकृतीनां निर्नाशो भवति। शुद्धनिश्चयनयेन**

---

ઉદય થતાં, જે મુક્તિલક્ષ્મીરૂપી સ્ત્રીના મુખકમળના સૂર્ય છે અને સદ્ધર્મના *રક્ષામણિ છે એવા પુરાણ પુરુષને બધું વર્તન ભલે હોય તોપણ મન સઘળુંય હોતું નથી; તેથી તેઓ (કેવળજ્ઞાની પુરાણપુરુષ) ખરેખર અગમ્ય મહિમાવંત છે અને પાપરૂપી વનને બાળનાર અગ્નિ સમાન છે. ૨૯૨.

**આયુક્ષયે ત્યાં શેષ સર્વે કર્મનો ક્ષય થાય છે;**
**પછી સમયમાત્રે શીઘ્ર તે લોકાગ્ર પહોંચી જાય છે. ૧૭૬.**

**અન્વયાર્થ :—[पुनः]** વળી (કેવળીને) **[आयुषः क्षयेण]** આયુના ક્ષયથી **[शेषप्रकृतीनाम्]** શેષ પ્રકૃતિઓનો **[निर्नाशः]** સંપૂર્ણ નાશ **[भवति]** થાય છે; **[पश्चात्]** પછી તે **[शीघ्रं]** શીઘ્ર **[समयमात्रेण]** સમયમાત્રમાં **[लोकाग्रं]** લોકાગ્રે **[प्राप्नोति]** પહોંચે છે.

**ટીકા :—**આ, શુદ્ધ જીવને સ્વભાવગતિની પ્રાપ્તિ થવાના ઉપાયનું કથન છે.

સ્વભાવગતિક્રિયારૂપે પરિણત, છ +અપક્રમથી રહિત, સિદ્ધક્ષેત્રસંમુખ ભગવાનને પરમ શુક્લધ્યાન વડે—કે જે (શુક્લધ્યાન) ધ્યાન-ધ્યેય-ધ્યાતા સંબંધી, તેની ફળપ્રાપ્તિ સંબંધી અને તેના પ્રયોજન સંબંધી વિકલ્પો વિનાનું છે અને નિજ સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ છે તેના

---

★ રક્ષામણિ = આપત્તિઓથી અથવા પિશાચ વગેરેથી પોતાની જાતને બચાવવા માટે પહેરવામાં આવતો મણિ. (કેવળીભગવાન સદ્ધર્મના રક્ષણ માટે—અસદ્ધર્મથી બચવા માટે—રક્ષામણિ છે.)

+ સંસારી જીવને અન્ય ભવમાં જતાં 'છ દિશાઓમાં ગમન' થાય છે તેને 'છ અપક્રમ' કહેવામાં આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



स्वस्वरूपे सहजमहिम्नि लीनोऽपि व्यवहारेण स भगवान् क्षणार्धेन लोकाग्रं प्राप्नोतीति।

(अनुष्टुभ्)

षट्कापक्रमयुक्तानां भविनां लक्षणात् पृथक्।
सिद्धानां लक्षणं यस्मादूर्ध्वगास्ते सदा शिवाः।।२९३।।

(मंदाक्रांता)

बन्धच्छेदादतुलमहिमा देवविद्याधराणां
प्रत्यक्षोऽद्य स्तवनविषयो नैव सिद्धः प्रसिद्धः।
लोकस्याग्रे व्यवहरणतः संस्थितो देवदेवः
स्वात्मन्युच्चैरविचलतया निश्चयेनैवमास्ते।।२९४।।

(अनुष्टुभ्)

पंचसंसारनिर्मुक्तान् पंचसंसारमुक्तये।
पंचसिद्धानहं वंदे पंचमोक्षफलप्रदान्।।२९५।।

---

વડે—આયુકર્મનો ક્ષય થતાં, વેદનીય, નામ ને ગોત્ર નામની શેષ પ્રકૃતિઓનો સંપૂર્ણ નાશ થાય છે (અર્થાત્ ભગવાનને શુક્લધ્યાન વડે આયુકર્મનો ક્ષય થતાં બાકીનાં ત્રણ કર્મોનો પણ ક્ષય થાય છે અને સિદ્ધક્ષેત્ર તરફ સ્વભાવગતિક્રિયા થાય છે). શુદ્ધનિશ્ચયનયથી સહજ-મહિમાવાળા નિજ સ્વરૂપમાં લીન હોવા છતાં વ્યવહારે તે ભગવાન અર્ધ ક્ષણમાં (સમયમાત્રમાં) લોકાગ્રે પહોંચે છે.

[હવે આ ૧૭૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ત્રણ શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** જેઓ છ અપક્રમ સહિત છે એવા ભવવાળા જીવોના (–સંસારીઓના) લક્ષણથી સિદ્ધોનું લક્ષણ ભિન્ન છે, તેથી તે સિદ્ધો ઊર્ધ્વગામી છે અને સદા શિવ (નિરંતર સુખી) છે. ૨૯૩.

**[શ્લોકાર્થ :—]** બંધનો છેદ થવાથી જેમનો અતુલ મહિમા છે એવા (અશરીરી અને લોકાગ્રસ્થિત) સિદ્ધભગવાન હવે દેવો અને વિદ્યાધરોના પ્રત્યક્ષ સ્તવનનો વિષય નથી જ એમ પ્રસિદ્ધ છે. તે દેવાધિદેવ વ્યવહારથી લોકના અગ્રે સુસ્થિત છે અને નિશ્ચયથી નિજ આત્મામાં એમ ને એમ અત્યંત અવિચળપણે રહે છે. ૨૯૪.

**[શ્લોકાર્થ :—]** (દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ ને ભાવ—એવાં પાંચ પરાવર્તનરૂપ) પાંચ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**जाइजरमरणरहियं परमं कम्मट्ठवज्जियं सुद्धं।**
**णाणाइचउसहावं अक्खयमविणासमच्छेयं ॥१७७॥**

**जातिजरामरणरहितं परमं कर्माष्टवर्जितं शुद्धम्।**
**ज्ञानादिचतुःस्वभावं अक्षयमविनाशमच्छेद्यम् ॥१७७॥**

**कारणपरमतत्त्वस्वरूपाख्यानमेतत्।**

**निसर्गतः संसृतेरभावाज्ञातिजरामरणरहितम्, परमपारिणामिकभावेन परमस्वभावत्वात्परमम्, त्रिकालनिरुपाधिस्वरूपत्वात् कर्माष्टकवर्जितम्, द्रव्यभावकर्मरहितत्वाच्छुद्धम्, सहजज्ञानसहजदर्शनसहजचारित्रसहजचिच्छक्तिमयत्वाज्ज्ञानादिचतुःस्वभावम्, सादिसनिधन-**

---

પ્રકારના સંસારથી મુક્ત, પાંચ પ્રકારના મોક્ષરૂપી ફળને દેનારા (અર્થાત્ દ્રવ્યપરાવર્તન, ક્ષેત્રપરાવર્તન, કાળપરાવર્તન, ભવપરાવર્તન ને ભાવપરાવર્તનથી મુક્ત કરનારા), પંચપ્રકાર સિદ્ધોને (અર્થાત્ પાંચ પ્રકારની મુક્તિને—સિદ્ધિને—પ્રાપ્ત સિદ્ધભગવંતોને) હું પાંચ પ્રકારના સંસારથી મુક્ત થવા માટે વંદું છું. ૨૯૫.

**કર્માષ્ટવર્જિત, પરમ, જન્મજરામરણહીન, શુદ્ધ છે,**
**જ્ઞાનાદિ ચાર સ્વભાવ છે, અક્ષય, અનાશ, અછેદ્ય છે. ૧૭૭.**

**અન્વયાર્થ :**—(પરમાત્મતત્ત્વ) **[जातिजरामरणरहितम्]** જન્મ-જરા-મરણ રહિત, **[परमम्]** પરમ, **[कर्माष्टवर्जितम्]** આઠ કર્મ વિનાનું, **[शुद्धम्]** શુદ્ધ, **[ज्ञानादिचतुःस्वभावम्]** જ્ઞાનાદિક ચાર સ્વભાવવાળું, **[अक्षयम्]** અક્ષય, **[अविनाशम्]** અવિનાશી અને **[अच्छेद्यम्]** અચ્છેદ્ય છે.

**ટીકા :**—(જેનો સંપૂર્ણ આશ્રય કરવાથી સિદ્ધ થવાય છે એવા) કારણપરમતત્ત્વના સ્વરૂપનું આ કથન છે.

(કારણપરમતત્ત્વ આવું છે :—) નિસર્ગથી (સ્વભાવથી) સંસારનો અભાવ હોવાને લીધે જન્મ-જરા-મરણ રહિત છે; પરમ-પારિણામિકભાવ વડે પરમસ્વભાવવાળું હોવાને લીધે પરમ છે; ત્રણે કાળે નિરુપાધિ-સ્વરૂપવાળું હોવાને લીધે આઠ કર્મ વિનાનું છે; દ્રવ્યકર્મ અને ભાવકર્મ રહિત હોવાને લીધે શુદ્ધ છે; સહજજ્ઞાન, સહજદર્શન, સહજચારિત્ર અને સહજચિત્શક્તિમય હોવાને લીધે જ્ઞાનાદિક ચાર સ્વભાવવાળું છે; સાદિ-સાંત, મૂર્ત ઇન્દ્રિયાત્મક વિજાતીય-વિભાવવ્યંજનપર્યાય રહિત હોવાને લીધે અક્ષય છે; પ્રશસ્ત-અપ્રશસ્ત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



मूर्तेन्द्रियात्मकविजातीयविभावव्यंजनपर्यायवीतत्वादक्षयम्, प्रशस्ताप्रशस्तगतिहेतुभूतपुण्यपाप-कर्मद्वन्द्वाभावादविनाशम्, वधबंधच्छेदयोग्यमूर्तिमुक्तत्वादच्छेद्यमिति।

(मालिनी)

अविचलितमखंडज्ञानमद्वन्द्वनिष्ठं
निखिलदुरितदुर्गव्रातदावाग्निरूपम्।
भज भजसि निजोत्थं दिव्यशर्मामृतं त्वं
सकलविमलबोधस्ते भवत्येव तस्मात् ॥२९६॥

**अव्वाबाहमणिंदियमणोवमं पुण्णपावणिम्मुक्कं।**
**पुणरागमणविरहियं णिच्चं अचलं अणालंबं ॥१७८॥**

**अव्याबाधमतीन्द्रियमनुपमं पुण्यपापनिर्मुक्तम्।**
**पुनरागमनविरहितं नित्यमचलमनालंबम् ॥१७८॥**

---

ગતિના હેતુભૂત પુણ્ય-પાપકર્મરૂપ દ્વંદ્વનો અભાવ હોવાને લીધે અવિનાશી છે; વધ, બંધ અને છેદને યોગ્ય મૂર્તિથી (મૂર્તિકતાથી) રહિત હોવાને લીધે અચ્છેદ્ય છે.

[હવે આ ૧૭૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

[**શ્લોકાર્થ :—**] અવિચળ, અખંડજ્ઞાનરૂપ, અદ્વંદ્વનિષ્ઠ (રાગદ્વેષાદિ દ્વંદ્વમાં નહિ રહેલ) અને સમસ્ત પાપના દુસ્તર સમૂહને બાળવામાં દાવાનળ સમાન—એવા સ્વોત્પન્ન (પોતાથી ઉત્પન્ન થતા) દિવ્યસુખામૃતને (–દિવ્યસુખામૃતસ્વભાવી આત્મતત્ત્વને)—કે જેને તું ભજી રહ્યો છે તેને—ભજ; તેથી તને સકળ-વિમળ જ્ઞાન (કેવળજ્ઞાન) થશે જ. ૨૯૬.

**અનુપમ, અતીંદ્રિય, પુણ્યપાપવિમુક્ત, અવ્યાબાધ છે,**
**પુનરાગમન વિરહિત, નિરાલંબન, સુનિશ્ચળ, નિત્ય છે. ૧૭૮.**

**અન્વયાર્થ :—**(પરમાત્મતત્ત્વ) [**अव्याबाधम्**] અવ્યાબાધ, [**अतीन्द्रियम्**] અતીંદ્રિય, [**अनुपमम्**] અનુપમ, [**पुण्यपापनिर्मुक्तम्**] પુણ્યપાપ વિનાનું, [**पुनरागमनविरहितम्**] પુનરાગમન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अत्रापि निरुपाधिस्वरूपलक्षणपरमात्मतत्त्वमुक्तम्।

अखिलदुरघवीरवैरिवरूथिनीसंभ्रमागोचरसहजज्ञानदुर्गनिलयत्वादव्याबाधम्, सर्वात्मप्रदेशभरितचिदानन्दमयत्वादतीन्द्रियम्, त्रिषु तत्त्वेषु विशिष्टत्वादनौपम्यम्, संसृतिपुरंध्रिकासंभोगसंभवसुखदुःखाभावात्पुण्यपापनिर्मुक्तम्, पुनरागमनहेतुभूतप्रशस्ताप्रशस्तमोहरागद्वेषाभावात्पुनरागमनविरहितम्, नित्यमरणतद्भवमरणकारणकलेवरसंबन्धाभावान्नित्यम्, निजगुणपर्यायप्रच्यवनाभावादचलम्, परद्रव्यावलम्बनाभावादनालम्बमिति।

तथा चोक्तं श्रीमदमृतचंद्रसूरिभिः—

---

રહિત, [नित्यम्] નિત્ય, [अचलम्] અચળ અને [अनालंबम्] નિરાલંબ છે.

**ટીકા :**—અહીં પણ, નિરુપાધિ સ્વરૂપ જેનું લક્ષણ છે એવું પરમાત્મતત્ત્વ કહ્યું છે.

(પરમાત્મતત્ત્વ આવું છે :–) સમસ્ત દુષ્ટ [1]અઘરૂપી વીર શત્રુઓની સેનાના ધાંધલને અગોચર એવા સહજજ્ઞાનરૂપી કિલ્લામાં રહેઠાણ હોવાને લીધે અવ્યાબાધ (નિર્વિઘ્ન) છે; સર્વ આત્મપ્રદેશે ભરેલા ચિદાનંદમયપણાને લીધે અતીંદ્રિય છે; ત્રણ તત્ત્વોમાં વિશિષ્ટ હોવાને લીધે (બહિરાત્મતત્ત્વ, અંતરાત્મતત્ત્વ અને પરમાત્મતત્ત્વ એ ત્રણેમાં વિશિષ્ટ—ખાસ પ્રકારનું—ઉત્તમ હોવાને લીધે) અનુપમ છે; સંસારરૂપી સ્ત્રીના સંભોગથી ઉત્પન્ન થતાં સુખદુઃખનો અભાવ હોવાને લીધે પુણ્યપાપ વિનાનું છે; [2]પુનરાગમનના હેતુભૂત પ્રશસ્ત-અપ્રશસ્ત મોહરાગદ્વેષનો અભાવ હોવાને લીધે પુનરાગમન રહિત છે; [3]નિત્ય મરણના અને તે ભવ સંબંધી મરણના કારણભૂત કલેવરના (શરીરના) સંબંધનો અભાવ હોવાને લીધે નિત્ય છે; નિજ ગુણો અને પર્યાયોથી ચ્યુત નહિ થતું હોવાને લીધે અચળ છે; પરદ્રવ્યના અવલંબનનો અભાવ હોવાને લીધે નિરાલંબ છે.

એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૩૮મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

---

૧. અધ્યાત્મશાસ્ત્રોમાં ઘણાં સ્થળે પાપ તેમ જ પુણ્ય બન્નેને 'અઘ' અથવા 'પાપ' કહેવામાં આવે છે.

૨. પુનરાગમન = (ચાર ગતિમાંની કોઈ ગતિમાં) પાછા આવવું તે; ફરીને જન્મવું તે.

૩. નિત્ય મરણ = સમયે સમયે થતો આયુકર્મના નિષેકોનો ક્ષય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(मंदाक्रांता)

"आसंसारात्प्रतिपदममी रागिणो नित्यमत्ताः
सुप्ता यस्मिन्नपदमपदं तद्विबुध्यध्वमंधाः।
एतैतेतः पदमिदमिदं यत्र चैतन्यधातुः
शुद्धः शुद्धः स्वरसभरतः स्थायिभावत्वमेति॥"

तथा हि—

(शार्दूलविक्रीडित)

भावाः पंच भवन्ति येषु सततं भावः परः पंचमः
स्थायी संसृतिनाशकारणमयं सम्यग्दृशां गोचरः।
तं मुक्त्वाखिलरागरोषनिकरं बुद्ध्वा पुनर्बुद्धिमान्
एको भाति कलौ युगे मुनिपतिः पापाटवीपावकः॥२९७॥

---

"[**શ્લોકાર્થ :—**] (શ્રી ગુરુ સંસારી ભવ્ય જીવોને સંબોધે છે કે :) હે અંધ પ્રાણીઓ! અનાદિ સંસારથી માંડીને પર્યાયે પર્યાયે આ રાગી જીવો સદાય મત્ત વર્તતા થકા જે પદમાં સૂતા છે—ઊંઘે છે તે પદ અર્થાત્ સ્થાન અપદ છે—અપદ છે, (તમારું સ્થાન નથી,) એમ તમે સમજો. (બે વાર કહેવાથી અતિ કરુણાભાવ સૂચિત થાય છે.) આ તરફ આવો—આ તરફ આવો, (અહીં નિવાસ કરો,) તમારું પદ આ છે—આ છે જ્યાં શુદ્ધ-શુદ્ધ ચૈતન્યધાતુ નિજ રસની અતિશયતાને લીધે સ્થાયીભાવપણાને પ્રાપ્ત છે અર્થાત્ સ્થિર છે—અવિનાશી છે. (અહીં 'શુદ્ધ' શબ્દ બે વાર કહ્યો છે તે દ્રવ્ય અને ભાવ બન્નેની શુદ્ધતા સૂચવે છે. સર્વ અન્યદ્રવ્યોથી જુદો હોવાને લીધે આત્મા દ્રવ્યે શુદ્ધ છે અને પરના નિમિત્તે થતા પોતાના ભાવોથી રહિત હોવાને લીધે ભાવે શુદ્ધ છે.)"

વળી (આ ૧૭૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—

[**શ્લોકાર્થ :—**] ભાવો પાંચ છે, જેમાં આ પરમ પંચમ ભાવ (પરમ પારિણામિક ભાવ) નિરંતર સ્થાયી છે, સંસારના નાશનું કારણ છે અને સમ્યગ્દૃષ્ટિઓને ગોચર છે. બુદ્ધિમાન પુરુષ સમસ્ત રાગદ્વેષના સમૂહને છોડીને તેમ જ તે પરમ પંચમ ભાવને જાણીને, એકલો, કળિયુગમાં પાપવનના અગ્નિરૂપ મુનિવર તરીકે શોભે છે (અર્થાત્ જે બુદ્ધિમાન પુરુષ પરમ પારિણામિક ભાવનો ઉગ્રપણે આશ્રય કરે છે, તે જ એક પુરુષ પાપવનને બાળવામાં અગ્નિ સમાન મુનિવર છે). ૨૯૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



णवि दुक्खं णवि सुक्खं णवि पीडा णेव विज्जदे बाहा।
णवि मरणं णवि जणणं तत्थेव य होइ णिव्वाणं।।१७९।।

नापि दुःखं नापि सौख्यं नापि पीडा नैव विद्यते बाधा।
नापि मरणं नापि जननं तत्रैव च भवति निर्वाणम्।।१७९।।

इह हि सांसारिकविकारनिकायाभावान्निर्वाणं भवतीत्युक्तम्।

निरुपरागरत्नत्रयात्मकपरमात्मनः सततान्तर्मुखाकारपरमाध्यात्मस्वरूपनिरतस्य तस्य वाऽशुभपरिणतेरभावान्न चाशुभकर्म अशुभकर्माभावान्न दुःखम्, शुभपरिणतेरभावान्न शुभकर्म शुभकर्माभावान्न खलु संसारसुखम्, पीडायोग्ययातनाशरीराभावान्न पीडा, असाता-

---

જ્યાં દુઃખ નહિ, સુખ જ્યાં નહીં, પીડા નહીં, બાધા નહીં,
જ્યાં મરણ નહિ, જ્યાં જન્મ છે નહિ, ત્યાં જ મુક્તિ જાણવી. ૧૭૯.

**અન્વયાર્થઃ**—[न अपि दुःखं] જ્યાં દુઃખ નથી, [न अपि सौख्यं] સુખ નથી, [न अपि पीडा] પીડા નથી, [न एव बाधा विद्यते] બાધા નથી, [न अपि मरणं] મરણ નથી, [न अपि जननं] જન્મ નથી, [तत्र एव च निर्वाणम् भवति] ત્યાં જ નિર્વાણ છે (અર્થાત્ દુઃખાદિરહિત પરમતત્ત્વમાં જ નિર્વાણ છે).

**ટીકાઃ**—અહીં, (પરમતત્ત્વને) ખરેખર સાંસારિક વિકારસમૂહના અભાવને લીધે [1]નિર્વાણ છે એમ કહ્યું છે.

[2]સતત અંતર્મુખાકાર પરમ-અધ્યાત્મસ્વરૂપમાં લીન એવા તે [3]નિરુપરાગ-રત્નત્રયાત્મક પરમાત્માને અશુભ પરિણતિના અભાવને લીધે અશુભ કર્મ નથી અને અશુભ કર્મના અભાવને લીધે દુઃખ નથી; શુભ પરિણતિના અભાવને લીધે શુભ કર્મ નથી અને શુભ કર્મના અભાવને લીધે ખરેખર સંસારસુખ નથી; પીડાયોગ્ય

---

૧. નિર્વાણ = મોક્ષ; મુક્તિ. [પરમતત્ત્વ વિકારરહિત હોવાથી દ્રવ્ય-અપેક્ષાએ સદા મુક્ત જ છે. માટે મુમુક્ષુએ એમ સમજવું કે વિકારરહિત પરમતત્ત્વના સંપૂર્ણ આશ્રયથી જ (અર્થાત્ તેના જ શ્રદ્ધાન-જ્ઞાન-આચરણથી) તે પરમતત્ત્વ પોતાના સ્વાભાવિક મુક્તપર્યાયે પરિણમે છે.]

૨. સતત અંતર્મુખાકાર = નિરંતર અંતર્મુખ જેનો આકાર અર્થાત્ રૂપ છે એવા

૩. નિરુપરાગ = નિર્વિકાર; નિર્મળ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**वेदनीयकर्माभावान्नैव विद्यते बाधा, पंचविधनोकर्माभावान्न मरणम्, पंचविधनोकर्म-हेतुभूतकर्मपुद्गलस्वीकाराभावान्न जननम्। एवंलक्षणलक्षिताक्षुण्णविक्षेपविनिर्मुक्तपरमतत्त्वस्य सदा निर्वाणं भवतीति।**

(मालिनी)

**भवभवसुखदुःखं विद्यते नैव बाधा**
**जननमरणपीडा नास्ति यस्येह नित्यम्।**
**तमहमभिनमामि स्तौमि संभावयामि**
**स्मरसुखविमुखस्सन् मुक्तिसौख्याय नित्यम्॥२९८॥**

(अनुष्टुभ्)

**आत्माराधनया हीनः सापराध इति स्मृतः।**
**अहमात्मानमानन्दमंदिरं नौमि नित्यशः॥२९९॥**

---

*યાતનાશરીરના અભાવને લીધે પીડા નથી; અશાતાવેદનીય કર્મના અભાવને લીધે બાધા નથી; પાંચ પ્રકારનાં નોકર્મના અભાવને લીધે મરણ નથી; પાંચ પ્રકારનાં નોકર્મના હેતુભૂત કર્મપુદ્ગલના સ્વીકારના અભાવને લીધે જન્મ નથી.—આવાં લક્ષણોથી લક્ષિત, અખંડ, વિક્ષેપરહિત પરમતત્ત્વને સદા નિર્વાણ છે.

[હવે આ ૧૭૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :]

[**શ્લોકાર્થ :—**] આ લોકમાં જેને સદા ભવભવનાં સુખદુઃખ નથી, બાધા નથી, જન્મ, મરણ અને પીડા નથી, તેને (–તે પરમાત્માને) હું, મુક્તિસુખની પ્રાપ્તિ અર્થે, કામદેવના સુખથી વિમુખ વર્તતો થકો નિત્ય નમું છું, સ્તવું છું, સમ્યક્ પ્રકારે ભાવું છું. ૨૯૮.

[**શ્લોકાર્થ :—**] આત્માની આરાધના રહિત જીવને સાપરાધ (–અપરાધી) ગણવામાં આવ્યો છે. (તેથી) હું આનંદમંદિર આત્માને (આનંદના ઘરરૂપ નિજાત્માને) નિત્ય નમું છું. ૨૯૯.

---

★ યાતના = વેદના; પીડા. (શરીર વેદનાની મૂર્તિ છે.)



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**णवि इंदिय उवसग्गा णवि मोहो विम्हिओ ण णिद्दा य।**
**ण य तिण्हा णेव छुहा तत्थेव य होइ णिव्वाणं॥१८०॥**

**नापि इन्द्रियाः उपसर्गाः नापि मोहो विस्मयो न निद्रा च।**
**न च तृष्णा नैव क्षुधा तत्रैव च भवति निर्वाणम्॥१८०॥**

**परमनिर्वाणयोग्यपरमतत्त्वस्वरूपाख्यानमेतत्।**

**अखंडैकप्रदेशज्ञानस्वरूपत्वात् स्पर्शनरसनघ्राणचक्षुःश्रोत्राभिधानपंचेन्द्रियव्यापाराः देवमानवतिर्यगचेतनोपसर्गाश्च न भवन्ति, क्षायिकज्ञानयथाख्यातचारित्रमयत्वान्न दर्शनचारित्रभेदविभिन्नमोहनीयद्वितयमपि, बाह्यप्रपंचविमुखत्वान्न विस्मयः, नित्योन्मीलितशुद्धज्ञानस्वरूपत्वान्न निद्रा, असातावेदनीयकर्मनिर्मूलनान्न क्षुधा तृषा च। तत्र परमब्रह्मणि नित्यं ब्रह्म भवतीति।**

---

**નહિ ઇન્દ્રિયો, ઉપસર્ગ નહિ, નહિ મોહ, વિસ્મય જ્યાં નહીં,**
**નિદ્રા નહીં, ન ક્ષુધા, તૃષા નહિ, ત્યાં જ મુક્તિ જાણવી. ૧૮૦.**

**અન્વયાર્થઃ**—[**न अपि इन्द्रियाः उपसर्गाः**] જ્યાં ઇન્દ્રિયો નથી, ઉપસર્ગો નથી, [**न अपि मोहः विस्मयः**] મોહ નથી, વિસ્મય નથી, [**न निद्रा च**] નિદ્રા નથી, [**न च तृष्णा**] તૃષા નથી, [**न एव क्षुधा**] ક્ષુધા નથી, [**तत्र एव च निर्वाणम् भवति**] ત્યાં જ નિર્વાણ છે (અર્થાત્ ઇન્દ્રિયાદિરહિત પરમતત્ત્વમાં જ નિર્વાણ છે).

**ટીકાઃ**—આ, પરમ નિર્વાણને યોગ્ય પરમતત્ત્વના સ્વરૂપનું કથન છે.

(પરમતત્ત્વ) *અખંડ-એકપ્રદેશી-જ્ઞાનસ્વરૂપ હોવાને લીધે (તેને) સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ ને શ્રોત્ર નામની પાંચ ઇન્દ્રિયોના વ્યાપારો નથી તથા દેવ, માનવ, તિર્યંચ ને અચેતનકૃત ઉપસર્ગો નથી; ક્ષાયિકજ્ઞાનમય અને યથાખ્યાતચારિત્રમય હોવાને લીધે (તેને) દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય એવા ભેદવાળું બે પ્રકારનું મોહનીય નથી; બાહ્ય પ્રપંચથી વિમુખ હોવાને લીધે (તેને) વિસ્મય નથી; નિત્ય-પ્રકટિત શુદ્ધજ્ઞાનસ્વરૂપ હોવાને લીધે (તેને) નિદ્રા નથી; અશાતાવેદનીય કર્મને નિર્મૂળ કર્યું હોવાને લીધે (તેને) ક્ષુધા અને તૃષા નથી. તે પરમ બ્રહ્મમાં (–પરમાત્મતત્ત્વમાં) સદા બ્રહ્મ (–નિર્વાણ) છે.

---

★ ખંડરહિત અભિન્નપ્રદેશી જ્ઞાન પરમતત્ત્વનું સ્વરૂપ છે તેથી પરમતત્ત્વને ઇન્દ્રિયો અને ઉપસર્ગો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तथा चोक्तममृताशीतौ—

(मालिनी)

“ज्वरजननजराणां वेदना यत्र नास्ति
परिभवति न मृत्युर्नागतिर्नो गतिर्वा।
तदतिविशदचित्तैर्लभ्यतेऽङ्गेऽपि तत्त्वं
गुणगुरुगुरुपादाम्भोजसेवाप्रसादात् ॥”

तथा हि—

(मंदाक्रांता)

यस्मिन् ब्रह्मण्यनुपमगुणालंकृते निर्विकल्पे-
ऽक्षानामुच्चैर्विविधविषमं वर्तनं नैव किंचित्।
नैवान्ये वा भविगुणगणाः संसृतेर्मूलभूताः
तस्मिन्नित्यं निजसुखमयं भाति निर्वाणमेकम् ॥३००॥

---

એવી રીતે (શ્રી યોગીંદ્રદેવકૃત) અમૃતાશીતિમાં (૫૮ મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—

“[**શ્લોકાર્થ :—**] જ્યાં (જે તત્ત્વમાં) જ્વર, જન્મ અને જરાની વેદના નથી, મૃત્યુ નથી, ગતિ કે આગતિ નથી, તે તત્ત્વને અતિ નિર્મળ ચિત્તવાળા પુરુષો, શરીરમાં રહ્યા છતાં પણ, ગુણમાં મોટા એવા ગુરુનાં ચરણકમળની સેવાના પ્રસાદથી અનુભવે છે.”

વળી (આ ૧૮૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—

[**શ્લોકાર્થ :—**] અનુપમ ગુણોથી અલંકૃત અને નિર્વિકલ્પ એવા જે બ્રહ્મમાં (આત્મતત્ત્વમાં) ઇન્દ્રિયોનું અતિ વિવિધ અને વિષમ વર્તન જરા પણ નથી જ, તથા સંસારના મૂળભૂત અન્ય (મોહ-વિસ્મયાદિ) *સંસારીગુણસમૂહો નથી જ, તે બ્રહ્મમાં સદા નિજસુખમય એક નિર્વાણ પ્રકાશમાન છે. ૩૦૦.

---

★ મોહ, વિસ્મય વગેરે દોષો સંસારીઓના ગુણો છે—કે જે સંસારના કારણભૂત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



णवि कम्मं णोकम्मं णवि चिंता णेव अट्टरुद्दाणि।
णवि धम्मसुक्कझाणे तत्थेव य होइ णिव्वाणं॥१८१॥

नापि कर्म नोकर्म नापि चिन्ता नैवार्तरौद्रे।
नापि धर्मशुक्लध्याने तत्रैव च भवति निर्वाणम्॥१८१॥

सकलकर्मविनिर्मुक्तशुभाशुभशुद्धध्यानध्येयविकल्पविनिर्मुक्तपरमतत्त्वस्वरूपाख्यानमेतत्।

सदा निरंजनत्वान्न द्रव्यकर्माष्टकं, त्रिकालनिरुपाधिस्वरूपत्वान्न नोकर्मपंचकं च, अमनस्कत्वान्न चिंता, औदयिकादिविभावभावानामभावादार्तरौद्रध्याने न स्तः, धर्मशुक्लध्यानयोग्यचरमशरीराभावात्तद्द्वितयमपि न भवति। तत्रैव च महानंद इति।

---

જ્યાં કર્મ નહિ, નોકર્મ, ચિંતા, આર્તરૌદ્રોભય નહીં,
જ્યાં ધર્મશુક્લધ્યાન છે નહિ, ત્યાં જ મુક્તિ જાણવી. ૧૮૧.

**અન્વયાર્થઃ**—[न अपि कर्म नोकर्म] જ્યાં કર્મ ને નોકર્મ નથી, [न अपि चिन्ता] ચિંતા નથી, [न एव आर्तरौद्रे] આર્ત ને રૌદ્ર ધ્યાન નથી, [न अपि धर्मशुक्लध्याने] ધર્મ ને શુક્લ ધ્યાન નથી, [तत्र एव च निर्वाणम् भवति] ત્યાં જ નિર્વાણ છે (અર્થાત્ કર્માદિરહિત પરમતત્ત્વમાં જ નિર્વાણ છે).

**ટીકાઃ**—આ, સર્વ કર્મોથી વિમુક્ત (-રહિત) તેમ જ શુભ, અશુભ ને શુદ્ધ ધ્યાન તથા ધ્યેયના વિકલ્પોથી વિમુક્ત પરમતત્ત્વના સ્વરૂપનું કથન છે.

(પરમતત્ત્વ) સદા નિરંજન હોવાને લીધે (તેને) આઠ દ્રવ્યકર્મ નથી; ત્રણે કાળે નિરુપાધિસ્વરૂપવાળું હોવાને લીધે (તેને) પાંચ નોકર્મ નથી; મન રહિત હોવાને લીધે ચિંતા નથી; ઔદયિકાદિ વિભાવભાવોનો અભાવ હોવાને લીધે આર્ત ને રૌદ્ર ધ્યાન નથી; ધર્મધ્યાન ને શુક્લધ્યાનને યોગ્ય ચરમ શરીરનો અભાવ હોવાને લીધે તે બે ધ્યાન નથી. ત્યાં જ મહા આનંદ છે.

[હવે આ ૧૮૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(मंदाक्रांता)

निर्वाणस्थे प्रहतदुरितध्वान्तसंघे विशुद्धे
कर्माशेषं न च न च पुनर्ध्यानकं तच्चतुष्कम्।
तस्मिन्सिद्धे भगवति परंब्रह्मणि ज्ञानपुंजे
काचिन्मुक्तिर्भवति वचसां मानसानां च दूरम्॥३०१॥

**विज्जदि केवलणाणं केवलसोक्खं च केवलं विरियं।
केवलदिट्ठि अमुत्तं अत्थित्तं सप्पदेसत्तं॥१८२॥**

**विद्यते केवलज्ञानं केवलसौख्यं च केवलं वीर्यम्।
केवलदृष्टिरमूर्तत्वमस्तित्वं सप्रदेशत्वम्॥१८२॥**

भगवतः सिद्धस्य स्वभावगुणस्वरूपाख्यानमेतत्।

निरवशेषेणान्तर्मुखाकारस्वात्माश्रयनिश्चयपरमशुक्लध्यानबलेन ज्ञानावरणाद्यष्टविध-कर्मविलये जाते ततो भगवतः सिद्धपरमेष्ठिनः केवलज्ञानकेवलदर्शनकेवलवीर्य-

---

[શ્લોકાર્થઃ—] જે નિર્વાણમાં સ્થિત છે, જેણે પાપરૂપી અંધકારના સમૂહનો નાશ કર્યો છે અને જે વિશુદ્ધ છે, તેમાં (–તે પરમબ્રહ્મમાં) અશેષ (સમસ્ત) કર્મ નથી તેમ જ પેલાં ચાર ધ્યાનો નથી. તે સિદ્ધરૂપ ભગવાન જ્ઞાનપુંજ પરમબ્રહ્મમાં કોઈ એવી મુક્તિ છે કે જે વચન ને મનથી દૂર છે. ૩૦૧.

**દૃગ-જ્ઞાન કેવળ, સૌખ્ય કેવળ, વીર્ય કેવળ હોય છે,
અસ્તિત્વ, મૂર્તિવિહીનતા, સપ્રદેશમયતા હોય છે. ૧૮૨.**

**અન્વયાર્થઃ**—**[केवलज्ञानं]** (સિદ્ધભગવાનને) કેવળજ્ઞાન, **[केवलदृष्टिः]** કેવળદર્શન, **[केवलसौख्यं च]** કેવળસુખ, **[केवलं वीर्यम्]** કેવળવીર્ય, **[अमूर्तत्वम्]** અમૂર્તત્વ, **[अस्तित्वं]** અસ્તિત્વ અને **[सप्रदेशत्वम्]** સપ્રદેશત્વ **[विद्यते]** હોય છે.

**ટીકાઃ**—આ, ભગવાન સિદ્ધના સ્વભાવગુણોના સ્વરૂપનું કથન છે.

નિરવશેષપણે અંતર્મુખાકાર (–સર્વથા અંતર્મુખ જેનું સ્વરૂપ છે એવા), સ્વાત્માશ્રિત નિશ્ચય-પરમશુક્લધ્યાનના બળથી જ્ઞાનાવરણાદિ આઠ પ્રકારનાં કર્મોનો વિલય થતાં, તે કારણે ભગવાન સિદ્ધપરમેષ્ઠીને કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળવીર્ય, કેવળસુખ, અમૂર્તત્વ, અસ્તિત્વ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



केवलसौख्यामूर्तत्वास्तित्वसप्रदेशत्वादिस्वभावगुणा भवंति इति।

(मंदाक्रांता)

बन्धच्छेदाद्भगवति पुनर्नित्यशुद्धे प्रसिद्धे
तस्मिन्सिद्धे भवति नितरां केवलज्ञानमेतत्।
दृष्टिः साक्षादखिलविषया सौख्यमात्यंतिकं च
शक्त्याद्यन्यद्गुणमणिगणं शुद्धशुद्धश्च नित्यम्॥३०२॥

**णिव्वाणमेव सिद्धा सिद्धा णिव्वाणमिदि समुद्दिट्ठा।**
**कम्मविमुक्को अप्पा गच्छइ लोयग्गपज्जंतं॥१८३॥**

**निर्वाणमेव सिद्धाः सिद्धा निर्वाणमिति समुद्दिष्टाः।**
**कर्मविमुक्त आत्मा गच्छति लोकाग्रपर्यन्तम्॥१८३॥**

सिद्धिसिद्धयोरेकत्वप्रतिपादनपरायणमेतत्।

---

સપ્રદેશત્વ વગેરે સ્વભાવગુણો હોય છે.

[હવે આ ૧૮૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

[**શ્લોકાર્થ :—**] બંધના છેદને લીધે, ભગવાન તેમ જ નિત્યશુદ્ધ એવા તે પ્રસિદ્ધ સિદ્ધમાં (–સિદ્ધપરમેષ્ઠીમાં) સદા અત્યંતપણે આ કેવળજ્ઞાન હોય છે, સમગ્ર જેનો વિષય છે એવું સાક્ષાત્ દર્શન હોય છે, *આત્યંતિક સૌખ્ય હોય છે તથા શુદ્ધશુદ્ધ એવો વીર્યાદિક અન્ય ગુણરૂપી મણિઓનો સમૂહ હોય છે. ૩૦૨.

**નિર્વાણ છે તે સિદ્ધ છે ને સિદ્ધ તે નિર્વાણ છે;**
**સૌ કર્મથી પ્રવિમુક્ત આત્મા લોક-અગ્રે જાય છે. ૧૮૩.**

**અન્વયાર્થ :—**[**निर्वाणम् एव सिद्धाः**] નિર્વાણ તે જ સિદ્ધો છે અને [**सिद्धाः निर्वाणम्**] સિદ્ધો તે નિર્વાણ છે [**इति समुद्दिष्टाः**] એમ (શાસ્ત્રમાં) કહ્યું છે. [**कर्मविमुक्तः आत्मा**] કર્મથી વિમુક્ત આત્મા [**लोकाग्रपर्यन्तम्**] લોકાગ્ર પર્યંત [**गच्छति**] જાય છે.

**ટીકા :—**આ, સિદ્ધિ અને સિદ્ધના એકત્વના પ્રતિપાદન વિષે છે.

---

★ આત્યંતિક = સર્વશ્રેષ્ઠ; અનંત.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



निर्वाणशब्दोऽत्र द्विष्ठो भवति। कथमिति चेत्, निर्वाणमेव सिद्धा इति वचनात्। सिद्धाः सिद्धक्षेत्रे तिष्ठंतीति व्यवहारः, निश्चयतो भगवंतः स्वस्वरूपे तिष्ठंति। ततो हेतोर्निर्वाणमेव सिद्धाः सिद्धा निर्वाणम् इत्यनेन क्रमेण निर्वाणशब्दसिद्धशब्दयो-रेकत्वं सफलं जातम्। अपि च यः कश्चिदासन्नभव्यजीवः परमगुरुप्रसादासादित-परमभावभावनया सकलकर्मकलंकपंकविमुक्तः स परमात्मा भूत्वा लोकाग्रपर्यन्तं गच्छतीति।

(मालिनी)

अथ जिनमतमुक्तेर्मुक्तजीवस्य भेदं
क्वचिदपि न च विद्मो युक्तितश्चागमाच्च।
यदि पुनरिह भव्यः कर्म निर्मूल्य सर्वं
स भवति परमश्रीकामिनीकामरूपः ॥३०३॥

---

નિર્વાણ શબ્દના અહીં બે અર્થ છે. કઈ રીતે? 'નિર્વાણ તે જ સિદ્ધો છે' એવું (શાસ્ત્રનું) વચન હોવાથી. સિદ્ધો સિદ્ધક્ષેત્રે રહે છે એમ વ્યવહાર છે, નિશ્ચયથી તો ભગવંતો નિજ સ્વરૂપે રહે છે; તે કારણથી 'નિર્વાણ તે જ સિદ્ધો છે અને સિદ્ધો તે નિર્વાણ છે' એવા આ પ્રકાર વડે નિર્વાણશબ્દનું અને સિદ્ધશબ્દનું એકત્વ સફળ થયું.

વળી, જે કોઈ આસન્નભવ્ય જીવ પરમગુરુના પ્રસાદ વડે પ્રાપ્ત પરમભાવની ભાવના વડે સકળ કર્મકલંકરૂપી કાદવથી વિમુક્ત થાય છે, તે પરમાત્મા થઈને લોકાગ્ર પર્યંત જાય છે.

[હવે આ ૧૮૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** જિનસંમત મુક્તિમાં અને મુક્ત જીવમાં અમે ક્યાંય પણ યુક્તિથી કે આગમથી ભેદ જાણતા નથી. વળી, આ લોકમાં જો કોઈ ભવ્ય જીવ સર્વ કર્મને નિર્મૂળ કરે છે, તો તે પરમશ્રીરૂપી (મુક્તિલક્ષ્મીરૂપી) કામિનીનો વલ્લભ થાય છે. ૩૦૩.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जीवाण पुग्गलाणं गमणं जाणेहि जाव धम्मत्थी।
धम्मत्थिकायभावे तत्तो परदो ण गच्छंति॥१८४॥

जीवानां पुद्गलानां गमनं जानीहि यावद्धर्मास्तिकः।
धर्मास्तिकायाभावे तस्मात्परतो न गच्छंति॥१८४॥

अत्र सिद्धक्षेत्रादुपरि जीवपुद्गलानां गमनं निषिद्धम्।

जीवानां स्वभावक्रिया सिद्धिगमनं, विभावक्रिया षट्कापक्रमयुक्तत्वम्; पुद्गलानां स्वभावक्रिया परमाणुगतिः, विभावक्रिया व्यणुकादिस्कन्धगतिः। अतोऽमीषां त्रिलोकशिखरादुपरि गतिक्रिया नास्ति, परतो गतिहेतोर्धर्मास्तिकायाभावात्; यथा जलाभावे मत्स्यानां गतिक्रिया नास्ति। अत एव यावद्धर्मास्तिकायस्तिष्ठति तत्क्षेत्रपर्यन्तं स्वभावविभावगतिक्रियापरिणतानां जीवपुद्गलानां गतिरिति।

---

ધર્માસ્તિ જ્યાં લગી, ત્યાં લગી જીવ-પુદ્‌ગલોનું ગમન છે;
ધર્માસ્તિકાય-અભાવમાં આગળ ગમન નહિ થાય છે. ૧૮૪.

**અન્વયાર્થ :**—[यावत् धर्मास्तिकः] જ્યાં સુધી ધર્માસ્તિકાય છે ત્યાં સુધી [जीवानां पुद्गलानां] જીવોનું અને પુદ્‌ગલોનું [गमनं] ગમન [जानीहि] જાણ; [धर्मास्तिकायाभावे] ધર્માસ્તિકાયના અભાવે [तस्मात् परतः] તેથી આગળ [न गच्छंति] તેઓ જતાં નથી.

**ટીકા :**—અહીં, સિદ્ધક્ષેત્રથી ઉપર જીવ-પુદ્‌ગલોના ગમનનો નિષેધ કર્યો છે.

જીવોની સ્વભાવક્રિયા સિદ્ધિગમન (સિદ્ધક્ષેત્રમાં ગમન) છે અને વિભાવક્રિયા (અન્ય ભવમાં જતાં) છ દિશાઓમાં ગમન છે; પુદ્‌ગલોની સ્વભાવક્રિયા પરમાણુની ગતિ છે અને વિભાવક્રિયા *દ્વિ-અણુકાદિ સ્કંધોની ગતિ છે. માટે આમની (જીવ-પુદ્‌ગલોની) ગતિક્રિયા ત્રિલોકના શિખરથી ઉપર નથી, કારણ કે આગળ ગતિહેતુ (ગતિના નિમિત્તભૂત) ધર્માસ્તિકાયનો અભાવ છે; જેમ જળના અભાવે માછલાંની ગતિક્રિયા હોતી નથી તેમ. આથી જ, જ્યાં સુધી ધર્માસ્તિકાય છે તે ક્ષેત્ર સુધી સ્વભાવગતિક્રિયા અને વિભાવગતિક્રિયારૂપે પરિણત જીવ-પુદ્‌ગલોની ગતિ હોય છે.

---

★ દ્વિ-અણુકાદિ સ્કંધો = બે પરમાણુથી માંડીને અનંત પરમાણુના બનેલા સ્કંધો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(अनुष्टुभ्)

त्रिलोकशिखरादूर्ध्वं जीवपुद्गलयोर्द्वयोः।
नैवास्ति गमनं नित्यं गतिहेतोरभावतः॥३०४॥

**णियमं णियमस्स फलं णिद्दिट्ठं पवयणस्स भत्तीए।**
**पुव्वावरविरोधो जदि अवणीय पूरयंतु समयण्हा॥१८५॥**

**नियमो नियमस्य फलं निर्दिष्टं प्रवचनस्य भक्त्या।**
**पूर्वापरविरोधो यद्यपनीय पूरयंतु समयज्ञाः॥१८५॥**

शास्त्रादौ गृहीतस्य नियमशब्दस्य तत्फलस्य चोपसंहारोऽयम्।

नियमस्तावच्छुद्धरत्नत्रयव्याख्यानस्वरूपेण प्रतिपादितः। तत्फलं परमनिर्वाणमिति प्रतिपादितम्। न कवित्वदर्पात् प्रवचनभक्त्या प्रतिपादितमेतत् सर्वमिति यावत्। यद्यपि

---

[હવે આ ૧૮૪ મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છેઃ]

[**શ્લોકાર્થઃ**—] ગતિહેતુના અભાવને લીધે, સદા (અર્થાત્ કદાપિ) ત્રિલોકના શિખરથી ઊંચે જીવ અને પુદ્ગલ બન્નેનું ગમન હોતું નથી જ. ૩૦૪.

**પ્રવચન-સુભક્તિ થકી કહ્યાં મેં નિયમ ને તત્ફળ અહો!**
**યદિ પૂર્વ-અપર વિરોધ હો, સમયજ્ઞ તેહ સુધારજો. ૧૮૫.**

**અન્વયાર્થઃ**—[**नियमः**] નિયમ અને [**नियमस्य फलं**] નિયમનું ફળ [**प्रवचनस्य भक्त्या**] પ્રવચનની ભક્તિથી [**निर्दिष्टम्**] દર્શાવવામાં આવ્યાં. [**यदि**] જો (તેમાં કાંઈ) [**पूर्वापरविरोधः**] પૂર્વાપર (આગળપાછળ) વિરોધ હોય તો [**समयज्ञाः**] સમયજ્ઞો (આગમના જ્ઞાતાઓ) [**अपनीय**] તેને દૂર કરી [**पूरयंतु**] પૂર્તિ કરજો.

**ટીકાઃ**—આ, શાસ્ત્રના આદિમાં લેવામાં આવેલા નિયમશબ્દનો અને તેના ફળનો ઉપસંહાર છે.

પ્રથમ તો, નિયમ શુદ્ધરત્નત્રયના વ્યાખ્યાનસ્વરૂપે પ્રતિપાદિત કરવામાં આવ્યો; તેનું ફળ પરમ નિર્વાણ તરીકે પ્રતિપાદિત કરવામાં આવ્યું. આ બધું કવિપણાના અભિમાનથી નહિ પણ પ્રવચનની ભક્તિથી પ્રતિપાદિત કરવામાં આવ્યું છે. જો (તેમાં કાંઈ) પૂર્વાપર દોષ હોય



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



पूर्वापरदोषो विद्यते चेत्तद्दोषात्मकं लुप्त्वा परमकवीश्वरास्समयविदश्चोत्तमं पदं कुर्वन्त्विति।

(मालिनी)

जयति नियमसारस्तत्फलं चोत्तमानां
हृदयसरसिजाते निर्वृतेः कारणत्वात्।
प्रवचनकृतभक्त्या सूत्रकृद्भिः कृतो यः
स खलु निखिलभव्यश्रेणिनिर्वाणमार्गः ॥३०५॥

ईसाभावेण पुणो केई णिंदंति सुंदरं मग्गं।
तेसिं वयणं सोच्चाऽभत्तिं मा कुणह जिणमग्गे॥१८६॥

ईर्षाभावेन पुनः केचिन्निन्दन्ति सुन्दरं मार्गम्।
तेषां वचनं श्रुत्वा अभक्तिं मा कुरुध्वं जिनमार्गे॥१८६॥

इह हि भव्यस्य शिक्षणमुक्तम्।

---

તો સમયજ્ઞ પરમ-કવીશ્વરો દોષાત્મક પદનો લોપ કરીને ઉત્તમ પદ કરજો.

[હવે આ ૧૮૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]

[**શ્લોકાર્થ :—**] મુક્તિનું કારણ હોવાથી નિયમસાર તેમ જ તેનું ફળ ઉત્તમ પુરુષોનાં હૃદયકમળમાં જયવંત છે. પ્રવચનની ભક્તિથી સૂત્રકારે જે કરેલ છે (અર્થાત્ શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવે જે આ નિયમસાર રચેલ છે), તે ખરેખર સમસ્ત ભવ્યસમૂહને નિર્વાણનો માર્ગ છે. ૩૦૫.

પણ કોઈ સુંદર માર્ગની નિંદા કરે ઈર્ષા વડે,
તેનાં સુણી વચનો કરો ન અભક્તિ જિનમારગ વિષે. ૧૮૬.

**અન્વયાર્થ :—**[**पुनः**] પરંતુ [**ईर्षाभावेन**] ઈર્ષાભાવથી [**केचित्**] કોઈ લોકો [**सुन्दरं मार्गम्**] સુંદર માર્ગને [**निन्दन्ति**] નિંદે છે [**तेषां वचनं**] તેમનાં વચન [**श्रुत्वा**] સાંભળીને [**जिनमार्गे**] જિનમાર્ગ પ્રત્યે [**अभक्तिं**] અભક્તિ [**मा कुरुध्वम्**] ન કરજો.

**ટીકા :—**અહીં ભવ્યને શિખામણ દીધી છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**केचन मंदबुद्धयः त्रिकालनिरावरणनित्यानंदैकलक्षणनिर्विकल्पकनिजकारणपरमात्मतत्त्वसम्यक्श्रद्धानपरिज्ञानानुष्ठानरूपशुद्धरत्नत्रयप्रतिपक्षमिथ्यात्वकर्मोदयसामर्थ्येन मिथ्यादर्शनज्ञानचारित्रपरायणाः ईर्ष्याभावेन समत्सरपरिणामेन सुन्दरं मार्गं सर्वज्ञवीतरागस्य मार्गं पापक्रियानिवृत्तिलक्षणं भेदोपचाररत्नत्रयात्मकमभेदोपचाररत्नत्रयात्मकं केचिन्निन्दन्ति, तेषां स्वरूपविकलानां कुहेतुदृष्टान्तसमन्वितं कुतर्कवचनं श्रुत्वा ह्यभक्तिं जिनेश्वरप्रणीतशुद्धरत्नत्रयमार्गे हे भव्य मा कुरुष्व, पुनर्भक्तिः कर्तव्येति।**

(शार्दूलविक्रीडित)

**देहव्यूहमहीजराजिभयदे दुःखावलीश्वापदे**
**विश्वाशातिकरालकालदहने शुष्यन्मनीयावने★।**
**नानादुर्णयमार्गदुर्गमतमे दृङ्मोहिनां देहिनां**
**जैनं दर्शनमेकमेव शरणं जन्माटवीसंकटे॥३०६॥**

---

કોઈ મંદબુદ્ધિઓ ત્રિકાળ-નિરાવરણ, નિત્ય આનંદ જેનું એક લક્ષણ છે એવા નિર્વિકલ્પ નિજ કારણપરમાત્મતત્ત્વનાં સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ શુદ્ધરત્નત્રયથી પ્રતિપક્ષ મિથ્યાત્વકર્મોદયના સામર્થ્ય વડે મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રપરાયણ વર્તતા થકા ઈર્ષાભાવથી અર્થાત્ મત્સરયુક્ત પરિણામથી સુંદર માર્ગને—પાપક્રિયાથી નિવૃત્તિ જેનું લક્ષણ છે એવા ભેદોપચાર-રત્નત્રયાત્મક અને અભેદોપચાર-રત્નત્રયાત્મક સર્વજ્ઞવીતરાગના માર્ગને—નિંદે છે, તે સ્વરૂપવિકળ (સ્વરૂપપ્રાપ્તિ રહિત) જીવોનાં કુહેતુકુદૃષ્ટાંતયુક્ત કુતર્કવચનો સાંભળીને જિનેશ્વરપ્રણીત શુદ્ધરત્નત્રયમાર્ગ પ્રત્યે, હે ભવ્ય! અભક્તિ ન કરજે, પરંતુ ભક્તિ કર્તવ્ય છે.

[હવે આ ૧૮૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** દેહસમૂહરૂપી વૃક્ષપંક્તિથી જે ભયંકર છે, જેમાં દુઃખપરંપરારૂપી જંગલી પશુઓ (વસે) છે, અતિ કરાળ કાળરૂપી અગ્નિ જ્યાં સર્વનું ભક્ષણ કરે છે, જેમાં બુદ્ધિરૂપી જળ (?) સુકાય છે અને જે દર્શનમોહયુક્ત જીવોને અનેક કુનયરૂપી

---

★ અહીં કાંઈક અશુદ્ધિ હોય એમ લાગે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**तथा हि—**

(शार्दूलविक्रीडित)

**लोकालोकनिकेतनं वपुरदो ज्ञानं च यस्य प्रभो-**
**स्तं शंखध्वनिकंपिताखिलभुवं श्रीनेमितीर्थेश्वरम्।**
**स्तोतुं के भुवनत्रयेऽपि मनुजाः शक्ताः सुरा वा पुनः**
**जाने तत्स्तवनैककारणमहं भक्तिर्जिनेऽत्युत्सुका ।।३०७।।**

**णियभावणाणिमित्तं मए कदं णियमसारणामसुदं।**
**णच्चा जिणोवदेसं पुव्वावरदोसणिम्मुक्कं ।।१८७।।**

**निजभावनानिमित्तं मया कृतं नियमसारनामश्रुतम्।**
**ज्ञात्वा जिनोपदेशं पूर्वापरदोषनिर्मुक्तम् ।।१८७।।**

---

માર્ગોને લીધે અત્યંત +દુર્ગમ છે, તે સંસાર-અટવીરૂપી વિકટ સ્થળમાં જૈન દર્શન એક જ શરણ છે. ૩૦૬.

વળી—

[**શ્લોકાર્થ :—**] જે પ્રભુનું જ્ઞાનશરીર સદા લોકાલોકનું નિકેતન છે (અર્થાત્ જે નેમિનાથપ્રભુના જ્ઞાનમાં લોકાલોક સદા સમાય છે—જણાય છે), તે શ્રી નેમિનાથ તીર્થેશ્વરને—કે જેમણે શંખના ધ્વનિથી આખી પૃથ્વીને ધ્રુજાવી હતી તેમને—સ્તવવાને ત્રણે લોકમાં કોણ મનુષ્યો કે દેવો સમર્થ છે? (તોપણ) તેમને સ્તવવાનું એકમાત્ર કારણ જિન પ્રત્યે અતિ ઉત્સુક ભક્તિ છે એમ હું જાણું છું. ૩૦૭.

**નિજભાવના અર્થે રચ્યું મેં નિયમસાર-સુશાસ્ત્રને,**
**સૌ દોષ પૂર્વાપર રહિત ઉપદેશ જિનનો જાણીને. ૧૮૭.**

**અન્વયાર્થ :—[पूर्वापरदोषनिर्मुक्तम्]** પૂર્વાપર દોષ રહિત **[जिनोपदेशं]** જિનોપદેશને **[ज्ञात्वा]** જાણીને **[मया]** મેં **[निजभावनानिमित्तं]** નિજભાવનાનિમિત્તે **[नियमसारनामश्रुतम्]** નિયમસાર નામનું શાસ્ત્ર **[कृतम्]** કર્યું છે.

---

\+ દુર્ગમ = મુશ્કેલીથી ઓળંગી શકાય એવું; દુસ્તર. (સંસાર-અટવીને વિષે અનેક કુનયરૂપી માર્ગોમાંથી સત્ય માર્ગ શોધી કાઢવો મિથ્યાદ્રષ્ટિઓને અત્યંત કઠિન છે અને તેથી સંસાર-અટવી અત્યંત દુસ્તર છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



शास्त्रनामधेयकथनद्वारेण शास्त्रोपसंहारोपन्यासोऽयम्।

अत्राचार्याः प्रारब्धस्यान्तगमनत्वात् नितरां कृतार्थतां परिप्राप्य निजभावनानिमित्तमशुभवंचनार्थं नियमसाराभिधानं श्रुतं परमाध्यात्मशास्त्रशतकुशलेन मया कृतम्। किं कृत्वा ? पूर्वं ज्ञात्वा अवंचकपरमगुरुप्रसादेन बुद्ध्वेति। कम् ? जिनोपदेशं वीतरागसर्वज्ञमुखारविन्दविनिर्गतपरमोपदेशम्। तं पुनः किंविशिष्टम् ? पूर्वापरदोषनिर्मुक्तं पूर्वापरदोषहेतुभूतसकलमोहरागद्वेषाभावादाप्तमुखविनिर्गतत्वान्निर्दोषमिति।

किञ्च अस्य खलु निखिलागमार्थसार्थप्रतिपादनसमर्थस्य नियमशब्दसंसूचितविशुद्धमोक्षमार्गस्य अंचितपञ्चास्तिकायपरिसनाथस्य संचितपंचाचारप्रपञ्चस्य षड्द्रव्यविचित्रस्य सप्ततत्त्वनवपदार्थगर्भीकृतस्य पंचभावप्रपंचप्रतिपादनपरायणस्य निश्चयप्रतिक्रमणप्रत्याख्यान-

---

**ટીકા:**—આ, શાસ્ત્રના નામકથન દ્વારા શાસ્ત્રના ઉપસંહાર સંબંધી કથન છે.

અહીં આચાર્યશ્રી (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ) પ્રારંભેલા કાર્યના અંતને પહોંચવાથી અત્યંત કૃતાર્થતાને પામીને કહે છે કે સેંકડો પરમ-અધ્યાત્મશાસ્ત્રોમાં કુશળ એવા મેં નિજભાવનાનિમિત્તે—અશુભવંચનાર્થે નિયમસાર નામનું શાસ્ત્ર કર્યું છે. શું કરીને (આ શાસ્ત્ર કર્યું છે)? પહેલાં *અવંચક પરમ ગુરુના પ્રસાદથી જાણીને. શું જાણીને? જિનોપદેશને અર્થાત્ વીતરાગ-સર્વજ્ઞના મુખારવિંદથી નીકળેલા પરમ ઉપદેશને. કેવો છે તે ઉપદેશ? પૂર્વાપર દોષ રહિત છે અર્થાત્ પૂર્વાપર દોષના હેતુભૂત સકળ મોહરાગદ્વેષના અભાવને લીધે જે આપ્ત છે તેમના મુખથી નીકળેલો હોવાથી નિર્દોષ છે.

વળી (આ શાસ્ત્રના તાત્પર્ય સંબંધી એમ સમજવું કે), જે (નિયમસારશાસ્ત્ર) ખરેખર સમસ્ત આગમના અર્થસમૂહનું પ્રતિપાદન કરવામાં સમર્થ છે, જેણે નિયમ-શબ્દથી વિશુદ્ધ મોક્ષમાર્ગ સમ્યક્ પ્રકારે દર્શાવ્યો છે, જે શોભિત પંચાસ્તિકાય સહિત છે (અર્થાત્ જેમાં પાંચ અસ્તિકાયનું વર્ણન કરવામાં આવ્યું છે), જેમાં પંચાચાર-પ્રપંચનો સંચય કરવામાં આવ્યો છે (અર્થાત્ જેમાં જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારરૂપ પાંચ પ્રકારના આચારનું કથન કરવામાં આવ્યું છે), જે છ દ્રવ્યોથી વિચિત્ર છે (અર્થાત્ જે છ દ્રવ્યોના નિરૂપણથી વિધવિધ પ્રકારનું—સુંદર છે), સાત તત્ત્વો અને નવ પદાર્થો જેની અંદર સમાયેલાં છે, જે પાંચ ભાવરૂપ વિસ્તારના પ્રતિપાદનમાં પરાયણ છે, જે નિશ્ચય-પ્રતિક્રમણ, નિશ્ચય-પ્રત્યાખ્યાન, નિશ્ચય-પ્રાયશ્ચિત્ત, પરમ-આલોચના, નિયમ,

---

★ અવંચક = છેતરે નહિ એવા; નિષ્કપટી; સરળ; ઋજુ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**प्रायश्चित्तपरमालोचनानियमव्युत्सर्गप्रभृतिसकलपरमार्थक्रियाकांडाडंबरसमृद्धस्य उपयोगत्रयविशालस्य परमेश्वरस्य शास्त्रस्य द्विविधं किल तात्पर्यं, सूत्रतात्पर्यं शास्त्रतात्पर्यं चेति। सूत्रतात्पर्यं पद्योपन्यासेन प्रतिसूत्रमेव प्रतिपादितम्, शास्त्रतात्पर्यं त्विदमुपदर्शनेन। भागवतं शास्त्रमिदं निर्वाणसुंदरीसमुद्भवपरमवीतरागात्मकनिर्व्याबाधनिरन्तरानङ्गपरमानन्दप्रदं निरतिशयनित्यशुद्धनिरंजननिजकारणपरमात्मभावनाकारणं समस्तनयनिचयांचितं पंचमगतिहेतुभूतं पंचेन्द्रियप्रसरवर्जितगात्रमात्रपरिग्रहेण निर्मितमिदं ये खलु निश्चयव्यवहारनययोरविरोधेन जानन्ति ते खलु महान्तः समस्ताध्यात्मशास्त्रहृदयवेदिनः परमानंदवीतरागसुखाभिलाषिणः परित्यक्तबाह्याभ्यन्तरचतुर्विंशतिपरिग्रहप्रपंचाः त्रिकालनिरुपाधिस्वरूपनिरतनिजकारण-**

---

વ્યુત્સર્ગ વગેરે સકળ પરમાર્થ ક્રિયાકાંડના આડંબરથી સમૃદ્ધ છે (અર્થાત્ જેમાં પરમાર્થ ક્રિયાઓનું પુષ્કળ નિરૂપણ છે) અને જે ત્રણ ઉપયોગથી સુસંપન્ન છે (અર્થાત્ જેમાં અશુભ, શુભ ને શુદ્ધ ઉપયોગનું પુષ્કળ કથન છે)—એવા આ પરમેશ્વર શાસ્ત્રનું ખરેખર બે પ્રકારનું તાત્પર્ય છે : સૂત્રતાત્પર્ય અને શાસ્ત્રતાત્પર્ય. સૂત્રતાત્પર્ય તો પદ્યકથનથી દરેક સૂત્રને વિષે (–પદ્ય દ્વારા દરેક ગાથાના અંતે) પ્રતિપાદિત કરવામાં આવ્યું છે. અને શાસ્ત્રતાત્પર્ય આ નીચે પ્રમાણે ટીકા વડે પ્રતિપાદિત કરવામાં આવે છે : આ (નિયમસારશાસ્ત્ર) [1]ભાગવત શાસ્ત્ર છે. જે (શાસ્ત્ર) નિર્વાણસુંદરીથી ઉત્પન્ન થતા, પરમવીતરાગાત્મક, [2]નિરાબાધ, નિરંતર અને [3]અનંગ પરમાનંદનું દેનારું છે, જે [4]નિરતિશય, નિત્યશુદ્ધ, નિરંજન નિજ કારણપરમાત્માની ભાવનાનું કારણ છે, જે સમસ્ત નયોના સમૂહથી શોભિત છે, જે પંચમ ગતિના હેતુભૂત છે અને જે પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર-પરિગ્રહવાળાથી (નિર્ગ્રંથ મુનિવરથી) રચાયેલું છે—એવા આ ભાગવત શાસ્ત્રને જેઓ નિશ્ચયનય અને વ્યવહારનયના અવિરોધથી જાણે છે, તે મહાપુરુષો—સમસ્ત અધ્યાત્મશાસ્ત્રોના [5]હૃદયને જાણનારાઓ અને પરમાનંદરૂપ વીતરાગ સુખના અભિલાષીઓ—બાહ્ય-અભ્યંતર ચોવીશ પરિગ્રહોના પ્રપંચને પરિત્યાગીને,

---

૧. ભાગવત = ભગવાનનું; દૈવી; પવિત્ર.

૨. નિરાબાધ = બાધા રહિત; નિર્વિઘ્ન.

૩. અનંગ = અશરીરી; આત્મિક; અતીંદ્રિય.

૪. નિરતિશય = જેનાથી કોઈ ચડિયાતું નથી એવા; અનુત્તમ; શ્રેષ્ઠ; અજોડ.

૫. હૃદય = હાર્દ; રહસ્ય; મર્મ. (આ ભાગવત શાસ્ત્રને જેઓ સમ્યક્ પ્રકારે જાણે છે, તેઓ સમસ્ત અધ્યાત્મશાસ્ત્રોના હાર્દના જ્ઞાતા છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**परमात्मस्वरूपश्रद्धानपरिज्ञानाचरणात्मकभेदोपचारकल्पनानिरपेक्षस्वस्थरत्नत्रयपरायणाः सन्तः शब्दब्रह्मफलस्य शाश्वतसुखस्य भोक्तारो भवन्तीति।**

(मालिनी)

**सुकविजनपयोजानन्दिमित्रेण शस्तं**
**ललितपदनिकायैर्निर्मितं शास्त्रमेतत्।**
**निजमनसि विधत्ते यो विशुद्धात्मकांक्षी**
**स भवति परमश्रीकामिनीकामरूपः ॥३०८॥**

(अनुष्टुभ्)

**पद्मप्रभाभिधानोद्धसिन्धुनाथसमुद्भवा ।**
**उपन्यासोर्मिमालेयं स्थेयाच्चेतसि सा सताम् ॥३०९॥**

(अनुष्टुभ्)

**अस्मिन् लक्षणशास्त्रस्य विरुद्धं पदमस्ति चेत्।**
**लुप्त्वा तत्कवयो भद्राः कुर्वन्तु पदमुत्तमम् ॥३१०॥**

---

ત્રિકાળનિરુપાધિ સ્વરૂપમાં લીન નિજ કારણપરમાત્માના સ્વરૂપનાં શ્રદ્ધાન-જ્ઞાન-આચરણાત્મક ભેદોપચાર-કલ્પનાથી નિરપેક્ષ એવા [૧]સ્વસ્થ રત્નત્રયમાં પરાયણ વર્તતા થકા, શબ્દબ્રહ્મના ફળરૂપ શાશ્વત સુખના ભોક્તા થાય છે.

[હવે આ નિયમસાર-પરમાગમની તાત્પર્યવૃત્તિ નામની ટીકાની પૂર્ણાહુતિ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ ચાર શ્લોક કહે છે :]

**[શ્લોકાર્થ :—]** સુકવિજનરૂપી કમળોને આનંદ દેનારા (–વિકસાવનારા) સૂર્યે લલિત પદસમૂહો વડે રચેલા આ ઉત્તમ શાસ્ત્રને જે વિશુદ્ધ આત્માનો આકાંક્ષી જીવ નિજ મનમાં ધારણ કરે છે, તે પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થાય છે. ૩૦૮.

**[શ્લોકાર્થ :—]** પદ્મપ્રભ નામના ઉત્તમ સમુદ્રથી ઉત્પન્ન થતી જે આ ઊર્મિમાળા—કથની (ટીકા), તે સત્પુરુષોનાં ચિત્તમાં સ્થિત રહો. ૩૦૯.

**[શ્લોકાર્થ :—]** આમાં જો કોઈ પદ લક્ષણશાસ્ત્રથી વિરુદ્ધ હોય તો ભદ્ર કવિઓ તેનો લોપ કરીને ઉત્તમ પદ કરજો. ૩૧૦.

---

૧. સ્વસ્થ = નિજાત્મસ્થિત. (નિજાત્મસ્થિત શુદ્ધરત્નત્રય ભેદોપચાર-કલ્પનાથી નિરપેક્ષ છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(वसंततिलका)

यावत्सदागतिपथे रुचिरे विरेजे
तारागणैः परिवृतं सकलेन्दुबिंबम्।
तात्पर्यवृत्तिरपहस्तितहेयवृत्तिः
स्थेयात्सतां विपुलचेतसि तावदेव॥३११॥

इति सुकविजनपयोजमित्रपंचेन्द्रियप्रसरवर्जितगात्रमात्रपरिग्रह**श्रीपद्मप्रभमलधारिदेव**विरचितायां नियमसारव्याख्यायां तात्पर्यवृत्तौ शुद्धोपयोगाधिकारो द्वादशमः श्रुतस्कन्धः॥

समाप्ता चेयं तात्पर्यवृत्तिः।

---

[**શ્લોકાર્થ :—**] જ્યાં સુધી તારાગણોથી વિંટળાયેલું પૂર્ણચંદ્રબિંબ ઉજ્જવળ ગગનમાં વિરાજે (શોભે), બરાબર ત્યાં સુધી તાત્પર્યવૃત્તિ (નામની આ ટીકા)—કે જેણે હેય વૃત્તિઓને નિરસ્ત કરી છે (અર્થાત્ જેણે છોડવાયોગ્ય સમસ્ત વિભાવવૃત્તિઓને દૂર ફેંકી દીધી છે) તે—સત્પુરુષોના વિશાળ હૃદયમાં સ્થિત રહો. ૩૧૧.

આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) **શુદ્ધોપયોગ અધિકાર** નામનો બારમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

આમ (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત) તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકાનો શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ કૃત ગુજરાતી અનુવાદ સમાપ્ત થયો.

**સમાપ્ત**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ❋ श्री नियमसारनी वर्णानुक्रम गाथासूची ❋


| | गाथा | पृष्ठ |
|---|---|---|
| **अ** | | |
| अइथूलथूल थूलं | २१ | ४६ |
| अणुखंधवियप्पेण दु | २० | ४८ |
| अण्णणिरावेक्खो जो | २८ | ५८ |
| अत्तागमतच्चाणं | ५ | ११ |
| अत्तादि अत्तमज्झं | २६ | ५५ |
| अप्पसरूवं पेच्छदि | १६६ | ३२६ |
| अप्पसरूवालंबण | ११६ | २३६ |
| अप्पाणं विणु णाणं | १७१ | ३३८ |
| अप्पा परप्पयासो | १६३ | ३२४ |
| अरसमरूवमगंधं | ४६ | ६५ |
| अव्वाबाहमणिंदिय | १७८ | ३४६ |
| असरीरा अविणासा | ४८ | ६८ |
| अंतरबाहिरजप्पे | १५० | २६६ |
| **आ** | | |
| आउस्स खयेण पुणो | १७६ | ३४६ |
| आदा खु मज्झ णाणे | १०० | १८८ |
| आराहणाइ वट्टइ | ८४ | १५६ |
| आलोयणमालुंछण | १०८ | २०८ |
| आवासं जइ इच्छसि | १४७ | २६१ |
| आवासएण जुत्तो | १४६ | २६४ |
| आवासएण हीणो | १४८ | २६३ |
| **ई** | | |
| ईसाभावेण पुणो | १८६ | ३६२ |
| ईहापुव्वं वयणं | १७४ | ३४१ |
| **उ** | | |
| उक्किट्ठो जो बोहो | ११६ | २३० |
| उत्तमअट्ठं आदा | ६२ | १७१ |
| उम्मग्गं परिचत्ता | ८६ | १६० |
| उसहादिजिणवरिंदा | १४० | २७३ |
| **ए** | | |
| एगो मे सासदो अप्पा | १०२ | १६४ |
| एगो य मरदि जीवो | १०१ | १६१ |
| एदे छद्दव्वाणि य | ३४ | ६६ |
| एदे सव्वे भावा | ४६ | १०० |
| एयरसरूवगंधं | २७ | ५६ |
| एरिसभेदब्भासे | ८२ | १५३ |
| एरिसय भावणाए | ७६ | १४४ |
| एवं भेदब्भासं | १०६ | २०१ |
| **क** | | |
| कत्ता भोत्ता आदा | १८ | ४१ |
| कदकारिदाणुमोदण | ६३ | १२१ |
| कम्ममहीरुहमूल | ११० | २१३ |
| कम्मादो अप्पाणं | १११ | २१५ |
| कायकिरियाणियत्ती | ७० | १३४ |
| कायाईपरदव्वे | १२१ | २४० |
| कालुस्समोहसण्णा | ६६ | १२८ |
| किं काहदि वणवासो | १२४ | २४६ |
| किं बहुणा भणिएण दु | ११७ | २३२ |
| कुलजोणिजीवमग्गण | ५६ | १०६ |
| केवलणाणसहावो | ६६ | १८० |
| केवलमिंदियरहियं | ११ | २५ |
| कोहं खमया माणं | ११५ | २२७ |
| कोहादिसगब्भाव- | ११४ | २२६ |
| **ग** | | |
| गमणणिमित्तं धम्म- | ३० | ६१ |




Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| | गाथा | पृष्ठ |
|---|---|---|
| गामे वा णयरे वा | ५८ | ११२ |
| **घ** | | |
| घणघाइकम्मरहिया | ७१ | १३५ |
| **च** | | |
| चउगइभवसंभमणं | ४२ | ८४ |
| चउदहभेदा भणिदा | १७ | ३६ |
| चक्खु अचक्खू ओही | १४ | ३३ |
| चत्ता अगुत्तिभावं | ८८ | १६४ |
| चलमलिणमगाढत्त- | ५२ | १०४ |
| **छ** | | |
| छायातवमादीया | २३ | ४६ |
| छुहतण्हभीरुरोसो | ६ | १२ |
| **ज** | | |
| जं किंचि मे दुच्चरित्तं | १०३ | १९५ |
| जदि सक्कदि कादुं जे | १५४ | ३०३ |
| जस्स रागो दु दोसो दु | १२८ | २५४ |
| जस्स सण्णिहिदो अप्पा | १२७ | २५३ |
| जाइजरमरणरहियं | १७७ | ३४८ |
| जाणंतो पस्संतो | १७२ | ३३६ |
| जाणदि पस्सदि सव्वं | १५९ | ३१२ |
| जा रायादिणियत्ती | ६९ | १३२ |
| जारिसिया सिद्धप्पा | ४७ | ९७ |
| जिणकहियपरमसुत्ते | १५५ | ३०४ |
| जीवाण पुग्गलाणं | १८४ | ३६० |
| जीवादिबहित्तच्चं | ३८ | ७५ |
| जीवादी दव्वाणं | ३३ | ६८ |
| जीवादु पुग्गलादो | ३२ | ६५ |
| जीवा पोग्गलकाया | ९ | २१ |
| जीवो उवओगमओ | १० | २३ |
| जुगवं वट्टइ णाणं | १६० | ३१५ |

| | गाथा | पृष्ठ |
|---|---|---|
| जो चरदि संजदो खलु | १४४ | २७३ |
| जो ण हवदि अण्णवसो | १४१ | २७७ |
| जो दु अट्टं च रुद्दं च | १२९ | २५६ |
| जो दुगंछा भयं वेदं | १३२ | २५६ |
| जो दु धम्मं च सुक्कं च | १३३ | २६० |
| जो दु पुण्णं च पावं च | १३० | २५७ |
| जो दु हस्सं रई सोगं | १३१ | २५६ |
| जो धम्मसुक्कझाण- | १५१ | २६८ |
| जो पस्सदि अप्पाणं | १०६ | २१० |
| जो समो सव्वभूदेसु | १२६ | २४६ |
| **झ** | | |
| झाणणिलीणो साहू | ९३ | १७४ |
| **ठ** | | |
| ठाणणिसेज्जविहारा | १७५ | ३४४ |
| **ण** | | |
| णट्ठट्ठकम्मबंधा | ७२ | १३८ |
| णमिऊण जिणं वीरं | १ | ४ |
| णरणारयतिरियसुरा | १५ | ३६ |
| ण वसो अवसो अवस- | १४२ | २७६ |
| णवि इंदिय उवसग्गा | १८० | ३५४ |
| णवि कम्मं णोकम्मं | १८१ | ३५६ |
| णवि दुक्खं णवि सुक्खं | १७९ | ३५२ |
| णंताणंतभवेण स- | ११८ | २३४ |
| णाणं अप्पपयासं | १६५ | ३२७ |
| णाणं जीवसरूवं | १७० | ३३६ |
| णाणं परप्पयासं | १६१ | ३१६ |
| णाणं परप्पयासं | १६२ | ३२१ |
| णाणं परप्पयासं | १६४ | ३२५ |
| णाणाजीवा णाणा- | १५६ | ३०६ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| | गाथा | पृष्ठ |
|---|---|---|
| णाहं कोहो माणो | ८१ | १४८ |
| णाहं णारयभावो | ७७ | १४८ |
| णाहं बालो बुड्ढो | ७६ | १४८ |
| णाहं मग्गणठाणो | ७८ | १४८ |
| णाहं रागो दोसो | ८० | १४८ |
| णिक्कसायस्स दंतस्स | १०५ | १६६ |
| णिग्गंथो णीरागो | ४४ | ६३ |
| णिद्दंडो णिद्वंद्वो | ४३ | ८८ |
| णियभावणाणिमित्तं | १८७ | ३६४ |
| णियभावं णवि मुच्चइ | ६७ | १८२ |
| णियमं णियमस्स फलं | १८५ | ३६१ |
| णियमं मोक्खउवायो | ४ | ६ |
| णियमेण य जं कज्जं | ३ | ७ |
| णिव्वाणमेव सिद्धा | १८३ | ३५८ |
| णिस्सेसदोसरहिओ | ७ | १६ |
| णोकम्मकम्मरहियं | १०७ | २०६ |
| णो खइयभावठाणा | ४१ | ८० |
| णो खलु सहावठाणा | ३६ | ७७ |
| णो ठिदिबंधट्ठाणा | ४० | ७८ |
| **त** | | |
| तस्स मुहग्गदवयणं | ८ | १६ |
| तह दंसणउवओगो | १३ | ३१ |
| **थ** | | |
| थीराजचोरभत्तक- | ६७ | १२६ |
| **द** | | |
| दट्ठूण इच्छिरूवं | ५६ | ११३ |
| दव्वगुणपज्जयाणं | १४५ | २८६ |
| दव्वत्थिएण जीवा | १६ | ४४ |
| **ध** | | |
| धाउचउक्कस्स पुणो | २५ | ५३ |

| | गाथा | पृष्ठ |
|---|---|---|
| **प** | | |
| पडिकमणणामधेये | ६४ | १७६ |
| पडिकमणपहुदिकिरियं | १५२ | ३०० |
| पयडिट्ठिदिअणुभाग- | ६८ | १८५ |
| परिचत्ता परभावं | १४६ | २८८ |
| परिणामपुव्ववयणं | १७३ | ३४१ |
| पंचाचारसमग्गा | ७३ | १४० |
| पासुगभूमिपदेसे | ६५ | १२६ |
| पासुगमग्गेण दिवा | ६१ | ११६ |
| पोग्गलदव्वं मुत्तं | ३७ | ७२ |
| पुव्वुत्तसयलदव्वं | १६८ | ३३२ |
| पुव्वुत्तसयलभावा | ५० | १०२ |
| पेसुण्णहासकक्कस- | ६२ | ११६ |
| पोग्गलदव्वं उच्चइ | २६ | ५६ |
| पोत्थइकमंडलाइं | ६४ | १२४ |
| **ब** | | |
| बंधणछेदणमारण | ६८ | १३१ |
| **भ** | | |
| भूपव्वदमादीया | २२ | ४६ |
| **म** | | |
| मग्गो मग्गफलं ति य | २ | ६ |
| मदमाणमायलोहवि- | ११२ | २१६ |
| ममत्तिं परिवज्जामि | ६६ | १८७ |
| माणुस्सा दुवियप्पा | १६ | ३८ |
| मिच्छत्तपहुदिभावा | ६० | १६८ |
| मिच्छादंसणणाण- | ६१ | १७० |
| मुत्तममुत्तं दव्वं | १६७ | ३३१ |
| मोक्खपहे अप्पाणं | १३६ | २६७ |
| मोक्खंगयपुरिसाणं | १३५ | २६५ |


४८A

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| | गाथा | पृष्ठ |
|---|---|---|
| मोत्तूण अट्टरुद्दं | ८६ | १६५ |
| मोत्तूण अणायारं | ८५ | १५८ |
| मोत्तूण वयणरयणं | ८३ | १५४ |
| मोत्तूण सयलजप्पम- | ९५ | १७८ |
| मोत्तूण सल्लभावं | ८७ | १६३ |
| **र** | | |
| रयणत्तयसंजुत्ता | ७४ | १४२ |
| रागेण व दोसेण व | ५७ | १११ |
| रायादीपरिहारे | १३७ | २६६ |
| **ल** | | |
| लद्धूणं णिहि एक्को | १५७ | ३०७ |
| लोयायासे ताव | ३६ | ७१ |
| लोयालोयं जाणइ | १६६ | ३३४ |
| **व** | | |
| वट्टदि जो सो समणो | १४३ | २८१ |
| वण्णरसगंधफासा | ४५ | ९५ |
| वदसमिदिसीलसंजम- | ११३ | २२५ |
| वयणमयं पडिकमणं | १५३ | ३०१ |
| वयणोच्चारणकिरियं | १२२ | २४३ |
| ववहारणयचरित्ते | ५५ | १०५ |
| वावारविप्पमुक्का | ७५ | १४३ |
| विज्झदि केवलणाणं | १८२ | ३५७ |
| विरदो सव्वसावज्जे | १२५ | २४८ |
| विवरीयाभिणिवेसवि- | ५१ | १०४ |
| विवरीयाभिणिवेसं | १३९ | २७१ |
| **स** | | |
| सण्णाणं चउभेयं | १२ | २६ |
| समयावलिभेदेण दु | ३१ | ६३ |
| सम्मत्तणाणचरणे | १३४ | २६३ |
| सम्मत्तस्स णिमित्तं | ५३ | १०४ |
| सम्मत्तं सण्णाणं | ५४ | १०४ |
| सम्मं मे सव्वभूदेसु | १०४ | १६७ |
| सव्वविअप्पाभावे | १३८ | २७० |
| सव्वे पुराणपुरिसा | १५८ | ३०६ |
| सव्वेसिं गंथाणं | ६० | ११४ |
| संखेज्जासंखेज्जा- | ३५ | ७१ |
| संजमणियमतवेण दु | १२३ | २४५ |
| सुहअसुहवयणरयणं | १२० | २३८ |
| सुहुमा हवंति खंधा | २४ | ५० |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ❋ कलशकाव्योनी वर्णानुक्रम सूची ❋


| | श्लोक | पृष्ठ |
|---|---|---|
| **अ** | | |
| अक्षय्यान्त- | १६३ | २१७ |
| अखंडितमनारतं | १४६ | २०४ |
| अचेतने पुद्‌गल- | ४५ | ६१ |
| अत एव भाति नित्यं | २४४ | २८३ |
| अतितीव्रमोहसंभव- | १११ | १५६ |
| अत्यपूर्व्वनिजात्मोत्थ- | २३६ | २७५ |
| अथ जिनपतिमार्गा- | १७१ | २२१ |
| अथ जिनमतमुक्ते- | ३०३ | ३५६ |
| अथ तनुमनोवाचां | ११८ | १६५ |
| अथ नययुगयुक्तिं | ३६ | ४६ |
| अथ निजपरमानंदै- | ११३ | १६० |
| अथ नियतमनोवा- | १३४ | १८८ |
| अथ भवजलराशौ | १२१ | १६६ |
| अथ मम परमात्मा | १३८ | १६५ |
| अथ विविधविकल्पं | १६८ | २१८ |
| अथ सकलजिनोक्त- | १७ | २५ |
| अथ सति परभावे | २४ | ३५ |
| अथ सति परमाणो- | ४१ | ५८ |
| अथ सुललितवाचां | १६६ | २१८ |
| अद्वन्द्वनिष्ठमनघं | २३७ | २७६ |
| अध्यात्मशास्त्रा- | १८७ | २३४ |
| अनवरतमखण्डा- | १६२ | २३६ |
| अनवरतमखण्ड- | ६० | ८७ |
| अनशनादि- | १८४ | २३३ |
| अनशनादि- | २०२ | २४८ |
| अनशनादि- | २५१ | २६० |
| अनादिममसंसार- | १६७ | २१८ |
| अनिशमतुलबोधा- | ६४ | ६१ |
| अन्यवशः संसारी | २४३ | २८३ |
| अपगतपरमात्म- | ११२ | १५८ |
| अपरिस्पंदरूपस्य | ६५ | १३५ |
| अपवर्गाय भव्यानां | ४ | ३ |
| अपि च बहुविभावे | २७ | ३८ |
| अपि च सकलराग- | ३० | ४२ |
| अपुनर्भवसुख- | २३३ | २७५ |
| अप्यात्मनि स्थितिं बुद्ध्वा | ४० | ५६ |
| अभिनवमिदमुच्चै- | २४० | २८२ |
| अभिनवमिदं पापं | १७५ | २२२ |
| अयं जीवो जीव- | २१७ | २५८ |
| अविचलितमखंड- | २६६ | ३४६ |
| असति च सति बन्धे | ७० | ६७ |
| असति सति विभावे | ३४ | ४३ |
| असारे संसारे | २६४ | ३०४ |
| अस्माकं मानसान्युच्चैः | ६ | ३ |
| अस्मिन् लक्षणशास्त्रस्य | ३१० | ३६७ |
| अस्मिन् लोके | २६८ | ३०६ |
| अहमात्मा सुखाकांक्षी | २०७ | २५१ |
| **अं** | | |
| अंचितपंचमगतये | ५८ | ८३ |
| **आ** | | |
| आकर्षति रत्नानां | ७८ | ११३ |
| आत्मज्ञानाद्भवति | १८६ | २३३ |
| आत्मध्यानाद- | १२३ | १७४ |
| आत्मन्युच्चैर्भवति | २३८ | २७६ |
| आत्मा जानाति विश्वं | २७२ | ३१५ |


४८ G

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| | श्लोक | पृष्ठ |
|---|---|---|
| आत्मा ज्ञानं भवति | २७८ | ३२३ |
| आत्मा ज्ञानं भवति | २८१ | ३२८ |
| आत्मा तिष्ठत्य- | २६२ | ३०१ |
| आत्मा धर्मी भवति | २७६ | ३२५ |
| आत्मानमात्मनात्मायं | २२८ | २७० |
| आत्मानमात्मनि | १२६ | १८४ |
| आत्मा नित्यं तपसि | २१२ | २५४ |
| आत्मानं ज्ञानदृग्रूपं | २८७ | ३३६ |
| आत्मा भिन्नो भवति | १६२ | २१६ |
| आत्माराधनया हीनः | २६६ | ३५३ |
| आत्मावश्यं सहज- | २५६ | २६४ |
| आत्मा स्पष्टः | १५५ | २११ |
| आत्मा ह्यात्मानमा- | १५४ | २११ |
| आत्मा ह्यात्मानमा- | २२७ | २६८ |
| आद्यन्तमुक्तमनघं | ६८ | ६२ |
| आलोचनाभेद- | १५३ | २१० |
| आलोचना सतत- | १७२ | २२१ |
| आलोच्यालोच्य | १५२ | २०८ |
| आसंसारादखिल- | १६१ | २१५ |
| **इ** | | |
| इति जिनमार्गाम्भोधे- | ५१ | ७० |
| इति जिनपतिमार्गाद् | ४३ | ६० |
| इति जिनपतिमार्गा- | १६ | २३ |
| इति जिनशासनसिद्धं | २१४ | २५६ |
| इति निगदितभेद- | १८ | २६ |
| इति परगुणपर्य्या- | २५ | ३५ |
| इति ललितपदाना- | ५३ | ७३ |
| इति विपरीतविमुक्तं | १० | ६ |
| इति विरचितमुच्चै- | ५० | ६६ |
| इति विविधविकल्पे | ३८ | ५३ |
| इति सति मुनिनाथ- | ११० | १५४ |
| इत्थं निजज्ञेन | ६७ | ६२ |
| इत्थं बुद्ध्वा जिनेन्द्रस्य | २४६ | २८६ |
| इत्थं बुद्ध्वा परम- | ८१ | ११८ |
| इत्थं बुद्ध्वोपदेशं | ६१ | ८८ |
| इत्थं मुक्त्वा | २०३ | २४६ |
| इदमिदमघसेना- | २१० | २५२ |
| इदं ध्यानमिदं ध्येय- | १६३ | २३६ |
| इह गमननिमित्तं | ४६ | ६३ |
| **ई** | | |
| ईहापूर्वं वचन- | २८६ | ३४३ |
| **उ** | | |
| उद्धूतकर्मसंदोहान् | २२१ | २६५ |
| **ए** | | |
| एक एव सदा धन्यो | २५४ | २६० |
| एको देवस्त्रिभुवन- | २६० | ३४३ |
| एको देवः स जयति | २७५ | ३१८ |
| एको भावः स जयति | १६० | २१५ |
| एको याति प्रबल- | १३७ | १६३ |
| **क** | | |
| कश्चिन्मुनिः सतत- | २६० | २६६ |
| कषायकलिरंजितं | ११७ | १६४ |
| कायोत्सर्गो भवति | १६५ | २४१ |
| कांक्षंत्यद्वैतमन्येपि | २०६ | २५१ |
| केचिदद्वैतमार्गस्थाः | २०५ | २५० |
| को नाम वक्ति विद्वान् | १३२ | १८५ |
| कोपि क्वापि मुनिर्बभूव | २४१ | २८२ |
| क्वचिद्व्रजति कामिनी- | ६ | ७ |
| क्वचिल्लसति निर्म्मलं | १३६ | १६१ |
| क्वचिल्लसति सद्गुणः | २६ | ३५ |
| क्षमया क्रोधकषायं | १८२ | २३० |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| | श्लोक | पृष्ठ |
|---|---|---|
| **ग** | | |
| गलनादणुरित्युक्तः | ३७ | ४६ |
| गुणधरगणधररचितं | ५ | ३ |
| गुप्तिर्भविष्यति सदा | ६१ | १२६ |
| **घ** | | |
| घोरसंसृति- | १४४ | २०२ |
| **च** | | |
| चित्तत्त्वभावनासक्त- | १३६ | १६७ |
| **ज** | | |
| जगदिदमजगच्च | १४ | १८ |
| जयति जगति वीरः | ८ | ५ |
| जयति नियमसार- | ३०५ | ३६२ |
| जयति परमतत्त्वं | ६३ | ६१ |
| जयति विदितगात्रः | ६६ | १३६ |
| जयति विदितमोक्षः | ६६ | १३७ |
| जयति शांत- | १७८ | २२३ |
| जयति सततं | १४२ | २०१ |
| जयति स परमात्मा | १२८ | १८२ |
| जयति समता नित्यं | १४१ | १६६ |
| जयति समयसारः | ५४ | ७६ |
| जयति समितिरेषा | ८२ | ११८ |
| जयति सहजतत्त्वं | १४८ | २०४ |
| जयति सहजतेजः- | १६६ | २४१ |
| जयति सहजतेजः- | १७० | २१६ |
| जयति सहजतेजो- | २५२ | २६० |
| जयति सहजबोध- | ७५ | १०८ |
| जयति सहजं तत्त्वं | १७६ | २२२ |
| जयत्यनघचिन्मयं | १५६ | २१२ |
| जयत्यनघमात्म- | २११ | २५२ |
| जयत्ययमुदारधीः | २४७ | २८६ |
| जानन् सर्वं भुवन- | २८८ | ३४१ |
| जानाति लोकमखिलं | २८५ | ३३५ |
| जितरतिपतिचापः | ६८ | १३७ |
| जिनप्रभुमुखारविन्द- | १५० | २०४ |
| जिनेन्द्रो मुक्तिकामिन्याः | २७६ | ३१८ |
| **ज्ञ** | | |
| ज्ञानज्योतिःप्रहत- | ६६ | ६४ |
| ज्ञानं तावत् सहज- | २७७ | ३२१ |
| ज्ञानं तावद्भवति | २८६ | ३३८ |
| **त** | | |
| तत्त्वेषु जैनमुनिनाथ- | २३० | २७३ |
| तपस्या लोकेस्मिन्नि- | २४२ | २८२ |
| त्यक्त्वा वाचं | ६२ | १३१ |
| त्यक्त्वा विभावमखिलं | १५६ | २१३ |
| त्यक्त्वा विभावमखिलं | १२२ | १७१ |
| त्यक्त्वा सर्वं सुकृत- | २१५ | २५८ |
| त्यक्त्वा संगं जनन- | २६६ | ३०६ |
| त्यजतु भवभीरु- | ८० | ११६ |
| त्यजतु सुरलोकादि- | २४५ | २८५ |
| त्यजाम्येतत्सर्वं | २१८ | २६० |
| त्रसहतिपरिणाम- | ७६ | १११ |
| त्रसहतिपरिमुक्तं | २०४ | २५० |
| त्रिलोकशिखरादूर्ध्वं | ३०४ | ३६१ |
| त्रैलोक्याग्रनिकेतनान् | २२५ | २६६ |
| त्वयि सति परमात्म- | १ | १ |
| **द** | | |
| दुरघवनकुठारः | ६२ | ६० |
| दृग्ज्ञप्तिवृत्त्यात्मक- | २३ | ३३ |
| देवेन्द्रासनकंपकारण- | २६२ | ३४५ |
| देहव्यूहमहीजराजि- | ३०६ | ३६३ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| | श्लोक | पृष्ठ |
|---|---|---|
| **ध** | | |
| ध्यानावलीमपि | ११६ | १६७ |
| **न** | | |
| नमामि नित्यं | १८८ | २३४ |
| नमोऽस्तु ते | १०८ | १४७ |
| न ह्यस्माकं | ७४ | १०४ |
| न ह्येतस्मिन् | २६१ | ३४३ |
| नानानूननराधिनाथ- | २६ | ४१ |
| नाभेयादिजिनेश्वरान् | २३१ | २७४ |
| निजात्मगुणसंपदं | १६८ | २४२ |
| नित्यशुद्धचिदानन्द | ५६ | ८० |
| नियतमिह जनानां | ८३ | ११८ |
| निर्द्वन्द्वं निरुपद्रवं | १३१ | १८५ |
| निर्मुक्तसंगनिकरं | १५८ | २१३ |
| निर्यापकाचार्य- | १२५ | १७७ |
| निर्वाणस्थे प्रहतदुरित- | ३०१ | ३५७ |
| निर्विकल्पे समाधौ | २०१ | २४६ |
| निर्वृतेन्द्रियलौल्यानां | २३५ | २७५ |
| निश्चयरूपां समितिं | ८४ | ११६ |
| निःशेषदोषदूरं | २२३ | २६६ |
| नीत्वास्तान् | १०२ | १३६ |
| **प** | | |
| पदार्थरत्नाभरणं | ५२ | ७२ |
| पद्मप्रभाभिधानो- | ३०६ | ३६७ |
| परपरिणतिदूरे | ४२ | ५६ |
| परंब्रह्मण्यनुष्ठान- | ८५ | १२१ |
| परिग्रहाग्रहं मुक्त्वा | १६ | २६ |
| पश्यत्यात्मा सहज- | २८२ | ३३० |
| पंचसंसारनिर्मुक्तान् | २६५ | ३४७ |
| पंचास्तिकायषड्द्रव्य- | ७ | ३ |
| पुद्गलोऽचेतनो जीव | ४४ | ६० |
| प्रतीतिगोचराः सर्वे | ४६ | ६७ |
| प्रत्याख्यानं भवति | १४५ | २०३ |
| प्रत्याख्यानाद्भवति | १४७ | २०३ |
| प्रध्वस्तपंचबाणस्य | २४८ | २८६ |
| प्रणष्टदुरितोत्करं | १५१ | २०५ |
| प्रपद्येऽहं सदाशुद्ध- | १६६ | २१८ |
| प्रागेव शुद्धता येषां | ७१ | ६८ |
| प्रायश्चित्तमुक्त- | १८१ | २२७ |
| प्रायश्चित्तं न पुन- | १८६ | २३५ |
| प्रायश्चित्तं भवति | १८० | २२६ |
| प्रायश्चित्तं ह्युत्तमाना- | १८५ | २३३ |
| प्रीत्यप्रीतिविमुक्त- | ५५ | ७८ |
| प्रेक्षावद्भिः सहज- | १३३ | १८६ |
| **ब** | | |
| बन्धच्छेदादतुल- | २६४ | ३४७ |
| बन्धच्छेदाद्भगवति | ३०२ | ३५८ |
| बहिरात्मान्तरात्मेति | २६१ | २६६ |
| **भ** | | |
| भवति तनुविभूतिः | ७६ | ११४ |
| भवभयभेदिनि भगवति | १२ | ११ |
| भवभवसुखदुःखं | २६८ | ३५३ |
| भवभवसुखमल्पं | १६७ | २४१ |
| भवभोगपराङ्मुख | ६५ | ६१ |
| भविनां भवसुखविमुखं | १०६ | १४४ |
| भविनि भवगुणाः स्युः | ३५ | ४४ |
| भवसंभवविषभूरुह- | १६६ | २४२ |
| भव्यः समस्त- | १०६ | १५२ |
| भावकर्मनिरोधेन | ३१ | ४२ |
| भावाः पंच भवन्ति | २६७ | ३५१ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| | श्लोक | पृष्ठ |
|---|---|---|
| भाविकालभव- | १४३ | २०२ |
| भीतिं विहाय पशुभि- | २६६ | ३०५ |
| भुक्त्वा भक्तं | ८६ | १२४ |
| भेदवादाः कदाचित्स्यु- | १६४ | २३६ |
| भेदाभावे सतीयं | २२६ | २७१ |
| **म** | | |
| मत्स्वान्तं मयि | १३० | १८४ |
| मदननगसुरेशः | १०० | १३८ |
| मम सहजसुदृष्टौ | १३५ | १६१ |
| महानन्दानन्दो | १४६ | २०३ |
| मुक्तः कदापि | १६५ | २१७ |
| मुक्त्यङ्गनालि- | १४० | १६६ |
| मुक्त्वा कायविकारं | ६३ | १३२ |
| मुक्त्वा जल्पं | २५६ | २६८ |
| मुक्त्वानाचारमुच्चै- | ११४ | १६० |
| मुक्त्वा भव्यो वचनरचनां | २६३ | ३०२ |
| मुक्त्वा मोहं कनक- | २७१ | ३११ |
| मोक्षे मोक्षे जयति | २१ | ३० |
| मोक्षोपायो भवति | ११ | १० |
| **य** | | |
| यद्येवं चरणं निजात्म- | २५५ | २६२ |
| यस्मिन् ब्रह्मण्यनुपम- | ३०० | ३५५ |
| यस्य प्रतिक्रमणमेव | १२६ | १७७ |
| यः कर्मशर्म्मनिकरं | ३३ | ४३ |
| यः शुद्धात्मज्ञान- | १८३ | २३१ |
| यः शुद्धात्मन्यविचल- | १६० | २३७ |
| यः सर्वकर्मविषभू- | ५७ | ८० |
| यावच्चिन्तास्ति जन्तूनां | २४६ | २८७ |
| यावत्सदा गतिपथे | ३११ | ३६८ |
| ये मर्त्यदैवनिकुरम्ब- | २२६ | २६७ |
| ये लोकाग्रनिवासिनो | २२४ | २६६ |
| योगी कश्चित्स्वहित- | २३६ | २८० |
| योगी नित्यं सहज- | २५८ | २६६ |
| यो नैव पश्यति जगत्त्रय- | २८४ | ३३३ |
| **र** | | |
| रत्नत्रयमयान् शुद्धान् | १०५ | १४३ |
| रागद्वेषपरंपरापरिणतं | २३४ | २७५ |
| रागद्वेषौ विकृतिमिह | २१३ | २५५ |
| **ल** | | |
| ललितललितं | १५ | २० |
| लोकालोकनिकेतनं | ३०७ | ३६४ |
| **व** | | |
| वक्ति व्यक्तं | ७७ | ११२ |
| वचनरचनां त्यक्त्वा | १६१ | २३६ |
| वर्तनाहेतुरेषः स्यात् | ४८ | ६७ |
| वर्तते ज्ञानदृष्टी | २७३ | ३१७ |
| वाचं वाचंयमीन्द्राणां | २ | २ |
| विकल्पो जीवानां | २६७ | ३०७ |
| विकल्पोपन्यासै- | २०८ | २५१ |
| विजितजन्म- | १७६ | २२३ |
| विषयसुखविरक्ताः | ११५ | १६२ |
| वृषभादिवीरपश्चिम- | २३२ | २७४ |
| व्यवहरणनयेन | १०१ | १३६ |
| व्यवहरणनयेन | २८० | ३२७ |
| व्यवहारनयस्येत्थं | २२२ | २६६ |
| **श** | | |
| शतमखशतपूज्यः | १३ | १६ |
| शल्यत्रयं परित्यज्य | ११६ | १६४ |
| शस्ताशस्तमनो- | ६४ | १३३ |


४८.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| | श्लोक | पृष्ठ |
|---|---|---|
| शस्ताशस्तसमस्त- | २० | ३० |
| शीलमपवर्गयोषिद- | १०७ | १४६ |
| शुक्लध्यानप्रदीपोऽयं | १२४ | १७५ |
| शुक्लध्याने परिणतमतिः | २१६ | २६२ |
| शुद्धनिश्चयनयेन | ७३ | १०२ |
| शुद्धं तत्त्वं | १७३ | २२१ |
| शुद्धात्मानं निजसुख- | १५७ | २१२ |
| शुद्धाशुद्धविकल्पना | ७२ | १०० |
| **ष** | | |
| षट्कापक्रमयुक्तानां | २६३ | ३४७ |
| **स** | | |
| सकलकरणग्रामा- | १०४ | १४१ |
| सद्बोधपोतमधिरुह्य | २७४ | ३१८ |
| सद्बोधमंडनमिदं | १२० | १६७ |
| समयनिमिषकाष्ठा | ४७ | ६५ |
| समयसार- | ६६ | ६२ |
| समाधिना | २०० | २४४ |
| समितिरिह यतीनां | ८८ | १२७ |
| समितिषु समितीयं | ८७ | १२५ |
| समितिसमितिं | ८६ | १२७ |
| समितिसंहतितः | ९० | १२८ |
| सम्यक्त्वेऽस्मिन् | २२० | २६४ |
| सम्यग्दृष्टिस्त्यजति | १२७ | १८० |
| सम्यग्वर्ती त्रिभुवनगुरु | २८३ | ३३२ |
| सर्वज्ञवीतरागस्य | २५३ | २९० |
| सहजज्ञानसाम्राज्य- | २२ | ३० |
| सहजपरमं तत्त्वं | १७७ | २२३ |
| संज्ञानभावपरिमुक्त- | ३२ | ४३ |
| संसारघोर- | १६४ | २१७ |
| सानन्दं तत्त्वमज्ज- | १७४ | २२२ |
| सिद्धान्तोद्धश्रीधवं | ३ | २ |
| सुकविजनपयोजा- | ३०८ | ३६७ |
| सुकृतमपि समस्तं | ५६ | ८३ |
| सुखं दुःखं योनौ | २०६ | २५१ |
| स्कन्धैस्तैः षट्प्रकारैः | ३६ | ५५ |
| स्मरकरिमृगराजः | ९७ | १३६ |
| स्वतःसिद्धं ज्ञानं | २१६ | २५८ |
| स्वर्गे वास्मिन्मनुज- | २८ | ४१ |
| स्ववशयोगि- | २५० | २८६ |
| स्ववशस्य मुनीन्द्रस्य | २५७ | २९४ |
| स्वस्वरूपस्थितान् | १०३ | १४० |
| स्वात्माराधनया पुराण- | २७० | ३१० |
| **ह** | | |
| हित्वा भीतिं पशुजनकृतां | २६५ | ३०५ |


*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# उद्धृत गाथा-श्लोकोनी वर्णानुक्रम सूची


| | पृष्ठ |
|---|---|
| **अ** | |
| अनवरतमनन्तै- | १५८ |
| अन्यूनमनतिरिक्तं | २० |
| अभिमतफलसिद्धे- | १५ |
| अलमलमतिजल्पै- | १५६ |
| अस्मिन्ननादिनि | ५२ |
| अहिंसा भूतानां | ११० |
| **आ** | |
| आचारश्च तदेवैकं | १६० |
| आत्मकार्यं परित्यज्य | २८७ |
| आत्मप्रयत्नसापेक्षा | २७० |
| आत्मा धर्मः | २७८ |
| आत्मा भिन्न- | ६६ |
| आलोच्य सर्वमेनः | २०८ |
| आसंसारात्प्रतिपद- | ३५१ |
| **इ** | |
| इत्युच्छेदात्परपरिणतेः | ६४ |
| इत्येवं चरणं | १६२ |
| **उ** | |
| उत्सृज्य कायकर्माणि | १३५ |
| उभयनयविरोध- | ४६ |
| **ए** | |
| एकस्त्वमाविशसि | १६३ |
| एयरसवण्णगंधं | ५७ |
| एवं त्यक्त्वा बहिर्वाचं | १३१ |
| **क** | |
| कालाभावे न भावानां | ६७ |
| कांत्यैव स्नपयंति | १८ |
| कुसूलगर्भ- | १४५ |
| केवलज्ञानदृक्सौख्य- | १८२ |
| **ग** | |
| गिरिगहनगुहा- | २४७ |
| **च** | |
| चक्रं विहाय निज | २२६ |
| चिच्छक्तिव्याप्त- | ८७ |
| चित्तस्थमप्यनव- | २२६ |
| **ज** | |
| जघन्यमध्यमोत्कृष्ट- | २६६ |
| जयति विजितदोषो- | ३२६ |
| जस्स अणेसणमप्पा | १२३ |
| जं पेच्छदो अमुत्तं | ३३२ |
| जानन्नप्येष विश्वं | ३२१ |
| ज्वरजननजराणां | ३५५ |
| ज्ञानस्वभावः स्यादात्मा | ३३७ |
| ज्ञानाद्भिन्नो न नाभिन्नो | ३२३ |
| **ठ** | |
| ठाणणिसेज्जविहारा | ३४५ |
| **ण** | |
| ण वि परिणमदि ण | ३४० |
| णाणं अत्थंतगयं | ३१६ |
| णाणं अव्विदिरित्तं | ३३८ |
| णिद्धत्तणेण दुगुणो | ५४ |
| णिद्धा वा लुक्खा वा | ५४ |
| णोकम्मकम्महारो | १२२ |
| **त** | |
| तदेकं परमं ज्ञानं | १६० |
| तेजो दिट्ठी णाणं | १७ |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| | पृष्ठ |
|---|---|
| **द** | |
| दर्शनं निश्चयः पुंसि | १०७ |
| दंसणपुव्वं णाणं | ३१७ |
| द्रव्यानुसारि चरणं | १६७ |
| **न** | |
| नमस्यं च तदेवैकं | १६० |
| न हि विदधति | ७६ |
| निषिद्धे सर्वस्मिन् | १८८ |
| निष्क्रियं करणातीतं | १६७ |
| **प** | |
| पडिकमणं पडिसरणं | १७३ |
| परियट्टणं च वायण | ३०२ |
| पंचाचारपरान्नकिंचन- | १४१ |
| पुढवी जलं च छाया | ५२ |
| प्रत्याख्याय भविष्य- | १८० |
| **ब** | |
| बन्धच्छेदात्कलयदतुलं | ३१५ |
| बहिरात्मान्तरात्मेति | २६५ |
| **भ** | |
| भावयामि भवावर्ते | १६६ |
| भेदविज्ञानतः सिद्धाः | १५४ |
| भेयं मायामहागर्ता- | २२६ |
| **म** | |
| मज्झं परिग्गहो जइ | ११६ |
| मुक्त्वालसत्व- | १६८ |
| मोहविलासविजृंभित- | २०७ |

| | पृष्ठ |
|---|---|
| **य** | |
| यथावद्वस्तुनिर्णीतिः | ३१४ |
| यत्र प्रतिक्रमणमेव | १७३ |
| यदग्राह्यं न गृह्णाति | १८४ |
| यदि चलति कथञ्चि- | २६२ |
| यमनियमनितान्तः | १२३ |
| **ल** | |
| लोयायासपदेसे | ६७ |
| **व** | |
| वनचरभयाद्धावन् | २३० |
| वसुधान्त्यचतुःस्पर्शेषु | ५८ |
| व्यवहरणनयः स्या- | १०१ |
| **स** | |
| सकलमपि विहाया- | ८७ |
| समओ णिमिसो कट्ठा | ६५ |
| समओ दु अप्पदेसो | ६६ |
| समधिगतसमस्ताः | १२० |
| सव्वे भावे जम्हा | १७६ |
| संसिद्धिराधसिद्धं | १५७ |
| सिद्धान्तोऽयमुदात्त- | १०३ |
| सो धम्मो जत्थ दया | १५ |
| स्थितिजननिरोधलक्षणं | ३३५ |
| स्थूलस्थूलास्ततः | ५२ |
| स्वयं कर्म करोत्यात्मा | १६३ |
| स्वरनिकरविसर्ग- | ६० |
| स्वेच्छासमुच्छलद- | २६७ |


*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# નિયમસાર

(પ્રસ્તુત આવૃત્તિના પ્રકાશન અર્થે પ્રાપ્ત છૂટક આર્થિક સહાય)

### રૂા. ૫૦૦૦/–

સ્વ. ભાનુબેન જિતેન્દ્રકુમાર શાહના સ્મરણાર્થે
 હ. જિતેન્દ્રકુમાર રવચંદભાઈ શાહ, મુંબઈ

### રૂા. ૨૫૦૦/–

શ્રી નવીનચંદ્ર ધારશીભાઈ મહેતા, યુ.એસ.એ.

### રૂા. ૨૦૦૧/–

સ્વ. કપૂરચંદભાઈ ત્રિભોવનદાસ વોરાના સ્મરણાર્થે,
હ. ગુણવંતભાઈ અરવીંદભાઈ વોરા,
કોલકત્તા

### રૂા. ૧૦૦૧/–

સ્વ. રમણીકલાલ ભૂપતલાલ દોશી,
હ. મહાસુખભાઈ, મુંબઈ

સ્વ. વીણાબેન છબીલદાસ શાહના સ્મરણાર્થે,
સુરેન્દ્રનગર

શ્રી મનસુખલાલ જાદવજી કોઠારી, ભાવનગર

શ્રી વિમળાબેન પ્રવીણચંદ્ર શાહ, અમદાવાદ

ચિ. અંકુર તથા ચિ. હેમલતાના લગ્નની ખુશાલીમાં
કહાન ઓપ્ટીકલ, હ. ચંદાબેન રૂપચંદભાઈ,
ચેન્નાઈ

સ્વ. ચુનીલાલ હરિચંદ શાહ, વિંછીયાવાળા તેમના
સુપુત્ર શ્રી વસંતભાઈના સ્મરણાર્થે

### રૂા. ૫૦૧/–

શ્રી લતાબેન અનંતરાય શાહ, જલગાંવ

સ્વ. દીપ્તિબેન જયસુખલાલ ભાયાણીના સ્મરણાર્થે

શ્રી હિંમતલાલ છોટાલાલ ઝોબાળિયા પરિવાર
હ. બ્ર. જસુબેન

### રૂા. ૨૫૧/–

સ્વ. કસુંબાબેન ખીમચંદભાઈ ઝોબાળિયા, સોનગઢ

શ્રી રવીચંદ ઉમેદચંદ શેઠ, અમદાવાદ

શ્રી જયંતીલાલ ઉમેદચંદ શેઠ, અમદાવાદ

શ્રી કિશોરભાઈ ધીરજલાલ ઝોબાળિયા તથા
રેખાબેન કિશોરભાઈ, મુંબઈ

### રૂા. ૨૦૧/–

સ્વ. તારામતીબેન ખીમચંદભાઈ ઝોબાળિયાની
પુણ્યતિથિ નિમિત્તે, સોનગઢ

### રૂા. ૧૫૧/–

શ્રી રમણીકલાલ વીરચંદ મોટાણી, કોલકત્તા

### રૂા. ૧૧૧/–

શ્રી શાંતાબેન હરીભાઈ પટેલ, સુરત

### રૂા. ૧૦૧/–

શ્રી શારદાબેન કોદરલાલ દોશી
હ. કુમુદભાઈ, સોનગઢ

શ્રી પ્રીતિબેન અતુલભાઈ દોશી

શ્રી મનુભાઈ ચીમનલાલ શાહ

શ્રી રાકેશ છબીલદાસ દેસાઈ

શ્રી સુષમા નીરજ જૈન, સોનગઢ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com